
# અવધૂતી આનંદ - મસ્તી

(ભાગ-૨)

(૮૦ ભજનો - વિવરણ સહિત)




વિવરણકાર

પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

| | | |
|---|---|---|
| અંતઃકરણ | : | શરીરની અંદર (અંતઃ) રહેલું સાધન (કરણ). પંચભૂતના સત્વગુણમાંથી અંતઃકરણ બને છે. અંતઃકરણ ચિંતન કરે ત્યારે ચિત્ત કહેવાય, સંકલ્પ વિકલ્પ કરે ત્યારે મન કહેવાય, નિશ્ચય કરે ત્યારે બુદ્ધિ કહેવાય અને હું કરું છું એવી વૃત્તિ કરે ત્યારે અહંકાર કહેવાય. |
| ત્રણ નાડી | : | ઈડા, પિંગલા અને સુષુમ્ણા. ઈડા એટલે ડાબા નસકોરામાં રહેલી નાડી. એને ચંદ્ર નાડી પણ કહેવામાં આવે છે. આને જ ગંગા કહે છે. પિંગલા એટલે જમણા નસકોરામાં રહેલી નાડી. આને સૂર્ય નાડી પણ કહેવામાં આવે છે. આને જ જમના કહે છે. સુષુમ્ણા એટલે બે નાડીની વચ્ચે રહેલી નાડી જે બ્રહ્મરંધ્રમાં જાય છે એને સુખમણ નાડી પણ કહે છે એને સરસ્વતી કહે છે. |
| સાધન ચતુષ્ટય | : | વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ અને મુમુક્ષત્વં એ ચાર (ચતુષ્ટય) સાધનો. |
| ષટ્સંપત્તિ | : | શમ, દમ, તિતિક્ષા, ઉપરતિ, શ્રદ્ધા અને સમાધાન એવી છ (ષટ્) દૈવી સંપત્તિ. |
| ષટ્ચક્ર | : | મૂલાધાર ચક્ર, સ્વાધિષ્ઠાન ચક્ર, મણિપુર ચક્ર, અનાહત ચક્ર, વિશુદ્ધ ચક્ર અને આજ્ઞા ચક્ર એવા છ (ષટ્) ચક્રો. |
| દશવિધ અનાહત નાદ | : | ચિણી (તમરાના જેવો), ચિંચિંણી (ચકલાના જેવો), ઘંટનાદ, શંખનાદ, વીણાનાદ, તાલ જેવો, વેણુનાદ, તબલા જેવો, ભેરી જેવો અને મેઘનાદ એવા દશ પ્રકારના અનાહત નાદ. |
| ત્રણ ગ્રંથિ | : | બ્રહ્મગ્રંથિ, વિષ્ણુગ્રંથિ અને રુદ્રગ્રંથિ. |
| ત્રિકૂટી | : | ઈડા, પિંગલા અને સુષુમ્ણા એ ત્રણ નાડીઓ જ્યાં ભેગી થાય તે આંખના બે ભવાંની વચ્ચેની જગા. એને તિરખૂટ પણ કહેવામાં આવે છે એને જ પ્રયાગ કે સંગમ પણ કહેવામાં આવે છે. |
| સૂરત | : | વિજાતીય (હું દેહ નથી) વૃત્તિઓના તિરસ્કાર પૂર્વક સજાતીય (હું બ્રહ્મ છું, એક છું, અવિનાશી છું) વૃત્તિઓનો અખંડ એકધારો પ્રવાહ. |
| બંકનાલ | : | વાંકી (બંક) નેળ (નાલ). ત્રિકુટીની ઉપરનો સુષુમ્ણાનો વક્ર (વિષમ) માર્ગ જ્યાંથી સુરતી ઉપર બ્રહ્મરંધ્ર તરફ ચઢે છે. |
| ષડ્રિપુ | : | કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એ છ (ષડ્) શત્રુઓ (રિપુ) |
| સૂન કે શૂન્ય | : | ત્રિકૂટીની ઉપર સુરતી ચઢવા માંડે ત્યારે દૃશ્યના વિલયરૂપ અંધકારમય પ્રદેશ આવે છે તેને યોગીઓ સૂન કે શૂન્ય સંજ્ઞાથી ઓળખે છે. |
| મહાસૂન | : | સૂન કે શૂન્ય ઉપરનો દૃશ્યના આત્યંતિક વિલયરૂપ અત્યંત અંધકારમય પ્રદેશને મહાસૂન કહે છે. |
| અગમગઢ | : | જેની અજ્ઞાનીઓને ગમ નથી એવો આત્મસ્વરૂપનો વિકટ અને પહાડી માર્ગરૂપ કિલ્લો (ગઢ) |
| શૂન્ય શિખર | : | બ્રહ્મરંધ્ર અથવા સહસ્રાર અથવા દશમદ્વાર અથવા સહસ્રદલકમળ. |
| પ્રાણાયામ | : | પૂરક, કુંભક અને રેચકનો સમૂહ. શ્વાસ લેવો તે પૂરક. લીધેલા શ્વાસને રોકી રાખવો તે કુંભક અને રોકેલા શ્વાસને છોડવો તે રેચક. |

વિવરણકાર : પ્રા. કુલીન ગ. ઉપાધયાય
મો. ૦૯૮૨૪૫ ૦૪૨૦૬

પ્રકાશક : શ્રી હર્ષલ કુલીન ઉપાધ્યાય
અમદાવાદ

ગ્રાફીક્સ : હિન્દુસ્તાન ગ્રાફીક્સ
ગીતામંદિર, અમદાવાદ
મો. ૯૩૭૬૧ ૩૬૬૧૫

મુદ્રક : હિમાંશુ ટ્રેડર્સ,
અમદાવાદ
મો. ૯૮૨૫૯ ૨૬૬૬૨

આવૃત્તિ : પ્રથમ
૮૧ મી પ્રેમજયંતિ
ભા.સુ. ૧, ૨૦૬૭
મંગળવાર તા. ૩૦-૮-૨૦૧૦

પ્રત : ૫૦૦

## એંશી રૂપિયા

પુસ્તક પ્રાપ્તિ સ્થળ : (૧) અવધૂત પુસ્તક ભંડાર,
નારેશ્વર. (૦૨૬૬૬- ૨૫૩૬૭૧)
(૨) શ્રી ગીરીભાઈ કા. દવે.
અમદાવાદ.
(૦૭૯-૨૫૩૯૯૭૪૧) (૯૯૭૯૭૩૮૬૬૬)

# ભાવોદ્ગાર

નાની ઉંમરથી પૂજ્યશ્રીના ચરણ સેવવાનો લાભ મળ્યો. એને પરિણામે અવધૂતી આનંદના ભજનોનો વ્યાસંગ થયો. ૬૦-૬૫ વર્ષ ભજનો ગાયાં ખરા પણ એનો તત્ત્વાર્થ સમજવામાં થોડો ઉણો ઉતર્યો. તત્ત્વાર્થને સમજવાની તલપને સંતોષે એવું સાહિત્ય હાથમાં આવ્યું નહિ. જ્યારે એવું સાહિત્ય હાથમાં આવ્યું ત્યારે એને સમજવા માટેની મારી કક્ષા નીચી પડી અથવા એ સાહિત્યની કક્ષા નીચી પડી તેથી મને સંતોષ થયો નહિ.

ગુરુમહારાજના શતાબ્દીવર્ષમાં મારી વિનંતી સ્વીકારીને મુ. ડૉ. ધીરુભાઈ જોષીએ જુદા જુદા ભક્તોને ભજનો ફાળવી એનું વિવરણ તૈયાર કરાવ્યું અને એનું પ્રકાશન કર્યું. એ ૪૧ ભજનોનું પુસ્તક 'અવધૂતી મસ્તી-શતાબ્દી પૂર્તિ' મારી તલપને સંતોષવામાં થોડે ઘણે અંશે સફળ નિવડ્યું. પરંતુ અવધૂતી આનંદ-મસ્તીના નામથી સ્નેહી શ્રીકુલીનભાઈએ પ્રકાશિત કરેલું ૭૫ ભજનોનું શબ્દાર્થ તેમજ વિવરણ સહિતનું પુસ્તક મારી તલપને પૂર્ણ રીતે શાંત કરી ગયું. મારા સદ્ભાગ્યે એ પુસ્તકનું પ્રકાશન મારા જ ૭૫મા વર્ષ નિમિત્તે થયું હતું.

એમણે કરેલું વિવરણ લોકભોગ્ય ભાષામાં સચોટ ઉદાહરણ સાથે છે ને સંતો-વિદ્વાનોની વાતનો ટેકો લઈને કરેલું છે. એમના લખાણની પ્રવાહી શૈલી એ એમની વિશિષ્ટતા છે. શ્રીગુરુલીલામૃતના ગદ્યાંતરના સાત ભાગોના સંદર્ભમાં આપણા પરિવારના વિદ્વાન ભક્ત મુ.અશ્વિનભાઈ કાપડિયા એમને શ્રીગુરુલીલામૃતની ઑથોરિટી કહે છે તે સાચું છે, પરંતુ એમણે કરેલા ભજનોનું વિવરણ વાંચ્યા પછી એમને અવધૂતી આનંદની ઑથોરિટી કહેવાનું આપણને મન થશે જ.

એંશી ભજનોના વિવરણનું આ પુસ્તક પૂજ્ય શ્રી પ્રેમઅવધૂતજીના

સહસ્રચંદ્રદર્શનવર્ષના પ્રસંગે ભગવાન રંદાવધૂતજીના ચરણમાં અપાયેલી પ્રેમાંજલિ છે. એમને માટે પ્રેરકબળ અને ચાલકબળ નિવડેલા પૂજ્ય પ્રેમઅવધૂતજીના નીરોગી દીર્ઘાયુ માટે આનાથી વધારે સુંદર પ્રાર્થના બીજી કઈ હોઈ શકે ?

Avadhuti Ecstacyના હવે પછીના પ્રકાશનમાં આ વિવરણનું પુસ્તક મારે માટે આશીર્વાદરૂપ નિવડશે. શ્રીગુરુલીલામૃતનું ગદ્યરૂપાંતર, શ્રીગુરુલીલામૃતનો શબ્દકોષ, અવધૂતી આનંદનો શબ્દકોષ અને અવધૂતી આનંદનાં ભજનોનું વિવરણ ‘અવધૂતી આનંદ મસ્તી’ પ્રકાશિત કરનાર સ્નેહીશ્રી કુલીનભાઈ હજી પણ પૂજ્યશ્રીનું વધુ ને વધુ સાહિત્ય સરળ ભાષામાં સમજાવે એવી ભગવાન રંગાવધૂતજીને પ્રાર્થના. એમના ભજનો, પ્રવચનો અને પુસ્તકો એમને સમજવા માટેના સાધનો છે.

પૂજ્ય પ્રેમઅવધૂતજીના ૮૦મા વર્ષની સમાપ્તિ સમયે પ્રકાશિત થતા આ પુસ્તક અંગે ભાવોદ્‌ગાર લખવા માટે મને યાદ કર્યો તેથી હું તેમનો આભારી છું. ભાવોદ્‌ગાર દ્વારા વ્યક્ત થયેલો મારો ભાવ એ મારા સ્વભાવ અને સદ્‌ભાવનું જ પ્રતિબિંબ પાડે છે.

પરમ પૂજ્ય બાપજીના અને પૂજ્ય બાપુજીના એમના પર અને આપણા સૌ પર અજસ્ર આશીર્વાદ વરસતા રહો એ જ પ્રાર્થના.

**મુંબઈ** **- અનિલ શ્રોફ**

**મો. ૯૮૨૦૧ ૫૭૨૧૦**

# પ્રાક્ કથન

મારા જીવનના પ્રેરકબળ અને ચાલકબળ એવાં પૂજ્યશ્રી પ્રેમઅવધૂતજીના ૮૦મા વર્ષની સમાપ્તિ અવધૂતી આનંદના એંશી ભજનોનું વિવરણ કરતું આ પુસ્તક ભગવાન રંગાવધૂતજીના ચરણમાં પ્રેમાંજલિરૂપ અર્પણ કરું છું.

અવધૂતી આનંદના ભજનોનું વિવરણ લખવું એ મુ. જમિયતરામ અધ્વર્યુ જેવા વિદ્વાન અને ઊંચા સાધકનું કામ છે. મને મારી મર્યાદાનું ભાન છે એટલે આ કાર્ય કરવાનું સાહસ ઘણા દોષો અને ભૂલોથી ભરેલું હશે જ છતાં પરિવારના સ્વજનો મને પોતાનો જાણીને નિભાવી લેશે અને મારું ધ્યાન દોરી એ ભૂલો સુધારવામાં મદદરૂપ થશે એવી શ્રધ્ધા છે કહેવાયું છે કે : Where Angels fear to go, Fools rush-in. અર્થાત્ જ્યાં દેવદૂતો જતાં ગભરાતા હોય છે ત્યાં મૂર્ખાઓ કૂદી પડે છે. સને ૨૦૦૯માં મુ.શ્રી અનિલભાઈ શ્રોફના ૭૫ વર્ષ નિમિત્તે ૭૫ ભજનોનુ વિવરણ કરવાનું દુઃસાહસ કરેલું, પરંતુ પરિવારે એ પ્રકાશનને પ્રેમથી આવકાર્યું એટલે પૂજ્ય પ્રેમઅવધૂતજીના સહસ્રચંદ્રદર્શનના વર્ષે-એંશી વર્ષ પૂરા થાય છે ત્યારે - આ એંશી ભજનોનું વિવરણ કરતું પુસ્તક પ્રકાશિત કરવાની હિંમત કરી રહ્યો છું. **'બાળની તોતડી વાતો માતાને મન ભાવતી'** એ ન્યાયે પરમ પૂજ્ય બાપજી અને પૂજ્ય બાપજી મારા ભાવને સ્વીકારશે એવી શ્રદ્ધા છે.

જેનો મહાન માણસો સ્વીકાર કરે છે તે વ્યક્તિના દોષો પણ ભૂષણરૂપ બની જાય છે. બીજના વક્ર ચંદ્રમાને શંકર ભગવાન પોતાના લલાટ ઉપર ધારણ કરતા હોવાથી એ ચંદ્રની વક્રતા પણ શોભારૂપ બની જાય છે.

પૂજ્ય બાપજીના નિરામય દીર્ઘાયુ માટેની પ્રાર્થનારૂપ આ પ્રકાશન ગુરુમહારાજ સ્વીકારે અને આશીર્વાદની વર્ષા કરે એવી પ્રાર્થના.

અવધૂતી આનંદના કેટલાક ભજનો સમજવા મુશ્કેલ હતા. આ ભજનોની કળ **પૂજ્ય રાજર્ષિ મુનિએ** ઉકેલી આપી એ બદલ એમનો ખૂબ ખૂબ ઋણી છું અને એમનો આભારી છું. 'પશ્ચિમ 'વા'ની વાદળી રે,', 'ગુરુએ બતાવ્યું અચરજ આજ' અને 'ચલો મોરી આલી ગુરુકી મઢૈયા' જેવા ભજનોનું

વિવરણ એમની કૃપાની દેન છે. અવળવાણીના ભજનોનું વિવરણ **મુ. જગન્નાથકાકા** (સરખેજ)ના પુસ્તકને આધારે કર્યું છે તેથી તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. ભાવોદ્‌ગાર લખી અંતરનો ભાવ વ્યક્ત કરનાર **મુ. અનિલભાઈ શ્રોફ**નો આભારી છું.

પ્રૂફ જોવાનું કંટાળાજનક અને કાંટાળાજનક કામ નિષ્ઠાપૂર્વક પૂરું કરી આપવા બદલ **મુ. શ્રી જયંતીભાઈ જાની**નો ખૂબ આભારી છું. કેટલાક ભજનોને સમજવામાં મદદરૂપ બનેલા સ્નેહી ભાઈ **શ્રીનવિનભાઈ પાઠક** તથા **મુ.વિઠ્ઠલભાઈ પાઠક**નો આભારી છું. પ્રૂફની આપ-લેની દોડાદોડી કરનાર **ડૉ. સિદ્ધાર્થ શુકલ**નું ઋણ ભૂલાય એવું નથી. જેના અંતરના ભાવપૂર્વકના આગ્રહે મને આ કાર્ય કરવાનું જોશ પૂરું પાડ્યું એ **ભાઈ શ્રી જયદેવ વિરંચીભાઈ પાઠક**નો આભારી છું.


'સ્વાન્તઃ સુખાય તુલસી રઘુનાથ ગાથા'ના નિજાનંદ માણવાના કાર્યમાં સહકાર આપવા બદલ ધર્મપત્ની **સૌ. અંજની**નો અને હૂંફ આપનાર મિત્રો **મુ. ધનસુખભાઈ પટેલ, ડૉ. ઈન્દુભાઈ દવે** તથા **સ્નેહીશ્રી સુધીરભાઈ સોનીનો આભારી છું.**

આ પુસ્તક-પ્રકાશનના પુષ્પ-પરિમલની પ્રેમ પૂજાથી પરમાત્મા પ્રસન્ન હો !

પ્રેસનું સમગ્ર કાર્ય નિષ્ઠાપૂર્વક અને સમયસર કરી આપવા બદલ શ્રી ઈન્દ્રવદનભાઈ પટેલ તથા એમના સહકાર્યકરોનો આભારી છું.

**- પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય**


**અમદાવાદ - (૯૮૨૪૫ ૦૪૨૦૬)**



મહર્ષિ શ્રીરંગ અવધૂત (નારેશ્વર)

**બ્રહ્મૌજસા ભૂષિત ભવ્યભાલમ્**
**દિવ્યૌજસા દીપ્ત વિશાલ નેત્રમ્ ।**
**શાંતિપ્રદમ્ યસ્ય મુખારવિંદમ્**
**રંગાવધૂતમ્ પ્રણતોડસ્મિ નિત્યમ્ ॥**

# ૮૧મી પ્રેમજયંતીની વંદના



પ્રેમ અવધૂત (લીંચ)

હરતાં ફરતાં રંગનું ચિંતન, તનમનધન સહુ રંગ સમર્પણ,
રંગ-ખુમારી એવી રાખી, માગણવૃત્તિ કાઢી નાંખી.
નિર્મળ હૈયું, નિર્મળ વાણી, નયને પ્રેમતણી સરવાણી,
વિચાર ઊંચા, જીવન સાદુ, એવું જીવે સાચો સાધુ.

# ભજનની વર્ણાનુક્રમણિકા


| ક્રમાંક | ભજન | પાન | અવધૂતિ આ. ભજન ક્રમાંક |
|---|---|---|---|
| ૧. | અજબ ખેલ જોયો રે | | |
| ૨ | અનુપમ હીરલો પાયો | | |
| ૩. | અવળું સવળું બોલું રે | | |
| ૪. | અવિવેકે ભરિયું રે, જગ બધે | | |
| ૫. | આખર ખોટી રે, માનવી | | |
| ૬. | આતમ જ્ઞાન લિયો મૂલ હિ સે | | |
| ૭. | આન પડા નાથ ! દરપે | | |
| ૮. | આવો જો સંતો તો | | |
| ૯. | ઊંઘતાનો પાડો રે, જાગે | | |
| ૧૦. | એક અગોચર બ્રહ્મ પ્રકાશે | | |
| ૧૧. | કરવું તો નિષ્કામ કર્મ હો | | |
| ૧૨. | ગુરુએ બતાવ્યું અચરજ આજ | | |
| ૧૩. | ઘરની ઘરની ઘરની રે | | |
| ૧૪. | ચલો મોરી આલી ગુરુ કી મઢૈયા | | |
| ૧૫. | ચલો સખીરી પિયા મિલન કો | | |
| ૧૬. | છેડ મા છેડ મા છેડ મા રે | | |
| ૧૭. | છોડ દિયા માઈ સંસારા | | |
| ૧૮. | છોડું ન મૈં દિલસે અબ સાંઈ | | |
| ૧૯. | જહાં પે દેખું વહાં પે સાહેબ | | |
| ૨૦. | જુવાની દિવાની પ્રાણી | | |
| ૨૧. | જો આપકો દેખે ન ઉસકો | | |
| ૨૨. | જ્ઞાનઘટા ઝુકી આઈ ચિદાકાશે | | |
| ૨૩. | જ્યાં ત્યાં ભરિયો એક જ સાંઈ ! | | |
| ૨૪. | તનકી સુધી ન જીસકો | | |

| | | | |
|---|---|---|---|
| ૨૫. | તમારે ને હમારે ના કશો સંબંધ | | |
| ૨૬. | તું તો દત્ત દિગંબર ભજને | | |
| ૨૭. | દુર્લભ મોઘું બ્રહ્મજ્ઞાન | | |
| ૨૮. | દેખ લિયો મોહન મૈં માઈ ! | | |
| ૨૯. | દેહ મંદિરમાં દેવ બિરાજે | | |
| ૩૦. | ધાર્યું ધરણીધરનું થાય | | |
| ૩૧. | ના દોસ્ત દુશ્મન કોઈ હમારા | | |
| ૩૨. | નામ સુધારસ જે જન ચાખે | | |
| ૩૩. | ના હું ત્યાં શું માહરું | | |
| ૩૪. | નીતિ નેવે મૂકી રે | | |
| ૩૫. | પશ્ચિમ વાની વાદળી રે | | |
| ૩૬. | પીવું જ્ઞાનમૃત પૂર્ણ હો પિપાસુ | | |
| ૩૭. | પ્રભુનો મારગ છે શૂરાનો | | |
| ૩૮. | પ્રભુ પરખ્યા હૃદે જેણે | | |
| ૩૯. | પ્યારે ! ભજ લે રામ દિનરૈનાં | | |
| ૪૦. | બન જા અબ હુશિયાર | | |
| ૪૧. | બેઠો બેઠો ભાળે રે | | |
| ૪૨. | બોલ રહી કોકિલ કાનનમેં | | |
| ૪૩. | ભક્તિની મુક્તિ છે દાસી | | |
| ૪૪. | ભક્તિ હરિપ્રેમ અજોડ | | |
| ૪૫. | ભજો શું મૂરખ ભૂત અનેક | | |
| ૪૬. | ભણતર મોટું ભૂત તપસી | | |
| ૪૭. | ભયી મતવાલી પિયા કે દીદાર પાયે | | |
| ૪૮. | ભર્યું જ્યાં ત્યાં પ્રભુ તારું | | |
| ૪૯. | મન મરજીવા ! છે મોતી | | |
| ૪૯. | મન મર્કટ રે કેમ ભમે છે | | |
| ૫૧. | મન મૂઢ અજાણ | | |
| ૫૨. | મન મૂરખ નાદાન અતિશે | | |

| | | | |
|---|---|---|---|
| ૫૩. | મનુવા હરિ ભજ ઝટ નાદાન | | |
| ૫૪. | મરી તો ગયું રે મૃત્યુ | | |
| ૫૫. | રમે રામ સહુ ઘટ વિષે | | |
| ૫૬. | રુદિયામાં દીવા તો એ અકર્મી | | |
| ૫૭. | રે મન ! મસ્ત સદા દિલ રહેના | | |
| ૫૮. | વડલા હેઠે બાવો રે | | |
| ૫૯. | વન વડલાની શીતલ છાયા | | |
| ૬૦. | વસમી છે વાટ | | |
| ૬૧. | વાણીમાં શૂરા રે | | |
| ૬૨. | વાંચ વાંચ વિશ્વગ્રંથ | | |
| ૬૩. | સગપણ સાચું રે શીલનું | | |
| ૬૪. | સદા ભજો ગુરુદેવ | | |
| ૬૫. | સમજ મન મારા રે | | |
| ૬૬. | સાનમાં સમજાવ્યું | | |
| ૬૭. | સુણ ચતુર સુજાણ | | |
| ૬૮. | સૂતો શું તાણીને સોડ | | |
| ૬૯. | સૂનો પુકારે મજહબ સારે | | |
| ૭૦. | હમ કૃષ્ણ કૃષ્ણ કહ ગાયેંગે | | |
| ૭૧. | હમસે મત મીલો | | |
| ૭૨. | હમારા ભેખ ભિખારી કા | | |
| ૭૩. | હમો મનમોજી ફરનારા | | |
| ૭૪. | હરિગુણ ગાઓ રે પ્રીતથી | | |
| ૭૫. | હરિજન આવો રે હેતથી | | |
| ૭૬. | હરિજન આવો રે હેતે. | | |
| ૭૭. | હરિ હરિ ગાતાં રે. | | |
| ૭૮. | હું તો માગણ ગુરુઘર દાસી રે. | | |
| ૭૯. | હું મારું દુઃખ મૂળ છે. | | |
| ૮૦. | હોય કોઈ પ્યાસા રે... | | |

# ૧. આવો જો સંતો તો વાતો બે કરીએ

**(રાગઃતિલક કામોદ; તાલઃદીપચંદી)**

**આવો જો સંતો  તો વાતો બે કરીએ, દિલ દુખડાં વિસરીએ રે. .ટેક.**
**કામાદિ બાળીને ધૂણી ધીખવીએ, અવધૂત ધૂન ગજવીએ રે. .આવો૦ ૧.**
**જ્ઞાનગંગા નિત સ્નાન કરીને, આતમદેવ રીઝવીએ રે. .આવો૦ ૨.**
**સતનું તે ગોપીચંદન કરીએ, મૌનની માળા જપીએ રે. .આવો૦ ૩.**
**ઝેરવેરની હોળી કરીને, પ્રેમ પીચકારી રમીએ રે. .આવો૦ ૪.**
**દ્વૈતની ધૂલિ ધૂળેટી રમીએ, ફાગણ રંગ રેલવીએ રે! .આવો૦ ૫.**

□ □ □

## વિવરણ

આપણે સંસારી એવું કહીએ કે વાતો કરવા આવો અને પૂ.શ્રી જેવા સંતો એવું કહે કે હે સંતો! તમે આવો તો બે વાતો કરીએ. આપણે એકલા રહી શકતા નથી, એકલવાયાપણું આપણને પજવે છે. એટલે આપણે સંબંધીને વાતો કરવા બોલાવીએ છીએ. જ્યારે સાચા સંતો તો 'મુનિજનો મૌનમાં મોજ માણે' એ ન્યાયે નિઃસંગી થઈને રહેતા હોય છે.

જગતને છોડીને જંગલમાં સત્ તત્ત્વને પામવા માટે ગયેલો સાધક તો જગદીશ સિવાય કોઈનો સંગ ઈચ્છતો નથી. સંગ જ દુઃખનું મૂળ છે. શ્રી ગુરુલીલામૃતમાં પૂજ્ય બાપજી લખે છે કે : -

**રંગે પટ રંગાય છે, સંગે લાગે રંગ,**
**માટે નિઃસંગી થવું, કરવો વા સત્સંગ.**

(અ. ૯ દો.૧૦૦)

પહેલાંના જમાનામાં સાધુસંતોના મેળા ભરાતા. આવા મેળામાં અનુભવી સંતો પાસે બેસીને સાધકો પોતાની સાધનામાં જણાતી મુશ્કેલી અંગે માર્ગદર્શન મેળવતા. આમ, સાધુ સંમેલન એ સાધકો માટે માર્ગદર્શન મેળવી સાધનામાં આગળ વધનારા માટે મદદરૂપ બનતાં.

આ ભજનની શરૂઆતમાં પૂજ્ય બાપજી બે વાતો કરે છે. : એક તો સંતોને કહે છે કે આવો તો વાતો કરીએ અને બીજું કે એવી વાતો કરીએ કે જેથી દિલ દુખડાં વીસરી

જઈએ - ભૂલી જઈએ. સુખ અને દુઃખ એ વ્યક્તિએ કરેલાં સારાં-નરસાં કર્મોનું ફળ છે, જે ભોગવ્યે જ છૂટકો. પૂ.શ્રી એક ભજનમાં કહે છે કે :-

**સુખદુઃખ મનનાં સોણલાં જન્મરણ તનગંધ,**
**બની રમકડું ઈશનું રંગ ખેલ નિર્દ્વંદ્વ.**

આમ, સુખ અને દુઃખ મનની નીપજ છે. જો મન બીજી વાતમાં પરોવાઈ જાય તો એ વાતમાં ડૂબી જવાને કારણે દુઃખની અસર અનુભવતું નથી. ઑપરેશન વખતે ઇન્જેક્શન આપીને મનને બિન અસરકારક બનાવી દેવાથી વાઢકાપ થતી જોવા છતાં દર્દીને દુઃખનો અનુભવ થતો નથી. ઇન્જેક્ષનની અસર પૂરી થતાં જ દુઃખનો અનુભવ થવા લાગે છે.

મનને રુચિકર હોય એવી વાતોમાં મશગૂલ બની જવાથી, દુઃખ હોવા છતાં તેની અસર જણાતી નથી. દુઃખને ભૂલી શકાય, મટાડી શકાય નહિ. એટલે સંત તુલસીદાસજી પણ હનુમાન ચાલીસામાં લખે છે કે :-

**"જનમ જનમ કે દુઃખ બિસરાવે."**

દુઃખ કે દુઃખભરી વાતો ભૂલી જઈએ તો એ ભગવાનની મોટી કૃપા કહેવાય. વાત ભૂલ્યા વગર ક્ષમા આપવાનું કામ પણ મુશ્કેલ બની જાય છે. તેથી જ કહેવાયું છે કે, Forget and Forgive - ભૂલો અને માફ કરો. માનવજીવનનાં સૌથી મોટાં દુઃખ બે. એક જન્મ સમયનું અને બીજું મૃત્યુ વેળાનું.જન્મ અને મૃત્યુ વચ્ચેના સમયમાં પડતાં દુઃખ તો એની સામે ખૂબ નાનાં છે, પરંતુ મૃત્યુ વેળાનું દુઃખ બીજા જન્મમાં યાદ રહેતું નથી, તો જન્મ સમયનું દુઃખ જન્મ્યા પછી યાદ નથી રહેતું. આ દુઃખ યાદ ન રહેવાથી આપણને એ દુઃખ દુઃખ લાગતાં નથી. આમ, દુઃખને ભૂલી જવું એ જ મહત્ત્વનું છે, દુઃખ દૂરકરી શકાતું નથી. એ તો ભોગવ્યે જ છૂટકો.

આ ભજનમાં સંતોનો સંગ કરીને, સત્સંગની વાતો કરીને દુખડાં ભૂલવાની વાત કર્યા પછી પૂ.શ્રી જીવનને દૈવીગુણોથી ભરવાની અને આસુરી સંપત્તિથી મુક્ત કરવાની વાતો કરે છે.

સંતો પાસે ધૂણી ધીખતી હોય છે. એવી ધૂણી નહિ પણ કામક્રોધ આદિ ષડ્‌રિપુને બાળીને એની ધૂણી ધીખવવાની પૂ.શ્રી વાત કરે છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એવા ષડ્‌રિપુ જ માનવીની શાંતિના દુશ્મન છે. પૂ.શ્રી શ્રી ગુરુલીલામૃતમાં લખે છે કે :-

**વિષયેચ્છુને સર્વદા પીડે રાગદ્વેષ,**
**મોહ શોક શ્રમાદિથી થાય અંતરે ક્લેશ.**

(અ.૯.દો.૩૭)

વિષયનું ધ્યાન કરતાં માનવીને વિષયનો સંગ કરવાનું ગમે છે. સંગથી કામ, કામમાંથી ક્રોધ, ક્રોધમાંથી સંમોહ, સંમોહમાંથી સ્મૃતિ ભ્રમિત થાય છે. સ્મૃતિભ્રંશથી બુદ્ધિનો નાશ અને બુદ્ધિનાશથી માનવી મૃત્યુને વરે છે. આવો ક્રમ શ્રીમદ્ ભગવદ્ ગીતા આપે છે.

**ધ્યાયતો વિષયાન્પુંસઃ સંગસ્તેષૂપજાયતે ।**
**સંગાત્ સંજાયતે કામઃ કામત્કોધોઽભિજાયતે ॥**
**ક્રોધાદ્ ભવતિ સંમોહઃ સંમોહાત્ સ્મૃતિવિભ્રમઃ ।**
**સ્મૃતિભ્રંશાદ્ બુદ્ધિનાશો બુદ્ધિનાશાત્પ્રણશ્યતિ ॥**

કામ, ક્રોધ અને લોભને ભગવાન પોતે નરકનાં ત્રણ દ્વાર ગણાવે છે. આ ત્રણમાં પણ લોભ વધારે ખતરનાક છે. કામ અને ક્રોધ તો મનના આવેગો છે. આ આવેગ શમી જતાં એ બે શાંત થઈ જાય છે, પરંતુ લોભ એ આવેગ નથી એટલે ક્યારેય શાંત થતો નથી.

કામ વગેરે ષડ્રિપુને બાળીને ધૂણી ધીખવ્યા પછી અવધૂતની ધૂન ગજવવાની છે. સ્મરણ અને કીર્તનથી મનને ભરી દેવાનું છે. આમ, ષડ્રિપુરૂપી આસુરી સંપત્તિને દૂર કરીને મનને નામસ્મરણમાં ડુબાડી દેવાનું છે. નામસ્મરણથી અર્ધજાગ્રત મન-ચિત્ત-ઉપર સંસ્કાર પડે છે અને એ સંસ્કારો જ સ્મૃતિરૂપે પ્રગટીને માનવીને આનંદમાં રાખે છે.

સત્‌ને સમજાવતાં પૂ.શ્રી લખે છે :-

**જન્મ્યું નો'તું આ કશું હતો ત્યાહરે તું જ,**
**રહેશે ના આ તોય તું હોઈશ સચ્ચિત્પુંજ.**

**(દત્તદશક)**

આ સત્ એ જ પરમ તત્ત્વનું આશ્રયસ્થાન છે અને એમાંથી સમગ્ર સૃષ્ટિની ઉત્પત્તિ છે. સાચો સંત આ પરમ તત્ત્વ સત્‌ને વરેલો હોય છે. સત્યના પંથે ડગ માંડવાની અડગ તૈયારી રાખીને એ પ્રમાણે જીવન જીવવાનું હોય છે.

સંતોના હાથમાં માળા-સ્મરણી-હોય છે. સતત નામસ્મરણનું એ સાધન છે, પ્રતીક છે. પૂ.શ્રી આ માળાનું લક્ષ્યાર્થ મૌન છે એવું કહે છે. માણસને વાતો કરવી ગમે એ સ્વાભાવિક છે, પરંતુ પરમ તત્ત્વ પામવાની ઈચ્છા રાખનારે તો વૈખરી વાણીને વિરામ આપી મૌન રાખવાનું છે. વાણી એ તો વિકાર છે. એમાં શક્તિનો વ્યય થાય છે. મૌનમાં આનંદ માણનારો મુનિજન અલૌકિક છે.

વૈખરી વિરમે ત્યારે જીવ મૌનમાં રમે. “મૌનમાં મુનિજનો મોજ માણે.”

સંતો શરીર ઉપર ચંદનની અર્ચા કરતા હોય છે. આવું ચંદન તનને ઠંડક આપે છે.

ચંદન તનને અને વંદન મનને ઠંડક આપે છે. પૂ.બાપજી સતનું ગોપીચંદન કરવાનું કહે છે અને મૌનની માળા જપવાનું કહે છે. સત્ એટલે જે ભૂતકાળમાં હતું, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં રહેવાનું છે, એવું ત્રિકાલાબાધિત સત્ય.

નિત્યક્રમમાં સૌ પ્રથમ સ્નાન આવે છે. સ્નાનથી તનશુદ્ધિ થાય છે. પૂ.શ્રી કહે છે કે, ગંગાસ્નાનથી શરીર શુદ્ધ થાય છે, પરંતુ સંતો તો જ્ઞાનગંગામાં રોજ અને સતત સ્નાન કરતાં હોય છે. આવું જ્ઞાનગંગાનું સ્નાન જ આત્માને પ્રસન્ન કરી શકે. નિષ્કામ કર્મથી મળનો નાશ, ઉપાસનાથી વિક્ષેપ દૂર થાય અને જ્ઞાનથી અવિદ્યાનું આવરણ હટે. અવિદ્યાને કારણે ભ્રમિત થયેલો જીવ નાહકનો દુ:ખી થાય છે. એને સ્વસ્વરૂપનું જ્ઞાન થઈ જાય તો પછી દુ:ખ જેવું કશું રહેતું નથી. ભયંકર સ્વપ્નો જોઈને દુ:ખી થતાં નિદ્રાધીન માનવીની આંખ ઊઘડે ત્યારે આંખ ઊઘડતાંની વારમાં જ બધાં દુ:ખો દૂર થઈ જાય છે. એ રીતે જ્ઞાન થતાંની સાથે પોતે સચ્ચિદાનંદ સ્વરૂપ છે, એનો અનુભવ કરીને એમાં જ ડૂબેલો રહે છે.

આપણને બંધન છે જ નહિ છતાં આપણે માની લીધું છે કે, હું બંધનમાં છું. જ્ઞાન થતાંની સાથે જ બંધન જણાતું નથી. જ્ઞાન તો આપણામાં છે જ, પરંતુ એ અજ્ઞાનથી ઢંકાયેલું છે, એટલે જ કહેવાયું છે કે ખરેખર તો જ્ઞાન મેળવવાનું હોતું નથી, પરંતુ એને ઢાંકતું અજ્ઞાન દૂર કરવાનું હોય છે. જમીનની અંદર દટાયેલા ખનીજને મેળવવા માટે ઉપરની માટી દૂર કરવી પડે. માટી દૂર થતાંની સાથમાં જ જમીનમાં પહેલેથી જે ખનીજ હતું જ તે આપણને પ્રાપ્ત થાય છે.

બધાં દુ:ખોનું મૂળ રાગદ્વેષ છે. રાગ એટલે અમુક વ્યક્તિની કે વસ્તુની હાજરી એ મારા સુખનું કારણ છે અને એની ગેરહાજરી એ મારા દુ:ખનું કારણ છે એવો જાગતો ભાવ. પરિણામે એ વ્યક્તિ કે વસ્તુ આપણને પ્રાપ્ત થાય એના આપણે પ્રયત્નો કરીએ છીએ. દ્વેષ એટલે અમુક વ્યક્તિ કે વસ્તુની હાજરી એ મારા દુ:ખનું કારણ છે અને એની ગેરહાજરી એ મારા સુખનું કારણ છે એવો મનનો ભાવ. પરિણામે એ વ્યક્તિ કે વસ્તુની હાજરી મને ગમતી નથી અને એની ગેરહાજરી મારા મનને આનંદ આપે છે.

આ રાગ દ્વેષમાંથી વેરઝેર જન્મે છે. ખરેખર તો સુખ કે દુ:ખ કોઈ કોઈને આપી શકતું નથી. સુખ અને દુ:ખ તો પોતાનાં જ કર્મોનું ફળ છે. કહેવાયું છે કે :-

**સુખસ્ય દુ:ખસ્ય ન કોડપિ દાતા**
**પરો દદાતીતિ કુબુદ્ધિ રેષા ।**
**અહં કરોમીતિ વૃથાભિમાનો-**
**સ્વકર્મસૂત્રે ગ્રથિતો હિ લોકા: ॥**

વ્યક્તિને બધામાં પરમેશ્વરનાં દર્શન થાય તો રાગદ્વેષ જતાં રહે અને પ્રેમભાવ જાગે.

પૂ.શ્રી એક ભજનમાં લખે છે :-

"પ્રભુ કો જગ મેં જગ કો પ્રભુ મેં ઈક્તાર નિહાર ફિરો મનુવા." (અબ ખૂબ હસો.)

પ્રેમ ત્યાં નિત્ય પરમેશ હાજર ખડો,ઢોંગથી ઢૂંકડો દૂર નાસે.

'Love is god-પ્રેમ એ જ પરમેશ્વર' એ વિધાન બધી વિષમ પરિસ્થિતિને દૂર કરનારી જડીબુટ્ટી છે. સાચો પ્રેમ ત્યાગમાં જ માને છે, એ કોઈ દિવસ અપેક્ષા રાખતો નથી. કહેવાયું છે કે, "માગે ત્યાંથી પ્રેમ ભાગે". પૂ.શ્રીએ "પરસ્પરદેવો ભવ"નું જે સૂત્ર આપ્યું તેની પાછળ પણ આ જ ભાવના રહેલી છે. પ્રેમભાવ જાગતાં જ બધા પ્રશ્નોનું સમાધાન આવી મળે. અરે! પ્રશ્નો જ ઊભા થતાં બંધ થઈ જાય છે.

પરંતુ માનવીમાં રહેલો 'હું' અને 'મારું' એને પ્રેમ પિચકારીથી રમવા દેતા નથી. જો 'હું અને મારું' ભૂલી જઈએ તો દ્વૈતની ભાવના દૂર થાય અને એ દ્વૈતભાવનાને કારણે જાગતા ભેદભાવો દૂર થાય અને અદ્વૈતના રંગની રંગત જામે, પરંતુ આ દ્વૈતભાવ દૂર કરવાનું કાર્ય સરળ નથી.

અનન્ય શરણાગતિ અને બધાંમાં પોતાને જોવાની સાધનાથી જ આ સ્થિતિ પામી શકાય. આ ભેદભાવ દૂર કરવાનું કેવું મુશ્કેલ છે તે સમજાવતાં પૂ.શ્રી લખે છે :-

**મહા તપસ્વી યોગીઓ ભેદે ગોથાં ખાય,**
**નાનાત્મૈક્યજ્ઞાનથી રંગ પાર થઈ જાય**

(દત્તદશક)

'હું' અને 'મારું' એ દ્વૈતભાવની જનની છે. એટલે પૂ.શ્રીએ એક ભજનમાં પ્રાર્થનારૂપે ગાયું કે :

**ભુલાવી 'હું', 'મારું' હુંને તારામાં ડુબાડ, વ્હાલા,**
**તું તારામાં ભેદ ન દેખું, એવો દી દેખાડ.**

આપણે પણ સંત બનીને પૂ.શ્રીના આ ભજનની વાતોને જીવવાનો પ્રયત્ન કરીએ એવી અભિલાષા.

□ □ □

# ૨.મન મૂરખ નાદાન અતિશે

(રાગઃદેશ; તાલઃકહેરવા)

મન મૂરખ નાદાન અતિશે, શી રીતે સમજાવું રે!
[1]પારદ હોયે રસથી બાંધું, દ્વિરદ[2] અંકુશે ખાળું રે! ...ટેક.
સાંઢ નાથ ખેંચી સમજાવું, મૃગ નાદે લોભાવું રે;
[3]ફણિવર મંત્રે મોહ પમાડું, [4]વૃશ્ચિક ડંખ ઉડાવું રે....મન૦૧.
પવન બંકગઢ કેદ કરાવું, સુરતસાંડસે બાંધું રે;
ભૂત ભૂવો થઈ નાચ નચાવું, આખર અધવચ દાટું રે. ...મન૦૨.
બાળક મિષ્ટ ખવાડું પ્રેમે, યુક્તિપ્રયુક્તિ લગાવું રે;
સમજે તો સોવિધ સમજાવું, આડે ગાલ સૂજાવું રે....મન૦૩.
ભજનકેફથી સાન ભૂલાવું, વિધવિધ **રંગ** રમાડું રે;
મારી અમર મોક્ષપદ આપું, આવાગમન મટાડું રે!...મન૦૪.

---

૧. પારો. ૨. હાથી. ૩. નાગ. ૪. વીંછી.

□ □ □

# વિવરણ

પૂ.શ્રી અવધૂતજીએ મનને મર્કટ-વાનર કહ્યું છે, માતંગ કહ્યો છે, મરજીવો કહ્યો છે, મૂઢ કહ્યું છે અને આ ભજનમાં મૂરખ અને નાદાન કહ્યું છે. માનવશરીરમાં 'મન' એવું અંગ છે કે જેનો x-ray-ઍક્સ-રે પાડી શકાતો નથી કે CT Scan કરી શકાતું નથી. મન શું છે એ વિશે તર્કવિતર્ક ચાલ્યા જ કરે છે, પરંતુ બધાં એક બાબત પરત્વે સંમત છે કે આ બધું કરનાર 'મન' જ છે. **વિષ્ણુ પુરાણમાં કહ્યું છે કે :-**

મનઃ એવ મનુષ્યાણાં કારણં બંધમોક્ષયોઃ ।

માણસના બંધનનું અને મુક્તિનું કારણ મન જ છે. પૂ.બાપજી લખે છે કે : "મન બાંધે, મન છોડવે, મને રચ્યું આ સર્વ." એમ પણ કહેવાયું છે કે :-

**મનકી હારે હાર હૈ મનકી જીતે જીત ।**
**મન મીલાવે રામકું મનહી કરે ફજીત ॥**

મન અનુકૂળ થાય તો રામનાં દર્શન કરાવે અને પ્રતિકૂળ થાય તો આબરૂનો ધજાગરો બાંધી દે.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં મન વિશે ફરિયાદ કરતાં શ્રી અર્જુન ભગવાનને કહે છે કે :-

**ચંચલં હિ મનઃ કૃષ્ણ પ્રમાથિ બલવદ્ દૃઢમ્ ।**
**તસ્યાહં નિગ્રહં મન્યે વાયોરિવ સુદુષ્કરમ્ ॥**

(અ.૬શ્લોક૩૪)

હે કૃષ્ણ ! મન ઘણું ચંચળ છે અને પ્રમથ સ્વભાવનું છે, અત્યંત દૃઢ અને બળવાન છે. એને વશ કરવાનું કાર્ય વાયુને વશ કરવા જેવું અતિમુશ્કેલ-સુદુષ્કર છે.

પૂ.શ્રીએ તો એક પ્રભાતિયામાં ત્યાં સુધી કહ્યું છે કે, હાથ પર પર્વતને ધારણ કરવાનું, સાગરને શોષી લેવાનું, અગ્નિની જ્વાળા ગળવાનું, આકાશમાં ઊડવાનું, પાણીનું અમૃત કરવાનું, સિંહના ગળે ઘંટ બાંધવાનું, નાગને નાથ ઘાલવાનું, મગરની દાઢમાંથી મોતી કાઢવાનું શક્ય બની શકે, પરંતુ મનને વશ કરવામાં ભલભલા હારી જાય છે.

મનને વશ કરવાનો સાચો ઉપાય બતાવતાં શ્રી ભગવાન અર્જુનને કહે છે :-

**અસંશયં મહાબાહો મનો દુર્નિગ્રહં ચલમ્ ।**
**અભ્યાસેન તુ કૌન્તેય વૈરાગ્યેણ ચ ગૃહ્યતે ॥**

(અ.૬ શ્લોક૩૫)

ભગવાને કહ્યું કે, હે મહાબાહો ! હે અર્જુન ! સાચે જ મન ચંચળ તેમ જ મુશ્કેલીથી વશ થનારું છે, છતાં અભ્યાસ અને વૈરાગ્ય વડે તે વશ કરી શકાય છે.

ભગવાન મનને 'ચલ' કહે છે. જ્યારે અર્જુન મનને ચંચળ કહે છે. મન 'ચલ' છે એ એની ખૂબી છે પણ ચંચળતા એની ખામી છે.

જો બધું કરનારું મન જ હોય તો એને સમજાવીને એની પાસે આપણું કામ કરાવી લેવું જોઈએ, પરંતુ પૂ.શ્રી કહે છે કે, આ મન મૂરખ છે અને નાદાન છે. એટલે એને સમજાવવાનું કામ સહેલું નથી અને કેવી રીતે સમજાવવું એ જ મોટો પ્રશ્ન છે.

આપણામાં કહેવત છે કે, 'મૂરખ મિત્ર કરતાં દાનો દુશ્મન સારો' અને 'નાદાન કી દોસ્તી, જીવ કો જાન'. અહીં તો મન મૂરખ પણ છે અને નાદાન પણ છે. એટલે સાવધાનીથી અને હોશિયારીપૂર્વક કામ લેવાનું છે. મનને કેવી રીતે વશ કરવું ? એની મૂંઝવણ દર્શાવવા માટે પૂ. બાપજી કેટલાંક દૃષ્ટાંતો આપે છે. પારો હોય તો તે વેરાઈ ન જાય એટલા માટે રસથી એને બાંધી દઉં, હાથી હોય તો અંકુશથી એને વશમાં રાખું, સાંઢ (આખલો) હોય તો તેના નાકમાં નાથ ઘાલી તેને કાબૂમાં રાખું. હરણ હોય તો મધુર નાદમાં એને મુગ્ધ કરી પકડી લઉં. નાગ હોય તો મંત્રથી એનું વશીકરણ કરી બંધનમાં રાખી દઉં. વીંછી હોય તો એની પૂછડીનો ડંખનો ભાગ કાપી નાંખું એટલે પછી બીક રાખવાનું કારણ નહિ. પ્રાણને બંકનાલમાં પૂરી રાખું અને સુરતાની સાણસીથી બાંધી દઉં ? ભૂત હોય તો ભૂવો

થઈને વશ કરી એની પાસે કામ કરાવું અને છેવટે જમીનમાં દાટી દઉં. બાળક હોય તો પ્રેમથી મિષ્ટાન્ન ખવડાવીને સમજાવી દઉં. બાળક યુક્તિ પ્રયુક્તિથી પણ ન સમજે તો છેવટે ડાબા હાથની એક ઠોકીને-શારીરિક શિક્ષાથી સમજાવી દઉં, પરંતુ આ મૂરખ અને નાદાન મનને સમજાવવાનો રસ્તો શું ?

પૂ.શ્રી છેલ્લે કહે છે કે, ભજનના કેફથી એને બેભાન બનાવી દઉં. નિદ્રામાં નાંખી દઉં. પૂ.શ્રી એક ભજનમાં કહે છે કે : "મન ચલે તો ચલન દે, પણ તન ન જાય લગાર". આ મનને વશ કરવા માટે દબાણ કરવાનું નથી. એને જેમ કરવું હોય તેમ ભલે કરતું. પરંતુ એના પર નજર રાખી આપણે ભજન કર્યા કરીએ તો એ છેવટે હારી થાકીને શાંત થઈ જાય છે.

મનને મારીને-અમન કે ન મન થઈને રહેવાની સાધના કરતાં કરતાં મનથી પર થઈ જઈને જીવવાથી મોક્ષપ્રાપ્તિ થાય અને જન્મમરણનો ફેરો ટળી જાય છે.

❑ ❑ ❑

## ૩. એક અગોચર બ્રહ્મ પ્રકાશે

**(રાગઃભૈરવ; તાલઃકહેરવા)**
**(રામનામ તું ભજ લે પ્યારે - એ રાહ)**

**એક અગોચર બ્રહ્મ પ્રકાશે, ઘટઘટમાં અવિનાશીજી;**
**સત્ય નિરંજન નિષ્ક્રિય નિર્મલ, એ વિણ સર્વ વિનાશીજી.**
**...ટેક.**

**કર્ણ વિના સહુ શબ્દ સૂણે જે, નેન વિના જગ ભાળેજી,**
**એ જાણ્યા વિણ સુખ નવ પામે, મૂરખ મન કો કાળેજી.**
**...એક૦ ૧.**

**છોડી તંદુલ તુષને વળગે, તૃપ્તિ તે કેમ થાશેજી?**
**ચેતન છોડી જડને ભજતાં, ભવભીતિ ક્યમ જાશેજી.**
**...એક૦ ૨.**

**મન બુદ્ધિ છે ચાકર જેના, કરતા હરિહર સેવાજી,**
**તે વિશ્વંભર નયને નીરખે, આપ દિગંબર દેવાજી.**
**...એક૦ ૩.**

**પઢતાં પઢતાં પંડિત પડીયા, સુખ પામ્યા સત્સંગીજી!**
**અંગવસ્ત્ર રંગે રંગારા, રાજ કરે દિલરંગીજી.**
**...એક૦ ૪.**

**સિંચત સિંચત માળી મરતા, સુખ પામે [1]ભોરંગાજી;**
**ન્હાતાં ન્હાતાં મરે દેડકાં, મન ચંગા ઘટ ગંગાજી.**
**...એક૦ ૫.**
**ગુરુગમ કુંચી દ્વાર બંધ છે, તાળું વિરલો ખોલેજી;**
**ધન દાટ્યું મંદિર-શિખરે, પણ હાથ ન આવે કોર્યેજી.**
**... એક૦ ૬.**

---
**૧. ભમરો**

□ □ □

# વિવરણ

આ ભજનમાં સચ્ચિદાનંદ સ્વરૂપ પરબ્રહ્મ જે બધે વ્યાપી રહ્યો છે, બધાંમાં પ્રકાશી રહ્યો છે, એ પરમ તત્ત્વની સમજ આપવામાં આવી છે. શ્રીમદ્ જગદ્ગુરુ શંકરાચાર્ય કહે છે કે, ''બ્રહ્મ સત્યં જગન્મિથ્યા, જીવો બ્રહ્મૈવ નાપરઃ ।'' બ્રહ્મ જ સત્ય છે અને જણાતું જગત મિથ્યા છે. જીવ બ્રહ્મ જ છે, બ્રહ્મથી જુદો નથી.

પહેલાં પૂ.શ્રી બ્રહ્મનાં લક્ષણ દર્શાવે છે :-

(૧) બ્રહ્મ એક છે (૨) બ્રહ્મ ઈન્દ્રિયાતીત છે - ઈન્દ્રિયથી જાણી શકાતો નથી. (૩) બ્રહ્મ પ્રકાશ સ્વરૂપ છે (૪) બ્રહ્મ સત્ય છે (૫) બ્રહ્મ નિરંજન છે - માયાનું અંજન નથી (૬) બ્રહ્મ નિષ્ક્રિય છે (૭) બ્રહ્મ નિર્મલ છે (૮) બ્રહ્મ અવિનાશી છે.

આ પરબ્રહ્મ સિવાયનું બીજું બધું વિનાશી છે. 'નામ તેનો નાશ' 'યદ્દ્દષ્ટં તન્નષ્ટં' 'દેખાય તેનો નાશ' એ બધી ઉક્તિ પણ આ વાત જ સ્પષ્ટ કરે છે.

આ ઈન્દ્રિયથી ન જાણી શકાતા પરબ્રહ્મને સમજાવતાં કેનોપનિષદમાં કહ્યું છે :-

ન તત્ર ચક્ષુર્ગચ્છતિ ન વાગ્ગચ્છતિ નો મનો ન વિદ્મો ન વિજાનીમો યથૈતદનુશિષ્યાદન્યદેવ તદ્વિદિતાદથો અવિદિતાદધિ । ઈતિ શુશ્રુમ પૂર્વેષાં યે નસ્તદ્વયાચચક્ષિરે ।। (પ્રથમ ખંડ શ્લોક૩)

એ સચ્ચિદાનંદઘન પરબ્રહ્મને પ્રાકૃત અંતઃકરણ અને ઈન્દ્રિયો જાણી શકતી નથી. એ ત્યાં સુધી પહોંચી શકતા જ નથી. એ (પરબ્રહ્મ) દિવ્ય તત્ત્વમાં એ અંતઃકરણ અને ઈન્દ્રિયોનો પ્રવેશ થઈ શકતો જ નથી. એટલું જ નહિ પરંતુ અંતઃકરણ અને ઈન્દ્રિયોમાં જે ચેતના અને ક્રિયા જણાય છે તે બ્રહ્મની પ્રેરણા અને શક્તિથી જ થાય છે. એટલે બ્રહ્મ વિશેની સમજ ઈન્દ્રિયો દ્વારા કેવી રીતે મળી શકે ?

આ પરબ્રહ્મની સમજ આપતાં પૂ.શ્રી એક પ્રભાતિયામાં ગાય છે કે :-

**આંખ દેખે નહિ, કાન સૂણે નહિ,**
**ઈન્દ્રિયો સ્પર્શ ના જેહ કરતી**
**તે થકી ઉપન્યું સર્વ સૃષ્ટિ વિષે,**
**પવન, પાણી અને તેજ ધરતી... એક કિરતાર.**

આ બ્રહ્મ એ કાનનો કાન છે, મનનું મન છે, પ્રાણનો પ્રાણ છે, આંખની આંખ છે. એના વિના, એની પ્રેરણા વિના આ ઈન્દ્રિયો કશું કરી શકતી નથી. પૂ.શ્રી એક પ્રભાતિયામાં લખે છે કે :-

**આંખની આંખ જે, કાનનો કાન જે, દેવનો દેવ જે તેને ભૂલી**
**વિષય કર્દમ ચૂંથી, મોહ જાળું ગૂંથી, શીરો મૂકી ગળી વ્યર્થ થૂલી. એક આધાર.**

પરંતુ એ બ્રહ્મને સાંભળવા કાનની જરૂર નથી કે જોવા માટે આંખની જરૂર નથી. આ બ્રહ્મને જાણવાથી જ શાશ્વત-કાયમી આનંદ પામી શકાય અને એને પામવાનો જ આપણો આખરી ધ્યેય હોવો જોઈએ.

'દિલરુબા દિલકી સુનાઉં' ભજનમાં પૂ.શ્રી લખે છે કે :

**આંખમેં દેખે જો સૂને કાનમેં બિનુ કાન હૈ,**
**સોડહં જપે પ્રતિશ્વાસ હંસા એ હિ અલ્લા કૌન હૈ ?**
**ઘટમેં બસે પ્યારા પિયા, ભૂલા ફિરે ક્યોં બન વિષે ?**
**જલમેં પિયાસી હાય શફરીં, તૃષ્ણા બુઝાવે કૌન હૈ ?**

પરબ્રહ્મને જાણ્યા વિના અક્ષય શાંતિ અને કાયમી આનંદ મળતો નથી, પરંતુ મૂરખ મન એને બદલે બીજેથી શાંતિ અને આનંદ મેળવવાનો પ્રયત્ન કરે છે, ફાંફાં મારે છે. બ્રહ્મને છોડીને બીજી વસ્તુ પાછળ મહેનત કરવાની પ્રવૃત્તિને પૂ.શ્રી ચોખા છોડીને ચોખાનાં ફોતરાં ખાવા સાથે સરખાવે છે. ભૂખ લાગી હોય તો ભૂખની શાંતિ માટે સત્ત્વસભર ચોખા રાંધીને ખાવા પડે છે. ડાંગરનાં ફોતરાં ખાવાથી શું વળે ? જન્મમરણની ભીતિ દૂર કરવા માટે પણ ચેતનસભર બ્રહ્મને પામવું જોઈએ. એ સિવાયની બધી જ વસ્તુ જડ અને વિનાશી છે.

શ્રી ગુરુલીલામૃતના અધ્યાયના ૧૨૦, ૧૨૧ અને ૧૨૨માં શ્રીગુરુ અને ગંગાનો સંવાદ છે અને એ સંવાદમાં શ્રીગુરુ ગંગાને સમજાવે છે કે આ દેહ એ આત્મા-બ્રહ્મ નથી, અહંકાર, બુદ્ધિ, મન પણ બ્રહ્મ નથી. એ બધાં જડ છે અને આત્માને કારણે કામ કરે છે.

આ બ્રહ્મનો અનુભવ કરવા માટેની સાધના એ જ જીવનનું લક્ષ્ય હોવું જોઈએ. બ્રહ્મરંધ્ર-

સહસ્રારમાં પ્રાણને લઈ જઈને ત્યાં જીવ શિવનું મિલન થાય ત્યારે જ લક્ષ્ય સિદ્ધિ થયેલી ગણાય. નિર્વિકલ્પ સમાધિનું સુખ માણનાર જ આવાગમનનો ફેરો ટાળી શકે. આને માટે પુસ્તકિયા જ્ઞાનની જરૂર નથી. જરૂર છે સત્સંગની. સાચા સંતપુરુષોનો સંગ જ વ્યક્તિમાં વિવેકદૃષ્ટિ લાવી શકે. સંત શ્રી તુલસીદાસજી કહે છે કે :-

**બિનુ સતસંગ વિવેક ન હોઈ,**
**રામકૃપા બિનુ સુલભ ન સોઈ.**

ભગવાન કૃપા કરે તો સતસંગ મળે અને વિવેક જાગે. આવો સતસંગ કોટિ કોટિ દોષો-અપરાધોનો નાશ કરે છે. સંત તુલસીદાસ લખે છે કે :-

**એક ઘડી આધી ઘડી આધી મેં પુનિ આધ,**
**તુલસી સંગત સંતકી કટે કોટિ અપરાધ.**

(એક ઘડી એટલે ૨૪ મિનિટ)

માણસે પોતાની અંદર ભગવાનને શોધવાનો છે અને પામવાનો છે. બહારની દોડાદોડી કરવી એટલે શરીર ઉપરનાં વસ્ત્રો રંગવા જેવું કામ. જ્યારે 'અંદર ગોતા લગાવ' કે 'પ્રભુ પરખ્યા હૃદે જેણે'ની પ્રવૃત્તિ એટલે દિલને રંગવાની પ્રવૃત્તિ. આ દિલને રંગવાની પ્રવૃત્તિ-નિજાનંદને પામવાની પ્રવૃત્તિ એ જ બ્રહ્મને જાણવાની સાચી પ્રવૃત્તિ છે. ફૂલના છોડને પાણી પાઈ પાઈને માળી ઉછેરે છે, પરંતુ એ છોડને ફૂલ આવે ત્યારે એ ફૂલની સુગંધ ભમરાઓ ફૂલ ઉપર બેસીને માણે છે અને મકરંદ ચૂસે છે. આ સુગંધ પામવાની વાત એ જ માનવજીવનનું લક્ષ્ય હોવું જોઈએ.

તીર્થોમાં સ્નાન કરવું, યાત્રાભ્રમણ કરવું એ ઠીક છે, પણ એનાથી પરબ્રહ્મની પ્રાપ્તિ થતી નથી. એને બદલે દૈવીસંપત્તિથી સાચી સાધના થાય છે. એમ તો તળાવના દેડકાં પાણીમાં નાહ્યા જ કરતા હોય છે અને કમળ પાસે રહેતા હોવા છતાં કાદવ ચૂંથતા હોય છે. જ્યારે ભમરાઓ કમળ ખીલતાંની વારમાં કમળ ઉપર બેસી એનો મકરંદ ચૂસી જીવન ધન્ય બનાવતા હોય છે.

આપણામાં કહેવત છે : ''મન ચંગા તો કથરોટ મેં ગંગા.'' જો મન સરળ, નિષ્કપટ અને પવિત્ર (ચંગા) બને તો શરીર (ઘર)માં જ ગંગાજી છે એ વાત સમજાય.

'તીરથ કહાં જાના' ભજનમાં પૂ.શ્રી લખે છે કે :-

**ઘટમેં ગંગા, ઘટમેં જમુના, ઘટમેં સરસ્વતી માઈ,**
**બાહિર સબ જગ પત્થર પાની, ભટક ભટક ઘર આઈ... તીરથ.**

'અક્કલસે ખુદા કો પહેચાનો રે' ભજનમાં આ વાત પૂ.શ્રી આ રીતે જણાવે છે :-

**ઘટ ઘટ જો બોલે હંસા, સોઽહં શ્વાસા ખોજો દાસા,**
**આતમકાસી મુખ મોડો રે,**
**રામ રહીમ દોનું નેડે રે... અક્કલસે.**
**બાર બાર ગોતા માર, નૈન ઠાર, પીછું ભાળ,**
**લાલ રંગ રતન દેખો રે,**
**ઔર કાંચ વિષય છોડો રે... અક્કલસે.**

પરંતુ પરબ્રહ્મને પામવાની આ સમગ્ર સાધનાની કૂંચી-ચાવી ગુરુ પાસે છે. ગુરુ દ્વારા આ કૂંચી મેળવી તાળું ખોલી-દ્વાર-બારણાં ખોલી ઓરડામાં પ્રવેશ કરવાનું શક્ય બને છે. પૂ.શ્રીના યોગના સંદર્ભમાં લખાયેલ ભજનો વાંચીને યોગની ક્રિયા શરૂ કરવામાં જોખમ છે. અનુભવી સમર્થ ગુરુના માર્ગદર્શન હેઠળ અષ્ટાંગ યોગ સાધીને સહસ્રારમાં જીવનું શિવ સાથેનું મિલન યોજી શકાય. આમાં સમર્થ ગુરુનું માર્ગદર્શન અત્યંત જરૂરી છે. આ વાત સમજાવવા પૂ.શ્રી છેલ્લી લીટીમાં એક નાની બોધકથાનું સૂચન કરે છે.

"ધન દાટ્યું મંદિર-શિખરે પણ હાથ ન આવે કોર્યેજી." એ લીટી દ્વારા અનુભવી ગુરુના માર્ગદર્શનનું મહત્ત્વ સમજાવ્યું છે. એક ગામમાં એક શેઠ વેપાર કરતા હતા. ઉંમર થવાથી દીકરાને વેપાર સોંપ્યો, પરંતુ દીકરાને કપરા દિવસોમાં કામ આવે એ રીતે નાણાંની વ્યવસ્થા કરી હિસાબી ચોપડામાં એક જગાએ લખ્યું : "સંકટ સમયે પૈસાની જરૂર પડે તો આપણા ઘરની પાસેના મંદિરના શિખરમાં રાખેલું ધન બપોરના બાર વાગ્યે કાઢી લેવું." વેપારમાં મંદી આવી એટલે એક દિવસ છોકરાએ મંદિર પર ચઢી બપોરના બાર વાગ્યે કારીગરની મદદથી શિખર દૂર કરાવ્યું. શિખર દૂર કર્યું, પણ કંઈ ધન હાથમાં આવ્યું નહિ. નિરાશ થઈને શેઠનો દીકરો અને કારીગર નીચે ઊતર્યા. દીકરો મૂંઝાતો હતો. એણે પોતાના પિતાના જીગરી દોસ્ત એવા અનુભવી અને હોશિયાર કાકાને વાત કરી. એ કાકાએ હિસાબી ચોપડાનું લખાણ વાંચ્યું. એને વાત સમજાઈ ગઈ. એણે છોકરાને કહ્યું કે, કારીગરને બોલાવીને મંદિરનું શિખર જેવું હતું તેવું ચણાવી દે. શેઠના દીકરાએ તે મુજબ મંદિરનું શિખર જેમ હતું તેમ કરાવી દીધું. બીજે દિવસે અનુભવી કાકાએ શેઠના દીકરાને કહ્યું કે, બે-ત્રણ મજૂરો સાથે ચાલો. મજૂરોને ત્રિકમ-પાવડા સાથે બોલાવજો. બાર વાગ્યે બધા મંદિર પહોંચ્યા. શેઠના મિત્ર એવા પેલા કાકાએ બપોરના બાર વાગ્યે મંદિરના શિખરનો પડછાયો જ્યાં પડતો હતો ત્યાં મજૂરોને ખોદવા જણાવ્યું.

મજૂરોએ ખોદકામ શરૂ કર્યું, તો થોડા જ વખતમાં સોનામહોરથી ભરેલા ચરુ મળી આવ્યા. આ ચરુ બહાર કાઢી એ ધન દ્વારા શેઠના દીકરાએ દુઃખના દિવસો દૂર કરી ફરી ધમધોકાર વેપાર શરૂ કર્યો.

હિસાબી ચોપડાનું લખાણ વાંચીને શેઠનો દીકરો જે અર્થ સમજ્યો તે શબ્દાર્થ હતો

અને ખોટો અર્થ હતો, તેથી ધન ના મળ્યું. જ્યારે અનુભવી અને હોશિયાર મિત્રે એ લખાણનો લક્ષ્યાર્થ શોધ્યો અને શેઠ ખરેખર શું સૂચવવા માગે છે તે અનુભવના આધારે શોધ્યું અને પરિણામ શિખરમાં નહિ પણ શિખરના પડછાયામાં ધન હશે એવો અર્થ કર્યો. એણે વિચાર્યું કે બપોરના બાર વાગ્યે શિખરમાં રાખેલું ધન કાઢવું. એમાં સમય શું કામ લખ્યો ?

આમ, જેણે યોગ સાધ્યો છે, જે શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ છે, જે સચ્ચિદાનંદમગ્ન છે એવા ગુરુ પાસેથી આ સહસ્રારરૂપી દ્વારનાં તાળાંની ચાવી મેળવવાની છે.

શ્રી ગુરુલીલામૃતના ૩૪મા અધ્યાયમાં અષ્ટાંગ યોગ અંગે લેવાની કાળજી અંગેની વાતો વાંચવાથી આ વાત સમજાઈ જશે.

આપણા ગુરુમહારાજ એ પરબ્રહ્મનું મૂર્તસ્વરૂપ હતા. આપણે એમના નિયમો પ્રમાણે, એમના કહ્યા પ્રમાણે જીવીએ અને 'પરસ્પરદેવો ભવ'ના સૂત્રને આચારમાં મૂકીએ તોપણ ઘણું. 'જેનાથી ગુરુમહારાજ રાજી રહે તે કરવું અને રાજી ન રહે તેવું ન કરવું' એટલું તો કરવું જ જોઈએ.

□ □ □

## ૪. આખર ખોટી રે, માનવી

**(સહિયર આવો રે - એ રાહ)**

**આખર ખોટી રે, માનવી, ભજી લે જગકરતાર,**
**કરુણા [૧]નાવે રે, જમને, મારે અતિશે માર. ...આખર૦ ૧.**

**ધન સુત દારા રે, બંગલા, રહે સહુ ત્યાંનું ત્યાંય,**
**જાવું એકલ રે, જીવડા, બેલી કોઉ ન થાય. ...આખર૦ ૨.**

**સગપણ સાચું રે, સંતનું જેથી સુધરે કાજ;**
**ભાન સ્વરૂપનું રે થાય જો, જીવતાં કરી લે રાજ. ...આખર૦ ૩.**

**દેહ ધરીને રે, ના ભજ્યા, પ્રીતમ પ્રાણાધાર;**
**અંત અંધારું રે, પ્રાણિયા, ચોદિશકાં ભટકાય? ...આખર૦ ૪.**

**પોથાંથોથાં રે, પંડિતો, કામ ન આવે લગાર;**
**ભણતર ખોટું રે, માટીનું, માને મોટું ગમાર. ...આખર૦ ૫.**

**હું હું કરતો રે, કાં ભમે? હુંનું મૂળ વિચાર;**
**શબ્દાતીત રે, શામળિયો, શાસ્ત્રે [1]નાવે પાર. ...આખર૦ ૬.**

**લક્ષ લહીને રે, જે રહે સમજે સઘળો સાર;**
**સદ્‌ગુરુ સાને રે, જે ગ્રહે, જામે રંગ અપાર. ...આખર૦ ૭.**

૧. ન આવે.

□ □ □

# વિવરણ

ગરુડપુરાણમાં કહ્યું છે કે :-

**ધનાનિ ભૂમૌ પશવશ્ચ ગોષ્ઠે**
**ભાર્યા ગૃહદ્વારિ જનઃ સ્મશાને ।**
**દેહશ્ચિતાયામ્ પરલોક માર્ગે**
**કર્માનુગો ગચ્છતિ જીવ એકઃ ॥**

અર્થાત્ ધન ભૂમિમાં દાટેલું રહી જશે, પશુઓ ગભાણમાં રહી જશે, પત્ની ઘરદ્વારે અટકી જશે, સંબંધીઓ સ્મશાન સુધી આવશે, દેહ ચિતા સુધી સાથ આપશે, પરંતુ પરલોકના માર્ગે તો જીવડો સારા નરસા કર્મો લઈને એકલો જ જશે.

નારાયણ સ્વામી કહે છે :-

**દો બાતનકો ભૂલ મત જો ચાહત કલ્યાણ ।**
**નારાયણ ઈક મોતકો દૂજે શ્રીભગવાન ॥**

એમ કહેવાયું છે કે, દિવસે જાગતા હો ત્યારે મૃત્યુને સામે રાખો અને રાત્રે સૂતી વખતે મોતને ઓશીકા નીચે રાખો.

આમ, મૃત્યુનો વિચાર કરીને, ભગવાનનું સ્મરણ કરી લો અને સ્મરણને અનુરૂપ સાદું, સાચું અને સરળ જીવન જીવો.

જીવનભર ભગવાનનું સ્મરણ કર્યું હશે તો મરણ વખતે સ્મરણ થશે. પૂ.શ્રી ગુરુલીલાલમૃતમાં લખે છે કે :-

**જેવું જેનું આચરણ તેવું થાય સ્મરણ,**
**માટે ચેતી પ્રથમથી કરવું સદા ભજન.**

(અ.૩૯. દો.૮૦)

માનવજીવન દુર્લભ છે અને તે મળ્યું છે તો પરમાત્માની પ્રાપ્તિ એ લક્ષ્ય હોવું જોઈએ અને એનો સદા વિચાર કરવો જોઈએ. 'હું કોણ છું ?', 'હું ક્યાંથી આવ્યો છું ?', 'હું ક્યાં જવાનો છું ?', 'મારે શું કરવાનું છે ?', 'હું શું કરી રહ્યો છું ?' આ પ્રશ્નો રોજ પોતાની જાતને પૂછીને લક્ષ્યસિદ્ધિની દિશામાં પ્રવૃત્તિ કરવાની છે.

મોત આવવાનું છે એ નક્કી છે. ક્યારે આપણું મૃત્યુ છે તે નક્કી છે. પણ આપણે તે જાણતા નથી. એટલે હરપળે મૃત્યુ માટે તૈયાર રહેવું જોઈએ. યમરાજાને એવી દયા નથી આવતી કે આ હજી નાનો છે અને ઘણાં કામો બાકી છે. શાસ્ત્રો ઢોલ વગાડીને આ વાત કરે છે. સ્મૃતિમાં કહ્યું છે કે :-

**ક્ષણં ચિત્તં ક્ષણં વિત્તં ક્ષણં જીવતિ માનવઃ ।**
**યમસ્ય કરુણા નાસ્તિ ધર્મસ્ય ત્વરિતા ગતિઃ ॥**

આ વાતને પૂ.શ્રી આ રીતે રજૂ કરે છે :-

**જે દિન પુણ્ય થયું નહિ, વૃથા દિવસ તે જાણ,**
**કરુણા યમ ઉરમાં નહીં, કરો ધર્મ પ્રમાણ.**
(અ. ૬૭ દો. ૧૯)

વળી, સ્મૃતિ ચેતવતાં કહે છે કે :-

**અનિત્યાનિ શરીરાણિ વિભવો નૈવ શાશ્વતઃ ।**
**નિત્યં સન્નિહતો મૃત્યુઃ કર્તવ્યો ધર્મસંગ્રહઃ ॥**

પૂ.શ્રી આ વાત શ્રી ગુરુલીલામૃતમાં આ રીતે મૂકે છે :

**જીવન ક્ષણભંગુર અતિ કોણ કરે વિશ્વાસ ?**
**દે આજ્ઞા જનની હવે, ક્ષણિક ભોગવિલાસ.**
**ક્ષણ વિધ્વંસી દેહ આ વૈભવ અસ્થિર જાણ,**
**નિત્ય સંનિહિત મોત છે, કરવો ધર્મપ્રમાણ.**
(અ.૬૭દો.૨-૩)

રોજેરોજ લોકોને મૃત્યુ પામતાં જોવા છતાં પોતે અમર છે એવું માનીને ગર્વમાં જીવનાર, ભાન ભૂલેલ મૂર્ખ માનવીને શું કહેવું ? સંસારીના સંગને બદલે સાચા સંતનો સંગ આપણને સાચી દિશામાં ગતિ કરાવશે. "તું તારી દિશા બદલ, તારી દશા આપોઆપ બદલાઈ જશે" એ વાત કેટલી સાચી છે ! સાચા સંતો સંસારમાંથી વ્યક્તિને દૂર કરી પ્રભુ તરફ લઈ જાય છે. કહેવાયું છે કે :-

**હરિકૃપા તબ જાનીયો જબ દે મનુજ અવતાર ।**
**ગુરુકૃપા તબ જાનીયો જબ છોડાવે સંસાર ॥**

સ્વસ્વરૂપનું ભાન થાય એ માટેની સાધના કરવાની દિશા સંતો બતાવે છે. બ્રહ્માનંદ સ્વામીના ભજનની એક પંક્તિ આવી છે :

**સંત પરમ હિતકારી જગતમાંહીં સંત...**
**પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીતિ,**
**ભરમ મીટાવત ભારી... જગત.**

આમ, સંત આપણી દૃષ્ટિ બદલી નાખે છે. માનવ જન્મનો હેતુ પ્રભુ ભજન છે અને સ્વસ્વરૂપનું દર્શન છે. જો આ ન કર્યું તો માનવ તરીકે જન્મીને જીવન એળે ગુમાવ્યું એમ કહેવાય.

ઘરમાં બેસીને, અંતર્મુખ થઈને, દૈવી સંપત્તિરૂપ સદ્‌ગુણોને સેવીને પોતાના જીવનને ઘડવાનું છે, સ્વદોષો દૂર કરવાના છે. સાધના એટલે સ્વદોષ દૂર કરવાની પ્રવૃત્તિ. આને માટે પોથાં થોથાં નકામા છે. ભણતરની જરૂર નથી. જે જાણીએ છીએ તેને જીવવાની જરૂર છે. સરળ બનવું, નિરભિમાની બનવું, સાચું બોલવું, પરોપકાર કરવો વગેરે માટે જ્ઞાનની જરૂર નથી. એને માટે જરૂર છે એને અમલમાં મૂકી, એને અનુરૂપ જીવન જીવવાની વૃત્તિ અને પ્રવૃત્તિની.

જીવનનું લક્ષ છે સ્વસ્વરૂપની ઓળખાણ. આ સ્વસ્વરૂપને પામવા માટેની સાધનામાં સદ્‌ગુરુ માર્ગદર્શક બને છે. સદ્‌ગુરુ ઈશારા માત્રથી આપણી વૃત્તિ-પ્રવૃત્તિને સાચી દિશા આપે છે. આપણે એટલા સદ્‌ભાગી છીએ કે આપણને પૂ.બાપજી મળ્યા છે. હવે આપણે એમના ઈશારાને ઓળખીએ અને એ રીતે જીવન જીવીએ. એવું જીવીશું તો જીવનમાં અને ઘરમાં શાંતિ અને આનંદમંગલ વર્તાશે.

□ □ □

# ૫. હરિગુણ ગાઓ રે

**(સહિયર આવો રે - એ રાહ)**

**હરિગુણ ગાઓ રે, પ્રીતથી, થાશે બેડો પાર;**
**નહિ તો રોશો રે, આખરે, પડશે જમનો માર. ...હરિ૦ ૧.**
**ચાર દિવસનું રે, ચાંદણું, ધન જોબન અધિકાર;**

મૂળ વિચારો રે, મૂળથી, નાહક થાશો ખ્વાર. ...હરિ૦ ૨.

પોથાં મૂકી રે, પંડિતો, કરો પંડવિચાર;
અક્ષર આઘો રે, એ વસે, ખોલો અંતરદ્વાર. ...હરિ૦ ૩.

ચરણ તળાંસો રે, સંતનાં, દેશે સાને જ્ઞાન;
આપ ભૂલાતાં રે, આત્મનાં, થાશે હૃદયે ભાન. ...હરિ૦ ૪.

[૧]રામા મૂકી રે, રામનું, લેવું નિશદિન નામ;
અક્ષર ફોડી રે, અંતરે, જોવું [૨]અક્ષર ધામ. ...હરિ૦ ૫.

નિશ્ચય-નાવે રે, જો ચઢે, શ્રદ્ધા સઢ ફેલાય;
સુરતસુકાને રે, કોક દી, ભવસાગર તરાય. ...હરિ૦ ૬.

દેહ ભૂલીને રે, દેવને, ભજતાં દેવ થવાય;
દેહે દેવ રે દેખતાં, આપ વિદેહી થાય. ...હરિ૦ ૭.

ગુણગુણ કરતાં રે, ભૃંગ જો, થાય અગુણ અવાક્;
પર રસ પેખી રે, ત્યાં ઠરે, ભૂલે સઘળો થાક. ...હરિ૦ ૮.

જુગ્તે જાણે રે, જોગીઓ, વિરલો પામે પાર;
અંદર ભાળે રે, આપથી, જામે **રંગ** અપાર. ...હરિ૦ ૯.

---

૧. સ્ત્રી. ૨. પરમાત્માનું અવિનાશી સ્વરૂપ. ભજન પુરુષને ઉદ્દેશી લખાયેલું છે એટલે સ્ત્રીચિંતનના ત્યાગની વાત છે; બાકી પુરુષસાધકને સ્ત્રીવિષયનું ચિંતન અકલ્યાણકારક ને સાધનામાં વિઘ્ન લાવનાર હોવાથી ત્યાજ્ય છે, તેવી જ રીતે સ્ત્રીસાધકને માટે પુરુષવિષયનું ચિંતન પણ સર્વથા ત્યાજ્ય છે. અહીંયા સ્ત્રી શબ્દ કામવાસનાનો નિર્દેશક છે; એમાં માત્ર સ્ત્રીજાતિ પ્રત્યે કટાક્ષ જેવું નથી.

□ □ □

# વિવરણ

શ્રીમદ્ ભાગવતમાં શૈનકાદિ ઋષિઓ સૂતજીને કહે છે કે :-

**આપન્નઃ સંસૃતિ ઘોરાં યન્નામ વિવશો ગૃણન્ ।**
**તતઃ સદ્યો વિમુચ્યેત યદ્ બિભેતિ સ્વયં ભયમ્ ॥**

(૧/૧/૧૪)

જેનાથી સ્વયં ભય પણ ભય પામે છે, એવા હરિનામનું ઉચ્ચારણ-કીર્તન-ઘોર સંસાર

(જન્મમૃત્યુના ચક્ર)ને પ્રાપ્ત થયેલો અને વિવશ બનેલો પુરુષ (વિવશ થઈને ફરતો હોય તો તે સ્થિતિમાં પણ) જો કરતો હોય તો તેથી તે તત્કાળ મુક્ત થઈ જાય છે.

હરિના નામની નામસ્મરણની તાકાત-શક્તિ વિશે તો બધા સંતો એક જ વાત કરે છે કે કળિયુગમાં બધાં દુઃખોનું મારણ કેવળ હરિના નામનું સ્મરણ જ છે. "કલિયુગ કેવળ નામ આધારા" એવું સંત તુલસીદાસે પણ ગાયું છે.

કોઈપણ પ્રવૃત્તિનું પરિણામ-એનો અંત એ મહત્ત્વની વસ્તુ છે. મૃત્યુ એ જીવવાનો અંત છે. જેનું મૃત્યુ શાંતિભર્યું તે સાચું જીવ્યો ગણાય. એટલે મૃત્યુ સુધારવા માટે પ્રેમથી હરિના નામનું સ્મરણ કરવાનું પૂ.શ્રી કહે છે. એવું પણ કહેવાય છે કે, "જિવાશે તો એમ એમ, પણ મરાશે કેમ કેમ ?"

સામાન્ય સંસારી સંસારના ભોગો ભોગવવાને જીવનનું ધ્યેય માને છે, પણ એ એની ભૂલ છે. ભર્તૃહરિ મહારાજ પણ કહે છે કે, આપણે ભોગો ભોગવતા નથી, પણ ભોગો આપણને ભોગવે છે. આ સંસારનું મનાતું સુખ, આ જિંદગી એ તો ચાર દિવસનું ચાંદરણું છે, પછી તો દુઃખ અને મૃત્યુની અંધારી રાત જ છે, પરંતુ યુવાનીમાં તો ભોગો ભોગવવામાં જ સાચું જીવન જીવ્યા એવું લાગે છે.

ભર્તૃહરિ જેવા રાજપાટ છોડીને જંગલમાં ગયા. કેમ ? મીરાંબાઈએ રાણાનો મેવાડ છોડ્યો. કેમ ? એવી કઈ વસ્તુ છે કે જેની પ્રાપ્તિ માટે વ્યક્તિ રાજપાટ છોડીને જતો રહે છે. ભગવાન દત્તાત્રેય પાસે સિદ્ધિઓ માગવા ગયેલા સહસ્રાર્જુનને પણ ચોર્યાસી હજાર વર્ષ રાજ્યસુખ માણ્યા પછી જણાયું કે, આ સુખ એ સાચું સુખ નથી. તેથી બીજી વાર શાશ્વત સુખ માટે, અક્ષય શાંતિ માટે દત્ત ભગવાન પાસે ગયો. એણે પોતાના મનની વાત રજૂ કરતાં કહ્યું કે :-

**વિદ્યુચ્ચલ લક્ષ્મી બધી, જીવન ક્ષણભંગુર,**
**જ્યાંનું ત્યાં રહે સગું, આખર કાળે દૂર.**
**કોની સ્ત્રી ? કોના સુતો ? કોનો આ પરિવાર ?**
**કોના કિંકર દાસીઓ ? ક્ષણિક રાજ્યભંડાર !**

(અ.૧૨ દો.૭૦-૭૧)

જન્મ મરણ ન ટળે તો જે કાંઈ મેળવ્યું, જે કાંઈ જીવ્યો એ બધું વ્યર્થ ગણાય. "વ્યર્થ દોડી મર્યો કરમકૂટી" જેવું કહેવાય.

વ્યક્તિએ આત્મદર્શન-આત્મસાક્ષાત્કાર માટે જીવન જીવવાનું છે. આ જગતનું મૂળ

કારણ શોધવાનું છે. સ્વસ્વરૂપનો વિચાર કરવાનો છે. આને માટે પુસ્તકિયા જ્ઞાન બાધક છે, પરંતુ સાચા સંતની સેવા અને એની કૃપા જ ફળદાયી છે. સંત કૃપા કરે ત્યારે શું કરે ? વ્યક્તિનો અહંકાર દૂર થાય એવી સમજ આપે. એવી પરિસ્થિતિ સર્જે. સંત પોતાના જીવન દ્વારા સામી વ્યક્તિને એવું જીવન જીવવાનો સંકેત આપે અને 'આપ', 'અહંકાર' ભૂલતાની વારમાં જ હૃદયમાં રહેલા પરમાત્માનાં દર્શન થશે. 'હું' અને 'મારું' તેમ જ અહંકાર એ જ બધાં દુઃખનું મૂળ છે.

એક કવિ પ્રશ્ન પૂછે છે કે : "માણસ જીવતો હતો ત્યારે પાણીમાં ડૂબી ગયો. પરંતુ મર્યા પછી પાણીની ઉપર કેવી રીતે તરવા લાગ્યો ? (શબ પાણી પર તરેને !) પછી કવિ જવાબ આપતાં કહે છે કે : જીવતો હતો ત્યારે અહંકારથી - હુંપણાથી ભરેલો હતો એટલે ડૂબ્યો, પરંતુ મરતાની વારમાં અહંકાર દૂર થયો એટલે પછી તરવા લાગ્યો.

પૂ.શ્રી અહંકારના સંદર્ભમાં લખે છે કે :-

**મોક્ષ ન સ્વર્ગે ના કદી પાતાળે એ જાણ,**
**ભૂમંડલ આકાશમાં ના એ નિશ્ચય માન.**
**અહંકાર મારી રહે તચ્ચિત્તો એ જાણ,**
**અહંકારક્ષય મોક્ષ એ, ના બીજો તું માન.**
**ફૂલ મચડતાં શ્રમ બહુ એથી પણ ત્યાં લેશ,**
**અહંકારત્યાગે નકી, ના જરીએ ત્યાં ક્લેશ.**

(અ.૧૫. દો.૧૬૫ થી ૧૬૭)

પરંતુ અહંકારનો નાશ એ કંઈ સરળ અને સહેલી વાત નથી. 'મી મંજે કાય ?' 'હું એટલે કોણ ?' એ વાત તો મનમાં જડબેસલાક જડાયેલી હોય છે.

સંસારમાંથી સ્ત્રીની આસક્તિ દૂર કરી રામની-ભગવાનની ભક્તિ કરવાની હોય છે. 'ભોજન'માંથી મનને 'ભજન' તરફ લઈ જવાનું છે. ભવસાગરને તરવા માટે નિશ્ચયરૂપી-દૃઢ નિશ્ચયરૂપી નાવની મદદ લેવાની છે. શ્રદ્ધા એ આ નિશ્ચયરૂપી નાવનો સઢ છે અને સુરતા એ સુકાન છે. સદ્‌ગુણ અને દુર્ગુણ બંને ચેપી છે. એક સદ્‌ગુણ કેળવો એટલે એ બીજા સદ્‌ગુણને લાવશે. હરિના નામસ્મરણનો નિશ્ચય કર્યો એટલે એ શ્રદ્ધારૂપી સઢને ફેલાવશે અને સુરતાનું સુકાન ભવસાગર તરવામાં મદદરૂપ બનશે. આવો દૃઢ નિશ્ચય એ જ આત્મકૃપા કહેવાય. આત્મકૃપા થતાંની સાથે જ ગુરુકૃપા અને હરિકૃપા દોડી આવશે.

દેહરૂપી દેવાલયમાં આત્મદેવ બિરાજે છે. પણ આપણે તો 'દેવને ભૂલી મંદિર

પૂજવાવાળા' હોવાથી દેહની જ ચિંતા અને દેહનું જ જતન કરીએ છીએ. દેહમાં રહેલા આત્માનો-દેહીનો-તો વિચાર જ કરતાં નથી.

દેહને ભૂલીને દેહીનું જ ચિંતન કરવાથી વ્યક્તિ દેવરૂપ થઈ જાય છે. 'જે જેનું ચિંતન કરે તે તદ્રૂપ થઈ જાય' શરીરનો જ વિચાર કર્યા કરનાર અને શરીરનું જ જતન કર્યા કરનાર 'શરીરરાખા'એ અંતકાળે રડવાનું રહે છે.

પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે કે :-

**શરીરરાખાને હસે મૃત્યુ અલર્ક એમ,**
**વસુંધરા વસુપાળને, કુલટા પતિને જેમ.**

(અ. ૪૦. દો. ૫૫)

દેહ નશ્વર છે, પરંતુ એમાં રહેલો આત્મા-દેહી શાશ્વત છે. એનો વિચાર કરતાં વ્યક્તિ જીવન્મુક્ત થઈ જાય છે, વિદેહી થઈ જાય છે. આ સમજાવવા માટે પૂ.શ્રી સુંદર ઉદાહરણ આપે છે. પૂ.શ્રી કહે છે કે, ભમરો ફૂલ ઉપર જઈને બેસે છે ત્યારે 'ગુન ગુન' એવો અવાજ કરે છે, પરંતુ ફૂલમાં રહેલો ઉત્તમ રસ ચૂસવાનું શરૂ કરે ત્યાં જ એનો 'ગુન ગુન' અવાજ બંધ થઈ જાય છે અને થાક વગરનો થાય છે. એ જ રીતે જીવ પણ જ્યારે શિવ થઈ જાય છે ત્યારે મૌન ધારણ કરે છે અને આનંદસાગરમાં ડૂબી જાય છે.

આ વાતને યોગીઓ યુક્તિપૂર્વક જાણે છે અને એ પૈકી કોઈ વિરલો ધ્યેય સિદ્ધ કરે છે. અંતર્મુખી બની, અંદર રહેલા આત્માનો વિચાર કરી, સ્વસ્વરૂપને ઓળખીને પછી સચ્ચિદાનંદમગ્ન બની જાય છે.

માનવજીવનનું ધ્યેય સ્વસ્વરૂપની પિછાન છે અને પછી પોતામાં રહેલા આત્માનું બીજાં બધાંમાં દર્શન કરવાનું છે. આ ધ્યેયને વળગી રહેનાર, સિદ્ધ કરનાર શાશ્વત શાંતિનો અધિકારી બને છે.

□ □ □

## ક. પ્રભુનો મારગ છે, શૂરાનો

**(સહિયર આવો રે - એ રાહ)**

**પ્રભુનો મારગ છે, શૂરાનો, કાયરનું નહિ કામ;**
**દેખી ભાગે રે, [1]ભીરુઓ, અધવચ હારે [2]હામ. .પ્રભુ૦ ૧.**
**ભક્તિ ભભૂકે રે, અંતરે, ભવભીતિ સહુ જાય;**

અર્ક ઉદેતાં રે, અંતમાં, તમ તે ક્યમ દેખાય? .પ્રભુ૦ ૨.
મસ્તક મૂકી રે, માનવી, લેવું હરિનું નામ;
[3]સ્વાંગ સતીનો રે, જે સજે, ત્યજે જીવનના [4]કામ. .પ્રભુ૦ ૩.
ડગલે ડગલે રે, ડુંગરા, ચઢવા [5]મેરુપ્રાય;
કંટક શૂળો રે, દેહમાં, ક્ષણ ક્ષણ ત્યાં ભોંકાય! .પ્રભુ૦ ૪.
ભૂત ભમે છે રે, ચોદિશે, ડાકુ ચોર અપાર;
વનવગડાની રે, વાટડી, વનચર ખાવા ધાય! .પ્રભુ૦ ૫.
પાણી મૂક્યું રે, કુલશીલે, છોડી લાજ ને માઝ;
નાચું ઉમંગે રે, માંડવે, પહેરી અમૃત-તાજ!! .પ્રભુ૦ ૬.
દુર્જન દાઝે રે, દેખતાં, કરડે પ્હોંચા હાથ;
અંત બળીને રે, થાકતાં છેડે આડી વાત! .પ્રભુ૦ ૭.
અવળી વાતે રે, ના મૂકે, વીર ટેક [6]લવમાત્ર;
તૃણ નવ ભક્ષે રે, કેસરી, ભલે ટૂટતાં ગાત્ર. .પ્રભુ૦ ૮.
નિશ્ચય-નાવે રે, જે ચઢે, થાએ બેડો પાર;
[7]અધવધરાનું રે, ના ચલે, ઉભયભ્રષ્ટ થઇ જાય. .પ્રભુ૦ ૯.
કુલટાશાપે રે, ના તજે, પ્રમદા પતિનો સાથ;
જ્યોતિ જાગે રે, પ્રેમની, બાળે [8]પાપસંઘાત. .પ્રભુ૦ ૧૦.
આપ પરાયું રે, જ્યાં શમે, ઝેરવેરની જાત;
વાતો ટાઢી રે, કાલની, [9]અર્કે ક્યાંથી રાત? .પ્રભુ૦ ૧૧.
તેજ તેજ રે, એકરસે, દુઃખઅંધારું જાય;
જેને વીતી રે, તે જ લહે, **રંગ** કેમ શું થાય!! .પ્રભુ૦ ૧૨.

---

૧. કાયર માણસો. ૨. હિંમત. ૩.પોષાક; શણગાર. ૪. જીવ બચાવવાની ક્ષુદ્ર ઇચ્છા. ૫. મોટા મેરુ પ્હાડ જેવા. ૬. જરાએ. ૭. અધકચરાનું. ૮. પાપસમૂહ. ૯. સૂર્યમાં.

□ □ □

# વિવરણ

શ્રુતિ કહે છે : "**નાયમાત્મા બલહિનેન લભ્યઃ ।**" આત્માને ઓળખવાનું કાર્ય-પ્રભુ પ્રાપ્તિનું કાર્ય એ કાચાપોચાનું કામ નથી. કવિ પ્રીતમ કહે છે કે :-

હરિનો મારગ છે શૂરાનો નહિ કાયરનું કામ જોને,
પરથમ પહેલાં મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને.

જગતના માર્ગ કરતાં હરિનો માર્ગ તદ્દન જુદી દિશાનો માર્ગ છે. મોટાભાગની વ્યક્તિઓ જગતના ચીલાચાલુ પંથે જતી હોય છે. ચીલાચાલુ પંથ એટલે ભણવું, કમાવવું, ઘરસંસાર ભોગવવો અને વારસોને ભૌતિક સંપત્તિ સોંપીને મરણને શરણ થવું. આવી વ્યક્તિઓ માટે કંચન, કામિની અને કીર્તિ જ સર્વસ્વ છે. એ મેળવવા માટે જે કરવું પડે તે કરવા તૈયાર હોય છે. આમ, સામાન્ય સંસારી કામ દીવાના, ચામ (સ્ત્રી) દીવાના અને નામ (કીર્તિ) દિવાના હોય છે, પરંતુ આ બધાથી જુદો તરી આવે એવો હરિભક્ત રામદીવાનો હોય છે.

સંસારના ચીલાચાલુ પંથને છોડીને જેમાં કંચન, કામિની અને કીર્તિને લાત મારીને ડગ મૂકવાનો હોય એ પંથ પર ચાલવા માટે હિંમતવાળી મજબૂત છાતી જોઈએ. એ પંથ કાચાપોચા કાયર માટે નથી.

પૂ. શ્રી એક ભજનમાં લખે છે કે :-

**દદ્દા દાન, દયા, દમ, દૈવી સંપદા**
**પુણ્યપંથનું એહ રુચિર પાથેય જો,**
**દંભ, દ્વેષ ને દર્પ દેહગુણ છે બધા.**
**જે રાખે તે નરકતણા અધિકારી જો.**

(ગુજરાતી કક્કો)

હરિનો માર્ગ એ શ્રેયનો માર્ગ છે. જ્યારે જગતનો-સંસારનો ચીલાચાલુ પંથ એ પ્રેયનો માર્ગ છે. પ્રેયનો માર્ગ મનને આનંદ આપે છે, પરંતુ એનું પરિણામ વિષમય હોય છે. શ્રેયનો માર્ગ શરૂ શરૂમાં ઝેર જેવો લાગે, પરંતુ તેનું પરિણામ અમૃતમય હોય છે.

હરિના માર્ગે જનારે દાન, દયા, દમ જેવી દૈવી સંપદા અંતરમાં રાખવી પડે છે. દમ એટલે ઈન્દ્રિયોનું દમન. ઈન્દ્રિયોને વિષયોમાંથી બહાર ખેંચવાનું કામ સરળ નથી. દિલમાં દયા અને આપવાની વૃત્તિ રાખવાની રહે છે. દંભ, દ્વેષ અને અભિમાન (દર્પ) છોડવાનાં રહે છે. ટૂંકમાં હરિના માર્ગે જનારા માટે ભૌતિક સુખો છે જ નહિ. આ લોકથી પરલોક સુધીની બધી વસ્તુ પ્રત્યે સૂગાળી વૃત્તિ (જિહાસા) એ જ વૈરાગ્ય છે. વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ (શમ, દમ, તિતિક્ષા, ઉપરતિ, શ્રદ્ધા અને સમાધાન) અને મુમુક્ષુપણું આ ચાર સાધનો હરિના માર્ગે જનારે સાધવાના હોય છે. આમ, પ્રભુનો માર્ગ કાંટાળો માર્ગ છે, પણ હિંમતથી ચાલનાર માટે અંતે અમૃતમય સુખના પ્યાલા જ મળે છે.

હરિના માર્ગે જનારને કોઈવાર લોકો મૂરખ ગણે, અક્કલ વગરનો માને એવું બને પણ હરિના માર્ગે જનારે તો લોકો શું કહે છે એના પર ધ્યાન આપવાનું જ નથી. આખરી

પરિણામ શું આવશે? એનો જ વિચાર કરવાનો છે. એક દોહરો યાદ રાખવા જેવો છેઃ-

**હરિજન તુ હારા ભલા, જીતન દે સંસાર,**
**હારા સો હરિસે મીલા, જીતા જમકે દ્વાર.**

હરિના માર્ગે જનારાના હૃદયમાં ભારોભાર ભક્તિ ભરેલી હોય છે. ભક્તિ કરે તે ભક્ત. ભક્ત એટલે ભગવાન સાથે જોડાયેલો. પૂ.શ્રી એક ભજનમાં ભક્તિની વ્યાખ્યા આપતાં જણાવે છે કે :-

**ભક્તિ હરિપ્રેમ અજોડ હો પંથી ?**
**હરિ વિણ દિલને બીજું ન ભાવે,**
**હરિગમ સઘળી દોડ... હો પંથી.**

આવો ભક્તિથી ભરેલો ભક્ત અનન્ય શરણભાવ રાખતો હોય છે અને તેથી તેના મનમાંથી ભવભીતિ જતી રહેતી હોય છે. આવા ભક્તના હૃદયનો ભાવ સમજાવતા કવિ લખે છે કે :-

**હું હરિનો, હરિ છે મમ રક્ષક,**
**એહ ભરોસો જાય નહિ.**
**જે હરિ કરશે તે મમ હિતનું,**
**એ નિશ્ચય બદલાય નહિ.**

જેમ સૂર્ય (અર્ક) ઊગતાંની સાથે અંધારું (તમ) નાશ પામે છે, તેમ અંતરમાં ભક્તિ પ્રગટતાં જ ભવભીતિ દૂર થઈ જાય છે.

મીરાંબાઈનાં ભજનની પંક્તિ હંમેશાં યાદ રાખવી રહી :-

**જે દુઃખ થાયે તે થાજો રે,**
**રૂડા રામને ભજતાં.**
**લોકો નિંદે તો નિંદવા દેજો,**
**રાજા દંડે તો દંડાજો રે... રૂડાં.**
**ઊંચે બાંધી નીચે અગ્નિ ધિકાવે,**
**માર મુશળના ખાજો રે... રૂડાં.**
**પિંડ પડે તોયે પડવા દેજો,**
**જીવ જાયે તો જાજો રે... રૂડાં.**

ભગવાનને ભજતાં કપરી કસોટી આવે, આવે ને આવે જ. હિંમત હોય તો જ એ પંથ ઉપર પગલાં ભરવા. એવી કસોટીનું વર્ણન કરતાં કવિ એક કવિતામાં કહે છે કે :

**ગલે તૌંક પહિરાવો પાંવ બૈરી લૈ ભરાવો**
**ગાઢેબન્ધન બંધાવો ઔર ખિંચાવો કાચી ખાલસોં ।**
**વિષ લૈ પીલાવો, તાપૈ મૂઠભી ચલાવો,**
**માઝિધાર મેં બહાવો બાંધ પત્થર-કમાલસોં ॥**
**બિચ્છુ લૈ બિછાવો, તાપૈ મોહિ લૈ સુલાવો,**
**ફિર આગભી લગાવો બાંધ કાપર-દુસાલસોં ।**
**ગિરિસે ગિરાવો, કાલીનાગસે ડસાવો,**
**હા ! હા ! પ્રીતિ ન છુડાવો, ગિરિધારી નન્દલાલસોં ॥**
**ભગતને અને જગતને આદિ વેર છે.**

પૂ.શ્રી આ ભજનમાં આવાં ભયસ્થાનો બતાવે છે. ડગલે ને પગલે મેરુ સમાન ડુંગરા ચઢવા પડશે, દેહમાં ક્ષણે ક્ષણે કાંટા અને શૂળો ભોંકાશે, ચારે દિશામાં ભૂતો ભમે છે, અગણિત ચોર અને ડાકુઓ છે. વનવગડાના કપરા રસ્તા ઉપર હરિના માર્ગ ઉપર ચાલનાર તો કાંઈ ગભરાય કે શરમાય એવો નથી.

એણે તો ભગવાન સાથે સંબંધ બાંધીને લોકલાજ અને મર્યાદા બધું છોડીને નામનો-પ્રેમનો અમૃત તાજ પહેરી લીધો છે અને જગતના માંડવે ઉમંગે નાચી રહ્યો છે.

પહેલાં જે દુર્જનો ટીકા કરતાં, સતાવતાં કે હેરાન કરતાં તે જ દુર્જનો હવે ભક્તની નિષ્ઠાપૂર્વકની ભક્તિથી હાથનાં પહોંચાં કરડે છે, દંગ થઈ જાય છે અને છેવટે ટીકા કરવાનું બંધ કરે છે.

પ્રભુના માર્ગ ઉપર નિષ્ઠાપૂર્વક ચાલનાર તરફ સમાજ પહેલાં દુર્લક્ષ સેવે, એને અવગણે. પછી પણ વ્યક્તિ માર્ગ ઉપર ચાલ્યે રાખે એટલે સમાજ એની ટીકા કરે અને છેલ્લે સમાજ એની સાથે જોડાઈ જાય, એના વખાણ કરે. ભક્તે તો હસતે મોઢે બધું સહન કરીને ભક્તિ ચાલુ રાખવાની છે.

ભક્તના ભક્તિભર્યા હૃદયમાં પ્રેમની નિર્મળ જ્યોતિ જાગવાને કારણે પાપનો સમૂહ બળીને ખાખ થઈ જાય છે. ભક્તને હરિ પ્રત્યે અજોડ પ્રેમ હોય છે અને પછી બધાંમાં એને એનો ઉપાસ્ય દેવ દેખાવાથી બધાં પ્રત્યે પ્રેમ જાગે છે. મારું-તારું મરી જાય છે. વેર-ઝેર રહેતું નથી. બધું એકરસ થઈ જાય છે, તેજરૂપ થઈ જાય છે, પરંતુ આ બધું તો જેને વીતે તેને જ સમજાય.

ભક્તિના-હરિના-કૃપા માર્ગ ઉપર હિંમતથી ચાલ્યે જનારનો અંતે જયવારો છે. ભગવાન આવા ભક્તને ઊંચકીને ફરે છે, એની ફિકરમાં ફરે છે. એટલે જ કહેવાયું છે કે :-

ભક્ત ભજે ભગવાન ઔર ભક્તન કો ભગવાન ।
યે દેતે હૈ ઉનકો માન, વે દેતે હૈ ઈનકો માન ॥
ઐસે ભક્ત ઔર ભગવાન ।
યે હૈ દોનોં એક સમાન ॥

❑ ❑ ❑

## ૭. સગપણ સાચું રે, શીલનું

(સહિયર આવો રે - એ રાહ)

સગપણ સાચું રે, શીલનું, જેથી રીઝે શ્યામ;
અવર ઉપાસન રે, મેલનું, જેથી ખીજે રામ. .સગ૦ ૧.
વિષયકથાએ રે, કા'નુડો, કદીએ નાવે હાથ;
બાવળ વાવ્યે રે, કારમા, કંટક વાગે હાથ. .સગ૦ ૨.
[1]શમદમ સાથે રે, પ્રીતડી, કરીએ ચતુર સુજાણ;
પર ઉપકારે રે, દેહડી, પાથરીએ નિશદિન પ્રાણ. .સગ૦ ૩.
નરક તણાં છે રે, બારણાં, કામ, ક્રોધ ને લોભ;
દાન દયાથી રે, દમમાં, દમીએ મનનો ક્ષોભ. .સગ૦ ૪.
ચોરી ચાડી રે, ના કરે, ઢાંકે દોષ જે આન;
નિંદા ત્યાગે રે, નારકી, પોષે સદ્ગુણ ખાણ. .સગ૦ ૫.
હિંસા મનથી રે, ના કરે, દેહવેણથી અન્ય;
બૂરું ભાખે રે, ના કદી, જીવતર તેનું ધન્ય. .સગ૦ ૬.
તપસંતોષે રે, જે રહે, મુખમાં હરિનું નામ;
નિદ્રાસ્વપ્ને રે, ના શમે, ચિંતે હરિનું [2]ધામ. .સગ૦ ૭.
પ્રભુની લીલા રે, સાંભળે, ગાએ હરિજશગાન;
સજ્જન સેવે રે ભાવથી, ઉર નાણે[3] અભિમાન. .સગ૦ ૮.
જન્મમરણની રે, ચક્કીમાં, પીસે નિશદિન કાળ;
કોક કરોડે રે, ઊગરે, વિરલો સદ્ગુરુબાળ[4]. .સગ૦ ૯.
મનને મારી રે, જે મરે, ફરી ફરી મરવું જાય;
એ વિણ મુક્તિ રે, ના મળે, છો કર કોટિ ઉપાય! .સગ૦ ૧૦.

**જ્ઞાનવિરાગે રે, જે લહે, વીંધે નામનિશાન,**
**નામી માંહે રે, દેવ દિસે, ભૂલે દેહનું ભાન!! .સગ૦૧૧.**
**અક્ષર અળગો રે, રંગ એ, અંતરમાં નિઃસંગ;**
**જાણી જાગે રે, જોગીઓ, ભવભય થાએ ભંગ!! .સગ૦૧૨.**

---

**૧. મનોનિગ્રહ તે શમ અને ઈંદ્રિયનિગ્રહ તે દમ. ૨. સ્વરૂપ. ૩. ન આણે. ૪. જેના ઉપર સદ્‌ગુરુનો પંજો પડેલો છે તેવો.**

□ □ □

# વિવરણ

આ ભજનમાં જન્મમરણનો ભય દૂર કરવા શું કરવું જોઈએ તે સાધનાનાં સાધનોની વાત કરી છે. ભગવાને આપણને મનુષ્ય શરીર આપ્યું અને ગુરુમહારાજ જેવા કર્ણધાર-સુકાની-આપ્યા તથા બીજી બધી અનુકૂળતા આપી હોવા છતાં જો આપણે આ ભવસાગર તરવાનો પ્રયત્ન ના કરીએ, ભવસાગર ના તરીએ તો આપણે આત્મઘાતી ગણાઈએ.

શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે :-

**નૃદેહમાદ્યં સુલભં સુદુર્લભં પ્લવં સુકલ્પં ગુરુકર્ણધારમ્ ।**
**મયાનુકુલેન નભસ્વતેરિતં પુમાન ભવાબ્ધિં ન તરેત્ સ આત્મહા ॥**

(સ્કંધ ૧૧ અ.૨૦ શ્લોક-૧૭.)

મનુષ્ય શરીર મળવું દુર્લભ છે, છતાં તને સુલભ થયું છે-સહેલાઈથી મળ્યું છે. આ શરીર ભવસાગર તરવા માટે નૌકા સમાન છે. સદ્‌ગુરુ ખલાસી છે, કર્ણધાર છે. ભગવાન પણ અનુકૂળ પવન જેવા બને છે. આમ છતાં પણ જો કોઈ માનવી ભવસાગર તરવાની ઈચ્છા ન કરે, પ્રયત્ન ના કરે તો એ આત્મઘાતી છે, હાથે કરીને મરે છે.

ભાગવતના આ શ્લોકની વાત સંત તુલસીદાસ આ રીતે રજૂ કરે છે :-

**નરતનુ ભવ-વારિધિકહં બેરો । સમ્મુખ મરુત અનુગ્રહ મેરો ॥**
**કર્ણધાર સદ્‌ગુરુ દઢ નાવા । દુર્લભ સાજ સુલભ કરી પાવા ॥**
**જો ન તરૈ ભવસાગરહિ નર સમાજ અસ પાઈ ।**
**સો કૃતનિન્દક મન્દમતિ આતમહાગતિ જાઈ ॥**

(તુ. રા. ઉત્તરકાંડ દો. ૬૫ અને ૬૬)

આ ભવની ભીતિ ભાંગવા માટે-પરમાત્માની પ્રાપ્તિ માટે શું શું કરવું જોઈએ તેની વાત પૂ.શ્રી આ ભજનમાં કરે છે.ભગવાનને રિઝવવા માટે જીવનમાં આચરણ-ચારિત્ર્ય

ઊંચું હોવું જોઈએ. સંપત્તિ, તંદુરસ્તી અને ચારિત્ર્યમાં ચારિત્ર્ય એ સૌથી કીમતી વસ્તુ છે. એટલે જ કહેવાયું છે કે :-

If wealth is lost, nothing is lost.

If Health is lost, Something is lost.

But If Character is lost, everything is lost.

શ્યામને પ્રસન્ન કરવાનું સાચું સગપણ ચારિત્ર્ય છે. 'ચારિત્ર્ય એટલે સારી ટેવોનો સમૂહ'. એમ પણ કહેવાય છે કે જેવું વિચારો તેવું બોલો અને બોલો તે મુજબ વર્તો એ ચારિત્ર્યનો માપદંડ છે.

ચારિત્ર્ય એટલે ઊંચા આદર્શોને જીવનમાં ચરિતાર્થ કરી બતાવવા. પુ.શ્રીએ દત્ત પ્રભુની આરતીમાં પણ ચારિત્ર્ય વિશે લખતાં જણાવ્યું છે કે, "દુઃશીલાતિકરાલં ભસ્માંકિત ભાલમ્" - ભગવાન ખરાબ (દુઃ) ચારિત્ર્ય (શીલ) વાળા પ્રત્યે અતિ ભયંકર (કરાલ) છે.

વિષયો ભોગવવા, વિષયોની વાતો કરવી, સંસારમાં રચ્યાપચ્યા રહેવું એ બધું પ્રભુપ્રાપ્તિમાં અવરોધરૂપ છે. એ બાવળ વાવવા સમાન છે. એનાથી તો દુઃખી જ થવાનું છે. પૂ.શ્રી એક ભજનમાં લખે છે :-

**વિષયમાં નથી મઝા, અંતે યમ કરે સજા,**
**જાશો મરી સાજાતાજા, રામને સંભારો. આવો હરિજન.**

હવે શું શું કરવાનું અને શાનાથી બચવાનું તેની વાત કરે છે. શમ-દમ સાધવા. મન ઉપર કાબૂ તે શમ અને ઈન્દ્રિયો ઉપર કાબૂ તે દમ. આ શમ અને દમ સાથે બીજી ચાર સંપત્તિ : તિતિક્ષા, ઉપરતિ, શ્રદ્ધા અને સમાધાન સાધવાની છે, તે ગર્ભિત છે.

શમ-દમ સાધીને જીવનમાં બીજા માટે ઘસાઈ છૂટવાનું છે. પરોપકાર એ જ પુણ્ય છે. કહેવાય છે કે :-

**અષ્ટાદશ પુરાણેષુ વ્યાસસ્ય વચન દ્વયં ।**
**પરોપકારઃ પુણ્યાય પાપાય પરપીડનં ॥**

અઢાર પુરાણો રચીને વ્યાસ ભગવાને બે જ વાત સમજાવી છે : એક-પરોપકાર કરવો એ જ પુણ્ય છે અને બીજાને પીડા કરવી એ જ પાપ છે.

સંત તુલસીદાસજી કહે છે :-

**પરહિત સરિસ ધર્મ નહીં ભાઈ । પરપીડા સમ નહીં અધમાઈ॥**

બીજાના દુઃખે દુઃખી થઈ એને મદદ કરવા દોડી જવું એમાં જ જીવનની સાર્થકતા છે. આને કરુણા કહેવાય. 'કરુણા એટલે આચારમાં મૂકેલી દયા'.

હવે શું શું નહિ કરવું - પરેજીની વાત પૂ.શ્રી કરે છે.

કામ, ક્રોધ અને લોભ એ નરકનાં દ્વાર છે. આ ત્રણમાં પણ લોભ સૌથી ખતરનાક છે. કામ અને ક્રોધ એ મનના આવેગો છે. એટલે એ આવેગ શમી જતાં બંને શાંત થઈ જાય છે. જ્યારે લોભ તો કદી શાંત થતો જ નથી. લોભી ધન એકઠું કરીને સંતોષ માને જાય છે, જ્યારે લોભ તો કદી શાંત થતો જ નથી. આ મનના લોભને દાન, દયા અને દમનથી શાંત કરવાનો છે. દૈવીસંપત્તિ દ્વારા આસુરી સંપત્તિનો નાશ કરવાનો છે.

આ દૈવીસંપત્તિ એ જ પાંડવો છે અને આસુરી સંપત્તિ એ જ કૌરવો છે. જે આપણી કાયારૂપી કુરુક્ષેત્રમાં યુદ્ધ કર્યા કરે છે.

જેણે શ્યામને રિઝવવા છે, તેણે ચોરી અને ચાડી ન કરવાં જોઈએ. બીજાના દોષોને ઢાંકવા જોઈએ, ખુલ્લા ના પાડવા જોઈએ. અન્યના દોષ પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ અને સદ્‌ગુણો તરફ મુદિતાની વૃત્તિ દાખવવી જોઈએ. નરકમાં લઈ જનારી નિંદાનો ત્યાગ કરવો જોઈએ. નિંદા કરવાની વૃત્તિ નિંદા કરનારનું પતન કરે છે. નિંદા કરનાર નિંદા કરીને સામી વ્યક્તિનું જીવન સ્વચ્છ કરે છે અને એ બધો કચરો પોતાના જીવનમાં ઠાલવે છે. નિંદા કરનારનું મન નિંદામય બની જાય છે, જે છેવટે તેને જ નુકસાનકારક નીવડે છે.

તન અને મનથી હિંસા કરવી નહિ. કડવું બોલીને બીજાને દુઃખ પહોંચાડવું એ પણ હિંસા છે. શરીરથી હિંસા કરવાનું બંધ કરવું સહેલું છે, પણ વિચાર અને વાણીથી કોઈને દુઃખ ન થાય એવું જીવવું અઘરું છે. માણસ જ્યારે જ્યારે બોલે છે ત્યારે ત્યારે પોતે કેવા કુળમાં જન્મ્યો છે, એનું પ્રમાણ આપે છે. કહેવાય છે કે :-

યદા યદા મુંચતિ વાક્યબાણં તદા તદા જાતિકુલ પ્રમાણમ્ ।

કોઈનું બૂરું વિચારવાનું નહિ, બૂરું બોલવાનું નહિ અને બૂરું કરવાનું નહિ. જીવનમાં તપ અને સંતોષ રાખવાં. પૂ.શ્રીએ તપની સાદી, સીધી પણ સચોટ સમજ આપતાં કહ્યું છે કે, "તપ એટલે ઊંચા ધ્યેય માટે સ્વેચ્છાએ ઉઠાવેલું કષ્ટ."

સંતોષ એટલે પ્રયત્નો કર્યા પછી જે કાંઈ મળે તે બરાબર છે અને પૂરતું છે એવો ભાવ, એવી સમજ. ભગવાન કૃપા કરે ત્યારે જ સંતોષ આવે. સંતોષરૂપી ધન આવે તેને મન બીજા બધાં ધનનું કાંઈ મહત્ત્વ નથી. કહેવાયું છે કે :-

**ગોધન, ગજધન, વાજીધન ઔર રતનધન ખાન ।**
**જબ આવે સંતોષ ધન, સબ ધન ધૂલી સમાન ॥**

સાધક દુર્ગુણોને દૂર કરી, સદ્‌ગુણોનું સેવન કરે એટલે એક તબક્કો પૂરો થયો. હવે સદ્‌ગુણો સેવતાં સેવતાં હંમેશ માટે હરિના નામનું સ્મરણ કરવાનું અને ભગવાનનાં સ્વરૂપનું ધ્યાન ધરવાનું. આવું સતત સ્મરણ અને ધ્યાન કરવાથી અર્ધ જાગ્રત મન-ચિત્ત ઉપર એના

સંસ્કાર દઢીભૂત થાય છે. જેના પરિણામે રાત્રે ઊંઘમાં જાગ્રત મન શાંત થઈ ગયું હોય છે ત્યારે અર્ધ જાગ્રત મન-ચિત્ત પોતે ભગવાનનું સ્મરણ અને ધ્યાન કર્યા કરે છે. 'શ્વાસેઙશ્વાસે દત્તનામ સ્મરાત્મન્ ।' સૂત્ર સમજાવતાં પૂ.શ્રીએ વિદ્વાન શાસ્ત્રી રામચંદ્ર કામતજીને લખેલું કે, જીવતા હોઈએ ત્યારે હરેક શ્વાસે દત્તનું સ્મરણ કરવાનું જ, પરંતુ અશ્વાસે એટલે કે મરી જઈએ ત્યારે પણ શબ સ્મરણ કરે અને બાળી દીધા પછી એની રાખ પણ સ્મરણ કરે એવું થવું જોઈએ અને પછી લખે છે કે ચોખામેળાનાં હાડકાંની માફક.

પ્રભુની લીલા સાંભળે એ શ્રવણભક્તિ સૂચવે છે. ગાએ હરિજશગાન એ કીર્તન ભક્તિ સૂચવે છે. સજ્જન સેવો રે એ સેવાભક્તિ સૂચવે છે અને નિરભિમાની બનીને આ બધું કરે. આ બધું કરવાથી ભક્ત જન્મમરણની ચક્કીમાંથી પિસાતો ઊગરી જાય છે. ઘંટીનાં બે પડ હોય છે. ઉપરનાં પૈડાંને દાંડો હોય છે, જેનાથી ઘંટીનું પડ-પૈડું ફેરવવાનું હોય છે. નીચેના પડ ઉપર ખીલડો હોય છે. જેના ઉપર ઉપરનું પડ-પૈડું ગોઠવવાનું હોય છે. ઉપરથી અનાજ ઓરવાનું-નાંખવાનું હોય છે. ઉપરનું પડ ફેરવવાથી અનાજ દળાય છે. જન્મ અને મરણનાં બે પૈડાંની વચ્ચે માનવી દળાય છે, પરંતુ જે અનાજ ખીલડાની આજુબાજુ રહે છે તે પિસાતું નથી. એ અનાજના દાણા એવા ને એવા રહે છે. ભગવાનનાં ખીલડાનો આશરો કરીને રહેનાર ભક્ત પણ જન્મમરણની ચક્કીથી પિસાતો નથી. જન્મમરણના ચક્કરમાંથી છૂટી જાય છે.

**'પાપીગણુ'**નું એક ભજન જાણવા જેવું છે :-

**વિશ્વતણી આ અદ્‌ભુત ઘંટી અવળે આંટે ફરે નહિ,**
**એ ઘંટીનો ફેરવનારો કોઈનાથી પણ ડરે નહિ.**
**જન્મમૃત્યુના એ બે પડમાં દરણા રોજ દળાયે છે,**
**કરે ઉપાયો હજાર તોપણ ટાળ્યાં નહિ ટળાયે છે,**
**માનવ ! તારું ગજું કેટલું ? તારું ધાર્યું સરે નહિ... એ ઘંટીનો.**
**પ્રભુ નામના ખીલડા ઓથે જે સમજીને જાયે છે,**
**શ્રીહરિ તેને લે સંભાળી વાંકો વાળ ન થાયે છે,**
**એવું જાણી 'પાપીગણુ' હવે કોઈનો ડરાવ્યો ડરે નહિ એ ઘંટીનો.**

'મન બાંધે મન છોડવે, રચ્યું મને આ સર્વ' એ ન્યાયે મનને મારવાથી-અમન થવાથી મુક્તિ પમાય છે. જ્ઞાન અને વૈરાગ્યથી તથા અસંગ શસ્ત્રથી ભવભવનો નાશ કરવાનો છે. આ ભજનમાં મુખ્ય વાત ત્રણ છે : (૧) જન્મમરણની ચક્કીમાંથી પિસાતા બચવું (૨) સદ્‌ગુણોનું સેવન અને દુર્ગુણોનો ત્યાગ (૩) શ્રીહરિનું સ્મરણ, ધ્યાન અને અનન્યભાવે શરણ લેવું. **જે શ્રીહરિને સંભારે, શ્રીહરિ તેને સંભાળે.**

□ □ □

# ૮. હરિજન આવો રે

(સહિયર આવો રે - એ રાહ)

હરિજન આવો રે, હેતથી, ધરીએ હરિનું ધ્યાન;
ગુણીજન ગાઓ રે, પ્રીતથી, હરિજશ નિર્મળ ગાન. .હરિ૦ ૧.

ચાર દિવસનું રે, ચાંદણું, જીવન ક્ષણભંગુર;
વીજળી ઝબૂકે રે, આભમાં, જોબન વારિપૂર. .હરિ૦ ૨.

ધન પદમાટી રે, માનવી, ખરતાં ન લાગે વાર;
ક્ષણ ક્ષણ ભક્ષે રે, જિંદગી, ઓથે રહીને કાળ. .હરિ૦ ૩.

મનની મનમાં રે, રહી જશે, જીવતાં ન જાણ્યા મહેશ;
આખર અંધારું રે, થઇ જશે, કાળ ઝાલશે કેશ. .હરિ૦ ૪.

ભજન કરી લે રે, ભાવથી, જ્યાં લગી શ્વાસોચ્છ્વાસ;
જીવ મુસાફર રે, જગતમાં, આખર કોઉ ન પાસ! .હરિ૦ ૫.

કર્મ સંગાતે રે, જીવડા, જાવું જમદરબાર;
લાડી વાડી રે, ગાડીઓ, કામ ન આવે લગાર. .હરિ૦ ૬.

જીવતાં જાણી લે, તે તરે, બીજા ખત્તા ખાય;
મરણસમોએ રે, માનવી, દુષ્કૃત ખાવા ધાય. .હરિ૦ ૭.

સંતસમાગમ રે, જો કરે, સૂઝે સવળો પંથ;
કર્માતીત રે, તો લહે, લક્ષે આવે કંથ. .હરિ૦ ૮.

વ્રત જપ તીરથ રે, તે સમે, કોઉ ન ઝાલે બાંહ્ય;
કાયા ધોઈ રે, અમૃતે, અંતર્મેલ ક્યમ જાય? .હરિ૦ ૯.

જ્ઞાનસરિતા રે, નિર્મલા, સ્નાને મુક્તિ થાય;
શમદમઘાટે રે, જો ચઢે, **રંગ** નાથ દરસાય. .હરિ૦ ૧૦.

# વિવરણ

આ ઘોર કળિયુગમાં હરિનામ લેનાર પુરુષ જ શાણો અને સૌભાગી છે. કહેવાયું છે કે :-

**તે સભાગ્યા મનુષ્યેષુ કૃતાર્થા એવ નિશ્ચિતમ્ ।**
**કલૌ યુગે હરિર્નામ સ્મરન્તિ સ્મારયન્તિ યે ॥**

કળિયુગમાં જેઓ હરિનું નામ સ્મરે છે અને બીજાને સ્મરાવે છે, તેઓ જ ખરેખર બધા મનુષ્યોમાં સૌભાગી તથા કૃતાર્થ છે.

સંત તુલસીદાસજી કહે છે :-

**કઠિન કલિમલ ગ્રસિત તનુ સાધન કછુક ન હોઈ ।**
**યહ વિચારી વિશ્વાસ કરિ હરિ સુમિરે બુધ સોઈ ॥**

(તુ.રા. બાલકાંડ દો.૩૯૪)

આ કઠણ કલિકાલના મળથી ગ્રસાયેલા શરીરથી બીજું કંઈ સાધન થઈ શકતું નથી. એમ વિચારી, વિશ્વાસ કરી જે હરિસ્મરણ કરે છે તે જ જ્ઞાની (શાણો) છે.

સંત કબીર કહે છે :-

**કબીર આપન રામ કહિ, ઔરન રામ કહાય ।**
**જા મુખ રામ ન નિસરે, તા મુખ રામ કહાય ॥**

આ ભજનમાં પૂ. બાપજી હરિજનોને - પ્રભુપ્રેમી ભક્તોને ભગવાનનું ધ્યાન ધરવા અને હરિના નિર્મળ જશનું ગાન કરવા બોલાવે છે. પોતે ભગવાનનું ધ્યાન તો ધરે જ પણ બીજાને પણ આવાં સત્કાર્યમાં આમંત્રે. ભગવાનનું નામ અને ધ્યાન હેતથી, પ્રેમથી, ભાવથી કરવાનાં છે, પરંતુ આપણને હરિનામની રુચિ ન હોવાથી હરિનામ ગાવાની પ્રબળ ઈચ્છા થતી નથી.

જેનો જઠરાગ્નિ મંદ હોય તેને ભૂખ લાગતી નથી. એટલે એને ખાવાની ઈચ્છા થતી નથી. જમવાનો સમય થયો છે અને બધાં જમવા બેસે છે એટલે એ વ્યક્તિ પરાણે જમવા બેસે છે. સદ્‌ગુરુરૂપી વૈદ્ય એને દવા આપી એનો જઠરાગ્નિ પ્રદીપ્ત કરે છે. એને ભજનમાં પ્રેમ જાગે એવું કરે છે. એકવાર ભૂખ લાગવા માંડી, કકડીને ભૂખ લાગવા માંડી પછી તો જમવા માટે બોલાવવાની પણ જરૂર ન પડે. પૂ.શ્રી આ ભજન દ્વારા હરિનામમાં આપણી રુચિ જાગે અને રુચિ તીવ્ર બને એવો પ્રયત્ન કરે છે.

હે ભાઈ ! જે શરીરને તું સર્વસ્વ માને છે, જે જીવનની તું સદા માવજત કર્યા કરે છે, તે તારું શરીર ચાર દિવસનું ચાંદરણું છે, જીવન ક્ષણભંગુર છે. આકાશમાં ચમકતી વીજળીના જેવી આ યુવાની ચંચળ છે. જોતજોતામાં જતી રહેનારી વીજળીની જેમ જુવાની જવાની, પણ રહેવાની નથી, એ તો જવાની-જતી રહેવાની છે.

આ કાળ ક્ષણે ક્ષણે તારી જિંદગીને કોતરી રહ્યો છે, ખાઈ રહ્યો છે, તેનો તું વિચાર કર.

પુત્ર, પત્ની, ધન, વૈભવ બધું અંતવેળા કામ નહિ આવે. પૂ.શ્રી દત્તનામ સ્મરણમાં લખે છે કે :-

**અરે ! આયુ ટૂંકું કરે કાળ હાસ્ય**
**હણે કેસરી જેમ મેંઢો મનુષ્ય ।**
**જુવાની નદીપૂર પેઠે ક્ષણસ્થ**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥**
**થશે કાલ શું કોણ જાણે અહીં રે**
**ગ્રસ્યા જ્યાં બધા જીવ સર્વત્ર કાળે ।**
**કરી લે બધું જેહ કર્તવ્ય તૂર્ત**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥**

(શ્લોક. ૧૫ અને ૫૪.)

જ્યારે મૃત્યુ આવીને ઊભું રહેશે ત્યારે તારી મનની બધી ઈચ્છા મનમાં રહી જશે. કાળ જ્યારે માથાના વાળ ઝાલશે ત્યારે તું લાચાર થઈને જોયા કરશે એટલે હરિના નામનો આશરો લઈ લે. માનવી તો આ જગતમાં આવેલો મુસાફર છે. અંતે જતા રહેવાનું છે. કહેવાયું છે કે :-

**બે દિનના છે ઘર-જર સઘળાં બે દિન અહીં રહેવાનું છે,**
**બે દિનના છે સગાં-સંબંધી બે દિન સુખ લેવાનું છે.**
**બે દિનનો છે પંખીમેળો, અંતે ઊડી જવાનું છે,**
**લોકો જેને દુનિયા કહે તે એક મુસાફરખાનું છે.**

અંતે પૂ.શ્રી મહત્ત્વની વાત સમજાવે છે કે જમરાજના દરબારમાં માતા-પિતા, ભાઈ-ભગિની, પુત્ર-પત્ની, ધન-વૈભવ કશું સાથે નહિ આવે. અરે ! આ તારી કાયા પણ સાથે નહિ આવે. આવશે તો કેવળ તારાં સારાં-નરસાં કર્મો સાથે આવશે. લાડી, વાડી, ગાડી કશું કામ નહિ આવે. પૂ.શ્રી આ વાતને દત્તનામ સ્મરણમાં આ રીતે રજૂ કરે છે.

**રહે ભૂમિમાં વિત્ત અશ્વાદિ ગોષ્ઠે**
**ફરે મિત્ર માર્ગે સ્મશાને સગાં તે ।**
**તનુ દેવતામાં દુવારે કલત્ર**
**જતાં શ્વાસ કોઈ ન આવે પરત્ર ॥**

(શ્લોક:૧૧)

આ સારાં નરસાં કર્મો લઈને જીવડો એકલો જમના દરબારમાં જાય છે. એનો વિચાર કરો, પરંતુ એનાથી પણ મહત્ત્વની વાત એ છે કે, મરણ સમયે માનવીને એણે કરેલાં કુકર્મો-ખરાબ કામો યાદ આવે છે અને એ વેળા ખૂબ કપરી હોય છે. દશરથ રાજાને

મરતી વખતે શ્રવણ અને શ્રવણનાં મા બાપ અને તેમણે આપેલો શાપ જ યાદ આવ્યો હતો. માટે પૂ.શ્રી કહે છે કે જીવનમાં હરિનું નામ ગાઓ અને ગવરાવો અને જન્મ સફળ કરી દો.

□ □ □

## ૯. પશ્ચિમ વાની રે

**(સહિયર આવો રે - એ રાહ)**

**[૧]પશ્ચિમ વાની રે, વાદળી, ઝેરી બરખા થાય;**
**સદ્ગુણ ખેત રે, ખેરવી, [૨]વેલો ખાવા ધાય! ...પશ્ચિમ૦ ૧.**
**ચાર ચક્ષુએ રે, ના જડે, જગજીવન અમાપ;**
**અંદર ઓપે રે, આતમા, થાય અજંપાજાપ. ...પશ્ચિમ૦ ૨.**
**એમાં શું શું રે, એમ વદે, નાસ્તિક એ બકવાદ;**
**કંઠે પ્રાણ રે, આવતાં, કોણ સૂણશે સાદ? ...પશ્ચિમ૦ ૩.**
**માન મૂકીને રે, માનવી, સંતચરણ પ્રણામ;**
**સેવા અદકી રે, જો કરે, આવે આપની [૩]ફામ. ...પશ્ચિમ૦ ૪.**
**ભાગે ભીતિ રે, મોતની, જમડાં નાસી જાય;**
**જાગે જ્યોતિ રે, અંતરે, મુક્તિમેવા ખાય. ...પશ્ચિમ૦ ૫.**
**શ્રદ્ધાસીડી રે, જો ચઢે, શૂન્ય માનસર ન્હાય;**
**મુક્તા [૪]ભાખે રે, હંસલા, વાયસ વિષ્ઠા ખાય!! ..પશ્ચિમ૦ ૬.**
**પરની પડતી રે, મેલીને, આપ હિસાબ તપાસ;**
**દેવું ચૂકે રે, દાનથી, લક્ષ્મી આવે પાસ! ...પશ્ચિમ૦ ૭.**
**આઘો દિસે રે, અજ્ઞને, પાસે પુણ્યપ્રકાશ;**
**દ્દષ્ટે નાવે રે, અંધને, અટવાએ ચારે પાસ! ...પશ્ચિમ૦ ૮.**
**લાખ અનુભવ રે, અંધના, એ સહુ આખર રાખ;**
**ક્ષણમાં દેખે રે, દેખતો, બીજો થાશે ખાખ!! ...પશ્ચિમ૦ ૯.**
**રાખ લંગોટી રે, લાખ છે, લાખો રાખ સમાન;**
**બંદર નાચે રે, બંદરે, મૂઠી ચણક પ્રમાણ! .પશ્ચિમ૦ ૧૦.**
**ઉપર ટોપી રે, તંગડી, માંહે જૂની ખાણ;**
**ગાલ બજાવે રે, ગોરીલો, સમજે ચતુર સુજાણ! .પશ્ચિમ૦ ૧૧.**

**મસ્તક મૂકી રે, મારુતે, સેવ્યા રામ [૫]રહીમ;**
**ઘર ઘર પૂજે રે, રંગ એ હનુમાન બલભીમ. .પશ્ચિમ૦ ૧૨.**

---

**૧. અપાન વાયુ = ઝેરી વાયુનો માર્ગ. ૨. આત્મારૂપી વેલો વેડફાઇ જાય. ૩. યાદ. ૪. ભક્ષે; ખાય. ૫. દયાળુ.**

▯ ▯ ▯

# વિવરણ

યોગસાધનામાં નાભિ નીચેના ભાગને પશ્ચિમ ભાગ-પશ્ચિમ દિશા ગણવામાં આવે છે. અપાન વાયુ નીચે જતો હોવાથી એને પૂ.શ્રી પશ્ચિમ 'વા.'ની વાદળી કહે છે. આ અપાન વાયુનું કામ મળ, મૂત્ર અને વીર્ય ત્યજવાનું હોય છે. વીર્યને જાળવી રાખી એને ઉર્ધ્વગામી કરવાથી વ્યક્તિ ઉર્ધ્વરેસત બને છે. જ્યારે વિષયસુખ માણીને વીર્યને વેડફી દેવાથી વ્યક્તિનું શરીર ક્ષીણ બને છે. તેથી અપાન વાયુને ઝેરી વાદળી કહી છે.

આ શરીર એ ક્ષેત્ર-ખેત છે. ગીતામાં શ્રીભગવાન કહે છે :

**ઈદં શરીરં કૌન્તેય ક્ષેત્રમિત્યભિધીયતે ।**
**એતદ્યો વેત્તિ તં પ્રાહુઃ ક્ષેત્રજ્ઞ ઈતિ તદ્વિદઃ ॥**

(અ.૧૩.શ્લોક-૧.)

અર્થાત્ હે કૌન્તેય! આ શરીર ક્ષેત્ર(ખેતર) છે અને એને જે જાણે છે એને ક્ષેત્રજ્ઞ (જીવાત્મા-હાળી-ખેડૂત) કહેવાય. આવું આ બંનેના તત્ત્વને જાણનરા જ્ઞાનીજનોએ કહ્યું છે.

માનવદેહ મળ્યો છે તો સંયને સેવી, સદ્‌ગુણો આચરી, જન્મમરણનો ફેરો ટાળવાનો છે, પરંતુ સંસારના વિષયોપભોગમાં શક્તિનો દુર્વ્યય કરી જીવનને વેડફી નાંખવામાં અપાન વાયુ મદદરૂપ બને છે. અપાન વાયુના કાર્યો જ એ પ્રકારના છે કે જેમાં સદ્‌ગુણોનો નાશ થાય છે.સદ્‌ગુણો સેવવા સંયમી જીવન જીવવું જોઈએ. અપાન વાયુ શરીર (ક્ષેત્ર-ખેત)ના સદ્‌ગુણને ખેરવી નાંખી આત્મારૂપી વેલાને ખાવા, વેલાનો નાશ કરવા, પતન કરવા આગળ વધે છે.

ચાર ચક્ષુનો અર્થ છે ચર્મચક્ષુ. આ બહિર્મુખ વૃત્તિથિ બહારનું જોનારી આંખથી પરમાત્માના દર્શન થતાં નથી. અંતરમાં રહેલા સચ્ચિદાનંદસ્વરૂપ અંતરાત્માના દર્શન માટે અંતર્મુખ થઈ સોહંનો અજપાજપ જાપ જપવો રહ્યો. 'અંદર ગોતા લગાવ પ્યારે' ભજનમાં પૂ.શ્રી કહે છે કે બહાર દુનિયામાં ભગવાનને ખોળવામાં જનમારો વિતાવ્યો, પણ હાથમાં કશું આવ્યું નહિ. અંતર્મુખ થઈ, સોહંનો જપ કરતાં કરતાં સાધના કરીને દશમદ્વાર-સહસ્રાર-

બ્રહ્મરંધ્રમાં પ્રાણને સ્થિર કરવાના છે. હૃદયમાં રહેલા પરમાત્માને જ પરખવાના છે, સ્વસ્વરૂપને જ ઓળખવાનું છે.

જે નાસ્તિક છે, ભોગોમાં રચ્યો પચ્યો રહે છે, તેને તો આ બધી વાત બકવાસ જેવી લાગે છે, પરંતુ જ્યારે મરણ પથારીએ સૂવાનું આવશે ત્યારે, કંઠે પ્રાણ આવશે ત્યારે એને પસ્તાવો થશે. બધું અનુકૂળ હોય ત્યારે ભૌતિકવાદમાં રાચતી વ્યક્તિ અધ્યાત્મમાર્ગની સાધનાને બકવાસ માને છે. આમ, પણ શ્રેયના માર્ગે જવાનું બધાને ગમતું નથી. ખાઓ-પીઓ ને લહેર કરો એવો પ્રેયમાર્ગ સૌને ગમે પણ જ્યારે એનું પરિણામ ભોગવવાનું આવે ત્યારે એને પસ્તાવાનું રહે છે.

સ્વસ્વરૂપનું સ્મરણ અને દર્શન કરવા શું કરવું જોઈએ ? પૂ.શ્રી સૌ પ્રથમ અભિમાન મૂકી દેવાનું કહે છે. અભિમાન એ જ પાપનું મૂળ છે. દયા એ ધરમનું મૂળ છે. સંત તુલસીદાસ કહે છે કે :

**દયા ધરમ કા મૂલ હૈ પાપ મૂલ અભિમાન ।**
**તુલસી દયા ન છાંડિયો જબ લગ ઘટમેં પ્રાન ॥**

અભિમાન મૂકી સંતના ચરણમાં પ્રણામ કર-સંતનો સંગ કર. સંતની સેવા કર. દિલથી સંતની સેવા કરશે અને જો સંત કૃપા કરશે તો તને સ્વસ્વરૂપનું સ્મરણ અને પછી દર્શન થશે.

ગુરુની સેવાથી ગુરુને પ્રસન્ન કરવાથી સેવક પરમ તત્ત્વને સરળતાથી પામી જાય છે. પૂ.શ્રી લખે છે :

**ગુરુસેવા પદ્ધતિ લહે તે જાણે સહુ વેદ,**
**મંત્ર તંત્ર કિંકર સહુ ન રહે કાંઈ ખેદ.**

(અ.૭૦ દો.૩૯.)

પરંતુ **'સેવાધર્મ પરમ કઠોરા'** એવું સંત તુલસીદાસ કહે છે. સેવા કરનારે પોતાનો અહં ઓગાળી નાખવો પડે છે. એણે એના વ્યક્તિત્વનો લોપ કરી, હંમેશાં ગુરુનું જ ચિંતન કર્યા કરવું પડે છે. **"સેવાધર્મો પરમગહનો યોગિનામપ્યગમ્ય"** અર્થાત્ સેવા ધર્મ પરમ ગહન છે અને યોગીઓ માટે પણ અગમ્ય છે, પરંતુ ગુરુની કરેલી અદકી સેવાનું ફળ શું ?

ગુરુની સેવાથી પ્રસન્ન થયેલા ગુરુ શિષ્યનું સ્વરૂપ જ બદલી નાંખે છે. શિષ્યને સ્વસ્વરૂપનું સ્મરણ થાય છે. ભવભય ભાગી જાય છે. મોતની ભીતિ દૂર થાય છે. જમડાં નાસી જાય છે. અંતરમાં રહેલી જ્યોતિનાં દર્શન થાય છે. પરિણામે શિષ્ય મુક્તિરૂપી મેવા ખાય છે.

આને માટે સાધનાનો ક્રમ બતાવવા પૂ.શ્રી કહે છે કે, સાધકે શ્રદ્ધારૂપી સીડી ચઢી, યોગસાધના કરી, બ્રહ્મરંધ્રમાં-શૂન્ય શિખરના માનસ સરોવરમાં જીવ-શિવનું મિલન કરાવી

મુક્તિ પામવાની છે. આવો વીરલો જોગી-હંસ-મોતી ખાય છે અને જે સાધના કરતો નથી, એવો સંસારી -કાગડો-સંસારના ભોગોરૂપી વિષ્ટા ખાય છે. શ્રદ્ધા એટલે વેદ-શાસ્ત્ર તે ગુરુના વાક્યમાં વિશ્વાસ. શ્રદ્ધા એ પાર્વતીનું પ્રતીક છે. જેનાથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. વિશ્વાસ એ શંકરનું પ્રતીક છે જેનાથી ભક્તિ પ્રાપ્ત થાય છે.

પૂ.શ્રી પોતાના દોષો શોધી તેને દૂર કરવાનું અને પારકાની નિંદા કરવાનું છોડી દેવાનું કહે છે. બીજાની નિંદા કરવાથી વ્યક્તિનું મન બગડે છે, જે એને પોતાને જ નુકસાનકારક નિવડે છે. સ્વદોષોનું નિવારણ કરવાનો પ્રયત્ન એ જ સાધના છે. પૂ.શ્રી કહે છે કે :

**મેલા અંતરમાં સદા, ઘાતક હિંસ્ર પ્રમાણ;**
**પરવંચક કુદૃષ્ટિ જે, મરે સ્વકર્મે જાણ.**

(અ.૪૯.દો.૫૪.)

**અંતર દોષે નિજ ભર્યું, કાઢે પરની ભૂલ;**
**સુખી થાય ના એ કદિ, બોળે બંને કુળ !**
**સ્વદોષો જાણ્યા વિના, કેમ થાય મન શુદ્ધ ?**
**મનઃ શુદ્ધિ વિણ જ્ઞાન ના, કાં ભૂલે દુર્બુદ્ધ ?**

(અ.૭૦.દો.૩૨-૩૩)

પૂ.શ્રી એક ભજનમાં લખે છે કે, ‘‘માફ કરો અપરાધ કરોડો, પાપી હું તમ બાળ.’’ પોતાના અપરાધો-દોષો જોવા એ જ સાધના છે. ‘જુઓ તો પોતાના દોષ જુઓ, ગાઓ તો બીજાના ગુણ ગાઓ’ એવું પૂ.શ્રી અમર આદેશમાં કહે છે.

પરનિંદા છોડી, પોતાના દોષો દૂર કરીને પછી દાન કરો પૂ.શ્રી દાનનો મહિમા સમજાવે છે. દાન કરવાથી આપણે સમાજના ઋણમાંથી છૂટીએ છીએ અને આપણી પાસે લક્ષ્મી આવે છે. શાસ્ત્રો કહે છે કે, નીતિથી કમાયેલા ધનનું દાન કરવાથી પુણ્ય મળે છે અને એ પુણ્યથી પાછું ધન મળે છે અને એનું દાન કરવાથી સ્વર્ગ પ્રાપ્ત થાય છે. ‘‘સુપાત્ર દાનાત્ તુ ભવેત્ ધનાઢ્યમ્ । ધન પ્રભાવાત્ તુ કરોતિ પુણ્યમ્ । પુણ્ય પ્રભાવાત્ પરલોકવાસી।

અભાગીને પરમાત્માની પ્રાપ્તિ ખૂબ કષ્ટમય જણાય છે. એ પોતે ભગવાનથી દૂર રહે છે અને કહે છે એવું કે ભગવાન બહુ દૂર છે. પરંતુ ભાગ્યવાને તો ભગવાન નજીકમાં નજીક, પોતાના હૃદયમાં રહેલો જ જણાય છે. પૂ.શ્રી લખે છે કે :

**સદા પાસે છતાં આઘે અભાગીને અરે દિસતો,**
**સહુ રંગે અરંગી તું, લહે તુજ રંગ કો અવધૂત... ભર્યું.**

માયામાં અંધ બનેલાને ભગવાન દેખાતો નથી અને ભક્તને ભગવાન સિવાય બીજું

કશું દેખાતું નથી. પોતાનામાં રહેલા દૈવી અંશનું પ્રગટીકરણ એટલે જ ગૂઢ પરમાત્માની અનુભૂતિ.

સંસારના વિષયોપભોગમાં ગળાડૂબ રહેનારો ખરેખર અંધ છે. એ પોતાનું શ્રેય -આત્માનું -કલ્યાણ જોઈ શકતો નથી, એ વિશે વિચારતો નથી. સંસારના ધન-વૈભવ કે પરિવાર એ કાંઈ મેળવવા જેવી વસ્તુ નથી. સંત સમાગમ અને હરિકથા જેને મળે તે ભગવાનનો કૃપાપાત્ર ગણાય. સંત તુલસીદાસ કહે છે કે :

**સુત, દારા અરુ લક્ષ્મી પાપીકે ભી હોય ।**
**સંત સમાગમ હરિકથા તુલસી દુર્લભ દોય ॥**
**બિનુ સતસંગ વિવેક ન હોઈ ।**
**રામકૃપા બિનુ સુલભ ન સોઈ ॥**
**કહત બિભિષન સુનુ હનુમંતા ।**
**રામકૃપા બિનુ મીલે નહિ સંતા ॥**

જેણે જીવનમાં વિવેકદૃષ્ટિ પ્રાપ્ત કરી, પ્રેયને છોડીને શ્રેયનો પંથ સ્વીકાર્યો છે એવા સાધક પાસે ભૌતિક સંપત્તિ ભલે ન હોય, પરંતુ આત્માના કલ્યાણની સંપત્તિ અઢળક છે. હરિ કરતાં પણ હરિજન મોટો છે. કારણ કે આવા હરિજનની પાછળ પાછળ હરિ ફરે છે. એક મૂઠી ચણા માટે મદારી વાંદરાને નચાવે છે અને વાંદરો નાચે છે. સંસારીને એ જ રીતે માયા નચાવે છે અને સંસારી નાચે છે.

પોતાનો વિચાર છોડીને, પોતાના વ્યક્તિત્વનો લોપ કરીને, સેવક બનીને હનુમાને રામની સેવા કરી તો આજે એ 'અતુલિત બલધામા' એવા હનુમાનજી ઘેર ઘેર ઠેર ઠેર પૂજાય છે. સાચો સેવક સ્વામીની સેવા કરતાં કરતાં પોતે જ સ્વામી બની જાય છે. પછી સ્વામી એવા સેવકની ફિકર કરતાં ફરે છે.

કવિ દુલા કાગે : 'રામને ઋણી રાખ્યા' એવું ભજન રચ્યું છે. ભગવાન રામ હનુમાનજીને કહે છે કે તેં સદા મારી સેવા જ કર્યા કરી છે, કશું માગ્યું નથી. આપ્યું તો તે લીધું નથી. તેં મને તારો ઋણી બનાવ્યો છે. હું બધાની સામે જોઈ શકું છું, પણ તારી સામે જોઈ શકતો નથી.

આ ભજનમાં સંસાર પ્રત્યે થોડી અનાસક્તિ કેળવી, પ્રભુભક્તિમાં આસક્તિ કેળવી જીવનકલ્યાણ કરવાનું પૂ. બાપજી કહે છે. આપણે આપણો જીવન હિસાબ તપાસી એને ઠીક કરીએ તો પણ ઘણું.

□ □ □

# ૧૦. તું તો દત્ત દિગંબર ભજને રે

(હું તો વરી છું નકલંકી નાથને રે - એ રાહ)

તું તો દત્ત દિગંબર ભજને રે;
કૂડકપટ મનનાં સહુ ત્યજને રે. ...ટેક.

અવળી વાતે તે અવળું સૂઝે રે;
નામરસાયણે ઘા રૂઝે રે. ...તું તો૦ ૧.

[૧]મિત ખાવું પીવું ને મિત સૂવું રે;
સૂર સાધીને હરિનામ લેવું રે. ...તું તો૦ ૨.

ઘટઘટમાં તે હંસલો બોલે રે;
મળે સાચા ગુરુ તો સાન ખોલે રે. ...તું તો૦ ૩.

ઊલટી સેર ગગનમાં ઊડતી રે;
મારી સર્વેને આપ વિરમતી રે. ...તું તો૦ ૪.

સૂતાં સૂતાં તે નિશદિન જાગે રે;
ઊંઘે જાગૃતિમાં નિંદ ભાગે રે. ...તું તો૦ ૫.

એક અખંડ વીજળી ઝબૂકે રે;
નેનનેમ સહુ ત્યાં ચૂકે રે. ...તું તો૦ ૬.

એવો **રંગ** અલૌકિક જામે રે;
વણ જોયે ન પાર કો પામે રે! ...તું તો૦ ૭.

મૂકી આળસ સાધન કરવું રે;
મૂઆ પહેલાં તે જીવતાં મરવું રે!! ...તું તો૦ ૮.

૧. પ્રમાણસર.

□ □ □

## વિવરણ

પૂ.શ્રી અક્ષરગીતામાં લખે છે કે :-

ઔષધં ભગવન્નામો વૈદ્યો કારુણિકો ગુરુઃ ।
સંસાર રોગનાશાય પથ્યઃ સાધુ સમાગમ ॥

**ભવની ભાવટ ભાંગવા ઓસડ હરિનું નામ,**
**વૈદ્ય દયાળુ સદ્‌ગુરુ ચરી સુસંગ અકામ.**

સંસાર રોગના નાશ માટે હરિનું નામ એ ઔષધ-ઓસડ-દવા છે અને સત્સંગ એ ચરી છે, પરેજી છે. આ ઔષધ આપનાર વૈદ્ય દયાળુ સદ્‌ગુરુ છે. જન્મમરણના ચક્કરમાંથી છૂટવા માટે ભગવાનનું નામ ઓસડ છે-દવા છે અને કૂડ કપટનો ત્યાગ કરવો, સત્સંગ કરવો એ ચરી છે, પરેજી છે. જો દર્દી ચરી ન પાળે અને દવા લે તો દવા અસર તો ન કરે પણ એની અવળી અસર (Re-action) આવે-ખરાબ અસર થાય.

અવધૂતી આનંદનાં ભજનમાં પૂ.શ્રીએ ઠેર ઠેર આ વાત કરી છે. "મન છોડ દે કપટ, હરિપદ ભજ રે"માં પરેજીનો ઉલ્લેખ પહેલાં કર્યો અને ઔષધનો ઉલ્લેખ પછી કર્યો. બીજા ભજનમાં પૂ.શ્રીએ ક્રમ બદલ્યો.

**મનુવા! હરિભજના હરિભજના. કૂડ કપટ સબ ત્યજના રે... મનુવા.**

આ ભજનમાં પણ પૂ.શ્રી પહેલાં ઔષધ અને પછી પરેજીનો ઉલ્લેખ કરે છે. પૂ.શ્રી લખે છે :-

**તું તો દત્ત દિગંબર ભજને રે,**
**કૂડ કપટ મનનાં સહુ ત્યજને રે...**

ભગવાનનું નામસ્મરણ જ સંસારનાં દુઃખનું વિસ્મરણ કરાવી શકે. સંસારની વાતોમાં રચ્યાપચ્યા રહેનારને તો હરિ સ્મરણની વૃત્તિ થતી જ નથી. મરતાં મરતાં પણ સંસારની જ ચિંતા કરતો રહે છે. સાથે દેડકાંને પકડ્યો હોય અને ધીમે ધીમે તેને ગળતો જતો હોય ત્યારે પણ એ મૂરખ દેડકો સાપના મોંમાંથી છટકવાને બદલે એની આજુબાજુ ઊડતી માખી ખાવાનો પ્રયત્ન કરે છે, તેમ કાળરૂપી સાપના મોંમાં ફસાયેલો માનવી ૭૦-૭૫ વર્ષ પછી પણ સંસારના વ્યવહારમાં ગળાડૂબ રહે છે.

હરિનું નામ એ તો રસાયણ છે. નવજીવન બક્ષે એવું રસાયણ છે. જખમ રૂઝવે એવું રસાયણ છે. એક ભજનમાં પૂ.શ્રીએ આ રસાયણનું સેવન કરવાથી શું પરિણામ આવે તે દર્શાવ્યું છે. પૂ.શ્રી લખે છે કે :-

**નામરસાયણ જે જન સેવે, નેણ, વેણ પલટાય,**
**કાયા કંચન સોહન લાગે, ક્રિયા ફરે તત્કાલ... હરિના નામનો.**

આધ્યાત્મિક પંથના પ્રવાસીએ પ્રમાણસર (મિત) ખાવું, પ્રમાણસર પીવું અને પ્રમાણસર સૂવાનું રહે છે. એણે સુરતા સાધીને હરિનું નામ લેવાનું છે. આત્માને પરમાત્મામાં નિરંતર જોડવાની ઈચ્છા રાખનાર યોગીએ યુક્તાહાર વિહાર રાખવો જોઈએ. ખૂબ ખાવું કે એકદમ

ઉપવાસ કરવો એ સરળ છે, પણ ભોજન માટે બેસી માપસરનું ખાવું એ અઘરું છે. એમાં જ મન ઉપરનો સાચો સંયમ પ્રતીત થાય છે. શ્રીમદ્ ભગવદ્ ગીતા આ સંદર્ભમાં કહે છે કે :-

**નાત્યશ્નતસ્તુ યોગોઽસ્તિ ન ચૈકાન્તમનશ્નતઃ ।**
**ન ચાતિ સ્વપ્નશીલસ્ય જાગ્રતો નૈવ ચાર્જુનઃ ॥**

(અ.૬ શ્લોક૧૬)

હે અર્જુન ! આ યોગ ખૂબ ખાનારને સિદ્ધ થતો નથી તેમ જ બિલકુલ નહિ ખાનારને પણ સિદ્ધ થતો નથી તથા ઘણું ઊંઘનારને સિદ્ધ થતો નથી તેમ જ હંમેશાં જાગનારાનેય સિદ્ધ થતો નથી.

**યુક્તાહારવિહારસ્ય યુક્તચેષ્ટ્સ્ય કર્મસુ ।**
**યુક્ત સ્વપ્નાવબોધસ્ય યોગો ભવતિ દુઃખહા ॥**

(અ.૬શ્લોક-૧૭)

દુઃખોનો નાશ કરનાર યોગ તો યથાયોગ્ય (પ્રમાણસર) આહાર વિહાર કરનારને, કર્મોમાં યથાયોગ્ય ચેષ્ટા કરનારને તથા યથાયોગ્ય ઊંઘનારને તેમ જ જાગનારને જ સિદ્ધ થાય છે.

આ વાતને પૂ.શ્રી શ્રી ગુરુલીલામૃતમાં રજૂ કરતા કહે છે કે :

**ખાય અતિશે જે સદા, કરે બહુ ઉપવાસ,**
**ઊંઘે અજગરસમ યદિ, કરે જાગરણ ત્રાસ.**
**તેને યોગાભ્યાસ આ દુષ્કર અર્જુન જાણ,**
**યુક્તાહાર વિહારથી સુકર સૌખ્યકર માન.**

(અ.૧૮દો.૪૮-૪૯)

શરીરને ટકાવી રાખવા માટે અન્નને ઔષધ-દવાની જેમ પ્રમાણસર લેવાનું છે. આ અંગે પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં માર્ગદર્શકરૂપ બે દોહરા લખે છે :-

**ઔષધસમ હિતમિત સદા, ભરે અન્નથી પેટ,**
**સ્વાદુ-અસ્વાદુ જે મળે જાણી કેવળ વેઠ.**
**અર્ધ પેટ અન્ને ભરે, જળથી તદર્ધ જાણ,**
**ચતુર્થાંશ 'વા' કારણે, રાખે ખાલી માન.**

(અ. ૩૬ દો. ૧૧૯-૧૨૦)

આ શરીરને ટકાવવા માટે રાંધેલા શેર અન્નની જરૂર છે, સ્વાદિષ્ટ અન્નની જરૂર નથી. સ્વાદ તો જીભના ચટાકા છે. આમ, પ્રમાણસર ખાઈને, સૂઈને જીવતો સાધક સુરતા સાધીને હરિનામ લેતો રહે છે.

દેહો દેવાલય છે અને તેમાં રહેલો આત્મા એ દેવ છે. આ દેવ-આત્મા બધાંમાં એક અને અભેદ છે. સાચા ગુરુ આ વાત સાનમાં ખોલે છે અને શિષ્યની સાનમાં આવે એવો પ્રયત્ન કરે છે. દરેકે દરેક શરીર (ઘટ)માં આ આત્મારૂપી હંસ 'સોઽહં'નો જાપ કરે છે. સાચા ગુરુ શિષ્યની સાન ખોલે છે અને સાચી વાતનું ભાન કરાવે છે.

અષ્ટાંગ યોગમાં પ્રગતિ કરતાં કરતાં સાધકની કુંડલિની જાગ્રત થાય છે અને પ્રાણ સુષુમ્ણા નાડીમાં પ્રવેશી છ ચક્રોનું ભેદન કરી બ્રહ્મરંધ્રમાં-સહસ્રારમાં પ્રવેશે છે. ત્યાં જીવ અને શિવનું મિલન છે. સહસ્રારના અનુભવનું વર્ણન કરતાં પૂ.શ્રી કહે છે કે ત્યાં એક અખંડ વીજળી ઝબૂકે છે. આ અનુભવને પૂ.શ્રીએ અનેક ભજનોમાં વર્ણવ્યો છે. એક ભજનમાં પૂ.શ્રી લખે છે :-

**શૂન્ય શિખર પર ચઢી નિહાળ્યો,**
**વીજળીનો ચમકાર, સખીરી....**
**જે આંખ મીંચીને દેખે છે, તે ઝગમગ જ્યોત વિલોકે છે,**
**દગ દૂરબીન ત્યાં તો થાકે છે... સૂણ ચતુર સુજાણ.**
**'સદા ભજો ગુરુદેવ' ભજનમાં પૂ. બાપજી લખેછે કે :-**
**"બિના તેલ જલે જહાં જ્યોતિ ઝગમગ દિવસા રૈન."**

જીવ-શિવનું મિલન થતાં સમાધિમાં અલૌકિક એવો પરમાનંદ પ્રાપ્ત થાય છે. અલૌકિક રંગ જામે છે, જેનું વર્ણન નહિ, અનુભવ કરવાનો છે. આવો આનંદ મેળવવા માટે આળસ-પ્રમાદ મૂકીને સાધન કરવાનું છે. અભ્યાસમાં પ્રમાદ ન કરવો જોઈએ. વ્યક્તિ અહંકાર રહિત થઈ જાય, દ્વૈતભાવ દૂર કરે એટલે એ જીવતાં જ મૃત્યુ પામેલો ગણાય. આપણે જેને મૃત્યુ કહીએ છીએ તે તો શરીરનું મૃત્યુ છે, પરંતુ મન અમન થઈ જાય, અહંકાર નાશ પામે એ જ સાચું મૃત્યુ છે.

નિર્મળ મન, હરિના નામનું સ્મરણ, યુક્ત આહાર વિહાર અને અષ્ટાંગ યોગ દ્વારા આત્માને પરમાત્મા સાથે જોડવાનો છે, મિલન કરાવવાનું છે.

□ □ □

# ૧૧. હું તો માગણ ગુરુઘર દાસી રે

**હું તો માગણ ગુરુઘર દાસી રે;**
**એક સેવાતણી ઉપવાસી રે. ...ટેક.**
**એંઠો ટૂકડો તે ગુરુ તમ આપો રે;**
**મારી જન્મોજન્મની ભૂખ કાપો રે. ...હું તો૦ ૧.**

વ્હાલા વરી છું તમારા નામને રે;
શું કરું આ દામ ને ચામને રે. ...હું તો૦ ૨.
ખાનપાનમાં ચિત્ત નવ ઠરતું રે;
છાનુંમાનું એ નિશદિન રડતું રે. ...હું તો૦ ૩.
પ્રેમજળે તે પગ તમ ધોઉં રે;
મેલ અંતરનો નિજ ખોઉં રે. ...હું તો૦ ૪.
કાયા બાળીને દીપ જલાવું રે;
તેજે તેજ થઇ નિત રહેવું રે. ...હું તો૦ ૫.
ભોગ રમકડાં નવ ગમતાં રે;
દેખી વિષયીજનો મન હસતાં રે. ...હું તો૦ ૬.
નામરૂપપસારો ત્યાગી રે;
ગુરુશબ્દ થકી હું તો જાગી રે. ...હું તો૦ ૭.
એકવીતી ન બીજો જાણે રે;
**રંગ** મૌન ગ્રહી મોજ માણે રે! ...હું તો૦ ૮.

□ □ □

# વિવરણ

પરમેશ્વરની પ્રાપ્તિમાં સદ્‌ગુરુની જરૂર પડે છે. કહેવાયું છે કે

**સદ્‌ગુરુ ધોબી, જ્ઞાન જલ સાબુ સર્જનહાર,**
**સૂરત શિલા પર ધોય કર, પ્રગટે જ્યોત અપાર**

સદ્‌ગુરુરૂપી ધોબી જ્ઞાનરૂપી જળ અને સર્જનહારરૂપી સાબુથી આપણું જીવન વસ્ત્ર સાફ કરે છે. વસ્ત્રનો મેલ દૂર કરવા કપડાને શિલા ઉપર મૂકી સાબુ ઘસવામાં આવે છે. સાબુથી મેલ દૂર થાય છે, પરંતુ જો એ સાબુ કપડામાં રહી જાય તો કપડું પીળું પડી જાય છે, એને પીળા ડાઘા-ધાબા પડે છે.

ભક્ત પ્રીતમ એક દોહામાં કહે છે :-

**ગુરુપદ પ્રેમે પૂજીએ, પ્રકટે જ્ઞાન પ્રકાશ,**
**કહે પ્રીતમ એક પલકમાં, કરે અવિદ્યા નાશ.**

સ્વામી શ્રી પાગલ પરમાનંદ કહે છે :-

**મન મારનકી ઔષધિ સદ્‌ગુરુ દેત બતાય,**
**ઈચ્છત પરમાનંદકો, સો ગુરુ શરણે જાય.**

સદ્‌ગુરુને પ્રસન્ન કરીને, એની કૃપાથી, એમના માર્ગદર્શન હેઠળ પરમેશ્વરની પ્રાપ્તિ થાય છે. આ ગુરુને પ્રસન્ન કરવા માટે એની મનથી, સાચા દિલથી સેવા કરવી જોઈએ. દાસ્ય ભક્તિથી-દાસી બનીને - સેવા કરવાથી સદ્‌ગુરુને પ્રસન્ન કરી શકાય, પરંતુ સેવા કરવાનું કાર્ય ઘણું કપરું છે. કહેવાયું છે કે, ‘‘સેવાધર્મો પરમ ગહનો યોગીનામપ્યગમ્ય ।’’

સેવાધર્મ ખૂબ જ ગહન છે અને એ યોગી માટે પણ અગમ્ય છે. સંત તુલસીદાસજી લખે છે કે : સેવાધર્મ પરમ કઠોરા ।

‘હું તો માગણ ગુરુઘર દાસી’ના જેવું જ પૂ.શ્રીનું એક બીજું ભજન યાદ કરવા જેવું છે. ‘હું ભિખારી, ભિખારી, ગુરુઘરની દાસી. **ચોરાસી ઘર ભિક્ષા માગી તોય રહી ઉપવાસી.**

પરમાત્માની પ્રાપ્તિ એ જ જેનો એકમાત્ર ધ્યેય છે. તે સાધક ગુરુઘરની દાસી બનીને, ગુરુની સેવા કરીને ગુરુના ઘરની, માગણ પણ બને છે. ગુરુની પાસે માગવાનો તો અધિકાર છે. ગુરુને છોડીને બીજે ક્યાંય માગવાનું નહિ એ ખુમારી છે. દાસ્ય ભક્તિમાં સેવક પોતાનું ‘હું’પણું ઓગાળી નાંખે છે. પોતાની કોઈ ઈચ્છા નહિ, પોતાનું કોઈ અલગ વ્યક્તિત્વ જ નહિ. ગુરુ એ જ સર્વસ્વ. સેવા કરવાની એક માત્ર ઝંખના.

સમર્થ સદ્‌ગુરુ પોતે અનુભવી હોવાથી, એણે આત્મસાક્ષાત્કાર કર્યો હોવાથી એના અનુભવનો લાભ સાધક ઈચ્છે છે તે જ ‘એંઠો તે ટુકડો’ છે. પૂ.શ્રી એક ભજનમાં લખેછે.

**કથે જ્ઞાન ઓર ક્રિયા શીખાવે, પકડ દસ્ત સલુના**
**ઘાટ અગમકે આપ ચઢાવે જહાં સાંઈકા થાના... સદા ભજો.**

‘આપ સમાન કરે શિષ્યનકો’ એ ગુરુની મહત્તા છે. ગુરુ એકવાર જેનો હાથ પકડે છે. તેનો હાથ એનો ઉદ્ધાર ન થાય ત્યાં સુધી છોડતાં નથી અને તેથી પૂ.શ્રી ભજનમાં કહે છે કે, એંઠો-ટુકડો-અનુભવનું માર્ગદર્શન આપીને મારી જનમો જનમની ભૂખ કાપો રે. આ લીટીનો અર્થ એ છે કે, હજી પરમેશ્વરની પ્રાપ્તિ થઈ નથી, પરમેશ્વરનાં દર્શનની ભૂખ સંતોષાઈ નથી. ‘‘ચોરાસી ઘર ભિક્ષા માગી, તોયે રહી ઉપવાસી’’ના અર્થ જેવો જ અર્થ છે કે હું ઉપવાસી છું અને મારી જનમો જનમની ભૂખ દૂર કરો.

મુ. ધીરુભાઈ જોષી ‘ઉપવાસી’નો જુદો પણ સુંદર અર્થ કરે છે. ઉપવાસી એટલે ગુરુની પાસે (ઉપ) વસનાર (વાસી). ગુરુની પાસે રહીને, એની સેવા કરીને દાસી બનીને માગવાનું છે. પરમેશ્વરની પ્રાપ્તિની તીવ્ર ઝંખના જાગે, તાલાવેલી લાગે’ એટલે ખાન-પાનમાં મન રમતું નથી. સ્ત્રી, પુત્ર, ધન વગેરે પણ ગમતાં નથી. ગમે છે કેવળ હરિનું નામ. ભગવાનના નામ સિવાય ભૌતિક સુખમાં મન રમતું જ નથી. શ્રી ગુરુલીલામૃતના નિરંજન જેવી દશા થાય છે.

**ખાનપાન ભૂલી ગયો, રાત દિવસનો ભેદ,**
**અહા ! પ્રભુ ક્યારે મળે ? એક જ મનમાં ખેદ.**

(અ.૧દો.૧૨૪)

પ્રાણીમાત્રને જન્મથી મળેલી ત્રણ વૃત્તિમાં સૌથી પહેલી અને સૌથી બળવત્તર વૃત્તિ તે ખોરાક-ખાવું. ખોરાક પછી બીજી વૃત્તિ ઊંઘ-આરામ અને ત્રીજી વૃત્તિ તે જાતીય વૃત્તિ. વ્યક્તિ બરાબર ખાઈ-ભોજન કરે અને સારી રીતે ઊંઘે તો સમજવાનું કે શરીર સ્વસ્થ છે. જો શરીર સ્વસ્થ ન હોય તો ખોરાક લેવાનું ન ગમે અને ઊંઘ ના આવે. એટલે ડૉક્ટર પણ આ જ બે સવાલ પૂછે છે. ખવાય છે ? ઊંઘ આવે છે ? પ્રેમમાં પડેલાને અને ચોરને ઊંઘ આવતી નથી. પ્રભુદર્શનના વિરહી સાધકનું મન ખાન-પાનમાં ઠરતું નથી અને રાત-દિવસ એકલું એકલું, છાનુંમાનું રડ્યા કરતું હોય છે. રડ્યા કરતું મન ઊંઘે કેવી રીતે ? વિરહની આ પરાકાષ્ઠા છે. પ્રભુના પ્રેમની ભૂખ મરી જાય અને ઊંઘ ઊડી જાય.

પોતાના પ્રેમી-પ્રભુ પ્રત્યેનો નિર્વ્યાજ પ્રેમ એ જ સાધકની મૂડી છે. પ્રેમ કરવો સહેલો છે, નિભાવવો અઘરો છે. અંતરને નિર્મળ કરીને અને કાયાને બાળીને સાધક પરમાત્માનાં દર્શન માટે તરફડે છે. ગુરુના ઉપદેશથી-ગુરુ શબ્દથી જાગેલી વ્યક્તિ પોતાના ઉપર જે વીતે છે તેને મૂગે મોંએ સહન કરે છે. સાચો પ્રેમી કોઈ દિવસ ફરિયાદ નથી કરતો, કારણ કે તે કોઈ દિવસ અપેક્ષા નથી કરતો. અપેક્ષા રાખનારની અપેક્ષા ના સંતોષાય ત્યારે તે ફરિયાદ કરે.

સ્વામી પાગલ પરમાનંદ પરમહંસનું એક ભજન ખૂબ સૂચક છે. એના કેટલાક અંશો ટાંકું :-

**(શિખરિણી)**

**ભલે તું ના ચાહે પ્રિયતમ ! અરે કૃષ્ણ ! મુજને,**
**સદા હું તો ચાહું, તુજ વિણ નથી ચેન મુજને !**
**ચહે ત્યારે ચ્હાવું, જગવણિક વેપાર જ ખરે !**
**અરે ! સાચા પ્રેમી ક્વચિદપિ અપેક્ષા-નવ કરે.**
**જગે જે જન્મીને પિયુ વિરહમાં <u>પાગલ</u> બને,**
**ગમે તેવા કલ્પો જગત-જન હો ! એ રસિકને !**
**ખરા જીવ્યા એ તો મરણ <u>પરમાનન્દ</u> જ વરે.**
**અરે ! સાચા પ્રેમી ક્વચિદપિ અપેક્ષા નવ કરે.**

પ્રભુની પાછળ પાગલ બનેલા પ્રેમીને જગત શું ઓળખી શકે ? પરંતુ આવા પાગલ-પ્રેમી જ સાચું જીવ્યા ગણાય અને અંતે ભગવાન એની પડખે ઊભો રહે છે. એટલું જ

નહિ પરંતુ સ્વતંત્ર-સ્વાધીન એવા ભગવાન ભક્તને આધીન રહે છે. ભક્ત સ્વામી અને ભગવાન સેવક બને છે.

સંત તુલસીદાસજીની ઉક્તિથી ભજનનું સમાપન કરીએ :-

**ઐસી હરિ કરત દાસ પર પ્રીતિ !**
**નિજ પ્રભુતા વિસારી જનકે વશ હોત સદા યહ રીતિ ॥**

□ □ □

## ૧૨. સૂતો શું તાણીને સોડ?

**(ચિત્ત તું શીદને ચિંતા કરે - એ રાહ)**
**(રાગઃમિશ્ર દરબારી; તાલઃકહેરવા)**

**સૂતો શું તાણીને સોડ? આખર ઊડશે સઘળા કોડ! ...ટેક.**

**ભાવ થકી ભગવાન ભજ્યા ના, ભોજનભક્તિ કીધી;**
**દેહ-દેવ પૂજ્યા બહુ કોડે, ભ્રાંતિ શુક્તિ[1] કર લીધી.**
**...સૂતો૦ ૧.**

**'યદ્દૃષ્ટં તન્નષ્ટં' શ્રુતિનો ના સૂણ્યો ટંકાર;**
**અહંકાર આડે ઊભો જ્યાં આખર પડશે માર.**
**...સૂતો૦ ૨.**

**પાંચ કોટની અંદર ઓપે, આત્મરાજદરબાર,**
**ચૌદ માળની ઉપર બેઠો; શૂન્ય તણો સરદાર!**
**...સૂતો૦ ૩.**

**વચમાં [2]ગહરાં પાણી, જલચર ફાડી ખાવા ધાય;**
**[3]તારો અંદર અતિ ગભરાએ, આન ગતિ શી થાય?**
**...સૂતો૦ ૪.**

**બૂડતાની બાંહે વળગીને, બૂડે મૂઢ ગમાર;**
**ભેદુ મરમી પાર ઉતારે, પલક ન લાગે વાર.**
**...સૂતો૦ ૫.**

**નીતિનાવડે ચઢજે પ્રાણી, સદ્‌ગુરુ [4]નાવિક સાર;**
**પ્રેમભરતીમાં વહેતું મૂકી, થા રંગ ભવપાર!**
**...સૂતો૦ ૬.**

□ □ □

---
૧. છીપોલી. ૨. ઊંડા. ૩. સારો તરનાર. ૪. ખલાસી.

# વિવરણ

સંત તુલસીદાસજી લખે છે :-

**બડે ભાગ માનુષતનુ પાવા । સુરદુર્લભ સદ્‌ગ્રન્થન ગાવા ॥**
**સાધનધામ મોક્ષકર દ્વારા । પાઈ ન જેહિં પરલોક સંવારા ॥**

**સો પરત્ર દુઃખ પાવઈ, સિર ધુનિ-ધુનિ પછતાઈ ।**
**કાલહિ કર્મહિ ઈશ્વરહિ મિથ્યા દોષ લગાઈ ॥**

દેવોને દુર્લભ એવું મનુષ્ય શરીર મેળવ્યા પછી જે શરીર મોક્ષ મેળવવાનું દ્વાર છે, તેનો સદુપયોગ કરી જેણે પરલોક સંભાળ્યો નહિ તે પરલોકમાં દુઃખ પામે છે અને માથું ધુણાવી ધુણાવીને પસ્તાય છે.

કહેવાયું છે કે :-

**મુક્ત મનુષતન પાય કે જો ન ભજે જદુનાથ ।**
**સો પીછે પછતાયેગા, બહુત ઘસેગા હાથ ॥**

આ ભજનમાં પૂ.શ્રી સંસારના ભોગો ભોગવી, એશ આરામમાં જીવન વિતાવતી વ્યક્તિને ચેતવે છે, એને જગાડે છે. સંતોનું આ જ કામ છે.'દાંડિયો' બનીને, દાંડીપીટીને માયાની નીંદમાં આળોટતા સંસારીને જગાડે છે, સાવધાન કરે છે અને સાચી દિશા બતાવે છે.

સોડ તાણીને સૂનારાને ચેતવે છે કે અંતકાળે તારી બધી મનની મનમાં રહી જશે. તારે શું કરવું જોઈએ અને તું શું કરી રહ્યો છે એનો વિચાર કરે છે ખરો કે ? સોડ તાણીને સૂવું એટલે બેફિકરા થઈ, નિશ્ચિંતપણે સૂવું, જીવનનો આનંદ માણવો. મનુષ્ય જન્મનો ઉદ્દેશ શું ? એનું લક્ષ્ય શું હોવું જોઈએ, ખાઓ-પીઓ અને મઝા માણો - Eat, Drink and Be marry એ માનવજીવનનું લક્ષ્ય નથી. સંતો આ વાતને ધ્યાનમાં રાખીને તેઓ સોડ તાણીને સૂતેલા સંસારીને જગાડે છે, ચેતવે છે અને સાવધાન કરે છે. તેઓ દાંડિયા બની જ્ઞાન અને ઉપદેશભરી દાંડી પીટે છે. સુભાષિતકાર કહે છે :-

**જન્મદુઃખં જરાદુઃખં જાયા દુઃખં પુનઃ પુનઃ ।**
**અન્તકાલે મહાદુઃખં તસ્માત્ જાગ્રહિ જાગ્રહિ ॥**

**ઐશ્વર્યં સ્વપ્નસંકાશં યૌવનં કુસુમોપમમ્ ।**
**ક્ષણિકં ચલમાયુષ્યં તસ્માત્ જાગ્રહિ જાગ્રહિ ॥**

સંતોનાં આવાં વચનો ગાફેલ વ્યક્તિને સાવધાન કરે છે. પૂ.શ્રીનું આ ભજન પણ આપણને દીવાદાંડીરૂપ છે.

સૌ પ્રથમ તો ભોજનને-વિષયસુખને, સર્વસ્વ માનીને ભજનને ભૂલી ગયા એ બરાબર નથી કર્યું, એવું યાદ કરાવે છે. ભજનમાં રુચિ જ ના થઈ. ભાવથી ભગવાનનું ભજન કર્યું નહિ. ભજન તો બધાં સામર્થ્યનું મૂળ છે એને જ ભૂલી ગયા ? કહેવાયું છે કે :-

**ભજન કર્યે સુખ ઊપજે, ભજન કર્યે દુઃખ જાય,**
**ભજન કર્યે ભાવટ ટળે, ભૂધરને ભેટાય.**

જેનાથી ભવની ભાવટ ટળી જાય, ભગવાનને ભેટાય એવા ભજન કરવામાં ખર્ચ શું ? કાંઈ નહિ. તકલીફ શું ? કાંઈ નહિ, તો પછી ભજન-ભક્તિ કેમ ના કરી ? ભજન ના કર્યા તો કર્યું શું ? દેહને સાચવ્યા કર્યો. દેહને જ દેવ માનીને એની પૂજા કરી એનું જતન કર્યા કર્યું. આ બધા ચાર્વાકના વંશજો કહેવાય. ચાર્વાક દેહને જ સર્વસ્વ માને છે. એ કહે છે કે, આત્મા કોણે જોયો છે ? આ દેહ તો દેખાય છે અને બધું એ જ કરે છે. એટલે કોઈપણ ભોગે દેહને સાચવો. ચાર્વાક તો ત્યાં સુધી કહે છે કે, ઋણં કૃત્વા ઘૃતં પિબેત્ । દેવું કરીને પણ ઘી પીઓ. શરીર સાચવો. શરીર જ સુખનું સાધન છે. આત્મા જે દેખાતો નથી, એની વાતમાં પડશો નહિ.

ચાર્વાકની ખોટી વાત ગમે એવી છે, પણ દેહને સાચવનારની કફોડી સ્થિતિ જેણે જોઈ છે, તે આ વાત સ્વીકારશે નહિ.

પૂ.શ્રી શ્રુતિ-ઉપનિષદનો સિદ્ધાંત સમજાવે છે. નામ તેનો નાશ જ. જે દેખાય છે, જોયું તેનો નાશ નક્કી છે, પરંતુ સંસારમાં રચ્યોપચ્યો રહેનાર શ્રુતિની આ ચેતવણીને મહત્ત્વ આપતો નથી, ધ્યાનથી સાંભળતો નથી. 'હું એટલે કોણ ?' ના અહંકારને કારણે ભાન ભૂલેલા માનવીને આખરે રડવાના દિવસો આવે છે. જગત કોઈનું થયું નથી અને કોઈનું થવાનું નથી એનું એને ભાન નથી.

દેહને સર્વસ્વ માની એનું લાલન પાલન કરનાર આત્માનો-દેહીનો તો વિચાર કરતો જ નથી. પંચભૂત-આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વીરૂપી કિલ્લામાં આત્મારૂપી રાજાનો દરબાર શોભી રહ્યો છે. પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય તેમ જ મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એમ મળીને ચૌદ તત્ત્વો-ચૌદ માળ ઉપર સહસ્રારમાં શૂન્યમાં-એ પરમાત્મા વિરાજી રહ્યો છે. શરીરમાં જ્યાં સુધી આ આત્મા હોય છે ત્યાં સુધી જ શરીરની કિંમત છે, આત્મા વિના તો શરીર શબ બની જાય છે અને અગ્નિને હવાલે થાય છે.

મનુષ્યનું શરીર સોડ તાણીને સૂવા માટે નથી, ભોજન-ભક્તિ કરવા માટે નથી, પરંતુ ચૌદ માળની ઉપર બેઠેલા શૂન્યતણા સરદાર સાથે મળવામાં છે, સરદારનાં દર્શન કરવામાં છે, પરંતુ એને માટેની સાધના ખૂબ જ કષ્ટરૂપ છે. સાગરમાં વચમાં ઊંડાં પાણી હોય છે

અને મગરમચ્છ જેવા જળચર ફાડી ખાવા માટે ધસી આવતા હોય છે. આવી સાધનામાં અનુભવી સાધકો પણ મૂંઝાતા હોય, ગભરામણ અનુભવતા હોય તો પછી બીજાની તો વાત જ શી ?

અષ્ટાંગ યોગની પ્રક્રિયામાં સાધકને સમર્થ સદ્‌ગુરુના માર્ગદર્શનની જરૂર છે. જો ગુરુ બિનઅનુભવી અને સમર્થ ના હોય તો એવા ગુરુ સાધકને અવળે રસ્તે ચઢાવશે-ડુબાડી દેશે. જે પોતે ડૂબતો હોય એનો હાથ પકડવાથી ડૂબવાનો જ વારો આવે. માટે સદ્‌ગુરુ કરતાં પહેલાં ખૂબ જ કાળજી રાખવાની છે. કોઈપણ વ્યક્તિ ગુરુપદ માટે યોગ્ય છે કે નહિ એ કેવી રીતે ખબર પડે. પૂ.શ્રીનું એક નાનું સૂત્ર મદદરૂપ બને એવું છે. ‘‘જગત જેની પાછળ દોડતું હોય તેની પાછળ જે ના દોડે તે પામી ગયેલો પુરુષ છે, એમ માની શકાય.’’ આવાને ગુરુપદે સ્થાપી શકાય.

ભેદુ-ભેદ જાણનાર અને મર્મી-મર્મ જાણનાર ગુરુને ભવસાગર પાર ઉતારવા માટેનું માર્ગદર્શન આપવામાં મુશ્કેલી પડતી નથી, વાર લાગતી નથી.

છેલ્લે પૂ.શ્રી આપણને ભવપાર થવા માટેનો રાજમાર્ગ બતાવે છે. ભવપાર થવા માટે ત્રણ વસ્તુ કરજે : (૧) નીતિ ચૂકીશ નહિ. નીતિભર્યું જીવન એ નાવડી છે (૨) સદ્‌ગુરુ નાવિક છે અને એ તારી નાવડીનું સુકાન સંભાળશે, તને માર્ગદર્શન આપશે અને (૩) પ્રેમભર્યો વ્યવહાર કરજે. પ્રેમની ભરતીમાં તારી જીવનનૈયાને વહેતી મૂકજે. એ ચોક્કસ પાર ઊતરી જશે.

પૂ.શ્રીએ એક ભજનમાં તો પ્રામાણિકતા-નેકીને સર્વસ્વ માન્યું છે. પૂ.શ્રી લખે છે : ‘નેક કમાઈ કરલે ભાઈ, ઈસમેં સબ કુછ આઈ.’

□ □ □

## ૧૩ ધાર્યું ધરણીધરનું થાય

**(ચિત્ત તું શીદને ચિંતા કરે - એ રાહ)**
**(રાગઃમિશ્ર દરબારી; તાલઃકહેરવા)**

**ધાર્યું ધરણીધરનું થાય; મૂરખ, કાં મન તું પસ્તાય? ...ટેક.**

**એક શ્વાસથી જગ નિપજાવે, અંતે સહુ લય થાય;**
**અણુ [1]રેણુમાં વ્યાપી સઘળે, સચ્ચિત્સુખ સોહાય. ...ધાર્યું૦ ૧.**

**ચંદા સૂરજ પહેરો ભરતા, રાતદિવસ [2]નિર્માન;**
**ધરતીમાતા દૂઝે વિધવિધ, ઋતુકાળસમ જાણ. ...ધાર્યું૦ ૨.**

**મેઘ વરસતો અમૃતવૃષ્ટિ, ચાતક મન હરખાય;**
**[3]સ્વાતીઋક્ષે મોતી પાકે, કામ અનેરાં થાય. ...ધાર્યું૦ ૩.**

**ધાર્યું થાએ તુજથી જીવડા, કાં ન કરે તું રાજ?**
**અભિમાન રાખી મૂરખ મન, કાં વણસાડે કાજ? ...ધાર્યું૦ ૪.**

**એક સળી ના ઊઠે તુજથી, વૃથા કરે ગુમાન;**
**શરણ [4]ગહે સાહેબનું મનથી, તો દુખ થાશે [5]હાન. ...ધાર્યું૦ ૫.**

**તુજને તુજનો પંડ પ્રાણિયા એ સહુ જગનો બાપ;**
**અકળ કળા કર્તાની; કાઢે કોણ એહનું માપ? ...ધાર્યું૦ ૬.**

**યોગ્ય સમે સહુ આવી મળતું, જેહ જેહને ભાગ;**
**વણમાગ્યે દુખ સુખ પણ પામે, હંસ મોતી [6]વિટ્ કાગ. ...ધાર્યું૦ ૭.**

**દેહભરોંસો છોડી પ્રાણી, દેવભરોંસો રાખ;**
**અવિચળ આતમ ઓળખ હૈડે, રંગ અમીરસ ચાખ! ...ધાર્યું૦ ૮.**

---

૧. રજકણ. ૨. નિરભિમાન. ૩. સ્વાતી નક્ષત્રમાં. ૪. ગ્રહે, પકડે. ૫. નષ્ટ. ૬. વિષ્ટા.

□ □ □

# વિવરણ

ભક્ત કવિ નરસિંહ મહેતા એક પ્રભાતિયામાં ગાય છે કે :-

જે ગમે જગતગુરુ દેવ જગદીશને,
તેતણો ખરખરો ફોક કરવો.
આપણો ચિંતવ્યો અર્થ કાંઈ નવ સરે,
ઊગરે એહ ઉદ્વેગ ધરવો.

કવિ દયારામની કાવ્યપંક્તિ છે :-

**ચિત્ત તું શિદને ચિંતા ધરે,**
**કૃષ્ણને કરવું હોય તે કરે.**
**તું અન્તર ઉદ્વેગ ધરે તેથી કારજ શું સરે ?**
**ધણીનો ધાર્યો મનસૂબો હર-બ્રહ્માથી નવ ફરે.**

આ જગતના રચનારની પરમ શક્તિનો સ્વીકાર અને પોતાની પામરતાની સમજ માનવીમાં હોય તો એ દેહ ભરોસો છોડીને દેવ ભરોસો રાખતો થઈ જાય. ‘‘ધાર્યું હરિનું થાય’’ એ વાત એના મનમાં એવી પાકી ઠસી ગઈ હોય છે કે એ નિમિત્ત બનીને, ભગવાનને સાથે રાખીને દિલથી પૂરા પ્રયત્નો કરે છે, પરંતુ એ પ્રયત્નોનું જે કાંઈ પરિણામ આવે તેને પ્રભુની ઈચ્છા ગણીને, પ્રભુનો પ્રસાદ માનીને સ્વીકારી લે છે.

પરમેશ્વર સર્વવ્યાપી, સર્વજ્ઞ અને સર્વ શક્તિમાન છે. એની સામે માનવી અલ્પજ્ઞ અને અલ્પ શક્તિમાન છે. જો માનવી પોતાની મર્યાદા સમજીને જીવે તો એને પસ્તાવાના દિવસો નહિ આવે.

પૂ.શ્રી કહે છે કે : ધાર્યું ધરણીધરનું થાય, મૂરખ, કાં મન તું પસ્તાય ?

કહેવાયું છે કે આપણને ગમે તે મળે તો તે હરિકૃપા અને ન ગમતું મળે, ન ઈચ્છેલું મળે તો તે હરિ ઈચ્છા. માણસ ઘણીવાર લાચાર બનીને જોતો રહી જાય છે અને તે વખતે કર્તાહર્તા ભગવાન છે, એવી સમજ આવે છે.

જાપાનમાં એક બાજુ દરિયામાં સુનામી આવ્યું અને તે સાથે જ બીજી બાજુ ધરતીકંપની હોનારત થઈ ત્યારે માનવીએ શું કર્યું ? લાચાર બનીને જોયા કર્યું.

નદીમાં ભારે વરસાદને કારણે પૂર આવે, બંધમાંથી પાણી છોડી દેવું પડે અને દસ-દસ ફૂટ પાણી ચઢે ત્યારે મકાનના ધાબે આશરો લેતો માનવી શું કરે ? માનવી લાચાર બનીને જોયા કરે અને પોતે જે મકાનના ધાબા પર છે, તે ધાબું તૂટે નહિ અને સલામત રહે એવી પ્રભુને પ્રાર્થના કરે.

સંકટમાં લાચાર બની જાય ત્યારે પ્રભુને યાદ કરે અને એની સત્તાનો સ્વીકાર કરે એને બદલે પહેલેથી જ ભગવાનની સમર્થતાનો સ્વીકાર કરે તો ? પૂ.શ્રી ‘ધરણીધર’ શબ્દ વાપરીને ભગવાનની સમર્થતાને સમજાવે છે. સમગ્ર ધરણીને-પૃથ્વીને ધારણ કરનાર કેવો હશે ? એની તાકાત કેવી હશે ? સ્વામી સત્યમિત્રાનંદજી એક પ્રાર્થનામાં જીવ અને શિવ, માનવી અને ભગવાન વચ્ચેનો તફાવત સમજાવતાં ગાય છે કે :

**મુજ મેં તુજ મેં બસ ભેદ યહી, મૈં નર હૂં તુમ નારાયણ હો ।**
**મૈં હૂં સંસાર કે હાથો મેં, સંસાર તુમ્હારે હાથો મેં ।**
**અબ સોંપ દિયા ઈસ જીવન કા સબ ભાર તુમ્હારે હાથો મેં...**

ભગવાન બધું કરનાર હોવા છતાં જે માનવી પસ્તાય છે, જે માનવીનું મન પસ્તાય છે તે મૂરખ છે અને પસ્તાઈને પણ પછી શું ? આને બદલે "ભગવાનને ગમ્યું તે ખરું" એમ માનીને જીવે તો મન શાંત થાય.

આ જગતની ઉત્પત્તિ કરનાર સત્ તત્ત્વ છે. એમાં જ જગત સ્થિત રહે છે અને અંતે એમાં જ એનો લય થાય છે. આ વિશ્વની ઉત્પત્તિ પરમ તત્ત્વના શ્વાસમાત્રથી થાય છે. પરબ્રહ્મ પરમાત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે અને સત્, ચિત્ અને આનંદ સ્વરૂપ પરમ શક્તિ નાનામાં નાના અણુથી માંડી મોટામાં મોટા પર્વતોમાં રહેલી છે, વ્યાપેલી છે. 'અણોરણિયાન્ મહતો મહિયાન્' એવું કઠોપનિષદ કહે છે.

આ પરમ પરમાત્માની અગાધ અને અકલ્પ્ય શક્તિનો માનવી વિચાર કરે તો એને ભગવાનમાં અતૂટ શ્રદ્ધા અને વિશ્વાસ જન્મે. પૂ.શ્રીનું એક ભજન છે :-

**વાંચ વાંચ વિશ્વગ્રંથ વાંચવા જો ચાહના,**
**વાંચવું ન અન રહે, મીટે સમૂળ વાંછના...**

આ પરમાત્મા કોણ છે એ સમજવા પૂ. બાપજી કહે છે કે, એ એવો મહારાજા છે, રાજાધિરાજ છે કે સૂર્ય અને ચંદ્ર એના દરબારમાં પહેરો ભરે છે. એના સિપાઈ છે સૂર્ય અને ચંદ્ર. રાત-દિવસનું નિર્માણ કરે છે. આ ધરતીમાતા માનવી માટે બધું જ કરે છે. અનાજ ક્યાં પાકે ? ધરતીમાં. પાણી ક્યાંથી મળે ? ધરતીમાંથી. ઋતુ અનુસાર વિધવિધ ફળ-ફૂલ આપનાર ઝાડપાન ક્યાં ઊગે ? ધરતી પર. વિવિધ ખનીજો ક્યાંથી મળે ? ધરતીમાંથી ? આવી ધરતીનો રચનાર કોણ ? આ ધરતીને ધારણ કરનાર કોણ ? જવાબ છે ધરણીધર, પરમાત્મા, ભગવાન.

ધરતી પર થતાં વિવિધ વૃક્ષો અને વૃક્ષોને આવતાં ફળોનો વિચાર કરો તોપણ પરમાત્મામાં અડગ વિશ્વાસ અને પ્રેમ જાગે. વૃક્ષની ડાળી, ડાળીને પાંદડાં, પાંદડાંની પાસે ફૂલ, ફૂલમાંથી કળિ અને કળિમાંથી ફળ. આ ફળ પણ નક્કી કરેલી ઋતુમાં એની મેળે, આપોઆપ આવ્યા જ કરે. આ બધું કોણ કરે છે અને કેવી રીતે કરે છે ?

પશુ-પક્ષી, કીટ-પતંગા જેવો જીવ સૃષ્ટિ વગેરેનો વિચાર કરીએ તો મગજ કામ કરતું નથી. ચોમાસામાં આકાશમાંથી અમૃતવૃષ્ટિ કરતો મેઘ જોઈને ભગવાનની કળાનો ખ્યાલ આવે છે. આ મેઘનું જળ જ ચાતક પીવે છે, તેથી વરસાદને જોઈને ચાતક હરખાય છે. ચાંદો જોઈને ચકોર ઘેલો થાય છે. પૂનમનો ચંદ્ર ખીલે ત્યારે સાગરમાં ભરતી આવે છે. આ બધું શું ? કોણ કરે છે ?

સ્વાતી નક્ષત્રમાં વરસાદનું પાણી માછલીના શરીરમાં જાય તો તેમાંથી મોતી તૈયાર થાય છે. પરમાત્માએ કરેલી કરામતનો વિચાર કરવા બેસીએ તોપણ ગાંડા થઈ જવાય એવું છે, તો એના જેવી કરામત કરવાની તો વાત જ ક્યાં ?

પરંતુ માનવી અભિમાની બનીને વિચારે છે ત્યારે બધા પ્રશ્નો ઊભા થાય છે. પરંતુ આવું અભિમાન, આવી ગેરસમજ તો દેવોને પણ થાય છે. પૂ.શ્રી દત્તપ્રણતિમાં લખે છે કે :-

**અગ્નિર્યદ્દત્તં તૃણમેકં ન શશાક**
**દગ્ધું વાયુર્હ્યુત્થાપયિતું સ્વબલેન ।**

દાનવોની સામે વિજય મેળવીને દેવોમાં અભિમાન આવ્યું. પોતાની શક્તિથી વિજય મેળવ્યાનો ગર્વ થયો. સાચું ભાન કરાવવા માટે પરમાત્મા-પરબ્રહ્મ - યક્ષરૂપે પ્રગટ થયા. આ યક્ષને ન ઓળખી શકનાર ઈન્દ્રએ પહેલાં અગ્નિને અને પછી વાયુને મોકલ્યા અને યક્ષ અંગે જાણી લાવવા કહ્યું. અભિમાનમાં અવિવેકી બનેલા - અગ્નિએ અને વાયુએ પોતાની શક્તિના, તાકાતના બણગાં ફૂંક્યાં. પરબ્રહ્મે અગ્નિને કહ્યું કે, આપ વનનાં વનને બાળી મૂકો છો તો આ તણખલાને તમારી શક્તિથી બાળો, પરંતુ અગ્નિ તણખલાને બાળી શક્યો નહિ અને એ જ રીતે વાયુ તણખલાને ઉડાડી શક્યો નહિ. કારણ શું ? કારણ કે અગ્નિમાં વસ્તુ બાળવાની શક્તિ આપનાર પરમાત્માએ એ શક્તિ ખેંચી લીધી હતી. વાયુની વસ્તુને ઉડાડવાની શક્તિ પણ પરમાત્માએ ખેંચી લીધી હતી, તેથી એ તણખલું ઉડાડી શક્યો નહિ. જેની શક્તિથી આપણી આંખ જુએ છે, કાન સાંભળે છે, એ ભગવાનનું શરણું લેવામાં આવે તો બધા પ્રશ્નો શમી જાય. આપણે જેની કૃપાથી શ્વાસ લઈએ છીએ એ શ્વાસની આવન-જાવન જો ભગવાન બંધ કરી દે તો શું થાય ? પૂ. શ્રી લખે છે કે : હે માનવી ! જો તારું જ ધાર્યું થતું હોત તો પછી તું આ જગતમાં કેમ રાજ્ય કરતો નથી ? તારું ધાર્યું જ બધું કેમ થતું નથી ? હે ભાઈ ! તું અભિમાની બનીને તારું જીવન, તારાં કામો શું કામ બગાડે છે ? અભિમાન તો પાપનું મૂળ છે, એમ સંત તુલસીદાસ કહે છે. સંત તુલસીદાસ કહે છે :

**દયા ધરમ કા મૂલ હૈ, પાપમૂલ અભિમાન ।**
**તુલસી દયા ન છાંડિયો, જબ લગ ઘટ મેં પ્રાણ ॥**

માણસને ભાન હોવું જોઈએ કે મારાથી કશું થઈ શકતું નથી. ભગવાનની કૃપા હોય તો જ એ મને નિમિત્ત બનાવીને કાર્ય કરાવે છે - એવી સમજ કેળવવામાં જ કલ્યાણ છે. એક શ્લોક છે કે :

**અનુકૂલે જગન્નાથે સાનુકૂલં જગત્ત્રયં ।**
**નાનુકૂલે જગન્નાથે નાનુકૂલં જગત્ત્રયં ॥**

માનવી અનન્યભાવે હરિનું શરણું લઈ લે, પૂરી શ્રદ્ધાથી હરિનું સ્મરણ કરી લે અને નિમિત્ત બનીને ભગવાન કરાવે તે કામ કરવાનો ભાવ કેળવે તો એનાં બધાં દુઃખો નષ્ટ થઈ જશે.

માનવીએ તો પોતાના શરીરનો જ વિચાર કરવાનો છે અને કેવળ એને જ સાચવવાનું છે. જ્યારે જગદીશે તો આખા જગતને સાચવવાનું છે. કીડીને કણ અને હાથીને મણ આપવાની એ વ્યવસ્થા કરે છે. ભગવાન બધાંનું ભરણપોષણ કરે છે, એ વાત નીચેનો દોહો સરસ રીતે રજૂ કરે છે.

**અજગર કરે ન ચાકરી, પંછી કરે ન કામ,**
**દાસ કબીરા કહ ગયા સબકા દાતા રામ.**

ભગવાનની કળા અકળ છે અને પામર સંસારી એ સમજી શકે એમ નથી. 'પાપીગણુ' એક ભજનમાં ગાય છે કે :-

**તારી અકળ કળા છે ન્યારી રે, વાહ પ્રભુ વાહ.**
**એમાં શું સમજે સંસારી રે, વાહ પ્રભુ વાહ.**
**જ્યાં સંપત્તિ દંપતી સુખ છે, સંતતીનું મહાદુઃખ છે,**
**આ ગોઠવણી શી તારી રે? વાહ.**
**સંતાનો જે ઘર ઝાઝા ખાવા પીવાના વાંધા**
**તારી શું ગાવું બલિહારી રે?વાહ.**
**કુલટાને સજ્જન સ્વામી,**
**સતિના પતિમાં બહુ ખામી,**
**સહુની બુદ્ધિ ગઈ હારી રે... વાહ.**

ઈશ્વર બધાંની કાળજી રાખે છે અને દરેકને એના પ્રારબ્ધમાં લખ્યા પ્રમાણે જે તે વસ્તુ જે તે સમયે આપે છે. ભાગ્યમાં હોય તો જ મળે અને ભાગ્યમાં હોય તેટલું જ મળે. આ બધું માગો કે ના માગો પણ ભાગ્યમાં હોય તો આવી જ મળશે. ભક્ત નરસિંહ મહેતા લખે છે કે :-

**જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું,**
**તેહને તે સમે તે જ પહોંચે.**

પૂ.શ્રી આપણને સાચો બોધ આપતા જણાવે છે કે, હે ભાઈ ! દેહ પર ભરોસો રાખવાનું છોડ અને દેવ પર ભરોસો રાખ. તું દેવનો થઈને રહે. દેવનું અનન્ય ભાવે શરણ ગ્રહી લે. અભિમાન વિનાનો થઈને, નિમિત્ત બનીને જીવ અને પછી જો જીવન જીવવાની મઝા. તારા હૃદયમાં વિરાજમાન પરમાત્માને ઓળખ અને પછી એનાં અમૃતફળ ચાખ. પૂ.શ્રીનું એક ભજન ટાંકવાનું મન થાય છે. પૂ.શ્રી લખે છે :-

**પ્રભુ પરખ્યા હૃદે જેણે ફરે ભમતો જગે શાને ?**
**પીધું આકંઠ અમૃત તે કરે કાંજી વૃથા શાને ?**
**ખુશામત માળીની કદી ના કરે વસંત વનમાળી,**
**નિજાનંદે ફરે અવધૂત, દઈને મોતને તાળી.**

પરંતુ ઈશ્વરની અકળ કળા એવી છે કે મનુષ્ય બહારનું જોવા ટેવાયેલો છે, કારણ કે એની આંખ બહારનું જોવા માટે જ છે. અંદરનું જોવા માટે તો આંખ બંધ કરવી પડે. કાન બહારનું સાંભળવા ટેવાયેલા છે. અંતરનો નાદ સાંભળવા કાનને અંદર વાળવા પડે. ભાગ્યશાળી તે ગણાય, સદ્ગુરુના સાચા આશિષ પામનાર તે ગણાય કે જે ગુરુમહારાજમાં-ઈષ્ટદેવમાં અનન્ય ભક્તિ રાખી, નિમિત્ત બનીને કાર્ય કરે અને અંતર્મુખ બની અંતરમાં રહેલા પરમેશ્વરને ઓળખી એને અનુરૂપ જીવન જીવે.

**પૂ. પ્રેમ અવધૂતજી**ની એ વાત યાદ રાખીએ કે **'જાણેલું કામ નહિ આવે, જીવેલું કામ આવશે.**

□ □ □

## ૧૪. ભજો શું મૂરખ ભૂત અનેક?

**(ચિત્ત તું શીદને ચિંતા કરે - એ રાહ)**
**(રાગઃમિશ્ર દરબારી; તાલઃકહેરવા)**

**ભજો શું મૂરખ ભૂત અનેક? ઈશ્વર છે સઘળે એ એક. ...ટેક.**

**પાણી અંબુ જલ વારિ આપમાં, નામ વિના નહિ ભેદ;**
**[1]બાષ્પ બરફ રૂપે જૂદાં પણ અંત વારિ સહુ એક. ...ભજો૦ ૧.**

**શ્યામ કોલસો મેલો દિસે, હિરો ઝગમગ તેજ;**
**રાગદ્વેષથી જગત નચાવે; તત્ત્વ એહનું એ જ. ...ભજો૦ ૨.**

**સ્ત્રી પુમાન નપુંસક કહાવે, દેવી દેવ પરબ્રહ્મ;**
**[2]લિંગ થકી લિંગી જુદો એ, સચ્ચિદ્રૂપે ઓમ્. ...ભજો૦ ૩.**

**નામરૂપનો સકલ પસારો, માયાનો દરબાર;**
**માયી દરબારી ન્યારો છે, ખેલે અંદર બહાર. ...ભજો૦ ૪.**

**આદિઅંતમાં [3]અર્ક બિરાજે, મધ્યે મૃગજલ તૂત;**
**દેખી મૃગલાં દોડે અંધાં, જ્ઞાની પરખે ભૂત. ...ભજો૦ ૫.**

**ખેલ સમેટે આપ ખેલાડી, ખેલે ઈચ્છાસાર;**
**રંગ નાટકી નટવર ખેલે, નામ રૂપ મોઝાર. ...ભજો૦ ૬.**

૧. વરાળ. ૨. (i) જાતિ; (ii) ચિહ્ન. ૩. સૂર્ય.

□ □ □

# વિવરણ

આ સમગ્ર જગત ઈશ્વરથી વ્યાપ્ત છે, એવું ઈશાવાસ્ય-ઉપનિષદ કહે છે. છાંદોગ્ય ઉપનિષદમાં કહ્યું છે કે, હે સૌમ્ય ! પહેલાં આ એકમાત્ર અદ્વિતીય સત્ જ હતું. 'સદેવ સોમ્યેદમગ્ર આસીદેકમેવાદ્વિતીયમ્. । '

વળી, શ્રુતિ એમ પણ કહે છે કે, 'એકોઽહં બહુ સ્યામ્ । ' હું એક છું અને અનેક થાઉં. ગીતા પણ કહે છે કે આ સમગ્ર જગત વાસુદેવમય છે.

આ શ્રુતિની વાતને પૂ. બાપજી એક ભજનમાં આ રીતે રજૂ કરે છે :-

**"એક અનેક બના આપહી સે ખેલત નંદદુલારા,**
**જૂઠે જગ મેં જૂઠા ખેલા જૈસા મકરીજાલા"**

દત્તપ્રણતિમાં પૂ.શ્રી ગાય છે કે :-

"એકોઽહં સ્યામ્ બહ્વિતિ ભૂતોઽનેકો યો" હું એક છું અને (હવે) અનેક થાઉં એમ વિચારીને જે અનેક રૂપે પ્રગટ થયો એવો અર્થ છે.

ટૂંકમાં આ જગતમાં જે કાંઈ દેખાય છે, તે જડ-ચેતનમાં બધે એક જ ઈશ્વર વ્યાપીને રહેલો છે. "દ્વૈતાદ્ વૈ ભયમ્" એમ શ્રુતિ કહે છે. બેમાં-ભેદમાં જ ભય રહેલો છે. ભેદમાં જ ખેદ છે અને અભેદ જ નિર્વાણ છે-મોક્ષ છે એવું પૂ.શ્રી એક પ્રભાતિયામાં લખે છે :-

**"ભેદમાં ખેદ અભેદ નિર્વાણ છે,**
**ભક્તિમાં શક્તિ સઘળી પ્રકાશે."**

આ ભજનમાં પૂ.શ્રી અદ્વૈતવાદનો સિદ્ધાંત રજૂ કરે છે. દ્વૈતપણું-ભેદભાવ દૂર કરી બધાંમાં એક જ ઈશ્વર રહેલો છે, એવું દર્શન કરવું એ જ સાચું દર્શન છે, પરંતુ એવી બ્રહ્મદૃષ્ટિ કેળવવી સરળ નથી. પૂ.શ્રી દત્તદશકમાં લખે છે કે :-

**મહા તપસ્વી યોગીઓ ભેદે ગોથાં ખાય,**
**નાનાત્મૈક્ય જ્ઞાનથી રંગ પાર થઈ જાય.**

સચ્ચિદાનંદ બ્રહ્મ ઉપર નામ અને રૂપનો અધ્યાસ છે. આ વાતને પૂ. શ્રી શ્રીગુરુલીલામૃતમાં આ રીતે રજૂ કરે છે :

**મૂળ અખંડિત એક તું અસ્તિ ભાતિ પ્રિયરૂપ,**
**નામરૂપ નિમિત્તથી ભાસે નાનારૂપ.**

(અ.૧. દો.૨૧)

આ સિદ્ધાંતને સરળતાથી સમજાવવા પૂ.શ્રી જુદાં જુદાં દૃષ્ટાંતો-ઉદાહરણો આપે છે. પાણીના અંબુ, જલ, વારિ અને આપ એવાં જુદાં જુદાં નામ છે, પરંતુ નામ બદલવાથી પાણી બદલાતું નથી. પાણી તો પાણી જ રહે છે. એ જ રીતે અનેક નામવાળી અનેક વસ્તુમાં રહેલો ઈશ્વર તો એક જ છે. આ પાણી પ્રવાહીરૂપે હોય ત્યારે પાણી, વાયુરૂપે વરાળ અને ઘન સ્વરૂપે બરફના નામથી ઓળખાય છે, પરંતુ વરાળને ઠંડી પાડીએ એટલે એનું પાણીમાં રૂપાંતર થાય. બરફ પીગળે એટલે એનું પાણીમાં રૂપાંતર થાય. આમ, વરાળ, પાણી અને બરફનાં નામ અને રૂપ જુદાં જુદાં હોય છે, પણ મૂળ તો પાણી જ છે. એ જ રીતે રામ, કૃષ્ણ, શિવ, અંબા, ગણપતિ એવાં જુદાં જુદાં નામોમાં પરમ તત્ત્વ તો એક જ છે. ગમે તે નામથી ગમે તે સ્વરૂપને ભજો, પરંતુ જે સમજુ છે તેને તો બધાંમાં એક જ ઈશ્વરનાં દર્શન થાય છે. જે મૂરખ છે, અણસમજુ છે તેને નામ અને રૂપ બદલાતાં બધું બદલાયેલું જણાય છે.

પૂ. શ્રી આ વાત દત્તદશકમાં ખૂબ સરળતાથી રજૂ કરે છે :-

**મન બાંધે મન છોડવે રચ્યું મને આ સર્વ**
**'નાના નેહ' કથે શ્રુતિ એક અનેકે શર્વ**
**દત્ત કહે કોઈ તને, રામ કૃષ્ણ વળી કોક**
**દિનમણિ શિવ શક્ત્યાદિ તું નામ-રૂપ સહુ ફોક.**

પૂ.શ્રી એક બીજું ઉદાહરણ આપે છે : કોલસો કાળો છે અને સસ્તો છે. હીરો ઊજળો-સફેદ છે અને કીમતી છે. એટલે સામાન્ય વ્યક્તિને મન કોલસો અને હીરો બે જુદા છે, પરંતુ વિજ્ઞાનીને મન કોલસો અને હીરો બંને કાર્બનનાં જ સ્વરૂપો છે. એમની દૃષ્ટિથી તત્ત્વરૂપે બંને કાર્બન સ્વરૂપ છે, એક જ છે, પરંતુ આવી વૈજ્ઞાનિક દૃષ્ટિ સામાન્ય સંસારીને ક્યાંથી હોય ? એ જ રીતે બધાંમાં એક જ ઈશ્વરનું દર્શન કરવાની બ્રહ્મમયદૃષ્ટિ સામાન્ય માનવીને ક્યાંથી હોય ?

આ જ પરમ તત્ત્વ રાગદ્વેષથી આ જગતને નચાવે છે. કેવી રીતે ? પૂ.શ્રી જ્ઞાનકાંડની પ્રસ્તાવનામાં લખે છે :-

**મૂળે ૐ બ્રહ્મ નિર્ગુણ, ન થઈ તિહાં અહં સ્ફુરણ,**
**એ જ માયા પ્રકૃતિ ત્રિગુણ, તદધ્યક્ષ શ્રીદત્ત.**

શ્રીદત્ત એ માયાપતિ છે. માયા એટલે જ ત્રિગુણાત્મિકા પ્રકૃતિ. આ સમગ્ર જગત માયાને આધારે ભાસે છે. માયાના-પ્રકૃતિના ત્રણ ગુણ એટલે સત્ત્વ, રજસ્ અને તમસ્.

આમ, પરબ્રહ્મ માયાનો આશ્રય કરીને માયા દ્વારા જગતને ચલાવે છે. રાગ દ્વેષ એ રજોગુણનો ભાવ છે. રજોગુણ વ્યક્તિને પ્રવૃત્તિશીલ બનાવે છે અને પ્રવૃત્તિ કરનાર માટે રાગ અને દ્વેષ સહજ બને છે. આ માયા કેવી રીતે અસ્તિત્વમાં આવી ? માયા જેવું કશું છે ખરું ? માયાને અનિર્વચનીય, મિથ્યા પણ કહી છે. પરબ્રહ્મમાં સ્ફુરણા ન થઈ હોવા છતાં થઈ અને એમાંથી આ જગત સર્જાયું. પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે કે :

**અહં સ્ફુરણ બ્રહ્મે થયું ના થઈને જેહ,**
**તે જ પ્રકૃતિ જાણ તું, અભિન્ન નિઃસંદેહ.**

**(અ. ૧૬. દો. ૬૪)**

સ્ત્રી, પુરુષ, નપુંસક, દેવી, દેવ એ પરબ્રહ્મથી જુદાં છે. સચ્ચિદાનંદ પરબ્રહ્મ તો ૐકારરૂપે પ્રગટ થયો છે. ભગવદ્ ગીતા કહે છે કે, પરબ્રહ્મનાં ત્રણ નામ છે : એક-ૐ, બીજું-તત્ અને ત્રીજું-સત્. ગીતા કહે છે કે :

**ૐ તત્સદિતિ નિર્દેશો બ્રહ્મણસ્ત્રિવિધઃ સ્મૃતઃ ।**
**બ્રાહ્મણાસ્તેન વેદાશ્ચ યજ્ઞાશ્ચ વિહિતાઃ પુરા ॥**

ૐ, તત્ અને સત્ - એમ આ ત્રણ પ્રકારનું સચ્ચિદાનંદઘન બ્રહ્મનું નામ કહેવાયું છે. એ બ્રહ્મથી જ સૃષ્ટિના આરંભે બ્રાહ્મણો, વેદો તથા યજ્ઞ આદિ રચાયા.

આ ૐ - પરબ્રહ્મ ઉપર જ નામ અને રૂપનો પસારો છે. આ નામરૂપનો પસારો એટલે જ જગત. આ જગત જેવું જે દેખાય છે, તે માયાની કરામત છે. બાકી જગત જેવું કશું છે નહિ. 'બ્રહ્મ સત્યં જગન્મિથ્યા' એવું આદિ શંકરાચાર્ય કહે છે. આ પરબ્રહ્મ-કરોળિયાની માફક પોતાનામાંથી જ જગતનું નિર્માણ કરે છે અને અંતે પોતાનામાં જ સમાવી લે છે. કરોળિયો પોતાની નાભિમાંથી લાળ કાઢી જાળું ગૂંથે છે. આ જાળામાં માખી, મચ્છર સપડાય એટલે જાળું હાલે, પરિણામે કરોળિયાને ખબર પડી જાય કે શિકાર સપડાયો છે. જાળામાં ખૂણામાં બેઠેલો કરોળિયો ઝડપથી આવીને માખી કે મચ્છરનું લોહી ચૂસીને પાછો પોતાની મૂળ જગાએ જઈ પહોંચે છે. જે જાળામાંથી માખી કે મચ્છર નીકળી શકતાં નથી એ જાળામાં કરોળિયો એક છેડેથી બીજે છેડે મુક્ત રીતે ફરે છે. એનું કારણ એ છે કે તે કરોળિયાનો રચનાર છે. એ જ રીતે જગત એ માયાનો દરબાર છે, પરંતુ પરબ્રહ્મ પરમાત્મા તો માયાપતિ છે. એ બધાંથી ન્યારો છે અને તે જગતની અંદર અને બહાર ખેલતો હોવા છતાં લેપાતો નથી.

જગત દેખાય છે પણ છે નહિ. એને સમજાવવા માટે મૃગજળનું ઉદાહરણ આપવામાં આવે છે. રણમાં દૂર દૂર પાણી દેખાય છે, પરંતુ એ પાણી હોતું નથી. પરંતુ સૂર્યનાં કિરણોનું પરાવર્તન થતું હોવાથી પાણીનો ભ્રમ થાય છે. આ વાત નહિ સમજનાર અજ્ઞાની સંસારીરૂપી

હરણો મૃગજળ માટે આંધળી દોટ મૂકે છે. જ્યારે સમજુ માનવી મૃગજળના ભ્રમને જાણતો હોવાથી દોડતો નથી. આ દેખાતા જગતને પૂ.શ્રી જેવા સિદ્ધ સંતો મૃગજળ સમજે છે. જ્યારે આપણે માયાવી જીવો એને સાચું જળ મળે એ પામવા માટે દોડાદોડ કરીએ છીએ. પરિણામ શું ? નિરાશા અને દુઃખ.

આ સચ્ચિદાનંદ પરબ્રહ્મ માટે આ વિશ્વની રચના એક રમત છે. એ પોતાનામાંથી જગતરૂપી જાળું રચે છે. પોતાની ઈચ્છાનુસાર જાળામાં આવ જા કરે છે અને જ્યારે ઈચ્છે ત્યારે એ જાળાને ગળી જાય છે, પોતાનામાં સમાવી લે છે.

'હમ કૃષ્ણ કૃષ્ણ કહ ગાયેંગે' ભજનના અંતે પૂ.શ્રી લખે છે :

**સબ મેં સબ સે આપ હિ ન્યારા, ખેલ ખેલારી અસંગા,**
**રંગ રંગ કે ભેરુ બનાકે, ખેલત આપ અભંગા... હમ.**

આ ભજનને સાચા અર્થમાં સમજીએ અને એ પ્રમાણે જીવીએ તો આપણું જીવનવન નંદનવન બની જાય.

□ □ □

## ૧૫. મન મૂઢ અજાણ!

**(ઓ મન ભમરા - એ રાહ)**
**(રાગઃસારંગ; તાલઃકહેરવા)**

**મન મૂઢ અજાણ! ફાંફાં કાં મારે છે અમથાં આભમાં?**
**વળ મૂળ નિશાન, જેણે રે સંરક્ષણ કીધું ગાભમાં? ...ટેક.**

**પળપળમાં જાય કહાં દોડી, શરણું ભગવંત તણું છોડી?**
**આખર નાવે ફૂટી કોડી. ...મન મૂઢ૦ ૧.**

**અમૃત કીધું દેવો કાજે, સ્તન દૂધ ભર્યું બાળક કાજે;**
**ફળ ફૂલ અન્ન પૃથ્વી [૧]રાજે. ...મન મૂઢ૦ ૨.**

**ખડતૃણથી પશુને સંતોષે, કીડી કણ મણ હાથી પોષે;**
**ભજશે ના તે આખર રોશે. ...મન મૂઢ૦ ૩.**

**દિવસે પ્રગટે ભાનુદેવા, રાતે શશીતારકની સેવા;**
**ઋતુઓ અરપે વિધવિધ મેવા. ...મન મૂઢ૦ ૪.**

સાગરમાં ભરતી લાવે છે, વાદળથી જળ વરસાવે છે;
આકાશે [2]ચાપ ચઢાવે છે. ...મન મૂઢ૦ ૫.

લખ ચોરાશી જાતિ કીધી, કળ કર્મતણે હસ્તક દીધી,
વિધવિધતામાં ન કમી કીધી. ...મન મૂઢ૦ ૬.

જે ઘટ ઘટ માંહી બોલે છે, બાજીગર અળગો ખેલે છે;
જે જાણે તે [3]રંગ રેલે છે. ...મન મૂઢ૦ ૭.

---

૧. શોભે. ૨. ધનુષ. ૩. આનંદ લૂંટે છે.

□ □ □

# વિવરણ

મન એ અંતઃકરણની એક વૃત્તિ છે, જે સંકલ્પવિકલ્પ કરતી હોય છે. અંતઃકરણ ચિંતન કરે ત્યારે ચિત્ત કહેવાય, સંકલ્પ વિકલ્પ કરે ત્યારે મન કહેવાય. નિશ્ચય કરે ત્યારે બુદ્ધિ કહેવાય અને આ હું કરું છું એવી વૃત્તિને અહંકાર કહેવાય છે.

મનને જોઈ શકાતું નથી અને છતાં આ બધું કરનારું મન જ છે. શાસ્ત્રોમાં જેટલું મન વિશે કહેવાયું છે તેટલું કદાચ કોઈ બીજી વૃત્તિ વિશે કહેવાયું નથી.

વિષ્ણુ પુરાણમાં કહ્યું છે કે : **મનઃ એવ મનુષ્યાણાં કારણં બંધમોક્ષયોઃ ।**

આ વાતને પૂ. બાપજી દત્તદશકમાં આ રીતે મૂકે છે : ‘‘મન બાંધે, મન છોડવે, રચ્યું મને આ સર્વ.’’ આ મન જો સાચા રસ્તે વળે તો જીત, નહિ તો ફજેતી.

આ ભજનમાં પૂ. બાપજી મૂઢ અને અજાણ એવા મનને બોધ આપે છે, સમજાવે છે. માણસમાં જે વિવેકબુદ્ધિ હોવી જોઈએ તે વિવેકબુદ્ધિની શક્યતા અન્ય પ્રાણીઓમાં નથી. શ્રેય અને પ્રેય, શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ એ વચ્ચેનો ભેદ પારખી સાચું કરવાનું બુદ્ધિ નક્કી કરે તો તે વિવેકયુક્ત બુદ્ધિ છે. માનવીની આંખનો મોતિયો પાકે ત્યારે એને ઝાંખું ઝાંખું દેખાય છે અને તેથી વસ્તુને સાચી રીતે જાણી શકતો નથી.

માણસમાં મોહ જાગે ત્યારે એની બુદ્ધિ ભ્રમિત થાય છે. સાચું પારખી શકે નહિ અને સાચો નિર્ણય લઈ શકે નહિ

મૂઢતા એ મોહનું ઘેરું સ્વરૂપ છે. આવા મૂઢ અને અજાણ મનને પૂ. બાપુજી નિરર્થક પ્રયત્નો કરવાનું બંધ કરવાનું સૂચવે છે. મૂઢ વ્યક્તિને પાણીમાં રવઈ ફેરવતો જોઈને બીજાને એની દયા આવે એ સ્વાભાવિક છે. કારણ કે એ ગમે એટલો સમય પાણીને વલોવશે તોપણ એમાંથી માખણ નીકળવાનું નથી. વ્યક્તિએ લાગણીશીલ બનવું જોઈએ પણ એણે લાગણીવેડા કરવા જોઈએ નહિ.

મૂઢ વ્યક્તિ લાગણીવેડા કરવા માંડે છે. આવી વ્યક્તિના ખોટી દિશાના અર્થહિન પ્રયત્નોને પૂ. બાપજી આકાશમાં ફાંફાં મારવા સમાન ગણે છે. હવામાં બાચકાં ભરવા કે આકાશમાં ફાંફાં મારવાનો અર્થ જ એ છે કે પ્રયત્નો છે પણ પરિણામમાં શૂન્યતા છે. ખોટી દિશામાં થતા અર્થહીન પ્રયત્નો છે, હવાતિયાં મારે છે એમ કહેવાય.

વ્યક્તિ પરમાત્માનો સ્વીકાર કરે અને પોતાની પામરતા પિછાને તો એ પરમાત્માનું અનન્ય ભાવે શરણું લઈ લેશે. આવું શરણું લેનાર પ્રયત્નો તો કરશે પરંતુ પોતે નિમિત્ત બનીને અને ભગવાનને સાથે અને માથે રાખીને પ્રયત્નો કરશે. એક ચિંતક કહે છે કે ભગવાન અર્જુનના સારથિ બન્યા એટલે શું થયું ? અર્જુનને શું લાભ મળ્યો ? ભગવાને ભલે શસ્ત્ર હાથમાં ન લીધું. પરંતુ અર્જુન પર આવતા દુશ્મનનાં બધાં બાણો પહેલાં ભગવાનનાં માથા પર આવતાં અને પછી અર્જુનનાં  તરફ જતાં એટલે એ બાણની વેધકતા ભગવાન હરી લેતા હતા.

જેણે ગર્ભમાં જીવનું રક્ષણ કર્યું, જતન કર્યું એ પરમાત્માનું શરણું લઈ અક્ષય શાંતિ અને શાશ્વત સુખ મેળવવાનો મન દ્વારા પ્રયત્ન થવો જોઈએ. સ્વસ્વરૂપમાં સ્થિત થવું એ 'વળ મૂળ નિશાન' દ્વારા સૂચવાયું છે. મન દ્વારા ઇન્દ્રિયો કાર્યમાં પ્રવૃત્ત થાય છે એટલે ઇન્દ્રિયોને વિષયોમાંથી પાછી વાળી પરમાત્મા તરફ જોડવામાં મનની સાચી સમજ જરૂરી છે. પૂ.શ્રી મનને મુકાદમ અને ઇન્દ્રિયોને મૂજર કહે છે ત્યારે પરમાત્માને મનનો માસિક ગણાવે છે. પૂ. શ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે :-

**પ્રસન્ન મન શીખે સદા, આપી ઉચ્ચાનંદ-**
**જોડી મદ્રૂપે નહી, ત્યજી વિષયની ગંધ.**
**મન માગે સુંદર અતિ ! મન્મૂર્તિથી તેમ**
**ના સુંદર કોઈ વધુ, જાણ ત્રિભુવને એમ.**

(અ.મ.દો.૯૬-૯૭)

મનુષ્ય પોતાના જન્મની અથથી ઇતિ સુધીની પ્રક્રિયાની જાણકારી મેળવે તો એને પરમાત્માની અજબ-ગજબની કરામત માટે પૂર્ણ પ્રેમ પ્રગટે. શરીરનાં જીભ કે મગજ જેવાં અંગોની રચના વિશે જે તે ક્ષેત્રના નિષ્ણાતોની વાત સાંભળીએ તો મગજ પણ બહેર મારી જાય. આ મનુષ્ય શરીરની રચનાના પહેલા કદમથી માંડીને પૃથ્વી ઉપર પહેલો શ્વાસ લે ત્યાં સુધીના કદમનો સિલસિલો કેવળ ચમત્કારિક છે અને કેવળ પરમાત્મા - કુદરત જ આવું કરી શકે.

ધરતીનો છેડો ઘર- તેમ મનનું અંતિમ વિશ્રામ સ્થાન પરમાત્મામાં, સ્વસ્વરૂપમાં લીન થવું એ જ છે, પરંતુ ભગવાને આપણા શરીરમાં ઇન્દ્રિયો એ રીતે મૂકી છે કે મન બહાર ભટકવા નીકળે છે. આંખ બહારનું જુએ, કાન બહારનું સાંભળે, જીભ બહારની વસ્તુઓ ઉપભોગ કરી રસાસ્વાદ માણે વગેન્દ્ર, પરંતુ આ ઇન્દ્રિયોના ઉપયોગથી જીવન મહેકવું જોઈએ, બહેકવું જોઈએ નહિ.

જગત દેખાય છે પણ છે નહિ. એને સમજાવવા માટે મૃગજળનું ઉદાહરણ આપવામાં આવે છે. રણમાં દૂર દૂર પાણી દેખાય છે પરંતુ એ પાણી હોતું નથી, પરંતુ સૂર્યનાં કિરણોનું પરાવર્તન થતું હોવાથી પાણીનો ભ્રમ થાય છે. આ વાત નહિ સમજનાર અજ્ઞાની સંસારીરૂપી હરણો મૃગજળ માટે આંધળી દોટ મૂકે છે. જ્યારે સમજુ માનવી મૃગજળના ભ્રમને જાણતો હોવાથી દોડતો નથી. આ દેખાતા જગતને પૂ.શ્રી જેવા સિદ્ધ-સંતો મૃગજળ સમજે છે જ્યારે આપણે માયાવી જીવો અને સાચું જળ માની એ પામવા માટે દોડાદોડ કરીએ છીએ. પરિણામ શું ? નિરાશા અને દુઃખ.

આ સચ્ચિદાનંદ પરબ્રહ્મ માટે આ વિશ્વની રચના એક રમત છે. એ પોતામાંથી જગતરૂપી જાળું રચે છે. પોતાની ઈચ્છાનુસાર જાળામાં આવ-જા કરે છે અને જ્યારે ઈચ્છે ત્યારે એ જાળાને ગળી જાય છે, પોતાનામાં સમાવી લે છે.

હમ કૃષ્ણ કૃષ્ણ કહ ગાયેંગે ભજનમાં અંતે પૂ.શ્રી લખે છે :

**સબમેં સબસે આપ હિ ન્યારા, ખેલ ખેલારી અસંગા,**
**રંગ રંગકે ભેરું બનાકે, ખેલત આપ અભંગા....હમ...**

આ ભજનને સાચા અર્થમાં સમજીએ અને એ પ્રમાણે જીવીએ તો આપણું જીવન-વન નંદનવન બની જાય.

મન મર્કટ છે, વાંદરું છે એવું પૂ. બાપજીએ પ્રભાતિયામાં ગાયું છે અને ભજનમાં પણ કહ્યું છે. એ મર્કટ હોવાથી એક ડાળીએથી બીજી ડાળીએ કૂદાકૂદ કર્યા જ કરે છે. પૂ.શ્રી પ્રભાતિયામાં ગાય છે :-

**મૂળ સંસારનું મૂઢ મન માંકડું,**
**વિષયવૃક્ષો ભમે સ્વૈર ઘેલું,**
**ના ઠરે એક પલ, એકથી અન્ય પર**
**દોડતું દિવસ ને રાત મેલું.**

મૂઢ મન એ સંસારનું મૂળ છે. મન કાબૂમાં આવી જાય અને સત્પંથે પ્રયાણ કરે તો માનવીનો જન્મમરણનો ફેરો ટાળે છે, માનવીના મોક્ષનું કારણ બને છે. આ મનને સમજાવતાં પૂ.શ્રી કહે છે કે, ભગવાનનું શરણું છોડી તું ક્યાં દોડાદોડ કરે છે ? એ બધી દોડાદોડમાંથી તને કાંઈ પ્રાપ્ત થવાનું નથી. તારી સાથે ફૂટી કોડી પણ આવવાની નથી. ભગવાનનું શરણું લેવાનું ક્યારે ગમે ? ક્યારે ઇચ્છા થાય ? જ્યારે ભગવાનની સમર્થતા સમજાય ત્યારે. ભગવાને આપણા માટે શું કર્યું છે, તેની આપણને યાદ રહે તો આપણે ભગવાનનું શરણું કદી ન છોડીએ.

પરમાત્મા સર્વવ્યાપી અને સર્વ શક્તિમાન છે. આ સૃષ્ટિ પળવારમાં સર્જી દે છે અને પળવારમાં એનો લય કરી દે છે. દેવો માટે અમૃત કરનાર કોણ ? પરમાત્મા. બાળકના

જન્મ પહેલાં એના પોષણ માટે માતાનાં સ્તનમાં દૂધ ભરનાર કોણ ? પરમાત્મા. ફળ, ફૂલ, અનાજ વગેરે સર્જીને પૃથ્વીની શોભા વધારનાર કોણ ? પરમાત્મા. આ પરમાત્મા. દરેકને જિવાડે છે, પોષે છે. કીડીને કણ અને હાથીને મણ આપે છે. એના જગતમાં બધું જ વ્યવસ્થિત ચાલે છે. સદા પાણીમાં રહેનારી માછલીને કોઈ દિવસ શરદી નથી થતી. આવા સમર્થ પરમાત્માનું, અનન્ય ભાવે હે મન ? તું ભજન કર, નહિ તો આખરે રડવાનું થશે, પસ્તાવાનું થશે. બધા સુખનું મૂળ ભજન છે.

કર્તુમ્, અકર્તુમ્, અન્યથા કર્તુમ્ સમર્થ એવા પરમાત્મા આપણે માટે દિવસે સૂર્યદેવને પ્રગટાવે છે. સૂર્ય પ્રકાશ આપે છે. છતાં કોઈ દિવસ 'બિલ' ભરવું પડતું નથી, કનેક્શન કપાતું નથી. રાત્રે ચંદ્ર અને તારાની સેવા મળે છે. આ ચંદ્ર વનસ્પતિને પોષે છે. પરિણામે જુદી જુદી ઋતુઓમાં ઋતુને અનુસાર વિવિધ પ્રકારનાં ફળ મળે છે. ડૉક્ટરો હવે એવું કહે છે કે, જે ઋતુમાં જે ફળ આવે તે ફળ શરીર માટે તંદુરસ્તીકારક છે. માટે ખાવું. એનાથી કદી પણ નુકસાન થતું નથી. નુકસાન થતું હોત તો ભગવાને એ ઋતુમાં એ ફળ બનાવ્યું જ ના હોત. Trial and Error - અખતરો અને ભૂલની પદ્ધતિ કુદરતમાં નથી. સાગરમાં નિયમિત રીતે ભરતી અને ઓટ કોણ લાવે છે અને કેવી રીતે લાવે છે ? સાગરનાં જળમાંથી વાદળાં કોણ સર્જે છે અને કેવી રીતે સર્જે છે ? આ વાદળાંને ધરતી પર વરસાવી બધાંના જીવન માટે જરૂરી એવું પાણી કોણ પૂરું પાડે છે ? વાદળાં એ પરમાત્માનું વૉટરવર્ક્સ છે. ચોમાસામાં આકાશમાં સપ્તરંગી મેઘધનુષની રચના એ પરમાત્માની કમાલ છે. આકાશમાં-પરમાત્માએ પૂરેલી રંગોળી છે. આવા સમર્થ અને કરુણાસભર પરમાત્માનું તું સદા ભજન કર.

પરંતુ જે સમર્થ છે તે કહી બતાવતો નથી, કરી બતાવે છે. પરમાત્માએ ચોરાશી લાખ યોની બનાવી છે. માનવી, પશુઓ, પંખીઓ, જંતુઓની રચનાની અજાયબી જાણવી હોય તો Discovery Channel જેવી T.V. Channel જોવાથી જાણવા મળે અને પરમાત્માની શક્તિનો પરિચય મળે. આવો સમર્થ પરમાત્મા દરેકના શરીરમાં વસે છે, પરંતુ માનવીની વિશિષ્ટતા એ છે કે ભગવાને તેને બુદ્ધિ આપી છે અને બુદ્ધિને કેવી રીતે વાપરવી એની સ્વતંત્રતા આપી છે. માનવી બુદ્ધિનો સદુપયોગ કરી સત્કર્મ કરે તો પુણ્ય મળે અને પુણ્યનું ફળ સુખ મળે. માનવી બુદ્ધિનો દુરુપયોગ કરી ખરાબ કર્મો કરે તો પાપ મળે અને એનું ફળ દુઃખ ભોગવવું પડે. માણસે સુખી થવું છે કે દુઃખી એની ચાવી, એની કળ, ભગવાને કર્મ દ્વારા માનવીના હાથમાં મૂકી છે.

આવો પરમાત્મા પોતે જ માનવશરીરમાં આત્મારૂપે પ્રવેશે છે અને બધી જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિયને પ્રવૃત્તિમાં પ્રવૃત્ત કરે છે. જેમ સૂર્યની હાજરી માત્રથી જગતમાં પ્રવૃત્તિ ધમધમી ઊઠે છે તેમ આત્માની ઉપસ્થિતિ માત્ર શરીરની ઇન્દ્રિયોને કાર્યરત બનાવે છે.

આ બધું પરમાત્માની-આત્માની પ્રેરણાથી થતું હોવા છતાં એ તો બધાથી અળગો છે, અલિપ્ત છે. હે મન ! તારું મૂળ સ્થાન આ આત્મા છે. એને ઓળખ અને એ ઓળખવા માટે તું વિષયો છોડીને વિષ્ણુનું ચિંતન કર.

ભગવાનના આપણા ઉપરના અગણિત ઉપકારોને યાદ કરીએ, એ ઉપકાર કરનાર ભગવાનને યાદ કરીએ અને એ ઉપકારનું ઋણ અદા કરવાની વૃત્તિરૂપ પ્રવૃત્તિ કરી ગુણગ્રાહી બનીએ એવી પરમાત્માને પ્રાર્થના.

□ □ □

## ૧૬. મન મર્કટ રે!

**(ઓ મન ભમરા - એ રાહ)**

**(રાગઃસારંગ; તાલઃકહેરવા)**

**મન મર્કટ રે! કેમ ભમે છે નિત નિત [૧]નૂતન ડાળીએ?**
**સુખ સમણું રે, લેશ ન એમાં, કળથી અંદર ભાળીએ. ...ટેક.**

**જેમ જેમ રમાડું હું તુજને, તેમ તેમ પછાડે તું મુજને,**
**ફટ ફટ રે [૨]ન-ગણા ફટ તુજને! ...મન મર્કટ૦ ૧.**

**વિશ્વતણી આ વાડી રૂપાળી, ફળપુષ્પોથી સભર નિહાળી,**
**ભાન ગયો તું છેક જ ભૂલી. ...મન મર્કટ૦ ૨.**

**ઉપરથી અમૃતસમ ઓપે, માંહે ઝેર હલાહલ દીપે;**
**હાથે કંટકબીજ ક્યમ રોપે? ...મન મર્કટ૦ ૩.**

**વન છોડી વનમાળી ઢૂંઢે, જે માગે તે આપે મોઢે;**
**ચઢ નિષ્કામતણે વરઘોડે. ...મન મર્કટ૦ ૪.**

**[૩]કામકિરાતે જાળ બિછાવી, મૂઢ તને એ અતિ મન ભાવી;**
**કાં હાથે [૪]હીરાકણી ખાવી? ...મન મર્કટ૦ ૫.**

**શી રીતે તુજને સમજાવું? વિષય કેફ હા! કેમ ભૂલાવું?**
**દિવ્ય ઔષધિ ક્યાંથી લાવું? ...મન મર્કટ૦ ૬.**

**જ્ઞાનસુધારસ બૂંદ પીએ જો, [૫]મોહ-ધૂંધ ક્ષણમાં નિસરે તો;**
**મર્કટ [૬]મોહન રંગ બને તો!! ...મન મર્કટ૦ ૭.**

---

૧. નવી. ૨. ગુણ ભૂલી જનાર; કૃતઘ્ન. ૩. પારધીએ. ૪. હીરાની કણી કે ભૂકો જે ઝેરી હોય છે. ૫. કામરૂપી/મોહરૂપી ઝાંખ. ૬. પરમાત્માસ્વરૂપ.

□ □ □

# વિવરણ

કઠોપનિષદમાં કહ્યું છે કે :-

**શ્રેયશ્ચ પ્રેયશ્ચ મનુષ્યમેત**
**સ્તૌ સમ્પરીત્ય વિવિનક્તિ ધીરઃ ।**
**શ્રેયો હિ ધીરોડભિ પ્રેયસો વૃણીતે**
**પ્રેયો મન્દો યોગક્ષેમાત્ વૃણીતે.**

(દ્વિતીય વલ્લી. શ્લોક-૨)

શ્રેય અને પ્રેય એ બંને મનુષ્યની સામે આવે છે. બુદ્ધિશાળી માનવી એ બંનેના ગુણદોષો પર અલગ અલગ રીતે વિચાર કરે છે અને જાણવાનો પ્રયત્ન કરે છે. જે ખરેખર બુદ્ધિશાળી છે, તે નીર ક્ષીર વિવેકી હંસની જેમ પ્રેયની ઉપેક્ષા કરી શ્રેયની જ પસંદગી કરે છે.

શ્રેય એટલે જેમાં માનવીનું કલ્યાણ રહેલું છે તે અને પ્રેય એટલે મનને જે ગમે છે તે. ધ્રુવના પિતા ઉત્તાનપાદને બે રાણીઓ હતી. એકનું નામ-સુનીતિ અને બીજીનું નામ-સુરુચિ. આ કથાનો તત્ત્વાર્થ સમજાવતાં પૂ.ડોંગરે મહારાજ કહે છે કે, ઉત્તાનપાદ એ જીવ છે. માનવીનો જન્મ થાય ત્યારે એનું માથું નીચે હોય છે અને પગ (પાદ) ઊંચા (ઉત્તાન) હોય છે. આ જીવને બે રાણી છે : સુનીતિ એટલે શ્રેય અને સુરુચિ એટલે પ્રેય. જીવને સુનીતિ નથી ગમતી, અણમાનીતી છે અને સુરુચિ ગમે છે. એ માનીતી રાણી છે, પરંતુ અક્ષય શાંતિ-શાશ્વત સુખ એવું ધ્રુવપદ તો સુનીતિની કૂખે જ જન્મે.

સામાન્ય માનવી તો ખાઓ-પીઓ અને લહેર કરો એને જ જીવન માની, આ દેવદુર્લભ માનવજીવનને વેડફી દે છે. ગીતાજી આ વાતને સાત્ત્વિક સુખ (શ્રેય) અને રાજસિક સુખ (પ્રેય)ના સ્વરૂપે રજૂ કરે છે.

ગીતામાં કહ્યું છે કે :-

**યત્તદગ્રે વિષમિવ પરિણામેડમૃતોપમમ્ ।**
**તત્સુખં સાત્ત્વિકં પ્રોક્તમાત્મબુદ્ધિપ્રસાદજમ્ ॥**
**વિષયેન્દ્રિય સંયોગાદ્યત્તદગ્રેડમૃતોપમમ્ ।**
**પરિણામે વિષમિવ તત્સુખં રાજસં સ્મૃતમ્ ॥**

(અ.૧૮ શ્લોક.૩૭-૩૮)

જે શરૂઆતમાં ઝેર જેવું જણાય છે, પણ પરિણામમાં અમૃતરૂપ હોય છે, એવું પરમાત્મા વિષયક બુદ્ધિના પ્રસાદમાંથી ઊપજનારું સુખ સાત્ત્વિક સુખ (શ્રેય) કહેવાયું છે.

જે સુખ વિષય અને ઈન્દ્રિયોના સંયોગથી થાય છે એ શરૂઆતમાં-ભોગકાળમાં-અમૃતરૂપ

જણાતું હોય છે, પણ પરિણામે ઝેર જેવું છે. માટે એ સુખ રાજસ સુખ (પ્રેય) કહેવાયું છે.

આ ભજનમાં પૂ. બાપજી મનને પ્રેયમાર્ગ છોડી શ્રેયમાર્ગ તરફ વળવા સમજાવે છે. આપણી ઈન્દ્રિયો બહિર્મુખ હોવાથી સંસારના ભોગોમાં આપણને રુચિ થાય એ બહુ સ્વાભાવિક છે, પરંતુ 'આપણે ભોગો ભોગવતા નથી, પરંતુ ભોગો આપણને ભોગવે છે' એવો ભર્તૃહરિનો શ્લોક કોઈ આપણને સમજાવે તો કદાચ આપણે ભોગો તરફની રુચિ ઓછી કરીએ. સામાન્ય અજ્ઞાની ગ્રાહક તો વસ્તુ ખરીદતી વખતે વસ્તુનું કદ, વસ્તુનું રૂપ અને વસ્તુની કિંમત એ ત્રણ વાતથી જ નિર્ણય લે છે, પરંતુ કોઈ જાણકાર એમ સમજાવે કે વસ્તુનું કદ કે રૂપ નહિ જોવા પણ એની ગુણવત્તા જોવાની,. ગુણવત્તા જાણ્યા પછી એની કિંમત પૂછવાની. પરંતુ ટી.વી., ફ્રીઝ કે વૉશિંગ મશીનની ગુણવત્તા કેવી રીતે ખબર પડે ? આપણે તો રૂ. ૫૦૦નું પેન્ટ હવે રૂ. ૩૦૦માં એટલું વાંચીને જ લલચાતા હોઈએ છીએને !

આ ભજનની શરૂઆતમાં પૂ.શ્રી મનને વાનર કહે છે. વાનરનો સ્વભાવ રોજે રોજ નવી નવી ડાળીઓ ઉપર કૂદાકૂદ કરવાનો છે, તેમ મનને પણ રોજ રોજ નવા નવા વિષયોનો ઉપભોગ જોઈએ છે. એણે વિષયો ભોગવીને એમાંથી સુખ પ્રાપ્ત કરવું છે. પૂ.શ્રી એને ચેતવે છે અને સમજાવે છે કે એમાં સહેજ પણ સુખ નથી. જો વિષયોમાં સુખ નથી તો આપણને એમાં સુખ છે એમ કેમ લાગે છે ? સંસારમાં સુખી કોણ ? સંસારીને મન લાડી, વાડી અને ગાડી ધરાવનારો. સંતોને મન ભજન કરનારો, સ્વસ્વરૂપમાં સ્થિર રહેનારો. પૂ.બાપજી મનને કહે છે કે, આ વિષયોમાં જણાતું સુખ સમણારૂપ છે. એ સુખ સાચું નથી. એ તો આભાસ માત્ર છે. તું એમાં સહેજ યુક્તિપૂર્વક નજર નાંખ, યુક્તિપૂર્વક એ સુખનો વિચાર કર તો તને સમજાશે કે આ સુખ એ સાચું સુખ નથી. પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં આ વાતને સમજાવતા લખે છે કે :-

**સ્વાત્મસુખ સ્વાધીન જે, છોડી દોડે જેહ -**
**વિષયો પાછળ ગાભરો, રડે દુઃખથી તેહ.**
**થાય સફળ તો એ કદી, વિષય દુઃખનું મૂળ,**
**ક્ષણભંગુર, પરતંત્ર એ, કરે વિરસ વ્યાકુળ.**
**વિષયેચ્છુને સર્વદા, પીડે રાગદ્વેષ,**
**મોહશોકશ્રમાદિથી, થાય અંતરે ક્લેશ.**
(અ.૯.દો.૩૨,૩૫,૩૭)

વિષયોમાંથી મળતા સુખને પૂ.શ્રી સાચું સુખ નથી કહેતા એનાં ત્રણ કારણો છે : એક તો એ પરતંત્ર છે. તમારે સુખ મેળવવા વિષયની જરૂર પડે. મનગમતું ભોજન મળે તો

સુખ મળે. સાચું સુખ સ્વાધીન હોય - સ્વતંત્ર હોય. કોઈના પર આધારિત ન હોય. બીજું વિષયોમાંથી મળતું સુખ ક્ષણભંગુર છે, કાયમી નથી. આજે મનગમતું ભોજન મળ્યું અને પેટ ભરીને જમ્યા એટલે આનંદ આનંદ, પરંતુ આ આનંદ દસ-પંદર દિવસ રહે અને પાછું ''બહુ દિવસથી મનપસંદ વસ્તુ ખાધી નથી'' એવું યાદ આવવા માંડે અને માનવી વ્યાકુળ થાય. સાચું સુખ કાયમી હોય, શાશ્વત હોય. ત્રીજું વિષયમાંથી સુખ મળતું નથી, પરંતુ સુખ મળ્યાનો આભાસ થાય છે. સાચું સુખ તનમનને તંદુરસ્ત કરે, પ્રફુલ્લિત રાખે. વિષયભોગ ભોગવનારો રોગી બને છે. પૂ.શ્રી લખે છે :-

**ભોગ રોગનું મૂળ છે, ભોગ મૂળ અવિચાર,**
**યૌવન, ધન, સત્તામદે થાય નષ્ટ વિચાર.**

(અ.૭. દો.૫૦.)

માનવી ધ્યેયહીન જીવન જીવે છે એટલે અંતે પસ્તાય છે. પરમ તત્ત્વનું દર્શન એ સાચું જીવનધ્યેય હોવું જોઈએ. પૂ.શ્રીએ ભરજુવાનીમાં સંસાર છોડી, વગડો સેવ્યો કારણ એ કે એમનું જીવનધ્યેય એકદમ સ્પષ્ટ હતું અને એકદમ ઊંચું હતું.

પૂ.શ્રી મનને ઠપકો આપતા કહે છે કે, તારું ગમતું કરી તને રાજી રાખવાનો હું જેમ જેમ પ્રયત્ન કરું છું, તેમ તેમ તું મને પછાડે છે, હેરાન કરે છે. તને રાજી રાખવા માટે મેં જે કર્યું તે ગુણ તું યાદ રાખતો નથી. તું નગુણો છે. તું ધીક્કારને પાત્ર છે. સાધનામાં 'દમ'નું પગથિયું પહેલું છે, પછી શમનું પગથિયું છે. ઈન્દ્રિયદમન કર્યા વગર મન વશ થાય નહિ. મનને રાજી રાખવા ઈન્દ્રિયોને છૂટો દોર આપવો પડે. મન જ્યારે ઈચ્છે ત્યારે અને જે ઈચ્છે છે તે આપીએ તો રાજી થાય, પણ એમાં પરમાત્મા પ્રાપ્તિનું ધ્યેય ચુકાય.

જ્ઞાનપ્રાપ્તિમાં દમનું મહત્ત્વ ઘણું છે. દમ વિશે શંકરાચાર્ય કહે છે કે :-

**નિગ્રહો બાહ્યવૃત્તિનાં દમ ઈત્યભિધીયતે ।**

બાહ્યવૃત્તિનો નિગ્રહ કરવો તેને દમ કહે છે. શાસ્ત્રમાં દમ વિશે કહેવાયું છે કે :-

**દમેન સદશં ધર્મં નાન્યલોકેષુ શુશ્રુભઃ ।**
**દમો હિ પરમો લોકે પ્રશસ્તઃ સર્વધર્મિણામ્ ॥**

દમના જેવો બીજો કોઈ ધર્મ અમે જગતમાં સાંભળ્યો નથી. દરેક ધર્મમાં 'દમ' જ ઉત્તમ મનાયો છે. દમનું આટલું મહત્ત્વ કેમ છે ? તો એનું જે ફળ છે તે મહત્ત્વનું કારણ છે. દમના ફળ વિશે કહેવાયું છે કે :

**પ્રેત્ય ચામુત્ર મનુષ્યેણ પરમં વિન્દતે સુખમ્ ।**
**દમેન હિ સમાયુક્તો મહાન્તં ધર્મમશ્રુતે ॥**

જે દમનું અનુષ્ઠાન (પાલન) કરે છે તે મનુષ્ય આ લોક અને પરલોકમાં સુખ પ્રાપ્ત કરી મોટા ધર્મને ધારણ કરે છે.

દમ દ્વારા ઈન્દ્રિયો ઉપર કાબૂ મેળવી મનને વિષયોપભોગમાંથી પરમાત્મા પ્રાપ્તિના પંથે વાળવાનું છે. વિશ્વના વિવિધ ભોગોમાં મન ભાન ભૂલી ગયું છે, પરંતુ વિષયોમાંથી મળતું સુખ એ સાચું સુખ નથી. એનું પરિણામ રડાવનારું હોય છે. ઉપરથી અમૃત જેવું જણાય, પરંતુ અંદર તો હળાહળ ઝેર હોય છે. આવું માયાવી વિશ્વ છે.

મનને પૂ. બાપજી સમજાવે છે કે, તું નિષ્કામભાવે કર્મો કર. વનને બદલે વનમાળીને શોધ. વનમાળી મળતાં જ એ તને તું માગશે તે આપશે.

પૂ.શ્રી જાણે છે કે, એકવાર વનમાળી મળી જાય તો પછી મન વિષયો માગશે જ નહિ. રાજપાટના હેતુથી જંગલમાં તપ કરવા ગયેલા ધ્રુવને જ્યારે ભગવાને દર્શન આપ્યાં ત્યારે એને સમજાયું કે, રાજપાટ તો કાચના ટુકડા સમાન છે. ભગવાન મળ્યા પછી એને છોડીને કોણ રાજપાટ માગે ? નિષ્કામ કર્મની પ્રશંસા ગીતામાં વારંવાર કરવામાં આવી છે. નિષ્કામ કર્મની સમજ આપતાં પૂ. બાપજી એક ભજનમાં લખે છે કે :

**કરવું તો નિષ્કામ કર્મ હો સાધો ।... કરવું.**
**સોંપી ફળ પ્રભુને, કરવું જે આવે,**
**સ્મરવું હરિપદ દમ-બ-દમ ।... કરવું.**

કર્તવ્ય પ્રવાહમાં સ્વાભાવિક રીતે આવી પડે તે કર્મ, શ્વાસે શ્વાસે હરિનું સ્મરણ કરવું અને એનું જે પરિણામ આવે તેને પ્રભુની પ્રસાદી માની સ્વીકારવું. કર્તાપણાનો ત્યાગ કરી નિમિત્ત બનીને પ્રભુપ્રીત્યર્થે કર્તવ્યરૂપ કર્મો કરવા.

મૂઢ મન કામરૂપી પારધીએ બિછાવેલી જાળમાં ફસાય છે અને દુઃખી થાય છે. મન વિષયની ઈચ્છા ન કરે એવી દિવ્ય ઔષધિ કઈ ?

પૂ.શ્રી છેવટે કહે છે કે, જો આ જ્ઞાનામૃતનું એક બિંદુ પણ પીવે તો મનની મોહની ઝાંખ દૂર થઈ જાય. એને બધું સ્પષ્ટ દેખાતું થઈ જાય અને એ વિષયને છોડીને વિષ્ણુમાં રત થઈ જાય. મનરૂપી વાનર નારાયણ બની જાય.

શ્રી હરિભાઈ કોઠારી કહે છે કે : -"તું તારી દિશા બદલ, તારી દશા બદલાઈ જશે." મન પણ એની દિશા બદલે તો પરમાત્મા સ્વરૂપ બની જશે.

□ □ □

## ૧૭. મન મરજીવા!

(ઓ મન ભમરા - એ રાહ)

(રાગઃસારંગ; તાલઃકહેરવા)

મન [1]મરજીવા! છે મોતી અમૂલખ એક અંતર સાગરે;
એ રસ પીવા, ગ્રહ સદ્‌ગુરુની બાંહ્ય આ ભવસાગરે. ...ટેક.

જ્યાં આપતણું બળ નવ ચાલે, એ વિણ પત્તું તૃણ નવ હાલે;
આખર જમ કેશ સહી ઝાલે. ...મન૦ ૧.

ગુરુજ્ઞાનઘટા ગહરી છાઈ, [2]આંધી અજ્ઞાનતણી ધાઈ;
[3]ધર્મામૃતમેઘઝડી આઈ. ...મન૦ ૨.

મન છીપમહીં બિંદુ પડીયું, સત્ત્વામૃત સ્વાતિ જઈ ઠરીયું;
પાણી અમુલખ ત્યાં તો ચઢીયું. ...મન૦ ૩.

સહુ દ્વાર જુક્તિથી બંધ કરી, દશમે જઈ પ્રાણ વસેજ ઠરી;
મારે ડૂબકી હરિનામ સ્મરી. ...મન૦ ૪.

ત્યાં કાયરનું નવ કામ જરી, નુગરો જાએ ક્ષણમાં જ મરી;
કોઈ એક કરોડે જાય તરી!! ...મન૦ ૫.

તનુ [4]વર્મ શીલનું દૃઢ ધરી, [5]ઊર્મિની હેઠે જાય ફરી;
દેખે એ [6]મુક્તા **રંગ** હરિ! ...મન૦ ૬.

---

૧. જીવને જોખમે મોતી કાઢનાર. ૨. ધૂમસ. ૩. સમાધિકાળમાં ચાલતો આત્માકાર વૃત્તિનો અખંડ પ્રવાહ. ૪. બખ્તર. ૫. **(i)** પાણીનાં મોજાં **(ii)** મનના સંકલ્પ વિકલ્પાત્મક તરંગો. ૬. મોતી.

□ □ □

## વિવરણ

મન વિષે ઘણું ઘણું કહેવાયું છે :

- "મન હોય તો માળવે જવાય."
- Where there is a will, there is a way.
- Sound Mind has a Sound body.
- મન જ બંધન અને મોક્ષનું કારણ છે.
- મન એ ઈન્દ્રિયોનો રાજા છે. એ રાજા શું કરે છે એનો ખ્યાલ આંખરૂપી દીવાનને જોતાં આવે છે.

મન મહીપ કે આચરન, દગ દીવાન કહ દેત.

પૂ.શ્રીએ મનને મૂઢ કહ્યું છે, માતંગ કહ્યો છે, મર્કટ કહ્યું છે. મૂઢ મન માનવીને હેરાન-પરેશાન કરી નાંખે છે. ફજેતીનો ફાળકો કરી નાંખે છે. આ જ મન જો સમજુ બની જાય

તો રામનું દર્શન કરાવી દે છે. મન વિશે કહેવાયું છે કે :

**મનકી હારે હાર હૈ, મનકી જીતે જીત**
**મન મિલાવે રામ કો, મન હિ કરે ફજીત.**

આ ભજનમાં પૂ.શ્રી મનને મરજીવા સાથે સરખાવે છે. મરજીવો જાનનાં જોખમે દરિયાનાં પેટાળમાં જઈને મોતી લઈ આવે છે. આ મન પણ ઇચ્છે તો પરમાત્મારૂપી મોતી-અંતરરૂપી સાગરમાંથી લઈ આવે એમ છે. એકવાર મનમાં પરમાત્મા પ્રાપ્તિની ધૂન-લગની લાગવી જોઈએ.

**શ્રુતિ કહે છે : નાયમાત્મા બલહિનેન લભ્યઃ ।**

પરમાત્માની પ્રાપ્તિ એ કાયરનું કામ નથી. એમાં તો મરજીવાની જેમ સાહસ કરવાનું રહે છે.

પૂ. બાપજીએ ૨૭ વર્ષની ઉંમરે નારેશ્વરમાં આસન મૂક્યું ત્યારે સ્થાન કેવું ? ભયંકર. સંજોગો કેવા ? બિહામણા. સુખ સગવડ કેવી ? જરા પણ નહિ. મુશ્કેલીનો પાર નહિ, પરંતુ પ્રભુપ્રાપ્તિ માટે આ બધું સહન કરવાની તૈયારી હતી. કવિ કહે છે કે :-

**હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને,**
**પરથમ પહેલાં મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને.**

શરીરરાખા માટે આ માર્ગ જ નથી. હૃદયરૂપી સાગરમાં રહેલા પરમાત્માને કેવી રીતે પ્રાપ્ત કરી શકાય, એ માટે સદ્‌ગુરુનું માર્ગદર્શન અને સદ્‌ગુરુની કૃપા બંને જરૂરી છે. સદ્‌ગુરુની બાંય પકડીને આ ભવસાગરમાં એ રસ પીવાનો છે.

આ સંસારમાં ભગવાનની ઇચ્છા વિના એક પાંદડું પણ હાલતું નથી. અરે ! એક તણખલું પણ હાલી શકતું નથી. માનવીનું જોર ચાલતું નથી. માનવી જ્યારે મહેનત કરે છે ત્યારે એને ખ્યાલ આવવો જોઈએ કે, આ મહેનત પણ ઈશ્વરની કૃપાથી જ કરી શકું છું. મૃત્યુ ગમે ત્યારે આવી શકે એમ છે. જમ ક્યારે માથાના વાળ ઝાલીને ઉપાડી લેશે એનો કોઈ ભરોસો જ નથી. આવી અનિશ્ચિત પરિસ્થિતિમાં જે કાંઈ કરવા જેવું છે તે વહેલી તકે કરી લેવું જોઈએ.

અંતર સાગરમાં રહેલું મોતી કેવી રીતે પામવું એની રીત પૂ.શ્રી બતાવે છે. પૂ.શ્રી કહે છે કે, સહુ પ્રથમ તો સદ્‌ગુરુની કૃપા અને એનું માર્ગદર્શન પ્રાપ્ત કરવાનું છે. સદ્‌ગુરુ કૃપા અને હરિકૃપા ત્યારે જ થાય જ્યારે આત્મકૃપા થાય. વ્યક્તિ પોતે પરમાત્માની પ્રાપ્તિ માટે અંતર સાગરમાં રહેલાં મોતીને પ્રાપ્ત કરવા માટે સાધન ચતુષ્ટયથી સંપન્ન થાય ત્યાર પછી સદ્‌ગુરુ પ્રાપ્ત થાય, સદ્‌ગુરુની કૃપા પ્રાપ્ત થાય અને સદ્‌ગુરુ હાથ ઝાલીને અગમઘાટ ચઢાવે. પૂ.શ્રી એક ભજનમાં લખે છે કે :-

**કથે જ્ઞાન અરુ ક્રિયા શીખાવે પકડ દસ્ત સલૂના,**
**ઘાટ અગમપે આપ ચઢાવે જહાં સાંઈકા થાના... સદા ભજો.**

જેણે આ અમૂલખ મોતી મરજીવા થઈને પ્રાપ્ત કર્યું છે, એવા સમર્થ ગુરુનું માર્ગદર્શન અને એમની કૃપા અત્યંત આવશ્યક છે. યોગ દ્વારા આત્મતત્ત્વને પામવાના સંદર્ભમાં પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે કે :-

**યોગરહસ્ય સુગૂઢ એ કેવળ સદ્‌ગુરુગમ્ય,**
**હોય કૃપા ગુરુદેવની, જાણે રંગ સુકમ્ય.**

(અ.૩૫.દો.૧૧૮)

સમુદ્રનાં તળિયે જઈને મોતી લાવનારો મરજીવો જાનના જોખમે આ સાહસ કરે છે. આ મોતી સાગરનાં તળિયે આવ્યું ક્યાંથી ? એવું કહેવાય છે કે જે છીપમાં સ્વાતિ નક્ષત્રમાં વરસાદનું જળબિંદુ પડે છે તેનું મોતી બને છે. વર્ષાઋતુમાં જે છીપમાં મોતી તૈયાર થાય છે, તે છીપ સમુદ્રનાં તળિયેથી સમુદ્રની સપાટી પર આવી ખૂલ્લી થાય છે. સ્વાતિ નક્ષત્રમાં વરસાદનું બિંદુ એમાં પડે એટલે એ છીપ બંધ થઈ સમુદ્રનાં તળિયે જતી રહે છે અને એ જળબિંદુનું મોતીમાં રૂપાંતર થાય છે. મોતી પકવવા છીપ જોઈએ, છીપ ખુલ્લી થવી જોઈએ, સ્વાતિ નક્ષત્ર હોવું જોઈએ. એમાં વરસાદ થવો જોઈએ અને એ વર્ષાનું જળબિંદુ ખુલ્લી છીપમાં પડવું જોઈએ. આ ભજનમાં પૂ.શ્રી કહે છે કે મનરૂપી છીપને સાધકે ખુલ્લી કરવાની છે. આ માટે વિવેક, વૈરાગ્ય, ષટ્‌સંપત્તિ અને મુમુક્ષુપણું એ ચાર સાધનો-સાધન ચતુષ્ટય-સાધવાનાં છે. આ છીપમાં વર્ષાનું જળબિંદુ પડવું જોઈએ અને તે સ્વાતિ નક્ષત્રમાં જ પડવું જોઈએ. આ સમજાવતાં પૂ.શ્રી લખે છે કે, ''ગુરુ જ્ઞાનઘટા ગહરી છાઈ.'' વરસાદ આવતાં પહેલાં મેઘાડંબર છવાઈ જાય તેમ ગુરુની કૃપા થતાં જ્ઞાનનો પ્રકાશ ચારેકોર ફેલાઈ જાય છે. અજ્ઞાનનો નાશ થાય. ગુરુના માર્ગદર્શન અને કૃપાથી અજ્ઞાન નાશ પામતાં અવિદ્યાનો નાશ થવાથી ભ્રાંતિ દૂર થાય. પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે કે :-

**જ્ઞાનાભ્યાસે તેમ એ ખસેડતાં અજ્ઞાન,**
**માયાપડળ ખરી પડે થાય સ્વાત્મનું ભાન.**

(અ.૯.દો.૩૦)

સ્વસ્વરૂપનાં દર્શનથી, સ્વાત્મભાનથી મન બ્રહ્માકારવૃત્તિવાળું બની જતાં અત્ર, તત્ર, સર્વત્ર એક પરમાત્માનાં દર્શન કરે છે. ગુરુકૃપા પ્રસાદીરૂપ ધર્મામૃતમેઘની ઝડી વરસતાં મનરૂપી છીપમાં ગુરુકૃપાથી જ્ઞાનનું એક બિંદુ પડતાં એ જળબિંદુ મોતી બને છે. આ મન ગુરુકૃપાની પ્રસાદીને ધન્ય પળે-સ્વાતિ નક્ષત્રમાં ઝીલે છે અને પછી તે પ્રમાણે વૃત્તિ-પ્રવૃત્તિ કરે છે, એટલે એ ગુરુકૃપાનું જળ અમૂલખ મોતીમાં રૂપાંતર પામે છે.

સદ્‌ગુરુની કૃપાદૃષ્ટિ, કૃપાકટાક્ષ, એક સાન પૂરતી છે. પૂ.શ્રીના ઘણાં ભજનમાં આ વાતનો ઉલ્લેખ થયો છે.

- શાણે **સ્હેજ સામે** જોયું, જોતાં મેં મારાપણ ખોયું. (મારા મનમંદિરિયામાંહ્ય
- સાનમાં સમજાવ્યું, શાણે **સાનમાં** સમજાવ્યું.

  ભણેલું ભુલાવ્યું, શાણે **સાનમાં** સમજાવ્યું.
- લખપતિ તો ભૂખે મરે, માલ ભિખારી ખાય,

  **અણસારે** સમજાવ્યું રે, અનુભવી અર્થ કરે. (બેઠો બેઠો ભાળે રે)
- **સાનમાં** સમજાવે રે, રીતિ એ તો સંતતણી. (વાણીમાંહે શૂરા.)
- કોક દિન **મટકું** એક મળે, ક્લેશ કારમા આઘા પળે. (મનનસાર)

મનની વૃત્તિ બ્રહ્માકાર ક્યારે થાય ? જીવ-શિવનું મિલન થાય, સ્વસ્વરૂપનું જ્ઞાન થાય ત્યારે એ સ્થિતિ આવે. આ સ્થિતિ માટે શરીરનાં નવ દ્વાર બંધ કરી દશમું દ્વાર-બ્રહ્મરંધ્ર-સહસ્રાર ખોલવાનું છે. શરીરમાં બે આંખ, બે કાન, બે નસકોરાં, એક મોં, એક ગુદા અને એક લિંગ એમ મળી બહાર જવાનાં નવ દ્વાર છે. આ દ્વાર વિષયભોગના છે. દશમું દ્વાર મસ્તકમાં રહેલું. આ જ જીવનનું લક્ષ્ય છે. આ વાતને પૂ.શ્રીએ કંઈ કેટલાં ભજનમાં મૂકી છે.

**દેહ અવધપુર આતમરામા, એહિ દ્વારિકા શ્યાના,**
**નવ દ્વાર પર દશમ બિરાજે, વહાં કિસનકા થાના... પ્યારે.**

આ નવે દ્વારને મુક્તિથી બંધ કરી પ્રાણને સુષુમ્ણા નાડીમાં લઈ જઈ, છ ચક્ર ભેદીને પછી છેવટે બ્રહ્મરંધ્રમાં લઈ જવાના છે. સતત પ્રભુ સ્મરણ કરતાં કરતાં આ દશમ દ્વાર ખોલવાનું છે. આ કાર્ય કોઈ વિરલો જ કરી શકે. કાચાપોચાનું કામ નથી. દમ અને શમની સ્થિતિ માટે આકરા પ્રયત્નો કરવા પડે. મનને વિષયોમાંથી પાછું વાળી એને વિષયાસક્તિ રહિત બનાવવા વર્ષોની આકરી સાધના જરૂરી બને છે. એ તો પૂ.શ્રી જેવા પુણ્યશાળી આત્મા જ કરી શકે.

ચારિત્ર્યનું બખતર પહેરી, મનના સંકલ્પ વિકલ્પના તરંગને શાંત કરી પછી અંતર સાગરમાં તળિયે પહોંચી મુક્તિરૂપી મોતી લાવવાનું છે. સ્વસ્વરૂપનાં દર્શન થતાં જ, અવિદ્યાનો નાશ થતાં બંધન જેવું કશું છે જ નહિ. એટલે મુક્ત થવાનું ક્યાં રહ્યું ? એ જ્ઞાન આવે છે.

મરજીવાનો અર્થ જ એ છે કે મરીને જીવનારો. સાધનાના સમુદ્રમાં ડૂબકી મારતી વખતે અનેક વિઘ્નોનો સામનો કરવાનો રહે છે. એમાં કદાચ મૃત્યુ પણ થાય. પ્રભુકૃપાથી ટકી

જઈએ તો આત્મદર્શનરૂપી મોતી લઈને બહાર આવવાનું સદ્‌ભાગ્ય મળે છે. આત્મદર્શન માટેની સાધના એટલે લોહીનું પાણી કરવાનું, કાચો પારો ખાવાનો.પરંતુ સફળતા વરે તો જયજયકાર અને સફળ ના થવાય તોપણ જીવન તો ઉન્નત બને જ બને.

ભગવાને દુર્લભ એવો મનુષ્યદેહ સુલભ કર્યો છે અને એ પોતે અનુકૂળ પવન થઈને વાય છે, તો આ પંથે જેટલું જવાય એટલું જઈએ એવી અભિલાષા અને ગુરુમહારાજને પ્રાર્થના.

□ □ □

## ૧૮. સૂણ ચતુર સુજાણ!

**(ઓ મન ભમરા - એ રાહ)**
**(રાગઃસારંગ; તાલઃકહેરવા)**

**સૂણ ચતુર સુજાણ! વાતલડી કહું છું રે તુજને મીઠડી;**
**ઉર ઉદિયો ભાણ, તેજ ન માએ અંતર સ્વરની વાટડી. ...ટેક.**
**જે આંખ મીંચીને દેખે છે, તે ઝગમગ જ્યોત વિલોકે છે;**
**દૃગ્ દૂરબીન ત્યાં તો થાકે છે. ...સૂણ૦ ૧.**

**ત્યાં વિદ્યુત્ લેશ ઝબૂકે ના, સૂર તારક ચંદ્ર પ્રકાશે ના;**
**અગ્નિ અણુ મારગ કાપે ના. ...સૂણ૦ ૨.**

**અજ્ઞાની ઉલ્લૂની પેરે, પરણે જઇને [૧]તમની વેરે,**
**અટવાએ [૨]અટવીને ફેરે. ...સૂણ૦ ૩.**

**જે દેહ મૂકીને દોડે છે, અભ્યંતર મુખને [૩]મોડે છે;**
**ભવબંધન તે નર તોડે છે. ...સૂણ૦ ૪.**

**છોડી ગુણ આકૃતિ જઇ મળીચું, અગ્નિમાં કાષ્ટ જઇ ભળીચું;**
**તેજે જઇ તેજ થઈ રહીચું. ...સૂણ૦ ૫.**

**[૪]સાતે જઇ [૫]સવિતામાં મળતા, સહુ રંગ એકમાં જઇ ભળતા;**
**જ્યાં એક અનેક સૂરો શમતા. ...સૂણ૦ ૬.**

---

૧. અંધકાર. ૨. (જન્મમરણરૂપી) જંગલ. ૩. ફેરવે છે. ૪. મેઘધનુષના સાત રંગો.૫. સૂર્યમાં.

□ □ □

# વિવરણ

આ ભજનમાં પૂ.શ્રી ચતુર અને સુજાણ વ્યક્તિને મીઠી વાતલડી કહેવાનું જણાવે છે. તો કઈ વાતને પૂ. બાપજી મીઠી વાતલડી કહે છે ? એવું શું બન્યું કે જેને પૂ.શ્રી મીઠી વાતલડી ગણે છે અને ચતુર અને સારી રીતે જાણકાર હોય એવાને કહેવાની ઈચ્છા કરે છે. આ સ્થિતિને જાણવા માટે પૂ.શ્રીએ કરેલી કેટલીક વાતો જાણીએ.

સને ૧૯૬૨માં દ્વારકામાં ઊજવાયેલી પૂ.શ્રીની ૬૫મી રંગ જયંતીના સંદેશામાં તેઓ કહે છે : "ઇન્દ્રિયોનો પ્રવાહ સામાન્ય રીતે બહિર્મુખ જ હોય છે અને તેથી જ તે સર્વ સુખનિધાન આત્માને જોઈ શકતી નથી, પણ એનો પ્રવાહ એટલે તદનુગમન કરતી ચિત્તની વૃત્તિઓ - 'ચિત્' તરફ - ચૈતન્યસાગર પ્રભુ તરફ વળી એમાં લીન થાય કે જીવાત્મા ચૈતન્યસ્વરૂપ-આનંદસ્વરૂપ જ બની જાય છે. ચિત્તમાંથી (ચિત્+ત=ચિત્ત) તકાર એટલે કે વિષયાધ્યાસ નીકળી જાય અને વિષયને બદલે એ સર્વ વિષયનું અધિષ્ઠાન વિશ્વનાથનું ચિંતન કરવા લાગે કે એ તદ્રૂપ જ થઈ જાય છે એને અનાદ્યનન્ત આનંદ સાગરમાં ભળી જતાં દુઃખ એને શોધ્યુંય જડતું નથી."

એટલે પૂ.શ્રી આવી પરિસ્થિતિ બની હશે એની વાત કરવા માગતા હશે. શ્રીગુરુલીલામૃતના ૨૮મા અધ્યાયના દોહરા નં. ૭૬ થી ૯૪ સુધીના દોહરા ધ્યાનપૂર્વક વાંચતા પૂ.શ્રી જે મીઠી વાતલડી કહેવા માગે છે એ પરિસ્થિતિનો ખ્યાલ આવે છે. પૂ.શ્રી આ દોહરામાં લખે છે તેમ પૂરક, રેચક અન કુંભકની જેમ જેમ માત્રા વધે તેમ તેમ નાડી શુદ્ધ થતી જાય, ચિત્ત પણ ઠરે અને પ્રાણ જય થાય. ઉત્તમ પ્રાણાયામ સિદ્ધ થવાથી પ્રાણ સત્વરે બ્રહ્મરંધ્રમાં જઈ ઠરે છે. શ્વાસોશ્વાસ બંધ થાય છે. શરીર નિશ્ચેષ્ટ થાય છે અને યોગીને મેઘનાદ જેવી ગર્જના સંભળાય છે. ત્રણ માસ સુધી નિયમાનુસાર પ્રાણાયામ કરવાથી સુષુમ્ણા માર્ગ શુદ્ધ થાય છે. કુંડલિની જાગ્રત થાય છે. પ્રાણ સુષુમ્ણા નાડીમાં ઉપર ચઢે છે અને છ ચક્રો ભેદાય છે અને બ્રહ્મગ્રંથિ, વિષ્ણુગ્રંથિ અને રુદ્રગ્રંથિ એમ ત્રણે ગ્રંથિ ભેદાય છે. પ્રાણ ઊર્ધ્વગતિ કરે છે અને ઉન્મની અવસ્થા પ્રાપ્ત થાય છે. હવે પ્રાણ બ્રહ્મરંધ્રમાં બાર દિન ઠરતાં શ્રેષ્ઠ સમાધિનું સુખ મળે છે. આમ, પ્રાણ જય કરીને ઇન્દ્રિયોમાંથી મનને પાછું વાળવામાં આવે છે. આ સ્થિતિ, આ દશામાં જીવ-શિવનું મિલન થાય છે અને આવરણ હટતાં જીવ-શિવ બે એક થઈ જાય છે.

આ સ્થિતિને સમજાવતાં પ.પૂ. પ્રકાશાનંદજી મહારાજ વાર્તાલાપમાં લખે છે કે :

**નેત્રસ્થં જાગરિતં વિદ્યાત્કંઠે સ્વપ્નં સમાવિશેત્ ।**
**સુષુપ્તં હૃદયસ્થં તુ તુરીયં મૂર્દ્નિ સંસ્થિતમ્ ॥**

(બ્રહ્મોપનિષદ)

જીવાત્મા જાગ્રત અવસ્થામાં જમણા નેત્રસ્થાનમાં રહી પ્રત્યક્ષાદિ પ્રમાણ વૃત્તિઓ દ્વારા બધો વ્યવહાર કરે છે. સ્વપ્નાવસ્થામાં કંઠસ્થાનમાં હીતા નામની નાડીમાં બુદ્ધિપ્રવેશ થઈને ભ્રમવૃત્તિ દ્વારા વિવિધ દશ્યો રચી લે છે. સુષુપ્તિ અવસ્થામાં હૃદયદેશમાં પૂરીતત નામની નાડીમાં પ્રવેશ કરીને બુદ્ધિ અવિદ્યામાં લીન થઈ જાય છે, પરંતુ ત્યાં અવિદ્યાવૃત્તિ તો રહે જ છે. જ્યારે વૃત્તિ સત્ત્વપ્રધાન થઈ બ્રહ્મરંધ્રમાં જઈને સમાધિ દ્વારા જીવ-બ્રહ્મ વચ્ચેનાં આવરણનો ભંગ કરીને બ્રહ્મસુખનો અનુભવ કરે છે તે જ અદ્વૈત ભાવનારૂપ સવિકલ્પ સમાધિ કહેવાય છે. સવિકલ્પ સમાધિમાં સત્ત્વપ્રધાન વૃત્તિ રહે છે. તે વૃત્તિ પણ જ્યારે સ્વરૂપમાં લય પામે ત્યારે તે અદ્વૈત અવસ્થાનરૂપ નિર્વિકલ્પ સમાધિ કહેવાય છે, તે જ ગુણાતીત અવસ્થા કહેવાય છે.

પૂ.શ્રી આવી ગુણાતીત અવસ્થા-નિર્વિકલ્પ સમાધિના અનુભવની મીઠી વાતલડી કહેવા માગે છે. આ સ્થિતિનું વર્ણન કરતાં પૂ.શ્રી કહે છે કે, અંતરમાં સૂર્ય ઊગ્યો છે અને તેનું તેજ અંતરમાં માતું નથી. સાધક આંખ મીંચીને-અંતર્મુખ બનીને યૌગિક સાધના કરે છે ત્યારે એના ફળસ્વરૂપ જ્યોતિ સ્વરૂપ આત્માનાં દર્શન કરે છે. આત્માનો આ પ્રકાશ અદ્ભુત છે.

ઉપનિષદ કહે છે :-

**ન તત્ર સૂર્યો ભાતિ ન ચંદ્રતારક**
**નેમા વિદ્યુતો ભાન્તિ કુતોડયમગ્નિઃ ।**
**તમેવ ભાન્તં અનુભાતિ સર્વં**
**તસ્ય ભાસા સર્વમિદં વિભાતિ ॥**

શ્રુતિની આ વાતને પૂ.શ્રી દત્તપ્રણતિમાં આ રીતે રજૂ કરે છે :

**યદ્‌ભાસા રવિચન્દ્રમસૌ તૌ ભાસ્વન્તૌ**
**યં ભાસયિતું નો શકતૌ તૌ સ્વબલેન ।**
**યં ભાન્તં હ્યનુભાતિ સમસ્તં તડિદાદિ**
**દત્તાત્રેયં તં હૃદિસન્તં પ્રણતોડસ્મિ ॥**

ભજનમાં પૂ. બાપજી લખે છે :-

**ત્યાં વિદ્યુત લેશ ઝબૂકે ના,**
**સુર તારક ચંદ્ર પ્રકાશે ના,**
**અગ્નિ અણુ મારગ કાપે ના ॥... સૂણ.**

આત્મદર્શનવેળા અંતરમાં થતા ઝળહળતા પ્રકાશમાં સૂર્ય, ચંદ્ર, તારા,

વીજળી, અગ્નિ કોઈ કહેતા કોઈ જણાતા નથી. આ સૂર્ય-ચંદ્ર પણ એ આત્માના પ્રકાશે જ પ્રકાશે છે.

પરંતુ આવું સમાધિ સુખ મેળવવા લોહીનું પાણી કરવું પડે, આકરી સાધના કરવી પડે. સંસારમાં રચ્યાપચ્યા રહેનાર અજ્ઞાની જીવને તો આ સાધનાની અને તે દ્વારા મળતા શાશ્વત સુખની ખબર જ નથી. જ્યારે સૂર્યનારાયણ ઊગે છે ત્યારે ઘુવડને દેખાતું બંધ થાય છે. સૂર્યાસ્ત થાય, અંધારું થાય એટલે ઘુવડનું જીવન શરૂ થાય. અજ્ઞાનરૂપી અંધારામાં જીવતાં અજ્ઞાનીરૂપી ઘુવડ જન્મમરણનાં ચક્કરમાં અટવાયા કરે છે. એને આવા ફેરામાંથી છૂટવાનો વિચાર જ આવતો નથી. એ દિશામાં એ પ્રયત્ન જ કરતો નથી. સંસારના વિષયભોગો પ્રત્યે તિરસ્કારવૃત્તિ જાગે, પ્રભુપ્રાપ્તિ માટે પ્રેમ જાગે ત્યારે એ વ્યક્તિ સાધના પથ પર ચાલવા માંડે છે. એ વ્યક્તિ હવે દમ દ્વારા ઈન્દ્રિય દમન કરે છે. દેહ એક સાધનમાત્ર છે. દેહ ક્ષણભંગુર છે, દુઃખનું મૂળ છે એવું જાણી શરીરનું જતન છોડી અંતર્મુખ થઈને વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ સાધીને સમાધિસુખ પ્રાપ્ત કરે છે અને જન્મમરણનું બંધન તોડે છે, જન્મમરણનાં ચક્કરમાંથી છૂટી જાય છે.

આ નિર્વિકલ્પ સમાધિની સ્થિતિમાં વ્યક્તિ ત્રણે ગુણોથી પર થાય છે. ગુણાતીત અવસ્થામાં રહે છે. તેજમાં જઈને તેજ સ્વરૂપે સ્થિત રહે છે. આત્મા જ્યોતિસ્વરૂપ છે. એ આત્માનું મૂળ સ્વરૂપ છે. જનકરાજાએ પૂછેલા પ્રશ્નના જવાબમાં યાજ્ઞવલ્ક્ય મુનિ જણાવે છે કે, હે રાજા ! આદિત્યજ્યોતિઃ ! અર્થાત્ સૂર્યના પ્રકાશવાળો પુરુષ છે. પછી ઋષિ ચંદ્ર, અગ્નિ, વાણી દ્વારા પ્રકાશ મેળવે છે એમ કહીને અંતે કહે છે કે, આત્મા જ આ પુરુષનો પ્રકાશક છે અને આત્માના પ્રકાશ વડે જ આ પુરુષ બધી ક્રિયાઓ કરી શકે છે. આત્મા એ સ્વયં જ્યોતિસ્વરૂપ હોવાથી બધું તેજસ્વરૂપ થઈ રહે છે.

મેઘધનુષના દેખાતા સાત રંગ એ સૂર્યના પ્રકાશનું જ પરાવર્તન છે. બધા રંગો આખરે સૂર્યમાં જ ભળી જાય છે. આ સમગ્ર વિશ્વ આપણું સમગ્ર અસ્તિત્વ એક સત્ સ્વરૂપ પર આધારિત છે. બધું આખરે એ સત્ તત્ત્વમાં જ ભળી જાય છે. આ સત્માંથી જ બધું જન્મે છે. એમાં સ્થિત રહે છે અને એમાં લય પામે છે. આપણા શરીરમાં રહેલો આત્મા એ પણ સત્ સ્વરૂપ જ છે.

❑ ❑ ❑

## ૧૯ છેડ મા છેડ મા છેડ મા રે

(બોલ મા બોલ મા બોલ મા રે - એ રાહ)
(રાગઃપીલુ; તાલઃહીંચ (દાદર))

**છેડ મા છેડ મા છેડ મા રે, વાત બ્રહ્મ વિના બીજી છેડ મા. ...ટેક.**
**મેવા મિઠાઈ મીઠાં ત્યજીને, ગંધાતી વિષ્ટા હેડ[1] મા રે. ...વાત૦ ૧.**
**દરાખ દાડમ કેળ ત્યજીને, કડવાં તે કેરાં વેડ[2] મા રે. ...વાત૦ ૨.**
**ચંદન કલ્પદ્રુમ ઉખેડી, કાંટાને પાણી રેડ મા રે. ...વાત૦ ૩.**
**રંગ બજારે ફાંફાં નકામાં, બાળમુકુંદ તારી કેડમાં રે. ...વાત૦ ૪.**

▯ ▯ ▯

## વિવરણ

અતિશય પુણ્યના પરિણામરૂપ જીવ મનુષ્યનો અવતાર પામે છે. મનુષ્યને ભગવાને બુદ્ધિ આપી છે. સારા નરસાનો વિચાર કરવાની વિવેકશક્તિ દ્વારા મનુષ્યે જન્મમરણના ફેરામાંથી છૂટવાનો પ્રયત્ન કરવાનો છે. મનુષ્ય જીવનના સંદર્ભમાં એ સાચી દિશામાં વિચાર કરે, સાચા પંથે વળે અને સાત્ત્વિક જીવન જીવે તો એ લક્ષ્યસિદ્ધિ પામી શકે, પરંતુ કેટલી વ્યક્તિ સાચા પંથે વળે છે ?**પૂ. બાપજી**

**એક પ્રભાતિયામાં લખે છે કે :-**
**વિષયની વાતમાં વિષ્ણુ ભૂલી ગયા,**
**રાખની આશમાં લાખ ખોયા.**
**દેહની ચિંતમાં દેવ કોરે રહ્યા,**
**મોહિનીજાળમાં સર્વ મોહ્યા.**

આ માયાની મોહિની જાળ એવી છે કે એમાં ભલભલા મોહ્યા છે, તો પછી બીજાની તો વાત જ શી ? પાંદડાં ખાઈને તપ કરનારા કે કેવળ વાયુનું ભક્ષણ કરીને સાધના કરનારા પણ રસ્તો ભૂલ્યા છે, તો આપણી તો વાત જ શી ? આપણે તો કેટલું સાવધ રહેવું પડે? ભગવાનની માયા એવી છે કે, સત્ય ગમે નહિ, અસત્ય ગમે. રામ નામ ગમે નહિ, વિષયસુખ ગમે. મહાભારતના દુર્યોધનની જેમ આપણે પણ એવું કહેવું પડે કે :-

**જાનામિ ધર્મં ન ચ મે પ્રવૃત્તિ ।**
**જાનામ્યધર્મમ્ ન ચ મે નિવૃત્તિ ।**

ધર્મ શું તે હું જાણું છું પણ તે પ્રમાણે જીવી શકતો નથી અને અધર્મ શું છે તે પણ

જાણું છું, પરંતુ એ પ્રમાણેનું વર્તન કરવાનું હું છોડી શકતો નથી.

વ્યક્તિ પોતાની પ્રકૃતિને વશ થઈને, લાચારીપૂર્વક અમુક જ રીતે વર્તતો હોય છે. પૂર્વ જન્મના કર્માનુસાર સ્વભાવ લઈને આવતી વ્યક્તિ એની રીતે જ વર્તતો હોય છે.

પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે કે :

**હંસ મોતીડા ચરે, વાયસ વિષ્ટા ખાય,**
**વિષયી દોડે વિષયમાં, ભક્ત ગુરુકથા ગાય.**

(અ.૧.દો.૧૧૨.)

પૂ.શ્રીનું આ ભજન મીરાંના 'બોલ મા, બોલ મા, બોલ મા, રે' ભજનની યાદ તાજી કરે છે. આ ભજનમાં પૂ.શ્રી મનને સ્વાધીન એવા સ્વાત્મસુખને પામવા માટેના રસ્તે ચાલવાની વાત કરે છે. હે મન ! તું બ્રહ્મ વિનાની બીજી વાત કરીશ નહિ, કારણ કે તું જેનો વિચાર કરશે, જેની વાત કરશે તે સ્વરૂપ તું થઈ જશે. ભમરીનું ચિંતન કરનારો કીડો આખરે પોતે ભમરી થઈ જાય છે. જેવો સંગ, જેવી વાત તેવું જીવન એ ન્યાયે સત્સંગ કરી ત્યાં સંસારની વાતો છોડી, બ્રહ્મની વાતો કરવાથી વ્યક્તિનું મન બ્રહ્મમય થવા લાગે છે અને એ અભ્યાસથી જ વ્યક્તિ જન્મમરણનો ફેરો ટાળી શકે છે.

વિષયના ઉપભોગમાં મળતું સુખ એ સાચું સુખ નથી એટલે પરમાત્મા વિષયક ચિંતન, વિચાર, પરમાત્મા વિષયક વાતો-વાણી અને પછી એને અનુરૂપ સાધન-વર્તન એ જ શાશ્વત સુખ અને અક્ષય શાંતિ પામવાનો રાજમાર્ગ છે. વિષયવસ્તુને પૂ.શ્રી ગંધાતી વિષ્ટા, કડવાં કેરાં અને કાંટાને પાણી રેડી ઉછેરવા જેવી પ્રવૃત્તિ કહે છે. જ્યારે બ્રહ્મની વાતોને મેવા-મિઠાઈ, દરાખ, દાડમ અને કેળાં તથા ચંદન અને કલ્પવૃક્ષ સાથે સરખાવે છે.

મીરાંનાં ભજનની પંક્તિ છે :

**સાકર શેરડીનો સ્વાદ ત્યજીને**
**કડવો તે લીમડો ઘોળ મા રે...**
**પૂ.શ્રીના ભજનની પંક્તિ છે :**
**મેવા મીઠાઈ મીઠાં ત્યજીને,**
**ગંધાતી વિષ્ટા હેડ મા રે...**

માનવજીવનનો હેતુ શું ? એનું લક્ષ્ય શું ? એનો હેતુ સ્વસ્વરૂપની પહેચાન. આત્મસાક્ષાત્કાર પોતાના આત્માના સાચા સ્વરૂપને ઓળખવું, અંતર્મુખ થવું. માણસ સુખ પામવા માટે જગતરૂપી બજારમાં ફાંફાં મારે છે. એ એવું માને છે કે, વસ્તુઓ હશે તો હું સુખ મેળવી શકીશ. મારા સુખનું કેન્દ્ર જગતની વસ્તુઓ છે, પણ આ એની ભ્રમણા છે. આત્મા પોતે જ આનંદ સ્વરૂપ છે. આ અંતરઆત્માને ઓળખવાથી અક્ષય સુખની,

સાચા અને શાશ્વત આનંદની પ્રાપ્તિ થાય છે.

પરંતુ આપણી કરુણતા એ છે કે આપણે પોતે આનંદસ્વરૂપ હોવા છતાં બહાર આનંદને શોધીએ છીએ અને જગતની વસ્તુમાંથી આનંદ મેળવવા માટે ફાંફાં મારીએ છીએ. "કેડમાં છોકરું અને ગામમાં શોધ્યું" કહેવતને પૂ.શ્રી રજૂ કરતાં કહે છે કે, રંગ બજારે ફાંફાં નકામા, બાળમુકુંદ તારી કેડમાં રે. ઉપનિષદ આ જ વાતનો - પ્રાપ્તસ્ય પ્રાપ્તિ તરીકે સમજાવે છે.

પૂ.શ્રીનું "પ્રભુ પરખ્યા હૃદે જેણે, ફરે ભમતો જગે શાને ?" એ ભજન જીવી બતાવીએ તો ધન્ય ધન્ય થઈ જવાય.

□ □ □

## ૨૦. ઘરની ઘરની ઘરની રે

**(બોલ મા બોલ મા બોલ મા રે - એ રાહ)**

**(રાગઃપીલુ; તાલઃહીંચ (દાદર))**

**ઘરની ઘરની ઘરની રે, મૂળ શોધ કરો અસલી ઘરની. ...ટેક.**
**સ્વપ્નાની માયા સઘળે વિસ્તારી, જૂઠીબાજી બાજીગરની રે.**
**...મૂળ૦ ૧.**
**ચૌદ બ્રહ્માંડની વાતો કરે પણ, ખબર નહિ નિજ ઘરની રે.**
**...મૂળ૦ ૨.**
**જો જો આંગણિયે ઐરાવત બાંધ્યો, કરે પંચાત કાં [૩]ખરની રે.**
**...મૂળ૦ ૩.**
**રાજાની રાણી ભીખ સહે કાં? તું તો રાણી વિશ્વંભરની રે.**
**...મૂળ૦ ૪.**
**જ્યાં દેખે ત્યાં રાજ તિહારું, વાત પછી ક્યાં રંગ ડરની રે.**
**...મૂળ૦ ૫.**

---

**૧. ઉઠાવવું (નિમાડી શબ્દ છે). ૨. વીણવું. ૩. ગધેડો.**

□ □ □

## વિવરણ

આર્યનારી માટેનું સૂત્ર છે : ધરતીનો છેડો ઘર અને ઘરનો છેડો વર. ઘર અને વરને સાચવી ગ્રૃહસ્થ જીવન ઉજજ્વળ કરો. કવિ નિરંજન ભગતનું ઘર વિશે એક કાવ્ય છે. કવિ એ કાવ્યમાં પ્રશ્ન પૂછે છે કે તમે ઘર કોને કહેશો ? ટપાલી જ્યાં ટપાલ નાંખી જાય

તે ઘર છે ? એવા અનેક પ્રશ્નો પૂછ્યા પછી તેઓ કહે છે કે, જ્યાં આવી વ્યક્તિ માથેથી ટોપી ઉતારી ખીંટી પર ભેરવે, લાકડી લટકાવે અને પછી ખુરશી પર બેસી 'હાશ' ઉચ્ચારે તે ઘર ? મકાન અને ઘરમાં ફેર છે. ઈંટ-ચૂનાનું બાંધકામ તે માન (House) પરંતુ મકાનમાં લોહીના સંબંધોથી બંધાયેલી વ્યક્તિઓ રહે ત્યારે તે ઘર (Home) કહેવાય. એટલે સ્કૂલે ભણતા છોકરાને ઘરે જઈને ભણવાનું જે કામ કરવાનું હોય તેને ઘરકામ (Home Work) કહેવાય, પરંતુ થિયેટરમાં બધી ટિકિટ વેચાઈ જાય ત્યારે House Full કહેવાય.

પંખીનું આશ્રય સ્થાન માળો, પશુનું આશ્રય સ્થાન ગભાણ કે ગુફા અને માનવીનું આશ્રય સ્થાન ઘર, પરંતુ પૂ. બાપજી અસલી ઘરની શોધ કરવાનું કહે છે. ઈંટ-ચૂનાનું ઘર એ અસલી ઘર નથી. અસલી ઘર એટલે જ્યાં પહોંચીને, જ્યાં રહેવાનુ રાખીને પછી બીજે ક્યાંય રહેવાનું શોધવું ન પડે. આપણે બીજી બધી વસ્તુ મેળવવાની શોધ કરીએ છીએ, પરંતુ સાચી શોધ, મૂળ શોધ તો છે અસલી ઘરને શોધવાની.

ઈંટ-ચૂનાનું મકાન એ અસલી ઘર નથી, તો શું આપણું શરીર, આપણો દેહ એ અસલી ઘર છે ? આ શરીરનો શાસ્ત્રકારો ઘર તરીકે ઉલ્લેખ કરે છે.

**કામ, ક્રોધ, લોભ, મોહૌ દેહે તિષ્ઠન્તિ તસ્કરાઃ ।**
**જ્ઞાનરત્નાપહારાય, તસ્માજ્જાગૃહિ જાગૃહિ ॥**

આ વાતને પૂ.શ્રી દત્ત નામસ્મરણમાં આ રીતે જણાવે છે :-

**પડ્યો ઘોર ઊંઘે તું આ દેહગેહે,**
**મહીં સર્વ દ્વારે જ જો ચોર પેહે.**
**હરે જુલ્મજોરે ધસી આત્મવિત્ત**
**ત્યજી ઊંઘ આ જીવ તું શીઘ્ર ઊઠ.**

શરીર એ ઘર છે. આ નવ બારણાંવાળા ઘરમાં આત્મારૂપી માલિક રહે છે, એવી સમજ આપતાં પૂ.શ્રી લખે છે કે :-

**ગૃહ સુંદર આ માહરું દેહરૂપ જે જાણ,**
**આત્મા દેવમહીં વસે, શુદ્ધ નિરંજન માન.**
**ગવાક્ષદ્વારાદિક થકી દીસે ગેહ સુંદર,**
**આનંદે રહે ગૃહપતિ નવદ્વારયુત ઘર.**

(અ.દ.દો.૫૫અને૫૬.)

પરંતુ આ શરીર એ પણ અસલી ઘર નથી. આ શરીરરૂપી ઘરને છોડીને એનો માલિક-આત્મા એક દિવસ જતો રહેવાનો છે. આ શરીરને છોડીને આત્મા જ્યાં જાય તે સ્થાન

એ આપણું અસલી ઘર છે. જ્યાં જઈને પાછું ધરતી પર આવવાનું થતું નથી તે ઘર આપણું મૂળ ઘર છે, અસલી ઘર છે. પરબ્રહ્મ-પરમાત્મામાં આત્મા ભળી જાય પછી પાછું જન્મવું પડતું નથી. એ પરબ્રહ્મ પરમાત્માની પ્રાપ્તિ એ જ આપણા અસલી ઘરની પ્રાપ્તિ કહેવાય.

આ ઈંટ-ચૂનાનું ઘર કે શરીરરૂપી ઘર એ અસલી ઘર નથી, પરંતુ સંસારીને તો એ જ તેનું ઘર લાગે છે તેનું શું ? જે ન હોય તે દેખાડે અને હોય તેને ન દેખાડે તે જ માયા. જેમ જાદુગર એની માયાજાળમાં આપણી નજરબંધી કરી, ન હોય એવી વસ્તુ રજૂ કરે છે તેમ ભગવાન પણ પોતાની માયા ફેલાવી આપણને મોહાંધ બનાવી દે છે. મૃગજળ જોઈને દોડતાં હરણોને તો ત્યાં પાણી છે જ એવું જ લાગે છે, પરંતુ દોડીને ત્યાં જતાં અંતે પસ્તાય છે. તેમ સંસારી પણ સંસારના સગાં-સંબંધી અને સંસારના ભોગોને જ સાચું સુખ માની જીવન જીવે છે, પણ અંતે પસ્તાય છે. આ વાતને સમજાવવા પૂ.શ્રી સ્વપ્નનું ઉદાહરણ આપે છે.

માણસ પથારીમાં સૂતો છે. એનો દેહ અને ઇન્દ્રિયો શાંત છે, પરંતુ એને સ્વપ્નું આવે છે ત્યારે સ્વપ્નમાં પાછી દુનિયા સર્જાય છે. સ્વપ્નમાં સગાં-સંબંધી પણ દેખાય, સિંહ-વાઘ પણ દેખાય, નદી-સમુદ્ર પણ દેખાય અને એ બધું સાચે સાચું હોય એવું દેખાય. વાઘને જોઈને સ્વપ્નામાં જીવ થર થર ધ્રૂજતો પણ હોય, પરંતુ આંખ ખૂલતાં જ એ સ્વપ્ન સૃષ્ટિ અદૃશ્ય થઈ જાય અને એ બધું મિથ્યા જણાય. જે દુનિયામાં આપણે રહીએ છીએ તે દુનિયા પણ સ્વપ્નું જ છે, પરંતુ એ સ્વપ્નું ખુલ્લી આંખે દેખાય છે અને માનવી કાયમને માટે જ્યારે આંખ મીંચે ત્યારે એ સ્વપ્નું ઊડી જાય. જ્ઞાન આવતાં જ આ જગત એક સ્વપ્નું છે એમ જણાય. આ જગત એ સ્વપ્નું છે એટલે એને સાચું ન માનતાં હરિનું નામ અને તે દ્વારા સ્વસ્વરૂપનું દર્શન એ જ સાચું છે. ભગવાન શંકર પાર્વતીને કહે છે :-

**ઊમા કહું મૈં અનુભવ અપના,**
**સત હરિભજન જગત સબ સપના.**

આદિ જગદ્‌ગુરુ શંકરાચાર્ય કહે છે કે :

**બ્રહ્મ સત્યં જગન્મિથ્યા, જીવો બ્રહ્મૈવ નાપરઃ ।**

બ્રહ્મ જ સત્ય છે અને જગત મિથ્યા છે. જીવ પોતે બ્રહ્મ જ છે. એ બ્રહ્મથી જુદો નથી. આમ, છતાં અવિદ્યાને કારણે જીવ પોતે પામર થઈને રહે છે. જેમ દારૂ પીને, નશામાં ચકચૂર બનેલો માણસ પોતે બ્રાહ્મણ હોવા છતાં પોતાને ચાંડાળ માને છે, તે જ રીતે અવિદ્યારૂપી નશાને કારણે પરબ્રહ્મ સ્વરૂપ જીવ પોતાને પામર જ માને છે. સાધના દ્વારા સ્વસ્વરૂપનું દૃઢ જ્ઞાન થાય તો જ એને પોતે બ્રહ્મ છે એ વાત સમજાય. આવી સાધના વગર કેવળ પુસ્તકો વાંચીને કથા કરનારો કેવળ વિલાસ કરે છે, પરંતુ એને પોતાના મૂળ

સ્વરૂપની ખબર નથી.'' જાણેલું કામ નથી આવતું, જીવેલું જ કામ આવે છે. પૂ.શ્રી એક ભજનમાં લખે છે કે :-

**કરની બિન કથનીકી કીમત કૌડી જાન બજારોં હૈ ।**
**બિન કથની કરની કર બંદે ઉધરે સંત હજારો હૈ ।**
**બાંચત નિશદિન પંડિત પોથી દિલ ધોતીમેં બિગરો હૈ ।**
**માનલોભ છૂટા ના મનસે કરત બોધ પરભારો હૈ ॥**

પોતે સ્વયં બ્રહ્મ જ છે એવું જાણનારો પછી સંસારના વિષયોથી લલચાતો નથી. પછી એ રાખની આશમાં લાખ ખોતો નથી, રતન મૂકીને કાચ લેતો નથી, પરંતુ માયાને કારણે જીવ પોતાને બ્રહ્મથી જુદો માની પામર થઈને જીવે છે. એ શેઠ હોવા છતાં ભિખ માગેછે.

પૂ.શ્રી એક ભજનમાં લખે છે કે :-

**શું થયું જે રૂપ તારું જીવ ગયું ફરી ?**
**શેઠ થઈને દાસ કેમ થાય ફરી ફરી ?**

**કોડી માટ ક્રોડ તેં કર્યાં જતાં કપિ,**
**રામ મૂકી દામમાળ કોડથી જપી.**

આવો દુર્લભ મનુષ્યદેહ મળ્યા પછી તું એનો ઉપયોગ મોક્ષપ્રાપ્તિ માટે કરવાનું ભૂલીને સંસારના વિષયોમાં કેમ રચ્યો પચ્યો રહે છે ?

ભગવાન શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહે છે કે :-

**મમૈવાંશો જીવલોકે જીવભૂતઃ સનાતનઃ ।**
**મનઃ ષષ્ઠાનીન્દ્રિયાણિ પ્રકૃતિસ્થાનિ કર્ષતિ ॥**

(અ. ૧૫. શ્લોક-૭.)

આ દેહમાં રહેલો સનાતન જીવાત્મા મારો જ અંશ છે. એટલે આ અંશ એ અંશીનો જ એક ભાગ છે. એક પ્રાર્થનામાં સ્વામી પાગલ પરમાનંદજી લખે છે કે :-

**તમે તો છો અંશી અવર સહુ અંશો તમતણાં,**
**તમે તો છો શેષી અવર સહુ શેષો તમતણાં.**

જીવ ભગવાનની સાથે જોડાયેલો છે, ભગવાન સાથે પરણેલો છે. એ વાત યાદ રાખીને સદા જીવે એવી સંતોની અપેક્ષા છે. વિશ્વંભરની રાણીએ વર્તનમાં ક્યાંયે પામરતા બતાવવાની જરૂર નથી. સામવેદ તો કહે છે કે, ''તે તું છે'', ''તત્ત્વમસિ''. જીવ એ બ્રહ્મ જ છે. બ્રહ્મથી જુદો નથી અને આ સમગ્ર જગતમાં એક જ પરમાત્મા બધાંમાં પ્રવેશીને વિલસી રહ્યો હોવાથી બધે જ એક પરમાત્માનો વાસ છે. આપણા બધાંનાં શરીરો જુદાં છે, પરંતુ તેમાં રહેલો આત્મા તો એક જ છે. બલ્બ-ઈલેક્ટ્રિક ગોળા જુદા જુદા છે, પરંતુ

એમાંથી પસાર થતો વીજળીનો કરંટ તો એક જ છે. જો જગતમાં બધે એક જ પરમાત્મા હોય તો 'આત્મા'થી જુદું બીજું કશું છે જ નહિ. આ અદ્વૈત અને અભેદ સ્થિતિમાં જ્યાં દ્વૈત જ નથી-બીજું કોઈ છે જ નહિ ત્યાં પછી ભય ક્યાંથી ? દ્વૈતાદ્ વૈ ભયમ્ । ભય તો બીજાનો હોય. કોઈને પોતાનો ભય હોતો નથી. જો બધે પોતે જ વિલસી રહ્યો હોય, એના સિવાય બીજું કોઈ હોય જ નહિ તો પછી ડરવાની-બીકની વાત જ ક્યાં રહી ?

બધે એક જ પરમાત્માનાં દર્શન કરવાનાં છે, પરંતુ વર્તનમાં ભેદ રાખવાનો છે. મોમાં આંગળી નાંખીએ તો એક જ શરીરના બંને અંગ હોવા છતાં આંગળી ધોઈને શુદ્ધ કરવી પડે. માતાને પગે લાગવાનું હોય પણ પત્નીને નહિ. વાઘ-સિંહ-સાપમાં એક જ પરમાત્મા છે એવી સમજ કેળવવાની પરંતુ એને ગળે વળગવા જવાનું નહિ.

આમ, બધે એક જ પરમાત્મા વિલસી રહ્યો છે અને હું પણ એ જ પરમાત્માનું સ્વરૂપ છું એવું સમજી પોતાના મૂળ સ્વરૂપનાં દર્શન કરવાનાં છે અને સ્વસ્વરૂપમાં સ્થિર થવાનું છે. આમ, અસલી ઘર-ઠરીને ઠામ થવાય એવું સ્થળ, એની શોધ કરી જનમમરણનો ફેરો ટાળવાનો છે.

□ □ □

## ૨૧. નામસુધારસ જે જન ચાખે

**(વૈષ્ણવ જન તો તેને રે કહીએ - એ રાગ)**
**(રાગઃઝીંઝોટી; તાલઃકહેરવા)**

**નામસુધારસ જે જન ચાખે, કાળ ન આવે પાસે રે;**
**સૂરજનું અજવાળું થાતાં, ઝટ અંધારું નાસે રે.**
**...ટેક.**

**ખટરસ સેવી ખટને પોષે, અંતે રડી રડી મરતા રે;**
**ભજન સુધારસ આનંદ આપે, સહુ દુઃખ એ છે હરતા રે.**
**...નામ૦ ૧.**

**સંતમહંતનું જીવન એ છે, દુઃખિયાનો વિસામો રે;**
**ભવરોગીનું ઓસડ મોંઘું, કીમિયો કીમતી જાણો રે.**
**...નામ૦ ૨.**

**જે પીએ તે ફરી નવ આવે, બીજું કંઈ નવ ભાવે રે;**
**દુનિયામાં દુનિયાથી ન્યારો, કો તોલે નવ આવે રે.**
**...નામ૦ ૩.**

**શોક મોહ સંતાઈ જાતાં, આનંદ અર્ણવ રેલે રે;**
**આપમહીં સમરસ થઈ સાધુ, આપ વિષે નિત ખેલે રે.**
**...નામ૦ ૪.**

**એ લજ્જત સનકાદિક જાણે, જાણે નારદ જોગી રે;**
**શુક ઉદ્ધવ તુંબર ઋષિ જાણે, શિવ કૈલાસે ભોગી રે.**
**...નામ૦ ૫.**

**[1]વ્રજવનિતા [2]વર રસ એ જાણે, [3]રસવંતી કો જોગણ રે;**
**રંગ અભાગી મટકાં મારે, દ્વારે પ્રભુ તુજ માગણ રે!**
**...નામ૦ ૬.**

---

૧. ગોપીઓ. ૨. શ્રેષ્ઠ. ૩. પ્રભુપ્રેમમાં મસ્ત.

□ □ □

# વિવરણ

આ ભજનમાં પૂજ્યશ્રી નામસ્મરણનો મહિમા વર્ણવે છે. નામસ્મરણ એટલે પોતાના ઈષ્ટદેવના નામનું સ્મરણ અથવા પોતાના સદ્‌ગુરુ પાસેથી મળેલા મંત્રનું સ્મરણ.

નામસ્મરણનો મહિમા ખૂબ છે. એકનું એક નામ અનેક વાર રટવાથી રટનારના ચિત્ત પર-અર્ધ જાગ્રત મન ઉપર એના સંસ્કાર દ્રઢ થાય છે. પરિણામે એ વ્યક્તિ બેભાન બને ત્યારે પણ એનું અર્ધ જાગ્રત મન એ નામનું સ્મરણ કરતું રહે છે.

આપણું મન નામસ્મરણ દ્વારા વિધાયક વિચારો કરતું થાય છે. શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વક થતું આવું નામસ્મરણ મનને મજબૂત બનાવે છે. નામસ્મરણને કારણે વ્યક્તિનો પરમ તત્ત્વમાં દૃઢ વિશ્વાસ જાગે છે.

'સૌથી મોટું રામનામ' એ શિર્ષક હેઠળ પરમ પૂજ્ય પાગલ મહારાજ લખે છે કેઃ

- સૌથી મોટી ધરતી પરંતુ એ ધરતીને શેષનાગ ધારણ કરે છે, તેથી શેષનાગ ધરતી કરતાં મોટો છે.
- પરંતુ શેષનાગને ભગવાન શંકર ગળામાં ધારણ કરે છે, તેથી શેષનાગ કરતાં ભગવાન શંકર મોટા છે.
- પરંતુ ભગવાન શંકરને કૈલાસ પર્વત ધારણ કરે છે તેથી ભગવાન શંકર કરતાં કૈલાસ પર્વત મોટો છે.
- પરંતુ કૈલાસ પર્વતને રાવણે પોતાના બાહુબળથી હલાવ્યો હતો, તેથી કૈલાસ કરતાં રાવણ મોટો છે.

- પરંતુ આ રાવણને વાલીએ છ માસ સુધી બગલમાં દબાવી રાખ્યો હતો તેથી રાવણ કરતાં વાલી મોટો છે.
- પરંતુ આ વાલીને રામે એક જ બાણે માર્યો હતો, તેથી વાલી કરતાં ભગવાન રામ મોટા છે.
- પરંતુ આ ભગવાન રામ પણ રામનામને આધિન છે, તેથી સૌથી મોટું રામનામ છે.

પૂજ્યશ્રી કહેછે કે ભગવાનનું નામ એ અમૃત સમાન છે. આ નામામૃતને જે ચાખે છે, તેની પાસે મૃત્યુ-કાળ આવી શકતું નથી. એને મૃત્યુ ડરાવી શકતું નથી. જેમ સૂરજનું અજવાળું થતાં અંધારું દૂર થાય છે, ભાગી જાય છે તેમ ભગવાનના નામસ્મરણનું અમૃત ચાખવાથી મૃત્યુનો ડર દૂર થાય છે. મૃત્યુ કરતાં પણ મૃત્યુનો ભય વધારે ભયજનક છે.

આ અમરતાને આપનારું નામામૃત છોડીને જે કોઈ વિષયોપભોગના છ રસને સેવે છે, તે છ શત્રુને પોષે છે. પરિણામે અંત સમયે દુઃખી દુઃખી થઈને, રડી રડીને મરે છે. ખાટું, ખારું, તીખું, તુરું, ગળ્યું અને કડવું એવા છ રસોને કારણે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર જેવા છ શત્રુઓ મજબૂત બને છે. આવા દુર્ગુણો ધરાવનાર વ્યક્તિ માટે દુઃખી થઈને મરવા સિવાય બીજો કોઈ આરો નથી, રસ્તો નથી. આને બદલે નામસ્મરણ-હરિના ભજનમાંથી મળતું અમૃત-સુધારસ બધા દુઃખોને દૂર કરે છે અને આનંદ આપે છે.

ભગવદ્ ભજન માટે કહેવાયું છે કે :

**ભજન કર્યે સુખ ઉપજે, ભજન કર્યે દુઃખ જાય,**
**ભજન કર્યે ભાવટ ટળે, ભૂધરને ભેટાય.**

ભજન કરવાથી-નામસ્મરણથી-બધા દુઃખો દૂર કેવી રીતે થતા હશે ? આનંદ કેવી રીતે થતો હશે ?

સુખ અને દુઃખ એ મનનાં સ્વપ્ના-સોણલા છે. પૂજ્ય બાપજી લખે છે કે :

**સુખ-દુઃખ મનના સોણલાં, જન્મમરણ તનગંધ,**
**બની રમકડું ઈશનું રંગ ખેલ નિર્દ્વંદ્વ.**

મન એ સુખ-દુઃખનું, બંધ-મોક્ષનું કારણ છે. આ બધું રચનાર મન જ છે. પૂજ્યશ્રી દત્તદશકમાં લખે છે :

**મન બાંધે મન છોડવે, મને રચ્યું આ સર્વ,**
**નાના નેહ કથે શ્રુતિ, એક અનેકે શર્વ.**

મનની બહિર્વૃત્તિને કારણે ઈન્દ્રિયો વિષયોમાં ભમે છે અને પરિણામે દુઃખ જન્મે છે. પૂજ્યશ્રી દુઃખની વ્યાખ્યા આપતાં કહે છે :

**દુઃસ્થાનિ બહિર્મુખાનિ વિષયનિરતાનિ**
**ઈન્દ્રિયાણિ યસ્મિન્ તત્ દુઃખમ્ ।**

જેમાં ઈન્દ્રિયો બહિર્મુખ થઈ શબ્દ-સ્પર્શાદિ વિષયોની પાછળ આંધળી ભીંત થઈ દોડતી હોય એ જ દુઃખનો દરિયો.

નામસ્મરણ-હરિનું ભજન-મનને અંતર્મુખ કરે છે. ઈન્દ્રિયો વિષયોમાંથી પાછી ફરી આત્મા તરફ વળે છે. આ જ સુખ છે. પૂજ્યશ્રી કહે છે કે :

**સુસ્થાનિ અન્તર્મુખાનિ આત્મકેન્દ્રાણિ**
**ખાનિ ઈન્દ્રિયાણિ તત્સુખમ્ ॥**

જેમાં મન સહિત ઈન્દ્રિયો વિષયોમાંથી પરાઙ્મુખ થઈ આત્માભિમુખ-ઈશ્વર તરફ વળે તે સુખ.

નામસ્મરણથી, ભજનને કારણે, મન અંતર્મુખ થતું હોવાથી જે કાંઈ બને છે તેને ભક્ત સહજતાથી અને સહર્ષ સ્વીકારી લે છે. નામસ્મરણ જેટલું દૃઢ થાય, વધુ સમય થાય તેટલું સાધકને સુખ-શાંતિ અને આનંદ આપનારું થાય. પરંતુ નામસ્મરણની રુચિ થવી એ જ મોટી વાત છે. નામસ્મરણ કરવાથી ખરેખર તો ભગવાનના નામમાં પ્રેમ જાગે છે, પ્રીત થાય છે. ભગવાનના નામનું સ્મરણ કરવાથી દુઃખનો નાશ થાય છે કે મોક્ષ મળે છે એ તો ગૌણ પરિણામ છે. મુખ્ય પરિણામ તો નામમાં પ્રેમ જાગવું એ જ છે.

સંત-મહંત તો ચોવીસ કલાક ને ત્રણસો પાંસઠ દિવસ નામસ્મરણ જ કરતા હોય છે. નામસ્મરણ એ જ એમનું જીવન છે. હરતા-ફરતાં, ખાતાં-પીતાં, જાગતાં-સૂતા નામસ્મરણ સિવાય બીજું કાંઈ કરતા જ નથી. જ્યારે સંસારી માટે નામસ્મરણ એ સંસારનું દુઃખ કરવા માટેનું સાધન છે. સંસારના દુઃખથી દુઃખી થયેલા માટે નામસ્મરણ માનસિક શાંતિ આપનારું છે, વિસામારૂપ છે. જે દુઃખ માટે સંસારી કલ્પાંત કરતો હતો એ જ દુઃખનો હવે એ સહજતાથી સ્વીકાર કરે છે અને દુઃખ દૂર કરવાની ભગવાનને પ્રાર્થના કરે છે અને ભગવાન એનું દુઃખ કરશે જ એવી શ્રદ્ધા ધરાવે છે, જે એને માટે રાહતરૂપ-વિસામારૂપ બને છે.

જન્મમરણના ચક્કરમાં પડેલા ભવરોગી માટે નામસ્મરણ એ મોંઘુ ઓસડ છે, અસરકારક રસાયણ છે. પૂજ્યશ્રી બોધમાલિકામાં લખે છે કે :

**ઔષધં ભગવન્નામો વૈદ્યો કારુણિકો ગુરુઃ ।**
**સંસાર રોગનાશાય પથ્યઃ સાધુ સમાગમઃ ॥**
**ભવની ભાવટ ભાંગવા ઓસડ હરિનું નામ ।**
**વૈદ્ય દયાળુ સદ્‌ગુરુ, ચરી સુસંગ અકામ ॥**

પૂજ્યશ્રી એક ભજનમાં લખે છે :

**ઔષધિ કૌન પિલાવે, ગુરુ બિન ।**
**ભવવ્યાધિ યહ બહોત સતાવે, સુધ બુધ ભૂલાવે... ગુરુ.**

આ નામસ્મરણનો મહિમા એવો છે કે ભાવે-કભાવે લીધું હોય, પ્રેમભાવથી કે વેરભાવથી લીધું હોય તો પણ તેનું સારું ફળ જ મળે છે. એક વ્યક્તિને ડુક્કરે પાછળથી ધક્કો માર્યો. મરતાં મરતાં તેણે કહ્યું કે, હારામેણ હતોઙસ્મિ । હરામખોરે માર્યો. આમાં પણ ‘રામ’ શબ્દ આવ્યો-રામનામ બોલ્યો -તેથી તેનો ઉદ્ધાર થયો.

જે સાધક હરિના નામનું સ્મરણ ચોવીસે કલાસ કરતો હોય - નામસુધારસ પીતો હોય તેનો પછી જન્મ થતો જ નથી. જન્મમરણનું ચક્ર બંધ થઈ જાય છે. મર્યા પછી મોક્ષ નક્કી છે અને જીવે ત્યાં સુધી એને નામસ્મરણ સિવાય બીજું કશું ભાવતું જ નથી. સંસારની વાતમાં કે સંસારના વિષયોમાં એને રસ પડતો જ નથી.‘ભક્તિ હરિપ્રેમ અજોડ’ ભજનમાં પૂજ્યશ્રી લખે છે કે :

**હરિ વિણ દિલને બીજું ન ભાવે,**
**હરિગમ સઘળી દોડ... હો પંથી !**

દુનિયામાં એ બધાની સાથે પ્રેમથી, સરળતાથી અને હળીમળીને જીવે છે છતાં તેનું લક્ષ્ય તો નામસ્મરણ જ હોય છે. દુનિયામાં રહે છે તે કેવળ રહેવા ખાતર. તટસ્થભાવે બધા સાથે રહે છે અને ‘કૃતાકૃતથી પરે બેસી’ જગતની ‘રો રો’ને જોયા કરે છે. ‘સંસારમાં સરસો રહે ને મન મારી પાસ’ જેવી એની સ્થિતિ છે.

ચોવીસે કલાક નામસ્મરણમાં ગળાડૂબ રહેનાર ભક્તના મનમાં દુઃખનું નામોનિશન હોતું નથી. હૃદયમાં આનંદનો સાગર ઊભરાય ે. પરમાત્માનું નામ મળ્યાનો જે આનંદ છે તે એવો સાત્ત્વિક છે કે પછી શોક કે મોહ એની સામે રહી શકતા જ નથી. એ સંતાઈ જતા હોય છે. શોક અને મોહ સંતાઈ જાય છે એનો અર્થ એ છે કે તે નાશ પામતા નથી, પણ તકની રાહ જોઈને સંતાય જાય છે. નામસ્મરણ બંધ થઈ જાય તો ફરી પાછા શોક-મોહના પ્રસંગો ઊભા થવાની શક્યતા છે.

નામસ્મરણને કારણે વ્યક્તિ પોતામાં ડૂબી જાય છે. નિજાનંદમાં સમસ્ત થઈ જાય છે. એ આત્મક્રીડ બને છે. આત્મરતિ અને આત્મક્રીડ વ્યક્તિનું જીવન ધન્ય છે. એ પરમ તત્ત્વને પામી ગયેલી વ્યક્તિ બને છે.

નામસ્મરણની લહેજત-લિજ્જત ભાગ્યશાળી જ માણે છે. સામાન્ય સંસારીને તો સંસારની-વિષયોની વાતોમાં જ રસ પડે છે. હરિકૃપા, ગુરુકૃપા અને આત્મકૃપા પામેલી વ્યક્તિ આવી નામસ્મરણની લહેજત માણી શકે.

કહેવાયું છે કે :

**ભાગ્યહીન કો નહીં મીલે બડી વસ્તુકો ભોગ ।**
**દ્રાક્ષ પકે તબ કાગ કે કંઠમેં નીકલે રોગ ॥**

નામસ્મરણમાં જીવી જનાર કોણ કોણ ? નારદજી કાયમ 'નારાયણ નારાયણ' કર્યા જ કરે છે. શિવજી કૈલાસમાં બેસી રામનામનો જપ કર્યા જ કરે છે. સનક, ઉદ્ધવ, શુકદેવજી અને તુંબર ઋષિ જેવાં અનેક દેવોએ, ઋષિઓએ, યોગીઓએ નામસ્મરણની લહેજત માણી છે.

નામસ્મરણના શ્રેષ્ઠ (વર) રસને વ્રજની ગોપીઓ અને પ્રભુપ્રેમમાં મસ્ત એવી મીરાંબાઈ જેવી જોગણે જાણ્યો છે, માણ્યો છે અને વખાણ્યો છે. પરંતુ જે અભાગી છે, અકર્મી છે તે તો નામસ્મરણ વખતે ઝોકાં ખાતો હોય છે અને ભગવાનના દ્વારે ભિખારી બનીને ઊભો હોય છે. સંસારના ભૌતિક સુખો માટે જ એ રસ ધરાવતો હોય છે.

નામસ્મરણનો મહિમા ગાતાં પૂજ્યશ્રી કહે છે કે :

**નામરસાયણ જે જન સેવે નેણ, વેણ પલટાય,**
**કાયા કંચન સોહન લાગે, ક્રિયા ફરે તત્કાળ... હરિના.**

નામસ્મરણ વ્યક્તિની વાણી અને દૃષ્ટિ બદલે છે. શરીર સોના જેવું બની જાય છે. એ જ ભજનમાં પૂજ્યશ્રી જણાવે છે કે :

**નામ નામીનો ભેદ મટે ને નામી આપ હો જાય,**
**ગાન ગેય ગાનાર ત્રિપુટી રંગ એક થઈ જાય... હરિના.**

કોઈ કષ્ટ નહિ, કોઈ ખર્ચ નહિ, કોઈ વિશિષ્ટ લાયકાતની જરૂર નહિ અને છતાં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ફળ આપનારું એકમાત્ર કોઈ સાધન હોય તો તે છે : નામસ્મરણ. નામસ્મરણથી મરણનો ભય દૂર કરીએ અને સંસારના દુઃખનું વિસ્મરણ કરીએ.

ગુરુમહારાજને પ્રાર્થના કે નામસ્મરણમાં ખૂબ રુચિ જગાવે.

□ □ □

# ૨૨. જ્ઞાનઘટા ઝુકી આઈ, ચિદાકાશે

**(વૈષ્ણવ જન તો તેને કહીએ - એ રાગ)**

**(રાગઃઝીંઝોટી; તાલઃકહેરવા)**

**જ્ઞાનઘટા ઝુકી આઈ, ચિદાકાશે, સંતો ઝુકી આઈ રે;**
**મત્તમયૂર નાચે મનડું હા! આનંદની ઝડી ધાઈ રે.**
**...ટેક.**

**વિણ દીપક અજવાળું ઘટમાં, રવિ શશી કોટ પ્રકાશ્યા રે;**
**રાતદિવસનો ભેદ મટ્યો જ્યાં, અગણિત તેજ ઉજાસ્યા રે.**
**...જ્ઞાન૦ ૧.**

**વીજળી ચમકે ધડધડ વાગે, અનહદ વાજાં ગાજે રે;**
**નાદ ઊઠે અંબરમાં અદકો, અનુપમ શોભા રાજે રે.**
**...જ્ઞાન૦ ૨.**

**સહુ સખી ટોળે રાસ રમંતી, ભૂલી ભાન વિલોકે રે;**
**સુરવર મુનિ જોવા સહુ ધાયા, આંખલડી ત્યાં થાકે રે.**
**...જ્ઞાન૦ ૩.**

**બિન પદ નાચે વ્રજની નારી, બિન કર તાલ બજાવે રે;**
**સાત સૂરથી અદકો અષ્ટમ, બિન મુખ મોહન ગાવે રે.**
**...જ્ઞાન૦ ૪.**

**સૂર્ય સૂણે થંભાવી રથને, મંદ અનિલ સુખ આપે રે;**
**[1]સ્વર્ગંધર્વ વિલોકે નીચું, [2]સુરસુંદરી પગ ચાંપે રે.**
**...જ્ઞાન૦ ૫.**

**ફૂલ સુગંધી દિવ્ય પ્રસારી, કલ્પતરુ કંઈ ડોલે રે;**
**અમૃતસરિતા અંદર વહેતી, જન્મમરણ તૃણ તોલે રે.**
**...જ્ઞાન૦ ૬.**

**ખેલ અલૌકિક રંગ નિહાળી, ન્યારો રહીને ખેલે રે;**
**અંદર બાહિર એ જ ખેલાડી, એક અગોચર રેલે રે.**
**...જ્ઞાન૦ ૭.**

---

૧. સ્વર્ગના ગાનારા. ૨. અપ્સરાઓ.

□ □ □

# વિવરણ

આ ભજનમાં પૂ.શ્રી જ્ઞાનની પ્રાપ્તિ થતાં જે અનુભવ થાય છે તેનું વર્ણન કરે છે. જે વ્યક્તિ આ દિશામાં આગળ વધ્યો હોય, થોડો અનુભવ કર્યો હોય તેને જ આ ભજન સાચા અર્થમાં સમજાય. આ ભજનનો અનુભવ કરવાનો છે, ચર્ચા નહિ.“ઘાયલ કી ગત ઘાયલ જાને, ઔર ન જાને કોઈ” એવી સ્થિતિ છે.

આ ભજનના પૂર્વરંગરૂપ સવિકલ્પ સમાધિ અને નિર્વિકલ્પ સમાધિ અંગેની સ્વામી શ્રી પ્રકાશાનંદજીએ આપેલી સમજ જોઈએ.

શ્રી શંકરાચાર્ય કહે છે કે : અત્યંત વૈરાગ્યવાળાને સમાધિ થાય છે. જેને સમાધિ થાય છે તેને જ દૃઢ જ્ઞાન થાય છે. જેને તત્ત્વબોધ થયો હોય તેને જ મુક્તિ મળે છે અને એને જ નિત્ય સુખનો અનુભવ થાય છે.

અંસપ્રજ્ઞાત સમાધિમાં તો બુદ્ધિની વૃત્તિ માત્ર લીન થઈ જાય છે, પણ બુદ્ધિ લીન થઈ જતી નથી તેથી આ સુખનો અનુભવ બુદ્ધિથી થઈ શકે છે માટે બ્રહ્મસુખ એ બુદ્ધિગ્રાહ્ય છે.

હું બ્રહ્મ જ છું એવી રીતે સદ્‌વૃત્તિ વડે આલંબન રહિત ઉત્કૃષ્ટ આનંદ દેનારી જે સ્થિતિ છે, તે સ્થિતિ ધ્યાન શબ્દ વડે જાણીતી છે.

નિર્વિકાર અને બ્રહ્માકાર વૃત્તિ વડે અનાત્મ વૃત્તિનું વિસ્મરણ થવું તેને જ્ઞાન નામની ઉત્તમ સમાધિ કહે છે. આ સમાધિ જ્ઞાનનું સાધન હોવાથી જ્ઞાનસંજ્ઞક કહેવાય છે. નિર્વિકાર વિષયના અનુસંધાનથી રહિત થવાથી વૃત્તિ સત્ત્વપ્રધાન હોવાને લીધે બ્રહ્માકાર થાય છે. આ બ્રહ્માકાર વૃત્તિ શુદ્ધ, સાત્ત્વિક હોવાથી આવરણ ભંગ કરવાને સમર્થ થાય છે. આવરણ ભંગને લીધે ધ્યેયાકાર વૃત્તિ જ્ઞેયાકાર થવાથી આ સમાધિને જ્ઞાનસમાધિ કહેલી છે.

પૂ.શ્રી આ ભજનમાં આવી જ્ઞાનસમાધિમાં થયેલા અનુભવની વાત કરે છે. પૂ.શ્રી પોતાનો આ અનુભવ 'સંતો'ને કહે, જે આ સ્થિતિને સારી રીતે જાણી શકે છે. ચિત્તરૂપી આકાશમાં જ્ઞાનની ઘટા ઝૂકી આવી છે એમ કહીને એ જ્ઞાન સમાધિના અનુભવનું વર્ણન કરે છે. મેઘને જોઈને મત્ત બનીને નાચનાર મોરની જેમ મન પણ ચિદાકાશમાં જ્ઞાનઘટા જોઈને અને આનંદની ઝડી વરસતી જોઈને નાચે છે.

આવી જ્ઞાન સમાધિમાં જ્યોતિસ્વરૂપ આત્માનું દર્શન થતાં કરોડો સૂર્ય-ચંદ્ર પ્રકાશ્યા હોય તેવું અજવાળું-પ્રકાશ પથરાય છે. દીવા વિનાનો આ દિવ્ય પ્રકાશ થતાં જ રાત-દિવસનો ભેદ મટી જાય છે. રાત્રિ હોય તો એની પાછળ દિવસ હોય. અહીં તો અંધારું-રાત્રિ-અજ્ઞાન છે જ નહિ.

દશ પ્રકારના અનાહત નાદનો આનંદ અનુભવાય છે. આ દશ નાદમાં મેઘનાદ એ શ્રેષ્ઠ નાદ છે. જેનો અવાજ સંભળાયા પછી આત્મદર્શન થતું હોય છે. મેઘગર્જના થાય ત્યારે વીજળી ચમકવા લાગે અને મેઘનો ગડગડાટ થવા લાગે. પૂ.શ્રી એક ભજનમાં લખે છે : "ઘનઘોર વ્યોમ અજ છાયો નભમેં."

બધી વૃત્તિઓ રૂપી ગોપીઓ ભાન ભૂલીને આ સ્થિતિના આનંદને માણી રહી છે. દરેક ઈન્દ્રિયોના દેવો પણ આ અલૌકિક આનંદ માણવા માટે ઘેલા બન્યા છે.

બ્રહ્મરંધ્રમાં જીવ-શિવનું મિલન થતાં જ્ઞાનરૂપી અમૃતની સરિતા વહે છે. આત્મા આત્માને જુએ છે અને અંદર અંદર બધે એ જ અળગો રહીને ખેલ ખેલી રહ્યો છે.

આ સ્થિતિના ભજનને સમજાવવાના આ પ્રયાસમાં અધૂરપ અને ક્ષતિ જણાય તો અનુભવી અને જ્ઞાની રંગભક્તને એ દૂર કરવા માટે મદદરૂપ થવા વિનંતી.

□ □ □

## ૨૩. વનવડલાની શીતળ છાયા

**(વૈષ્ણવ જન તો તેને રે કહીએ - એ રાગ)**
**(રાગઃઝીંઝોટી; તાલઃકહેરવા)**

**વનવડલાની શીતળ છાયા, જોગી જંગલ વસતો રે;**
**હસતો ગાતો કો દિન રોતો, કો સાથે નવ ભખતો રે.**
**...ટેક.**

**દિન ગાળે સૂરજને તાપે, રાતે તારક ગોષ્ટી રે;**
**વનપંખી સમ ગેલ કરંતો, કોઈ દિન નવ એ કષ્ટી રે.**
**...વન૦ ૧.**

**વૃક્ષો સાથે વાતો કરતો, [1]વ્યાલવ્યાઘ્ર રમાડે રે;**
**કૌપીનકંથા [2]ઝોળીઝંડા, સંગ્રહ ન કરે કોડે રે.**
**...વન૦ ૨.**

**અહં ખાખ લગાવી તનમાં, મદમત્સરને બાળે રે;**
**પરનારી પરધન નવ ભાળે, નવ ડરતો કો કાળે રે.**
**...વન૦ ૩.**

**નિર્ઝરવારિ પાન કરે ને, ફળટૂકડો કો માગે રે;**
**વિષય રમકડાં જગનાં ઝેરી, માની નિશદિન જાગે રે.**
**...વન૦ ૪.**

**સદ્‌ગુરુ સેવા સંતસમાગમ, પળપળ હરિની ચર્ચા રે;**
**ધ્યાનમગ્ન ધીરજ ઉર ધારી, કરતો હરિજન [3]અર્ચા રે.**
**...વન૦ ૫.**

**તૃણશય્યા મખમલ મન માની, આતમરાજ બિરાજે રે;**
**[4]પ્રાપ્તાપ્રાપ્તે સમબુદ્ધિ ને, સંયમ ઉરમાં રાજે રે.**
**...વન૦ ૬.**

**શાંતિ શીતળ અંદર ઓપે, દીનતણાં દુખ કાપે રે;**
**ત્યાગવિરાગે રાજ કરે ને, શ્વાસ શ્વાસ હરિ જાપે રે.**
**...વન૦ ૭.**

**મનભ્રમણા સહુ ભાગે પળમાં, દુખદરિયો સહુ [૧]આટે રે;**
**હરિરસમાં સમરસ થઈ જાતાં, મુક્તિ પદતલ ચાટે રે.**
**...વન૦ ૮.**

**જોતાં અંતર અન્ય ઠરે ને, રંગ ભજનનો જામે રે;**
**તત્ત્વમસિ તંબુરો વાગે, લક્ષ્યપ્રસાદી પામે રે!**
**...વન૦ ૯.**

---

**૧. સાપ. ૨. ઝોળી અને ઝંડો હાથમાં રાખતો. ૩. પૂજન. ૪. લાભાલાભ.**

# વિવરણ

યોગને સિદ્ધ કરે તે યોગી. સાચો યોગી કેવો હોય, તેનું જીવન કેવું હોય તેનું વર્ણન પૂ.શ્રીએ આ ભજનમાં કર્યું છે. પૂ.શ્રીએ નારેશ્વરમાં આસન મૂક્યું, પછી તેઓ નારેશ્વરમાં શું કરતા હશે ? આવો પ્રશ્ન ભક્તના દિલમાં થાય એ સ્વાભાવિક છે. એ જિજ્ઞાસા આ ભજનથી સંતોષાશે. પૂ.શ્રી યોગી ન હતા, યોગીન્દ્ર ન હતા, પરંતુ યોગીન્દ્રોમાં પણ શ્રેષ્ઠ હતા, યોગીન્દ્રવર્ય હતા. પૂ.શ્રી જેવું જીવ્યા તેવું આ ભજનમાં દર્શાવ્યું છે.

જંગલમાં વસતો આ જોગી વનવડલાની શીતળ છાયા નીચે રહે છે. પૂ.શ્રીએ એમનું પહેલું આસન લીમડાની છાયામાં મૂક્યું હતું. બીક લાગે એવું નિબિડ જંગલ હતું, પરંતુ પૂ.શ્રીને તો એમાં દિવ્યતા દેખાઈ. એમણે સાધના દ્વારા જંગલને મંગલ કરી દીધું. પ્રભુનાં દર્શનની એકમાત્ર લગન હોય તેની વૃત્તિ-પ્રવૃત્તિ સંસારીજનથી તદ્દન જુદી હોય.

શ્રીમદ્ ભગવદ્ ગીતા એકાંતમાં વસી પરમાત્મા સાથે આત્માને જોડનાર યોગી વિશે કહે છે :-

**યોગી યુંજીત સતતમાત્માનં રહસિ સ્થિતઃ ।**
**એકાકી યતચિત્તાત્મા નિરાશીરપરિગ્રહઃ ॥**

(અ.૬.શ્લોક-૧૦)

મન અને ઈન્દ્રિયો સહિત શરીરને વશ રાખનાર, કશાયની ખેવના ન રાખનાર અને

સંગ્રહ રહિત યોગી એકલો જ એકાંત સ્થળે સ્થિત થઈને આત્માને નિરંતર પરમાત્મામાં જોડે છે.

આ યોગીનું મન સમ્યક રીતે શાંત થયેલું હોય છે. એની ઈન્દ્રિયો એને વશ હોય છે. એ યોગી નિષ્પાપ છે અને એનો રજોગુણ શાંત થઈ ગયો હોય છે. આમ, સચ્ચિદાનંદઘન બ્રહ્મની સાથે એકાત્મતાને પામેલા આ યોગીને ઉત્તમ આનંદ પ્રાપ્ત થાય છે. (ગીતા. અ. ૬/૨૭)

પરમાત્માની સાથે એકાત્મતાને પામેલો યોગી સાત્ત્વિક-ઉત્તમ આનંદ પામે છે અને તેથી હસતો-ગાતો રહે એ સ્વાભાવિક છે. પ્રભુમાં અજોડ પ્રેમ રાખનાર ભક્ત-યોગીમાં અષ્ટભાવ જાગ્રત હોય છે. ઘણીવાર પ્રિયતમ પ્રભુની યાદ, એમની કરુણા વગેરેનો વિચાર કરતાં એની આંખમાંથી આંસુ સરવા માંડે છે. આ હર્ષનાં આંસુ છે. સંસારીનું દુઃખ અને યોગીનું દુઃખ જુદું જુદું હોય છે. ભગવાનને યાદ કરીએ અને હાજર થાય તો એ જોઈને પણ યોગીની આંખમાંથી આંસુ સરે અને આવતા વાર થાય તોપણ આંસુ સરે. આ યોગી એકાંતમાં મૌન રાખે છે. "મૌનમાં મુનિજનો મોજ માણે" એવી એની સ્થિતિ છે. પૂ. બાપજી એકાંતનો અર્થ કરતાં એવું કહેતાં કે "એકાંત એટલે જ્યાં એકનો પણ અંત આવે." મૌન એ સાધકની મનની શક્તિ વધારે છે. મનને એકાગ્ર કરવામાં મૌન મહત્ત્વનો ફાળો આપે છે.

આવા યોગીની દિનચર્યા શું ? આવો યોગી સૂરજના તાપમાં દિવસ પસાર કરે અને રાત્રે ચંદ્ર તથા તારા સાથે વાતો કરે-ગોઠડી માંડે. જેને કુદરત સાથે લગાવ લાગે તે સાચો સાધક-સાચો યોગી. વનના પંછીની જેમ કુદરતના ખોળે એ કાયમ ગેલ કરતો હોય, આનંદ માણતો હોય અને એને દુઃખ જેવું તો કશું હોય જ નહિ.

પોતાના મિત્ર અંબાલાલને તા. ૨૪-૧૧-૧૯૨૧ના રોજ લખેલાં પત્રમાં પૂ.શ્રી લખે છે કે : "કેટલીક વાર ચંદ્રની શીતળ ચાંદનીમાં બેસી હું મન સાથે એકલો હસ્યા જ કરું છું અને હસતાં હસતાં વિચારું છું કે આવું હસવાનું ચોવીસે કલાક હોય તો કેવું સારું !"

કુદરત સાથે ઓતપ્રોત થનાર યોગી સાથે વૃક્ષો-વેલીઓ પણ વાતો કરે છે. એવું કહેવાય છે કે, સાધના કરનાર વૈદ્ય જંગલમાં જાય ત્યારે ઔષધિયુક્ત છોડો વૈદ્યને પોતાનો ઉપયોગ અમુક રોગ માટે કરવાનું કહે છે, એના અંતરમાં પ્રેરણા કરે છે. વૃક્ષો, વેલીઓ, છોડોમાં પણ જીવ હોવાથી સામેની વ્યક્તિ સાત્ત્વિક હોય તો આ બધું શક્ય બને છે. સાપ અને વાઘ જેવાં ઝેરી અને હિંસક પ્રાણી પણ યોગીના પ્રેમને વશ વર્તે છે. આમ પણ સાપ પગ પડે તો જ કરડે છે. આપણા પગ પરથી સાપ પસાર થતો હોય અને આપણે સ્થિર રહીએ તો સરી જાય છે, કરડતો નથી.

સંતની અમીદૃષ્ટિને કારણે, એની કરુણાભરી નજરને કારણે હિંસક પ્રાણી પણ સાધુવૃત્તિવાળાં થઈ જાય છે. તેથી તો પૂ.શ્રીએ દત્ત બાવનીમાં લખ્યું કે, "પશુ પંખી પણ

તુજને સાધ.'' આ યોગીપુરુષના સદ્‌ગુણોની હવે ચર્ચા કરતાં પૂ.શ્રી જણાવે છે કે, જગદીશના ભરોસે જગતને છોડીને જંગલમાં વસનારો જોગી વસ્તુનો સંગ્રહ કરતો નથી. પૂ. પ્રકાશાનંદજી મહારાજ વાર્તાલાપમાં જણાવે છે કે : ''ઉત્તમ વિરાગીએ કાંઈપણ ગૃહસામગ્રી રાખવી નહિ. ઈસા નામે મહાપુરુષ એક લોટો અને કાંસકી રાખતા હતા, પરંતુ તેમણે એક માણસને હાથથી પાણી પીતા જોયો અને વાળ ઠીક કરતા જોયો કે તરત લોટો અને કાંસકી બંને ફેંકી દીધા.'' તેઓ જણાવે છે કે : ''બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિનો મૂળભૂત ઉદ્દેશ ધરાવનાર માટે પોતાના સારુ કે બીજાના સારુ ગ્રહણ કરેલું દ્રવ્ય વિઘ્નરૂપ છે.'' જો દ્રવ્યગ્રહણ કરવું જ વિઘ્નરૂપ હોય તો પછી એનો સંગ્રહ કરવાનું તો કેટલું વિઘ્નરૂપ હોય ?

વસ્તુનો સંગ્રહ કરનારે સંગ્રહ કરવામાં અને પછી તેને જાળવવામાં મહેનત કરવી પડે છે, ચિંતા કરવી પડે છે. આ બધું કરવામાં બ્રહ્મપ્રાપ્તિનો ઉદ્દેશ સિદ્ધ થતો નથી.
સંગ્રહ સંબંધી પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે :-

**પશુઓ તૃણસંગ્રહ કદી, કરે ન સ્વપ્ને તેમ,**
**પેટ પૂરતું ખાઈને, રહે સંતુષ્ટ એમ.**
**માણસ સંગ્રહમાં મરે, ભાવિચિંતથી જાણ,**
**ખાય ન પોતે, અન્યને ના ખાવા દે માન.**

(અ.૫૧. દો.૧૦૦-૧૦૧)

**એમ અનર્થ પરંપરા, છૂટે ન કદી જાણ,**
**થાએ દુર્ગતિ સર્વદા, ધનસંચયથી માન.**
**જાણી આ મધમાખીથી કરું ન સંચય તેમ,**
**આપી સઘળું મોદથી, રહું અકિંચન એમ.**

(અ.૫૪. દો.૬૨-૬૩)

સંગ્રહ ન કરવાનો નિયમ તે જ પાળી શકે કે જેને ભગવાનમાં ખૂબ વિશ્વાસ હોય. જ્યારે વ્યક્તિને એના ઈષ્ટદેવમાં કે સદ્‌ગુરુમાં એવો અડગ વિશ્વાસ જાગે કે મને જ્યારે જે વસ્તુની જરૂર પડશે ત્યારે તે વસ્તુ મને મારા ઈષ્ટદેવ કે મારા ગુરુમહારાજ પૂરી પાડશે ત્યારે વ્યક્તિ સંગ્રહ કરવાનું બંધ કરી દેશે. ભવિષ્યની ચિંતા કરીને તેની સામે સલામતીરૂપ વ્યક્તિ સંગ્રહ કરતો હોય છે. કાલે કદાચ પાણી ઓછો સમય આવશે એવું લાગતાં જ વ્યક્તિ પાણીની ડોલ અને પીપડાં ભરવા માંડે છે.

અહંકારને બાળી, એની રાખ શરીર ઉપર ચોળી આ યોગી કામ, ક્રોધ, લોભ વગેરે ષડ્‌શત્રુને બાળે છે. પરસ્ત્રી અને પરધન પર નજર પણ ફેંકતો નથી. પરિણામે એ કાળથી પણ કોઈ દિવસ ડરતો નથી.

બધાં દુ:ખનું મૂળ અહંકાર છે. અહં એટલે હું અને કાર એટલે કરનાર. આ બધું કરનાર હું છું એવો ભાવ એ જ અહંકાર છે. અહંકારમાંથી જ મમતા જન્મે છે. જે બંધનનું કારણ છે. અષ્ટાવક્ર કહે છે : "અહં મમેત્યયં બન્ધો નાહં મમેતિ મુક્તતા" હું અને મારું એ બંધન છે અને હું નથી તથા મારું નથી તે મુક્તિ છે. આ અહં જ્યાં સુધી રહે છે ત્યાં સુધી કોઈ રીતે સ્વરૂપનું જ્ઞાન થતું નથી.

અહંકાર અને મમતા વિશે પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે કે :-

**દેહ અહંતા બંધ છે, મોક્ષ અહંતા ત્યાગ,**
**થતાં સ્વાત્મ બુદ્ધિ બધે, શમે અહં મમ આગ.**
**જતાં અહં મમ ના નડે માનાપમાન જાણ,**
**વિષયવાસના ના કદી ઊઠે નિશ્ચય માન.**

પૂ.શ્રી પ્રકાશાનંદજી મહારાજ વાર્તાલાપમાં જણાવે છે કે, "અહંતાનું મુખ્ય લક્ષણ લોકો મારી સેવા કરે, પૂજા કરે અને માન આપે અને મોટો માને એ છે. જ્યારે તે અહંતાવાળો મનુષ્ય કોઈના ઘરમાં પૂજા-પ્રસાદ માટે જાય છે ત્યારે હું ઉપકાર કરું છું એમ માને છે અને એમ સમજે છે કે લોકો મારી સેવા-પૂજા કરીને પાપમાંથી મુક્ત થશે. મહાપુરુષનું લક્ષણ તો નિરભિમાનતા છે.

અહંતાનું બીજું લક્ષણ લોકોનો સમૂહ મારી પાછળ ચાલે, લોકો મને જોઈને ઊભા થાય એ છે. આવા અભિમાની પુરુષો નરકગામી થાય છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે :-

**ન મોક્ષો નભસઃ પૃષ્ટે ન પાતાલે ન ભૂતલે ।**
**અજ્ઞાન હૃદયગ્રન્થિર્નાશો મોક્ષ ઈતિ સ્મૃતઃ ॥**

મોક્ષ આકાશમાં કે અવની પર નથી કે નથી પાતાળમાં. હૃદયની અજ્ઞાન ગ્રંથિના નાશને જ મોક્ષ કહેવામાં આવે છે. આ વાતને પૂ.શ્રી આ રીતે રજૂ કરે છે :-

**મોક્ષ ન સ્વર્ગે ના કદી પાતાળે એ જાણ,**
**ભૂમંડલ આકાશમાં ના એ નિશ્ચય માન.**
**અહંકાર મારી રહે તચ્ચિત્તો એ જાણ,**
**અહંકાર ક્ષય મોક્ષ એ, ના બીજો તું માન.**
**ફૂલ મચડતાં શ્રમ બહુ, એથી પણ ત્યાં લેશ,**
**અહંકાર ત્યાગે નકી, ના જરીએ ત્યાં ક્લેશ.**

(અ.૧૫. દો.૧૬૫ થી ૧૬૭)

આ વાતને એક કવિ આ રીતે રજૂ કરે છે. એ કહે છે કે, વ્યક્તિ જીવતો હતો ત્યારે પાણીમાં ડૂબી ગયો, પરંતુ મરી ગયા પછી એનું શબ પાણી પર તરવા લાગ્યું. કેવું વિચિત્ર ? પછી કવિ કહે છે કે જીવતો હતો ત્યારે અહંકારથી ભરેલો હતો એટલે ડૂબી ગયો પરંતુ પછી અહંકાર વિનાનો થયો એટલે શબરૂપે તરવા લાગ્યો.

અહં-મમતાને લગતાં કેટલાક બીજા દોહરા જોઈએ :

**મમતા મેલી એ નકી ! અહં મમત્વ એમ,**
**મૂળ સર્વ અનર્થનું, થયું નિર્મૂળ તેમ.**
**'હું' કહેતા આવ્યો તિહાં, સંગ બંધમય જાણ,**
**સંગે શોક જ સર્વથા, ના શંકા ત્યાં માન.**
**મમતાથી બંધન વધે, પામે આખર દુઃખ,**
**ના મમતા ત્યાં બંધ ના, અખંડ એક જ સુખ.**
**મારું કહેતા જગમહીં આવ્યું બંધન જાણ,**
**'ના મારું' કહેતા ક્ષણે છૂટ્યો પ્રાણી માન.**

(અ.૩.દો.૯૨,૯૭,૯૯,૧૦૦)

સંતો કહે છે કે, જે 'મારું મારું કહે છે તેને ભગવાન કહે હું મારું છું અને તારું-તારું કહે છે તેને ભગવાન કહે કે હું તારું છું.

પૂ.શ્રીએ આ અહંકાર મારવાની વાત કેટકેટલાં ભજનમાં કરી છે.

- **અહં** ખોપડી તોડી ખપ્પર કાલ હાથ ગહાના
  શૂન્ય શહર મેં ભીખ માગ કર, નિજાનંદ રસ પાના.
- **ખુદી** ખોદકે દેહ દર્શના, જીવન્મુક્ત કહાના (કહાં જાના...)
- જ્ઞાનગંગા મેં મલ મલ ન્હાઈ, **અહં** બહાયા મૈલ,
  કાયા કંચન સોહન લાગી, અલખ દિખાયો ખેલ... (મૈં દીવાની.)
- **ખુદી** પતિકા પ્રેત જલાકર, દુઈ સતી ભઈ નાર... (હમારા અસ્થાન.)
- **અહંકાર** તમ ચેષ્ટા નાહીં, વિરલો જોગી ભેખ... (અવધૂત દેખ લો)
- **અહં** ખાખ તન રાખ લગાવી, હાથ લીધો પંચપાત્ર. (હું ભિખારી)
- માન અહંતા મૂકી સઘળી, સદ્‌ગુરુચરણે રંગ પ્રમાણ... (દુર્લભ મોઘું.)

અહંકાર અને મમતા દૂર કરી, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સરને બાળીને યોગી 'પરસ્ત્રી જેને માત રે'ની દૃષ્ટિથી જીવતો હોય છે. પરધન (પરમાત્મારૂપી શ્રેષ્ઠ-એવું ધન) માટે નીકળેલો યોગી બીજાનું ધન-પરધન લેવાનું શું કામ ઇચ્છે ?

"તમન્ના દિલ મેં યહી એક સાંઈ હૈ" એ ભજનમાં પૂ.શ્રી લખે છે કે :-

**પરનિંદા મેં ગૂંગા બહિરા, પરસ્ત્રી ષંઢા બાલ,**
**હાથ કટા પરધન લેને મેં, મૂક દીનદુઃખ હાર.**

પરમાત્મામાં પોતાના આત્માની એકતા સાધનારો યોગી દેહ ટકાવવા પૂરતું ખાય છે. વૃક્ષનાં ફળનો ટુકડો ખાઈને ઉપર વહેતાં ઝરણાનું પાણી પી લે છે. કુદરતના આધારે જીવતા યોગીને બીજું જોઈએ પણ શું ? જગતના વિષયો તો એને મન ઝેરી છે. એ વિષયોથી ભાગતો નથી પણ એની વિનાશકતા જાણીને એનાથી સાવધ રહે છે, નિશદિન જાગતો રહે છે.

પૂ.શ્રીએ કેટલાં ભજનોમાં વિષયને ઝેરી સાપ સાથે સરખાવ્યો છે.

- રંગ ગુરુ બિન કોઈ ન તેરો, **વિષય વિષારી વિખાર.** (મેરો દત્ત દિગંબર.)
- **વિષયવિખ** વ્યાપ્યું બધે, ઉગારનાર કોણ ? (બોલ બોલ બોલ.)
- **વિષય વિષારી અહિગણ** માનું, દૂર હિ દૂર ભગાઉં... (મૈં તો દત્ત.)
- વિષય વિષમરસ ઢોળ જમીં પે, રામ અમીરસ ઘોળ... (મુખસે હરિ.)

હવે, આ યોગીની દિનચર્યા કેવી છે ?એનું જીવન સંત સમાગમ અને હરિની ચર્ચામાં જ વીતે છે. સદ્‌ગુરુની સેવા, સંતનો સમાગમ અને ક્ષણે ક્ષણે હરિની ચર્ચા કરતા યોગીનું જીવન સાત્ત્વિકતાથી ઊભરાય છે. સદ્‌ગુરુને સેવા દ્વારા રાજી કરીને યોગી પરમ ધ્યેયને સિદ્ધ કરી લે છે. સેવા ધર્મ તો ખૂબ કઠણ છે, અતિગહન છે. એટલે જ કહેવાયું છે કે : સેવાધર્મો પરમ ગહનો યોગીનામપ્યગમ્ય । સેવાધર્મ તો પરમ ગહન છે અને યોગીઓ માટે પણ અગમ્ય છે. સંત તુલસીદાસ કહે છે : 'સેવાધર્મ પરમ કઠોરા' પરંતુ શિષ્ય સદ્‌ગુરુની સેવા કરવાની પદ્ધતિ જાણી જાય અને તે પ્રમાણે સેવા કરે એટલે પ્રસન્ન થયેલા સદ્‌ગુરુ બધું જ આપી દે.

**ગુરુસેવા પદ્ધતિ લહે, તે જાણે સહુ વેદ,**
**મંત્ર તંત્ર કિંકર સહુ, ન રહે કાંઈ ખેદ.**

(અ.૭૦ દો.૩૯)

આ યોગી પુરુષ કેવો છે ? ધ્યાનમાં મગ્ન છે. અંતરમાં ધીરજ ધારીને બેઠો છે અને હરિના જનનું પૂજન કરનારો છે.

સદ્‌ગુરુની કૃપાથી ધ્યેયસિદ્ધિ કરનારો યોગી ગુરુસેવા તો કરે જ છે, પણ મનને વશમાં રાખવા ધ્યાનમાં મગ્ન રહે છે. વ્યક્તિનું મન એના વર્તનમાં છતું થાય છે. મન એ રાજા છે અને આંખ એનો દીવાન છે. 'મન મહિપકે આચરન, દેગ ગિવાન કહ દેત.' ધીરજ, ધર્મ, મિત્ર અને સ્ત્રી આ ચારેની પરીક્ષા મુશ્કેલીના સમયમાં થાય છે. સંત તુલસીદાસ લખે છે કે :-

**ધીરજ, ધર્મ, મિત્ર, અરુ, નારી,**
**આપતકાલ પરખિયે ચારી.**

સંત ધીરજવાળો હોય, શાંત મનનો હોય તો તેનું પ્રતિબિંબ તેની વાણીમાં અને તેના વર્તનમાં પડે છે. આવો સંત હરિમાં અને હરિજનમાં ભેદ જોતો નથી અને તેથી તે હરિની જેમ હરિજનનું પણ પૂજન કરે છે.

દૈવીસંપત્તિથી વિભૂષિત યોગી "શૈય્યા ભૂમિતલં" માનનારો છે. ઘાસની પથારી પર સૂવે ત્યારે પણ તે જાણે મખમલની પથારી છે એવું જ સુખ અનુભવે છે. બાહ્ય સુખ-સગવડની એને કોઈ ઇચ્છા જ નથી. ઇન્દ્રિયો ઉપર કાબૂ મેળવીને અને ષટ્સંપત્તિ મેળવીને સાધના કરી યોગી થનારો આ સાધક તો આત્મનશેમેં મસ્ત બનીને જીવે છે. જે કાંઈ લાભ-ગેરલાભ થાય તેને સરખા માનીને જીવે છે. પોતાનું ધાર્યું થાય તો હરિકૃપા અને પોતાનું ધાર્યું ન થાય તો હરિઇચ્છા. શમ, દમ, સંયમ, તિતિક્ષા જેવા સદ્‌ગુણોને ધારણ કરનાર યોગીના અંતરમાં એકદમ શાંતિ હોય છે. જે પોતે શાંતિ અનુભવતો હોય તે જ બીજાને શાંતિ આપી શકે. જેનું મન શાંત છે, જે ધીરજવાળો છે, જે સંયમી છે, તે યોગીની આજુબાજુનું વાતાવરણ પણ શાંત થઈ જાય છે. સંતની વ્યાખ્યા એવી છે કે :-

**શાંતિ પમાડે તેને સંત કહીએ :**

જેની પાસે જવાથી, જેની પાસે બેસવાથી મનના ઉદ્વેગો ટળી જાય અને મૂંઝવણોનો ઉકેલ મળી જાય તે સંત જાણવો. સંત બોલ્યા વગર વ્યક્તિના પ્રશ્નોના જવાબ આપી દે એમાં જ એનું સામર્થ્ય છે. "ગુરોસ્તુ મૌનં વ્યાખ્યાનં શિષ્યસ્તે છિમ સંશયાઃ" એવું શાસ્ત્રો કહે છે તે આ સંદર્ભમાં. સમર્થ સંતને સ્વસ્વરૂપમાં સ્થિર હોય, એની વૃત્તિ સ્થિર હોય ત્યારે એની સામે બેઠેલી વ્યક્તિ જે સંકલ્પ કરે તે સંકલ્પ ફળે છે. શાસ્ત્રકાર કહે છે કે : "મૂળ પુરુષ વૃત્તિ થીન ચળે તો સામાના સંકલ્પો ફળે." આવો યોગી પુરુષ દૈવીસંપત્તિથી હર્યો ભર્યો હોવાથી એની હાજરી માત્રથી ત્રિવિધ તાપથી પીડાતા સંસારીના મનને શાંતિ મળી રહે છે. કોઈને પણ દુઃખી જોઈને એ દુઃખી થઈ જાય છે અને એનાં દુઃખો દૂર કરવા એ બધું જ કરી છૂટે છે. માખણ તો પોતાને ગરમી લાગે એટલે પીગળે છે, પરંતુ સંત-યોગી તો બીજાને દુઃખી જોઈને પીગળે છે, દુઃખી થાય છે. બીજાને સુખી કરીને યોગી પુરુષ પોતે સુખી થાય છે. ત્યાગ અને વૈરાગ્યને કારણે સહુ કોઈ એના પ્રત્યે પ્રેમ અને આદર બતાવે છે અને એની ઇચ્છા પ્રમાણે વર્તે છે. જંગલમાં રહેતો જોગી શ્વાસે શ્વાસે હરિનું સ્મરણ કરે છે, હરિના જાપ જપે છે.

નામસ્મરણનો પ્રભાવ ખૂબ જ છે. પૂ.શ્રી એક ભજનમાં લખે છે કે :-

- સંત મહંતનું જીવન એ છે દુખિયાનો વિસામો રે,
  ભવરોગીનું ઓસડ મોઘું કીમિયો કીમતી જાણો રે... નામ સુધા રસ

  નામસ્મરણ કરતાં કરતાં વ્યક્તિ પોતે જ જેનું સ્મરણ કરતો હોય તે પ્રભુ-નામી બની જાય છે.
- નામ નામીનો ભેદ મટે અને નામી આપ હો જાય,
  ગાન ગેય ગાનાર ત્રિપુટી રંગ એક થઈ જાય !!... હરિના નામનો.
- હરિ હરિ કરતાં રે હરિજન હરિ થયા,
  નિર્ગુણ ધ્યાતાં રે, ગુણાતીત પોતે થયા.

  શ્વાસે શ્વાસે હરિનો જપ જપતો યોગી પોતે જ હરિસ્વરૂપ થઈ જાય છે. સતત સ્મરણ કરનારના ચિત્ર ઉપર-અર્ધ જાગ્રત મન ઉપર-એના દ્રઢ સંસ્કાર પડી જાય છે, જે એને અંતકાળે-બેભાન અવસ્થામાં ભગવાનનું સ્મરણ કરવાની સ્થિતિ સર્જે છે. કીટ-ભ્રમર ન્યાયના આધારે હરિ હરિ કરતાં કરતાં યોગી પોતે હરિરૂપ થઈ જાય છે.

સાધન ચતુષ્ટય સિદ્ધ કર્યા પછી સતત નામસ્મરણ કરનાર યોગીની મનભ્રમણા ટળી જતાં એનું મન 'સચ્ચિદાનંદમગ્ન' રહે છે. મનને આનંદ સિવાય બીજી કોઈ લાગણી થતી નથી. દુઃખનો દરિયો સૂકાઈ જાય છે. સુખ અને દુઃખ એ તો મનનાં સ્વપ્નાં-સોણલાં છે. મન નિર્ભ્રાન્ત થઈ જતાં એ સ્વપ્નો આવતાં બંધ થઈ જાય છે. ભજનાનંદી યોગીનું જીવન એવું સાત્ત્વિક બની જાય છે કે એના દર્શન માત્રથી લોકોને શાંતિ મળે છે અને અંતર ઠંડક અનુભવે છે, ઠરી જાય છે. તત્ત્વમસિ મહાવાક્યનો અનુભવ કરી ચૂકેલો યોગી સ્વસ્વરૂપમાં સ્થિર થાય છે અને લક્ષ્યસિદ્ધિ પામે છે.

તું (ત્વમ્) પરબ્રહ્મ (તત્) જ છે (અસિ) એ સમાવેદનું મહાવાક્ય અનુભવનાર યોગીની સાધના વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ અને મુમુક્ષુતાનો પરિપાક છે.

આવી સાધનાનું વર્ણન પૂ.શ્રીએ પોતાના જીવનને આધારે જ કર્યું છે. પૂ.શ્રીએ યોગીની વાત કરતાં કરતાં પોતાની જ વાત કરી છે.

□ □ □

# ૨૪. ભણતર મોટું ભૂત, તપસી!

(રાગ:આશાવરી; તાલ:ત્રિતાલ)

ભણતર મોટું ભૂત, તપસી! ...ટેક.

ગર્વ વધારે વિનય સંહારે, દેવ કહે સબ તૂત;
સહુથી અદકો આપ વખાણે, સંત કહે હડધૂત! .તપસી૦૧.

તર્ક કુતર્ક ઉઠાવે કંઈ કંઈ, સ્વચ્છંદ માને પૂત;
સ્થિર ઠરે ના એક ઠેકાણે, કરે કૂદાકૂદ! .તપસી૦૨.

અહં અહંની કરે ગર્જના, અન્ય કહે તે જૂઠ;
આપબુદ્ધિ સર્વજ્ઞ પ્રમાણે, બકે શાસ્ત્ર અખૂટ! .તપસી૦૩.

કા-કા-શબ્દે હંસ હઠાવે, કરે મિથ્યા કૂટ;
જ્ઞાન જઈને ભાન જો આવે, [૨]રંગ લહે અવધૂત! .તપસી૦૪.

---

૧. સૂકાઇ જાય. ૨. અવધૂતનું સ્વરૂપ જાણ

▯ ▯ ▯

## વિવરણ

સુભાષિતકાર કહે છે કે :-

**વિદ્યા વિવાદાય ધનં મદાય શક્તિં પરેષાં પરપીડનાય ।**
**ખલસ્ય સાધોર્વિપરીતમેતત્ જ્ઞાનાય, દાનાય ચ રક્ષણાય ॥**

દુષ્ટ માણસોની વિદ્યા વાદ-વિવાદ કરવા માટે, ધન અભિમાન કરવા માટે અને (શારીરિક) શક્તિ બીજાને હેરાન કરવા માટે હોય છે. જ્યારે સજ્જન માણસોનું એનાથી વિરુદ્ધ એટલે કે વિદ્યા જ્ઞાન માટે, ધન દાન માટે અને શક્તિ બીજાનું રક્ષણ કરવા માટે હોય છે.

વિદ્યા વિનયેન શોભતે । વિદ્યા વિનયથી શોભે છે અને સા વિદ્યા યા વિમુક્તયે । જે મુક્તિ અપાવે તે વિદ્યા એવાં બોધાત્મક વાક્યો પણ છે.

આ ભજનમાં કેવળ પુસ્તકિયા જ્ઞાનના ભણતરની પૂ.શ્રી વાત કરે છે. આજનું ભણતર તો કેવળ માહિતી આપે છે, એ જીવનનું ઘડતર નથી કરતું કે વ્યક્તિને કેળવતી નથી. આવું ભણતર વ્યક્તિના જીવનને ઊર્ધ્વ બનાવનારું નથી બનતું તેથી પૂ.શ્રીએ મન આવું ભણતર મોટું ભૂત છે. ભૂતનું કામ બીજાને હેરાન કરવાનું હોય છે. ભૂત જેનામાં પ્રવેશે તેની પાસે જાતજાતના ચાળા કરાવે છે. પૂ.શ્રી કહે છે કે આ ભણતરનું ભૂત કેવું છે ? આ ભૂત વ્યક્તિમાં અભિમાન ધારે છે, ગર્વ વધારે છે. વિનય દૂર કરે છે. અને નાસ્તિક બનીને દેવોની વાતો એ બધી તૂત છે એવું કહે છે. બીજા કરતાં પોતે વધુ હોશિયાર છે એમ કહીને, એમ માનીને પોતે જ પોતાનાં વખાણ કરે છે અને સાધુ-સંતોનો તિરસ્કાર કરે છે, હડધૂત કરે છે.

ભણેલા માણસોનું પૂ.શ્રીએ જે વર્ણન કર્યું છે તે બધું લંકાપતિ રાવણને પણ લાગુ પડે છે. રાવણ વિદ્વાન હતો, શક્તિશાળી હતો, સોનાની લંકામાં રહેતો હતો એટલે શ્રીમંત હતો, પરંતુ એણે મેળવેલી વિદ્યા એ પરાવિદ્યા ન હતી, બ્રહ્મવિદ્યા ન હતી તેથી જીવભાવમાંથી છુટકારો મેળવી શક્યો નહિ. રાવણની અપરા વિદ્યા-લૌકિક વિદ્યા-ભણતર -મોટું ભૂત જેવી વિદ્યાને કારણે તે ગર્વિષ્ઠ બન્યો. બ્રહ્મા, વરુણ, બૃહસ્પતિ જેવા દેવોને કેદ કરી તેમની પાસે રોજ કામ કરાવતો. દેવોને પૂજવાને બદલે તેમનો તિરસ્કાર કર્યો. એ વિનય વગરનો હતો. સાધુ-સંતોના યજ્ઞનો ભંગ કરી તેમને હેરાન-પરેશાન કરતો. આમ, રાક્ષસીવૃત્તિનો વિકાસ એ જ મોટું ભૂત છે.

કેવળ માહિતી આપતું શિક્ષણ સંસ્કૃતિનું સર્જક નથી, સંરક્ષક નથી અને સંવર્ધક નથી. તે સંસ્કાર મઢ્યું નથી. માતા-પિતાને માન આપવું, વડીલોની આમન્યા જાળવવી, નાનાનું રક્ષણ કરવું જેવી વાતો એને શીખવવામાં આવતી નથી. 'માતૃદેવો ભવ' કે 'પિતૃદેવો ભવ' જેવા આદર્શો એના જીવનમાં જોવા મળતાં નથી. આને ભણતર કહેવાય ? આજનું ભણતર કેવળ કમાણીને ધ્યેય બનાવીને અપાતું હોય છે.

આવું ઉપરછલ્લું ભણતર મેળવનાર તર્ક-કુતર્ક કરવામાં હોશિયાર હોય છે. તર્ક કરવો ખરાબ નથી, પરંતુ તર્ક કરવા ખાતર તર્ક કરવો બરાબર નથી. જીવનની એવી કેટલીયે બાબતો છે જેમાં શાસ્ત્રો કે વડીલો કહે તેને શ્રદ્ધાપૂર્વક સાચું માનવાનું હોય છે. કેટલીક વાતોમાં સાબિતી અને પુરાવા મંગાય નહિ. વળી, આ ભણેલી વ્યક્તિ કુતર્ક-ખોટા તર્ક કરે છે. એની બુદ્ધિનો દુરુપયોગ કરે છે. કેવી રીતે ? કે.લાલના જાદુના પ્રયોગો જોવા માટેની પોતાની આર્થિક શક્તિ ન હતી એવા આજના ભણેલા યુવાનને એક વડીલે પૂછ્યું કે 'કે.લાલના જાદુના પ્રયોગો જોયા ?' પોતાને આર્થિક રીતે પોષાતું નથી એવું સાચું કહેવાને બદલે એ યુવાને તર્ક-કુતર્ક લડાવ્યા અને વડીલને કહ્યું કે, એની પાછળ તો મૂર્ખ હોય તે પૈસા બગાડે.

કે.લાલ શું જાદુ કરે છે, એ તો જાહેરાતમાં જણાવે જ છે. હવે એ કેવી રીતે કરે છે એ તો આપણે પૈસા બગાડી જોવા જઈ તોપણ ખબર પડતી નથી. એટલે પૈસા બગાડવાનો શો અર્થ ? તર્ક-કુતર્ક દ્વારા પોતાની વાત સાચી છે એમ પુરવાર કરી પોતાની જાતને હોશિયાર સાબિત કરે છે. એનામાં ચિંતન શક્તિ કે ચિત્તની એકાગ્રતા કે સ્થિરતા જેવા સદ્‌ગુણો જોવા મળતા નથી. અંતર્મુખ બની, એકાંતમાં બેસી જીવન વિશે વિચારવાને બદલે બધે કૂદાકૂદ કર્યા કરતો હોય છે. એને ભણતર દ્વારા સાચું જ્ઞાન, સાચી જીવનદૃષ્ટિ પ્રાપ્ત થઈ નથી. તેથી એનું જીવન વેડફે છે.

આવું ઉપરછલ્લું શિક્ષણ પામેલી વ્યક્તિ નમ્ર કે વિનયી હોતી નથી. એની વાત વાતમાં 'મી મંજે કાય ?', 'હું એટલે કોણ ?' એવી અહંની વાત જ હોય છે. પોતે જે કહે તે જ વેદવાક્ય અને બીજા કહે તે જૂઠું-ખોટું એવું વલણ હોય છે. વ્યવહારુ જ્ઞાન ન ધરાવતો, જીવનની કેળવણી નહિ પામેલો વ્યક્તિ જીવન જીવવામાં નિષ્ફળ નિવડે છે. બધાંને ભેગાં કરવાં, બધાંને ભેગાં રાખવાં અને બધાંને ભેગાં રાખીને કામ કરવાની એનામાં આવડત અને કુનેહ હોતી નથી.

આજના ભણતરના સંદર્ભમાં રામાયણકાળના રામને ગંગા પાર ઉતારનાર કેવટની બુદ્ધિને વખાણતા કવિ દુલા કાગ લખે છે :-

**અભણ છતાં કેવું યાદ રાખે ?**
**ભણેલો ભૂલી જાય... પગ મને ધોવા દ્યો.**

આવા કુતર્ક કરનારાઓમાં દલીલ કરવાની ગજબની શક્તિ હોય છે. Bad money will drive out good money એ ન્યાયે આવા ભણેલા માણસો સાચું જ્ઞાન અને સમજ ધરાવનારની ઘણીવાર બોલતી બંધ કરી દે છે. સાચું જ્ઞાન ધરાવનાર તો આવા વાદ-વિવાદમાં પડતો જ નથી. દત્તબાવનીમાં આવતી 'હરી વિપ્રમદ અંત્યજ હાથ રક્ષ્યો ભક્ત ત્રિવિક્રમ તાત' લીટીની યાદ આવે છે. જે સાચા વિદ્વાનો હતા તે કહેવાતા વિદ્વાનો સાથે વાદ-વિવાદ કરવા તૈયાર જ ન હતા. આને કારણે આવા તર્ક-કુતર્ક કરનારાની થોડા સમય માટે બોલબાલા રહે છે, પરંતુ તે લાંબો સમય ટકતી નથી. એની આવી પ્રવૃત્તિ કેવળ માથાકૂટ છે-લમણાઝીક છે. એમાં કાંઈ જીવનનું શ્રેય થતું નથી.

સાચી વિદ્યા તો તે જ કે જે જન્મમરણની પરંપરામાંથી વ્યક્તિને મુક્ત કરાવે. જીવન પ્રત્યે સાચી દૃષ્ટિ આપે. બીજાને સુખી કરી સુખી થવાની વૃત્તિ જગાવે. ખાઓ-પીઓ અને લહેર કરો : Eat, Drink and be Marryનો આદર્શ રાખનાર તો રાક્ષસ કૂળનો કહેવાય. 'જીવો અને જીવવા દો' અને પછી 'બીજાને માટે જીવો' એવો આદર્શ શિખવાડે તે ભણતર જ સાચું ભણતર કહેવાય.

જેમ ધૂપસળી બળી જઈને સુગંધ ફેલાવે છે, તેમ બીજાને સુખી કરવા માટે જે પોતાના

સુખનો ત્યાગ કરે તે જ વ્યક્તિ સાચું જીવ્યો કહેવાય અને આવું જીવન જીવવાનું શીખવાડે તે જ સાચું ભણતર કહેવાય.

આપણા બાપજી આવું જીવ્યા અને આપણે આવું જીવીએ એવું શીખવ્યું.

□ □ □

## ૨૫. દેહમંદિરમાં દેવ બિરાજે

**(રામનામ તું ભજ લે પ્યારે - એ રાહ)**
**(રાગઃદેશ; તાલઃકહેરવા)**

**દેહમંદિરમાં દેવ બિરાજે, અનહદ વાજાં વાગેજી;**
**નોબત ભેરી મૃદંગ તાસાં, શંખ શરણાઈ ગાજેજી.**
**...ટેક.**

**આસન વાળી સુરતા સાધી, ભાળે અંદર જોગીજી;**
**કાન બંધ કરી સૂણે વિરલો, તે સચ્ચિત્સુખ ભોગીજી!**
**...દેહ૦ ૧.**

**કોટિચંદ્રસૂરજની શોભા, મેઘ વિના ઘન ગાજેજી;**
**અમૃતબરખા ઝરે આભમાં, જન્મ મરણ દૂર ભાગેજી!**
**...દેહ૦ ૨.**

**નાભિકમળસે હંસા બોલે, સોહં સોહં શ્વાસાજી;**
**જાપ અજંપા જપે જોગીડા, જેના સવળા પાસાજી.**
**...દેહ૦ ૩.**

**ઇડાપિંગલા છાશ વલોવે, મેરુદંડ રવૈયોજી;**
**સુખમણ સુરતી માખણ કાઢે, ચોરે ચિત્ત કનૈયોજી.**
**...દેહ૦ ૪.**

**મૂલાધારે વસે મૂળમાં, ગણપતિદાદા દેવાજી;**
**ચતુર્દલે પૃથ્વી રંગ પીળો, કરે જોગીજન સેવાજી.**
**...દેહ૦ ૫.**

વંશંષંસં બીજ પાંખડી, એક એક વિચારોજી;
ખટ્શત અર્પણ કરો [1]મોરચા, વિઘ્નબીજ નીવારોજી.
...દેહ૦ ૬.

ખટ્દલ બીજું [2]ઉપસ્થ ઉપર, શ્વેતરંગ જલ જાણોજી;
બંભંમંયંરંલં બીજે, [3]ચતુરાનન પરમાણોજી.
...દેહ૦ ૭.

સૃષ્ટિતાત ખટ્ સહસ્ર એને, ભાવે અર્પી શ્વાસાજી;
કમલજાત લક્ષ્યે લક્ષીને, તોડો ભવભયપાસાજી.
...દેહ૦ ૮.

[4]નાભિસરોજે વિષ્ણુ બિરાજે, દશદલમાં સુખકારીજી;
તેજ તત્ત્વ [5]રક્તાભ શું રાજે, લક્ષ્મી દે છે તાળીજી.
...દેહ૦ ૯.

ડંઢંણંતંથંદંધં ત્યાં નંપંફં ઉર ધારોજી;
સહસ્રખટ્ અર્પણ કરી ભાવે, આપ આપમાં ભાળોજી.
...દેહ૦ ૧૦.

હૃદયકમળ દ્વાદશદલ દીપે, નીલરંગ શિવ જોગીજી;
મારુત તત્ત્વે કરે [6]કેલિ ચિત્શક્તિ સાથ વર ભોગીજી.
...દેહ૦ ૧૧.

કંખંગંઘંઙં ચંછંજંઝંઞંટંઠં વિલોકેજી;
અર્પણ કરી ખટ્ સહસ્ર પ્રાણી પાશ કર્મના કાપેજી.
...દેહ૦ ૧૨.

કંઠે [7]કંજ ષોડશદલ રાજે, શ્યામરંગ રૂપાળુંજી;
વ્યોમતત્ત્વે ધ્યાન ધરે જીવ, જ્યોતિકેરું રસાળુંજી.
...દેહ૦ ૧૩.

અં આં ઇં ઈં ઉં ઊં ઋં ૠં લૃં લૄં એં ઐં ન્યારાજી;
ઓં ઔં અં અઃ બીજ સહસ્રજપ ભવભયહારક સારાજી.
...દેહ૦ ૧૪.

---

૧. ગણપતિ. ૨. જનનેંદ્રિય. ૩. બ્રહ્મા. ૪. કમળ. ૫. લાલ. ૬. ક્રીડા. ૭. કમળ.

ભ્રૂમધ્યે દ્વિદલ ચક્રે હંક્ષં અક્ષર રઢિયાળાજી;
નિર્મલ રંગે વસે નિરંતર ચિત્‌શક્તિ મહામાયાજી.
...દેહ૦ ૧૫.

સહસ્ર અર્પણ કરી પ્રીતથી, તુરિય પદે વિશ્રામાજી;
સોહં સોહં કરે ગર્જના, સુધાપાન સુખધામાજી.
...દેહ૦ ૧૬.

ઉપર વાટ અતિશય વસમી, બ્રહ્મરંધ્ર ગઢ ઘેરાજી;
સહસ્રદલ અનુપમ ઓપે, પરમ જ્યોતકા ડેરાજી.
...દેહ૦ ૧૭.

સહસ્ર જોગી જપે જુક્તિથી, [1]કોટ ભાણ ઉજીયારાજી;
અક્ષર અવ્યક્ત અનંત જેમાં, નાદ મેઘ થડાડાજી!
...દેહ૦ ૧૮.

જીવ શિવ ત્યાં એક હો જાવે, કરે અગોચર કેલિજી;
તુરીયાતીત અગમ ગઢ જીતી, ભેદે દશમ વિચારીજી.
...દેહ૦ ૧૯.

લક્ષ્ય લહે ગુરુકૃપા હોય તો, આગળ નાવે વાણીજી;
મનબુદ્ધિનું મૂળ નહિ ત્યાં, કેમ તોડવું તાણીજી?
...દેહ૦ ૨૦.

દેવ અગોચર વિરલો દેખે, દ્રષ્ટા દશ્ય વિરામેજી;
[2]સદ્‌ગુરુસાન સમજતાં, અંદર **રંગ** અનુપમ જામેજી!
...દેહ૦ ૨૧.

---

૧. કરોડો સૂર્ય. ૨. આખા ભજનમાં ટૂંકમાં અજપાજાપનો વિધિ અને તેથી થતા ષટ્‌ચક્રભેદ અને દિવ્ય નાદ (અનાહત) શ્રવણાદિનું વર્ણન કર્યું છે. વિષય ગૂઢ અને કેવળ ગુરુગમ્ય હોવાથી વિશેષ સમજૂતી માટે કોઇ અનુભવીની સલાહ લેવી જ ઉચિત છે.

□ □ □

# વિવરણ

માનવદેહ નશ્વર છે, ક્ષણભંગુર છે, અપવિત્ર છે અને છતાં તે મોક્ષપ્રાપ્તિનું દ્વાર પણ છે, તેથી તેને સ્વસ્થ રાખવો જોઈએ. પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે કે :-

**ભર્યો મેલથી દેહ આ, તોએ મોક્ષદ્વાર;**
**માટે તદ્રક્ષણ વિષે, રહે દક્ષ નિર્ધાર.**
**ક્ષણભંગુર તોએ નકી, દે શાશ્વત પદ એહ,**
**યોગાદિક પ્રાપ્તિતણું દ્વાર એક નરદેહ.**

(અ.૩૫. દો.૪૩-૪૪)

આનો અર્થ એટલો જ કરવાનો કે, દેહને ભાડાની ગાડીની જેમ જાળવવાનો. શરીરરાખા નહિ બનવાનું પણ શરીર તરફ બેદરકારી પણ નહિ બતાવવાની.

આ ભજનમાં પૂ.શ્રી દેહને મંદિર ગણી એમાં રહેલા જીવાત્માને દેવ તરીકે વર્ણવે છે. પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે કે :-

**દેહો દેવાલય બધાં આત્મા દેવ અભેદ,**
**નિશ્ચયભાવે વંદતાં, જડે ન શોધ્યો ખેદ.**

(અ.૪. દો.૯૯)

તંત્ર શાસ્ત્રમાં કહ્યું છે કે :-

**દેહો દેવાલયઃ પ્રોક્તો જીવો દેવઃ સદાશિવઃ ।**
**ત્યજેદજ્ઞાનનિર્માલ્યં સોઽહં ભાવેન પૂજયેત્ ॥**

આ દેહ એ મંદિર છે, જીવાત્મા એ દેવ છે તો દેવની આરતી પણ ઉતારાતી હશે અને ત્યારે ઘંટ, શંખ, નગારું વગેરે વાગે છે, તો આ દેહરૂપી મંદિરમાં પણ આવા વાદ્યો વાગતા હશે. આ દેહમાં પણ આવા દશવિધ-દશ પ્રકારના નાદ થાય છે. આ નાદ સાંભળવા માટે યુક્તિપૂર્વક કાન અને નસકોરા બંધ કરી, વૃત્તિ એકાગ્ર કરી અંતર્મુખ થવું પડે છે. આ નાદને અનાહત નાદ કહેવામાં આવે છે, કારણ કે સામાન્ય રીતે એક વસ્તુ બીજી કોઈ વસ્તુ સાથે અથડાય-આહત્ થાય ત્યારે અવાજ ઉત્પન્ન થાય છે, પણ દેહમાં થતો નાદ કોઈ વસ્તુ સાથે અથડાયા (આહત્) વગર થાય છે માટે એને અનાહત નાદ કહે છે. આ અનાહત નાદમાં ચિત્તને લીન કરવાનું હોય છે. જો ચિત્ત દશનાદમાં લીન થાય તો ઉન્મનીની અવસ્થા પ્રાપ્ત થાય છે. પૂ.શ્રી લખે છે કે :-

**પ્રગટે દશવિધ નાદ જે, ઠરે ચિત્ત જો ત્યાંય;**
**મરે અન્યવૃત્તિ અને શીઘ્ર ઉન્મની થાય.**

(અ.૩૭. દો.૩૧)

આ દશ પ્રકારના નાદમાં તમરાનો, શંખનો, વેણુનો, મેઘનો એવા વિવિધ નાદો થાય છે. એમાં મેઘનાદ એ છેલ્લો નાદ છે. ત્યાર પછી પ્રાપ્ત સહસ્રારમાં પ્રવેશે છે અને જીવ-શિવનું

મિલન થાય છે. અહીં કરોડો ચંદ્ર-સૂર્યના પ્રકાશની શોભા થાય છે અને તાળવામાંથી અમૃતરસ ટપકે છે, જેને જીભ દ્વારા માણવામાં આવે છે.

આ ભજનમાં પૂ. બાપજીએ અજપાજપનો વિધિ અને તે દ્વારા થતા ષટ્ચક્ર ભેદન અને દિવ્ય અનાહત નાદનું વર્ણન કર્યું છે. આ વિષય ગૂઢ અને કેવળ ગુરુગમ્ય છે. એને સમજવા અને તેનો અનુભવ લેવા અનુભવી ગુરુનું માર્ગદર્શન અત્યંત જરૂરી છે. આપણે સૈદ્ધાંતિક સ્તર પર સમજવાનો પ્રયત્ન કરીશું.

આપણે જ્યારે શ્વાસ લઈએ છીએ ત્યારે ‘સો એવો ધ્વનિ થાય છે અને શ્વાસ બહાર કાઢીએ ત્યારે ‘હં’ એવો ધ્વનિ થાય છે. આમ, શ્વાસોશ્વાસ દ્વારા **સોઽહં**નો નાદ થાય છે. આ સોઽહંનો જાપ કરવા માટે આપણે કોઈ પ્રયત્ન કે પ્રયાસ કરવો પડતો નથી, પણ આપોઆપ, સહજ રીતે થાય છે તેથી તેને અજપાજપ કહે છે. જપવાનો પ્રયત્ન કર્યા વિના થતો જાપ એટલે અજપાજપ. નાદોપાસના સિદ્ધ કરનાર યોગી આ અનાહત નાદનું શ્રવણ કરી શકે છે.

એક શ્વાસ લઈને તેને છોડવામાં-ઉચ્છ્વાસમાં ચાર સેકન્ડ લાગે છે એવી ગણતરી છે. એટલે એક મિનિટમાં ૧૫ વાર શ્વાસ લેવામાં આવે છે અને છોડવામાં આવે છે. આમ એક મિનિટમાં ૧૫ વાર સોઽહંનો જપ થાય છે. આ ગણતરીથી એક કલાકમાં ૯૦૦ વાર (૬૦ મિનિટ x ૧૫) સોઽહંના જાપ થાય છે. રાત-દિવસના ૨૪ કલાકમાં એ સંખ્યા કુલ ૨૧,૬૦૦ થાય છે. આ ૨૧,૬૦૦ અજપાજપ છ ચક્રોના દેવોને અર્પણ થાય છે. એની સમજણ આવી છે. કુલ છ ચક્રો છે. દરેક ચક્રના અધિષ્ઠાતા દેવ છે. દરેક ચક્રમાં અમુક પાંદડીનું કમળ છે. (જુઓ આકૃતિ નંબર-૧)

સરસ્રાર એ અંતિમ સ્થાન છે. એને દશમ દ્વાર, બ્રહ્મરંધ્ર કે શૂન્ય શિખરના નામે પણ ઓળખવામાં આવે છે. આજ્ઞાચક્ર એ છેલ્લું ચક્ર છે. એને ભેદીને પછી જીવ સહસ્રારમાં જાય છે, તો ત્યાં પરબ્રહ્મ-શિવ સાથે મિલન થાય છે.

ઈડા અને પિંગલા એવી બે નાડીરૂપી જસોદા શ્વાસોશ્વાસ દ્વારા પ્રાણરૂપી છાસ વલોવે છે. મેરુદંડ-કરોડરજ્જુ એમાં રવૈયાનો ભાગ ભજવે છે. પછી કુંડલિની જાગ્રત થઈ સુષુમ્ણામાં પ્રવેશ કરે છે, તે માખણ છે. આ માખણ ચિત્તરૂપી કનૈયો ચોરી લે છે.

દરેક ચક્રનું વર્ણન કરતાં ભજનમાં પૂ.શ્રીએ ચક્રનું નામ, એનો અધિષ્ઠાતા દેવ, કમળની પાંદડી, બીજ, તત્ત્વ અને વર્ણનો ઉલ્લેખ કરી એ દેવને કેટલા જાપ અર્પણ કરવાં તે જણાવ્યું છે. મૂળાધાર ચક્રમાં પીળા રંગનું પૃથ્વી તત્ત્વ છે, સ્વાધિષ્ઠાન ચક્રમાં સફેદ રંગનું જળતત્ત્વ છે, મણિપુર

ચક્રમાં લાલ રંગનુ અગ્નિ તત્ત્વ છે. અનાહત ચક્રમાં નિલવર્ણનું વાયુતત્ત્વ છે. વિશુદ્ધિ ચક્રમાં શ્યામ રંગનું આકાશ તત્ત્વ છે. આજ્ઞાચક્ર નિર્મળ રંગનું છે. દરેક ચક્રની પાંદડીનો સરવાળો એટલે કુલ બીજ થશે જે આપણા સ્વર અને વ્યંજનોની સંખ્યા છે. આ સંખ્યા ૫૦ની થશે. આ સંખ્યાનો ઉલ્લેખ કરતાં પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે કે :-

**પ્રથમ પ્રણવરૂપે રહી કરે વર્ણવિકાસ,**
**પંચાશત અક્ષર બધા, સ્વર વ્યંજન પ્રકાશ.**

(અ.૧. દો.૨૨)

અવધૂતી અપાનંદના ભજનમાં પૂ.શ્રી બાવન અક્ષરનો ઉલ્લેખ કરે છે. ઉપરના ૫૦ અક્ષરમાં 'ળ' અને 'જ્ઞ' ઉમેરીએ એટલે બાવન (૫૨) અક્ષર થશે.

'નેતિ નેતિ કહી નિગમ ઓચરે, **બાવન**થી બહારો...' અનુપમ હિરલો. આજ્ઞાચક્ર બે ભ્રમરોની વચ્ચે આવેલું છે. અહીં યોગીને સોહં સોહંની ગર્જના સંભળાય છે અને યોગી સુખના ધામરૂપ અમૃતનું પાન કરે છે. આ આજ્ઞાચક્ર ભેદીને સહસ્રારમાં જવાનો માર્ગ અતિશય કપરો છે. તેથી એને અગમગઢ કહે છે. ગુરુના માર્ગ દર્શન વગર ત્યાં પહોંચાતું નથી. આ વાત પૂ.શ્રી ભજનમાં પણ કરે છે અને લખે છે કે :

**સૂરત નૂરત કી ગોલી ચલાઈ, બંકનાલ ગઢ અગમ જીતાઈ.**
**અલખ નિરંજન તંબુ તનાઈ... તપસી.**

આ બંક (વાકી) નાલ (નેળ)નો માર્ગ -જ્યાંથી સુરતી બ્રહ્મરંધ્ર તરફ ચઢે છે-તે માર્ગ કપરો છે. આ છેલ્લું ચક્ર ભેદીને પ્રાણ સહસ્રારમાં જાય ત્યાં શિવનું-પરમ તત્ત્વ-નું મિલન થાય છે. જીવ અને શિવ એક થઈ જાય છે. સદ્‌ગુરુની કૃપાથી, સદ્‌ગુરુની સાન સમજતાં કોઈક વિરલો યોગી એ અગોચર-ઈન્દ્રિયોથી ન જાણી શકાય એવા દેવનું દર્શન કરે છે.

આ સહસ્રારને જ દશમ દ્વાર પણ કહેવામાં આવે છે. યોગીપુરુષ આ દ્વાર ભેદીને મોક્ષ પામે છે. આ લક્ષ્યનું વર્ણન કરી શકાય એમ નથી. મન અને બુદ્ધિની પહોંચની બહાર છે.

આ કેવળ અનુભવવાની વાત છે. આ ચર્ચા જો કોઈને આવો અનુભવ કરવા માટે પ્રેરે તો પણ વિવરણકારનો પ્રયત્ન સફળ થયો કહેવાય.

ઉપરની ચર્ચાને બીજી રીતે રજૂ કરવાથી વધુ સ્પષ્ટ થશે. (જુઓ આકૃતિ નં. ૨)

## આકૃતિ નં. ૧

| ચક્ર | નામ | દેવ | કમળની પાંદડી | કેટલા જપ અર્પણ કરવા ? | પાંદડી કઈ |
|---|---|---|---|---|---|
| ૧. | મૂળાધાર ચક્ર | ગણપતિ | ૪ | ૬૦૦ | વં, શં, ષં, સં |
| ૨. | સ્વાધિષ્ઠાન ચક્ર | બ્રહ્મા | ૬ | ૬,૦૦૦ | બં, ભં, મં, યં, રં, લં |
| ૩. | મણિપુર ચક્ર | વિષ્ણુ | ૧૦ | ૬,૦૦૦ | ડં, ઢં, ણં, તં, થં, દં |
| | | | | | ધં, નં, પં, ફં |
| ૪. | અનાહત ચક્ર | શિવ | ૧૨ | ૬,૦૦૦ | કં, ખં, ગં, ઘં, ઙં, |
| | | | | | ચં, છં, જં, ઝં, ઞં, ટં, ઠં |
| ૫. | વિશુદ્ધિ ચક્ર | જીવાત્મા | ૧૬ | ૧,૦૦૦ | અ, આ, ઈ, ઈ, ઉ, ઊ, |
| | | | | | ઋે, ૠ, ળૃં, ૡ |
| | | | | | એ, ઐ, ઓ, ઔ, અં, અઃ |
| | | | | | |
| ૬. | આજ્ઞાચક્ર | મહામાયા ચિત્‌શક્તિ | ૨ | ૧,૦૦૦ | હ, ક્ષ |
| ૭. | સહસ્રાર (ચક્ર નથી.) | પરબ્રહ્મની પરમ જ્યોતિ | ૧,૦૦૦ | ૧,૦૦૦ | |
| | | | | ૨૧,૬૦૦ | |
| | | | | | |

# આકૃતિ નં. ૨

| અનુ. નં. | ચક્રનું નામ | સ્થાન | દેવ | પાંદડી | તત્ત્વ | વર્ણ | જપની સંખ્યા | બીજ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | મૂલાધાર ચક્ર | ગુદા | મોરયા | ૪ | પૃથ્વી | પીળો | ૬૦૦ | વં, શં, ષં, સં |
| ૨. | સ્વાધિષ્ઠાન ચક્ર | ઉપસ્થ (જનનેન્દ્રિય) | બ્રહ્મા | ૬ | જળ | શ્વેત | ૬,૦૦૦ | બં, ભં, મં, યં, રં, લં |
| ૩. | મણિપુર ચક્ર | નાભિ | વિષ્ણુ | ૧૦ | અગ્નિ | લાલ | ૬,૦૦૦ | ડં, ઢં, ણં, તં, થં, દં, ધં, નં, પં, ફં |
| ૪. | અનાહત ચક્ર | હૃદય | શિવ | ૧૨ | વાયુ | નીલ | ૬,૦૦૦ | કં, ખં, ગં, ઘં, ઙં, ચં, છં, જં, ઝં, ઞં, ટં, ઠં |
| ૫. | વિશુદ્ધ ચક્ર | કંઠ | જીવાત્મા | ૧૬ | આકાશ | શ્યામ | ૧૦૦૦ | અં, આં, ઇં, ઈં ૧૬ સ્વર |
| ૬. | આજ્ઞાચક્ર | બે ભ્રમર ની વચ્ચે | મહામાયા ચિત્ શક્તિ- | ૨<br><u>૫૦</u> | નિર્મળ | રંગ છે. | ૧,૦૦૦ | હં, ક્ષં. |
| ૭. | સહસ્રાર (ચક્રનથી) | બ્રહ્મરંધ્ર | પરબ્રહ્મ | ૧,૦૦૦ | - | - | <u>૧,૦૦૦</u><br><u>૨૧,૬૦૦</u> | |

□ □ □

# ૨૬ અવિવેકે ભરિયું રે

(રાગઃઝિંઝોટી; તાલઃદીપચંદી)

અવિવેકે ભરિયું રે, જગ બધું ઊંધું જુએ;
નથી તેને માની રે, સ્વાધીન હાથે ખુએ! ...ટેક.

સુરાસુર નર કિન્નર સર્વે, આશમહીં અથડાય;
સ્ત્રીપુત્રાદિક સ્નેહે તણાઈ, હાથે કરી બંધાય,
જોવા છતાં અંધા રે, પડે જઈ ઊંડે કૂવે! ...અવિવેકે૦ ૧.

હું-તુંપણું ના જેને જરીએ, તેને માની મોહે તેમ;
છોડી સુધા જઈ છાણને ચૂંથે, ઈચ્છે અમૃત એમ;
તૃષ્ણા નવ છૂટે રે, પછડાતાં છાનું રુએ! ...અવિવેકે૦ ૨.

સર્વ જગતનાં સ્ત્રીધનપશુઓ મળે એકને જાણ,
તોએ તૃપ્તિ ન પામે કદીએ સ્વપ્નસુખે એ માન,
તૃષ્ણાત્યાગે શૂન્યે રે, અઢળક લક્ષ્મી જુએ! ...અવિવેકે૦ ૩.

સ્વાત્મસુખ એ સ્વાધીન છોડી, બાહ્યસુખે ભમે જેહ;
કલ્પો સુધી અજ્ઞાને અથડાએ, છૂટે ન તોએ તેહ;
કોલસા તે કાળા રે, કેમ થાએ ધોળા ધૂએ? ...અવિવેકે૦ ૪.

મૂકે યુક્તિથી જ્ઞાનચિનગારી, શોધ્યો જડે ના ડાઘ,
થતાં કૃપા ગુરુદેવની, વનમાં ઘેટું મારે વાઘ,
**રંગ** એક જ ભરિયો રે, દેખે નર જીવતાં મૂએ! ...અવિવેકે૦ ૫.

□ □ □

## વિવરણ

પ્રભુપ્રાપ્તિના માર્ગે જનાર માટે, બ્રહ્મવિદ્યા જાણવાની ઈચ્છા રાખનારે વિવેક, વૈરાગ્ય, ષટ્ (છ) સંપત્તિ (શમ, દમ, તિતિક્ષા, ઉપરતિ, શ્રદ્ધા અને સમાધાન) અને મુમુક્ષુપણું પ્રાપ્ત કરવાના હોય છે. વિવેક એટલે આત્મા અને અનાત્મા વચ્ચેનો ભેદ પારખી આત્મા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો. આ જગત, આ શરીર એ અનાત્મા છે, નાશવંત છે, અપવિત્ર છે, દુઃખદાયી છે એવી સમજ વિવેકથી આવે છે. આવા વિવેક પછીનો વૈરાગ્ય એ સાચો વૈરાગ્ય છે. વિવેક પછી

વૈરાગ્ય આવે એ ટકે છે. સીધો વૈરાગ્ય કોઈ વાર મુશ્કેલી પણ સર્જી શકે.

પૂ. પ્રકાશાનંદજી મહારાજ આ વાત સમજાવવા માટે ગોપીચંદ રાજાનું દૃષ્ટાંત આપે છે. ભર્તૃહરિને ગુરુ કરીને ગોપીચંદ જંગલમાં રહેતા હતા. ગોપીચંદની માતા મેનાવતી ગોપીચંદના અભ્યાસની જાણકારી માટે રાત્રે પુરુષનો વેશ પહેરી, ઘોડા ઉપર બેસી જંગલમાં ગઈ. રાત્રે જ્યાં ગોપીચંદ સૂતા હતા ત્યાં જઈને તેની પાસે જઈ સૂતી. ગોપીચંદે તરત કહ્યું કે, મારી જગ્યાએ કોણ સૂતું છે ? જે હો તે ઊઠીને બીજે જઈ સૂઓ. મેનાવતી ઊભા થઈ ગયાં અને જ્યાં ભર્તૃહરિ સૂતા હતા ત્યાં જઈને સૂતા. કંઈ પણ બોલ્યા વિના ભર્તૃહરિ ઊભા થઈને બીજે સૂઈ ગયા. સવાર થતાં મેનાવતીએ ગોપીચંદને કહ્યું કે, તારો વૈરાગ્ય વિવેકરહિત હોવાથી જંગલમાં આવીને પણ આ મારી જગ્યા છે એ ભાવ ભૂલી શક્યો નથી. ભર્તૃહરિમાં વિવેકયુક્ત વૈરાગ્ય હતો, તેથી એ કશું બોલ્યા વિના ઊઠીને બીજે જતા રહ્યા.

પૂ.શ્રી આ ભજનમાં અવિવેકભરી દૃષ્ટિ રાખનાર જગત, સંસારી બધું ઊંધું જ જુએ છે એટલે કે જે પરિસ્થિતિ છે તે અંગે તેને સાચી સમજણ નથી. સાચી સમજણ નથી તેનું કારણ અજ્ઞાન છે, અવિદ્યા છે. વિવેકદૃષ્ટિ વગરની વ્યક્તિ તો જે જુએ તેને સાચું માની લે છે. જગદ્‌ગુરુ શંકરાચાર્ય કહે છે કે : ''બ્રહ્મ સત્યં જગન્મિથ્યા'' - આ જગત મિથ્યા છે. ''દેખાય છે તે સાચું નથી અને સાચું છે તે દેખાતું નથી'' એ અવિવેકવાળી દૃષ્ટિનું પરિણામ છે. પાણીના પરપોટાને ફૂટતો જોઈને સમજુ વ્યક્તિ દુઃખ કરતો નથી. જ્યારે બાળક-અજ્ઞાની -દુઃખ કરે છે. મૃગજળને જોઈને સમજુ દોડતો નથી, અજ્ઞાની દોડે છે અને અંતે પસ્તાય છે, દુઃખી થાય છે.

સમગ્ર ભજનનો સાર એ છે કે વ્યક્તિ વિવેકભરી દૃષ્ટિ કેળવે, જ્ઞાન મેળવે તો એને સમજ પડે કે એ પોતે જ આનંદ સ્વરૂપ છે અને તેથી બહારની વસ્તુમાંથી આનંદ મેળવવાનો નથી. સ્વસ્વરૂપમાં સ્થિર થઈને તે આત્મક્રીડ બની પોતાના વશમાં રહેલા આનંદ સ્વરૂપનું સુખ અનુભવે.

શ્રીગુરુલીલામૃત આ વાત સારી રીતે સ્પષ્ટ કરે છે. પૂ.શ્રી લખે છે :-

**અંતઃસુખ છોડી જનો, મારે ફાંફાં બ્હાર,**
**આત્મા માની દેહને, દુઃખી થાય ગમાર.**
**અનિત્ય ગંદો દેહ જે કેવળ દુઃખ સ્વરૂપ,**
**નિત્ય સુખાત્મક માનીને, પડે મૂઢ ભવકૂપ.**
**જ્ઞાનાભ્યાસે તેમ એ ખસેડતાં અજ્ઞાન,**
**માયા પડળ ખરી પડે, થાય સ્વાત્મનું ભાન.**
**સ્વાત્મસુખ સ્વાધીન જે છોડી દોડે જેહ,**
**વિષયો પાછળ ગાભરો, રડે દુઃખથી તેહ.**

(અ.૯. દો.૨૬, ૨૭, ૩૦, ૩૨)

**અજ્ઞાને અવિવેકનું વધે જોર ત્યાં એમ,**
**અવિવેકે અભિમાન ને અભિમાને ખલ તેમ.**
**થતાં જ્ઞાન અપરોક્ષ ત્યાં થાય નષ્ટ અજ્ઞાન,**
**થતાં નાશ અજ્ઞાનનો, ટળે અવિવેક માન.**
**નાશ થતાં અવિવેકનો થાય નષ્ટ અભિમાન,**
**થતાં નષ્ટ અભિમાન ત્યાં શમે રાગાદિ જાણ.**

(અ.૩૪. દો.૨૭, ૩૦, ૩૧)

આ અજ્ઞાનના નાશ દ્વારા અવિવેકનો નાશ કરવા માટે જ સાધના કરવાની છે. અજ્ઞાનને કારણે-અવિવેકને કારણે - સંસારી દેહને જ આત્મા માને છે, સર્વસ્વ માને છે, જે ભૂલ છે. સુખી થવા માટે એ બહારના વિષયો ઈચ્છે છે કારણ કે એ એમ માને છે કે સુખ આપનાર બહારના વિષયો છે જે એની ભૂલ છે. વિષયોમાંથી મળતું જણાતું સુખ એ સુખ નથી, સુખનો આભાસ છે. સુખ-આનંદ - તો પોતાના અંતરમાં છે. પોતે આનંદસ્વરૂપ છે. પોતે પરબ્રહ્મ છે. આ વાત અવિદ્યાવશ તે ભૂલી ગયો હોવાથી એ સ્ત્રી, પુત્ર, ધન વગેરેને સુખનાં સાધન માની સુખ મેળવવાનો પ્રયત્ન કરે છે. અંતે એ પસ્તાય છે. આ બધું મેળવવાની તૃષ્ણા એને રડાવે છે. તૃષ્ણા કોઈ દી સંતોષાતી નથી. આપણે ઘરડાં થઈએ છીએ પણ તૃષ્ણા તો બળવાન જ રહે છે. આ તૃષ્ણા છૂટી જાય તો વ્યક્તિ સુખના સાગરમાં ડૂબી જાય.

પૂ.શ્રી ભજનના અંતે એક દૃષ્ટાંત આપે છે. પૂ. બાપજી કહે છે કે : કાળા કોલસાને ગમે એટલા ધૂઓ પણ એ સફેદ થશે નહિ. એને સફેદ કરવાનો રસ્તો શો ? યુક્તિપૂર્વક એ કોલસાને સળગાવો. કોલસામાં ચિનગારી મૂકવાથી, એને સળગાવવાથી એની કાળાશ જતી રહેશે અને એની સફેદ રાખ થશે. આ જ રીતે વિષયવાસનાથી ભરેલી અવિવેકભરી દૃષ્ટિ એ દુઃખનું મૂળ છે. આ અવિવેક જાય કેવી રીતે ? આ અવિવેક એ અજ્ઞાનનું પરિણામ છે માટે અજ્ઞાન દૂર કરીએ તો અવિવેક જાય. આ અજ્ઞાનનો નાશ કેવી રીતે થાય ? સાધના દ્વારા જ્ઞાનની પ્રાપ્તિ કરીને. ખરેખર તો જ્ઞાન મેળવવાનું હોતું જ નથી, અજ્ઞાન જ ખસેડવાનું હોય છે. પૂ.શ્રી લખે છે કે :

**શેવાળે છાયું દીસે પાણી નિર્મળ જેમ,**
**સ્વાત્મા માયાછંન્ન એ, શુદ્ધ સુખમય તેમ.**
**ખસેડતાં સદ્યુક્તિથી દૂર એહ શેવાળ,**
**નીચે અમૃતમય દીસે પાણી ત્યાં તત્કાળ.**
**જ્ઞાનાભ્યાસે તેમ એ ખસેડતાં અજ્ઞાન,**
**માયાપડળ ખરી પડે, થાય સ્વાત્મનું ભાન.**

(અ.૯. દો.૨૮ થી ૩૦)

ગુરુમહારાજને એવી પ્રાર્થના કરીએ કે આપણા પર કૃપા કરે અને આપણી દૃષ્ટિ વિવેકભરી બનાવવાની આપણી સાધનાને સફળ કરે.

□ □ □

## ૨૭. રુદિયામાં દીવા, તોએ અકર્મી અથડાતી!

(રાગઃતિલક-કામોદ; તાલઃકહેરવા)

[૧]રુદિયામાં દીવા, તોએ અકર્મી અથડાતી! ...ટેક.

હૃદયનું કોડિયું, ભગતીનું ઘી [૨]હેરી,
કર્મ-દીવેટે જ્ઞાનજ્યોતિ! ...રુદિયામાં૦ ૧.

ઘણઘણ ઘંટા ને ઢમઢમ ઢોલ રી,
સુણે તોએ ના સુણંતી!! ...રુદિયામાં૦ ૨.

મંદિર મૂકીને મસજીદ જાતી,
પ્હાણાગોખલિયે ભટકાતી!! ...રુદિયામાં૦ ૩.

તીરથ ધ્યાતી ને તરવેણી ન્હાતી,
બલા વળગેલી નવ જાતી!! ...રુદિયામાં૦ ૪.

પરણેલો મૂકીને રાંડેલો ધ્યાતી,
કુંવારે કુંવારે કોલ લેતી!! ...રુદિયામાં૦ ૫.

થૂંકીને સત્ત્વ એ છોતરાં ખાતી!
શ્વાસા મૂકી લેતી પોથી!! ...રુદિયામાં૦ ૬.

બીજાને જોતાં પોતે ખોવાતી;
**રંગ** આખરે પસતાતી!! ...રુદિયામાં૦ ૭.

---

૧. હૃદયમાં; અંતરમાં. ૨. ભેળવી, રેડી.

□ □ □

# વિવરણ

શ્રુતિ જેને 'પ્રાપ્તસ્ય પ્રાપ્તિ કહે છે તે વાત અજ્ઞાનનો નાશ કરી જ્ઞાનપ્રાપ્તિની દિશા સૂચવે છે. આપણે પોતે પરબ્રહ્મ સ્વરૂપ જ છીએ. આદિ જગદ્‌ગુરુ શંકરાચાર્ય કહે છે કે :-

**બ્રહ્મસત્યં જગન્મિથ્યા, જીવો બ્રહ્મૈવ નાપરઃ ।** બ્રહ્મ સત્ય છે, જગત મિથ્યા છે. જીવ બ્રહ્મ જ છે. તે બ્રહ્મથી જુદો નથી. આપણું મૂળ સ્વરૂપ, સાચું સ્વરૂપ આ હોવા છતાં અવિદ્યાવશ આપણે એમ માની લીધું કે, હું અલ્પજ્ઞ છું, અલ્પશક્તિમાન છું, પામર છું વગેરે. આ અવિદ્યા અનાદિ હોવાથી અજ્ઞાનને કારણે જ ભ્રમણા જાગે છે તે દૂર કરવા સાધના કરવાની છે. નિષ્કામ કર્મો દ્વારા મળ દૂર કરી ચિત્ત શુદ્ધ કરવું એ પહેલું પગથિયું. ઉપાસના દ્વારા વિક્ષેપ દૂર કરી ચિત્ત સ્થિર કરવું એ બીજું પગથિયું અને સાધના દ્વારા જ્ઞાન મેળવી આવરણ દૂર કરવું એ ત્રીજું અને છેલ્લું પગથિયું.

સંસારીને પોતાના મૂળ સ્વરૂપની જાણકારી નથી. જાણકારી મળે તો તે દૃઢ નથી તેથી બહાર ફાંફાં મારે છે. આને બદલે તેણે અંતર્મુખ બની પોતાના હૃદયમાં રહેતા આત્માને જ ઓળખવાનો છે. આ વાત પૂ.શ્રીએ અનેક ભજનોમાં કરી છે.

- પ્રભુ પરખ્યા હૃદે જેણે, ફરે ભમતો જગે શાને ?
- તીરથ કહાં જાના ? મેરે ભાઈ.
- અંદર ગોતા લગાવ પ્યારે !
- ચૌદ બ્રહ્માંડ મેરી ઝોલીમેં.
- મન મરજીવા છે મોતી અમૂલખ અંતરસાગરે.

આ ભજનમાં પૂ.શ્રીએ જ્યોતિસ્વરૂપ આત્માને ઓળખવાની વાત કરી છે. આ ન જાણનાર બધે અથડાતો ફરે છે. ગળામાં હાંસડી છે અને હાંસડી મળતી નથી, ખોવાઈ ગઈ છે એમ કહીને ગામ આખામાં શોધતો ફરે છે. આવા લોકોને પૂ.શ્રી અકર્મી કહે છે. એક ભજનમાં પૂ.શ્રી કહે છે કે : "શરદપૂનમતણી રાતે, અકર્મી આગીયો ખોળે".

સ્વસ્વરૂપને કેવી રીતે જાણવું ? પૂ. બાપજી કહે છે કે, જ્ઞાનરૂપી જ્યોતિ દ્વારા આત્માને ઓળખવો. હૃદયરૂપી કોડિયામાં ભક્તિરૂપી ઘી પૂરી એમાં કર્મની દિવેટ લગાડી પછી જ્ઞાનની જ્યોતિથી કોડિયું પ્રગટાવવું.

**તત્તા ચોદિશ તિમિર છવાયું અંધ હા !**
**સોઽહં ભાવ પ્રજ્વાળ જ્ઞાનનો દીપ જો.**
**પ્રેમભક્તિ દિવેલ પૂરી હૃદ્‌પાત્રમાં,**
**નિષ્કામ કર્મ મૃદુ હથ્થ વાટ સંકોરજો.**

જ્ઞાન, કર્મ અને ભક્તિ ત્રણેનો ઉલ્લેખ પૂ. શ્રી કરે છે. દીવો પ્રગટાવવા માટે આ ત્રણેની આવશ્યકતા છે. નિષ્કામ કર્મ દ્વારા ચિત્ત શુદ્ધિ, ઉપાસના-ભક્તિ દ્વારા વિક્ષેપ દૂર કરવો અને જ્ઞાન દ્વારા આવરણ હટાવવાથી -અજ્ઞાન દૂર કરવાથી-સ્વસ્વરૂપનું દર્શન થશે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, પણ અવિદ્યાને વશ થઈને તે દેખાતો નથી. આત્મા જ્ઞાનરૂપે હોઈ બધા પદાર્થોને પ્રકાશે છે અને પદાર્થોનું જ્ઞાન પણ આત્માના સદ્‌ભાવથી જ થાય છે. આત્મા પોતે સ્વયં પ્રકાશીને અન્યને પ્રકાશે છે.

સાધક જ્યારે સાધના કરે છે ત્યારે યોગમાર્ગે તે પ્રાણને ષડ્‌ચક્રના ભેદન દ્વારા સહસ્રારમાં લઈ જઈ જીવ-શિવના મિલન દ્વારા પરમ જ્યોતિનાં દર્શન કરવાનો પ્રયત્ન કરે છે. જ્યારે પ્રાણાયામ સિદ્ધ કરીને સાધક આગળ વધે છે ત્યારે પોતાના શરીરમાં થતા દશ પ્રકારના નાદ સાંભળી શકે છે. આ દશ પ્રકારના નાદમાં છેલ્લો નાદ મેઘનાદ છે. આ દશ પ્રકારના નાદ સાંભળતાં સાંભળતાં ચિત્તને તેમાં લીન કરવાનું હોય છે. મન લીન થતાં ઉન્મની અવસ્થા પ્રાપ્ત થાય છે. આંખ, કાન અને નાકને આંગળી અને અંગૂઠાથી બંધ કરી, અંતર્મુખ થવાથી આ અનાહત નાદ સંભળાય છે. બહિર્મુખવૃત્તિવાળી વ્યક્તિ આ નાદ સાંભળી શકતી નથી. આત્મદર્શન માટે બહિર્વૃત્તિ ઘટાડવી પડે છે, જેથી ચિત્ત એકાગ્ર બને. પરંતુ ઈશ્વરની લીલા એવી અકળ છે કે એણે આપણી ઈન્દ્રિયો એવી મૂકી છે કે તે બહિર્મુખી રહે છે. આંખ બહારનું જુએ, કાન બહારનું સાંભળે, નાક બહારનું સૂંઘે. આ બધી ઈન્દ્રિયો જ્યાં સુધી બહિર્મુખ રહે છે ત્યાં સુધી વ્યક્તિને પ્રવૃત્તિશીલ રહેવાનું ગમે છે. બાહ્યાચારમાં એ રચ્યો પચ્યો રહે છે. પોતાને આધીન એવું સ્વાત્મસુખ છોડીને બહારના વિષયોમાંથી સુખ શોધવાનાં ફાંફાં મારે છે-હવાતિયાં મારે છે. મંદિરમાં જઈ મૂર્તિ પૂજવી-સગુણ ઉપાસના કે મસ્જિદમાં જઈ નમાજ પઢવી, નિર્ગુણ ઉપાસના એ ખોટું નથી, પણ શરૂઆતમાં ઠીક છે પણ પછી એ છોડી દઈ મનન, નિદિધ્યાસન દ્વારા આત્મદર્શન માટે પ્રયત્ન કરવાના છે. તીર્થયાત્રાએ જવું, પ્રયાગરાજમાં-ત્રિવેણી સંગમમાં સ્નાન કરવું એ ઠીક છે, પરંતુ એનાથી અજ્ઞાનનો-અવિદ્યાનો નાશ થતો નથી અને જીવને વળગેલી બલા છૂટતી નથી.

આત્મદર્શન માટે શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ ગુરુનું માર્ગદર્શન અને કૃપા જરૂરી છે. પૂ.શ્રી આવા સદ્‌ગુરુની ઓળખ આપતાં કહે છે કે :-

**સદાચારરત જે સદા, પૂરો જ્ઞાને તેમ,**
**નિજાનંદમાં મસ્ત જે, બ્રહ્મનિષ્ઠ ગુરુ એમ.**
**તચ્છરણે ભ્રમ ક્યાં રહે? આડા અવલા બોલ**
**જેના શાસ્ત્રો, સર્વ એ, કાઢે માયા પોલ.**

(અ.૧૭. દો.૧૪-૧૫)

શ્રોત્રિય એટલે શ્રુતિને જાણનારો. વેદ-ઉપનિષદનું જ્ઞાન ધરાવનારો અને બ્રહ્મનિષ્ઠ એટલે બ્રહ્મમાં સ્થિર, એકનિષ્ઠ હોવો જોઈએ. બ્રહ્મનું દૃઢ જ્ઞાન ધરાવનાર વ્યક્તિ બહારથી ગમે તે વ્યવહાર કરતો હોય પણ એની વૃત્તિ તો બ્રહ્મમાં જ સ્થિર હોય છે. આમ, સૈદ્ધાંતિક જ્ઞાન અને અનુભવનું જ્ઞાન બંને ધરાવનાર વ્યક્તિ પોતે શિષ્યને સદાચારી બનાવી સ્વસ્વરૂપનાં દર્શનની સાધનાને સફળ કરાવે છે. પૂ.શ્રી આવા સદ્‌ગુરુ વિશે એક ભજનમાં લખે છે કે :-

**કથે જ્ઞાન અરુ ક્રિયા શિખાવે પકડ દસ્ત સલુના,**
**ઘાટ અગમપે આપ ચઢાવે જહાં સાંઈકા થાના... સદા ભજો.**

ભગવાનની સાથે જોડાયેલો-પરણેલો પુરુષ સાચા સદ્‌ગુરુ તરીકે લક્ષ્યસિદ્ધિ કરાવી આપે, પરંતુ સાધકને પોતાની વૃત્તિ અનુસાર સદ્‌ગુરુ મળે છે અને ત્યાં જ એનું ચિત્ત ચોંટે છે. આ વાત સમજાવતાં પૂ.પ્રકાશાનંદજી મહારાજ એક દૃષ્ટાંત આપે છે. તેઓ કહે છે કે, રાજસી વૃત્તિ ધરાવતી કેટલીક વ્યક્તિઓએ કબીર વિશે સાંભળ્યું હતું તેથી તેનાથી આકર્ષાઈને તેને ગુરુ કરવા નીકળ્યા. પોતે રાજસી વૃત્તિના હોવાથી તેમને મન ગુરુ એટલે ઐશ્વર્ય અને વૈભવમાં રહેનારી વ્યક્તિ. સારાં વસ્ત્રો અને ગળામાં આભૂષણો હોવા જોઈએ. સેવામાં પાંચ-દસ સેવકો હોવા જોઈએ. આવી ગણતરીથી ગુરુ કરવા નીકળ્યા. કબીરજીના ગામે જતાં નદી આવી, તે પાર કરી ગામમાં જવા માંડ્યા. સવારનો પહોર હતો. વહેલી સવારે કબીરજી નદીએ સ્નાન માટે જતા હતા. કબીરજીને માથે ટકો જોઈને પેલી વ્યક્તિ પૈકી એકે કહ્યું કે, સવારના પહોરમાં આવી વ્યક્તિનું મોં જોવાથી અપશુકન થાય છે. બીજાએ કહ્યું કે, એના માથા ઉપર આપણા ખાસડાં મારીએ તો એ અપશુકન દૂર થાય. આ સાંભળીને એક જણે કબીરને પકડ્યા અને બાકીનાએ કબીરજીના માથે ખાસડાં માર્યા. કબીર તો સાત્ત્વિક વૃત્તિવાળા હતા તેથી શાંતિથી ઊભા રહ્યા અને સહન કરી લીધું. કબીરજી સ્નાન માટે ગયા અને પેલી વ્યક્તિઓ કબીરજીના ઘરે પહોંચ્યા. કબીરજીની પત્નીએ કહ્યું કે, થોડીવારમાં આવશે માટે બેસો. પેલી વ્યક્તિઓએ કબીરજીનું ઘર જોયું તો નિરાશ થયા. ગરીબી દેખાઈ. એટલામાં કબીરજી આવ્યા. એમને જોતાં જ શરમાયા. બધાએ માફી માગતા કહ્યું કે અમારી ભૂલ માફ કરો. અમને ખબર નહિ કે તમે જ કબીરજી છો. ટકો હોય એવી વ્યક્તિ સવારમાં નજરે ચઢે તો તે અપશુકન કહેવાય તેથી તેના મારણરૂપે અમે તમને ખાસડાં માર્યા હતા. સાત્ત્વિકતાની મૂર્તિસમા કબીરજીએ કહ્યું કે, એમાં માફી શાની ? તમને મારા પ્રત્યે ક્યાં દ્વેષભાવ હતો ? આ તો અપશુકન દૂર કરવાના હેતુથી ખાસડાં માર્યા હતાને ! પછી ''તમે બધા જમીને જજો.'' એમ કહીને કબીરજી શાકભાજી લેવા ગયા. આવેલી વ્યક્તિને કબીરજી ગુરુ કરવા જેવા ના લાગ્યા. એમની સદ્‌ગુરુ અંગેની જે વિચારધારા હતી તે અનુસાર કબીરજી

સદ્‌ગુરુ થવા માટે લાયક ન હતા. એટલે આવી સમર્થ વ્યક્તિને મૂકીને ચમત્કાર કરતી અને વૈભવનું પ્રદર્શન કરતી વ્યક્તિને ગુરુ કરનારા આખરે પસ્તાય છે અને એમનું ધ્યેય સિદ્ધ થતું નથી. સ્વસ્વરૂપનું દર્શન કરી એમાં સ્થિર રહેવું-સચ્ચિદાનંદમગ્ન રહેવું - બધા માટે શક્ય નથી. આમ, રાંડેલો એટલે પરણેલી વ્યક્તિ ખરી પણ પાછળથી ભગવાન સાથેનો સંબંધ છૂટી ગયો હોય તેવી વ્યક્તિ. આપણા બાપજીએ હરિદ્વારમાં દેહ છોડ્યો ત્યારે કેટલી વ્યક્તિ હતી ? કેવળ ચાર. પોતે દેહ છોડી દે પછી નારેશ્વરનો વહીવટ કેવી રીતે કરવો એ અંગે કોઈ સૂચના આપી ? ના જી. ડૉ. રતિકાકાએ બીજાને બોલાવવા માટે સૂચન કર્યું, તોપણ પૂ.શ્રીએ ના કહી. પૂ.શ્રી કેટલી સંપત્તિ મૂકીને ગયા ? જરા પણ નહિ. આધ્યાત્મિક સંપત્તિ અઢળક મૂકી ગયા, પણ ભૌતિક સંપત્તિ નહિ.

આવા બ્રહ્મનિષ્ઠ પુરુષો સામાન્યતઃ કોઈના ગુરુ થવાનું સ્વીકારતા જ નથી અને સ્વીકારે તો તેમનો ઉદ્ધાર કરવાની જવાબદારી સ્વીકારે છે અને નિભાવે છે.

દૈવી પ્રકૃત્તિવાળા પુરુષો વાંચે છે થોડું પરંતુ તેને આચરણમાં મૂકી અવિદ્યાના બંધનમાંથી છૂટી જાય છે. જ્યારે આસુરી પ્રકૃતિવાળા પુરુષો વધુ શાસ્ત્રાભ્યાસ કરી, વધુ નિષ્ઠુર બનતા જાય છે. ''આચારમાં નહિ ઉતારેલું જ્ઞાન બોજારૂપ છે'' એ વાતનો જેને ખ્યાલ નથી એવી વ્યક્તિ નકામી પ્રવૃત્તિમાં પ્રયત્નો કરીને જીવન વેડફે છે. છોતરાં ખાય છે અને સત્ત્વવાળી વસ્તુ ફેંકી દે છે. સ્વાત્મદર્શનને બદલે બીજાની પ્રવૃત્તિથી જ પોતાની જાતને ભૂલી જનારી વ્યક્તિના હાથમાં અંતે કશું આવતું નથી અને તેને માટે કેવળ રડવાનું રહે છે, પસ્તાવાનું રહે છે.

આચારશુદ્ધિ દ્વારા પોતાના જીવનને દૈવીગુણોથી મઢી દેનારી વ્યક્તિ જ આધ્યાત્મિક માર્ગનું સાચું ચઢાણ ચઢી શકે અને ચઢાવી શકે. આપણા બાપજીનું સમગ્ર જીવન આવા ઊંચા આદર્શોથી ભરેલું હતું. સાચું બોલવું, ફરજ બરાબર બજાવવી, અનીતિનું ધન કમાવવું નહિ, નિષ્કામ ભાવે કર્મો કરવા, સાદાઈથી અને સરળતાથી રહેવું વગેરે. આવી સાત્ત્વિક વૃત્તિથી ભરેલી વ્યક્તિ હ્રદિયામાં દીવા પ્રગટાવી શકે અને એનાં દર્શન કરાવી શકે. પૂ.શ્રીનું એક વાક્ય યાદ રાખવા જેવું છે : ''અન્યને ઉપાધીરૂપ ન થવાય એવું જીવન એ જ સત્કર્મ.'' આપણે પણ આવું જીવીએ.

□ □ □

## ૨૮. ના દોસ્ત દુશ્મન કોઈ હમારા

(રાગઃગઝલ; તાલઃકહેરવા)

**ના દોસ્ત દુશ્મન કોઈ હમારા, હમ સદા નિઃસંગી હૈ,**
**સચ્ચિદાનંદ હમ હી પ્યારે, બ્રહ્મ કેવલ હમ હી હૈ.**
**...ના દોસ્ત૦ ૧.**

**સાતવેં આસ્માન પર હૈ, તખ્ત નિર્ગુણ હમહીકા;**
**બિન તાર તંબૂર ૐ બજાકે, હમ હમહીમેં મસ્ત હૈ.**
**...ના દોસ્ત૦ ૨.**

**ના રાત હૈ ના દિન હૈ, હરદમ હૈ નિરંજન રોશની;**
**ના શોક હૈ ના મોહ હૈ, હૈ શાન્તિ એક સનાતની.**
**...ના દોસ્ત૦ ૩.**

**હિન્દુ મુસલમીન પારસી ખ્રિસ્તી કહો તો હમ હી હૈં,**
**ના નાત હૈ ના જાત હૈ, ના બાત હૈ, વહાં હમ હી હૈં.**
**...ના દોસ્ત૦ ૪.**

**ના જન્મ હૈ ના મૃત્યુ હૈ, ના બંધ હૈ ના મોક્ષ હૈ,**
**જો હૈ સો હમ હૈં ના જુદા હૈ, આદમ ખુદાકી જાત હૈં.**
**...ના દોસ્ત૦ ૫.**

**જૂઠે જહાંકે રંગ હૈં, ના મૈં ન તૂ, સબ હૈં ફના,**
**હૈં જયોં કા ત્યોં સોહં સદા, ના એક મિટ દુસરા બના!**
**... ના દોસ્ત૦ ૬.**

▯ ▯ ▯

## વિવરણ

આ ભજનને સમજતાં પહેલાં એની પાર્શ્વભૂમિકા સમજવા જેવી છે. સને ૧૯૩૬ના મે માસની ૨૯મી તારીખ ને શુક્રવારે રાત્રે લગભગ ૧૧-૩૦ વાગ્યે પૂ.શ્રીના નાના ભાઈ નારાયણભાઈનું અવસાન થયું. નાના ભાઈની ચિતા જલી રહી હતી ત્યારે પૂ.શ્રીએ આ ભજન રચેલું એવું મુ.સુમનકાકા કહેતા હતા. આ ભજન પૂ.શ્રીના જીવનને સમજવામાં ખૂબ મદદરૂપ બને એવું છે. પોતાની માતા ઉપર થયેલો વજ્રાઘાત પૂ.માજીને કેવો દુઃખી

કરશે એની પૂ.શ્રીને ખબર હતી. માતાનું કલ્પાંત જોઈને એમને સાંત્વન આપીને પોતે પોતાની માતૃભક્તિનાં દર્શન કરાવતાં હતાં, પરંતુ પોતાની માનસિક સ્થિતિને અસર પામવા દેતા ન હતા. પૂ.શ્રીના વર્તનમાં પૂ.શ્રી લાગણીશીલ જણાય છે, પરંતુ લાગણીવેડા કરતા જણાતા નથી.

પત્રમંજૂષાના બે પત્રો વાંચવાથી પૂ.શ્રીની સ્થિતિનો ખ્યાલ આવે છે. મૃત્યુના બીજે દિવસે એટલે કે તા. ૩૦-૫-૧૯૩૬ ને શનિવારના રોજ મોદીકાકાને લખેલા પત્રમાં પૂ.શ્રી લખે છે : "ભાઈ નારાયણ અનેક આશા-નિરાશા વચ્ચે ઝોલાં ખાઈ ગઈ કાલે રાત્રે લગભગ ૧૧.૩૦ વાગ્યે દેવશરણ થયો છે. અવધૂતનું તો ઘણા લાંબા સમયથી ચોક્કસ ભવિષ્ય જ હતું એટલે એને એનું આશ્ચર્ય કે હર્ષ વિષાદ નથી."

તા. ૧-૬-૧૯૩૬ના પત્રમાં આ ભજન લખી પૂ.શ્રી મોદીકાકાને લખે છે કે : અહીં કેવળ પરમાનંદ છે. માજીના કલ્પાંતનો પાર નથી. એમને સાંત્વન આપવામાં જ ઘણો વખત ચાલ્યો જાય છે. એમને હવે કંઈક શાંતિ વળી છે."

પૂ.શ્રીના આ બે પત્રો એમની જીવન પ્રત્યેની વ્યવહારુ દૃષ્ટિ બતાવે છે. જીવનનો વ્યવહાર કેવી રીતે ભક્તિમય બને એની સમજ આપે છે, પરંતુ પૂ. માજીને આશ્વાસન આપતાં આપતાં પોતાની મનસ્થિતિને તો અકબંધ જ રાખે છે. નાના ભાઈના મૃત્યુને સિદ્ધ પુરુષ કેવી રીતે નિહાળે છે તેની જાણકારી આ ભજન પૂરી પાડે છે.

બધા દોષોનું મૂળ સંગ છે. હંમેશાં નિઃસંગી રહેવાની શીખ આપતાં વિચારો પૂ.શ્રીનાં સાહિત્યમાંથી મળી રહે છે.

- **રંગે પટ રંગાય છે, સંગે લાગે રંગ,**
  **માટે નિઃસંગી થવું, કરવો વા સત્સંગ.**
  (અ.૯, દો.૧૦૦)
- **સંગ છોડવો સર્વથા, બને ન જો કદી એમ,**
  **સંતસંગ કરવો સદા, તારે સંતો તેમ.**
  (અ.૩૩. દો.૧૧)
- **'હું' કહેતાં આવ્યો તિહાં સંગ બંધમય જાણ,**
  **સંગે શોક જ સર્વથા, ના શંકા ત્યાં માન.**
  (અ.૩૩. દો.૯૭.)

અવધૂતી આનંદમાં ઘણાં ભજનોમાં નિઃસંગની વાત કરી છે :

- ગો-કૂતર સંગે ફરો ઉમંગે,
  લેપ ન તોય કો સંગે ! હો રાજ, શી બલિહારી.

- છએ ઋતુ ગાઈ સખી ગરબે,
  પિયુ પિયુ ફેરો માળ રે,
  **રંગ** લાગતાં સંગ ત્યજાશે,
  થાશે મન નિ:સંગ... સખી ઝાડ ગળે.
- મૂળ મૂળ મન સંસૃતિકેરું, કામજળે નભ વધતું રે !
  **અસંગ** અનલથી બાળે તે તો પામે તત્પદ સાર,
  ઊંઘ ન ચાલે રે... સખી શરદ પૂનમ.
- અક્ષર અળગો રે, રંગ એ, અંતરમાં **નિ:સંગ,**
  જાણી જાગે રે, જોગીઓ, ભવ ભય થાએ ભંગ. સગપણ.
- ગાંડોતૂર ફરું બધે, સદા મદ્ય ચકચૂર,
  લાગ્યો **રંગ** ન છૂટશે, રહો **સંગથી** દૂર... રમે રામ.
- **અસંગ**ને શસ્ત્રે રે, સંસૃતિ જાય મરી... નીતિ નેવે.
- સંગ દુ:ખનું મૂળ ત્યજીને અસંગ આતમ ધ્યાય...હરિ હરિ.
- દુનિયા કી મહોબત જૂઠી, સહબત સબ ટૂટી,
  **નિ:સંગ** ભંગ ઘૂંટી, પીકે પડે હે પ્યારે... તનકી સુધી.
- સદા **નિ:સંગી** ને ન્યારા, જગતને માનનારા તૃણ... હમો મનમોજી.

શ્રીમદ્ ભગવદ્ ગીતા તો સંગને સર્વનાશનું કારણ દર્શાવતાં કહે છે કે :-

**ધ્યાયતો વિષયાન્પુંસઃ સંગસ્તેષૂપજાયતે ।**
**સંગાત્સંજાયતે કામઃ કામાત્ ક્રોધોઽભિજાયતે ॥**
**ક્રોધાદ્ ભવતિ સંમોહઃ સંમોહાત્ સ્મૃતિ વિભ્રમઃ**
**સ્મૃતિ ભ્રશાંત્ બુદ્ધિનાશો બુદ્ધિનાશાત્ પ્રણશ્યતિ ॥**

(અ.૨. શ્લોક૬૩-૬૪)

હવે આ ભજન સમજીએ. જે સદા નિ:સંગી છે તેને કોઈને માટે રાગ કે કોઈને માટે દ્વેષ નથી. અમુક વ્યક્તિની હાજરી મારા સુખનું કારણ છે અને એની ગેરહાજરી એ દુ:ખનું કારણ છે એવી સમજમાંથી 'રાગ' જન્મે છે. એવા પ્રત્યે દોસ્તનો ભાવ જન્મે છે. અમુક વ્યક્તિની હાજરી એ મારા દુ:ખનું કારણ છે અને એની ગેરહાજરી એ મારા સુખનું કારણ છે એવી સમજમાંથી દ્વેષ જન્મે છે અને એવી વ્યક્તિ પ્રત્યે દુશ્મનનો ભાવ જન્મે છે. જે સદાને માટે નિ:સંગી છે, જે કોઈની સોબત કે સંગ કરતો નથી તેને કોઈ પ્રત્યે રાગ કે

દ્વેષ જન્મતો નથી. કોઈ એનો દોસ્ત નથી કે કોઈ એનો દુશ્મન નથી.

પોતાની ઓળખાણ આપતાં પૂ.શ્રી કહે છે કે હું તો બ્રહ્મ છું-સચ્ચિદાનંદ છું. હવે જે પોતે પરબ્રહ્મ છે એમ માને છે, અનુભવે છે એને માટે જગત મિથ્યા છે અને જગતના સંબંધો પણ મિથ્યા છે. પાણીનો પરપોટો ફૂટે તેથી પાણીને કોઈ નુકસાન નથી. પૂ.શ્રી એવી અવસ્થા અનુભવી ચૂક્યા છે કે એમનું મન દર્પણ જેવું છે. દર્પણ પાસે કોઈ જઈને ઊભું રહે તો દર્પણ એનું પ્રતિબિંબ દર્શાવે છે, પરંતુ એ જતો રહે એટલે પાછું દર્પણ તો હતું એવું ને એવું. પૂ.શ્રીએ ૧૯૩૨માં શ્રીગુરુલીલામૃતની રચના કરી ત્યાર પછી ચાર વર્ષે બનલો આ બનાવ છે. પૂ.શ્રી રચિત શ્રીગુરુલીલામૃત વાંચતા આપણને ખાતરી થાય છે કે દેવ પુરુષે સમાધિભાષામાં રચેલો આ ગ્રંથ છે.

પૂ.શ્રી શ્રોત્રિય છે, બ્રહ્મનિષ્ઠ છે અને સચ્ચિદાનંદમગ્ન છે. નિર્વિકલ્પ સમાધિનો આનંદ પૂ.શ્રીએ માણ્યો છે, તેથી લખે છે કે સાતવેં આસમાન પર હૈ તખ્ત નિર્ગુણ હમહી કા.'' પ્રણવની ઉપાસનાને કારણે પૂ.શ્રી સ્વસ્વરૂપમાં મસ્ત છે. પૂ.શ્રી એક ભજનમાં લખે છે કે, તનકી સુધી ન જીસકો, જનકી કહાં સે પ્યારે.

છ ચક્ર ભેદ્યા પછી પ્રાણ સહસ્રારમાં પ્રવેશે છે તે જ સાતમું આસમાન છે. ૐ એપરબ્રહ્મનું નામ છે. પરબ્રહ્મને પ્રાપ્ત થનાર યોગી માટે ૐનો તંબૂર બજે એ સ્વાભાવિક છે.

સહસ્રારમાં કરોડો સૂર્યનો પ્રકાશ જોવા મળે પછી ત્યાં અંધારું ક્યાંથી હોય ? અંધારું ન હોય એટલે રાત ન હોય. રાત હોય તો દિવસ હોય. રાત-દિવસનો ભેદ ન હોય એટલે કે જ્યાં હરદમ રોશની હોય ત્યાં દિવસ નથી કે રાત નથી.

સહસ્રારમાં જીવ-શિવનું મિલન થાય, પરબ્રહ્મનું-પરમ તત્ત્વનું દર્શન થાય, પછી માયાનાં કાર્યોની સમાપ્તિ થાય છે એટલે શોક, મોહ, જન્મ, મૃત્યુ, બંધ કે મોક્ષ કશું જ રહેતું નથી. જગત મિથ્યા છે એનો અહેસાસ થઈ જાય પછી હું-તું બધું મટી જાય છે અને સોઽહંનું સામ્રાજ્ય પ્રવર્તી રહે છે.

પૂ.શ્રીની સિદ્ધ યોગી તરીકેની સ્થિતિ જ પોતાના નાના ભાઈના દેહના અવસાન પ્રસંગે આવું ભજન રચવાની પ્રેરણા આપી શકે.

આ ભજનનો રોજ અભ્યાસ કરવાથી આપણી પણ વિકટ પરિસ્થિતિને સહન કરવાની શક્તિ વધશે. પરિસ્થિતિનો સહજ અને સહર્ષ સ્વીકારે એ જ સાધનાનું ફળ છે. સંસારી દુઃખ દૂર કરવાનું વિચારે, સંત દુઃખનું કારણ દૂર કરવાનું વિચારે.

□ □ □

## ૨૯. તમારે ને હમારે ના કશો સંબંધ છે મૂળે

(રાગઃગઝલ; તાલઃદાદરા)

તમારે ને હમારે ના કશો સંબંધ છે મૂળે,
મળ્યા વચ્ચે પડ્યા છૂટા, નદીના કાષ્ઠ સમ પૂરે! ... ૧.

રમ્યા કંઈ દિન ભલે ભેગા, બધી એ સ્થૂળની લીલા;
પળ્યા પંથે વિવિધ તોએ, બધા છે બ્રહ્મના ચીલા! ... ૨.

ઉતારી સ્થૂળના વાઘા, મળીશું કો દિ એકાંતે;
હસીશું રાચી અન્યોન્યે, નિહાળી [1]ફૂલ દગ્-દ્વૈતે!! ... ૩.

બરફ-ટુકડો વહ્યો જળમાં, જનારાને જૂદો ભાસે;
કઠણ મૃદુ-ભેદ દષ્ટિમાં, વિચારે ભિન્નતા નાસે! ... ૪.

પરસ્પર શા બખેડા આ, અહં-ની ગર્જના ઘેલી!
અહં-ત્વં-થી નિરાળી છે, સનાતન સ્વાત્મની કેડી! ... ૫.

બધા મન-દષ્ટિ-ના વાંધા, અનંતે સાન્તતા ન્હોયે;
દિસે તે ના તથા અંતે, ન તત્ત્વે ખંડ ક્ષણ હોયે! ... ૬.

મળે માટીમહીં માટી, ચિતે ચૈતન્ય ના જુદું!
વિલોકી ઐક્ય સદ્-**રંગે** રમે અવધૂત એકાદું! ... ૭.

દિસે કીકીમહીં કાળું, ન તોએ એહ અંધારું,
જુઓ નીલું બધે તોએ, સદા છે વ્યોમ એ ન્યારું! ... ૮.

રહો હરદમ હકીકીમાં, મિજાઝી મોત બહુરંગી!
સખુન છેલ્લો, ન બસ આગળ! રહેવું મૌન એકાંગી! ... ૯.

---

૧. પૂર્ણ.

# વિવરણ

શાસ્ત્ર કહે છે કે :-

**યથા કાષ્ટં ચ કાષ્ટં ચ સમેયાતાં મહોદધૌ ।**
**સમેત્ય ચ વ્યપેયાતાં તદ્‌વત્‌ ભૂતસમાગમઃ ॥**

અર્થાત્ જેમ મહાસાગરમાં લાકડાની પાસે બીજું લાકડું આવીને પછી તરત છૂટું પડી જાય છે એ જ રીતનો પ્રાણીઓનો એક બીજા સાથેનો સમાગમનો સંબંધ હોય છે. આપણે બધા વાસ્તવિકતાની સામે આંખ આડા કાન કરીએ છીએ અને સત્યને અવગણીએ છીએ તેથી એવી હકીકતને સહન કરવામાં આપણને અનહદ દુઃખ થાય છે. શિકારીના તીરને આવતું જોઈને એની સામે આંખ મિચામણાં સમાન રેતીમાં માથું નાંખી દેનાર શાહમૃગ એ ભૂલી જાય છે કે એવું કરવાથી શિકારીનું તીર પાછું ફરતું નથી. વાસ્તવિકતાની અવગણના નહિ પણ એનો સ્વીકાર અને સામનો એ જ સાચી વિચારધારા ગણાય.

આ ભજનમાં પૂ.શ્રી આપણા બધાના એકબીજાના કહેવાતા સંબંધો એ સાચા સંબંધો નથી એનું ભાન કરાવે છે. આપણે તો એકબીજા સાથેના સંબંધોનો વિચાર કરીએ છીએ ત્યારે દેહના સંબંધને જ મહત્ત્વનું ગણીએ છીએ. આપણો દેહાધ્યાસ એટલો પ્રબળ હોય છે કે આપણે દેહને જ આત્મા માનીએ છીએ. આપણી દૃષ્ટિ વિવેકસભર નથી. આપણે અનિત્ય દેહને નિત્ય માનીએ છીએ, ગંદા દેહને પવિત્ર માનીએ છીએ અને દુઃખરૂપ દેહને સુખમય માનીએ છીએ અને તેથી જ હંમેશા દેહનો જ વિચાર કરીએ છીએ અને તેનું જતન કરવામાં જ આપણે જીવન વિતાવીએ છીએ.

વિવેકભરી દૃષ્ટિ કેળવવાની સમજ આપતાં શ્રીમદ્‌ રાજચંદ્ર એક દૃષ્ટાંત આપે છે. એઓશ્રી કહે છે કે, ધારો કે તમે એક હાથમાં ઘીનો અને બીજા હાથમાં છાશનો લોટો લઈને જઈ રહ્યા છો. હવે માનો કે તમને ઠોકર વાગે અને તમને એમ લાગે કે એક લોટો હાથમાંથી પડી જશે, તો આવા સંજોગોમાં તમે કયો લોટો પડવા દેશો ? તમે તરત કહેશો કે છાશનો લોટો. બસ! આ દેહ એ છાશનો લોટો છે અને આત્મા એ ઘીનો લોટો છે. આવી સાચી સમજ દૃઢ થાય એ માટે જ સાધના કરવાની હોય છે.

આપણા બધાંનાં શરીરો જુદાં જુદાં છે, પરંતુ એમાં રહેલું ચેતન-આત્મા તો એક જ છે. જેમ બરફ અને પાણીમાં દેખાતો ભેદ એ બાળક માટે જ હોય છે. બાકી સમજુ માટે-જ્ઞાની માટે તો એ બે એક જ છે.

આખા ભજનમાં આ સત્ય સમજાવવાનો જ પ્રયાસ છે. ઈશ્વરના પ્રેમમાં હંમેશાં રહીએ, આપણે પણ બ્રહ્મ જ છીએ એ વાતનો દૃઢતાથી સ્વીકાર કરી દેહના સંબંધોને અવગણીએ એવી પૂ.શ્રીની અપેક્ષા છે.

હું કોણ છું ? ક્યાંથી આવ્યો છું ? ક્યાં જવાનો છું ? આ પ્રશ્નોનું હંમેશાં ચિંતન કર્યા કરવું જોઈએ. આપણે માયાની કઠપૂતળી બનીને ના જીવીએ પણ આપણું સ્વરૂપ શું છે તે જાણી એમાં સ્થિર રહીએ.

□ □ □

## ૩૦. હમો મનમોજી ફરનારા!

(રાગ:ગઝલ; તાલ:દાદરા)

હમો મનમોજી ફરનારા! હમોને બાંધનારું કુણ?
સદા નિઃસંગી ને ન્યારા, જગતને માનનારા તૃણ! ... ૧.

સ્વયં-અભિષિક્ત સ્વારાજ્યે, બન્યા સમ્રાટ સ્વાનંદી!
ચઢ્યા જઈ તખ્ત પર અધ્ધર, રવિ શશી તારલા હંડી!! ... ૨.

કરે મુજરો સુરાધિપ જો, થનન નાચે [1]હૂરી સત્ત્વસ્થ!
વિવિધ રાગે [2]અલાપે હા! ઝનન વાદ્યે ફિરસ્તા મસ્ત!! .. ૩.

દિવસ કે રાત ના ઠરીયે, નિરખીયે નિત્ય નાટારંગ!
બજે સોહંતણો ડંકો ન થાએ તોય નિદ્રાભંગ! ... ૪.

સ્તુતિ-નિંદા બની કુત્તા, કરે ચોકી નિજ-દ્વારે!
નથી ભય શોક કે ચિંતા, ફટકતાં કોઈ દિ ભૂલે! ... ૫.

વિધિ-પ્રતિષેધ-કિંકરતા, અગમ-આગમતણી સત્તા!
છતાં નૈનાં ન દેખંતા, કરમ સાથે કરી કટ્ટા! ... ૬.

સૂતા નિત સોડ તાણીને, ન લેવું-દેવું કો સાથે!
મૂઆ જીવતા હમો નિશ્ચે, ન ઝૂરીયે દ્વેષ કે પ્રીતે!! ... ૭.

કઢંગા ઢંગ બેરંગી, હમારા રાહ ન સીધા!!
અવળપંથી અટૂલા **રંગ** દેખે કોઈ [3]હક-બંદા!! ... ૮.

---

૧. સ્વર્ગની સુંદરી, અપ્સરા. ૨. આલાપ. ૩. સત્યસેવક; ભગવાનનો બંદો.

□ □ □

# વિવરણ

મુ. ભવાનીશંકર શાસ્ત્રીજીએ પૂ.શ્રી માટેના રચેલા શ્લોકમાં ૧૬ વિશેષણો વાપર્યા, જેનો ઉપયોગ પાદુકાપૂજનમાં અંગપૂજામાં કરીએ છીએ : (૧) શાન્તં (૨) યોગીન્દ્રવર્યં(૩) દ્વિજકુલતિલકં (૪) શ્રોત્રિયં (૫) બ્રહ્મનિષ્ઠં (૬) દત્તાત્રેયંસ્મરન્તં (૭) જનહિતનિરતં (૮) સચ્ચિદાનંદમગ્નમ્ (૯) સિદ્ધં (૧૦) રેવાતટસ્થં (૧૧) નિજપરરહિતં (૧૨) નિત્યમત્ત (૧૩) અવધૂતં (૧૪) સન્તં (૧૫) નારેશ્વરસ્થં (૧૬) મથિતકલિમલં.

આ ભજનમાં પૂ.શ્રીના બારમા વિશેષણ-'નિત્યમત્ત'ના દર્શન થાય છે. પૂ.શ્રીની એ ઉન્મત્ત અવસ્થા જેણે જોઈ હોય એને જ આ ભજનનું રહસ્ય સમજાય. યોગમાર્ગમાં સિદ્ધ થયેલા, યોગીન્દ્રવર્ય એવા પૂ.શ્રીની એ મત્ત અવસ્થાની અવધૂતી મસ્તી કેવી હશે ? પરમાત્મા સાથે એકાકાર થઈ ગયેલી વ્યક્તિને જગતની શી પરવા ? જે મિથ્યા છે એ જગત અને જગતના લોકોનું એ સિદ્ધ યોગીને મન શું મહત્ત્વ ? જેણે જગત પાસેથી કંઈ મેળવવું હોય, જેને જગત પાસેથી કાંઈ આશા હોય તે જગતની અને જગતના લોકોની ચિંતા કરે, પરંતુ જગત પાસેથી કશી આશા ન રાખનાર તો પોતે જ અવનીપતિ-પૃથ્વીપતિ-જગતનો નાથ છે. અક્ષરગીતામાં પૂ.શ્રી લખે છે કે :

**આશાદાસો જગદ્દાસો નિરાશીરવનીપતિઃ ।**
**તસ્માદ્ધયાશાં સમુચ્છિદ્ય સ્વાનન્દે રમતે બુધઃ ॥**

**(શ્લોક.૨)**

અર્થાત્ જે આશાનો દાસ છે તે જગતનો દાસ છે. જે આશારહિત છે તે તો જગતનો બાદશાહ છે અને તેથી જ એ આશાનો સમૂળ નાશ કરીને જ્ઞાનીપુરુષ નિજાનંદમાં મસ્ત રહે છે.

આવી નિજાનંદની અવધૂતી મસ્તીમાં ડૂબેલાને જગતની શી પરવા ? પ્રશ્નોત્તરમાલામાં પૂ.શ્રી પૂછે છે કે :-

**કો રંકઃ? તૃષ્ણાલૂં. રાજા કો ? યસ્તુ નિઃસ્પૃહો લોકે**
**દાસઃ કઃ? ત્વાશાર્તઃ સ્વામી ? દાસીચ યસ્ય સા હ્યાશા.**

(શ્લોક : ૨૧)

ગરીબ કોણ ? તૃષ્ણાવાળો. રાજા કોણ ? જે લોકોમાં નિસ્પૃહિ છે. દાસ કોણ ? જે આશાથી પીડાતા હોય. સ્વામી (શેઠ) કોણ ? આશા જેની દાસી હોય તે.

પૂ.શ્રીનું ચિંતન એમના સાહિત્યનો અભ્યાસ કરવાથી જાણવા મળે છે. એમની વિચારધારા, માનસિક ઉડ્ડયન કેવું હતું તે સાહિત્યમાં પ્રકટ થાય છે.

પોતાના મિત્ર અંબાલાલને તા. ૩-૧૧-૨૭ના રોજ લખેલા એક પત્રમાં લખે છે કે

: “ભરુચમાં પ્રારબ્ધવશાત્ સ્વામી ચંદ્રશેખરનો ભેટો થયો. મેં તમને વાત કરેલી જ કે તેઓ દ્વારિકાપીઠના શંકરાચાર્ય થાય એવી વકી છે. ને પોતાનું કામ દિપાવવા મને યુવરાજપદે સ્થાપી સાથે ફેરવવા ઇચ્છે છે. મને સાથે આવવા ખૂબ કહ્યું પણ હું ક્યાં કોઈના હાથમાં આવ્યો છું ? ઈન્દ્ર, ચંદ્રાદિ દેવતાઈ પદને પણ તુચ્છ લેખનાર મારા જેવા ખફતી દીવાનાને આ અડધી દમડીના લોટ (પીઠ) શો હિસાબમાં ? (મરાઠીમાં પીઠનો અર્થ લોટ થાય છે.)

સને ૧૯૨૭માં આવી મસ્તી ધરાવતા પૂ.શ્રીની મસ્તી તો દિનપ્રતિદિન વધતી જ ગઈ છે. હવે આ ભજન સમજવાનું સરળ બનશે.

હમો મનમોજી ફરનારા - અમને જ્યાં ઈચ્છા થાય ત્યાં, મન જ્યાં રાજી થાય, મન જ્યાં કહે ત્યાં જનારા છીએ. અમારા પર નિયમ બંધન લાદનારું કોણ છે ? પરમ સત્તા સિવાય બીજી કોઈ સત્તા ન સ્વીકારનાર અવધૂતને નિયંત્રિત કરનારું કોણ હોઈ શકે ? અને કોઈ પ્રયત્ન કરે તોપણ એ નિષ્ફળ જ જાયને ! જગતને તણખલા સમાન ગણીને સદા નિઃસંગી રહેનારા અવધૂતજી બધાથી જુદા છે, ન્યારા છે. જગત આખું પૈસા પાછળ દોડતું હોય, ગાંડુ થતું હોય ત્યારે પૈસાનો સ્પર્શ થઈ જાય તો ઉપવાસ કરનાર પૂ.શ્રી કેવા અલગ પ્રકારની મસ્તીમાં રાચે છે ? જેની પડખે જગન્નાથ હોય, જેને જગન્નાથ સાથે પ્રેમનો નાતો હોય તે જગતને શું કામ મહત્ત્વ આપે ? તેને મન તો જગત ઘાસના તણખલા સમાન છે.

આવી તેજસ્વીતા અંગે એક દૃષ્ટાંત છે. એક અતિ પવિત્ર અને તેજસ્વી બ્રાહ્મણના આંગણામાં એક મારવાડી સોનામહોરથી ભરેલી પોઠ લઈને આવ્યો. સોનાનો ઢગલો કરીને પછી પેલા બ્રાહ્મણને કહ્યું કે, આપને દાનમાં આપવા માટે આ ધન લાવ્યો છું. બ્રાહ્મણે વિચાર્યું કે દાન લેવું અને આપવું એ તો બ્રાહ્મણનો ધર્મ છે. એટલે એણે દાન લેવાની ‘હા’ કહી. પોતે જાણે મોટો ઉપકાર કરતો હોય એમ વિચારી એ અભિમાની મારવાડી બોલ્યો : મહારાજ ! આટલું દાન કરતા કદી કોઈને જોયો છે ? તેજસ્વી બ્રાહ્મણને આ ના ગમ્યું. આ વાક્ય એને અકળાવી ગયું. એણે મારવાડીને કહ્યું કે, તમે ઊભા રહો. ઘરમાં જઈને માંડ માંડ સવા રૂપિયો (૧ રૂપિયો અને ચાર આના) શોધ્યો અને બહાર આવી, સોનાના ઢગલા પર એ સવા રૂપિયો મૂકી એણે મારવાડીને કહ્યું કે, “લો, આ હું તમને દાનમાં આપું છું અને આ છે તમારા પ્રશ્નનો જવાબ.”

જેના ઘરમાંથી માંડ માંડ સવા રૂપિયો મળે એવા ગરીબ બ્રાહ્મણની તેજસ્વીતા કેવી ? પૂ.શ્રી માટે મુ.શાસ્ત્રીજીએ ‘યોગીન્દ્રવર્ય’ એવું વિશેષણ પણ વાપર્યું છે. પૂ. બાપજી યોગી ન હતા, યોગીન્દ્ર (યોગીઓમાં ઈન્દ્ર સમાન) ન હતા, પરંતુ આવા યોગીન્દ્રોમાં

પણ શ્રેષ્ઠ હતા. અષ્ટાંગ યોગનું શ્રીગુરુલીલામૃતમાં કરેલું વર્ણન કલ્પનાને આધારે નથી કર્યું, પરંતુ અનુભવને આધારે કર્યું છે. નિર્વિકલ્પ સમાધિની મસ્તીમાં ડૂબેલા આ યોગીન્દ્રવર્ય પોતે સ્વાનંદ સમ્રાટ છે. આ સમ્રાટપણું કોઈએ રાજ્યાભિષેક કરીને નથી આપ્યું. સિંહને જંગલનો રાજા કોણ બનાવે છે ? એનો રાજા તરીકે રાજ્યાભિષેક કોણ કરે છે ? સિંહ તો સ્વયં અભિષિક્ત રાજા છે. અવધૂત પોતે પણ સ્વરાજ્યનો સ્વયં અભિષિક્ત સમ્રાટ છે. અધિકારો માગવાથી નથી મળતા, એ તો યોગ્યતા કેળવીને મેળવવાના હોય છે, મેળવી લેવાના હોય છે.

જ્યારે સુષુમ્ણામાં પ્રાણ ઉપર ચઢે અને ષટ્ચક્ર ભેદીને સહસ્રારમાં પ્રવેશે ત્યારે એ સિંહાસન-તખ્ત પર આત્મજ્યોતિનો અપરંપાર પ્રકાશ પથરાયેલો હોય છે. આ સ્થિતિનું વર્ણન કરતાં પૂ. બાપજી લખે છે કે જેમ ઘરમાં પ્રકાશ પાથરવા દીવા-હંડી લટકતા રાખવામાં આવે છે તેમ અહીં સૂર્ય, ચંદ્ર અને તારા હંડી સમાન જણાય છે. આ પરમ તત્ત્વનાં દર્શન પછી વ્યક્તિની મસ્તી જ જુદા પ્રકારની હોય છે. આત્મસાક્ષાત્કારી પુરુષ-સ્વાનંદ સમ્રાટના દરબારમાં ઈન્દ્ર-સુરાધિપ-મુજરો કરે છે. સુંદર પરીઓ નાચ નાચે છે અને ફિરસ્તાઓ વિવિધ રાગે આલાપ મારી વાદ્યો વગાડતાં હોય છે. યોગીપુરુષની વૃત્તિઓ સાત્ત્વિક બને છે. વિવિધ પ્રકારના નાદ સાંભળી પોતાના ચિત્તને એ નાદ વિલીન કરી ઉન્મની અવસ્થાનો આનંદ અનુભવે છે. દિવસ-રાતનો ભેદ રહેતો નથી. કેવળ પ્રકાશ-પ્રકાશ ને પ્રકાશ જ પથરાયેલો રહે છે.

શ્વાસે શ્વાસે 'સોઽહં'નો જાપ જપાય છે, સોઽહંનો ડંકો સતત વાગ્યા કરે છે. આ અજપાજપભરી સ્થિતિમાં યોગનિદ્રાને ખલેલ પહોંચતી નથી. પરમ તત્ત્વને પામી ચૂકેલી વ્યક્તિ ભેદભાવ દૃષ્ટિ વગરની હોય છે. બધામાં એને એક જ પરમાત્માનાં દર્શન થાય છે. એ વ્યક્તિ બધા દ્વંદ્વોથી પર છે. એટલે વખાણ-ટીકા, ભય-શોક-ચિંતાથી એ પર થઈ જાય છે. આવી વૃત્તિનો ઉલ્લેખ પૂ.શ્રીએ એક ભજનમાં કર્યો છે.

● કોઈ ફૂલો ઉછાલે, વા જુતિયોસે મારે,

નિંદા સ્તુતિ સહા લે, બૈઠે હૈ મસ્ત પ્યારે... તનકી સુધી.

આવા યોગીરાજની બાહ્યક્રિયાને જોઈને કોઈ નિર્ણય લેવો નહિ. ઘણી વાર લોકોને દૂર રાખવા માટે, પોતાને કોઈ ઓળખી ન જાય એટલા માટે પણ નહિ કરવાનું કરતાં હોય છે. કર્મ આ રીતે કરવું-વિધિ અને આ રીતે ન કરવું-પ્રતિષેધ એ બધાથી એ પર હોય છે. કર્તુમ્, અકર્તુમ્, અન્યથા કર્તુમ્ સમર્થ એવા આવા યોગીપુરુષો આ બધાં બંધનથી પર હોય છે.

એમના ઢંગ બધાં કઢંગા હોય છે. એમને તો કોઈ ઓલિયો-ભગવાનનો માણસ જ ઓળખી શકે. સાધુને ઓળખવા માણસે જાતે સાધુ બનવું પડે.

આ ભજનમાં આત્મસાક્ષાત્કારી સ્વાનંદ સમ્રાટ યોગીપુરુષની સ્થિતિનું વર્ણન પૂ.શ્રીએ પોતાના અનુભવને આધારે કર્યું છે. પૂ.શ્રી નારેશ્વરમાં બેઠા ત્યારે એમણે પાંચ ‘પ’નો ત્યાગ કર્યો હતો : (૧) પૈસાનો સ્પર્શ કરવો નહિ (૨) પ્રવચન કરવાં નહિ (૩) પ્રચાર કાર્ય કરવું નહિ (૪) પ્રતિષ્ઠા માટે પ્રયત્નો કરવા નહિ અને (૫) પીઠ પરંપરા ઊભી કરવી નહિ. નારેશ્વરમાં દત્તજયંતી ઊજવવા માટે કોઈ પાસે સીધી કે આડકતરી માગણી કરવી નહિ. એટલું જ નહિ પણ કારતક મહિનો પૂરો થયા પછી સ્વેચ્છાએ આવેલી રકમ પણ સ્વીકારવી નહિ.

પરમ તત્ત્વને પામ્યા પછી એના પર પૂરો વિશ્વાસ હોવાથી જગતને મહત્ત્વ આપ્યું નહિ. લોકોના ભાવને પોષ્યો પણ સત્તા કે શ્રીમંતાઈને નમ્યા નહિ. કોઈ પાસેથી કશી અપેક્ષા નહિ, આશા નહિ કારણ કે આશા જ દુઃખનું મૂળ છે.

પૂ.શ્રીની અવધૂતી મસ્તી, અવધૂતી ખુમારીનું આ ભજનમાં સરસ વર્ણન છે. આપણે પણ થોડી થોડી ખુમારી રાખીને પૂ.શ્રીનું નામ રોશન કરીએ.

□ □ □

## ૩૧ હું-મારું દુઃખ-મૂળ છે

**(દોહરા)**

**હું-મારું દુઃખ-મૂળ છે, તું-તારું સુખ-મૂળ;**
**હું ભૂલી તું-હરિ ભજે, રંગ સનાતન નૂર! ... ૧.**

**નૂર-નૂરીમાં ભેદ ના, બ્રહ્મ-બ્રહ્મવિદ્ એક;**
**તું-માં હું ઓગાળતાં, રહ્યો રંગ તું દેખ! ... ૨.**

**દેખ દેખન-હાર એ, દૃશ્ય દૃષ્ટિમાં માય;**
**બીજાને જોવા જતાં, રંગ આપ ખોવાય! ... ૩.**

**વાય વાયરો, રવિ તપે, વર્ષે મેઘ અમાપ;**
**જેની સત્તાથી બધે, રંગ તેજ તું બાપ! ... ૪.**

બાપ મરે સુત વિરમતાં, સુતનો છોરું બાપ;
બેઉ મરતાં એક તું, કરે રંગ કાં તાપ? ... ૫.

તાપ-મૂળ દેહાત્મતા, રજ્જુ-સર્પની વાત;
જ્ઞાન-દીવડો પ્રગટતાં, રંગ સાપ અજાત! ... ૬.

અજાત ન્હોતો ના હશે, મધ્યે કેવળ ભાસ;
આદિ અંતમાં એક તું, રંગ સ્વયંપ્રકાશ! ... ૭.

પ્રકાશ વિધવિધ કાચથી, ભાસે વિધવિધ રંગ;
કાચ ફૂટતાં મૂળ તું **રંગ** એક અભંગ!! ... ૮.

▯ ▯ ▯

# વિવરણ

હું એટલે અહંભાવયુક્ત જીવ. અવિદ્યાથી વીંટળાયેલું બ્રહ્મ એટલે જીવ. અવિદ્યાને કારણે જીવ પોતાનું મૂળસ્વરૂપ ભૂલી જાય છે. મારું એટલે અહંભાવને કારણે થતી મમત્વબુદ્ધિ. જીવને અનાત્મ શરીરમાં આત્મભાવ થાય છે. અવિદ્યા અનાદિ છે અને એને કારણે અજ્ઞાન જન્મે છે. પૂ.શ્રી મમતા વિશે લખે છે કે :-

**મમતાથી બંધન વધે, પામે આખર દુઃખ,**
**ના મમતા ત્યાં બંધ ના, અખંડ એક જ સુખ.**

**'મારું' કહેતા જગમહીં આવ્યું બંધન જાણ,**
**'ના મારું' કહેતાં ક્ષણે, છૂટચો પ્રાણી માન.**

(અ.૩૩ દો.૯૯-૧૦૦)

આ 'હું' અને 'મારું' એ જ દુઃખનું મૂળ છે. 'તું' અને 'તારું' એ સુખનું મૂળ છે. આ અહંમાંથી જ માનની ઈચ્છા જાગે છે. કોઈ અપમાન કરે તો દુઃખી થાય છે. ધર્માલાપ નામના પુસ્તકમાં પૂ. પ્રકાશાનંદજી મહારાજ એક વકીલને ઉપદેશ આપતા કહે છે કે, તમને દીકરો મર્યાનું દુઃખ નથી. તમને 'મારો' દીકરો મરી ગયાનું દુઃખ છે. એ દીકરાને તમે તમારો ન માન્યો હોત તો આ દુઃખ ના થાત. પછી એમણે કહ્યું કે, તમારા જ પરસેવાને કારણે તમારા માથાના વાળમાં જૂ પડે છે, પરંતુ આ 'જૂ'ને મારી નાંખતા તમને દુઃખ થતું નથી. પરંતુ આ અવિદ્યાને દૂર કરવી સહેલી નથી. કઠોર સાધના દ્વારા જ એ માંડ માંડ દૂર થાય છે.

દુઃખનું મૂળ એવું 'હું' ને 'મારું' ને ભુલાવી 'તું', 'તારા'ને યાદ રાખવામાં જ જીવનું કલ્યાણ છે. આ વાત અનેક વાર પૂ.શ્રીએ ભજનમાં ગાઈ છે.

- ભુલાવી'હું', 'મારું' હું ને તારામાં ડુબાડ, વ્હાલા.
  'તું', 'તારા'માં ભેદ ન દેખું એવો દિ દેખાડ...
- તુંમાં હુંનું મોત નિહાળ, હુંમાં તુંની ક્યાંય ન ભાળ,
  રંગ ક્યાં છે કાયાકાળ ? ... મારા મન.
- ન પોતાનું કશું રાખ્યું, અહં ચિદ્‌વહ્નિમાં નાંખ્યું,
  સુધામૃત શૂન્યનું ચાખ્યું, અગર દીધું ન વા તો શું.હમો ચંગા
- **આપ** મારકે આતમ પાલે, બન જા હક ઘરકા બંદા,
  ફંદ છોડ દે અન્ય ફકીરા, **રંગ** ધૂલકા ધંધા... બન જા અવધૂતા.

પૂ.શ્રી એક ભજનમાં કહે છે કે, આ બધું જો તારું હોત તો મરતી વખતે તારી સાથે કેમ આવતું નથી ? હું નું તું માં વિસર્જન કરી ભગવાનનું ભજન કરવું એ જ સુખનું મૂળ છે. જો જગત જ મિથ્યા હોય તો પછી જગતની વસ્તુ ક્યાંથી સાચી હોય ? સત્‌માંથી આ બધું સર્જાયું છે. સત્ ઉપર જગતનો આરોપ છે. સત્ એ એક પરમ તત્ત્વ છે અને તે ત્રિકાલાબાધિત સત્ય છે. સૂર્યથી સૂર્યપ્રકાશ જુદો નથી, સાગરથી સાગરબિંદુ જુદું નથી, ખુદાથી આદમ જુદો નથી. આમ, નૂર અને નૂરીમાં ભેદ નથી. બ્રહ્મ અને બ્રહ્મને જાણનાર બંને એક જ છે. આમ તો 'એક અનેક બના આપહિ સે' પ્રમાણે હું એક છું અને અનેક થાઉં ''અકોડહં બહુ સ્યામ્' ના સંકલ્પમાંથી આ દેખાતું જગત સર્જાયું છે એટલે બધે એ એક પરમ તત્ત્વ જ વિલસી રહ્યું છે.

સમુદ્રના તરંગથી સમુદ્ર જુદો નથી. તરંગ સમુદ્રનું છે પણ સમુદ્ર તરંગનો નથી. 'તુંમાં - પરમ તત્ત્વમાં - 'હું'ને ઓગાળી દેવાથી, પોતાના અસ્તિત્વનો લય કરી દેવાથી પછી એકમાત્ર પરમ તત્ત્વ જ રહે છે.

આ પરમ તત્ત્વ જ સર્વેસર્વા છે એ ભાવ રજૂ કરતાં પૂ.શ્રી એક પ્રભાતિયામાં ગાય છે :-

**કાળ કંપે અતિ બીકથી જેહની,**
**તેજ ચંદ્રાર્ક જો અમિત આપે.**
**સૂર્યનો સૂર્ય એ, ચંદ્રનો ચંદ્ર એ**
**દુઃખડાં દીનનાં એ જ કાપે.**

દત્ત નામસ્મરણમાં પૂ.શ્રી લખે છે કે :-

- ડરી એ થકી સૂર્ય દોડે પ્રભાતે,
  પ્રકાશે નભે ઈન્દુ એ સ્વચ્છ રાતે.
- નમી મોકલે ઈન્દ્ર વર્ષા સુકાળે.

આમ સૂર્ય, ચંદ્ર, ઈન્દ્ર, કાળ બધા એની બીકે કાર્ય કરી રહ્યા છે. વાયુદેવતા એની બીકે વાય છે, સૂર્ય તપે છે, મેઘ વર્ષા આપે છે. જે પરમ તત્ત્વની બીકે આ બધા વર્તી રહ્યા છે, તે પરમ તત્ત્વ તું જ છે. સામવેદનું મહાવાક્ય તત્ ત્વમ્ અસિ-તત્ત્વમસિ-તે તું છે એ વાતનું અહીં સ્મરણ થાય છે. જીવ પોતે બ્રહ્મ જ છે, બ્રહ્મથી જુદો નથી એ સત્ય યાદ રાખવું ઘટે.

'બાપ મરે સુત વિરમતાં, સુતનો છોરુ બાપ' એ પંક્તિ વિચાર માગી લે છે. જ્યારે વ્યક્તિ જન્મે છે ત્યારે તેને નામ હોતું નથી. છોકરો જન્મ્યો કે છોકરી જન્મી એવું કહીએ છીએ. પછી ઓળખ માટે નામ આપીએ છીએ. એ છોકરો મોટો થાય અને પરણે ત્યારે પરિણીત પુરુષ કહેવાય, પરંતુ જ્યારે એની પત્ની પુત્રને જન્મ આપે ત્યારે એ વ્યક્તિ હવે 'બાપ' બને છે. આમ, પુત્રના જન્મ પછી એ પરિણીત પુરુષ બાપ કહેવાય છે. આ છોકરો મૃત્યુ પામે તો પાછું એનું 'બાપ'નું પદ જતું રહેશે. આમ, 'બાપ' એ સાપેક્ષ પદ છે અને એનો આધાર 'સુત' ઉપર છે.

જ્યારે પત્ની પુત્રને જન્મ આપે છે ત્યારે પિતા પોતે જ પુત્રરૂપે આવે છે. 'આત્મા વૈ જાયતે પુત્રઃ' પિતા પોતે જ પુત્રના રૂપમાં જન્મે છે એ અર્થમાં 'સુતનો છોરુ બાપ' કહેવાયું છે. પહેલું સંતાન પિતા પોતે જ હોય છે. હવે તાત્ત્વિક રીતે વિચારતાં બાપ અને પુત્ર બેનાં શરીર જુદાં છે, પરંતુ આત્મા તો એક જ છે. નશ્વર દેહને ભૂલીને જો નિત્ય સ્વરૂપ આત્માનો વિચાર કરીએ તો પુત્ર અને પિતા એવો ભેદ ટળી જાય છે.

દેહને આત્મા માનીએ એ જ દુઃખનું મૂળ છે, તાપનું મૂળ છે. અવિદ્યામાંથી જન્મતું અજ્ઞાન આવો દેહાધ્યાસ જન્માવે છે. મંદ અંધકારમાં દોરડી પડી હોય તો જાણે સાપ હોય એવો ભાસ થાય છે. પવનથી દોરી હાલે તો સાપ હાલે છે એવો ભ્રમ થાય. ગાઢ અંધકાર હોય તો દોરડી દેખાય જ નહિ. પૂરતો પ્રકાશ હોય તો દોરડી દોરડી જ દેખાય, પરંતુ ઝાંખો પ્રકાશ હોય, મંદ અંધકાર હોય ત્યારે દોરડીમાં સાપનો આભાસ થાય છે. પ્રકાશ થતાં જ એ ભ્રમ દૂર થાય છે. પ્રશ્ન એ છે કે, સાપ ક્યાં ગયો ? પણ ખરેખર સાપ હતો ખરો કે ? સાપ જન્મ્યો જ ન હતો, તો પછી જાય ક્યાં ? એમ, આપણે દેહને આત્મા માનવાની ભૂલ કરીને દુઃખી થઈએ છીએ. આવી ભૂલ થવાનું કારણ અજ્ઞાન છે. અજ્ઞાન અવિદ્યામાંથી જન્મે છે અને અવિદ્યા અનાદિ છે. જ્ઞાનરૂપી દીવડો પ્રગટતાં-પ્રકાશ થતાં દેહ એ આત્મા નથી એ વાત સમજાય છે અને પછી દુઃખનું મૂળ દૂર થાય છે. દેહ શરૂઆતમાં

નથી હોતો, અંતમાં નથી હોતો, કેવળ મધ્યમાં દેખાય છે તે સત્ય નથી. આત્મા આદિમાં છે, મધ્યમાં છે અને અંતમાં પણ છે તેથી તે જ સત્ય છે. વિવિધ દેહમાં એક જ આત્મા જુદો હોય તેવું જણાય છે, પરંતુ તે અજ્ઞાનને કારણે. જ્ઞાન થતાં દૃષ્ટિ બ્રહ્મમય બની જાય છે. વિવિધ પ્રકારના કાચમાંથી એક જ પ્રકાશને જોતાં તે કાચના રંગનો જણાય છે, પરંતુ ખરેખર તો પ્રકાશ એક જ રંગનો છે-સફેદ છે. કાચ ફૂટતાં પ્રકાશનો અસલ રંગ દેખાય છે અને તે એક જ રંગનો જણાય છે.

અવિદ્યાને કારણે જન્મતું અજ્ઞાન દેહને 'હું' માની એમાં મમત્વ ઊભું કરે છે અને આ દેહાત્મભાવ- હું અને મારું જ બધાં દુઃખનું મૂળ છે.

આ અજ્ઞાનને દૂર કરવા અભ્યાસ અને વૈરાગ્ય દ્વારા મનને સ્થિર કરી સાધના કરવાની છે.

□ □ □

## ૩૨ ના હું ત્યાં શું માહરું?

**(દોહરા)**

**ના હું ત્યાં શું માહરું? તારું સઘળું નાથ!**
**તું જ એક બધે રહ્યો, અહં-રંગ અનાથ. ... ૧.**

**તું હીણો બહુ આથડ્યો, ખાધો જ્યાં ત્યાં માર;**
**હું ભૂલી તુજમાં ભળ્યો, તર્યો રંગ ગમાર. ... ૨.**

**અહંભાવ તે જીવ છે, નાહં શિવ સાક્ષાત્;**
**અહં-બ્રહ્મ મિથ્યા સ્મૃતિ, મૂળ રંગ અજાત. ... ૩.**

**રર્‌રા સત્-પદ જાણ તું, ગગ્ગા ચિત્-પદ કંદ;**
**અનુસ્વાર આનંદમય, રંગ સચ્ચિદાનંદ. ... ૪.**

**ના જાણી બકતો ફર્યો, થતાં ભાન મુખ બંધ;**
**લખવું બકવું એ બધા રંગ નકામા ફંદ. ... ૫.**

**ડૂબી રે'વું અંતરે, આત્મસમુંદરમાંહ્ય;**
**ઉપર તરંગ છો રમે, રંગ ન જલ ભેદાય. ... ૬.**

**આવે તે કરવું સુખે, રે'વું સદાય નચિંત;**
**જૂનું ઋણ દેવું ઘટે, કરવું રંગ ન નૂત્ન. ... ૭.**

**સુખદુખ મનનાં સોણલાં, જન્મમરણ તન-ગંધ;**
**બની રમકડું ઈશનું, ખેલ રંગ નિર્દ્વંદ્વ. ... ૮.**

□ □ □

# વિવરણ

છાંદોગ્ય ઉપનિષદમાં કહ્યું છે કે :-

**સર્વં ખલ્વિદં બ્રહ્મ તજ્જલાનિતિ શાન્ત ઉપાસિત.'** ।

(૩/૧૪/૧)

અર્થાત્ આ બધું નિઃસંદેહ બ્રહ્મ જ છે, કારણ કે એનાથી બધું ઉત્પન્ન થાય છે, એમાં ચેષ્ટા કરે છે અને એમાં જ લીન થાય છે. એ રીતે શાંતભાવથી ઉપાસના કરવી જોઈએ.

પૂ. બાપજી અવધૂતી આનંદમાં આ વિચાર અનેક વાર અનેક રીતે રજૂ કરે છે.

- ખેલ સમેટે આપ ખેલાડી, ખેલે ઈચ્છાસાર,
  રંગ નાટકી નટરા ખેલે, નામ-રૂપ મોઝાર-ભજો શું.
- એક શ્વાસથી જગ નિપજાવે, અંતે સહુ લય થાય,
  અણુ રેણુમાં વ્યાપી સઘળે, સચ્ચિત્સુખ સોહાય... ધાર્યું ધરણી.
- એક અનેક બના આપહિસે ખેલત નંદદુલારા,
  જૂઠે જગમેં જૂઠા ખેલા, જૈસા મકરી જાલા... હમ કૃષ્ણ.

પૂ. શ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે કે :-

**અદ્વિતીય સત્ એક એ થયું સ્વયં અનેક,**
**નિત્ય સિદ્ધ સંકલ્પથી, થયું વિણ થયે છેક.**

(અ.૧૯ દો.૧૩)

ના બીજું જ્યાં બ્રહ્મથી, ભિન્ન અભિન્ન જ કૂણ ?
જે છે બ્રહ્મ જ તે બધું, 'સર્વ બ્રહ્મ' શ્રુતિ ધૂન.

**બ્રહ્મ નામ આત્માતણું દેહે એ જ અહમ્;**
**દેહ મેઘ આત્મા નભે, સર્પ રજ્જુમાં ભ્રમ.**

(બોધમાલિકા. શ્લોક : ૪૦-૪૭)

"એકોઽહં બહુ સ્યામ્" - હું એક છું અને હવે અનેક થાઉં એવા સંકલ્પ માત્રે આ સૃષ્ટિનું સર્જન કરી, એ પરમ તત્ત્વે બધાંમાં પ્રવેશ કર્યો એમ શ્રુતિ કહે છે, એનો અર્થ

એટલો જ કે ભિન્ન ભિન્ન દેહોમાં એક જ પરમ તત્ત્વ વિલસી રહ્યું છે. 'હું' જેવું કશું છે જ નહિ. હું-અહં જ નથી ત્યાં મારું ક્યાંથી હોય ? મારું-મમ એ અહંનું છઠ્ઠી વિભક્તિનું એક વચનનું રૂપ છે.

'હું-મારું દુઃખ મૂળ છે' એ ભજનની ચર્ચા વાંચ્યા પછી આ ભજન સરળતાથી સમજાઈ જશે. બધે એક જ સત્ તત્ત્વ વિલસી રહ્યું છે. વ્યક્તિ દેહને 'હું' કહે છે પણ દેહ તો આભાસ માત્ર છે. જગત આખું મિથ્યા હોય તો પછી એ જગતનો અંશ માત્ર એવો હું પણ મિથ્યા જ છે. આ બધું પ્રભુનું છે.

જીવભાવથી અહંકારી બની વ્યક્તિ પોતે કરનાર છે એવો કર્તૃત્વભાવ કેળવે છે ત્યાંથી બધા પ્રશ્નો ઊભા થાય છે. જેમ અર્જુને યુદ્ધમાં ભગવાનને આગળ રાખ્યા તેમ આપણે પણ ભગવાનને આગળ રાખી નિમિત્ત બનીને કાંઈ કરીએ તો સંસારમાં કર્મનું બંધન ન નડે. માર ખાવાનો વારો ના આવે. હુંને તુંમાં ભેળવી દેનાર વ્યક્તિ માટે સંસાર તરવાનું સહેલું બની જાય છે. જીવ એટલે અવિદ્યા વેષ્ટિત બ્રહ્મ અને શિવ એટલે માયાથી વીંટળાયેલું (વેષ્ટિત) બ્રહ્મ. આમ મૂળ તો બ્રહ્મ-સત્ જ એકીમાત્ર સત્ય છે. 'હું'પણું એટલે જીવ. આ હુંપણું ભૂલી જઈએ અને 'તું'ને ઓળખી લઈએ. એ શિવપણું છે.

પૂ.શ્રી પોતે સચ્ચિદાનંદ સ્વરૂપ પરબ્રહ્મ છે એની સમજ એમના 'રંગ' નામ દ્વારા આપતાં કહે છે કે, રંગનો 'ર' એ સત્ છે 'ગ' એ ચિત્ છે અને અનુસ્વાર 'ં' એ આનંદ છે. આમ, રંગ પોતે સચ્ચિદાનંદ જ છે, પરંતુ અજ્ઞાનને કારણે વ્યક્તિ બહિર્મુખ બનીને બધી બાહ્ય પ્રવૃત્તિ કરે છે અને જ્ઞાન થતાં ભાન આવતાં અંતર્મુખ થઈને, બધી પ્રવૃત્તિ બંધ કરીને આત્મસમુદ્રમાં ડૂબી રહે છે. પૂ.શ્રી આ ભાવ ભજનમાં વારેવારે દર્શાવે છે.

- અંદર ગોતા લગાવ પ્યારે !
  બાહેર ઢૂંઢત જનમ ગંવાયા, હાથમેં કછુ ના આય.
- ખેલે આપહિ આપ અકેલા, આત્માનંદ ઉજાસ,
  ડાઘા દૂઈકા રહા ન દિલમેં, નિર્ભય વો અવિનાશ...લાખોમેં કોઈ.
- રંગ પોથાં પુસ્તકો ફેંકી બધાં દરિયાવમાં,
  મૂગો થઈ ડૂબી રહે, સમુંદરે એ શાહના... લખવું.
- મન મરજીવા ! છે મોતી અમૂલખ એક અંતર-સાગરે,
  સહુ દ્વાર જુક્તિથી બંધ કરી, દશમેં જઈ પ્રાણ વસે જ ઠરી,
  મારે ડૂબકી હરિનામ સ્મરી... મન મરજીવા.

પરંતુ આજ સુધી બહાર જ ભટક્યા કરેલું મન, બહિર્મુખ થયેલું મન એકદમ અંતર્મુખ થતું નથી એ સંદર્ભમાં જ પૂ. બાપજી લખે છે કે, 'મન ચલે તો ચલન દે, પણ તન ન જાય લગાર.' એટલે પહેલો પ્રયત્ન શરીરને બહાર જતું અટકાવો. પછી ધીરે ધીરે અભ્યાસ અને વૈરાગ્યથી મનને સમજાવીને અંતર્મુખ બનાવો. આ વાતને સમજાવવા માટે પૂ. પાગલ મહારાજ એક સરસ દૃષ્ટાંત આપે છે. એક ચકલી આખો દિવસ માળાની બહાર જ ભટકતી ફરે છે. માળામાં જવાનું એને ગમતું નથી. હવે એક દિવસ એની પાછળ બાજપક્ષી પડે છે. આ બાજપક્ષીથી ગભરાઈને ચકલી માળામાં જાય છે, પણ બહારના પ્રકાશમાંથી એકદમ માળામાં જતાં ઘોર અંધકાર જણાય છે. અંધકારથી ગભરાઈને માળામાંથી પાછી બહાર આવી જાય છે, તો સામેના ઝાડ ઉપર બાજપક્ષી જુએ છે. મરવા કરતાં અંધારુ સારું એમ વિચારીને ચકલી માળામાં આંખ મીંચીને બેસી જાય છે. થોડા સમય પછી એ આંખ ખોલે છે તો ઝાંખું ઝાંખું દેખાય છે. હવે ચકલી માળામાંથી બહાર જતી નથી. પરિણામે હવે એને માળામાં બધું સ્પષ્ટ દેખાય છે. આ વાતમાં આપણું સંસારીનું મન એ ચકલી છે. આત્માનો વિચાર કરી, અંતર્મુખ બની, સ્વસ્વરૂપમાં રહેવું એ માળામાં રહેવા બરાબર છે. બહાર ભટકતા મન માટે મોતનો ડર એ જ બાજપક્ષી છે.

જેટલા વહેલા અંતર્મુખ થઈએ એટલા વહેલાં મુક્ત થઈશું.

અંતર્મુખ થનારે યાદ રાખવું ઘટે કે કર્મો તો કરવાં જ પડશે, પરંતુ પહેલાં એ કર્મો પ્રવૃત્તિ ઊભી કરતો હતો, પણ હવે પ્રવાહપ્રાપ્ત કર્મ-કર્તવ્યરૂપ કર્મ નિમિત્તભાવથી કરશે. નિષ્કામ-ભાવથી કરેલું કર્મ બંધનકારક નીવડતું નથી. જૂનું ઋણ દેવું ઘટે એટલે પ્રારબ્ધ તો ભોગવી લેવું જ રહ્યું, પરંતુ નિષ્કામ ભાવથી કરેલું કર્મ બંધનકારક નથી, સંચિત કર્મ બનતું નથી અને પરિણામે નવું પ્રારબ્ધ ઊભું થતું નથી. પરમેશ્વરનું રમકડું બનીને-એનું નિમિત્ત બનીને કાર્ય કર-જીવન જીવી જા તો પછી સુખ-દુઃખ કે જન્મ-મરણ તરફની તારી દૃષ્ટિ મૂળમાંથી બદલાઈ જશે.

'મારું-તારું', 'સુખ-દુઃખ', 'જન્મ-મરણ', 'રાગ-દ્વેષ' વગેરે દ્વંદ્વોથી પર થનાર માટે પછી જગતમાં રહી કાર્ય કરવું-ના કરવું નો પ્રશ્ન જ નથી રહેતો.

❑ ❑ ❑

# ૩૩. રમે રામ સહુ ઘટ વિષે

(દોહરા)

રમે રામ સહુ ઘટ વિષે, રહીમ દયાઘન એ જ;
હિંદુ મુસલમીન કાં લડો! રંગ નૂર તે તેજ! ... ૧.

માતા મારી ચિત્કળા, પિતા બોધસ્વરૂપ;
સુત અનુભવ હું તેમનો, રંગ અરંગ અરૂપ! ... ૨.

પાંડુ શુભ્ર કલંક ના, રંગ સ્વરૂપ અલેખ;
પાંડુ ર ચિન્મય બ્રહ્મ છે, ગ તન્મય થા દેખ! ... ૩.

રર્‌રા તત્પદ જાણ તું, ગગ્ગા ત્વંપદ દેખ;
અનુસ્વાર અસિપદ લહ્યું, રંગ તત્ત્વમસિ એક! ... ૪.

'રંગ' 'રંગ' જન સહુ કહે, રંગ સંતપદધૂળ!
ભાવે સદ્‌ગુરુ સેવતાં, ચાટે જગ પદધૂળ! ... ૫.

થયો હડધૂત જીવતાં, મૂએ બન્યો અવધૂત;
પૂજે કપૂત જીવડાં, મડદાં રંગ સપૂત! ... ૬.

ઝંખું પરધન સર્વદા, પરસ્ત્રી અળગી ન થાય;
કરું સ્વજનવધ ખંતથી, **રંગ** પાર કો પાય? ... ૭.

ગાંડોતૂર ફરું બધે, સદા મદ્યચકચૂર;
લાગ્યો રંગ ન છૂટશે, રહો સંગથી દૂર!! ... ૮.

▯ ▯ ▯

# વિવરણ

એક જ પરમ તત્ત્વ અનેક શરીરોમાં વ્યાપેલું છે, એ વાત અનેકવાર ઉપનિષદોમાં કહેવાઈ છે.

"તત્સૃષ્ટ્વા તદેવાનુપ્રાવિશત્" એની રચના કરીને એમાં એણે પ્રવેશ કર્યો એમ તૈતરિય ઉપનિષદ કહે છે. બૃહદ આરણ્યક ઉપનિષદમાં કહ્યું છે કે : "સ એષ ઈહ પ્રવિષ્ટ આનખાગ્રેભ્યઃ" એણે આ શરીરમાં નખથી માંડીને શિખાપર્યંત પ્રવેશ કર્યો. ટૂંકમાં દરેક માનવીના, પશુના, પંખીના જંતુમાત્રના શરીરમાં એ એક જ પરમ તત્ત્વ રહેલું છે. એટલે પૂ.શ્રી લખે છે કે, "રમે રામ

સહુ ઘટ વિશે'' - આ બધા દેહમાં રહેલા પરમ તત્ત્વને હિંદુઓ રામ કહે છે જ્યારે મુસલમાનો રહીમ કહે છે. નામ જુદાં પણ તત્ત્વ એનું એ જ છે. કોઈ વીજળી કહે, કોઈ ઈલેક્ટ્રિ સિટી કહે કે કોઈ પાવર કહે પણ વસ્તુ એક જ છે. આ પરમ પ્રકાશ એક જ છે. પછી જુદા જુદા ધર્મોએ ખોટા ઝઘડા કરવાની જરૂર નથી.

એવું કહેવાય છે કે, "Dispute is Long, When both the parties are wrong" જે અજ્ઞાની છે, તેઓ મિથ્યા ઝઘડા કરતા રહે છે. પુત્ર એ માતા અને પિતાનું પરિણામ છે. ચૈતન્યની કળારૂપી માતા અને જ્ઞાન સ્વરૂપ પિતાનો અનુભવસ્વરૂપ પુત્ર તે વ્યક્તિ પોતે. આમ શરીરને મહત્ત્વ આપવાને બદલે આત્મસ્વરૂપ સ્વસ્વરૂપનું જ ધ્યાન કરવું જોઈએ. 'રંગ' શબ્દમાંથી 'તત્ત્વમસિ' મહાવાક્યનો અર્થ સમજાવતાં પૂ.શ્રી કહે છે કે, 'રંગ'નો 'ર' એટલે તત્-એટલે કે બ્રહ્મ. ગ એટલે ત્વમ્-જીવ અને અનુસ્વાર એ 'અસિ' પદ છે. આમ રંગ પોતે તત્ત્વમસિ છે.

તત્ત્વમસિ એટલે તે પરબ્રહ્મ તું છે, આમાં 'છે' પદ ખૂબ મહત્ત્વનું છે. જીવ પરબ્રહ્મ જ છે. એણે પરબ્રહ્મ થવાનું નથી. થવાનું હોય તો એનો અર્થ એ થાય કે, શરૂઆતમાં જીવ પરબ્રહ્મ નથી અને પછી અમુક સંસ્કારો કર્યા પછી તે બ્રહ્મ થાય છે. આવું નથી. શંકરાચાર્ય કહે છે : બ્રહ્મ સત્યં જગન્મિથ્યા જીવો બ્રહ્મૈવ નાપરઃ ।'' બ્રહ્મ સત્ય છે, જગત મિથ્યા છે. જીવ બ્રહ્મ જ છે. એ બ્રહ્મથી જુદો નથી.

સદ્ગુરુની સેવા કરતાં કરતાં, સદ્ગુરુની કૃપાથી શિષ્યનો જીવભાવ દૂર થાય છે. અને પોતે બ્રહ્મ જ છે, એ જ્ઞાન દૃઢ થતાં લોકો એનાં ચરણોમાં નમન કરતાં થાય છે. પૂ.શ્રી એક ભજનમાં લખે છે કે :-

**સીધી વળાવી સંયમ લંગોટી,**
**કાપે સમૂળ અજ્ઞાન ચોટી રે... ગાઓ ગાઓ રે.**
**ઝંખું પરધન સર્વદા, પરસ્ત્રી અળગી ન થાય,**
**કરું સ્વજનવધ ખંતથી, રંગ પાર કોપા ય.**

આ અવળ વાણી છે. શબ્દાર્થ ન કરતાં એનો લક્ષ્યાર્થ પકડવાનો છે. 'પર'નો અર્થ થાય છે શ્રેષ્ઠ. પરધન એટલે શ્રેષ્ઠ ધન-આત્મા રૂપી ધન. સૂક્ષ્મ વ્યાપક પરબ્રહ્મ અને તેને વિષય કરનારી અંતઃકરણની વૃત્તિ એટલે પરસ્ત્રી. આવી અંતઃકરણની વૃત્તિ એવી પરસ્ત્રીને હંમેશાં હૃદયમાં રાખે છે અને તેને એક ક્ષણ પણ અળગી કરતો નથી. ઈન્દ્રિયો ઉપર કાબૂ મેળવવા માટે કઠોર સાધના કરવી પડે છે અને તેની વૃત્તિને મારવી પડે છે. ''મનકો બિન મારે ગોસાંઈ, ઐસો મિલે ન કબહુ ભાઈ'' એ પંક્તિ આ જ વાત કરે છે. ''નિત નિત્ય નવું ખાવું દા'ડે'' એ પંક્તિમાં પણ રોજ રોજ નવું ખાવું એટલે એક પછી એક ઈન્દ્રિયોની વૃત્તિનું દમન કરવાની વાત છે. આ ઈન્દ્રિયો આપણા જ શરીરની જ છે - એટલે આમ તો સ્વજન જેવી છે તેને ખંતથી મારવી પડે છે, તેનો ખંતપૂર્વક વધ કરવો પડે છે. આમ કરવાથી રંગ પાર થાય છે.

'અજબ ખેલ જોયો રે' ભજનમાં પૂ.શ્રી લખે છે : ''નિર્દય તરે, દયાવંત ડૂબે, આ

ભવસાગરમાંહ્ય'' એ પંક્તિ પણ આ જ વાત સૂચવે છે.

બ્રહ્માનંદની મસ્તી-નિજાનંદની મસ્તી એ જ મદિરાની મસ્તી છે. બ્રહ્માનંદમાં મસ્ત રહેનારની ઉન્મત્ત અવસ્થા એવી છે કે એને કોઈક જ સમજી શકે છે. લોકોને એ ગાંડો લાગે, પરંતુ એનું ગાંડપણ જુદા પ્રકારનું છે. પરમ તત્ત્વને પામેલી વ્યક્તિ એ પણ પાગલ જ છે, પણ તે પરમ તત્ત્વ પાછળ પાગલ છે. એ વ્યક્તિ સંગથી દૂર રહી, નિઃસંગી રહી. સચ્ચિદાનંદમગ્ન રહે છે અને એકવાર પ્રાપ્ત થયેલી એ દશા-એ રંગ - છૂટતી  નથી-છૂટતો નથી.

આવું ગાંડપણ-દિવાનાપણું સ્વીકારતાં પૂ.શ્રી એક ભજનમાં લખે છે :

**કહે દીવાના મુજકો, દુનિયા કહે દીવાના મુજકો.**
**ખલ્ક દીવાના ખલ્ક ન પાયો, જુગ જુગ ભટકાયો,**
**રામ દીવાના રામ સમાયો, રામ રંગ રૂલાયો...**

જ્યારે વ્યક્તિને જ્ઞાન થાય અને એની દૃષ્ટિ બ્રહ્મમય બને ત્યારે એને બધાંમાં એક જ પરમ તત્ત્વ વિલસી રહેલું જણાય છે, પરંતુ આવી વ્યક્તિ દૃષ્ટિમાં અભેદપણું રાખે છે, ક્રિયામાં અભેદપણું રાખતા નથી. ક્રિયામાં તો ભેદ રહે છે. પૂ. પ્રકાશાનંદજી મહારાજ કહે છે કે, ગીતા 'સમદર્શિનઃ' કહે છે, 'સમવર્તિનઃ' નહિ. આપણે આપણી આંગળી મોંમાં મૂકીએ તો પછી એ આંગળી ધોવી જ પડે છે. આવો ક્રિયાભેદ રાખવો જ પડે છે. ઝેરી સાપ કે હિંસક વાઘમાં પરમ તત્ત્વનાં દર્શન કરવાનાં પરંતુ એને ગળે લગાડવાના નથી હોતા.

□ □ □

# ૩૪ ભર્યું જ્યાં ત્યાં પ્રભુ તારું

**(રાગઃમિશ્ર કાફી ગઝલ; તાલઃદીપચંદી)**

**ભર્યું જ્યાં ત્યાં પ્રભુ તારું અનુપમ રૂપ હે અવધૂત!**
**નિરાકારી નિજેચ્છાએ બન્યો સાકાર તું અવધૂત!! ...ટેક.**

**ખૂનીના ખંજરોમાં તું પ્રિયાના ચુંબનોમાં તું;**
**હરે! [૧]હરિગર્જનામાં તું, રહ્યો [૨]પિકકૂજને અવધૂત! ...ભર્યું૦ ૧.**

**ગુલાબી ગાલમાં હસતો, ક્ષયીના હાડમાં વસતો;**
**બધે નિર્દ્વન્દ્વ તું રમતો નિજાનંદે અહા અવધૂત! ...ભર્યું૦ ૨.**

**વને યોગી થઇ વસતો, જગે ભોગીસમો ભમતો;**
**કદી રોગીસમો રડતો, અગમ લીલા કરી અવધૂત! ...ભર્યું૦ ૩.**

**સદા પાસે છતાં આઘે અભાગીને અરે દિસતો;**
**સહુ રંગે અરંગી તું, લહે તુજ રંગ કો અવધૂત! ...ભર્યું૦ ૪.**

□ □ □

# વિવરણ

ઈશાવાસ્ય ઉપનિષદ કહે છે :-

**ઈશા વાસ્યમિદં સર્વં યત્કિંચ જગત્યાં જગત્ ।**
**તેન ત્યકતેન ભુંજીથા મા ગૃધઃ કસ્ય સ્વિદ્ ધનમ્ ॥**

(શ્લોક : ૧.)

અર્થાત્ અખિલ બ્રહ્માંડમાં જે કાંઈ જડચેતન સ્વરૂપ જગત છે, એ બધું જ ઈશ્વરથી વ્યાપ્ત છે. આ ઈશ્વરને સાથે રાખીને ત્યાગપૂર્વક ભોગવતા રહો. એમાં આસક્ત થવું નહિ કારણ કે ભોગ્ય પદાર્થ કોઈના પણ નથી.

દુનિયામાં બધે પરમાત્માનાં દર્શન કરવાં એ જ સાચું દર્શન છે. 'સર્વં વાસુદેવમિતિ' આ બધું વાસુદેવ જ છે એવી જેની બુદ્ધિ થઈ છે તે વ્યક્તિ જ સાચું જુએ છે.

પરબ્રહ્મ-પરમ તત્ત્વને 'હું એક છું અને અનેક થાઉં' એવી સ્ફુરણા થઈ અને પરિણામે એ નિરાકારી પરમાત્માએ પોતાની ઈચ્છાથી-સંકલ્પથી આ જગતની રચના કરી, એમાં પ્રવેશ કર્યો - એ નિરાકારી પરમાત્મા સાકાર બન્યો..

**અદ્વિતીય સત્ એક એ, થયું સ્વયં અનેક,**
**નિત્ય સિદ્ધ સંકલ્પથી, થયું વિણ થયે છેક.**

**(અ.૧૬. દો.૨૩)**

**મૂળે નિર્ગુણ બ્રહ્મ જે, એક નિરામય એમ,**
**નિજ માયા શક્તિ થકી, થયું શબલ એ તેમ.**

**(અ.૫૭. દો.૫.)**

**(શબલ એટલે સગુણ)**

**તૃણ કાષ્ટાદિક સર્વમાં અણુમેરુ પર્યંત,**
**રહ્યો ઈશ વ્યાપી બધે એક ગૂઢ અત્યંત.**
**સ્થાવર જંગમ ભેદથી સર્જી સ્વયં સુજાણ,**
**થયો સ્વાત્મરૂપે બધે અનુપ્રવિષ્ટ મહાન.**

**(અ.૧૦૪. દો.૧૪-૧૫.)**

આમ, આ જગતમાં-જડચેતનમાં બધે જ પરમ તત્ત્વ અવધૂતનું અનુપમ રૂપ પ્રકાશી રહ્યું છે. એ નિરાકારી નિર્ગુણ પરબ્રહ્મ પોતાની ઇચ્છાથી-પોતાના સંકલ્પથી સાકાર સ્વરૂપે જગતમાં જડચેતન સ્વરૂપે પ્રગટ થયો છે. સાકરનો ગાંગડો એ નિરાકારી મિઠાશનું સગુણ સ્વરૂપ છે અને મીઠાશ એ સાકરથી ભિન્ન નથી.

'વજ્રાદપિ કઠોરાણિ મૃદુનિ કુસુમાદપિ' એ ન્યાયે એ પરમ તત્ત્વ-ખૂનીનાં ખંજરોમાં પણ છે અને પ્રિયાનાં ચુંબનોમાં પણ છે. ફૂલથી કોમળ અને વજ્રથી કઠોર એ બંને તત્ત્વ મૂળે તો પરમ તત્ત્વ જ છેને ! સિંહમાં અને સિંહની ગર્જનામાં પણ એજ છે તો કોયલમાં અને એના મીઠા ટહૂકામાં પણ એ જ છે. આ જગતમાં બધું અને બધે એ એક જ પરમાત્મા છે. ગુલાબી ગાલમાં અને ક્ષયીના ગળાયેલા હાડકાંવાળા શરીરમાં પણ એ જ પરમાત્મા રહેલો છે. એ પરમ તત્ત્વ દ્વંદ્વ રહિત છે, દ્વંદ્વથી પર છે.

વનમાં યોગી થઈને વસે છે, પરંતુ જગતમાંભોગી અને રોગી **જેવો** દેખાય છે, પણ ખરેખર એ પરમાત્મા ભોગી પણ નથી અને રોગી પણ નથી. એ ભોગી કે રોગી જેવો દેખાય છે એ એની લીલા છે, એનું નાટક છે.

આ પરબ્રહ્મ-પરમ તત્ત્વ બધાં પ્રાણીના દેહમાં આત્મારૂપે બિરાજે છે. એ આપણી પાસે જ છે, આપણામાં જ છે. અરે ! આપણે પોતે જ એ પરમ તત્ત્વ છીએ, પણ અજ્ઞાનના આવરણને કારણે આ વાત આપણે ભૂલી ગયા છીએ.

પરમાત્મા આપણા અંતરમાં હોવા છતાં આપણે એને બહાર શોધીએ છીએ તે આપણી કમનસીબી છે. આપણે અજ્ઞાની છીએ આપણે એટલા અભાગી છીએ. ઈશાવાસ્ય ઉપનિષદ કહે છે કે :

**તદેજતિ તન્નૈજતિ તદ્ દૂરે તદન્તિકે ।**
**તદન્તસ્ય સર્વસ્ય તદુ સર્વસ્યાસ્યન બાહ્યતઃ ॥**

(શ્લોક : ૫.)

આ પરમેશ્વર ચાલે પણ છે અને ચાલતો નથી પણ. એ દૂરથી દૂર - સૌથી દૂર છે અને અત્યંત સમીપ પણ છે. સમસ્ત જગતની અંદર પરિપૂર્ણ રીતે વ્યાપ્યો છે. આ સમસ્ત જગતની બહાર અને અંદર એ જ રહેલો છે.

જે અભાગી છે, અકર્મી છે, અજ્ઞાની છે તે પરમેશ્વરને દુનિયામાં બહાર શોધે છે, પરંતુ જે જ્ઞાની છે તેને તો પોતાના હૃદયમાં રહેલા પરમેશ્વરની જાણ છે અને બધાંના હૃદયમાં રહેલા અંતરાત્મારૂપ પરમેશ્વરનાં દર્શન કરે છે. જેણે આવી દૃષ્ટિ પ્રાપ્ત કરી છે તે સમગ્ર સૃષ્ટિને પરમાત્મારૂપ માની એનાં દર્શન કરે છે. સંત તુલસીદાસ લખે છે કે :-

સીયારામમય સબ જગ જાની ।
કરહું પ્રનામ જોરી જુગ પાની ॥

આ દુનિયામાં બધે રહીને પણ આ પરમ તત્ત્વ બધાંથી અલગ રહે છે-અળગું રહે છે અને જે આ સમજે છે તે જ પરમાત્માને સાચા સ્વરૂપે સમજે છે.

□ □ □

## ૩૫. અનુપમ હીરલો પાયો

(રાગઃબિહાગ; તાલઃત્રિતાલ)

**અનુપમ હીરલો પાયો, બાબા! અનુપમ હીરલો પાયો;**
**એક અનામી અંતરજામી વણદીઠે ભટકાયો!!**
**...બાબા૦ ૧.**
**રાતે ચમકે દહાડે ચમકે, ચમકે જુગજુગ ન્યારો;**
**સૂરજ ચાંદો એથી ઝગઝગે, અસલી એક ઝગારો!**
**...બાબા૦ ૨.**
**જપતપ-તીરથ જોગ જુગતથી એ છે સાવ નિરાળો;**
**નેતિ નેતિ કહી નિગમ ઓચરે, બાવનથી બ્હારો!!**
**...બાબા૦ ૩.**
**સર્વશેષ અશેષ આતમ, ચેતન હીર છબીલો;**
**ચારથી પાર નિહાળો મૂગે, મોહન એ રઢિયાળો!!**
**...બાબા૦ ૪.**
**હું-તું-તે-માં બોલણહારો, વાણી મૂળ હુંકારો;**
**જ્યાં ત્યાં સઘળે એહ જ [૧]સળગે દેખ રંગ મતવાલો!!**
**...બાબા૦ ૫.**

૧. સિંહગર્જનામાં. ૨. કોયલ.

□ □ □

## વિવરણ

આ ભજનમાં પૂ.શ્રી અનુપમ હીરલાની વાત કરે છે. તો પૂ.શ્રી શાને અનુપમ હીરલો કહેતા હશે ? આ હીરો મોઘું આભૂષણ-અનુપમ છે, અદ્વિતીય છે, અજોડ છે. 'આત્મા' સિવાય અનુપમ હીરલો કહેવાય એવી બીજી કોઈ વસ્તુ નથી. એટલે પૂ.શ્રી આ ભજનમાં

આત્મસાક્ષાત્કાર, આત્મદર્શનની અનુભૂતિ વર્ણવે છે.

પૂ. પ્રકાશાનંદજી મહારાજ કહે છે કે, સગુણ બ્રહ્મનું ધ્યાન કરવાથી બ્રહ્મલોક પ્રાપ્ત થાય છે અને નિર્ગુણ બ્રહ્મનું ધ્યાન કરવાથી બ્રહ્મ સાક્ષાત્કાર થાય છે. સત્યં જ્ઞાનમનન્તં બ્રહ્મ । આનન્દો બ્રહ્મ । એવું બ્રહ્મનું લક્ષણ શ્રુતિમાં વર્ણવ્યું છે.સત્ય એટલે ભૂત, વર્તમાન અને ભવિષ્ય એમ ત્રણે કાળમાં અબાધિત તત્ત્વ, જ્ઞાન એટલે પ્રકાશ સ્વરૂપ અને અનંત એટલે વ્યાપક. આનંદ એટલે સુખરૂપ. આમ સત્, ચિત્, આનંદ સ્વરૂપ બ્રહ્મ છે એમ ધ્યાન કરવું.

નિર્ગુણ બ્રહ્મ બે પ્રકારનું છે : એ પૈકી સલક્ષણ બ્રહ્મ જે સચ્ચિદાનંદ રૂપે રહેલું છે તેનું ધ્યાન કરવું. ધ્યેયથી અતીત એવા અલક્ષણ બ્રહ્મનું ધ્યાન કરવું નહિ.

સમાધિના બે ભેદ છે : (૧) સવિકલ્પ સમાધિ અને (૨) નિર્વિકલ્પ સમાધિ.

સવિકલ્પ સમાધિના ચાર ભેદ છે અને નિર્વિકલ્પ સમાધિના બે ભેદ છે. સવિકલ્પ સમાધિની પરિપક્વ અવસ્થાને નિર્વિકલ્પ સમાધિ કહે છે. અપરોક્ષાનુભૂતિમાં શંકર ભગવાન કહે છે કે :-

**નિર્વિકારતયા વૃત્ત્યા બ્રહ્માકારતયા પુનઃ ।**
**વૃત્તિ વિસ્મરણં સમ્યક્ સમાધિર્જ્ઞાન સંજ્ઞકઃ ॥**

નિર્વિકાર અને વળી બ્રહ્માકાર વૃત્તિ વડે અનાત્મવૃત્તિનું જે વિસ્મરણ તે જ્ઞાન નામની સમાધિ ઉત્તમ સમાધિ છે.

પૂ.શ્રી આવી જ્ઞાન નામની ઉત્તમ સમાધિને ‘અનુપમ હીરલો’ કહે છે.

પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે કે :-

**દીવો જોવા દીપનું, પડે કામ ના જેમ**
**આત્મા સ્વયં પ્રકાશ જે, તેને અન્ય ન તેમ.**
**આડું જે અજ્ઞાન તે બુદ્ધિવૃત્તિથી ખાસ-**
**નાસે, શ્રવણાદિક સહુ તદર્થ જાણ પ્રયાસ.**
**વૃત્તિ બ્રહ્માકાર એ, થાય સ્વરૂપે લીન,**
**નિર્વિકલ્પ સમાધિ આ, રહે ન બીજું ચિહ્ન.**
**અખંડ એકરસ બ્રહ્મ જ્યાં, બીજું દ્વૈત ન અલ્પ,**
**થતાં આરૂઢ ત્યાં નકી, પુનઃ પતન ન સ્વલ્પ.**

પરમેશ્વરનું દર્શન-પરમ તત્ત્વની પ્રાપ્તિ એ જ હીરલો છે. રાજપાટની ઈચ્છાથી વનમાં તપ કરવા ગયેલો ધ્રુવ, ભગવાનનાં દર્શન કર્યા પછી કહે છે કે :-

**સ્થાનાભિલાષી તપસી સ્થિતોઽહં ત્વં પ્રાપ્તવાન્દેવ મુનીંદ્રગુહ્યમ્ ।**
**કાચં વિચિન્વન્નપિ દિવ્યરત્નં સ્વામિન્ કૃતાર્થેઽસ્મિ વરં ન યાચે ॥**

અર્થાત્ હે ભગવાન ! મેં તો રાજ્ય મેળવવાની અભિલાષાથી જ આપને માટે તપ કર્યું હતું, પરંતુ મને તો અત્યારે મુનિ અને યોગીઓને પણ દુર્લભ એવા પરમદેવ (સચ્ચિદાનંદ સ્વરૂપ)ની પ્રાપ્તિ થઈ ગઈ. કાચ ગોતનારને જો દિવ્ય રત્ન મળી જાય તો પછી તે માણસ કાચની ઇચ્છા કેમ કરે ? માટે હે નાથ ! હવે હું કોઈ વરદાન માગતો નથી-ઇચ્છતો નથી.

આ આત્મદર્શનની આનંદભરી વાતનું વર્ણન કરતાં પૂ.શ્રી લખે છે કે એ હીરલો-આત્મા એક છે, અનામી છે અને અંતર્યામી છે. અંતર્યામી એટલે અંતરમાં રહીને બધું નિયમન કરનારો. પૂ.શ્રી આ સચ્ચિત્સુખ આત્માને અંતર્યામી કહેતા દત્તબાવનીમાં લખે છે કે :

**અંતર્યામી સચ્ચિત્સુખ, બહાર સદ્‌ગુરુ દ્વિભુજ સુમુખ.**

આ જ ભાવને શ્રીગુરુલીલામૃતમાં જણાવતાં લખે છે કે :-

**હૃદય નિયામક અંતરે, બાહિર સદ્‌ગુરુરૂપ,**
**પુનઃ પુનઃ પ્રણમું તુને, બાધે આ ભવકૂપ.**

(અ.૧. દો.૫૨.)

આ આત્મા જ્યોતિસ્વરૂપ છે, પ્રકાશસ્વરૂપ છે. જ્ઞાન સ્વરૂપ આત્મા સ્વયં પ્રકાશી રહી અન્યને પ્રકાશરૂપ છે. પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે કે :-

**સ્વયં જ્યોતિસ્વરૂપ જે, જાણે કોણ જ કેમ ?**
**મન બુદ્ધિ પહોંચે ન ત્યાં દ્રષ્ટા દશ્ય ન એમ.**

(અ.૧૯. દો.૪૧)

આત્મા સ્વયં પ્રકાશ છે એ વાત તો અવધૂતી આનંદનાં ભજનોમાં વારે વારે પૂ.શ્રીએ ગાઈ છે.

**આતમ જાન લીયો મૂલ હિ સે, આયા અંધેરા કહીં સે ?...**

**સહસ્રદલ અનુપમ ઓપે, પરમ જ્યોતિકા ડેરાજી...**
**સહસ્ર જોગી જપે જુક્તિથી, કોટિ ભાણ ઉજિયારા જી...દેહ મંદિરમાં.**

**સૂણ ચતુર સુજાણ, વાતલડી કહું છું રે તુજને મીઠડી,**
**ઉર ઉદિયો ભાણ, તેજ ન માએ અંતર સ્વરની વાટડી.**

આ આત્માના પ્રકાશથી જ સૂર્ય-ચંદ્ર પ્રકાશી રહ્યા છે. સતત પ્રકાશમય એવો આત્મા

રાતે ચમકે છે, દિવસે ચમકે છે. વેદો પણ 'આમ નહિ', 'આમ નહિ' દ્વારા આત્માની ઓળખ આપે છે. શ્રીગુરુલીલામૃતમાં અ. ૧૨૦ થી ૧૨૨માં આવતી ગંગા-ગુરુની ચર્ચા એ 'નેતિ'ની જેમ 'આમ નહિ', 'આમ નહિ' નેતિ નેતિ દ્વારા આત્માને સમજાવે છે. આને જ અતદ્વયાવૃત્તિ કહે છે. વ્યાવૃત્તિ એટલે નિષેધ. તત્ એટલે પરબ્રહ્મ અને અતત્ એટલે માયા, પરબ્રહ્મ નહિ તે. આમ, દેહ એ આત્મા નથી, ઈન્દ્રિયો આત્મા નથી, મન આત્મા નથી, બુદ્ધિ આત્મા નથી એમ કહી કહીને પછી જે રહે છે તે આત્મા છે એવી સમજ આપવામાં આવે છે.

આ ચેતનસ્વરૂપ આત્મા સર્વશેષ છે, અશેષ છે. ચારથી પાર એટલે કે પરા, પશ્યંતિ, મધ્યમા અને વૈખરી એવી ચાર પ્રકારની વાણીથી પર છે. આ આત્માને જ મોહન કહ્યો છે. આત્માને મોહન-કૃષ્ણ-કાનુડો એ રીતે પૂ.શ્રીએ ઘણી જગ્યાએ ઉલ્લેખ કર્યો છે :-

- સ્વાન્ત વૃંદાવને વૃત્તિ ગોપી મળી,
  આત્મ-કાનુડો નટરાજ ખેલે.
- નવદ્વાર પર દશમ બિરાજે, જહાં **કિસનકા** થાના... પ્યારે ભજ.
- આતમ-કાન સંગ વૃત્તિ ગોપિકા, મનહર રાસ રચાયો... ઘનઘોર.
- સૂનેરી મૈંને હહિમુરલીકી તાન.
- બાજ બજૈયા એક હિ કાના, જાન લિયો અનજાન.

આ પ્રકાશ સ્વરૂપ આત્મા જ બધે પ્રકાશી રહ્યો છે. જ્યાં ત્યાં સઘળે એહ જ સળગે - એ જ પ્રકાશે છે.

આવા સ્વસ્વરૂપનાં દર્શન-આત્મસાક્ષાત્કારનાં વર્ણનનો આનંદ તો જેણે યોગસાધનાના પથ પર ઘણાં ડગલાં માંડ્યાં હોય તે જ સાચા અર્થમાં માણી શકે.

□ □ □

## ૩૬. જ્યાં ત્યાં ભરિયો એક જ સાંઇ !

**(રાગઃબિહાગ; તાલઃત્રિતાલ)**

**જ્યાં ત્યાં ભરિયો એક જ [૨]સાંઇ! જ્યાં ત્યાં ભરિયો એક;**
**બીજો જોતાં આપ ખોવાણો, જેમ નાટકી ભેખ!**
**...સાંઇ૦ ૧.**

દીપ દેવતા ચાંદો સૂરજ, એક જ નૂર અલેખ;
લખ્યો ન જાયે અગમ અગોચર નૂર નૂરનું દેખ!
...સાંઈ૦ ૨.

અસ્તિ ભાતિ પ્રિય નામરૂપનો જગત પસારો છેક;
નામરૂપનું સમણું શમતાં, સત્ ચિદ્ આનંદ નેક!
...સાંઈ૦ ૩.

પોતે પોતામાં વિલસે વિધવિધ રૂપે અરૂપી [3]અશોખ;
આંખની આંખ સ્વયં દૃષ્ટિ એ, મારી અનુભવે મેખ!
...સાંઈ૦ ૪.

સ્વપદે સર્વ દિસે મહાશૂન્યે, સર્વે સ્વપદ એક;
[4]અનભે સાક્ષી પૂરણ આનંદ, **રંગ** નાટકી દેખ!
...સાંઈ૦ ૫.

---

૧. પ્રકાશે. ૨. સ્વામી, જગતનો નાથ, પરમાત્મા. ૩. અશેષ, પૂર્ણ. ૪. નિર્ભય.

# વિવરણ

શ્રીમદ્ ભગવદ્ ગીતા કહે છે કે :-

**બહિરન્તશ્ચ ભૂતાનામચરં ચરમેવ ચ ।**
**સૂક્ષ્મત્વાત્તદવિજ્ઞેયં દૂરસ્થં ચાન્તિકે ચ તત્ ॥**

(અ.૧૩. શ્લોક-૧૫.)

અર્થાત્ એ ચરાચર (ચર અને અચર) સર્વ ભૂતોની અંદર-બહાર પૂર્ણરૂપે વ્યાપેલો છે તેમ જ ચર-અચર રૂપે પણ એ જ છે અને એ સૂક્ષ્મ હોવાને લીધે જાણી શકાતો નથી તથા એકદમ પાસે તેમ જ ઘણો દૂર પણ એ જ રહેલો એ જ છે.

પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે કે :-

**નામરૂપાત્મક બધું ભાસે જગ આ તેમ,**
**છોડી ભેદ વિવેકથી જોતાં બ્રહ્મ જ એમ.**
**બ્રહ્મસ્થિતિ થાતાં અહીં ફરે દૃષ્ટિ સાક્ષાત્,**
**જે જે દેખે તે બધું દીસે બ્રહ્મમય કાન્ત.**

(અ.૧૨૨. દો.૫ અને ૯.)

આ ભજનમાં આવી બ્રહ્મદૃષ્ટિ પ્રાપ્ત થયા પછીના અનુભવની પૂ.શ્રીએ વાત કરી છે. આવી બ્રહ્મદૃષ્ટિવાળી વ્યક્તિને બધાંમાં એક જ આત્માનાં દર્શન થાય છે. "પ્રભુકો જગમેં જગકો પ્રભુમેં ઈકતાર નિહાર-ફીરો મનવા" એવો મનને કરેલો ઉપદેશ હવે જીવનમાં-જીવનદૃષ્ટિમાં આવી જાય છે. એને પોતાના સિવાય 'બીજો' કોઈ દેખાતો નથી. બધાંમાં એ પોતાને જ જુએ છે.

એક જ પરમ તત્ત્વ બધે વિલસી રહ્યું છે. એક જ માટીમાંથી ઘડો, કોડિયું, ઢાંકણું બન્યું હોય એટલે નામ અને આકાર જુદાં છે બાકી છે તો આખરે માટી જ છે. પૂ.ડોંગરે મહારાજ ભાગવતની કથામાં આ વાત સમજાવતાં એક સરસ દૃષ્ટાંત આપતાં. પહેલાંના જમાનમાં ખાંડના રમકડાં ઘરમાં રાખતાં. જ્યારે ખાંડ ન હોય ત્યારે આ રમકડાંથી કામ ચલાવતાં. હવે મહેમાનો માટે ચા બનાવતાં ખાંડના રમકડાંનો ઉપયોગ કરતાં સ્ત્રી બે હાથી અને ત્રણ ઘોડા નાંખે તો બાળકને-અજ્ઞાનીને -એમ લાગે કે હાથી અને ઘોડા નાંખ્યા પણ સમજુને-જ્ઞાનીને -તો એમાં રહેલી ખાંડ જ દેખાય.

કરાંનો વરસાદ પડે ત્યારે પાણીમાં પડેલા કરાં-બરફના ટુકડા - બાળકને જુદા જણાય, પરંતુ સમજુને તો કરાં અને પાણી બે એક જ લાગે. આ કરાં-બરફના ટુકડાનું પાણી થઈ જાય ત્યારે બાળકને ખ્યાલ આવે કે આ બંને એક જ છે. આપણે બધાં અજ્ઞાની-બાળક - છીએ, તેથી બધે એક સાંઈનાં દર્શન નથી થતાં. જ્યારે પૂ.શ્રીને એ દર્શન થાય છે. દીવો, દેવતા, ચાંદો, સૂરજ બધા પ્રકાશી રહ્યા છે, પરંતુ એમાં રહેલું તેજ તો એક જ છે. એ તેજ પરમ જ્યોતિનું છે.

આ દેખાતું જગત આભાસમાત્ર છે. આપણા મનનું Projection માત્ર છે. મૂળ સચ્ચિદાનંદ બ્રહ્મ ઉપર નામ અને રૂપનો પસારો છે. સ્વપ્નમાં બધું સાચું હોય એમ દેખાય છે, પરંતુ જાગ્રત થઈએ ત્યારે એ સમણાની કોઈ વસ્તુ સાચી હોતી નથી. સત્, ચિત્ અને આનંદ એટલે જ અસ્તિ, ભાતિ અને પ્રિય. આ વાતને પૂ.શ્રી રજૂ કરતાં લખે છે કે :

**મૂળ અખંડિત એક તું, અસ્તિ ભાતિ પ્રિયરૂપ,**
**નામરૂપ નિમિતથી ભાસે નાનારૂપ.**

(અ.૧. દો.૨૧.)

**અવ્યક્તાદિથી બધું વિશેષાન્ત સહુ તેમ,**
**નામરૂપ વિણ ના કશું, નશ્વર સઘળું એમ.**
**વિકારમય જડ એ નકી એથી પર સત્ જાણ,**
**નિર્વિકાર શાશ્વત અહા, કેવળ ચિત્સુખ ખાણ.**

(અ.૪૨ દો.૭૫-૭૬)

અવિદ્યા દૂર નહિ થઈ હોવાથી અજ્ઞાનને કારણે આપણને જગત સાચું દેખાય છે. જે પૂ.શ્રીને નથી દેખાતું. નાનો બાળક કઠપૂતળીનો ખેલ જુએ ત્યારે એને કઠપૂતળીની લડાઈ સાચી જણાય છે, કારણ કે એ કઠપૂતળીને નચાવનારો એણે જોયો નથી. જેણે જેણે એ નચાવનારને જોયો છે, તે કઠપૂતળીના યુદ્ધને માત્ર રમત-મનોરંજનનો ખેલ માને છે.

આ જગત એક સ્વપ્નું છે એ વાતને સમજાવતાં પૂ.શ્રી લખે છે :-

**સ્વપ્નાની માયા સઘળે વિસ્તારી, જૂઠી બાજી બાજીગરની રે... ઘરની ઘરની.**

ભક્ત કવિ નરસિંહ મહેતાં લખે છે કે : ''બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ સાથે.'' પોતે પરબ્રહ્મ છે-અહં બ્રહ્માસ્મિ-એ જ્ઞાન થયા પછી આ જગતમાં એ બધે પોતાને જુએ છે અને પોતાનામાં બધાંને જુએ છે. આ અનુભવથી સમજાય એવી વાત છે. હવે બધે એ જ હોય, એના સિવાય બીજું કોઈ હોય જ નહિ તો પછી ભય શાનો ? ભય કોનો ? નિર્ભય થઈને સાક્ષી ભાવે રહેતાં પછી આનંદ, આનંદ ને કેવળ આનંદ જ રહે છે. પૂ.શ્રી કહે છે :-

**જયાં દેખે ત્યાં રાજ તિહારું,**
**વાત પછી ક્યાં રંગ ડરની રે... ઘરની ઘરની.**

આ જગત એક નાટકનો મંચ છે. આપણે બધા કલાકારો છીએ, પરંતુ આપણું મૂળ સ્વરૂપ-નાટકના પાત્રથી જુદું છે અને એ જ સાચું છે એ યાદ રાખવું જોઈએ

□ □ □

## ૩૭. મનુવા હરિ ભજ ઝટ નાદાન !

**(રાગઃતિલક-કામોદ; તાલઃત્રિતાલ)**

**મનુવા હરિ ભજ ઝટ નાદાન!**
**મળશે તુજને અક્ષય સુખખાણ ...ટેક.**

**ઘટથી પટ પર પટથી ગાડે, તું આમ નિરંતર કાં દોડે?**
**આખર તુજને વિખ એ બાળે;**
**કંઈ થોભ, વિચાર, સમજ મસ્તાન! ...મનુવા૦ ૧.**

**માત્યો માતંગ[૧] સમો દોડે, પડતાં બેહાલ થશે ખાડે!**
**ફર પાછો અંતર-અજવાળે;**
**સાંભળ ગેબી અનહદ એ ગાન!! ...મનુવા૦ ૨.**

**સોહં સોહં એ કોણ વદે? બોલણહારો ભીતર શબ્દે!**
**સરિતાએ સાગર મૂળ જડે,**
**દુઃખનું ન પછી રે’ નામનિશાન! ...મનુવા૦ ૩.**

**જ્યાં ત્યાં આનંદ ભર્યો સઘળે, અવિનાશી અનાદિ અનંત અરે!**
**જાણી ડૂબી રે’વું સ્વબળે;**
**જામે જો કેવો રંગ સુજાણ!! ...મનુવા૦ ૪.**

---
૧. હાથી.

□ □ □

# વિવરણ

કબીરજી કહે છે કે :-

**સુમરનકી સુધ યોં કરો, જ્યોં ગાગર પનિહાર ।**
**ડાલૈ-ડોલૈ સુરતમેં, કહૈ કબીર બિચાર ॥ (૧)**
**સુમરનસોં મન લાઈયે જૈસે નાદ કુરંગ ।**
**કહ કબીર બિસરે નહીં, પ્રાણ તજૈ તિહિ સંગ ॥ (૨)**
**સુમરનસોં મન લાઈયે જૈસે પાની મીન ।**
**પ્રાણ તજૈ પલ બીછુડે, સંત કબીર કહ દીન ॥ (૩)**
**સુમરન સુરત લગામ કર, મુખતેં કછુ ન બોલ ।**
**બાહરકે પટ દેય કર, અન્તરકે પટ ખોલ ॥ (૪)**

આ ભજનમાં પૂ. બાપજી મનને હરિ ભજવાનું કહે છે. મન નાદાન છે. જેની બુદ્ધિ અપરિપક્વ હોય, શ્રેય તથા પ્રેય પૈકી શ્રેય તરફ જવાનું નક્કી કરી શકતી ના હોય એવી વ્યક્તિને નાદાન-કાચી બુદ્ધિનો કહીએ છીએ.

કઠોપનિષદમાં આ શરીરને રથ સાથે, ઈન્દ્રિયોને ઘોડા સાથે, મનને લગામ સાથે, બુદ્ધિને સારથિ સાથે અને આત્માને રથમાં બેઠેલી વ્યક્તિ-રથી-સાથે સરખાવી છે. લગામ દ્વારા સારથિ ઘોડાને નિયંત્રિત કરે છે. જો આ લગામ ઢીલી પડી જાય તો ઘોડાને અંકુશમાં રાખવાનું સારથિ માટે અશક્ય બની જાય છે. માટે મનરૂપી લગામને સાચવો અને હરિનામ એ મન ઉપરની લગામ છે, લગામ પર લગામ છે.

મન ઇન્દ્રિયોને વિષયો તરફ પ્રેરે છે અને એ વિષયોપભોગમાંથી મળતા આનંદને માણે છે, ભોગવે છે. પરંતુ એ સાચો આનંદ નથી. એકવાર ભાવતી વસ્તુ ખાવાની તલપ જાગી એટલે ક્યારે એ વસ્તુ ખાઉં એવું મનમાં થાય. પેટભરીને ખાધા પછી મન આનંદ અનુભવે.મનને શાંતિ થાય, પરંતુ થોડા દિવસ પછી ફરી એ વસ્તુ યાદ આવે અને તીવ્ર ઇચ્છા-તલપ જાગે. એટલે પૂ.શ્રી મનને સમજાવે છે કે તું હરિનું ભજન સત્વરે - ઝટ કર.એનાથી તને સાચું સુખ મળશે અને અક્ષય સુખ મળશે. હરિનું નામ એ અક્ષય સુખની ખાણ છે. તું જેમ ખોદતો જશે-હરિભજન કરતો જશે - તેમ વધુ ને વધુ ખનીજ-અક્ષય સુખ મળતું જશે.

હરિભજનમાં કોઈ ખર્ચ નથી. ભગવાનના નામનું સ્મરણ કરવામાં કોઈ કષ્ટ નથી. કંઈ ખોવાનું નથી અને એનાથી અક્ષય સુખની પ્રાપ્તિ થાય છે. આ સાચું સુખ છે, અક્ષય સુખ છે, કષ્ટ અને ખર્ચ વિના મળતું હોય છે, તો હે મારા મન ! તું હવે નાદાનિયત છોડીને ઝટ ઝટ હરિભજન કર. આ વાતને પૂ.શ્રી દત્ત નામસ્મરણમાં રજૂ કરતાં લખે છે કે :-

**નડે ના અહીં કષ્ટ ના વિત્તહાની**
**ન ખોવાપણું ના લગે કાવ્યવાણી ।**
**સહુ શ્રેષ્ઠ આ સાધનોમાં વરિષ્ઠ**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥**
**(શ્લોક : ૨.)**

પૂ.શ્રી મનને 'ઝટ' હરિભજવાનું કેમ કહે છે ? પૂ.શ્રી એક સંસ્કૃત પ્રભાતિયામાં જીવને ભગવાનનું ઝટ ઝટ ધ્યાન ધરવાનું કહે છે. તેઓ લખે છે કે :-

**ધ્યાય હ્યત્રિજમરં જીવ કરુણાકરં**
**તં વિના કોऽપિ નો તારકસ્તે ।**
**બ્રહ્મ સત્યં જગદ્ વિદ્ધિ મિથ્યા પરં**
**ચિન્તયાહર્નિશં તત્ત્વમન્તે ॥**
**(તત્ત્વચિંતનમ્ શ્લોકઃ૧.)**

અર્થાત્ હે જીવ ! તું કરુણાનિધાન અત્રિકુમાર ભગવાન દત્તાત્રેયનું **વિના વિલંબે** ધ્યાન કર. એના વગર તારો કોઈ બેલી નથી-તારક નથી. બ્રહ્મ સત્ય છે અને જગત મિથ્યા છે એ પરમ તત્ત્વનું તારા અંતઃકરણમાં અહર્નિશ-રાત-દિવસ ચિંતન કર.

આપણે જગતને સાચું માની, ચિંતન કરવાને બદલે ચિંતા કરીએ છીએ. મનનો સ્વભાવ કૂદાકૂદ કરવાનો છે. એ ઠરીને એક જગાએ રહેતું નથી એટલે મનને મર્કટ-વાનરની ઉપમા

પણ આપવામાં આવે છે. પૂ.શ્રી એક પ્રભાતિયામાં કહે છે કે :-

**મૂળ સંસારનું મૂઢ મન માંકડું, વિષયવૃક્ષે ભમે સ્વૈર ઘેલું.**
**ના ઠરે એક પલ, એકથી અન્ય પર દોડતું દિવસ ને રાત મેલું.**

વિષયોમાં ભટકવાની મનની આ વૃત્તિ આખરે એને જ હેરાન કરે છે. મનને કારણે જ આપણી ઈન્દ્રિયો વિષયોમાં ભટકે છે. આવા મસ્ત બનીને ભટકતા મનને પૂ.શ્રી કહે છે કે હે મન ! તું થોડું ઊભું રહે, વિચાર અને સમજ. ગીતામાં અર્જુન, ભગવાનને જ્યારે ફરિયાદ કરે છે કે : "ચંચલં હિ મનઃ કૃષ્ણ". આ મન ખૂબ ચંચળ છે ત્યારે ભગવાન એને કહે છે કે એને અભ્યાસ અને વૈરાગ્યથી વશમાં કર. એક વસ્તુ પરથી, બીજી વસ્તુ પર-ઘટથી પટ પર, પટથી ગાડે-દોડ્યા કરવાનો મનનો સ્વભાવ છે. તેને શાંત કરવું અશક્ય નથી, પણ અઘરું છે. પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે કે :

**જેમ મુકાદમ મજૂર પર રાખે ધનિક સુજાણ,**
**તેમ ઈન્દ્રિયો પર નકી મન મુકાદમ જાણ.**
**વિત્ત મુકાદમને વધુ આપી અન્યથી જાણ,**
**રાખે ખુશ સદા સુધી, તેમ અહીં પણ માન.**
**પ્રસન્ન મન રાખે સદા, આપી ઉચ્ચાનંદ.**
**જોડી મદ્રૂપે નકી, ત્યજી વિષયની ગંધ.**
**(અ.૪૦. દો.૯૩, ૯૫,૯૬)**

વિષયોમાંથી મનને હટાવી વિષ્ણુ તરફ-ભજન તરફ વાળવામાં આવે તો તે જીવને શિવનાં દર્શન કરાવી દે. 'મન માટે કહેવાયું છે કે :-

**મનકી હારે હાર હૈ, મનકી જીતે જીત ।**
**મન મીલાવે રામ કો, મન હી કરે ફજીત ॥**

વિષયોમાં સુખ નથી એવું મનને સમજાવવાના પ્રયત્નો એ જ અભ્યાસ કહેવાય. હાથી એ અતિશય શક્તિ ધરાવતું પ્રાણી છે, પણ સ્પર્શ સુખના વિષયને કારણે એ ભાન ભૂલી મુશ્કેલીમાં આવી પડે છે. હાથીને પકડવા માટે જંગલમાં એક ઊંડો અને પહોળો ખાડો ખોદવામાં આવે છે. એ ખાડાની ઉપર ઝાડના ડાળા-પાંદડા નાંખી તેના ઉપર વચ્ચેના ભાગમાં લાકડાની કે માટીની હાથણી મૂકવામાં આવે છે. આ હાથણીને જોઈને મત્ત બનેલો હાથી દોડે છે, ખાડામાં પડે છે અને એ બેહાલ થાય છે. સુભાષિતકાર કહે છે કે, હરણું, હાથી, પતંગિયું, ભમરો અને માછલી એક એક વિષયમાં આસક્તિ ધરાવતા હતા તેથી મૃત્યુ પામ્યા તો હે માનવી ! તું તો પાંચે વિષયમાં આસક્તિ ધરાવે છે તો તારી શી દશા થશે ? પૂ.શ્રી પ્રભાતિયામાં લખે છે કે :-

**એકથી એક મુઆ મતિ જ્યાં ફરી,**
**પાંચથી શી ગતિ થાશે તારી ?**

મનને વિષયો છોડીને, અંતર્મુખ થઈ અંતરમાં થતાં વિવિધ પ્રકારના દશ નાદનું શ્રવણ કરી શાંત થવાનું સૂચવે છે. પૂ.શ્રી અંતર્મુખ થઈ સોઽહંનો અજપાજપ તરફ ધ્યાન આપવાનું સૂચવતાં એક ભજનમાં લખે છે :-

**ઘટ ઘટ જો બોલે હંસા, સોઽહં શ્વાસા ખોજો દાસા,**
**આતમકાસી મુખ મોડો રે,**
**રામ-રહીમ દોનું નેડે રે... અક્કલસે ખુદા.**

એક ભજનમાં પૂ.શ્રી કહે છે :-

**જે દેહ મૂકીને દોડે છે,**
**અભ્યંતર મુખને મોડે છે,**
**ભવબંધન તે નર તોડે છે... સુણ ચતુર.**

આપણે શ્વાસ લઈએ છીએ ત્યારે 'સો' અને શ્વાસ બહાર કાઢીએ ત્યારે 'હં' એવો અવાજ થાય છે. આ 'સોઽહં'નો જપ સહજ છે, મહેનત વગર થાય છે, જપ કરવાનો પ્રયત્ન કર્યા વગર થાય છે માટે એને અજપાજપ કહે છે. 'દેહ મંદિરમાં દેવ બિરાજે' એ ભજન નં.૨૫માં એની વિગતે ચર્ચા કરી છે. આ સોઽહંનો જાપ કરનારને દુઃખનું નામનિશાન રહેતું નથી. બાહ્ય જગતમાંથી મનની વૃત્તિને સંકેલી લઈ અંતર તરફ વાળી-અંતર્મુખ કરી સોઽહંનું ધ્યાન કરવાથી જીવ શિવ થઈ જાય છે.

સોઽહં અંગે પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતના ૧૨૨મા અધ્યાયમાં દોહરા ૪૯ થી ૬૮માં સમજ આપે છે. બે-ત્રણ દોહરા ટાંકીએ :-

**સત્ય જ્ઞાનાનંદ જે શુદ્ધ બ્રહ્મ ચૈતન્ય,**
**સઃ પદનો લક્ષ્યાર્થ એ તેમ કન્યકા ધન્ય.**
**તે જ સચ્ચિદાનંદ હું પ્રત્યગાત્મા સદાય,**
**દેહત્રય સાક્ષી સ્વયં નિત્ય કૂટસ્થ આંહ્ય.**
**શિવરૂપ જીવ નિશ્ચયે કરવો એ નિર્ધાર,**
**એ જ શ્રવણ તારક અહીં બીજું સર્વ અસાર.**

**(અ. ૧૨૨. દો. ૬૦, ૬૪, ૬૬)**

પૂ.શ્રીએ ભજનની વ્યાખ્યા આપતા કહ્યું છે કે :-

**"સ્મરણં સ્વસ્વરૂપસ્ય હ્યખણ્ડૈકાત્મના તુ યત્ ।**
**તદેકં ભજનં પ્રોક્તં જન્મ-મૃત્યુ-જરાપહ ।"**

આ અર્થમાં આપણે પણ ભજન કરીએ, સ્વસ્વરૂપનું સ્મરણ કરીએ અને જન્મ, મૃત્યુ તથા જરામાંથી છૂટીએ.

□ □ □

## ૩૮. વાંચ વાંચ વિશ્વ-ગ્રંથ

**(રાગઃઝિંઝોરી; તાલઃદાદરા)**

**વાંચ વાંચ વિશ્વ-ગ્રંથ, વાંચવા જો ચાહના;**
**વાંચવું ન અન[૧] રહે, મિટે સમૂળ વાંછના! ...ટેક.**

**સુણ સુણ ગેબી ગાન, સુણવા જો દિલ ચહે;**
**વ્યોમ[૨] માંહ્ય તારલા જે ગૂંજી આત્મમાં રહે! ...વાંચ૦ ૧.**

**ઘૂ ઘૂ ઘૂઘવે [૩]પયોધિ, [૪]નિર્ઝરો અરણ્યનાં;**
**વાત પંછી વનતણાં જે ગાય ગીત [૫]ધીશનાં! ...વાંચ૦ ૨.**

**દિવ્ય સ્પર્શ, દિવ્ય ગંધ, દિવ્ય રૂપ અંતરે;**
**દિવ્ય નાદ, રસ સુદિવ્ય ચાખતાં ન મન ચળે! ...વાંચ૦ ૩.**

**મોર નૃત્ય મત્ત ચિત્ત મોદથી કરંત હા!**
**વેલી-વૃક્ષ જીવ-શિવ, [૬]લિંગને ભળે અહા! ...વાંચ૦ ૪.**

**દૃષ્ટિ ફેરવી વિલોક રંગ એહ અવનવા;**
**મેઘધનુષ સપ્તમૂળ એક, રૂપ જૂજવાં!! ...વાંચ૦ ૫.**

□ □ □

## વિવરણ

પૂ.શ્રીને એક ભાઈએ કહ્યું કે : "બાપજી ! હું તો નાલાયક છું." ત્યારે પૂ.બાપજીએ કહ્યું કે, "ભાઈ! હું તમને નાલાયક માનતો નથી કારણ કે જેણે તમારું સર્જન કર્યું છે એ તો કેવળ લાયકાતથી ભરેલો છે. આવા લાયકાતસભર પરમાત્માનું હરેક સર્જન લાયકાતથી જ ભરેલું હોય. પરમાત્મામાં જે ન હોય તે એના સર્જનમાં પણ ના હોય એટલે હું તમને નાલાયક માનતો નથી. આમ છતાં તમને લાગતું હોય. કે હું નાલાયક છું, તો

હવે લાયક બની જવાનું.'' પરમાત્મા પ્રત્યે અને એના સર્જન પ્રત્યે કેવી વિધાયક દૃષ્ટિ !

આ ભજનમાં પૂ. બાપજી વિશ્વરૂપી ગ્રંથને વાંચવાની દૃષ્ટિ આપે છે. પૂ.શ્રી કહે છે કે, તને કાંઈ વાંચવાની ઈચ્છા જ હોય તો આ વિશ્વને વાંચ. આ વિશ્વકર્તાના વિશ્વને જો વાંચતા આવડી જાય તો પછી તારે બીજું કાંઈ વાંચવાની જરૂર જ ન રહે.

એક કવિ લખે છે કે :-

**મંદિર તારું વિશ્વ રૂપાળું, સુંદર સર્જનહારા રે,**
**મંદિરમાં તું ક્યાં છુપાયો, શોધે બાળક તારાં રે...**

વિષ્ણુ સહસ્ર નામમાં પહેલો જ શબ્દ 'વિશ્વ' છે. આ વિશ્વ શબ્દને સમજાવતાં જગદ્‌ગુરુ શંકરાચાર્ય લખે છે કે, બ્રહ્મ એ વિશ્વનું-જગતનું -કારણ હોવાથી તેને વિશ્વ કહેવામાં આવ્યું છે.

તૈત્તરીય ઉપનિષદમાં કહ્યું છે તે પ્રમાણે **''વિશતીતિ વિશ્વં બ્રહ્મ-તત્ સૃષ્ટવા તદેવાનુપ્રાવિશત્''** તેનું સર્જન કરી એમાં પ્રવેશ કર્યો-દાખલ થયો એટલે એ 'વિશ્વ' કહેવાયો. આ વિશ્વ એ બ્રહ્મ જ છે. પ્રલય વખતે પણ બધું બ્રહ્મમાં જ દાખલ થાય છે. એટલે પણ તે વિશ્વ છે. સંસ્કૃતમાં 'વિશ્'નો અર્થ દાખલ થવું, પ્રવેશવું એવો થાય છે. ટૂંકમાં પૂ. બાપજી આપણને આ વિશ્વગ્રંથ વાંચવાનું કહે છે ત્યારે 'વિશ્વ' શબ્દ દ્વારા જે બ્રહ્મનું સૂચન થયેલું છે તે બ્રહ્મનું દર્શન કરવાનું કહે છે. પૂ. બાપજી આપણને વિશ્વગ્રંથ વાંચવાનું નથી કહેતા પરંતુ એમ કહે છે કે જો તને વાંચવાની ઈચ્છા હોય તો વિશ્વગ્રંથ વાંચ. વિશ્વગ્રંથ વાંચવાનું શું કામ કહે છે ? પૂ.શ્રી કહે છે કે જો તને વિશ્વને વાંચતા આવડી જશે તો તારે બીજું કાંઈ વાંચવાની જરૂર નહિ રહે અને તારી બધી જ વાંચ્છના મટી જશે.

આ વિશ્વનું સર્જન કોણે કર્યું છે ? પરબ્રહ્મ પરમાત્માએ આ વિશ્વનું સર્જન કર્યું છે. પરમાત્માએ શામાંથી આ વિશ્વનું સર્જન કર્યું છે ? પરમાત્માએ - બ્રહ્મે - પોતામાંથી આ વિશ્વનું સર્જન કર્યું છે. જેમ કરોળિયો પોતાની લાળમાંથી જ જાળાની રચના કરે છે તેમ. પૂ.શ્રીના એક ભજનમાં આનો ઉલ્લેખ છે :-

**''એક અનેક બના આપહિસે ખેલત નંદદુલારા,**
**જૂઠે જગમેં જૂઠા ખેલા, જૈસા મકરી જાલા... હમ કૃષ્ણ કૃષ્ણ.**

એકબીજાથી વિરોધી જણાય એવાં, છતાં બંને સાચા પણ છે એવા બે વિધાનો જોઈએ:-

શંકરાચાર્ય કહે છે : **''બ્રહ્મ સત્યં જગન્મિથ્યા''** - જગત મિથ્યા છે.

વલ્લભાચાર્ય કહે છે કે, આ વિશ્વ વાસુદેવ રૂપ છે. ગીતા પણ **'સર્વં વાસુદેવ મિતિ'** કહે છે. આ બેમાં સાચું કોણ ? બંને. આ વિશ્વને જોતાં આવડે તો એમાં ભગવાન જ

રહેલો છે અને તત્ત્વથી વિચારીએ તો જગત જેવું કાંઈ છે જ નહિ. તત્ત્વદષ્ટિ ન આવે ત્યાં સુધી બધે ભગવાનને જોવાની દૃષ્ટિ કેળવીએ એ જ કલ્યાણકારી ગણાય. પૂ.શ્રી પણ એક ભજનમાં લખે છે કે :-

**પ્રભુકો જગમેં જગકો પ્રભુમેં ઈકતાર નિહાર ફિરો મનુવા,**
**દિન સૂરજ રાત શશી તારે, સબ રંગ બિરંગ વહિ પ્યારે... અબ ખૂબ.**

ફૂલના છોડ ઉપરની કળીને ખીલતાં જોવી એ પણ એક લહાવો છે. સવારના પહોરમાં બાલસૂર્યનો ઉદય અને તેનું પહેલું કિરણ જોવું અને માણવું એ પણ લહાવો છે. સુરેશ દલાલ લખે છે કે "નાના બાળકનો જન્મ એ માનવજાતમાં ઈશ્વરની શ્રદ્ધાનો પુરાવો છે." "મૃત્યુ એ માતૃત્વ આપનારી વસ્તુ છે." આવું ચિંતન વિશ્વને અને જીવનને સુગંધીમય બનાવે છે. મૃત્યુ માતૃત્વ આપે એ ચિંતન બધાંને ના સમજાય, પરંતુ ગીતા બે વાત કહે છે : એક "જાતસ્ય હિ ધ્રુવોર્મૃત્યુ" - જે જન્મે છે તેનું મૃત્યુ છે જ પણ સાથે સાથે એમ પણ કહે છે કે, "ધ્રુવં જન્મ મૃતસ્ય ચ" જે મૃત્યુ પામ્યો છે તેનો ફરી જન્મ પણ નક્કી જ છે. તો જે વ્યક્તિ આજે મર્યો તે કાલે ક્યાંક જનમશે. એટલે જેમની કૂખે જનમશે તેને માતૃત્વ મળશે.

આ વિશ્વનું ગાન છે તે ગેબી છે, જલદી સમજાય નહિ જલદી સમજાઈ નહિ એવું છે પણ જો એ સંભળાય તો એ ગાન દિવ્ય હોવાથી મનને શાંતિ આપનારું બની રહે છે. આકાશમાં રહેલા તારાનું ગૂંજન પછી આપણા આત્મામાં આવે છે અને એ તારલા આત્મામાં રહે છે. પૂ.શ્રી એક ભજનમાં લખે છે કે :-

તારલિયા અંતરમાં વિલસે, ચાંદો અનિમેષ તિમિર ગ્રસે,
બસ ! એક જ રંગ સુદિવ્ય દીસે ભાસે સઘળે કૈલાસપતિ...ભિક્ષા ૐ.

આપણા શરીરના અનાહત નાદને પણ પૂ.શ્રી ગેબીગાન જ કહે છે. પૂ.શ્રી લખે છે કે :-

**ફર પાછો અંતર અજવાળે,**
**સાંભળ ગેબી અનહદ એ ગાન... મનુવા હરિ.**

સાગરનો ઘુઘવાટ, જંગલના ઝરણાનો ખળખળ નિનાદ, વનના પંખીનો કલશોર આ બધું પરમાત્માનાં જ ગીતો છે. સુંદર કલ્પનાઓથી કરવામાં આવતું વર્ણન હૃદયને પ્રેમમાં તરબોળ કરી દે છે. પાદુકા પૂજનના પુષ્પ અર્પણ અંગેના શ્લોકમાં મુ.શ્રી મણિશંકર શાસ્ત્રીજી લખે છે કે :-

**સર્વે લતા-ક્ષુપ-વનસ્પતયઃ સ્વકાલે**
**નીલાંબરં તવ ગુણૈરૂપલક્ષ્યમાણઃ ।**

**અર્ચાન્તિ પુષ્પફલપત્રચયેન પૂર્વમ્**
**પશ્ચાદ્ વયં ચ કૃપણા અપરાહૃતેન ॥**

શ્લોકનો ભાવ એવો છે કે, આ બધી લતાઓ, નાના છોડ, વનસ્પતિઓ, વૃક્ષો વગેરે પોતપોતાના ઋતુકાળમાં (ફૂલ-ફળ આવવાનો સમય આવે ત્યારે) પહેલેથી જ ફૂલ, પાંદડાં વગેરેના મબલખ ઢગથી તારા ગુણોથી ઉપલક્ષિત એવા નીલામ્બર-આકાશની પૂજા કરે છે. દીન એવા અમે તો એ વનસ્પતિઓ પરથી બીજા વડે લવાયેલા ફૂલ-ફળથી તને પૂજીએ છીએ એટલે કે વૃક્ષો અને લતા એમનાં ફળ-ફૂલ આવતાંની સાથે જ પરબ્રહ્મરૂપ આકાશને અર્પણ કરી જ દે છે. આમ, એકવાર અર્પણ થઈ ચૂકેલા ફળ અને ફૂલ અમે લાવીને તને ચઢાવીએ છીએ. કેવો સુંદર ભાવ !

પૂ.કૃષ્ણશંકર શાસ્ત્રીજી-દાદાજી - એમ કહેતાં કે, ઝાડ મૂળથી પાણી એટલા માટે પીવે છે કે એની ડાળ, ફૂલ, ફળ, પાંદડાં વગેરે તો એણે પ્રભુને અર્પણ કરી દીધાં છે. પ્રભુને આપેલી વસ્તુનો ઉપયોગ ઝાડ પોતાના માટે કરતું નથી, તેથી નહિ અર્પણ કરેલા એકમાત્ર મૂળનો ઉપયોગ પોતાના માટે કરે છે. કવિઓ-શાસ્ત્રીઓ પણ આધ્યાત્મિક આકાશમાં ઉડ્ડયન કરતા હોય છે. પરમાત્મા સાથે દરેક વસ્તુને સાંકળી લેવાની દૃષ્ટિ દરેક કાર્યને ભગવાનની ભક્તિ અને પૂજા બનાવી દે છે.

વિશ્વને આ રીતે જોતાં, આ રીતે વાંચતાં એમાંથી દિવ્ય સ્પર્શ, દિવ્ય ગંધ, દિવ્ય રૂપ, દિવ્ય નાદ અને દિવ્ય રસ માણવા મળે છે, જે ચાખવાથી મન ચંચળ થતું નથી.

દુનિયાના રસોને છોડીને મન દિવ્યરસનું પાન કરે તો પછી જીવને શિવ થતાં વાર ના લાગે. મનરૂપી મોર આવા દિવ્યરસોના પાનની મસ્તીમાં ઉન્મત્ત બને તો જેમ વેલી વૃક્ષને વીંટળાઇ વળે તેમ જીવ શિવને આલિંગન આપીને એકરૂપ થઈ જાય છે.

પરંતુ પૂ.શ્રી છેલ્લે કહે છે કે, આ બધા માટે તું આ વિશ્વને દિવ્યદૃષ્ટિથી જો. આ દૃષ્ટિ બદલાતાં જ મિથ્યાગણાતું જગત વિષ્ણુથી વ્યાપ્ત જણાવા લાગે છે. પૂ.શ્રી એક ભજનમાં લખે છે કે :-

"બધા મન-દૃષ્ટિના વાંધા, અનંતે સાન્તતા ન્હોયે."

આ મન અને દૃષ્ટિને પ્રભુમાં પરોવી દઈ, એને દિવ્ય બનાવી દઈએ તો પછી આ વિશ્વગ્રંથ વાંચવાની મઝા પડે.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં શ્રી ભગવાન અર્જુનને વિશ્વરૂપનાં દર્શન કરાવતાં પહેલાં દિવ્યચક્ષુ આપે છે. ભગવાન કહે છે :-

**ન તું માં શક્યસે દ્રષ્ટુમનેનૈવ સ્વચક્ષુષા ।**
**દિવ્યં દદામિ તે ચક્ષુઃ પશ્ય મે યોગમૈશ્વરમ્ ॥**

(અ.૧૧. શ્લોક.૮)

અર્થાત્ મને તું આ સ્થૂળ ચક્ષુઓથી જોઈ શકવા ચોક્કસપણે સમર્થ નથી. માટે હું તને અલૌકિક-દિવ્ય-ચક્ષુ આપું છું. એનાથી તું મારી ઈશ્વરીય યોગશક્તિને જો.

પૂ.શ્રીની ઈશ્વરીય યોગશક્તિને જોવા આપણને પણ આવી દિવ્યદૃષ્ટિની જરૂર છે. પૂ.શ્રીને સમજવાની દૃષ્ટિ મેળવવાની આપણી અંતરની ઈચ્છા હશે તો પૂ.શ્રી આપણને જરૂર દિવ્ય દૃષ્ટિ આપશે જ.

□ □ □

## ૩૯. કરવું તો નિષ્કામ કર્મ હો સાધો !

**(રાગઃભૈરવી; તાલઃદાદરા)**

**કરવું તો નિષ્કામ કર્મ હો સાધો! કરવું તો નિષ્કામ કર્મ. ... ટેક.**
**સોંપી ફળ પ્રભુને, કરવું જે [૭]આવે; સ્મરવું હરિપદ [૮]દમ-બ-દમ! .હો૦ ૧.**
**કર્તાપણાને વિસારી મૂળે, રહેવું અસંગ ધરખમ! ...હો૦ ૨.**
**આશાને ત્યાગી થાવું સંન્યાસી, સચ્ચિદાનંદ બ્રહ્મ! ...હો૦ ૩.**
**કરવું નકરવું આગ્રહ ખોટો; લાભહાનિ ચિત્તભ્રમ! ...હો૦ ૪.**
**ભૂલી દેહાત્મા ધ્યાવો પરમાત્મા, રહેવું રાખે રામ જયમ! ...હો૦ ૫.**
**કરી અકર્તા સમત્વ-યોગે, પામે નિજાનંદ [૩]શર્મ! ...હો૦ ૬.**
**ફળાફળે સમાન ઉદાસી, રંગ રંગે નિર્મમ! ...હો૦ ૭.**

---

**૧. અન્ય, બીજું. ૨. આકાશ. ૩. સમુદ્ર. ૪. ઝરણાં. ૫. બુદ્ધિના પ્રેરક પરમાત્મા ૬. આલિંગન. ૭. કર્તવ્યપ્રવાહમાં સ્વાભાવિક રીતે પ્રાપ્ત થાય તે. ૮. શ્વાસે શ્વાસે.**

---

□ □ □

## વિવરણ

પૂ. બાપજી પ્રશ્નોત્તરમાલામાં પહેલો જ પ્રશ્ન પૂછે છે :-

કઃ સાધુઃ । સાધુ કોણ ? એનો પૂ.શ્રી જવાબ આપે છે : સાધનવાન્ । માલામુદ્રાદિ શોભિતો  નૈવ । સાધનવાળો. માળા-મુદ્રા વગેરેથી શોભતો હોય તે નહિ. પછી બીજો

પ્રશ્ન પૂછે છે : કિં સાધનમ્ । સાધન શું ? વિવેકો વૈરાગ્યાદ્યં શમાદિષટ્કં ચ । વિવેક, વૈરાગ્ય વગેરે અને શમ વગેરે (દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધાન) એ ષટ્ સંપત્તિ.

સાધુ શબ્દનો અર્થ કેવો આધ્યાત્મિક ઊંચાઈવાળો છે તે સમજાશે. આ ભજનમાં બાપજી 'સાધો' શબ્દ દ્વારા આપણને સંબોધન કરે છે. શ્રી ગુરુલીલામૃતમાં પૂ. બાપજી આપણને 'સંત' તરીકે સંબોધે છે.

**ગુરુકથા જ્ઞાનપ્રદા, કામધેનુસમ જાણ,**
**સત્ય વચન એ માહરું, સૂણો સંત દઈ કાન.**
**(અ.૧.દો.૧૧૪)**

આ ચર્ચા પાછળનો હેતુ એ છે કે, પૂ.શ્રીનાં સ્તોત્રો, ભજનો, ગુરુલીલામૃતના દોહરા બધાંનો અભ્યાસ સાવધપણું માગે છે. આ બધું સમાધિભાષામાં લખાયેલું હોવાથી એના દરેકે દરેક શબ્દોનો ગંભીરતાથી વિચાર કરવો જોઈએ. પૂ. કૃષ્ણશંકર શાસ્ત્રીજી-દાદાજી - તો એવું કહેતા કે પૂ. શ્રી લખવા બેસે ત્યારે મા સરસ્વતી પાસે ઊભાં રહીને પૂ.શ્રીને શબ્દો આપે અને પૂ.શ્રી એ શબ્દોનો ઉપયોગ કરે. આવા સંતો જ્યારે આપણા બાપજી વિશે આવું કહે ત્યારે આપણે જાગવું જોઈએ, સાવધ થવું જોઈએ.

આ ભજનમાં પૂ.શ્રી આપણને નિષ્કામ કર્મ કરવાનું કહે છે.

શરીર, કર્મેન્દ્રિય કે જ્ઞાનેન્દ્રિય અને અંતઃકરણ વડે થતું કાર્ય એ કર્મ છે. આવું સકામ કર્મ સુખ-દુઃખનું કારણ છે. પૂ.શ્રી અક્ષર ગીતામાં લખે છે :-

**કર્મૈવ કારણં વિદ્ધિ જીવાનાં સુખદુઃખયોઃ ।**
**સાર્થં બન્ધાય નિષ્કામં મુક્તયે સમુદાહૃતમ્ ॥**

(શ્લોક : ૧૪)

જીવના સુખદુઃખનું કારણ કર્મ છે. સકામ કર્મ બંધનનું કારણ છે અને નિષ્કામ કર્મ મુક્તિપ્રદ છે એમ જાણ.

માનવી કર્મ કર્યા વગર રહી શકતો નથી. કર્મ કરો એટલે એનું ફળ મળે જ. સત્કર્મ હોય તો એનું ફળ પુણ્ય અને પરિણામે સુખ મળે. દુષ્કર્મ કરો તો એનું ફળ પાપ અને પરિણામે દુઃખ પ્રાપ્ત થાય, તો કર્મ દ્વારા ઊભાં થતા સુખદુઃખમાંથી કેવી રીતે છુટાય ?

જો વ્યક્તિ નિષ્કામ ભાવથી કર્મ કરે તો એ કર્મ બંધન-સુખદુઃખ-ને જન્મ આપતું નથી. સકામ ભાવથી કરેલું કર્મ જ બંધનકારક છે. આમ, કર્મ બંધનકારક નથી, પરંતુ સકામ ભાવે કરેલું કર્મ બંધનકારક છે. નિષ્કામ ભાવે કરેલું કર્મ કોઈ ફળ- બંધન, જન્માવતું નથી. જે ચાવીથી તાળું ખૂલે છે એ જ ચાવીથી તાળું બંધ પણ થાય છે. ચાવી ફેરવવાની રીત

જ મહત્ત્વની છે. આ સમગ્ર વિશ્વ કર્મપ્રધાન છે. સંત તુલસીદાસ કહે છે કે :-

**કર્મપ્રધાન વિશ્વ કરી રાખા ।**
**જો જસ કરહિં સો તસ ફલ ચાખા ॥**

નિષ્કામ કર્મ એટલે શું ? પૂ.શ્રી એ સમજાવતા કહે છે કે, જે કર્તવ્યરૂપ-ફરજરૂપ કર્મ સામેથી આવી પડે એવું પ્રવાહાપ્ત કર્મ ફળની આશા વગર કરવું. કર્મનું ફળ, પ્રભુને સોંપી શ્વાસે શ્વાસે-દરેક શ્વાસે (દમ-બ-દમ) હરિના નામનું સ્મરણ કરીને પ્રવાહાપ્ત કર્મ કરવું. પ્રવાહાપ્ત કર્મ એટલે કર્તવ્યરૂપ સ્વાભાવિક પ્રાપ્ત થાય તે. શ્રીગુરુલીલામૃતમાં વસિષ્ઠ મુનિ અને અરુંધતી માટે નહુષને ઉછેરવાનું જે કામ આવી પડ્યું તે પ્રવાહાપ્ત કર્મ કહેવાય. પોતાના આશ્રમે કોઈ બાળકને મૂકી જાય તો આવી પડેલી ફરજ નિભાવવાની. પૂ.શ્રી લખે છે :-

**સ્નેહે ઊંચકી એહને, આપે વસિષ્ઠ એમ-**
**અરુંધતીના કરમહીં, થઈ હૃષ્ટ સતી તેમ.**
**લેતાં બાળક હાથમાં, સ્રવે દુગ્ધની ધાર-**
**અરુંધતીના સ્તન થકી, તત્ક્ષણ ત્યાં નિર્ધાર.**
**(અ.૪૫. દો.૧૦૪-૧૦૫)**

નિષ્કામ ભાવે કર્મ કરનારો નિમિત્તભાવે કર્મ કરે છે. 'હું કરું છું' એવો કર્તૃત્વભાવ રાખ્યા સિવાય, નિમિત્ત બનીને, અસંગ રહીને કરેલું કર્મ એ નિષ્કામ કર્મ છે. આવું કર્મ કરનાર, કર્મનો બોજો માથે લઈને ફરતો નથી. પૂ. વિનોબાજી લખે છે કે : "કર્મ એટલે સ્વધર્માચરણની બાહ્ય સ્થૂળ ક્રિયા, વિકર્મ એટલે હૃદયના ભાવ સાથે, મનમેળથી કરેલી બાહ્ય સ્થૂળ ક્રિયા અને અકર્મ એટલે દિલ રેડીને કરેલી સ્થૂળ ક્રિયાથી જાગતી-નિષ્કામ ભાવના જેને કારણે કર્મ કર્યાનો બોજ ઊભો થતો નથી. સંતોનાં ચરણોમાં નિષ્કામ ભાવના જેને કારણે કર્મ કર્યાનો બોજ ઊભો થતો નથી. સંતોનાં ચરણોમાં બેસવાથી કર્મનું અકર્મ કરવાની કળા શીખવા મળે છે. સંતચરણ સેવ્યા વગર આ કળા, આ ખૂબી સમજાતી નથી. સંતો હજારો કર્મો કરવા છતાં કોઈ કર્મ કરતાં નથી.

નિષ્કામ કર્મ કરનારે ફળની આશાના ત્યાગી થવાનું છે. આશા રાખીએ કે ન રાખીએ પણ કર્મ કરો એટલે એનું ફળ તો મળે જ, પરંતુ આપણે કર્મ કરનાર નથી, નિમિત્ત માત્ર છીએ એટલે જે ફળ મળે છે તે બરાબર છે અને એ પ્રભુને જ અર્પણ કરી દેવાનું હોય છે. આશાનો સમજપૂર્વકનો ત્યાગ કરનાર સંન્યાસી જ છે. નિષ્કામ કર્મ કરનારો કશું કરવાનો આગ્રહ રાખતો નથી, તેમ નહિ કરવાનો પણ આગ્રહ રાખતો નથી. આવો ખોટો આગ્રહ રાખનાર દુઃખી થાય છે. ભગવાને મોકલેલું કર્તવ્યરૂપ કર્મ અસંગ ભાવે, ફળની આશા

રાખ્યા વગર, હરિના નામનું સ્મરણ કરતાં કરતાં કરનારને લાભ-હાનિનો ચિત્તભ્રમ થતો નથી. એને તો ભગવાનના આદેશનું પાલન કર્યાનો સંતોષ છે.

આ હું કરું છું એવો કર્તૃત્વભાવ નથી એટલે દેહાત્માને ભૂલીને પરમાત્માના નિમિત્ત બનીને કર્મ કરે છે અને પરમાત્માનું ધ્યાન ધરે છે. પરમાત્માને રાજી રાખવા માટે જીવન જીવનારો એ 'રામ રાખે તેમ રહીએ' એ પંક્તિને જીવી બતાવે છે. 'અહંકાર'ને મારીને, અકર્તા બનીને સમત્વ-યોગે નિજાનંદ પામે છે અને એ દ્વારા પોતાનું કલ્યાણ સાધે છે. સમત્વ યોગ અંગે ગીતામાં કહ્યું છે કે :-

**યોગસ્થઃ કુરુ કર્માણિ સંગં ત્યક્ત્વા ધનંજય ।**
**સિદ્ધયસિદ્ધયોઃ સમો ભૂત્વા સમત્વં યોગ ઉચ્યતે ॥**
**(અ.૨. શ્લોકઃ ૪૮)**

અર્થાત્ હે ધનંજય (અર્જુન) ! તું આસક્તિ ત્યજીને તથા સિદ્ધિ અને અસિદ્ધિમાં સમબુદ્ધિ રાખીને યોગમાં સ્થિત થઈ કર્તવ્ય કર્મો કર. સમત્વ એ જ યોગ કહેવાય છે.

ગીતા 'સમત્વ'નો અર્થ સમજાવતા કહે છે કે, જે કંઈ પણ કર્મ કરવામાં આવે, એ પૂરું થાય કે ન થાય તેમ જ તેનું ફળ અનુકૂળ કે પ્રતિકૂળ મળે તેમાં સમભાવ રહેવો તેનું નામ 'સમત્વ' છે. આમ, નિષ્કામ કર્મ કરનારો ફળની આસક્તિ ત્યજીને ફરજરૂપ કાર્યો નિમિત્ત બનીને કરે છે.

પૂ.શ્રી અંતમાં કહે છે કે, ફળમાં કે નિષ્ફળતા (અફળ)માં સમાન રહેવું, તટસ્થ (ઉદાસી) રહેવુ, એમાં લેપાવવું નહિ. એમાં નિર્મમ-મમત્વ રહિતના થવું.

શ્રેષ્ઠ પુરુષો-યોગીઓ - પણ કર્મ તો કરે જ છે, પરંતુ એઓ નિષ્કામ ભાવે જનકલ્યાણાર્થે એટલા માટે કર્મ કરે છે કે એનું જોઈને અન્ય લોકો પણ એ પ્રમાણે વર્તે. ગીતામાં જે કહ્યું છે કે, "યદ્ યદ્ આચરતિ શ્રેષ્ઠઃ તદ્ તદ્ એવેતરો જનાઃ ।" એ ભાવને પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં આ રીતે જણાવે છે :-

**શ્રેષ્ઠો જે જે આચરે, અન્ય લોક પણ તેમ;**
**માની પ્રમાણ એમને, કરે અનુકરણ એમ્.'**
(અ.૨૦. દો.૩૭)

આ ભજન દ્વારા પૂ.શ્રી આપણને નિષ્કામ ભાવે કર્મ કરવાની શિખામણ આપે છે. કર્મ કર્યા વગર તો રહી શકીશું જ નહિ તો કર્મ કરવા છતા બંધન ઊભું ન થાય એને માટેનો પૂ.શ્રી રસ્તો બતાવે છે.

નિષ્કામ કર્મ દ્વારા ચિત્તશુદ્ધિ કરવી એ સાધનાનું પહેલું પગથિયું છે અને પછી ઉપાસના દ્વારા-ભક્તિ દ્વારા વિક્ષેપ દૂર કરવો એ બીજું પગથિયું છે અને જ્ઞાન દ્વારા આવરણ દૂર કરવું એ છેલ્લું પગથિયું છે □ □ □

# ૪૦. ભક્તિની મુક્તિ છે દાસી

(રાગઃભૈરવી; તાલઃદાદરા)

ભક્તિની મુક્તિ છે દાસી, ઓ લાલ! ભક્તિની મુક્તિ છે દાસી.
...ટેક.

કર્મે અધિકારનો પાર ન આવે; યોગે પ્રાણાપાન-ફાંસી!
...ઓ લાલ!૦ ૧.

જ્ઞાને સત્-અસત્-વિવેક સત્તા; હરિ વિણસત્ ન પ્રકાશી!
...ઓ લાલ!૦ ૨.

ભક્તિથી ચિતડું ખેંચાતાં હરિગમ, [1]વિષયૈષણા જાય નાસી!
...ઓ લાલ!૦ ૩.

વાસના વામતાં આપે હરિ ભાસે; મરે મનદ્વૈત વિલાસી!
...ઓ લાલ!૦ ૪.

બાંધેય મનડું ને છોડેય મનડું; શાસ્ત્રે આ વાત ઉપદેશી!
...ઓ લાલ!૦ ૫.

રુદિયામાં ગંગા ને રુદિયામાં જમુના; રુદિયામાં મોક્ષદા કાશી!
...ઓ લાલ!૦ ૬.

આત્મા એ વિશ્વનાથ વિશ્વંભર; અજર અમર અવિનાશી!
...ઓ લાલ!૦ ૭.

ભક્તિ [2]વિભક્તિ-નાશિની સ્હેજે; શેષે એ **રંગ** [3]ઉદાસી!
...ઓ લાલ!૦ ૮.

---

૧. કલ્યાણ. ૨. ધન, પુત્ર, કીર્તિ વગેરેની વાસના. ૨. જુદાપણું. ૩. સુખદુઃખ, જન્મમરણ વગેરે દ્વંદ્વોથી મુક્ત.

□ □ □

# વિવરણ

ભક્તનો મહિમા ગાતા ભગવાન નારદજીને કહે છે કે :-

**નાહં વસામિ વૈકુંઠે યોગીનાં હૃદયે ન ચ ।**
**મદ્‌ભક્તા યત્ર ગાયન્તિ તત્ર તિષ્ઠામિ નારદ ॥**

હે નારદ ! હું વૈકુંઠમાં કે યોગીઓનાં હૃદયમાં વસતો નથી. હું તો મારા ભક્તો જ્યાં કીર્તન કરે છે-ગાય છે ત્યાં ઊભો રહું છું.

ભક્તિનો પરિવાર આ રીતનો છે. ભગવાન એ ભક્તિના પતિ-સ્વામી- છે. જ્ઞાન અને વૈરાગ્ય એ ભક્તિના બે પુત્રો છે અને ભક્તિ મહારાણીની સેવા માટે મુક્તિ એ દાસી છે. પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે કે :-

**ભક્તિ માતા જ્ઞાનની કરે વિભક્તિ દૂર**
**કૃપા થતાં ગુરુદેવની, થાય શુષ્ક ભરપૂર.**

**(અ.૪. દો.૫૧.)**

કલિયુગમાં તો ભક્તિ જ ચઢિયાતી છે - "ભક્તિર્ગરિયસી કલૌ" એવું કહેવાયું છે. પૂ.શ્રી ભક્તિનો મહિમા ગાતાં લખે છે કે :-

**ધન્ય ભક્તિ પ્રભાવ એ ! જેથી નિર્ગુણ બ્રહ્મ-**
**નામ રૂપાત્મક થઈ સગુણ, નિવારે ભ્રમ.**

**(અ.૪ દો.૫૨)**

નિર્ગુણ બ્રહ્મ ભક્તોને માટે સગુણ બને છે. એ નામરૂપ ધારણ કરે છે જેથી ભક્તો એ ભગવાનની ભક્તિ કરીને પોતાનો ભ્રમ-અજ્ઞાન દૂર કરે.

શ્રીમદ્ ભાગવત માહાત્મ્યમાં નારદજી પ્રતિ ભક્તિમાતા કહે છે કે :-

**અહં ભક્તિરિતિ ખ્યાતા ઈમૌ મે તનયૌ મતૌ ।**
**જ્ઞાનવૈરાગ્ય નામાનૌ કાલયોગેન જર્જરો ॥**

**(માહાત્મ્ય.અ.૧. શ્લોક૪૫)**

અર્થાત્ મારું નામ ભક્તિ છે. આ જ્ઞાન અને વૈરાગ્ય નામના મારા બે પુત્રો છે. કાળયોગે કરીને એ બંને જર્જર થઈ ગયા છે, વૃદ્ધ થઈ ગયા છે.

ભાગવત કથાકાર સંત શ્રી રમેશભાઈ ઓઝા કહે છે કે : "જ્ઞાનની પ્યાસ એનું નામ જિજ્ઞાસા, મુક્તિની પ્યાસ એનું નામ મુમુક્ષા અને ભગવાનની પ્યાસ એનું નામ ભક્તિ. જિજ્ઞાસાવાળો 'જિજ્ઞાસુ' કહેવાય. મુક્તિની પ્યાસવાળો મુમુક્ષુ કહેવાય. ભગવાનની

પ્યાસવાળો ભક્ત કહેવાય. જિજ્ઞાસુ અને મુમુક્ષુ એ બે સાધક છે. તેઓ સાધનાના પથ ઉપરના પંથી છે. ભક્ત સાધક નથી, સિદ્ધ છે. ભક્તે ભગવાન પાસે જવું પડતું નથી, ભગવાન એ જ્યાં હોય ત્યાં ભગવાન એની પાસે પહોંચે છે. ભક્તાધિન છે.

કબીરજી લખે છે કે :-

**કબીરા મન નિર્મલ ભયો જૈસો ગંગા નીર ।**
**પીછે પીછે હરિ ફિરે કહત કબીર કબીર ॥**

ભક્ત અંબરિષને કારણે જ વિષ્ણુ ભગવાને દશ અવતાર લેવાનું સ્વીકાર્યું.

ભક્તિનો આવો મહિમા છે. ભક્તિ કરનારો ભક્ત ભગવાન સાથે જોડાયેલો છે.

આ ભજનમાં પૂ.શ્રી ભક્તિમાર્ગની પ્રશંસા કરે છે. જ્ઞાન, યોગ, કર્મ કરતાં ભક્તિનો માર્ગ સરળ અને છતાં ઉત્તમ છે.

પૂ.શ્રી કહે છે કે કર્મમાર્ગમાં કર્મ કરવાનો અધિકાર છે કે નહિ તે જોવું પડે. કર્મમાર્ગના નિયમો જાણી તેનું પાલન કરવું પડે અને યોગમાર્ગમાં પ્રાણ, અપાનની માથાકૂટ હોય છે. ગીતામાં આ અંગે જણાવ્યું છે કે :-

**અપાને જુહ્યતિ પ્રાણં પ્રાણે ડવાનં તથા પરે ।**
**પ્રાણાપાનગતિ રુદ્ધ્વા પ્રાણાયામ પરાયણાઃ ॥**

**(અ.૪.શ્લોક :૨૯)**

બીજા કેટલાક યોગીજનો અપાન વાયુમાં પ્રાણવાયુને હોમે છે તેમજ અન્ય યોગીજનો પ્રાણવાયુમાં અપાન વાયુને હોમે છે, તો કેટલાક પ્રાણાયામ પરાયણો - પ્રાણ-અપાનની ગતિને રોકીને પ્રાણોને પ્રાણમાં જ હોમે છે.

આ યોગમાર્ગની સાધના અનુભવી અને સમર્થ સદ્ગુરુના ‘માર્ગદર્શન હેઠળ કરવાની હોય છે નહિતર એની અવળી પ્રતિક્રિયા સાધકને મુશ્કેલીમાં મૂકી દે છે. પ્રાણાયામની ઉપાસના એ સિંહને વશ કરવાની ઉપાસના છે. એ વશ થાય તો તમારું કામ કરે, નહિ તો તમારા પર જ હુમલો કરી તમોને હણી નાંખે. પૂ.શ્રી લખે છે કે :-

**થતાં સ્વવશ હરિ ના હરે પ્રાણ ધણીના-જાણ,**
**તેમ દેહ પીડે નહીં, પ્રાણ સ્વાધીન માન.**
**નહિ તો મારે ઊછળી, પ્રથમ ધણીને તેહ,**
**માટે સાવધ સાધવો પ્રાણ સિંહ સમ એહ.**

**(અ.૩૪. દો.૫૯-૬૦)**

પછી પૂ.શ્રી કહે છે કે, જ્ઞાનમાં વિવેક દ્વારા સત્-અસત્, આત્મા-અનાત્માનો ભેદ પરખાય છે. આમ તો જ્ઞાન જ મુક્તિનું કારણ છે, પરંતુ જ્ઞાન દ્વારા આ સત્-અસત્નો જે વિવેક કરવાનો છે, તે સત્ વિના હરિ પ્રકાશી શકે નહિ. આમ, સત્ દ્વારા પ્રકાશતાં હરિ સાથે જોડાવવાની સાધનાને ભક્તિ કહેવામાં આવે છે. આ ભક્તિ નામસ્મરણ દ્વારા, ભજન-કીર્તન દ્વારા મનને હરિ તરફ, ભગવાન તરફ ખેંચી જાય છે અને હરિ તરફ વળેલા ચિત્તમાંથી પછી વિષયસુખ ભોગવવાની ઈચ્છા જતી રહે છે. મનને વિષયને બદલે વિષ્ણુ સાથે જો પ્રેમ થઈ જાય તો જીવનું કલ્યાણ થઈ જાય. ભક્તિની શક્તિ વિશે પૂ.શ્રી કહે છે કે :-

**ભેદમાં ખેદ અભેદ નિર્વાણ છે.ભક્તિમાં શક્તિ સઘળી પ્રકાશે,**
**ભક્તિનાવે ચઢી ભક્ત ભવને તરી, નિજ સ્વરૂપે હરિ તે જ થાશે.**

નામસ્મરણથી-ભક્તિથી -મન વિષયનું ચિંતન છોડી વિષ્ણુનું ચિંતન કરવા લાગશે. પરિણામે તે પોતે જ વિષ્ણુ-હરિ થઈ જશે. ભગવાનના નામમાં રુચિ થાય તે ભાગ્યવાન. પૂ.શ્રી નામસ્મરણનો મહિમા દર્શાવતાં કહે છે કે :-

**હરિ હરિ કરતાં રે,હરિજન હરિ થયાં.**
**પૂ. શ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે કે :-**
**કૃષ્ણ કૃષ્ણ કરતાં થઈ ગોપી કૃષ્ણસ્વરૂપ,**
**ગુરુ ગુરુ કરતાં શિષ્યનું રહે ન પૂર્વસ્વરૂપ.**

**(અ.૧૦૬. દો.૨.)**

રામનામનું મહત્ત્વ સમજાવતાં કહેવામાં આવ્યું છે કે, સૌથી મોટું કોણ ? તો કહે રામનામ. કેવી રીતે ?

## સૌથી મોટું રામનામ
## કેવી રીતે ?

સૌથી મોટી ધરતી, પણ આ ધરતીને શેષનાગ ધારણ કરે માટે શેષનાગ ધરતીથી મોટો. પણ આ શેષનાગને ભગવાન શંકર ગળામાં રાખે માટે શેષનાગથી મોટા શંકર, પરંતુ આ શંકર ભગવાન કૈલાસ પર્વત ઉપર રહે માટે શંકર ભગવાનથી મોટો કૈલાસ પર્વત, પરંતુ આ કૈલાસને રાવણે હચમચાવેલો તેથી કૈલાસથી મોટો રાવણ. પરંતુ રાવણને વાલીએ છ મહિના બગલમાં દબાવીને રાખેલો, તેથી રાવણથી મોટો વાલી. પરંતુ આ વાલીને રામે પોતાના એક બાણથી મારેલો માટે વાલી કરતાં મોટા રામ. પરંતુ આ રામ રામનામને આધીન તેથી રામથી મોટું રામનું નામ.

હરિનામસ્મરણથી-સ્મરણ ભક્તિથી ધન, પુત્ર, કીર્તિ વગેરેની વાસના નાશ પામે છે. વાસનાનો નાશ બહુ અઘરો છે, પરંતુ ભક્તિમાર્ગના પ્રવાસી માટે નામસ્મરણથી એ અઘરું કામ સહેલું બની જાય છે. આ વાસના વિશે પૂ.શ્રી લખે છે કે :-

**પ્રથમ વાસના ભૂમિની પ્રગટે ચિત્તે તેમ,**
**વધે દ્રવ્યતૃષ્ણા પછી કરે સુવિહ્વળ એમ.**
**વધે પછી સ્ત્રીવાસના, ભોગલાલસા જાણ,**
**જેથી જગમાં થાય આ અનર્થ નાના માન.**
**થાય કૃપા ગુરુદેવની, બચે તો જ નર તેમ.**
**પૃથવ્યાદિકની વાસના પ્રથમ નષ્ટ થઈ એમ -**

**(અ. ૫૮. દો.૨૪,૨૫ અને૨૬)**

ભક્તિથી વાસનાનો નાશ થતાં પોતાના અંતરમાં જ હરિનાં દર્શન થાય છે અને વિલાસી તેમ જ દ્વૈતબુદ્ધિવાળું મન મરે છે. દ્વૈતબુદ્ધિવાળું મન જ ભેદભાવ ઊભાં કરે છે. આ ભેદમાં જ ખેદ છે અને અભેદ એ જ નિર્વાણ છે, મોક્ષ છે એવું પૂ.શ્રી પ્રભાતિયામાં કહે છે.

**ભેદમાં ખેદ અભેદ નિર્વાણ છે,ભક્તિમાં શક્તિ સઘળી પ્રકાશે**
**ભક્તિભાવે ચઢી ભક્ત ભવને તરી, નિજ સ્વરૂપે હરિ તે જ થાશે.**

"મન મરે માયા મરે" એ ન્યાયે બંધન અને મોક્ષનું કારણ મન છે. કહેવાયું છે કે :-

**મનઃ એવ મનુષ્યાણાં કારણં બંધમોક્ષયોઃ ।**

પૂ.શ્રી દત્તશકમાં લખે છે કે : "મન બાંધે મન છોડવે, રચ્યું મને આ સર્વ" આવું મન ભક્તિને કારણે વિષયમાંથી. વળીને વિષ્ણુ તરફ વળી જતાં હરિસ્વરૂપ થઈજાય છે. "ભક્તિવાન માણસ ગમે એટલો નીચ હોય તોપણ તે મને પ્રિય છે એવું ભગવાન રામ કહે છે.

ભક્તિવંત અતિ નીચઉ પ્રાની ! મોહિં પ્રાનપ્રિય અતિ મમ બાની ॥

(ઉત્તરકાંડ-કાગ ભુસંડી પ્રતિ રામનું વચન.)

આપણું મન નિર્મળ થતાં બધાં તીર્થો આપણા શરીરમાં જ જણાય છે. કહેવત છે :

**"મન ચંગા તો કથરોટમેં ગંગા." એક ભજનમાં પૂ.શ્રી કહે છે કે :-**

**ઘટમેમેં ગંગા, ઘટમેં જમુના, ઘટમેં સરસ્વતી માઈ... તીરથ કહાં.**

બીજા ભજનમાં કહે છે : સકળ તીરથ તારા તન વિશે, ગંગા જમુના સરસ્વતીજી... ફટરે ભૂંડા.

આમ, હરિ નામસ્મરણથી-ભક્તિથી -એવું સમજાવે છે કે આત્મા એ વિશ્વંભર વિશ્વનાથ છે અને એ હૃદયરૂપી મોક્ષ આપનારી કાશીમાં રહે છે. હૃદયમાં જ ગંગા ને જમુના આવેલી છે.

ભક્તિનો અર્થ જ એ છે કે તે પ્રભુથી જુદાપણાનો સહેજે નાશ કરે છે. પ્રભુની સાથે જોડાઈ જતાં પછી જન્મમરણનાં દ્વંદ્વોથી મુક્ત થઈ જવાય છે.

આ ભજનમાં પૂ.શ્રી સંબોધનમાં ‘ઓ લાલ!’ એવું કહે છે. નિષ્કામ કર્મની વાત કરતી વખતે ‘સાધો’નું સંબોધન હતું. જ્યારે પ્રેમસ્વરૂપા ભક્તિમાં ‘ઓ લાલ!’નું સંબોધન કર્યું છે.

□ □ □

## ૪૧. ભક્તિ હરિ-પ્રેમ અજોડ

**(રાગઃભૈરવી; તાલઃદાદરા)**

**ભક્તિ હરિ-પ્રેમ અજોડ; હો પંથી! ભક્તિ હરિ-પ્રેમ અજોડ. .ટેક.**
**હરિ વિણ દિલને બીજું ન ભાવે, હરિગમ સઘળી દોડ! ...હો૦ ૧.**
**ધન સુત દારા માનાદિક સહુ, હરિ પર ન્યૌછાવર! ...હો૦ ૨.**
**[1]હરિબિરહે સ્વર્ગેય નરકસમ, હરિથી નરકેય ઔર! ...હો૦ ૩.**
**કામીને સ્ત્રી જ્યમ, લોભીને ધન જ્યમ, ભક્તને હરિ સબ ઠૌર! .હો૦ ૪.**
**મુખ હરિગુણ ગાતાં નવ થાકે, હરિશ્રવણે [2]શ્રુતિ ચોર! ...હો૦ ૫.**
**પ્રેમ-[3]ઘને ઘનશ્યામ બિરાજે, નાચે જોઈ રંગ-મોર! ...હો૦ ૬.**

□ □ □

## વિવરણ

નારદ ભક્તિસૂત્રમાં ભક્તિની વ્યાખ્યા આપતાં કહ્યું છે કે, સા પ્રેમસ્વરૂપા અનન્યરૂપા

ભક્તિ એટલે ભગવાનમાં અનન્ય પ્રેમ, અજોડ પ્રેમ. કળિયુગમાં ભક્તિ જ શ્રેષ્ઠ છે એવું સંતો કહે છે. ભક્તિપ્રભાવનું વર્ણન કરતાં પૂ.શ્રી લખે છે કે :-

**ધન્ય ભક્તિપ્રભાવ એ ! જેથી નિર્ગુણ બ્રહ્મ,**
**નામ રૂપાત્મક થઈ સગુણ નિવારે ભ્રમ.**

(અ.૪. દો.૫૨)

**નિરાકારને નરાકાર કરવાની શક્તિ ભક્તિમાં જ છે.** શ્રીમદ્ ભાગવતમાં ભગવાન કહે છે કે, હું ભક્તને આધીન છું. દત્તપ્રણતિમાં પૂ.શ્રી પણ લખે છે કે : ''ભક્તાધિનો ભાવનરૂપો'' - ભગવાન ભક્તાધીન છે અને ભાવસ્વરૂપ છે. ભાવ વિનાની ભક્તિ એ દંભ છે. પૂ.શ્રી કહે છે : ભક્તિર્દંભો વિના ભાવમ્ ।

પૂ.શ્રી આ ભજનમાં ભક્તિનું સ્વરૂપ સમજાવે છે. 'ભક્તિની મુક્તિ છે દાસી' એ ભજનમાં ભક્તિ શા માટે કરવી જોઈએ તે સમજાવ્યું છે. જ્યારે આ ભજનમાં ભક્તિ કોને કહેવાય એ સમજાવ્યું છે.

આ ભજનમાં પૂ.શ્રી 'પંથી'નું સંબોધન કરે છે. સાધો, લાલ અને હવે પંથી. પંથી એટલે પંથ પર ચાલનાર. પહેલી લીટીમાં જ પૂ.શ્રી નારદ સૂત્રમાં કહેલી વાત રજૂ કરે છે. ભક્તિ એટલે હરિ પ્રત્યેનો અનન્ય પ્રેમ. આમ, ભક્તિમાં બે વાત છે : એક તો હરિ પ્રત્યે પ્રેમ હોય અને બીજું એ અનન્ય હોય, અજોડ હોય. હરિ પ્રત્યેના પ્રેમ જેવો પ્રેમ બીજે ક્યાંય નહિ તે ભક્તિ. ભક્તિ એટલે પ્રભુમાં અહૈતુકી-નિષ્કારણ પ્રેમ. ભગવાન પાસેથી કશું પણ નહિ મેળવવા માટેનો પ્રેમ. 'પ્રેમ કરવાનો હોતો નથી, થઈ જતો હોય છે.'' સંત રમેશભાઈ ઓઝા કહે છે : ''ભગવાન કો ચાહો, ભગવાન સે ન ચાહો'', ''ભગવાનને ચાહો, ભગવાન પાસેથી કાંઈ ન ચાહો.'' નિષ્કામ કર્મના ભજન પછી આ ભક્તિનું ભજન આવે છે. વ્યક્તિ કર્મ તો કરશે જ, પરંતુ ભક્તિ ભેળવીને કર્મ કરશે તો એની મહેક જ જુદી હશે. વ્યવહારમાં પણ ભક્તિ ભેળવીએ તો તે પરમાત્માની પૂજા જ બને છે. બોલવામાં ભક્તિ ભળે તો સ્તુતિ બને છે. જોવામાં ભક્તિ ભળે તો દર્શન બને છે. પ્રવાસમાં ભક્તિ ભળે તો યાત્રા બને છે. સૂવામાં ભક્તિ ભળે તો સમાધિ બને. ભક્તિ ભેળવીને કરેલાં કર્મમાં નીતિ હશે અને નિષ્ઠા હશે.

પરંતુ આ ભક્તિ પ્રગટાવવા માટે ભગવાનમાં વિશ્વાસ હોવો જોઈએ. સંત તુલસીદાસ લખે છે કે :-

**બિનુ બિસ્વાસ ભગતિ નહીં. તેહી બિનુ દ્રવહી ન રામુ ।**
**રામ કૃપા બિનુ સપનેહુ, જીવ ન લહે વિશ્રામુ ॥**

વિશ્વાસથી ભક્તિની પ્રાપ્તિ થાય છે, શ્રદ્ધાથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. શિવ એટલે વિશ્વાસ. પાર્વતી એટલે શ્રદ્ધા. ''ભવાની શંકરૌ વન્દે શ્રદ્ધા વિશ્વાસરુપિણૌ'' એવી સ્તુતિ તુલસીદાસજીએ કરી છે.

પૂ. બાપજીએ પણ બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ માટેની ભિક્ષા પાર્વતી પાસે જ માંગી છે. ''ભિક્ષા ૐ દે મા પારવતી, જેથી આત્મામાં થાય રતિ.''

હરિ પ્રત્યેનો અનન્ય પ્રેમ કેવો હોય ? પૂ.શ્રી લખે છે કે, એને-એના દિલને - હરિ

સિવાય બીજું કંઈ ભાવે જ નહિ, બીજું કંઈ ગમે જ નહિ. એની બધી દોડ હરિ તરફની જ હોય. એની બધી પ્રવૃત્તિનું કેંદ્ર હરિ જ હોય.

ભક્તિ વિશે પૂ.શ્રી લખે છે કે :-

**નાના સાધન મુક્તિનાં સુલભ ભક્તિ ત્યાં એમ,**
**કષ્ટપૂર્ણ બીજા બધાં, સુકર ભક્ત સપ્રેમ.**

**પડે કદાપિ દૈવથી કરતાં ભજન સુજાણ,**
**તારે ઈશ્વર એહને, કૃપા કરીને જાણ.**

**મહત્ત્વ ઈશ્વરભક્તિનું જાણ નિશ્ચયે એહ,**
**પતન ન થાએ ભક્તનું રક્ષે ઈશ્વર તેહ.**

(અ.૪૭. દો.૨૮ થી ૩૦)

ગીતામાં ભગવાને કરેલી પ્રતિજ્ઞા ''ન મે ભક્ત પ્રણશ્યતિ''ની બાપજી યાદ કરાવે છે.

ભગવાન પ્રત્યેના અનન્ય પ્રેમની ઉપમા આપતાં સંત તુલસીદાસ કહે છે કે :

**કામી હિ નારી પિયારી જીમી, લોભી કે પ્રિય દામ,**
તિમી રઘુનાથ નિરંતર પ્રિય લાગહી મમ રામ.

કામી પુરુષને સ્ત્રી જેટલી વહાલી લાગે અને લોભીને પૈસા જેટલા વહાલા લાગે તેટલા વહાલા ભગવાન રામ મને હંમેશાં લાગો. કામી પુરુષનાં મનમાં ચોવીસે કલાક સ્ત્રીનું રટણ હોય અને લોભીનાં મનમાં પૈસાનું રટણ હોય. ભક્તના મનમાં એ જ રીતે ભગવાનનું જ રટણ હોય છે.

ભક્તિમાં હું હરિનો અને મારું બધું પણ હરિનું. પૈસો, પુત્ર, પત્ની, પ્રતિષ્ઠા બધું હરિ ઉપર ન્યોછાવર. ભક્ત એટલે ભગવાન સાથે જોડાયેલો. એ ભગવાનથી વિભક્ત નથી. એટલે ભક્તનું બધું જ ભગવાન માટે જ. નવધા ભક્તિમાં છેલ્લી-મુકુટ સમાન -ભક્તિ એટલે આત્મ નિવેદન ભક્તિ. પૂ.શ્રીએ ભક્તિ સમજાવતાં લખે છે કે :-

**તન, મન, ધન પરિવાર જે, સ્ત્રી પુત્ર ગૃહ ક્ષેત્ર,**
**ઈશ્વર સદ્ગુરુચરણમાં કરવા અર્પણ અત્ર.**

**સાત્ત્વિક ભાવે સર્વદા, અનન્ય અર્પણ એહ,**
**આત્મ નિવેદન ભક્તિ એ, ટાળે ભવસંદેહ.**

**નિત્ય મુક્ત નિઃસંગ હું, એ અભ્યાસ અખંડ,**
**આત્મનિવેદન શ્રેષ્ઠ એ, ભક્તિતખ્ત પ્રચંડ.**

**(અ.૪. દો.૧૧૩,૧૧૪ અને૧૧૭)**

હું અને મારું કાઢીને તું અને તારું જેણે કરી દીધું એ ભક્ત માટે તો બધું જ શ્રી હરિચરણે સમર્પિત. હરિ સિવાય ભક્તને ગમે જ નહિ. નાનું બાળક કેવળ 'મા'ને ઈચ્છે. આ બાળકની 'મા' બધી ચિંતા કરે. ભક્તને મન સ્વર્ગ એટલે શું ? સ્વર્ગ એટલે જ્યાં હરિ સાથે હોય અને નરક એટલે શું ? સાથે હરિ ના હોય તે નરક. હરિ હોય તો પછી બધું જ હોય. જેના માટે અનન્ય પ્રેમ હોય તે પ્રેમી સાથે હોય પછી બીજી વસ્તુની જરૂર શું ? બીજી વસ્તુની ઊણપ જ જણાતી નથી. "અરે, સાચા પ્રેમી ! ક્વચિદપિ અપેક્ષા નવ કરે."

ભક્ત માટે તો હરિ જ સર્વસ્વ. જેમ કામી પુરુષ માટે સ્ત્રી સર્વસ્વ, લોભી માટે પૈસો સર્વસ્વ તેમ ભક્ત માટે હરિ સર્વસ્વ. લોભી માટે પૈસાનું મહત્ત્વ સમજાવતાં કહેવાય છે કે, તમે એને પૂછો કે તમને પાંચ રૂપિયાની કડકડતી નોટ જોઈએ કે બે રૂપિયાની જર્જરિત એવી ત્રણ નોટ જોઈએ. તો લોભી બે રૂપિયા વાળી નોટ જ માગશે કે કારણ કે એમાં છ રૂપિયા મળે અને એણે તો પૈસા મૂકી જ રાખવાના છેને !

ભક્તનું જીવન ભગવાનનું દર્શન, કથાનું શ્રવણ અને હરિનામનું કીર્તનથી જ ભર્યું ભર્યું હોય. પૂ.પાગલ મહારાજે કરેલી પ્રાર્થના આ જ ભાવ દર્શાવે છે.

**તારી મનોહર મૂર્તિને મુજ નયન નિત જોયા કરે,**
**તુજ સ્તવન મહિમા ગીતડાં રસના સદા ગાયા કરે,**
**મુજ શ્રવણ તારા નામના કીર્તન કથા સૂણ્યા કરે,**
**પ્રભુ ! એ જ મારી હૃદય-ભિથા પતિતપાવન તુજ કને.**

નક્કર સ્વાર્થ કે દેહવાસનાથી રહિત એટલે કે કેવળ શુદ્ધ પ્રેમથી ભરેલી ભક્તિને વશ ઘનશ્યામ થાય છે. વાદળાં જોઈને મોર નાચે તેમ આવી ભક્તિ જોઈને આત્મારૂપી શ્રી રંગ પણ નાચી ઊઠે છે.

આ માનવદેહ હરિભજન માટે જ છે. બધાં કામ છોડીને રામનામ લેવું.

**દેહ ધરેકર યહ ફલ ભાઈ ।**
**ભજિય રામ સબ કામ બિહાઈ ॥**

પૂ.શ્રીના ભક્તિ અંગેના બે દોહરા દ્વારા ચર્ચાને વિરામ આપીશું.

**કહે અલખ સૂણ બાળ હે ! ભક્તિ સ્વરૂપ અગમ્ય,**
**સર્વશ્રેષ્ઠ પ્રભુ પ્રેમ જે નિર્મલ અનન્ય રમ્ય.**
**ઈશ્વરભક્તિ એ નકી ! તત્સંગે આનંદ**
**તદ્વિરહે વ્યાકૂળતા, ભજે સતી જયમ કંથ.**

**(અ.૪. દો.૫૫-૫૬)**

□ □ □

# ૪૨. પીવું જ્ઞાનામૃત પૂર્ણ

(રાગઃભૈરવી; તાલઃદાદરા)

**પીવું જ્ઞાનામૃત પૂર્ણ, હો પિપાસુ! પીવું જ્ઞાનામૃત પૂર્ણ! ...ટેક.**
**અપૂરું પીતાં અહં છલકાયે, થાએ અધઃપતન! ...હો૦ ૧.**
**ભાવૈક્ય ભૂલી ક્રિયૈક્ય ઝાલે, ન એ જ્ઞાન, શ્વાનપણ! ...હો૦ ૨.**
**ના હું તન પ્રાણ મન ચિત્ત બુદ્ધિ, ન વિકારી ત્રિગુણ! ...હો૦ ૩.**
**દેહાહં ગળતાં બ્રહ્માહં જાગે, તેનુંયે વિસ્મરણ! ...હો૦ ૪.**
**સ્મરણાસ્મરણાતીત એક શિવોઽહં દ્વૈતાદ્વૈત વિણ મૌન! ...હો૦ ૫.**
**ન જન્મે ન મરે સદા સનાતન, આનંદ-[૪]મે'રામણ! ...હો૦ ૬.**
**બૂઝાતાં દિવડા આપ પ્રકાશે, સ્વયં-રંગ ચિદ્‌ઘન! ...હો૦ ૭.**

---

**૧. હરિના વિરહથી, વિયોગથી. ૨. કાન. ૩. (i) નક્કર સ્વાર્થ કે દેહવાસનાની ગંધથી રહિત (ii) વાદળ. ૪. મહાસાગર.**

□ □ □

## વિવરણ

નિષ્કામ કર્મ દ્વારા ચિત્તશુદ્ધિની અને ભક્તિ દ્વારા વિક્ષેપ દૂર કરવાની વાત કર્યા પછી હવે આ ભજનમાં પૂ.શ્રી જ્ઞાનામૃત પીવાની અને તે દ્વારા આવરણ હટાવવાની વાત કરે છે. નિષ્કામ કર્મ અંગેના ભજનમાં સંબોધન હતું : 'સાધો'. ભક્તિનું સ્વરૂપ સમજાવતાં ભજનમાં સંબોધન હતું : "પંથી". આ જ્ઞાનના ભજનમાં સંબોધન છે : 'પિપાસુ.'

**ગીતા કહે છે : ન હિ જ્ઞાનેન સદૃશં પવિત્રમિહ વિદ્યતે ।**

જ્ઞાનના જેવું અહીં પવિત્ર બીજું કંઈ નથી. વળી, જ્ઞાન વગર મુક્તિ પણ નથી એટલે આવરણ તો જ્ઞાનથી જ હટે. પૂ.શ્રી લખે છે કે :-

**જ્ઞાનયોગ ઉત્કૃષ્ટ એ, કરે ભ્રાંતિ સુદૂર,**
**આપે પરમાનંદ ને શમે દ્વૈત અંકુર.**

(અ.૧૬. દો.૪૩)

અવિદ્યાને કારણે જીવને થયેલું અજ્ઞાન અને તેને કારણે થયેલો ભ્રમ દૂર કરવા માટે સાધના કરવાની છે. શેવાળથી ઢંકાયેલાં નિર્મળ પાણીને પ્રાપ્ત કરવા માટે યુક્તિપૂર્વક શેવાળ ખસેડવી પડે એ જ રીતે આનંદ સ્વરૂપ આત્માની-સ્વસ્વરૂપની પ્રાપ્તિ માટે યુક્તિપૂર્વક માયાને ખસેડવી પડે. માયાથી ઢંકાયેલા આત્માનું જ્ઞાનસાધનાથી ભાન થાય છે, કારણ કે જ્ઞાનસાધનાથી માયાપડળ ખરી પડે છે.

અથાતો બ્રહ્મ જીજ્ઞાસા । એવું બ્રહ્મસૂત્રનું પહેલું જ સૂત્ર છે. હવે બ્રહ્મને જાણવાની ઈચ્છા કરવી જોઈએ. આ સૂત્ર ઉપર ભાષ્ય લખતી વખતે આદ્ય જગદ્‌ગુરુ શંકરાચાર્ય લખે છે કે, અહીં 'અથ' શબ્દ મંગલાચરણરૂપ નથી, પરંતુ 'અથ' એટલે કે હવેનો અર્થ સાધન ચતુષ્ટ્યની પ્રાપ્તિ પછી. વિવેક, વૈરાગ્ય, ષટ્‌સંપત્તિ (શમ, દમ, તિતિક્ષા, ઉપરતિ, શ્રદ્ધા અને સમાધાન) અને મુમુક્ષુપણું મેળવ્યા પછી બ્રહ્મને જાણવાની ઈચ્છા કરવી જોઈએ.

આમ, જ્ઞાન એ કાચા પારા જેવું છે. જો પચે તો શક્તિવર્ધક અને ન પચે તો આખા શરીરે ફૂટી નીકળે. જ્ઞાનમાર્ગમાં પતન થાય તો તે સાધક રોગી બને છે. ભક્તિમાર્ગમાં સાધક પરમેશ્વરરૂપી 'મા'ના ખોળામાં સૂતેલા નાના બાળક જેવો છે. જ્યારે જ્ઞાનમાર્ગમાં સાધક પોતાના પગ પર ઊભો રહીને ચાલતો બાળક છે.

જ્ઞાન એ અમૃત છે અને એનાથી જ મુક્તિ-મોક્ષ મળે છે, પરંતુ જ્ઞાનની પ્રાપ્તિ માટે સાધના કરનાર સાધકે દૃઢ જ્ઞાન થાય એવી સાધના કરવી. સાચો જ્ઞાની પુરુષ નમ્ર, શાંત, પ્રેમાળ અને બધાંનો હિતચિંતક હોય છે. એ એની નિજાનંદની મસ્તીમાં મસ્ત રહે છે.

**શ્રેય સર્વનું સર્વદા, ઈચ્છુ અખંડ જાણ,**
**આત્મરૂપ ગણી બધા, કરું ન કદી અપમાન.**

**અખંડ આનંદે ફરું, નિજાનંદમાં મસ્ત,**
**સર્વાવસ્થા શૂન્ય હું, મને શોક ના કષ્ટ.**

**(અ.૯.દો.૫૮,૬૨)**

પૂ.શ્રી બીજી લીટીમાં જ ચેતવણી આપે છે. કહે છે કે, અધૂરું જ્ઞાન ધરાવનાર અહંકારી બને છે, અભિમાની બને છે પરિણામે એ અક્ષય શાંતિનો કે નિજાનંદની મસ્તીનો આનંદ માણતો નથી અને એનું વર્તન પ્રેમાળ, નમ્ર અને સરળ હોતું નથી.

આવો અહંકાર-અભિમાન એ સાધકનું પતન કરે છે. જ્ઞાનમાર્ગની સાધના સાચા અર્થમાં કરવી અઘરી છે. લોહીનું પાણી કરનારને જ એ સાધના ફળે છે. પૂ.શ્રી લખે છે :-

**એવા એ આત્માતણી જાણ સુલભ ના આંહ્ય,**
**તો એ જ્ઞાન અશક્ય ના થવું જાગૃતિમાંહ્ય.**

(અ.૧૨૧.દો.૧૪૧)

જ્ઞાન સંપાદન કરવા પાછળનો હેતુ કોઈનું અપમાન કરવાનો હોય કે પોતે બધાંથી ઊંચો છે, એવું સાબિત કરવાનો હોય તો એ સાધકનું અધઃપતન નિશ્ચિત જ છે. પૂ.શ્રી લખે છે કે :

**કરું ઉપયોગ ન એહનો પ્રાણાન્તે પણ જાણ,**
**શીખી વિદ્યા જે વધે આમ દેહાભિમાન,**
**ના વિદ્યા એ નિશ્ચયે, અવિદ્યા જ સંપૂર્ણ !!**
**પાડે ઊંડા નરકમાં સાધકને એ તૂર્ણ.**

અ.૧૦૮.દો.૧૫-૧૬)

જો પૂરું જ્ઞાન પ્રાપ્ત ન કર્યું હોય તો એ અધકચરું જ્ઞાન વ્યક્તિને કુતર્ક કરવા પ્રેરે છે. શાસ્ત્રની સાચી સમજને બદલે ગેરસમજ ઊભી કરે છે. ગીતામાં કહ્યું છે કે, પંડિતો વિદ્યા વિનયવાળા બ્રાહ્મણોમાં, ગાયમાં, હાથીમાં, કૂતરીમાં અને ચાંડાલમાં સમદર્શી હોય છે. પૂ. પ્રકાશાનંદજી કહે છે કે ગીતા કહે છે કે "પંડિતા સમદર્શિનઃ" એ સમદર્શિનઃ હોય છે, સમવર્તિનઃ નહિ. વર્તનમાં તો ભેદ કરવો જ પડે છે. આપણાં મોંમાં આપણી જ આંગળી રાખીએ તો તે ધોવી જ પડે. જો એક જ શરીરમાં અભેદ ન થઈ શકાય તો બીજા શરીર સાથે અભેદ કેમ થાય ?

જગદ્ગુરુ શંકરાચાર્ય કહે છે કે :-

**ભાવાદ્વૈતં સદા કુર્યાત્ ક્રિયાદ્વૈતં ન કર્હિચિત્ ।**
**અદ્વૈતં ત્રિષું લોકેષુ નાદ્વૈતં ગુરુણા સહ ॥**

અર્થાત્ હંમેશાં ભાવમાં અદ્વૈત કરવું, પણ ક્રિયામાં અદ્વૈત કદી પણ નહિ કરવું. ત્રણે લોકમાં અદ્વૈત કરવું એટલે કે પ્રાણીમાત્ર ભગવત સ્વરૂપ છે. સર્વના હૃદયમાં અંતર્યામી રૂપે પરમાત્મા રહેલા હોવાથી બધાં જ પરમાત્મા સ્વરૂપ છે. એ ભાવથી અભેદ રાખવો, પણ ગુરુ સાથે ભેદ રાખવો કારણ કે તેમને જોઈને તેમને નમસ્કાર કરવાં પડે.

જો કોઈ વ્યક્તિ ક્રિયામાં ભેદ ન રાખે તો એ એનું જ્ઞાન નથી, પણ શ્વાનપણ છે, ગાંડપણ છે. આ સમજાવતા પૂ. પ્રકાશાનંદજી મહારાજ સરસ દૃષ્ટાંત આપે છે. શ્રાવણ માસની કથા સાંભળવા એક દિવસ એક હજામ ગયો. કથાકાર ગીતાનો શ્લોક સમજાવી પંડિતો બધાંમાં એક જ પરમાત્માનાં દર્શન કરી સમદર્શિન-સમ દૃષ્ટિવાળા બને છે એમ કહ્યું. હજામને થયું કે હવે આપણે પણ સમદર્શિનઃ થઈ જવું.

બીજે દિવસે એક ખેડૂત આવીને હજામને કહેવા લાગ્યો કે મારા પાડાના શરીર ઉપર બહુ વાળ ઊગ્યા છે, તો તમે વાળ કાપવા આવશો ? હજામે કહ્યું કે, મારે તો માણસ શું અને પાડો શું ? બધા સરખા. હું તો સમદર્શી છું એટલે આવીશ. ખેડૂતે વાળ કપાવ્યા

પછી કહ્યું કે, પૈસાના બદલામાં કારેલા આપું તો ચાલશે ? હજામે કહ્યું કે, હું તો સમદર્શી થયો છું. મારે તો કારેલા અને પૈસા બંને સરખા. કારેલા લઈને ઘરે ગયો તો પત્નીએ કહ્યું કે, બહુ મોડું થયું છે. તમે કારેલા સમારી આપો. હજામ તો કારેલા સમારવા બેઠો. ધીરે ધીરે કારેલાની છાલ ઉતારતો હતો. પત્નીએ કહ્યું કે, ઝડપ કરો. આમ તો ક્યારે પાર આવશે ? હજામે કહ્યું કે, મારે માટે તો માણસ, ઢોર અને કારેલાં બધાં જ સરખાં. એટલે જેમ માણસના વાળ ધીમે ધીમે કાપું છું તેમ કારેલાની છાલ પણ ધીમે ધીમે ઉતારીશ. હું તો સમદર્શી થયો છું. આવું વર્તન કરવાથી-ક્રિયામાં અભેદ કરવાથી-હાંસીને પાત્ર થવાય છે.

માતા અને પત્ની બંનેમાં એક જ પરમાત્મા રહેલો છે એવો ભાવ રાખવાનો પણ વર્તનમાં માતાને પગે લગાય પણ પત્નીને પગે નહિ લગાય એ ભેદ રાખવાનો. વર્તન કરતી વખતે-ક્રિયા વખતે-ભેદ કરવાનો.

જ્ઞાન થયા પછી જ્ઞાનીની દૃષ્ટિ ફરી જાય છે. હું આ શરીર નથી, હું પ્રાણ નથી, હું મન, બુદ્ધિ,ચિત્ત નથી અને હું સત્ત્વ, રજસ અને તમસ એવા ત્રણ વિકારી ગુણ પણ નથી. આ હું 'દેહ નથી', 'મન નથી' એ રીતનું ચિંતન એ અતદ્વયાવૃત્તિ કહેવાય. હું દેહ છું એ ભાવ ગળી જતાં હું બ્રહ્મ છું એવી વૃત્તિ જાગે અને પછી તો તેનું પણ વિસ્મરણ થાય. સ્મરણ-વિસ્મરણથી પર થઈ, દ્વૈત-અદ્વૈતથી પર થઈ હું શિવ સ્વરૂપ છું એવો ભાવ જાગી મૌનમાં સ્થિર રહે છે. મૌનમાં મુનિજનો મોજ માણે.

જ્ઞાન થતાં દૃષ્ટિ ફરી જાય છે. જન્મ અને મૃત્યુ એ દેહના ધર્મ છે. આત્મા તો જન્મતો પણ નથી અને મરતો પણ નથી. એ તો સદા સનાતન અને આનંદસાગર છે. ગીતામાં કહ્યું છે કે :-

**ન જાયતે ન મ્રિયતે વા કદાચિ-**
**ન્નાયં ભૂત્વા ભવિતા વા ન ભૂયઃ ।**
**અજો નિત્યઃ શાશ્વતોડયં પુરાણો**
**ન હન્યતે હન્યમાને શરીરે ॥**

**(અ.૨.શ્લોકઃ૨૦)**

આ આત્મા કોઈપણ કાળમાં જન્મતો નથી કે કદાપિ મરતો નથી તેમ જ ઉત્પન્ન થઈને ફરીથી સત્તાવાન થતો નથી. કારણ કે તે અજન્મા, નિત્ય, શાશ્વત અને પુરાતન છે. શરીરના હણાવવા છતાં તે હણાતો નથી. (શરીર મરે છે, આત્મા મરતો નથી.)

અજ્ઞાનીમાં અને જ્ઞાનીમાં ફેર શું ? તો જવાબ છે ફેર બંનેની દૃષ્ટિમાં છે. ભાગવત કથા શુકદેવજી પાસેથી પરિક્ષિતે સાંભળી પછી પણ તક્ષક નાગ તો આવ્યો જ, પરિક્ષિતને ડંખ તો માર્યો જ અને પરિક્ષિતનું મૃત્યુ પણ થયું જ, તો પછી શુકદેવે કથા સંભળાવી

એનો અર્થ શું ? તો એનો જવાબ એ છે કે કથા સાંભળ્યા પછી તક્ષકને જોવા છતાં પરિક્ષિતને મૃત્યુની બીક લાગતી નથી. તક્ષકમાં પણ એ પરમાત્માનાં જ દર્શન કરે છે અને તક્ષક ડંખ મારે છે તે દેહને મારે છે એવી જ્ઞાનભરી દૃષ્ટિ આવેલી છે. આવી દૃષ્ટિ હોવાથી મૃત્યુની બીક કે મૃત્યુનું દુઃખ નથી હોતું. પૂ.શ્રી લખે છે કે :-

**થાએ આત્માવરણનો એથી નિશ્ચય નાશ,**
**માટે પ્રારબ્ધ ભોગવે, જીવન્મુક્ત અત્રાસ.**
**દૈવભોગ સમાન જો, મૂઢ-જ્ઞાનીને તે એમ,**
**શી શ્રેષ્ઠતા જ્ઞાનીમાં ? ઊઠે શંકા તેમ.**
**અજ્ઞાની ભયમાં રહે, જ્ઞાની નિર્ભય જાણ,**
**અજ્ઞાની દુઃખે મરે, જ્ઞાની અમૃત ખાણ.**
(અ.૨૦. દો.૧૧૦,૧૧૧,૧૧૫)

અજ્ઞાનમાં-બુઝાતા દીવડાંને કારણે થતું અંધારું-જ્ઞાનરૂપી પ્રકાશથી-આત્માના પ્રકાશથી - આપોઆપ અજવાળું કરે છે અને પોતે સ્વયં સચ્ચિદાનંદ પરમાત્મા છે એનો લહાવો માણે છે.

□ □ □

## ૪૩. સમજ મન મારા રે

**(મનજી મુસાફર રે - એ રાગ)**
**(રાગઃધાની; તાલઃકહેરવા)**

**સમજ મન મારા રે, જાવું એક દિન વહી;**
**સૂનાં મંદિર મેડી રે, સોવું જંગલમાં સહી!**
**...ટેક.**

**હું હું કરતા તો ચાલ્યા ગયા ને, તારે પણ જાવું એક દન;**
**મારું મારું કરી કેમ મરે છે? તારું નહિ તુજ તન!**
**ભૂલીને ભટકાયો રે, જાશે જમ કેશ ગ્રહી!!**
**...સમજ૦ ૧.**

**[1]ચરક સુશ્રુત ચાલ્યા ગયા ને, ભીમ બાણાવળી [2]પાર્થ;**
**કાળદંડી રાવણ હણાયો, રામ કૃષ્ણ રહ્યું નામ!**
**પરણીને પસ્તાયો રે, બાજી નવ હાથ રહી!!**
**...સમજ૦ ૨.**

કાલ ગયું કોઈ આજ જતું કોઈ, કોઈ જાશે વળી કાલ;
મૂછ મરોડી કેમ ફરે છે? હોઠ પાનબીડી લાલ!
તમાચે ગાલ રાતો રે, મોતી મૂકી માટી ચહી!!
...સમજ૦ ૩.

દિન ગુમાવ્યો ગામગપોડે, પોઢી રહ્યો આખી રાત;
કોડી કોડી [3]ગર્થ ભેળું કીધું ને આખર ખાલી હાથ!
બાજી હારી બેઠો રે, દીઠું ના દૂધ કે [4]મહી!!
...સમજ૦ ૪.

ચેતવું હોય તો ચેતજે **રંગા!** ક્ષણ ક્ષણ આયુ જાય;
પાણી આવ્યું પાળ બાંધવા લાગ્યો, લોકોમાં હાંસી થાય!
સાઠી બુદ્ધિ નાઠી રે, મનમાંની મનમાં રહી!!
...સમજ૦ ૫.

---

૧. બે જૂના ધુરંધર વૈદ્યો. ૨. અર્જુન. ૩. ધન. ૪. છાશ.

□ □ □

# વિવરણ

સંત નાનક કહે છે કે :-

મન માયામેં ફંસિ રહ્યો, બિસર્યો ગોવિંદનામ ।
કહ નાનક હરિભક્તિ બિન જીવન કૌને કામ ॥

વળી, ભક્ત કવિ ગાય છે કે :-

રાત ગંવાઈ સોય કર, દિવસ ગવાયો ખાય ।
હીરા જન્મ અમોલ થા, કૌડી બદલે જાય ॥

સંત મુક્ત કહે છે કે :-

જો પ્રભુ ભવજલ તરન કો દિયો મનુજતન નાવ ।
મુક્ત કહે ભજ તાહિકો, મત ચૂકે અબ દાવ ॥

પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં કહે છે કે :-

ક્ષણ વિધ્વંસી દેહ આ, વૈભવ અસ્થિર જાણ,
નિત્ય સંનિહિત મોત છે, કરવો ધર્મ પ્રમાણ.

**ક્ષણ ક્ષણ આયુ જાય આ, પલ પલ કાળ સમીપ,**
**સદ્ય પૂર્વવયે સદા કરવો ધર્મ સમીપ.**

(અ.૬૭. દો.૩ અને ૮)

આ ભજનમાં પૂ.શ્રી મનને સમજાવે છે કે, આપણે એક દિવસ અહીંથી જતા રહેવાનું છે. આ ઘર-વૈભવને છોડીને જંગલમાં ચિતા પર સુવાનું છે, તે તું યાદ રાખ. માથા પર રહેલા મૃત્યુનો જે સદા વિચાર કરે છે, તે પોતાના જીવનમાં ખોટું કરતો નથી. કહેવાય છે કે : ''દિવસ દરમિયાન મૃત્યુને તમારી આંખ સામે રાખો અને રાત્રે સૂતી વખતે ઓશીકાની નીચે.'' શાસ્ત્રો અને સંતો આપણને ચેતવે છે કે મૃત્યુ નિશ્ચિત છે, તો મરતા પહેલાં ભવસાગર તરી જા. કબીરજી કહે છે કે :

**કબીર જો દિન આજ હૈ, સો નાહિ ફિર કાલ,**
**ચેત સકે તો ચેત લે, સિર પર ગાજે કાલ.**

નારાયણ સ્વામી કહે છે કે :-

**ધનજોબન યોં જાયગો જા બિધિ ઉડત કપૂર,**
નારાયણ ગોપાલ ભજ, ક્યોં ચાટે જગધૂર.

બાપજી મનને સમજાવે છે અને કહે છે કે, ચરક, શુશ્રુત જેવા વૈદ્યો, ભીમ અને અર્જુન જેવા યોદ્ધા અને કાળદંડી રાવણ પણ મરી ગયો. આજે કેવળ રામ-કૃષ્ણને લોકો યાદ કરે છે.

તું આ મોતીરૂપી હરિસ્મરણને ભૂલીને સંસારના વિષયોરૂપી માટીમાં મોહ્યો છે. એ તારી મોટી ભૂલ છે. કેટલા જતા રહ્યા, કેટલા ચાલ્યા અને કેટલા જવાના છે. તો પછી તું અભિમાન રાખીને જાણે મરવાનો જ નથી એવી રીતે કેમ વર્તે છે ? પાન-બીડીથી લાલ હોઠ રાખે છે, પણ એ તારા મૃત્યુને રોકી શકવાના નથી. પૂ.શ્રી દત્ત નામ સ્મરણમાં લખે છે કે :

**ગયા કેટલા કેટલા અર્ધ વાટે**
**વળી કેટલા જાય જો દેખ હાટે ।**
**પડ્યો ઊંઘમાં શેં સુખે મૂઢ હન્ત**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥**

(શ્લોક:૨૦)

જે પોતાનું કલ્યાણ ઈચ્છતો હોય તેણે મુરારિને અને મોતને કદી ભૂલવા જોઈએ નહિ. નારાયણ સ્વામી કહે છે :-

**દો બાતન કો ભૂલ મત, જો ચાહત કલ્યાણ,**
**નારાયણ ઈક મોતકો દૂજે શ્રીભગવાન.**

દિવસ ગામ-ગપાટામાં અને રાત ઊંઘવામાં ગઈ. થોડું થોડું ધન ભેગું તો કર્યું પણ ગયો ત્યારે ખાલી હાથે ગયો. મર્યો ત્યારે તો સાથે કશું આવ્યું નહિ. ગરુડપુરાણમાં કહ્યું છે કે :-

**ધનાનિ ભૂમૌ પશવશ્ચ ગોષ્ઠે, ભાર્યા ગૃહદ્વારિ જનઃ સ્મશાને ।**
**દેહશ્ચિતાયાં પરલોક માર્ગે, કર્માનુગો ગચ્છતિ જીવ એકઃ ॥**

માણસ મરી જાય છે ત્યારે એનું ધન જમીનમાં (હવે બેંકમાં), પશુઓ ગભાણમાં (હવે મોટરકાર ગેરેજમાં), પત્ની ઘરના ઝાંપા સુધી, સગાંઓ સ્મશાન સુધી અને એનું શરીર ચિતા સુધી રહે છે. આખરે જીવડો એકલો સારાં-નરસાં કર્મો લઈને જાય છે.

પૂ.શ્રી છેવટે કહે છે કે, આગ લાગે ત્યારે કૂવો ખોદનારની હાંસી થાય છે. પાણી આવે ત્યારે પાળ બાંધવા જનારની હાંસી થાય છે. તેમ ઘડપણમાં-મરવાનો સમય આવે ત્યારે ભગવાનનું નામ લેનારની હાંસી થાય છે.

જ્યારે શરીર સ્વસ્થ હોય, ઈન્દ્રિયો સાબૂત હોય ત્યારે જુવાનીમાં પ્રભુ ભજન કરવું જોઈએ. વૈરાગ્યના બેતાજ બાદશાહ ભર્તૃહરિ મહારાજ કહે છે કે :-

**યાવત્ સ્વસ્થમિદં શરીરમરુજં યાવચ્ચ દૂરે જરા**
**યાવત્ ચેન્દ્રિય શક્તિરપ્રતિહતા યાવત્ ક્ષયો નાયુષઃ ।**
**આત્મશ્રેયસિ તાવદેવ વિદુષા કાર્યઃ પ્રયત્નો મહાન્**
**પ્રોદીપ્તે ભવને ચ કૂપખનનં પ્રત્યુદ્યમઃ કીદૃશઃ ॥**

અર્થાત્ જ્યાં સુધી આ શરીર સ્વસ્થ છે, ઘડપણ દૂર છે,ઈન્દ્રિયોની શક્તિ સાબૂત છે અને આયુષ ક્ષય પામ્યું નથી, ત્યાં સુધીમાં જ ડાહ્યા માણસે આત્મકલ્યાણ માટે મહાન પ્રયત્નો કરવા જોઈએ. ઘરને આગ લાગે ત્યારે કૂવો ખોદવાનો શો અર્થ ?

આજ વાત પૂ.શ્રી પ્રભાતિયામાં આ રીતે રજૂ કરે છે :-

**હાથથી દાન કર, કાનથી શ્રવણ કર,**
**ગાન કર વદનથી નાથકેરું;**

**સાંગ છે દેહ સ્વસ્થાક્ષ નર જયાં સુધી,**
**પુણ્યપંથે પળી ટાળ તેડું... ભાવથી.**

આગ લાગી ઘરે કૂપ ખણવા ફરે,
હાંસી થાએ હરે જો વિચારી;

દાર ને વિત્ત ત્યાં કામ આવે નહિ,
દાસ ને દાસીની વ્યર્થ યારી... ભાવથી.

જો વેળાસર ના જાગ્યા તો પસ્તાવાનો અને રડવાનો વારો આવશે. મનની મનમાં રહી જશે.

મનના અભિલાષ રહ્યા મનમાં, હાર્યા બાજી ભટક્યા વનમાં,
ચેત્યા વેળાસર ના ક્ષણમાં, ભૂતાવળ રંગ પછાડી પડી... જેને જ્ઞાન.

□ □ □

## ૪૪. ઊંઘતાનો પાડો રે

(મનજી મુસાફર રે - એ રાગ)
(રાગઃધાની; તાલઃકહેરવા)

ઊંઘતાનો પાડો રે, જાગે તે તો પાડી હરે;
ઊંઘતાનું ઊંઘે રે, ઉદ્યમે દૈવ ફરે. ...ટેક.
દેવ દૈત બે સાથે મળીયા, સમુદ્રમંથન કાજ;
ઝેર હળાહળથી નવ બીધા, અંતે પામ્યા રાજ;
અમૃત મોંઘું રે, હોય દેવ તેને ]જરે! ...ઊંઘતાનો૦ ૧.
ક્ષણ ક્ષણ ખાએ કાળ જિંદગી, જોબન ઝટ પલટાય;
ઘડપણ દૂતી ખડી કાળની, કંપે થરથર કાય;
આળસ છોડો રે, વદો હરે રામ હરે! ...ઊંઘતાનો૦ ૨.
ભોગ ભોગવે મૂઢ તુજને, ખાલી આખર થાય;
ભોગ તેટલા રોગ સમજ મન, ચેત જ્યાં લગી હાય;
આખર ખોટી રે, જમડાં ના દયા કરે! ...ઊંઘતાનો૦ ૩.

**જર જોબન જોરુ નવ આવે, જોજન અલ્પ સંગાત;**
**કર્મ ધર્મ સાથે જીવ [2]અંધા, જાશે રાતોરાત;**
**ફૂંકી દેશે ખોખું રે, મિજલસ ભારે કરે. ...ઊંઘતાનો૦ ૪.**
**સતને મારગ જાજે શૂરા, સંતસમાગમ નિત્ય;**
**કરજે હાથે તે સંગાથે, દુખિયાંકેરી પ્રીત્ય;**
**[3]સરજનહારો રે, જેથી રંગ મ્હેર કરે! ...ઊંઘતાનો૦ ૫.**

---

**૧. પચે. ૨. જ્ઞાનરૂપી નેત્રથી રહિત. ૩. પેદા કરનાર પરમાત્મા.**

□ □ □

# વિવરણ

એકં સત વિપ્રા બહુધા વદન્તિ । એક જ સત્‌ને વિદ્વાનો અનેક રીતે કહે છે. એમ એક જ વાત પૂ.શ્રી આપણને જુદી જુદી રીતે સમજાવે છે. આ શરીર નાશવંત છે, માથા પર કાળ આંટા મારે છે, મૃત્યુ ક્યારે આવશે તે કોઈ જાણતું નથી, તો આ માનવશરીર દ્વારા રામનામ ભજીને જીવનું કલ્યાણ કરી લે.

આ ભજનમાં પૂ. બાપજી એક વ્યાવહારિક ઉદાહરણ આપે છે. એક કહેવત છે : -

**સોંઘીનો મોઘો અને મોઘીનો સોંઘો,**
**ગાંડીનો ડાહ્યો ને ડાહીનો ગાંડો.**

ગાય સોંઘી હોય, એની ઓછી કિંમત આવે જ્યારે એ જેને જન્મ આપે તે બળદ મોઘો હોય. ભેંસમાં ઊંધું. ભેંસ મોઘી હોય અને પાડો સસ્તો-ઓછી કિંમતનો હોય. વાણિયણ ઓછી અક્કલવાળી હોય જ્યારે તેનો દીકરો-વાણિયો બુદ્ધિશાળી હોય એટલે ગાંડીનો ડાહ્યો. રબારીમાં ઊંધું. રબારી કરતાં રબારણ હોશિયાર હોય. વહીવટી કુશળતામાં રબારણ વધારે ચતુર હોય.

પૂ.શ્રી કહે છે કે, જે જાગે તે ઊંઘતાની પાડી લઈ પોતાની ભેંસે જણેલો પાડો મૂકી દે છે. ‘‘ઊંઘતાની ભેંસે પાડો જણ્યો’’ એવી પણ કહેવત છે. બે ખેડૂત-મિત્રો હતા. બંનેના ઘરે ગાય, ભેંસ વગેરે ઢોરો હતાં. આ બંને મિત્રોની ભેંસ ગાભણી-ગર્ભવતી થઈ. વિયાવાનો સમય આવ્યો ત્યારે બંને મિત્રો સાંજે ગામની બહાર ભેંસને લઈ ગયા. રાત પડી, મધરાત થઈ પણ ભેંસ વિયાઈ નહિ. એક ખેડૂતને ઊંઘ આવતી હતી. એટલે એણે બીજા મિત્રને કહ્યું કે, હું ઊંઘી જઉં છું. મારી ભેંસ વિયાય એટલે મને જગાડજે.

થોડી વારમાં જે ખેડૂત જાગતો હતો તેની ભેંસ વિયાઈ. એણે પાડો જણ્યો. પાડાની ખાસ કિંમત ન ઊપજે. ખેડૂત વિચારે ચઢ્યો. એવામાં ઊંઘતા ખેડૂતની ભેંસ વિયાઈ. એણે પાડીને જન્મ આપ્યો. પાડી ભેંસ થાય ત્યારે એની ઘણી કિંમત આવે. એટલે જાગતા ખેડૂતે એની ભેંસના પાડાને ઊંઘતા ખેડૂતની ભેંસ પાસે મૂકી દીધો અને ઊંઘતા ખેડૂતની ભેંસની પાડીને પોતાની ભેંસ પાસે મૂકીને પછી ઊંઘતા મિત્રને જગાડ્યો અને કહ્યું કે, તારી ભેંસે પાડો જણ્યો. ટૂંકમાં જે ઊંઘે છે, ગફલતમાં રહે છે, બેદરકાર છે તે મોંઘી વસ્તુ ગુમાવે છે. એટલે પૂ.શ્રી કહે છે કે ‘‘ઊંઘતાનું ઊંઘે રે, ઉદ્યમે દૈવ ફરે.’’

પ્રયત્નો કર્યા વગર, વિના મહેનતે, ઉદ્યમ કર્યા વગર કશું મળતું નથી.

ઉદ્યમથી જ નસીબ ઘડાય છે, દૈવ ફરે છે. કહેવાયું છે કે : ‘‘તું તારા પ્રારબ્ધના વીખરાયેલા વાળને પુરૂષાર્થની કાંસકીથી સરખા કરી તારું માથું ઓળ.’’

સુભાષિતકાર કહે છે કે :-

**ઉદ્યમેન હિ સિદ્ધયન્તિ કાર્યાણિ ન મનોરથૈઃ ।**
**ન હિ સુપ્તસ્ય સિંહસ્ય પ્રવિશન્તિ મુખે મૃગાઃ ॥**

અર્થાત્ ઉદ્યમથી જ કાર્ય સિદ્ધ થાય છે, મનોરથો સેવવાથી (મનસૂબા ઘડવાથી) નહિ. સૂતેલા સિંહના મોંમાં હરણો સામે ચાલીને જતા નથી. ટૂંકમાં મૃગને મારવા માટે વનના રાજા સિંહે પણ પ્રયત્ન-ઉદ્યમ કરવો જ પડે છે.

દૈવોએ પણ દાનવો સાથે મળીને સમુદ્રમંથનનો ઉદ્યમ કર્યો ત્યારે અમૃત મળ્યું. પહેલાં હળાહળ ઝેર નીકળ્યું, તો તેનાથી ગભરાયા વગર પ્રયત્નો ચાલુ જ રાખ્યા તો અંતે અમૃત મળ્યું. પરંતુ મોંઘું અમૃત તો દેવ હોય તેને જ પચે. રાક્ષસોને તો અમૃત ના જ મળ્યું. જે સત્ત્વાંશી હોય તેને જ ભગવાનનું નામ લેવાની ઈચ્છા થાય અને એ હરિને ભજતો થાય. આવી કીમતી વસ્તુ ભાગ્યશાળીને જ મળે છે. કવિ કહે છે :-

**ભાગ્યહીનકો નહિ મીલે બડી વસ્તુકો ભોગ ।**
**દ્રાક્ષ પકે તબ કાગ કે કંઠમેં નીકલે રોગ ॥**

સાધુ, સંતો અને શાસ્ત્રો આપણને વારે વારે સમજાવે છે કે, આ જીવન એ પાણીના પરપોટા જેવું છે. એ ક્યારે ફૂટે એનો ભરોસો નથી, તો તું આળસ છોડીને ભગવાનનું ભજન કરી લે, પરંતુ આપણને બધું ગમે છે પણ ભગવાનનું નામ લેવાનું ગમતું નથી. જેનો જઠરાગ્નિ મંદ હોય તેને જમવાની રુચિ થતી નથી. જમતા એને જોર આવે છે, પરંતુ વૈદ્યની દવાથી જઠારાગ્નિ પ્રદીપ્ત થાય એટલે ભૂખ લાગે છે. પછી તો એ એવો ભુખાળવો બને કે વારે ઘડીએ ખાવાનું માગે.

સંસારીને પણ કોઈ સદ્‌ગુરુરૂપી વૈદ્ય મળી જાય અને એને સાચી સમજણ આપી એનો જઠરાગ્નિ પ્રદીપ્ત કરે તો એને હરિભજનમાં પ્રેમ જાગે, હરિભજનની ભૂખ જાગે. પરંતુ

હરિભજનની વૃત્તિ જે સાત્ત્વિક વૃત્તિના હોય તેને જ થાય છે. પૂ.શ્રી કહે છે કે :-

**કોટિજન્મ સુકૃત ફળે ત્યારે ભક્ત થવાય,**
**નહિ તો વાતોમાં વહી બહુધા જીવન જાય.**

(અ.૪૧.દો.૪૮)

એક પ્રભાતિયામાં પૂ.શ્રી લખે છે કે :

**હોય દેવાંશી તે દેવને ઓળખે,**
**ભૂત ભક્તિ કરે ભૂતકેરી,**
**કાગને મોતીડાં કંઠ નવ ઊતરે.**
**નરક દેખી ચળે જીભ મેલી.**

આપણું આયુષ્ય ક્ષણે ક્ષણે ઘટતું જાય છે. કાળ જિંદગીનો કોળિયો કરે છે. શરીર ધ્રૂજે છે. ઘડપણ એ મોતની દૂતી છે. આમ છતાં મૂઢ માનવી આળસમાં પડી રહે છે. આવાને મોઘો મણિ ક્યાંથી મળે ?

ભર્તુહરિ મહારાજ કહે છે કે, આપણે ભોગો ભોગવતા નથી, પણ ભોગો જ આપણને ભોગવે છે. અધ્યાત્મ રામાયણમાં કહ્યું છે કે :-

**યથા વ્યાલગલસ્થોઽપિ ભેકો દંશાનપેક્ષતે ।**
**તથા કાલહિનાગ્રસ્તો લોકો ભોગાનશાશ્વતાન્ ॥**

(અયો.કાંડ સર્ગ. ૪. શ્લોક : ૨૧.)

અર્થાત્ સાપના મોમાં ગયેલો દેડકો માખી શોધે છે તેમ કાળના મોંમાં પડેલા લોકો નશ્વર ભોગો ભોગવવાની ઈચ્છા રાખે છે.

સાપના મોમાં રહેલો દેડકો સાપના મોંમાંથી કેમ છટકાય એનો વિચાર નથી કરતો પણ માખી ખાવાનો પ્રયત્ન કરે છે. એ એની મૂર્ખામી છે. એવી જ મૂર્ખામી કાળના મોંમાં સપડાયેલો માનવી કરી રહ્યો છે.

આપણે શું ભોગ ભોગવવાના છીએ ? ભોગો જ આપણને ભોગવી રહ્યા છે. ભોગ તો રોગનું મૂળ છે. જેટલા ભોગ તેટલા રોગ. જેટલો વહેલો ચેતાય એટલો વહેલો ચેતીજા. મૃત્યુની વેળા વખતે જમ દયા કરશે નહિ અને ત્યારે રડવાનો વારો આવશે. આપણાં શાસ્ત્રો આ જ વાત વારે વારે કહે છે.

પૂ.શ્રી લખે છે કે :-

**ભોગ રોગનું મૂળ છે, ભોગ મૂળ અવિચાર,**
**યૌવન, ધન, સત્તા મદે થાય નષ્ટ વિચાર.**

(અ.૭. દો.૫૦.)

અગ્નિમાં ઘી હોમતાં થાએ ભડકો જેમ,
વિષયભોગથી વાસના વધે, ના ઘટે તેમ.
ભોગે તૃપ્તિ ના કદી, માટે નિશ્ચય જાણ,
વિષયદોષ વિચારીને, થાવું વિરક્ત માન.

(અ.૫૧. દો.૩૬-૩૭.)

માનવી એટલું જ યાદ રાખે કે, હું ખાલી હાથે આવ્યો છું અને ખાલી હાથે જવાનો છું. મૃત્યુ પછી મારી સાથે ધર્મ અને મારાં સારાં-નરસાં કર્મો જ આવવાનાં છે. જર, જમીન, જોરુ, છોરુ કોઈ આવવાના નથી. પૂ.શ્રી લખે છે કે :-

વિદ્યુચ્ચલ લક્ષ્મી બધી, જીવન ક્ષણભંગુર,
જયાંનું ત્યાં રહે સગું,આખર કાળે દૂર.
કોની સ્ત્રી ? કોના સુતો ? કોનો આ પરિવાર ?
કોના કિંકર ? દાસીઓ ? ક્ષણિક રાજ્ય ભંડાર !

(અ.૧૨દો.૭૦,૭૧)

**'પાપીગણુ'** એમના ભજનમાં લખે છે :-

જેને માની તેં પોતાની એ તારી ઘરવાળી,
ઘરદ્વારેથી પાછી વળશે, બતલાવી લાચારી રે... ભજી લે.
સગાં સંબંધી સ્મશાન સુધી, શરીર ચિતા સુધી,
કોઈ ન આવે તારી સાથે સંબંધ જાશે છૂટી રે... ભજી લે.
સારાં નરસાં કર્મો લઈને જીવડો એકલ જાતો,
પાપીગણુ તો ગુરુકૃપાથી ગુણ ગોવિંદના ગાતો રે... ભજી લે.

ભજનની સમાપ્તિ કરતાં પહેલાં પૂ.શ્રી શું કરવાનું છે તે સમજાવે છે. પૂ. બાપજી કહે છે કે હિંમત રાખીને, હિંમતથી જીવીને સત્યને મારગ જાજે. રોજ સંત સમાગમ કરજે. બીજાને-ગરીબને દાન કરજે, કારણ કે જેણે હાથે આપ્યું તે સાથે આવશે. આપ્યું ન હશે તો સાથે આવશે નહિ. દીન-દુખિયાં પર પ્રેમ બતાવી એને મદદ કરજે. આવાને કરેલી મદદની, એના લૂછેલાં આંસુની ભગવાન નોંધ લે છે. સંત તુલસીદાસ કહે છે કે :

દયા ધરમ કા મૂલ હૈ, પાપમૂલ અભિમાન ।
તુલસી દયા ન છાંડિયો જબ લગ ઘટમેં પ્રાણ ॥

"કર ભલા હોગા ભલા", "વાવે તેવું લણે અને કરે તેવું પામે", "કરશો તેવું ભરશો" એ બધી ઉક્તિ સત્કર્મો કરવાની પ્રેરણા આપે છે અને સત્કર્મો કરી સુખી થવાનો રસ્તો બતાવે છે. હરિને સંભાર, દીન દુખિયાને સંભાળ તો મહેર કરે સરજનહાર. પૂ.શ્રીનું સ્પષ્ટ મંતવ્ય છે કે :

"દુખિયાનાં આંસુ ના લોહ્યાં, એનું હરિપોથીમાં નામ નથી." આપણું નામ હરિપોથીમાં આવે એવું કરીએ. એવી પૂ.શ્રીનાં ચરણોમાં પ્રાર્થના.

❑ ❑ ❑

## ૪૫. હોય કોઈ પ્યાસા રે

(મનજી મુસાફર રે - એ રાગ)
(રાગઃધાની; તાલઃકહેરવા)

હોય કોઈ પ્યાસા રે, આવો અમીરસ પીવા;
અંધારે અથડાતા રે, આવો અહીં છે અક્ષય દીવા. . ટેક.

પાણી પાણી જપ કર્યે રે, પ્યાસ ન બૂઝે ક્યાંય;
દીપ જપે તમ નવ ટળે રે, કલ્પકાળ અથડાય;
અમરફળ સેવો રે; અમૃત દેહ થવા.
...હોય૦ ૧.

પ્યાસાં પશુ પેલાં મૃગજળ દેખી, અંતર અતિ હરખાય;
દોડી દોડીને તંગ તૂટે ને, આખર મન પસ્તાય;
નેન ખોલી દેખો રે, સેવે સદ્‌જ્ઞાન દવા.
...હોય૦ ૨.

ધોળા તેટલા હંસ નહિ રે, કાળા સર્વે નહિ કાક;
મીઠું તેટલું માખણ ના રે, કડવું ન ઝેર કુપાક;
સાચા સંત સેવો રે, જેથી મળે મુક્ત હવા.
...હોય૦ ૩.

હાથ જોડીને નહિ નભે રે, ડોક નમાવી હોય;
અહં મૂકીને આપ પિછાને, લાખમાં વિરલો કોય;
લોકલાજ છાંડો રે, ખાંતે ખાઓ મિષ્ટ મેવા.
...હોય૦ ૪.

ધારામાં ધાય તે અંતે જઈ મરતો ઊંડા સમુંદરમાંહ્ય;
મૂળ તો પૂરવ પશ્ચિમ દોડે, ભ્રમમહીં સપડાય;
સામે પાણી ધાઓ રે, **રંગ** અહીં તો અક્ષય ઝરા.
...હોય૦ ૫.

❑ ❑ ❑

# વિવરણ

પૂ.શ્રીને સ્વામી મહારાજે શ્રીગુરુલીલામૃત ગ્રંથ રચવાનો આદેશ કર્યો ત્યારે એમના હાથમાં ચરિતામૃત ઘટ મૂકી કહ્યું કે :-

**ચરિતામૃત ઘટ લે સુખે, કરી પાન પિવાડ,**
**હોય તુષાતુર તેહને, મોત પાડશે રાડ.**

**(અ.૧ દો.૯૩)**

પાણીની તરસ લાગી હોય તે માણસ તરસ છિપાવવા તરત જ પાણી પીશે. ભૂખ્યો હશે, કડક ભૂખ લાગી હશે તે જે કાંઈ મળે તે ખાઈ લેશે - ભૂખ ન જુએ સૂકો ભાત. આ નથી ખાવું ને પેલું નથી ખાવું, એવું કોઈ કહે તો સમજવું કે બરાબર ભૂખ લાગી નથી. પૂ.શ્રી એક પ્રભાતિયામાં લખે છે કે :-

**ભાવ વિણ ભક્તિ નવ કામ આવે કદી,**
**ભૂખ વિણ ભાખરી વ્યર્થ ઝેરી...**

એક કવિએ વિધાતાને પ્રાર્થના કરતાં કહ્યું હતું કે, હે મા ! તારે મારા કપાળમાં-નસીબમાં જે કાંઈ દુઃખો લખવા હોય તે લખજે પણ એક દુઃખ ના લખીશ. કયું દુઃખ ?

અરસિકેષુ કાવ્યનિવેદનમ્ શિરસિ મા લિખ મા લિખ મા લિખ ।

જેને કવિતા સાંભળવામાં રસ ન હોય એવા અરસિક જનોની વચ્ચે જઈને મારે કવિતા વાંચવી પડે એ દુઃખ ના લખીશ, ના લખીશ, ના લખીશ. ત્રણ વાર ના લખીશ કહીને એ દુઃખ કેટલું દુઃખકારક છે તે સૂચવ્યું છે.

આ ભજનમાં પૂ.શ્રી તરસ્યાને, પ્યાસાને બોલાવે છે. કહે છે કે, હોય કોઈ પ્યાસા રે, આવો અમીરસ પીવા. પૂ.શ્રી અમીરસ પાવા માટે એવા અમી તરસના તરસ્યાને, તૃષાતુરને, પ્યાસાને બોલાવે છે. આપણને એમ થાય કે, અમીરસ પીવાનું કોને ન ગમે ? એને માટે તો બધા પ્યાસા જ હોયને ! પણ ખરેખર એવું નથી. શ્રેયસ્કર હોય, જેમાં જીવનું કલ્યાણ હોય એવી વસ્તુનું આકર્ષણ હોય જ એવું માનવું નહિ. સુભાષિતકાર કહે છે :-

**સત્યં જનં વિરોધાય અસત્યં જન રંજનમ્ ।**
**સુરા વિક્રિયતે સ્થાને દધિક્ષીરં ગૃહે ગૃહે ॥**

અર્થાત્ સાચા માણસોનો વિરોધ થશે અને જૂઠા માણસો આનંદ-મજા કરશે. શરીરને નુકસાન કરે એવો દારૂ પીવા પીઠામાં જવું પડે છે. જ્યારે દૂધ અને દહીં જે શરીર માટે-આરોગ્ય માટે - સારાં છે તે ઘરે ઘરે વેચાતા મળે છે, છતાં લોકોને એનું આકર્ષણ નથી.

ઉત્તાનપાદ રાજાને સુનીતિ અને સુરુચિ નામની બે રાણી હતી. સુનીતિ અણમાનીતી હતી. જ્યારે સુરુચિ રાણી માનીતી હતી. સુનીતિનો પુત્ર ધ્રુવ હતો, જ્યારે સુરુચિનો પુત્ર ઉત્તમ હતો. પૂ.ડોંગરે મહારાજ સમજાવે છે કે બધા જીવો એ જ ઉત્તાનપાદ રાજા છે. જન્મતી વખતે માથું નીચે અને પગ (પાદ) ઊંચા (ઉત્તાન) હોય છે. જીવને કલ્યાણ થાય એવી વૃત્તિ-પ્રવૃત્તિ નથી ગમતી. એ અણમાનીતી છે. જ્યારે મનને ગમે પણ જેમાં કલ્યાણ ન હોય એવી સુરુચિવાળી વૃત્તિ-પ્રવૃત્તિ વધુ ગમે છે. કલ્યાણકારી પ્રવૃત્તિ-સુનીતિનું ફળ-પુત્ર ધ્રુવ છે. મનગમતી પ્રવૃત્તિનું ફળ ઉત્તમ-ઉદ્ + તમ = અંધારું છે.

ભગવાનની આ માયા દૈવી છે અને તરવી અઘરી છે. પ્રભુ કૃપા કરે તો જ જીવ અમીરસ પીવા માટે દોડે.

**દૈવી હ્યેષા-ગુણમયી મમ માયા દૂરત્યયા ।**
**મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે ॥**

(અ.૭.શ્લોક :૧૪)

અર્થાત્ આ દૈવી અને ત્રિગુણાત્મિકા એવી મારી માયા પાર કરવી ખૂબ કઠિન છે. જે લોકો મને જ નિરંતર ભજે છે તેઓ જ આ માયાને પાર કરી જાય છે. એટલે કે સંસાર સાગરને તરી જાય છે.

પૂ.શ્રી અમીરસ પીવા બોલાવે છે ત્યારે બીજી આકર્ષણની વાત કરે છે. પૂ. બાપજી કહે છે કે હે અંધારામાં અથડાતા જીવો ! અહીં આવો. અહીં તો કદી પણ ન હોલવાય એવા, ચોવીસે કલાક પ્રકાશ આપે એવા દીવા છે. આ દીવામાં તેલ ખૂટ્યું તેથી બુઝાઈ ગયો એવું થવાનું નથી. પવનના સપાટે હોલવાય એવો દીવો નથી. માયારૂપી-અજ્ઞાનરૂપી અંધારામાં અટવાતા જીવોને સત્સંગ દ્વારા જ્ઞાનપ્રાપ્તિના પ્રકાશમાં આવવાનું કહે છે.

સ્વામી બ્રહ્માનંદ કહે છે કે સંતનું કામ જીવને માયા છોડાવી પ્રભુ પ્રત્યે પ્રીતિ કરાવવાનું હોય છે. તેઓ લખે છે :-

**સંત પરમ હિતકારી, જગતમાહીં સંત.**
**પ્રભુ પદ પ્રગટ કરાવત પ્રીતિ, ભરમ મીટાવત ભારી.**

હવે, પૂ.શ્રી મુખ્ય વાત કરે છે. પૂ.શ્રી કહે છે કે, પ્યાસા હોય એણે પ્યાસ બુઝાવવી હોય તો પાણી પીવું પડે. જીવનમાં જાણેલું કામ નહિ આવે, જીવેલું જ કામ આવશે. નીતિના માર્ગે જીવવું એ સુખી થવાનો રસ્તો છે. જીવનમાં આચરણમાં નહિ મૂકેલું જ્ઞાન એ તો કેવળ બોજારૂપ છે. પૂ.શ્રી ભજનમાં આ ભાવ રજૂ કરતાં કહે છે કે :-

- **કર સત્સંગત સાધન સુમિરન, સાધન બિન અંધારો હૈ ।**
  **રાગ દ્વેષ ન છૂટે તબહૂ જ્ઞાન પેટે ગુજારો હૈ ॥**
- **જ્ઞાની ખપ્યો પોથાં પઢી ખોલો વહી ચંદન મૂવો ।**
  **માંહે ખજાનો જે ભર્યો હા ! અન્યતે તેં સાંપડ્યો ॥**
  **પર્વો અઢારેનાં કીધાં, પારાયણો તે ભારતી;**
  **જો ભા વિષે રત ના થયો, તો જન્મ એળે રે ગયો.**

ખાધા વિના ભૂખ શાંત થતી નથી, પાણી પીધાં વિના તરસ છીપતી નથી તેમ જીવનમાં દૈવીગુણો કેળવી, એ પ્રમાણે જીવન જીવ્યા સિવાય જીવને અક્ષય સુખ-શાંતિ મળતી નથી. અંધારાને દૂર કરવા માટે દીવો પ્રગટાવવો પડે. "દીવો દીવો" એમ બોલ્યા કરવાથી પ્રકાશ થતો નથી, અંધારું જતું નથી. દેહને અમર કરવા માટે જેમ અમરફળ ખાવું પડે તેમ ભવસાગર તરી જવા શાસ્ત્રોમાં દર્શાવેલા સત્કાર્યો કરવાં પડે અને નીતિમય જીવન જીવવું પડે.

અજ્ઞાનને કારણે ભ્રમમાં જીવતા સંસારીની પ્રવૃત્તિ નશ્વર દેહ અને ધન-દોલત માટેની હોય છે. જેમાં અંતે તેને રડવાનું-પસ્તાવાનું આવે છે. આ વાતને સમજાવવા પૂ.શ્રી મૃગજળ જોઈને દોડી મરતાં પશુઓનું-મૃગોનું દૃષ્ટાંત આપે છે. હરણાંને-પશુઓને ખૂબ તરસ લાગી છે. પાણીને શોધી રહ્યા છે. એવામાં એમને સૂર્યના તડકામાં દૂર દૂર પાણીનો આભાસ થાય છે-મૃગજળ દેખાય છે. એ સાચે જ પાણી છે એમ માનીને દોડે છે. જ્યાં પાણી દેખાતું હતું, ત્યાં પહોંચતા એને પાણી નહિ પણ જમીન જ દેખાય છે. પરંતુ ફરી પાછું દૂર પાણી દેખાય છે. એટલે પશુ પાછું ત્યાં દોડે છે અને પાછી એ જ દશા. દોડી દોડીને ટાંગ ટૂટી જાય છે, પણ પાણી મળતું નથી અને છેવટે પસ્તાય છે. આપણે પણ કુટુંબ માટે, દેહ, ધન, વૈભવ માટે પ્રવૃત્તિ કરી કરીને મરી જઈએ છીએ અને જેને માટે દોડાદોડી કરી એ જ દુશ્મન થઈને બેસે ત્યારે પસ્તાવો થાય છેને ! કોઈ સંત મળે, સાચું જ્ઞાન આપે, સાચી સમજ આપે ત્યારે આપણી દિશા બદલાય. આમ,સંત મળે તો આંખ ખૂલે અને સાચી સમજ આવે. સાચા સંત તરે અને તારે. કહ્યું છે કે : -

**નારી-નદી અથાગ જલ, બૂડ મુઆ સંસાર ।**
**ઐસા સાધુ કબ મિલૈ, જા સંગ ઉતરું પાર ॥**

સદ્‌જ્ઞાનરૂપી દવા લેવાથી આંખ સાચું જુએ છે, પરંતુ સાચા સંતને પરખવા કેવી રીતે ? સાધુ ઓળખવા સ્વયં સાધુ થવું પડે. બનાવટી-વેશધારી-દંભી સાધુને ઓળખવા કેવી રીતે ? એક શ્લોક છે :-

**હંસઃ શ્વેતઃ બકઃ શ્વેતઃ કો ભેદો બક હંસયોઃ ।**
**નીરક્ષીર વિવેકે તુ હંસો હંસઃ બકો બકઃ ॥**

અર્થાત્ હંસ સફેદ છે અને બગલો પણ સફેદ છે. એ બે વચ્ચેનો ભેદ શું ? પાણી અને દૂધને ભેગાં કરી મૂકીએ અને જે દૂધ દૂધ પી જાય અને પાણી જુદું પાડી દે તે હંસ. આવો વિવેક ન હોય તે બગલો.

**વેષધારી વાટમાં, દુર્લભ સંત સુજાણ,**
**સદ્‌ગુરુ પુણ્યે સાંપડે, કરે જ્ઞાનનું દાન.**

(અ.૧.દો.૧૨૨)

જે લોકો દુષ્ટ છે તેઓ એક રીતે સારા ગણાય કારણ કે તેઓ જેવા છે તેવા દેખાય છે, પણ જે ઉપરથી સાધુ જણાય છે અને અંદરથી અસાધુ હોય તે વધારે ખતરનાક છે.

નારાયણ સ્વામી કહે છે :-

**મન મૈલા તન ઉજલા, બગલા કપટી અંગ ।**
**તાતેં તો કૌઆ ભલા, તન-મન એક હી રંગ ॥**

બહારનું સ્વરૂપ જોઈને ભોળવાઈ જવું નહિ એટલે પૂ. બાપજી કહે છે કે ધોળા તેટલા હંસ નહિ. કાળા હોય તે બધા કાગડા નહિ. મીઠું તેટલું માખણ નહિ અને કડવું એટલું ઝેર નહિ. લીમડો કડવો છે, પણ આરોગ્ય માટે સારો છે. કેવળ રૂપ કે સ્વાદથી છેતરાવવું નહિ. સંતનાં સંતત્વની ખાતરી કરી પછી એનો સંગ કરવો. સાચા સંત સેવવાથી મુક્તિનો રસ્તો મળે છે. એટલે જ કહેવાયું છે કે, "સાચા સંત મળવા મુશ્કેલ, મળે તો ઓળખવા મુશ્કેલ અને ઓળખીએ તો જીરવવા મુશ્કેલ."

કલ્યાણના પંથના પ્રવાસીએ અભિમાન-અહંકાર છોડવો રહ્યો. નમ્રતા અને સરળતા જીવનમાં લાવવી પડે. સાચા દિલથી નમન કરનાર-પ્રણામ કરનાર વાંકો વળીને-ડોક નમાવીને બે હાથ જોડીને પ્રણામ કરે છે. નમનમાં વ્યક્તિ અભિમાન ત્યાગીને ન-મનવાળો થવા પ્રયત્ન કરે છે. ચંદન અને વંદન બંને ઠંડક કરે છે. ડભોઈના ભાગવત કથા કરનાર શાસ્ત્રીજી પૂ. બાપજીને સરખેજમાં મળ્યા અને આશીર્વાદ માગ્યા ત્યારે નિરભિમાની બનજો એવું પૂ.બાપજી બોલ્યા નહિ પણ એટલું જ કહ્યું કે, "શાસ્ત્રીજી ! ઘડો નમે તો પાણી ભરાય." કૂવામાં ઘડો દોરડે બાંધી જવા દઈએ પણ એ ઘડો પાણી ઉપર તર્યા કરે તો ? - ઘડામાં પાણી ન ભરાય, પરંતુ એ ઘડો વાંકો વળે-ડોક નમાવે-નમ્ર બને, અભિમાન વગરનો બને તો પાણી ભરાય.

આ અહંકારને મારવો સહેલો નથી. અહં મૂકીને સ્વસ્વરૂપને ઓળખવા માટે તો કઠણ અને કારમી તપશ્ચર્યા કરવી પડે. લોકલાજ છોડીને, કારમી સાધના કરનાર પછી એનું મીઠું ફળ મિષ્ટ-મેવા મેળવે છે. સાત્ત્વિક સુખની આ જ વ્યાખ્યા છે. શરૂઆતમાં ઝેર જેવું

લાગે પણ પરિણામે અમૃત સમાન હોય તે સાત્ત્વિક સુખ, સાચું સુખ.

પાણીનો ધસમસતો પ્રવાહ ઉપરથી આવતો હોય છે અને એ પ્રવાહ નદી સ્વરૂપે સમુદ્રને મળતો હોય છે. જે લોકો આ જગતરૂપી ધારામાં-સંસારરૂપી ધારાના પ્રવાહમાં પડે છે તે સંસારમાં રહી-સંસારી જીવન જીવી આખરે મૃત્યુના મહાસાગરમાં ભળી જાય છે, પરંતુ જે કોઈ વિરલો ધારાના પ્રવાહથી વિરુદ્ધ દિશામાં-ધારાના મૂળ તરફ ગતિ કરે છે-સંસારના પ્રવાહના મૂળની-પ્રવાહના કારણની શોધ કરે છે, તે પછી સુખના અક્ષય ઝરાને પામે છે.

બધાંમાં જો એક જ પરમાત્મા હોય તો પછી પૂ. બાપજીને લોકો પગે લાગે છે અને આપણને કેમ નહિ ? આપણામાં અને પૂ.બાપજીમાં શું ફેર ? આપણામાં અને બાપજીમાં એક જ ફેર. આપણે સંસાર પ્રવાહમાં તણાયા-પ્રવાહની દિશામાં ગયા અને પૂ. બાપજી સંસાર-પ્રવાહના મૂળની દિશામાં ગયા-પ્રવાહથી ઊલટા ગયા. એમાં જોખમ છે, પરંતુ સફળ થાય તેને માટે અક્ષય સુખના ઝરા પણ છે.

પૂ. બાપજીને જુવાનીમાં પ્રભુ દર્શનની જે તરસ લાગી અને જેવી તરસ લાગી એવી આપણને ક્યારેય ન લાગી. તરસથી કંઠ સુકાતો હોય, એની કેવી વ્યથા હોય એ વાત રજૂ કરતી એક હળવી વાત. અતિશય ગરમીમાં ટ્રેનમાં પ્રવાસ કરતાં એક ભાઈને તરસ લાગી. ટ્રેન પ્લેટ ફોર્મ ઉપર ઊભી રહી. એક છોકરો ઠંડું પાણી વેચતો હતો. પેલા પ્રવાસી ભાઈએ પૂછ્યું : એ છોકરા ! પાણીના ગ્લાસનું શું લે છે ?'' છોકરાએ કહ્યું : ચાર આના. પ્રવાસી કહે કે, ચાર આના તે હોતા હશે ? દસ પૈસા હોય. છોકરાએ કહ્યું : કાકા ! તરસ લાગી જણાતી નથી. ખરેખર તરસ્યો હોત તો પહેલાં પાણી પી લેત અને પછી પૈસા પૂછત.

▯ ▯ ▯

## ૪૬. નીતિ નેવે મૂકી રે

**(મનજી મુસાફર રે - એ રાગ)**
**(રાગઃધાની; તાલઃકહેરવા)**

**નીતિ નેવે મૂકી રે, અનીતિ કાં કોટે ધરી?**
**પદમણી મેલી રે, ગુણકા તે શીદ વરી? ..ટેક.**

**[૧]શ્રેય [૨]પ્રેય બે એક ન માનો શ્રુતિએ કહ્યો વિવેક;**
**શ્રેયથી સુખ અક્ષય મળતાં, પ્રેયથી દુઃખ અનેક.**
**[૩]ઉલૂકને ભાવે રે; દિવસથી રાત્રી ભલી.**
**...નીતિ૦ ૧.**

મિષ્ટ મેવા પણ ખરને નકામા, વિષ્ટા જોઈ દોડે એહ;
પામર નર પરમેશ્વર મૂકી, [4]પ્રમદાને પૂજે તેહ;
ફરી ફરી નાવે રે, મનખા આ દેહ હરિ!

... નીતિ૦ ૨.

ઉપર કેવાં સુંદર રસિયાં, માંહે હળાહળ ઝેર;
ઇંદ્રવરણાંના ફલ સમ જાણો, વિષય [5]વિખારની પેર;
મણિ જોઈ મોહ્યો રે, પડ્યા તે તો [6]મોતદરી!

... નીતિ૦ ૩.

સ્વાત્મમાં રમતા સુર કહેવાએ, અસુર ઇંદ્રિયદાસ;
ચાર દિવસ રાજ કરીને, આખર પામે ત્રાસ;
શાણા કેમ ભૂલો રે? પાછું વળી જૂઓ જરી!

... નીતિ૦ ૪.

ક્યાંથી આવ્યા તે કેથે જવાના, મારગ જાય છે ક્યાંય?
આંખ છતાં આંધળા થાઓ, આખર રડશો હાય!
વેળા છતે ચેતો રે, કહું છું હું ફરી ફરી!!

... નીતિ૦ ૫.

---

૧. જેમાં સાચું કલ્યાણ રહેલું છે તે, મોક્ષ. ૨. જે પ્રિય લાગે, છતાં જેમાં પારમાર્થિક કલ્યાણ ન હોય; સાંસારિક સુખ. ૩. ઘુવડ. ૪. સ્ત્રી. ૫. સાપ. ૬. મોતની ખાણ.

યમનિયમનું બખ્તર પહેરી, ધર્મધનુષ સુહસ્ત;
સોહંબાણે લક્ષ્ય વીંધતાં, **રંગ** બ્રહ્માનંદમસ્ત;
અસંગને શસ્ત્રે રે, [1]સંસૃતિ જાય મરી!!

... નીતિ૦ ૬.

# વિવરણ

જીવ એટલે ઉત્તાનપાદ (જેના પગ ઊંચા હોય તે) રાજા. એની બે રાણી. સુનીતિ અનીતિ (શ્રેય) અને સુરુચિ (પ્રેય). આત્માના કલ્યાણાના રસ્તે જવાનું કહે તેથી રાજાની અણમાનીતી રાણી. સુરુચિ શરીરના સુખ-સગવડ અને આનંદના રસ્તે જવાનું કહે તેથી રાજાની માનીતી રાણી. પણ સુનીતિનો દીકરો ધ્રુવ. નીતિના પંથે જાવ તો કાયમી સુખ-અક્ષય સુખ મળે. સુરુચિનો દીકરો ઉત્તમ. અંધકાર (તમ) તરફની ગતિ થાય.

કઠોપનિષદમાં કહ્યું છે કે :-

**શ્રેયશ્ચ પ્રેયશ્ચ મનુષ્યમેત**
**સ્તૌ સમ્પરીત્ય વિવિનકિત ધીરઃ ।**
**શ્રેયો હિ ધીરોડભિ પ્રેયસો વૃણીતે**
**પ્રેયો મન્દો યોગક્ષેમાત્ વૃણીતે ॥**

અર્થાત્ શ્રેય અને પ્રેય એ બંને મનુષ્યની સામે આવે છે. બુદ્ધિમાન મનુષ્ય એ બંનેના સ્વરૂપ પર યોગ્ય રીતે વિચાર કરીને, એમને અલગ અલગ કરીને સમજી લે છે. શ્રેષ્ઠ બુદ્ધિવાળો મનુષ્ય પરમ કલ્યાણ (શ્રેય)ના સાધનને ભોગના સાધનની સરખામણીમાં શ્રેષ્ઠ સમજીને પસંદ કરે છે. જ્યારે મંદબુદ્ધિવાળો મનુષ્ય લૌકિક યોગ ક્ષેમની ઈચ્છાથી ભોગોના સાધનરૂપ પ્રેયને પસંદ કરે છે. (દ્વિતીય વલ્લી. શ્લોક : ૨.)

શ્રેય એટલે જેમાં આપણું-આત્માનું -કલ્યાણ હોય. આખરી પરિણામ સુખદાયી હોય. પ્રેય એટલે મનને ગમે તેવું. આખરી પરિણામ દુઃખદાયી હોય. પ્રેયમાં મન ભોગ તરફ વળે-પરિણામે રોગ થાય-દુઃખી થાય.

નીતિ અને અનીતિ, રામ અને રાવણ, કૃષ્ણ અને કંસ, ધર્મ અને અધર્મ, આ બે વચ્ચનો સંઘર્ષ તો પરાપૂર્વથી ચાલી આવ્યો છે. મનને ખેંચનારી-આકર્ષનારી ભોગવૃત્તિઓ અંતે દુઃખદાયી છે એમ માની જે સાચું છે, જે નીતિમય છે, જે કરવાનું શાસ્ત્રો અને સંતો કહે છે તે કરવું એ સુખદાયી છે. સતી સ્ત્રીને છોડીને કુલટાને નહિ પરણવાનું, પદ્મણીને મૂકીને વેશ્યાને-ગુણકાને નહિ પરણવાનું. ટૂંકમાં બહારનો ભપકો-બહારનું આકર્ષણ છોડી સદ્‌ગુણોને-દૈવી સંપત્તિ ધરાવતી વ્યક્તિને - પસંદ કરવાની.

શ્રેયમાં સાત્ત્વિક સુખ છે. પ્રેયમાં રાજસિક સુખ છે. શ્રેયમાં - સાત્ત્વિક સુખમાં શરૂઆતમાં મુશ્કેલી-ઝેર સમાન જણાય, પરંતુ પરિણામ અમૃત સમાન. રાજસિક સુખમાં-પ્રેયમાં - શરૂઆત અમૃત સમાન પણ પરિણામ ઝેર સમાન. કહેવાયું છે કે, All well that ends well. જેનો અંત સારો તેનું બધું સારું.

પૂ.શ્રી કહે છે કે શ્રુતિ (ઉપનિષદ) કહે છે કે શ્રેય અને પ્રેય બે એક નથી. શ્રેયમાં અક્ષય સુખ છે જ્યારે પ્રેયમાં અનેક દુઃખ છે. સૂર્ય ઊગે છે ત્યારે લોકોને આનંદ થાય છે પણ ઘુવડને દુઃખ થાય છે. ઘુવડ અંધારામાં ફરનારું પક્ષી છે.

જુઓ ! સૂર્ય ઊગે છે જ્યારે, સહુ જનને આનંદ થાયે,
પણ ઘુવડને દુઃખ થાયે રે, નહિ સમજાશે...

પૂર્વ જન્મનાં કર્મો અનુસાર દરેકનો સ્વભાવ હોય છે, દરેકની રુચિ હોય છે.

**સહુ સહુનાં કર્મો જુદાં, સહુની જુદી ટેવ,**
**કોઈને ભાવે લાપસી, કોઈને ભાવે સેવ.**

દૂર્યોધન કહે છે કે : "ધર્મ શું છે તે હું જાણું છું, પણ આચરી શકતો નથી. અધર્મ શું છે તે પણ જાણું છું, પરંતુ એ કરતાં અટકી શકતો નથી." "જાનામિ ધર્મમ્ ન ચ મે પ્રવૃત્તિ । જાનામ્યધર્મમ્ ન ચ મે નિવૃત્તિ । દરેકના અંતરમાં કુરુક્ષેત્ર અને ધર્મક્ષેત્ર છે. સદ્‌વૃત્તિરૂપી પાંડવ અને દુર્વૃત્તિરૂપ કૌરવો વચ્ચે યુદ્ધ ચાલ્યા જ કરે છે. શ્રેય એટલે પાંડવો. પ્રેય એટલે કૌરવો. આ માનવદેહ દુર્લભ છે. અનેક પુણ્યોને લઈને એ મળ્યો છે. આ માનવદેહ મોક્ષનું દ્વાર છે. એના દ્વારા રામ ભજન કરીને પરલોક સુધારવાનો છે. સંત તુલસીદાસ કહે છે :-

**બડે ભાગ માનુષતનુ પાવા । સુરદુર્લભ સદ્‌ગ્રંથન ગાવા ॥**
**સાધનધામ મોક્ષકર દ્વારા । પાઈ ન જેહિં પરલોક સંવારા ॥**

પૂ. બાપજી ઉદાહરણ આપે છે કે, ગધેડાને મેવા-મીઠાઈ ભાવતા નથી. વિષ્ટ જોઈને દોડે છે. એ જ રીતે પામર સંસારી પરમેશ્વરને મૂકીને પ્રમદા (સ્ત્રી) પાછળ દોડે છે. આ માનવદેહ વારે વારે મળતો નથી. એ પૂર્વના પુણ્યે મળ્યો છે, તો હરિભજન કરી મેવા-મીઠાઈ ખાઈને આનંદ કરો. એક ભજનમાં પૂ. બાપજી લખે છે :-

**હરિરસ પીધો તે નર જીત્યો, બીજા એળે જાય,**
**ખાંડ-જલેબી મૂકી પામર, કૂકર વિષ્ટા ખાય... હરિના નામનો.**

સંસારમાં રહી, સંસારના ભોગો ભોગવી આનંદ માણતાં સંસારીને ખબર નથી કે એ ભોગ નથી ભોગવતો પણ ભોગો એને ભોગવે છે. ઉપરથી સુંદર જણાતાં-સુખરૂપ જણાતાં -ભોગો ઝેર સમાન છે એની ખબર જ્યારે એનું પરિણામ ભોગવવાનું આવે ત્યારે ખબર પડે છે. વિષયરૂપી ઝેરી સાપ-વિષય વિષારિ વિખાર - અંતે રોગ જન્માવે છે. ઈંદ્ર વરણાનાં ફળ ઉપરથી રૂપાળાં હોય છે. રૂપાળું છે માટે સ્વાદે પણ સારું છે એમ માનીને કોઈ ખાય તો ખબર પડે કે આ તો હળાહળ ઝેર જેવું કડવું છે.

શ્રેયનો વિચાર કરે - આત્માનો વિચાર કરે - આત્મામાં રમે તે સુર-દેવ, અને દેહના ભોગોમાં-પ્રેયમાં રમે તે અસુર-દાનવ. જે હંમેશાં દેહનો અને દેહના-સુખનો જ વિચાર કર્યા કરે તે અસુર. અસુર એટલે અસુ (પ્રાણો)માં રમનારો. શરીર તો નાશવંત છે. એ શરીરમાં રહેલા આત્માનો વિચાર કરવો જોઈએ. ઇન્દ્રિયોના ભોગવિલાસ ચાર દિવસ આનંદ આપે અને પછી રોગનો ત્રાસ આપે. ડાહ્યો માણસ લાંબા ગાળાનો વિચાર કરે.

માણસે રોજ થોડો સમય એકાંતમાં બેસી વિચારવું જોઈએ કે, હું કોણ છું ? હું ક્યાંથી આવ્યો છું ? હું ક્યાં જવાનો છું ? હું અહીં શા માટે આવ્યો છું ? ખાઓ-પીઓ અને લહેર કરો - Eat-Drink and be Marryની વૃત્તિ એટલે જ રાક્ષસી વૃત્તિ. સમયસર

ચેતીને જે કરવાનું છે તે કરો. દેહનું કલ્યાણ થાય એવું કરો નહિતર રડવાના દિવસો આવશે- પસ્તાવાના દિવસો આવશે.

માનવ જન્મ સફળ થાય, જન્મ મરણનો ફેરો ટળે એ માટે શું કરવાનું ? પૂ. બાપજી કહે છે કે યમ-નિયમનું બખતર પહેરો. બખતર પહેર્યું હશે તો સામેના પ્રહારો ઝીલી શકાશે. ધર્મરૂપી ધનુષ હાથમાં રાખો. સામે આવેલાં દૂષણોને મારવા માટે ધનુષ દ્વારા બાણને છોડી શકાશે. આમ, ધનુષ એ બાણ છોડવાનું સાધન છે. સોઽહં રૂપી બાણ ચઢાવીને લક્ષ્ય વિંધવાનું છે. સોઽહં એ શ્વાસોચ્છ્શ્વાસ દ્વારા થતો અજપાજપ છે. શ્વાસ લઈએ ત્યારે થતો અવાજ 'સો' જેવો છે. શ્વાસ બહાર કાઢીએ ત્યારે 'હં' જેવો અવાજ થાય છે. આ સોઽહં-શ્વાસોચ્છ્વાસ સાથે થતા જાપ માટે પ્રયત્ન કરવો પડતો નથી. સોઽહંના જાપ દ્વારા બ્રહ્માનંદમાં મસ્ત બનીને અસંગનું શસ્ત્ર હાથમાં રાખીને જીવવાથી સંસૃતિ-જન્મમરણનું ચક્ર મટી જાય છે.

આ ભજનનું લક્ષ્ય એ છે કે, જન્મમરણનો ફેરો ટાળવા આ માનવદેહ મળ્યો છે. શ્રેયપંથના પ્રવાસી બનીને એ લક્ષ્ય સિદ્ધ કરશો તો અક્ષય સુખ પામશો.

□ □ □

## ૪૭. હરિજન આવો રે

**(મનજી મુસાફર રે - એ રાગ)**
**(રાગઃધાની; તાલઃકહેરવા)**

**હરિજન આવો રે, હેતે હરિરસ પીવા;**
**ગુણીજન ધાઓ રે, ખાંતે હરિગુણ ગાવા. ... ટેક.**

**જનમ ધર્યાનો એ જ લ્હાવો છે, બીજું સઘળું ફોક;**
**ચેત્યા તે નર છૂટ્યા ભવથી, બીજા મૂકે પોક;**
**સુરિજન સેવો રે, રુદિયામાં થાય દીવા. .હરિજન૦ ૧.**
**[૨]સુર પીએ સુધારસ સ્વર્ગે, મદ્યપી મદ્યમાં મસ્ત;**
**પ્રેમની લહેજત પ્રેમી જાણે, પીએ કો પ્રેમી ભક્ત;**
**સમુંદર મોતી રે, લેતા તે તો મરજીવા. .હરિજન૦ ૨.**
**[૩]ભંગુર ભોગની ભીખ ન માગે, [૪]સ્વાનંદરત [૫]સમ્રાટ;**
**ભાંડ ભવાઇથી [૬]ભટ ન રીઝે, રીઝે નટવો ભાટ;**
**આંખ ખોલી દેખો રે, માંહે છે દેવ નવા. .હરિજન૦ ૩.**

**હરિ હરિ સહુ કોઈ કહે રે, શઠ સાધુ શાહુકાર;**
**ભવભયહારક તે હરિ જુદો, રંગ હૈયાનો હાર;**
**સોહં સોહં બોલે રે, જાણે કોઈ ભેદુ દવા. .હરિજન૦ ૪.**
**ચઢતાં ચઢતાં રંગ ચઢે રે, આવરણ થાયે ભંગ;**
**ધ્યાતાં ધ્યાતાં ધ્યેય થવાએ, દેહનો છૂટે સંગ;**
**દેહે દેવ દીઠો રે, જીવ શિવ એક થયા. .હરિજન૦ ૫.**

---

૧. જન્મમરણના પ્રવાહરૂપ સંસાર. ૨. દેવ. ૩. નાશવંત. ૪. નિજાનંદમાં મસ્ત. ૫. બાદશાહ. ૬. જોદ્ધો.

▯ ▯ ▯

# વિવરણ

**તુલસી રસના તૌ ભલી સુમિરે જો હરિનામ ।**
**ના તો કાટ નિકારિ હૌં, મુખમેં ભલો ન ચામ ॥**
**સુખ દેવે દુઃખકો હરે, કરે પાપકા અન્ત ।**
**કહ કબીર વહ કબ મીલે, પરમ સનેહી સન્ત ॥**
**હરિજન ઐસા હોત હૈ, જાકો હરિકા સંગ ।**
**બિપત પડે બિસરે નહીં, ચઢે ચૌગુના રંગ ॥**

સમાન ગુણ, સમાન શીલ, સમાન રુચિ અને સમાન વયના લોકો વચ્ચે સખાપણું હોય છે, મિત્રતા હોય છે. પોતાના જેવી રુચિ ધરાવનારાઓ આવે તો વ્યક્તિને ગમે. એટલે જ તો કહેવાયું છે કે, A man is Known by the Company that he keeps. માણસ કેવો છે તે એના મિત્રો કેવા છે એ જોવાથી ખબર પડે.

આ ભજનમાં પૂ. બાપજી પોતે સંત છે, હરિજન છે માટે બીજા હરિના જનોને બોલાવે છે. ''હરિજન આવો રે'' આવો પોકાર કરે છે.

પૂ.શ્રી હરિજનને શા માટે બોલાવે છે ? હરિરસ પીવા બોલાવે છે, પરંતુ આ હરિજન હેતથી-પ્રેમથી હરિરસ પીવા આવે એવી પૂ.બાપજીની ઇચ્છા છે. બીજા એક ભજનમાં પણ પૂ.શ્રીએ આવો જ ભાવ વ્યક્ત કર્યો છે. તેઓ કહે છે કે :-

**આવો હરિજન હેતે રામને સંભારો,**
**રામને સંભારો હેતે હરિને સંભારો.**

મનમાં હરિના નામની રુચિ હોય તો જ હરિરસ પીનારને અને પાનારને આનંદ આવે.

પછી પૂ. બાપજી ગુણીજનોને આવવાનું કહે છે. ગુણીજનને ખંતથી હરિગુણ ગાવાનું કહે છે.

ભગવાનનું ભજન કરવામાં એટલે કે હરિરસ પીવામાં પણ ભગવાનની કૃપા જોઈએ.

**દુર્લભ માનુષ જન્મ હૈ મીલે ન દૂજી વાર ।**
**પક્કા ફલ જો ગીર પડા, લગૈ ન ફિરસે ડાર ॥**

આ માનવદેહ મળ્યા પછી મનુષ્ય જો જન્મમરણનાં ચક્કરમાંથી છૂટવાનું સાધન ન કરે તો એણે મોઘો માનવ જન્મ વેડફી માર્યો એમ કહેવાય. માણસ મૃત્યુ પામે અને જો એને દાટવામાં આવે તો એના કીડા થાય, જનાવર ખાય તો વિષ્ટા થાય અને અગ્નિમાં બાળે તો ભસ્મ થાય છે. આવું નશ્વર શરીર બીજી રીતે મોક્ષનું દ્વાર પણ છે, જન્મમરણનો ફેરો ટાળવાનું સાધન છે અને સહુનું લક્ષ્ય એ મોક્ષ મેળવવાનું હોવું જોઈએ.

પૂ.શ્રી કહે છે કે : હરિરસ પીને મોક્ષ પામવો એ જ જન્મધર્યાનો લહાવો છે. એ સિવાયનું બીજું બધું નકામું છે. આવું સમજીને, ચેતીને જેઓ હરિભજનના પંથે વળી ગયા તે ભવથી છૂટી ગયા અને જેઓ સંસારના પંથે વળ્યા તે લખચોરાસીનાં ચક્કરમાં પડી ગયા. સંતોનો-વિદ્વાનોનો સંગ કરો, જેથી હૃદયમાં જ્ઞાનનો પ્રકાશ થાય.

સંત તુલસીદાસ કહે છે કે :-

**એક ઘડી આધી ઘડી આધીમેં પુનિ આધ ।**
**તુલસી સંગત સંતકી કટે કોટિ અપરાધ ॥**

સુરિજન-અનુભવી સંતોનું આચરણ જ ઉપદેશરૂપ હોય છે. 'વૃત્તિથી વૃત્તિ ઘડાય' એ ન્યાયે સંતનું સદાચરણ જોઈને એનો સંગ કરનાર સંસારી પણ સાચા પંથે વળી જાય છે.

સંત બે કામ કરે :-

**(૧) પ્રભુનાં ચરણમાં પ્રેમ કરાવે (૨) માયાનો-અજ્ઞાનપણાનો - ભારે ભ્રમ મિટાવે.**

મોટા ખેતરમાં આંબો, લીમડો કારેલાનો છોડ બધા ઊગે. ખેતરની જમીન એકસરખી છે, પરંતુ આંબો એ ધરતીમાંથી મીઠો રસ ચૂસીને મીઠી કેરી આપે. જ્યારે લીમડો અને કારેલા ધરતીમાંથી કડવો રસ ચૂસી કડવી લીંબુડી કે કડવા કારેલા જ આપે. આવું કેમ ? આનો જવાબ એ જ કે દરેક પોતાના સ્વભાવઅનુસાર વર્તે.

**હંસ મોતીડાં ચરે, વાયસ વિષ્ટા ખાય ।**
**વિષયી દોડે વિષયમાં, ભક્ત ગુરુકથા ગાય ॥**

(અ.૧.દો.૧૧૨.)

**થાશે અમૃત વૃષ્ટિ ત્યાં, ધર્મમેઘની જાણ,**
**હરખાશે ચાતક સુધી, રડશે વાયસ માન.**

(અ.૩૦. દો.૧૨૮.)

દેવો સ્વર્ગમાં સુધારસ-અમૃત પીવે. દારૂડિયો દારૂ પીને દારૂમાં મસ્ત બને અને ભગવાનનો પ્રેમી ભક્ત હરિરસ પીવે અને પ્રેમની લહેજત માણે. દરેક વ્યક્તિ પોતાની પ્રકૃતિ પ્રમાણે-રુચિ પ્રમાણે વર્તે. માખી અને મધમાખી બે બહેનો હોવા છતાં માખીને વિષ્ટા અને મધમાખીને સુગંધીદાર પુષ્પો ગમે. સમુદ્રમાં મોતી છે. આ મોતીને લાવવાનું કામ ખૂબ જોખમી છે, પરંતુ મરજીવા હોય તે જોખમ ખેડીને મોતી લઈ આવે છે. આવું જ પ્રભુના પંથનું છે.

**હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને,**
**પરથમ પહેલાં મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને.**

સાહસ કરીને મોતી લાવનાર મરજીવો પછી જીવનમાં સુખનો આનંદ માણે છે. હરિનું નામ લેનારો તો હરિથી પણ મોટો બની જાય છે. પછી તો હરિજનની પાછળ પાછળ હરિ ફરે છે. હરિજન જ્યાં કીર્તન કરતો હોય ત્યાં ભગવાન ખડે પગે ઊભા રહે છે. ભગવાન નારદને કહે છે કે :**મદ્ભક્તા યત્ર ગાયન્તિ તત્ર તિષ્ઠામિ નારદ ।**

હરિરસ પીવો એ શ્રેયનો માર્ગ છે. સંસારના ભોગ ભોગવવા એ પ્રેયનો માર્ગ છે. જેણે બ્રહ્માનંદ માણ્યો છે એવા નિજાનંદમાં મસ્ત રહેતો સંત કોઈ દિવસ દુનિયાના ભોગોની ઈચ્છા કરશે નહિ. સ્વાનંદ સમ્રાટ કોઈ દિવસ વિષયભોગની ભીખ માગે નહિ. નાટક-ચેટક કે ભાંડ ભવાઈનાં દૃશ્યો યોદ્ધાને ગમે નહિ. યોદ્ધો તો રણમેદાનમાં તલવાર લઈને દુશ્મનોને ભગાડવામાં આનંદ માણે. આવાં નાટકો ચેટકોમાં નહિ. હરિરસ પીનારો પછી અંતર્મુખ બને તો એને પોતાના સ્વસ્વરૂપ વિશે-અંતરમાં રહેલા દેવ વિશે-જ્ઞાન થાય. એ ધીરે ધીરે આત્મરત બને, આત્મક્રીડ બને અને પોતાનું કલ્યાણ કરે.

શ્રીહરિનું નામ બોલવા ખાતર, લોકોને બતાવવા ખાતર નથી બોલવાનું. હરિ સાથે પ્રેમ થાય, હરિ સાથે એકતા થાય અને અંતે પોતે હરિ સ્વરૂપ બની જાય એવા લક્ષ્ય સાથે હરિનામ ગાવાનું છે. શ્વાસોશ્વાસમાં રહેલા 'સોઽહં'નો અજપાજપ થાય એ સ્થિતિએ પહોંચવાનું છે. આ "સોહં"ની ઉપાસના શ્રેષ્ઠ ઉપાસના છે. આ સોઽહંનો પૂ.શ્રીએ અનેક ભજનમાં ઉલ્લેખ કર્યો છે.

- **રંગ દીવાના ફિર ફિર ગાઈ, સોઽહં સોઽહં બેણું બજાઈ,**
  **વૃત્તિ-ગોપિકા વ્રજ નચવાઈ !... તપસી.**
- **હૃદય કમળની સેજ બિછાવી, સોઽહં પંખો હાથ;**
  **વાસનવસ્ત્ર ફગાવી વાલમ, વાટ જોઉં દિનરાત... બાલમ.**
- **મન બૃંદાવન મોહન નાચત રવિ વિધુ રથ થંભાયો,**
  **સોઽહં બંસી મધુર બજાવત, કાલીય-કામ હરાયો.**
  **શૂન્ય સમુંદર ધાયો.. ઘનઘોર.**

● શ્વાસ સાથે **સોઙહં** કથે જીવ શિવનો ભેદ જ મટે... મનનસાર.

સોઙહંનો અજપાજપ ચાલતો હોય અને મન લક્ષ્યમાં સ્થિર થવા લાગે એટલે ધીરે ધીરે આવરણ હટે. આવરણ-અજ્ઞાન ખસવાથી જ્ઞાનનો પ્રકાશ પથરાય અને જીવનો જે ભ્રમ હતો તે દૂર થતાં પોતે શિવ છે એનું ભાન થાય છે. દેહાધ્યાસ છૂટતાં દેહમાં રહેલા આત્માનું-સ્વસ્વરૂપનું - દર્શન થાય છે. દેવ-દેવતાનો - અર્થ જ પ્રકાશ થાય છે. આમ, હરિરસ પીતાં પીતાં સાધક અંતે લક્ષ્ય સિદ્ધ કરે છે. ભક્તિ એ જ્ઞાનની માતા છે.

□ □ □

## ૪૮. હરિ હરિ ગાતાં રે, હરિજન હરિ થયા

(મનજી મુસાફર રે - એ રાગ)
(રાગઃધાની; તાલઃકહેરવા)

હરિ હરિ ગાતાં રે, હરિજન હરિ થયા;
નિર્ગુણ ધ્યાતાં રે, ગુણાતીત પોતે થયા. ...ટેક.

[૧]કિશોર વયની બાળા નિશદિન માત થવા તલસાય;
ઢીંગલાઢીંગલી રમતાં કોડે, અંતે માતા થાય;
જેવી જેની બુદ્ધિ રે, તેવા નર તેહ થયા. ...હરિ૦ ૧.

કીટ ભમરીનું ધ્યાન ધરે છે, જાત [૨]વિજાતીય એહ;
ભયથી ધ્યાતાં ભમરી થાએ, કેમ ખાલી જશે [૩]નેહ?
ધ્યાતાં ધ્યેય નિશ્ચે રે, જીવ તે તો શિવ થયા. ...હરિ૦ ૨.

સંગ દુઃખનું મૂળ તજીને, અસંગ આતમ ધ્યાય;
અંદર રહીને અળગો ખેલે, ચિદાનંદરૂપ થાય;
નર કરણી કરી રે, નારાયણ પોતે થયા. ...હરિ૦ ૩.

દૂધ દારૂ બે સાથે ટકે ના, વિકૃતિ બમણી થાય;
દેવદાનવનું [૪]સખ્ય ટકે ના, રુધિર **રંગ** રેલાય;
વિષયની વાટે રે, વિશ્વંભર વિમુખ થયા. ...હરિ૦ ૪.

**ઊઠતાં બેસતાં એની જ વાતો, હરતાં ફરતાં ધ્યાન;**
**સુરતાનો તાર તૂટે નહિ ને, નાશ પામે અજ્ઞાન;**
**ભ્રમ જાતાં આપે રે, જ્ઞાની તે તો બ્રહ્મ થયા. ...હરિ૦ ૫.**

---

૧. નાની ઉંમરની. ૨. બીજી જાતની. ૩. પ્રેમ. ૪. મિત્રતા.

▯ ▯ ▯

# વિવરણ

આ ભજનમાં પૂ. બાપજી નામસ્મરણનો મહિમા સમજાવે છે. ભગવાનનું નામસ્મરણ કરતાં કરતાં નામસ્મરણ કરનાર પોતે ભગવાન સ્વરૂપ જ થઈ જાય છે. પૂ.શ્રી કહે છે કે હરિ હરિ ગાતાં રે, હરિજન હરિ થયાં. કોઈ પણ દેવનું સતત સ્મરણ કરવાથી તે સ્મરણ કરનાર દેવસ્વરૂપ બની જાય છે. આને કીટ-ભ્રમરન્યાય કહે છે. ભમરી કીડાને પોતાના દરમાં લાવીને થોડે થોડે સમયે ડંખ મારે છે. એકવાર ડંખ માર્યા પછી થોડીવારે ભમરી પાછી જઈને ડંખ મારે છે. આને કારણે ભમરી ડંખ નથી મારતી એ વચગાળામાં કીડાના મનમાં એમ થાય છે કે, ''આ ભમરી આવી અને મને ડંખ મારવાની.'' આવી ભમરી ડંખ નથી મારતી તોપણ કીડો સતત ભમરીનું જ ચિંતન કર્યા કરે છે. પરિણામે કીડો પોતે જ ભમરી થઈ જાય છે. આ વાતને સ્પષ્ટ કરતાં પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે કે :-

**કૃષ્ણ કૃષ્ણ કરતાં થઈ ગોપી કૃષ્ણસ્વરૂપ,**
**ગુરુ ગુરુ કરતાં શિષ્યનું રહે ન પૂર્વ સ્વરૂપ.**
(અ.૧૦૬. દો.૨.)

માણસ પોતે સતત હરિસ્મરણ કરે તો એ હરિ બની જાય એમાં શું નવાઈ ? જીવ તો પોતે બ્રહ્મ જ છે. સતત સ્મરણથી જીવને થયેલો ભ્રમ દૂર થાય એટલે એ સ્વયં શિવ-બ્રહ્મરૂપ છે એનું ભાન થાય. પૂ.શ્રી લખે છે કે :-

**કીટ ભ્રમરધ્યાને સ્વયં, થાય ભ્રમર સાક્ષાત્,**
**ધ્યાનપ્રભાવ એ નકી, જાણે લોક સુજાત.**
**જીવ બ્રહ્મ મૂળે સ્વયં, કરે સ્વસ્વરૂપ ધ્યાન,**
**થાએ બ્રહ્મસ્વરૂપ તો, શું એ આશ્ચર્ય સુજાણ.**
(અ.૧૬.દો.૧૨૮,૧૨૯.)

હરિ હરિ ગાતાં રે હરિજન હરિ થયાં એ સ્મરણનો પ્રભાવ છે અને નિર્ગુણ ધ્યાતાં રે, ગુણાતીત પોતે થયાં એ ધ્યાનનો પ્રભાવ છે. નામસ્મરણનો પ્રભાવ અર્ધ જાગ્રત મન

ઉપર થાય છે. આ અર્ધ જાગ્રત મન ઉપર પડેલા સંસ્કારો મૂર્છા અવસ્થામાં જાગે છે અને જીવ બેભાન હોવા છતાં નામસ્મરણ કરે છે. નામી નામને આધીન છે. રામે (નામીએ) તો કેટલાક ભક્તોને જ તાર્યા જ્યારે રામનામે તો લાખોને તાર્યા.

**નામ ચઢે નામી થકી, જાણે સહુ સંસાર,**
**નામી તારે કોકને, તારે નામ હજાર.**
**નામતણા આશ્રય થકી, નામી મળે જરૂર,**
**નામ-ભજનથી પરમ સુખ, ભવદુ:ખ થાયે દૂર.**

જીવની કરુણતા-લાચારી કેવી છે ? નામ લેવામાં કોઈ ખર્ચ થતો નથી, ગમે તે વ્યક્તિ, ગમે ત્યારે, ગમે ત્યાં નામ લઈ શકે અને એનું પરિણામ તો કેવું જોરદાર છે કે ભક્ત પોતે જ ભગવાન થઈ જાય અને છતાં જીવ હરિ નામસ્મરણ કરી શકતો નથી-કરતો નથી. 'સસ્તું ભાડું અને સિદ્ધપુરની જાત્રા'ની જેમ ''સરળ નામસ્મરણ અને બહુ મોટો લાભ'' હોવા છતાં આપણે એ લાભ લેતા નથી. લાભ લેવાનું ગમતું નથી. નાના છોકરાંને રમાડવા માટે તાળી પાડનાર ભજનમાં તાળી પાડતાં શરમાય છે.

પૂ.શ્રી નામસ્મરણ કરનાર - હરિ હરિ ગાનાર-હરિ થાય છે એ વાત સમજાવવાં એક ઉદાહરણ આપે છે. પૂ.શ્રી કહે છે કે, નાની ઉંમરની છોકરી ઢીંગલા ઢીંગલીની રમતમાં પોતે 'મા' હોય એમ વર્તે છે. રમતમાં 'મા' થનારી બાળકી મોટી થતાં ખરેખર માતા બને છે. માણસ શું થશે ? કેવો થશે ? એ બુદ્ધિ પર આધારીત છે. નામસ્મરણથી બુદ્ધિ પવિત્ર થાય છે. પછી પૂ. બાપજી કીટ-ભમરીની વાત કરીને કહે છે કે, ધ્યાનપ્રભાવે ધ્યાન કરનાર જેવું ધ્યાન ધરતો હોય તે સ્વરૂપ જ થઈ જાય છે, જીવ શિવ થઈ જાય છે.

**જે જેનું ચિંતન કરે તે તદ્રૂપ થઈ જાય,**
**'પાપીગણુ' રંગે રમે તો રંગરૂપ થઈ જાય.**

પૂ. પાગલ મહારાજ એમના ભજન-કીર્તન નામના પુસ્તકમાં લખે છે કે, ભગવાનના નામનું સર્વશ્રેષ્ઠ ફળ એ જ છે કે, એમાં જપથી હૃદયમાં એક પ્રકારની અપૂર્વ પ્રસન્નતા પ્રગટ થાય છે. ભગવાનના નામનો જપ કરનાર સાધક મોક્ષની કે દુ:ખનો અંત આવે એવી ઈચ્છા કરતો જ નથી. ભગવાનનું નામસ્મરણ કર્યા કરવું-જપયોગ ચાલુ રાખવો એ જ એનું લક્ષ્ય છે.

ગમે તે યોનિમાં, ગમે તે સ્થળે, ગમે તે પરિસ્થિતિમાં હરિનું સ્મરણ બન્યું રહે એ જ એની ઈચ્છા છે. વિષ્ણુ સહસ્ર નામમાં યુધિષ્ઠિર ભીષ્મને પૂછે છે કે :-

**કો ધર્મ: સર્વ ધર્માણાં ભવત: પરમો મત: ।**
**કિં જપન્મુચ્યતે જન્તુર્જન્મ સંસાર બંધનાત્ ॥**

(શ્લોક:૩.)

આ શ્લોક પર ભાષ્ય લખતાં જગદ્‌ગુરુ શંકરાચાર્ય લખે છે કે, જન્મમરણના બંધનમાંથી છૂટવા માટે 'જન્તુ' એ શાનો જપ કરવો જોઈએ ? અહીં 'જન્તુ' શબ્દ દ્વારા નામસ્મરણનો અધિકાર સમસ્ત પ્રાણીઓને-જંતુઓને - છે એ ધ્યાન ખેંચે છે. પોતાના દીકરામાં આસક્તિ ધરાવનાર અજામિલ મરતી વખતે દીકરાને બોલાવવાના હેતુથી 'નારાયણ નારાયણ' બોલ્યો તોપણ તેને દૂતો સ્વર્ગમાં લઈ ગયા તો ભગવાન ઉપર પ્રેમ રાખીને જપ કરીએ તો સ્વર્ગ ન મળે ?

માનવ તરીકે જન્મીને, માનવ તરીકે જીવીને એવું તે શું કર્યું કે જેથી નરમાંથી નારાયણ થઈ ગયા ? આનો જવાબ આપતાં પૂ.શ્રી નરમાંથી નારાયણ બનવાની રીત બતાવે છે. બધાં દુઃખનું મૂળ સંગ છે એમ સમજી નિઃસંગી બનવું. નિઃસંગી બની આત્માનો વિચાર કરવો-આત્માનું ધ્યાન કરવું. આત્મવિચાર કરતાં કરતાં, એનું ધ્યાન-મનન-નિદિધ્યાસન કરતાં સાધક નરમાંથી નારાયણ બને છે, ચિદાનંદરૂપ બની જાય છે.

પરંતુ નરમાંથી નારાયણ થવા ઈચ્છનારે સંસારના ભોગો, સંસારીનો સંગ બધું છોડવું પડે. પૂ. પ્રકાશાનંદજી મહારાજ કહે છે કે, સંસારના સુખ ભોગવતાં ભોગવતાં આત્મતત્ત્વને પામવાના પ્રયત્નો કરવા એ મગરને લાકડું માની એની મદદથી નદી તરવા જેવું છે. એક દૃષ્ટાંત આપતાં એમણે કહ્યું કે ઈબ્રાહીમ નામનો એક રાજા. રાજાના સુખ-ઐશ્વર્ય ભોગવતાં ભોગવતાં આત્મદર્શન માટે પ્રયત્ન કરતો હતો. એક દિવસ મહેલમાં ત્રીજે માળે તે સૂતો હતો ત્યારે કોઈ વ્યક્તિનાં પગલાંનો અવાજ આવતાં તેણે પૂછ્યું કે, તમે કોણ છો ? સામેથી જવાબ મળ્યો કે, હું મુસાફર છું અને મારું ઊંટ ખોવાયું છે તે શોધવા આવ્યો છું. રાજાએ કહ્યું : મૂરખ ! ત્રીજે માળે ઊંટ ચઢીને આવી શકે ખરું ? એ શક્ય ખરું કે ? મુસાફરે કહ્યું કે, જો રાજા તરીકેનો સુખ-વૈભવ ભોગવતાં ભોગવતાં આત્મપ્રાપ્તિ શક્ય થતી હોય તો ઊંટ માટે ત્રણ માળ ચઢવા કેમ શક્ય નથી ? ઈબ્રાહિમ રાજાને સત્ય સમજાયું. રાજ્ય છોડી, એકાંત સેવી સાધના કરવા માંડી.

સંસારના વિષયોપભોગ અને નારાયણ થવાની ઈચ્છા એ એકબીજાથી વિરુદ્ધ સ્વભાવના છે. દૂધ અને દારૂ બે સાથે પીવાથી બમણી વિકૃતિ થાય - Reaction આવે. દેવ અને દાનવમાં મિત્રતા ન હોય. એકબીજાના તે અવરોધક છે, પૂરક નથી.

એક પ્રભાતિયામાં પૂ.શ્રી લખે છે :-

**વિષયની વાતમાં વિષ્ણુ ભૂલી ગયા,**
**રાખની આશમાં લાખ ખોયા.**
**દેહની ચિંતામાં દેવ કોરે રહ્યા,**
**મોહિની જાળમાં સર્વ મોહ્યા.**

વિષય અને વિષ્ણુ ઉત્તર અને દક્ષિણ દિશા જેવી પરસ્પર વિરોધી વસ્તુ છે. નરમાંથી

નારાયણ થનારે શ્વાસે શ્વાસે નામસ્મરણ કરવાનું ભગવાનમાં સુરતાનો તાર સાંધી રાખવાનો. પનિહારી જેમ હાથ હલાવતી અને વાતો કરતી ચાલી જતી હોય તોપણ તેનું ધ્યાન તો માથે મૂકેલા ઘડામાં જ હોય છે. એ રીતે ઊઠતાં-બેસતાં, હરતાં-ફરતાં ભગવાનની જ વાતો અને ભગવાનનું જ ધ્યાન ધરવાથી ભ્રમ દૂર થાય છે, આવરણ હટે છે, અજ્ઞાન નાશ પામે છે અને સાધક જ્ઞાની થઈ બ્રહ્મસ્વરૂપ બની જાય છે.

આપણું જીવન કેવું છે ? આપણે જ્ઞાની થવું છે, બ્રહ્મને જાણવું છે, પણ સંસારીનો સંગ છોડવો નથી. વિષયોપભોગ ત્યાગવો નથી.પૂ. બાપજી કહે છે તેમ : ‘‘ઝેર ખાવું છે અને અમર થવું છે.’’ પુણ્યનું ફળ જોઈએ છે પણ પુણ્યકર્મો કરવાં નથી. આવું જીવીએ તો તો બાવાના બંને બગડે. અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ થવાય. ‘‘ધોબીનો કૂતરો નાહિ ઘરનો કે નાહિ ઘાટનો’’ એવી દશા થાય.

ભજનો ગાવાં એટલે એમાં સૂચવેલો અર્થ સમજવો અને જીવનમાં ઉતારવો.

□ □ □

## ૪૯. વાણીમાંહી શૂરા રે

**(મનજી મુસાફર રે - એ રાગ)**
**(રાગઃધાની; તાલઃકહેરવા)**

**વાણીમાંહી શૂરા રે વળો નિજ મૂળ ભણી;**
**પાખંડમાં પૂરા રે, પળો સત્પંથ ભણી. ...ટેક.**

**કા કા કરે રે કાક અતિશે, સોહં હંસ અવાક્;**
**ખાલી ગર્જે મેઘ શરદમાં, [1]નિઃસ્વન વર્ષે [2]દ્રાક્;**
**જાણ્યું કહ્યે ના જાણે રે, ન્યારી રીત જ્ઞાન તણી. ...વાણી૦ ૧.**

**ભરાયે મોઢું બંધ જ થાએ, અધૂરો કરે અવાજ;**
**ચિત્રની સેનાથી જુદ્ધ ન થાએ, એ તો જોવા માતર સાજ;**
**[3]ચલચ્ચિત્ર જેવાં રે, જોવા થાએ ગિરદી ઘણી. ...વાણી૦ ૨.**

**ખોટા જગતમાં ખોટું પૂજાએ, સત્ય ભગવંતને ત્યાંય;**
**વેશ્યાવાડામાં જો સતી જાયે તો, ખત્તા બાવન ખાય;**
**સાનમાં સમજાવે રે, રીતિ એ તો સંત તણી. ...વાણી૦ ૩.**

**નાટકી રાજા જો રણે ચઢે તો, ખેલ અનેરો થાય;**
**પાખંડી પ્રસંગ આવી પડતાં, આપ ઉઘાડો થાય;**
**સૂરજ કેમ છીપે રે, છાયામહીં વાદળની? ...વાણી૦ ૪.**

**કામાદિ શત્રુને નિઃશેષ મારે, તેજ પામે પરિબ્રહ્મ;**
**રાજા કહાવે ને પેટ નચાવે, એવો અજ્ઞાનીનો ભ્રમ;**
**રંગ જોઈ રાચે રે, દોડે જગ ભાંડ ભણી. ...વાણી૦ ૫.**

---

૧. નિઃશબ્દ. ૨. જલદીથી. ૩. સિનેમા.

▯ ▯ ▯

# વિવરણ

મુંડકોપનિષદમાં કહ્યું છે કે :-

**નાયમાત્મા પ્રવચનેન લભ્યો**
**ન મેધયા ન બહુશ્રુતેન ।**
**યમેવૈષ વૃણુતે તેન લભ્યઃ**
**તસ્યૈષ આત્મા વિવૃણુતે તનું સ્વામ્ ।।**

(દ્વિતીય ખંડ,શ્લોક :૩)

અર્થાત્ આ પરબ્રહ્મ પરમાત્મા ન તો પ્રવચન કરવાથી કે ન તો બુદ્ધિથી કે ન તો બહુ સાંભળવાથી પ્રાપ્ત થાય છે. એ જેનો સ્વીકાર કરી લે છે તેના દ્વારા જ તે પ્રાપ્ત થઈ શકે છે, કારણ કે આ પરમાત્મા એને માટે પોતાના યથાર્થ સ્વરૂપને પ્રગટ કરી દે છે.

વળી, શ્રુતિ કહે છે કે :-

**નાયમાત્મા બલહીનેન લભ્યઃ**
**ન ચ પ્રમાદાત્તપસો વાપ્યલિંગાત્ ।**
**એતૈઃ ઉપાયૈઃ યતતે યસ્તુ વિદ્વાન્**
**તસ્યૈષ આત્મા વિશતે બ્રહ્મધામ.**

(મુંડક ઉપ. દ્વિતીયખંડ શ્લોક : ૪.)

આ પરમાત્મા બલ વગરના મનુષ્ય દ્વારા પ્રાપ્ત થઈ શકતો નથી. વળી, એ પ્રમાદથી અથવા લક્ષણ રહિત તપથી પણ પ્રાપ્ત કરી શકાતો નથી, પરંતુ જે બુદ્ધિમાન સાધક આ ઉપાયો દ્વારા પ્રયત્ન કરે છે એ સાધકનો આત્મા બ્રહ્મધામમાં પ્રવેશ કરે છે.

આ બે શ્લોક એમ સમજાવે છે કે, જે લોકો શાસ્ત્રોનો અભ્યાસ કરી, છટાદાર શૈલીમાં લોકોને પ્રભાવિત કરે એવાં પ્રવચનો કરે છે, તે લોકોને આકર્ષિત કરે છે, પણ પરબ્રહ્મની પ્રાપ્તિકરી શકતા નથી. વળી, એ તર્કશીલ વ્યક્તિઓને કે ખૂબ કથા-શાસ્ત્રોનાં પ્રવચનો સાંભળનારને એ પ્રાપ્ત થતો નથી.

આ આત્મા બળ વગરનાને પ્રાપ્ત થતો નથી. બધા ભોગોની આશા છોડીને એકમાત્ર પરમાત્માની જ ઉત્કટ ઈચ્છા-લગની રાખવાવાળો નિરંતર વિશુદ્ધ ભાવથી પોતાના ઈષ્ટદેવનું ચિંતન કરીને ઉપાસનાના બળનો સંચય કરે છે. આવા બળ વગરનાને પરમાત્માની પ્રાપ્તિ થતી નથી. જે પ્રમાદરહિત થઈને, ઉત્કટ અભિલાષા સાથે, નિરંતર-એ પરમેશ્વરની ઉપાસના કરે છે એનો એ પરબ્રહ્મ પરમાત્મામાં પ્રવેશ થઈ જાય છે.

પૂ.પ્રકાશાનંદજી મહારાજ લખે છે કે, સંન્યાસીએ યોગાભ્યાસકાળમાં વધારે ગ્રંથોનો પણ અભ્યાસ નહિ કરવો. ઘણીવાર વધુ શાસ્ત્રાભ્યાસ કરનાર નિષ્ઠુર બની જાય છે.

આ ભજનમાં પૂ.શ્રી પરબ્રહ્મની પ્રાપ્તિ માટે શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ તે કહે છે. સામાન્યતઃ ખૂબ શાસ્ત્રોનું શ્રવણ કરનારો, સુંદર પ્રવચન કરનારો અને બધાંથી જુદો દેખાય એવું જીવનારો પરમ તત્ત્વને પામી ગયો છે એવું ભોળી અને અજ્ઞાન જનતાને લાગે છે. શ્રવણ કરવું-સાંભળવું એટલે શું ? સાચું શ્રવણ કોને કહેવાય ? પૂ.શ્રી લખે છે કે :-

**અંતર્નિષ્ઠ રહે સદા, આસનબદ્ધ પવિત્ર**
**સૂણે અસૂયાદિક ત્યજી, હરિગુરુલીલા ચિત્ર.**

**નિશ્ચય શ્રદ્ધા અંતરે, કરે ન બીજી વાત,**
**દૃષ્ટિ નવ ડોલે કદિ, તે જ શ્રવણ સાક્ષાત્.**

**સદ્‌ગુણ સેવે સર્વદા, કરે શાસ્ત્ર શ્રવણ,**
**નિશ્ચય આત્મસ્વરૂપનો, થાએ નિર્મલ મન.**

(અ.૪.દો.૬૨થી ૬૪.)

આપણે આ રીતે શ્રવણ કરીએ છીએ ખરા ? શ્રવણ એટલે કેવળ કાનથી સાંભળવું એમ નહિ, પરંતુ સદ્‌ગુણો સેવી, શ્રદ્ધાથી સાંભળી જીવનમાં ઉતારવું એ સાચું શ્રવણ કહેવાય.

ગુરુ-ગંગાના સંવાદમાં ગુરુ સમજાવે છે કે :-

**બોલે ગુરુ તુજ પર ન દેખાએ ઈશપ્રસાદ,**
**ઈશાનુગ્રહ વિણ બધું શ્રવણ વ્યર્થ સાક્ષાત્.**
**યદા કદા સ્વલ્પાલ્પ પણ ઠસે ચિત્તમાં જાણ,**
**કા કા કરતો જગમહીં ભટકે કાક સમાન.**

શાબ્દિક જ્ઞાને એ નહીં સરે કાર્ય કદી એમ,
જન્મમરણ છૂટે નહીં, વધે અહંતા તેમ.

શ્રવણ સમું ના વર્તતાં વ્યર્થ શ્રવણ એ જાણ,
લાભ ન થાતાં એ થકી થાય સદા નુકસાન.

(અ.૧૨૨.દો.૧૭,૧૯,૨૦,૩૨.)

હવે પૂ.શ્રીનું ભજન તરત જ સમજાઈ જશે. વાણીમાં જે શૂરા છે તેને પોતાના મૂળ ભણી-આત્મા તરફ-સ્વસ્વરૂપ તરફ વળવાનું કહે છે. બોલવામાં જે શૂરા છે, જે બોલ બોલ કર્યા કરે છે તેની વૃત્તિ બહિર્મુખ હોય છે. આવી વૃત્તિ અસ્થિર હોય છે. ચિત્તને સ્થિર થવા દેતી નથી. અંતર્મુખ થઈ, મૌન રાખી ચિંતન કરનારને જ સ્વસ્વરૂપનું દર્શન થાય છે. જરૂર પૂરતું-મિત-પ્રમાણસર બોલવું એ પણ મૌન જ કહેવાય. વળી, મૌન મનથી હોવું જોઈએ, કેવળ વાણીથી નહિ. બોલે નહિ પણ લખીને આપે કે ઈશારા કરીને સમજાવે એનો કોઈ અર્થ નહિ.

જે લોકો કેવળ વાણીવિલાસ કરે છે, બોલે છે પણ જીવનમાં ઉતારતા નથી એવા પાખંડીને પૂ.શ્રી સત્પંથે જવાનું કહે છે. પૂ.શ્રી પૈસાનો સ્પર્શ કરતા ન હતા. એને કારણે પડતી મુશ્કેલીઓ વેઠતાં એવી પૂ.શ્રીની ખુમારીની વાત કરનાર વક્તા પોતે પ્રવચન કરવાના પૈસા લે છે કે ? પૂ. શ્રીના મિશનની પ્રવૃત્તિ માટે જાય ત્યારે પોતાના પૈસે જાય છે કે ? સ્વકષ્ટાર્જિત ખાઓ એવું પૂ.શ્રી કહે છે, તો આપણા જીવનમાં દેખાય છે કે ? 'કહીએ પણ કરીએ નહિ' એનો કોઈ અર્થ નહિ. એક ભજનમાં પૂ.શ્રી લખે છે કે :-

**કરની બિન કથનીકી કીમત કૌડી જાન બજારો હૈ ।**
**બિન કથની કરની કર બંદે ઉધરે સંત હજારો હૈ ॥**

આપણામાં કહેવત છે કે, ''ખાલી ચણો વાગે ઘણો'', ''અધૂરો ઘડો છલકાય'', 'ભસતા કૂતરાં કરડે નહિ અને ગાજ્યા મેહ વરસે નહિ'' એટલે જે ખરેખર જ્ઞાની છે, તે ઠેર ઠેર પોતે જ્ઞાની છે એમ કહી જ્ઞાનની વાતો કરતો નથી. પૂ.શ્રી વાણીમાં શૂરાને કાગડા સાથે સરખાવે છે અને જ્ઞાનીને હંસ સાથે સરખાવે છે. આપણા શ્વાસોશ્વાસ સાથે થતા સોડહંના અજપાજપ જાપમાં કોઈ અવાજ નથી. સોડહંનું ઊંધું કરો તો એ 'હંસો-હંસ' થાય. એકાંતમાં પરમાત્માની સાધના કરવાથી જ પરમાત્માની પ્રાપ્તિ થાય છે, પ્રવચન કરવાથી નહિ.

પૂ. પ્રેમઅવધૂતજી દ્વારા મળેલું એક નાનું સૂત્ર ખૂબ ઉપયોગી છે. સૂત્ર છે : 'થોડું કરો પણ સાચું કરજો.'' ભગવાનને માથે રાખીને જીવજો. ભગવાનથી ડરીને ચાલજો. જે ખરેખર જ્ઞાની છે, મોટો છે તે તો કશું બોલતો નથી. જેનામાં થોડુંક જ્ઞાન છે, જ્ઞાનના છાંટા છે તે બડાસ મારે છે. કહેવાયું છે કે :-

**બડો બડાઈ ના કરે, મુખસે કહે ના બોલ,**
**હીરા મુખસે ના કહે, લાખ હમારા મોલ.**

અધૂરો ઘડો છલકાય. પૂ. શ્રી કહે છે કે, જેનું મોઢું ખાવાની વસ્તુથી એકદમ ભરાયેલું હોય તે મોં બંધ રાખે છે, મોં ખોલી શકતો નથી, પણ મોંમાં થોડુંક ખાવાનું હોય તે ચાવવા માટે મોં ખોલે છે, બંધ કરે છે. જ્ઞાની વ્યક્તિ મૌનમાં મોજ માણે છે. થોડું જાણનારો જ્ઞાની છું એમ કહીને પ્રવચનો કરે છે. અરે ! ઘણીવાર તો પ્રવચનો ગોઠવો એવું સામેથી કહે છે. જો એ ખરેખર જ્ઞાની હોત તો આવું ના કહેત. 'સાચું સમજ્યો.' એવું ક્યારે કહેવાય ? પૂ. પ્રકાશાનંદજી મહારાજ આ વાત સમજાવવા એક સરસ દૃષ્ટાંત આપે છે :-

એક રાજાના રાજ્યમાં એક મહાપંડિત રહેતા હતા. ગીતા, ઉપનિષદો વગેરેનો ખૂબ ઊંડો અભ્યાસ. એકવાર શિવ મંદિરમાં રાજા અને પંડિત ભેગા થઈ ગયા. રાજાએ એમની પંડિતાઈના ખૂબ વખાણ કર્યા. પંડિતે બહારથી નમ્ર બનીને પણ અંદરથી ગર્વિષ્ઠ થઈને કહ્યું કે, આપના દરબારમાં મારાં પ્રવચનો ગોઠવો. રાજાએ પંડિતનાં પ્રવચનોમાં ગોઠવ્યા. રાજા દ્વારા ગોઠવાયેલાં પ્રવચનોમાં ભારે ગિરદી તો થાય જ. પંડિત પણ વિદ્વતાભર્યાં પ્રવચનો કરે. એમ કરતાં કરતાં એક દિવસ એ પંડિત ગીતાનો એક શ્લોક સમજાવતા હતા. શ્લોક હતો :

**અનન્યાંશ્ચિંતયન્તો મામ્ યે જનાઃ પર્યુપાસતે ।**
**તેષાં નિત્યાભિયુક્તાનાં યોગક્ષેમં વહામ્યહમ્ ॥**

(અ.૯.શ્લોક:૨૨)

ખૂબ વિદ્વત્તાપૂર્ણ પ્રવચન ચાલતું હતું. પાસે બેઠેલા રાજાએ કહ્યું કે, આપ ખૂબ સરસ સમજાવો છો, પણ આ શ્લોક આપ સમજ્યા નથી. અભિમાની પંડિતને માઠું લાગ્યું. રામાયણ, ભાગવત, મહાભારતની વાતોને ટાંકીને પાછું પ્રવચન કરવા માંડ્યું. થોડીવારે પાછું રાજાએ એ જ કહ્યું કે, ખૂબ સુંદર સમજાવો છો, પણ તમે આ શ્લોક સમજ્યા નથી. છેલ્લે છેલ્લે પ્રવચન પૂરું થયું ત્યારે પણ રાજાએ એ જ વાત કરી.

અભિમાની પંડિતને ખૂબ માઠું લાગ્યું. ઉદાસ થઈ ઘરે ગયો. એની પત્ની હોશિયાર હતી. એણે પંડિતની ઉદાસીનતા પારખી લીધી. પછી પંડિતને એનું કારણ પૂછ્યું તો પહેલાં તો પંડિતે કહેવાનું ટાળ્યું, પણ છેવટે વાત કરી. પત્નીએ શ્લોક કયો હતો તે પૂછ્યું. પંડિતે શ્લોક કહ્યો. પત્નીએ કહ્યું : ખોટું ના લગાડતાં, પરંતુ રાજાએ જે કહ્યું તે તદ્દન સાચું હતું. જો તમે આ શ્લોક ખરેખર સમજ્યા હોત તો સામે ચાલીને પ્રવચનો ગોઠવવાનું ના કહ્યું હોત. પંડિતની આંખ ખૂલી ગઈ. એણે રાજદરબારમાં જવાનું બંધ કર્યું. પહેલે દિવસે રાજાએ સિપાઈને મોકલ્યો, તો પંડિતે કહ્યું કે રાજાજીને કહેજો કે હવે મેં પ્રવચન કરવાનું બંધ કર્યું છે તો તેઓશ્રી મને માફ કરે. બીજે દિવસે રાજાએ દીવાનને મોકલ્યો, તો દીવાનને પણ

એમ જ કહ્યું. ત્રીજે દિવસે રાજાજી પોતે આવ્યા અને પંડિતને કહ્યું કે, હે પંડિત ! હવે તમે શ્લોક સમજ્યા. હવે પ્રવચન માટે ચાલો.

સાચું સમજવું એટલે વાંચેલું, સાંભળેલું જીવનમાં આચરી બતાવવું. આ અર્થમાં પૂ.શ્રી પ્રવચન કરનારા જ્ઞાનીને કાગડાની ઉપમા આપે છે. જીવનમાં ન ઉતારેલું, આચરણમાં નહિ મૂકેલું જ્ઞાન તો કેવળ ભારરૂપ છે, એવું યાજ્ઞવલ્ક્ય મુનિ કહે છે.

**જ્ઞાનં ભારં ક્રિયાં વિના ।**

પૂ.શ્રી કહે છે કે, સિનેમા જોવા માટે ઘણી ગિરદી થાય છે, પરંતુ એ તો પડદા ઉપર દેખાય એટલું જ, એ કાંઈ સત્ય નથી. જે સત્ય છે તેને પકડો. પરંતુ સાચું કોને ગમે ? નરસિંહ મહેતાને, એકનાથને કે સંત તુકારામ જેવાને ગમે. જગત ખોટું છે એટલે એમાં રહેનારા લોકોને તો ખોટું જ વધારે ગમે. 'સત્યં જનં વિરોધાય, અસત્યં જન રંજનમ્ ।' સાચાનો વિરોધ અને જૂઠાને લીલા લહેર, પરંતુ સાચું તે સાચું. ભગવાનને ત્યાં સાચું પૂજાય એટલે સાચું કરનારને એક તો સાચું કર્યાનો સંતોષ થાય અને સાચું કર્યાની મહીક પ્રસરે જ. ગુંડાની ગલીમાં સંતે જવું ન જોઈએ. સંતો આ વાત ઈશારામાં સમજાવે છે.

જ્ઞાની-અજ્ઞાની વચ્ચેનો ભેદ સમજાવતાં પૂ.શ્રી કહે છે કે, જ્ઞાનીએ કામ, ક્રોધ જેવા ષડ્રિપુ દૂર કરી પરબ્રહ્મની પ્રાપ્તિ કરી હોય છે. જ્યારે અજ્ઞાની બોલે છે એ પ્રમાણે વર્તતો નથી. હું રાજા છું એમ કહે છે, પણ વર્તનમાં તો ભીખ માગે છે. અજ્ઞાની ભ્રમમાં જીવે છે. જ્ઞાનની વાતો કરે છે, પણ જીવનમાં દુઃખ આવે, સંકટ આવે ત્યારે એને હસતે મુખે સ્વીકારી શકતો નથી, સહન કરી શકતો નથી. જ્ઞાની આત્મામાં રાચે છે,જ્યારે અજ્ઞાની જગત તરફ અને જગતના નાટક તરફ, બાહ્ય સુખના દેખાડા તરફ દોડે છે.

અંતર્મુખ બની પરબ્રહ્મ પરમાત્માની પ્રાપ્તિ તરફ પગરણ માંડીએ.

□ □ □

# ૫૦. અજબ ખેલ જોયો રે

**(મનજી મુસાફર રે - એ રાગ)**

**(રાગઃધાની; તાલઃકહેરવા)**

**અજબ ખેલ જોયો રે, જોયો તે તો જોવું ભૂલ્યો;**
**બીજો દેખી રોયો રે, રોતાં રોતાં ભેદ ખૂલ્યો! ...ટેક.**

**નિર્દય તરે દયાવંત ડૂબે આ ભગસાગર માંહ્ય;**
**સાચો હારે વિજયી જૂઠો માલમલીદા ખાય!**
**મૂષક મીંદડી મારે રે, અજા દેખી સિંહ ડર્યો!! ...અજબ૦ ૧.**

કુંવારી જણે વિવાહિત વંધ્યા, કરે ન કુળની વાત;
દેખી નપુંસક દોડે રંભા, કરે દિવસની રાત!!
પાણીમાંહે દાઝયો રે, જીવ તે તો આગે ઠર્યો!! ...અજબ૦ ૨.

નેવનાં પાણી મોભે ચઢ્યાં,ને ઠર્યાં અદ્ધર આકાશ;
વિના સરોવર [1]કંજ ખીલ્યું, તેતો મ્હેંકે અજબ સુવાસ!
[2]કુણપ કાને સૂંઘે રે, ચાંદે આખો રાહુ ગળ્યો!! ...અજબ૦ ૩.

ફૂટયાં નેન તે જુએ તમાશો, સૂએ ન દિન કે રાત,
દેખનહારો પડે ખાડમાં, કુલટા મારે લાત!
જોતાં મનડું લાજે રે, **રંગ** પોતે સભર ભર્યો!! ...અજબ૦ ૪.

---

૧. કમળ. ૨. મડદું.

▯ ▯ ▯

# વિવરણ

આ પૂ.બાપજીનું અવળ વાણીનું ભજન છે. અવળ વાણી એટલે ઊલટી વાણી. આવા ભજનમાં શબ્દોના અર્થ જોતાં એમાં કાંઈ ખોટું હોય એવું લાગે, પરંતુ એનો ગૂઢ અર્થ કોઈ સમજાવે ત્યારે બધું બરાબર લાગે. 'પરધન ઝંખું સર્વદા' વાંચીએ ત્યારે આપણને નરસિંહ મહેતાનું 'પરધન' નવ ઝાલે હાથ રે' યાદ આવે. પણ પછી કોઈ સમજાવે કે પર એટલે પારકું, બીજાનું. આ અર્થ નરસિંહ મહેતાના ભજનમાં છે. પરનો બીજો અર્થ છે 'શ્રેષ્ઠ, ઉત્તમ'. પરધન એટલે શ્રેષ્ઠ ધન, આત્મરૂપી ધન. આવી વાણીનો ઉપયોગ સામાન્ય રીતે યોગમાં ખૂબ આગળ વધેલા સંતો કરતાં હોય છે.

બહારથી દેખાતી રજૂઆત અશક્ય જણાય છે, પણ સહેજ બુદ્ધિપૂર્વક વિચારતાં એ રજૂઆત સાચી જણાય. 'એક કૂવામાં વીસ બગલાં પડ્યાં અને તેવીસ નીકળ્યા.' તેવીસ એટલે ત્રેવીસ સમજો તો ગરબડ થાય, પણ તે વીસ એટલે કે જે વીસ પડ્યા હતા તે વીસ નીકળ્યાં એમ સમજો તો બધું બરાબર જણાય.

ગેરસમજ ઊભો કરતો શબ્દાર્થ વિચાર કરતાં બરાબર લાગે તેવી વાણીને અવળવાણી કહેવાય. સંસ્કૃતનો આ શ્લોક જાણવા જેવો છે :-

**કેશવં પતિતો દૃષ્ટ્વા હર્ષનિર્ભર પાંડવાઃ ।**
**કૌરવાઃ રુદિયામાસ હા હા કેશવ ! કેશવ ॥**

આ શ્લોકનો શબ્દાર્થ જુઓ : કેશવ-કૃષ્ણને પડતા જોઈને પાંડવો હસવા લાગ્યા અને કૌરવો રડવા લાગ્યા અને કહેવા લાગ્યા કે, હે કેશવ ! હે કેશવ !

આવું બને ખરું ? પણ શબ્દાર્થ તો આમ જ કહે છે. હવે એનો બીજો અર્થ-બુદ્ધિથી કરવાનો અર્થ જુઓ. કેશવંમાં કે અને શવં જુદા પાડો. ક એટલે પાણી અને 'કે' એટલે પાણીમાં. શવં એટલે મડદું, શબ. પાંડુ એટલે દેડકા અને કૌરવ એટલે કાગડા. 'કૌ કૌ યસ્ય રવઃ સઃ કૌરવઃ' કા-કાનો અવાજ કરનાર કાગડા તે કૌરવ.

હવે અર્થ બરાબર જણાશે કે પાણીમાં મડદાને પડતું જોઈને દેડકાઓ હરખાયા અને કાગડાઓ રડવા લાગ્યા અને કહેવા લાગ્યા કે અરે ! પાણીમાં મડદું ગયું, પાણીમાં મડદું પડ્યું.

સરખેજના પૂ.શ્રીના પરમ ભક્ત મુ. જગન્નાથકાકાએ આ ભજનો સમજાવતી એક પુસ્તિકા 'અવધૂતની અવળવાણી' પ્રકાશિત કરી છે. અવળવાણીનાં ભજનોમાં અવળવાણી સવળવાણી કરીએ એટલે પછી સમજવામાં કોઈ તકલીફ પડતી નથી.

જેણે અજબ ખેલ જોયો તે તો જોવાનું જ ભૂલી ગયો અને આ ખેલ જોનારને જેણે જોયો તે રડવા લાગ્યો, પરંતુ રડતાં રડતાં એને પણ ભેદ સમજાયો.

આત્મદર્શન માટે, સ્વસ્વરૂપનાં દર્શન માટે સાધકે ઈન્દ્રિયો ઉપર અને મન ઉપર કાબૂ પ્રાપ્ત કરવાનો હોય છે. ઈન્દ્રિયોને જે ગમે તે આપનાર-ઈન્દ્રિયોને રાજી રાખનાર-ઈન્દ્રિયો ઉપર દયા દર્શાવનાર માટે આ રસ્તો નથી.જે ઈન્દ્રિયોનું દમન કરે તેને માટે જ આત્મોપલબ્ધિનું લક્ષ્ય છે. આમ, નિર્દય એટલે ઈન્દ્રિયોનું દમન કરનાર. ઈન્દ્રિયોને કડક હાથે વિષયોપભોગની વૃત્તિમાંથી પાછી વાળનાર. આ વ્યક્તિ ઈન્દ્રિયો ઉપર જુલમ ગુજારે છે એટલે નિર્દય છે. દયાવંતનું સ્વસ્વરૂપનાં દર્શન માટે કામ નથી.

પૂ.શ્રી એક ભજનમાં લખે છે કે, 'નિત નિત્ય નવું ખાવું દા'ડે ?' આનો અર્થ ધીમે ધીમે રોજ રોજ નવી નવી ઈન્દ્રિયોનું દમન કરવું એવો જ થાય છે. 'ના વસ્ત્ર દિગંબર હું ભટકું'માં પણ વાસનારૂપી વસ્ત્ર કાઢી નિર્વાસનરૂપી નગ્નતા સ્વીકારવી એવો અર્થ છે. વસ્ત્રો એ વાસનાનું પ્રતીક છે. જેઓ દેહને જ દેવ માની તેનું જતન કર્યા કરે છે એવા શરીરખાને અંતે મૃત્યુ હસે છે-મશ્કરી કરે છે.

લોહીનું પાણી કર્યા વગર આત્મદર્શન થતું નથી. એ માટેની કઠોર સાધના એ લોખંડના ચણા ચાવવા જેવી અઘરી સાધના છે. પરંતુ એનું ફળ પણ સુંદર જ મળે.

**ચણા ચાવવા લોહના ના બચ્ચાનો ખેલ,**
**રંગ ગુરુકૃપા હોય તો કરે મોતથી ગેલ.**

(અ.૪૦.દો.૧૦૨)

સાચો હારે એટલે જે સાધના દ્વારા આ જગતને બ્રહ્મમય માને છે, બધાંમાં એક જ પરમ તત્ત્વનાં દર્શન કરે છે. તે સાચો છે, પરંતુ દુનિયાની વ્યવહારુ દૃષ્ટિમાં એ હારેલો

છે. એક કવિ કહે છે :-

**હરિજન તું હારા ભલા જીતન દે સંસાર ।**
**હારા સો હરિસે મીલા જીતા જમકે દ્વાર ॥**

જગતમાં કપટપૂર્વક કાવાદાવા રમી જીવન જીવનારો જગતની દૃષ્ટિથી ચતુર, હોશિયાર કે વિજયી જણાય પરંતુ તે જૂઠો છે. આ સંસારમાં ઊંધું-ચત્તું કરનાર, સંસારના ભોગો ભોગવનાર, માલમલીદા ખાનાર દેહને સાચવે છે. સંસારમાં એની બોલબાલ છે, એ વિજયી છે, પણ એ કાંઈ સ્વસ્વરૂપનું દર્શન કરી શકવાનો નથી. એ દૃષ્ટિએ એ જૂઠો છે.

મૂષક એટલે ઉંદર અને મીંદડી એટલે બિલાડી. સામાન્ય રીતે બિલાડી ઉંદરને મારે, પરંતુ અહીં પૂ.શ્રી લખે છે કે ઉંદર બિલાડીને મારે છે. અહીં ઉંદર કોણ ? અને બિલાડી કોણ ?

કઠોપનિષદમાં કહ્યું છે કે આ શરીર એ રથ છે, ઇન્દ્રિયો એ ઘોડા છે, મન એ લગામ છે, બુદ્ધિ એ સારથિ છે અને આત્મા એ રથી (રથમાં બેઠેલી વ્યક્તિ) છે. પાંચ કર્મેન્દ્રિયો અને પાંચ જ્ઞાનેન્દ્રિયો રૂપી દશ ઘોડાનાં મોંમાં મનરૂપી લગામ હોય છે. આ લગામ બુદ્ધિરૂપી સરથીના હાથમાં હોય છે. લગામ ખેંચીને સારથિ ઘોડાને પોતાની ઇચ્છા પ્રમાણે દોડાવી લક્ષ્યસ્થાને પહોંચે એ જરૂરી છે. આ ભજનમાં ઇન્દ્રિયોને ઉંદરની અને બુદ્ધિને બિલાડીની ઉપમા આપી છે. મનમાં થતાં વિકારોને જો બુદ્ધિ પોષે તો એ વિકારી બુદ્ધિ સર્વનાશ નોતરનારી થાય. ગીતા પણ કહે છે કે : "સ્મૃતિભ્રશાંત્ બુદ્ધિનાશો, બુદ્ધિનાશાત્ પ્રણશ્યતિ ।" વિકારી મન ઇન્દ્રિયો દ્વારા સુખની તૃષ્ણા સંતોષી જીવને ભોગની દિશામાં લઈ જાય છે. બુદ્ધિ પણ સર્વનાશ નોતરે છે, પરંતુ આને બદલે દમ દ્વારા ઇન્દ્રિયોનું દમન કરવામાં આવે અને શમ દ્વારા મન ઉપર અંકુશ મેળવવામાં આવે તો પરિણામે બુદ્ધિ વિકાસશીલ-ઊર્ધ્વગામી ઉપરના રસ્તે જનારી બને છે. આને જ ઉંદર બિલાડીને મારે એ રીતે દર્શાવાયું છે.

અજા દેખી સિંહ ડર્યો. અજા એટલે બકરી, પણ અજાનો બીજો અર્થ છે માયા. માયાપતિ આત્માને સિંહ કહ્યો છે. માયાને કારણે-અવિદ્યાને કારણે-અજ્ઞાનને કારણે - માયામાં ફસાયેલો જીવ માયાથી ડરે છે. ખરેખર તો જીવ પોતે બ્રહ્મ છે, આત્મા જ છે, સિંહ જ છે, પણ પોતાને અજ્ઞાનથી જીવ માનીને માયાથી વશ થઈ દુઃખી થાય છે. આમ, અજારૂપી માયાથી જીવ (આત્મા)રૂપી સિંહ ડરે છે એમ કહ્યું છે. કુંવારી જણે વિવાહિત વંધ્યા એટલે શું ? સ્વચ્છંદ બુદ્ધિ, વિકારી બુદ્ધિ એ કુંવારી કન્યા છે. એ આત્માને પરણી નથી, પરંતુ સ્વાત્મામાં રત બુદ્ધિ એ વિવાહિત બુદ્ધિ છે. આ બુદ્ધિ આત્મા સાથે પરણેલી છે.

કુંવારી બુદ્ધિ, સ્વચ્છંદ બુદ્ધિ અનેક પ્રકારની આશા, તૃષ્ણા, કામનાવાળી છે. આ વિકારી બુદ્ધિ છે. એનામાં અનેક પ્રકારનો વિકાર જન્મે છે. જ્યારે સ્વાત્મમાં સ્થિત બુદ્ધિ અધિકારી છે, તે આશા-તૃષ્ણા જેવા કોઈ વિકારોને જન્મ આપતી નથી તેથી તેને વંધ્યા કહે છે.

ગીતાજીમાં પણ કહ્યું છે કે સૂક્ષ્મ બુદ્ધિથી જ એ પરમાત્માને જાણી શકાય છે. આશા અને તૃષ્ણા જ દુઃખનાં મૂળ છે. પૂ.શ્રી એક ભજનમાં લખે છે :-

**વિષય વિષમજ્વર અતિ ઘબડાવે,**
**તૃષ્ણાપ્યાસ બઢાવે... ઔષધિ કૌન.**

હવે પૂ.શ્રી કહે છે કે **દેખી નપુંસક દોડે રંભા**

બ્રહ્મ એ નપુંસક છે. બ્રહ્મ કેવું એમ કહેવાય છે.આ બ્રહ્મ નિષ્ક્રિય છે. એ પોતે કશું કરતું નથી. એ સ્વમાયાનો આશ્રય કરીને જગતની રચના કરે છે. આ માયાને રંભા કહી છે. પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે કે :-

**અહં સ્ફુરણ બ્રહ્મે થયું ના થઈને જેહ,**
**તે જ પ્રકૃતિ જાણ તું, અભિન્ન નિઃસંદેહ.**
(અ.૧૬.દો.૬૪.)

આ જ વાત પૂ.શ્રી જ્ઞાનકાંડની આશીર્વાદાત્મક પ્રસ્તાવનામાં લખે છે :

**મૂળે ૐ બ્રહ્મ નિર્ગુણ ॥ ન થઈ, તિહાં અહં-સ્ફુરણ ॥**
**એ જ માયા પ્રકૃતિ ત્રિગુણ ॥ તદધ્યક્ષ શ્રીદત્ત ॥**

'હું એક છું અને અનેક થાઉં', 'એકોઽહં બહુ સ્યામ્' એવી બ્રહ્મમાં અહં સ્ફુરણા ન થઈ ને થઈ. એ જ માયા અને તેનો આશ્રય કરી માયાએ આ જગત રચ્યું. આ માયા ત્રણ ગુણવાળી છે માટે બધું સર્જન ત્રણ ગુણવાળું છે. માયા અનિર્વચનીય છે. માયાજાળમાં ફસાયેલો જીવ અજ્ઞાનમાં ફસાતો જાય છે.

**કરે દિવસની રાત.** માયાની કરામત એવી છે કે અજ્ઞાનને કારણે જીવ જે સત્ય નથી તેને સત્ય માનીને જીવે છે. દિવસ એ જ્ઞાનની ઉપમા છે અને રાત એ અજ્ઞાનને અપાયેલી ઉપમા છે. મય દાનવે રચેલી માયાને કારણે જ દૂર્યોધનને પાંડવોના રાજસૂયયજ્ઞના મંડપમાં જમીન હોય ત્યાં પાણીનો ભાસ થતો અને પાણી હોય ત્યાં જમીનનો ભાસ થતો. આ જોઈને દ્રૌપદીએ મર્મવેધક વચન બાણ મારતાં કહ્યું કે : "આંધળાના દીકરા પણ આંધળા જ હોય." આ વેધક વાક્ય બાણે મહાભારત સર્જ્યું.

અવિદ્યાથી વીંટળાયેલો જીવ સંસારના પ્રવાહમાં આશા-તૃષ્ણા-કામનાઓ કરી કરીને જીવે છે, પરંતુ આશા-તૃષ્ણા સફળ થાય તોપણ ચિંતા જન્માવે છે અને નિષ્ફળ થાય તોપણ હૃદયને બાળે છે. આશા-તૃષ્ણા સંતોષાવાથી અખંડ આનંદ અને અક્ષય શાંતિ મળતાં નથી. નિરાશા અને ચિંતામાં જીવ દાઝતો જ રહે છે. સાચું સુખ પામવા માટે જીવે સંયમ દ્વારા મનને વિષયોપભોગમાંથી પાછું ખેંચવું રહ્યું. સાચા અને સમર્થ સદ્ગુરુ મળી જાય તો તે જીવનો આ બળાપો દૂર કરે છે. વિષયોપભોગમાંથી, આશા-તૃષ્ણામાંથી છૂટેલા જીવને શાંતિ

મળે છે. સંયમની આગમાં જીવ ઠરે છે. સંસારસાગરનાં પાણીમાં દાઝેલા જીવને ઠરવાનું સાધન સંયમની આગ છે.

સદ્‌ગુરુ વિવેક સહિતના વૈરાગ્ય દ્વારા શિષ્યને સંયમના પાઠ શિખવાડે છે. સદ્‌ગુરુ જીવનું અજ્ઞાન દૂર થાય એવો રસ્તો બતાવે છે. ભગવાન કૃપા કરે ત્યારે મનુષ્ય જન્મ મળે, ગુરુ કૃપા કરે ત્યારે સંસાર છૂટે. કવિ કહે છે કે :-

**હરિકૃપા તબ જાનીયો જબ દે મનુજ અવતાર ।**
**ગુરુકૃપા તબ જાનીયો જબ છોડાવે સંસાર ॥**

એક ભજનમાં પૂ. બાપજી કહે છે કે :-

**જન્મમરણની રો રો જે ટાળે, રોટલો તે જ પ્રમાણ,**
**આપે સદ્‌ગુરુ ભઠિયારો રે, ઠરે મન અને પ્રાણ.**

**સંયમની આગે રે, શેકી એને નષ્ટ કરે... અવળું સવળું.**
**નેવનાં પાણી મોભે ચઢ્યાં ને ઠર્યાં અધ્ધર આકાશ :**

સામાન્ય રીતે આકાશમાંથી વરસાદનું પાણી છાપરાં ઉપર પડતું હોય છે અને એ છાપરાંના મોભ ઉપર ગોઠવેલા નળિયા દ્વારા પાણી નેવમાં-નાળમાં જતું હોય છે. આમ પણ પાણીનો પ્રવાહ ઉપરથી નીચે તરફ જતો હોય છે. અહીં નેવનાં પાણી મોભે ચઢીને ત્યાંથી આકાશમાં જઈ ત્યાં ઠર્યા એવું કહ્યું છે. આ અષ્ટાંગ યોગના સાધકના અનુભવની વાતનું વર્ણન છે. યોગની સાધના કરનાર સાધક પ્રાણાયામ સિદ્ધ કરે પછી એની કુંડલિની જાગ્રત થતાં પ્રાણ સહિત કુંડલિની સુષુમ્ણા નાડીમાં ઉપર ચઢે છે. ષટ્ (છ) ચક્રોને ભેદીને એ બ્રહ્મરંધ્રમાં-સહસ્રદલમાં જઈ ત્યાં સ્થિર થાય છે. આમ, પ્રાણ તથા કુંડલિની નીચેથી ઉપર જઈ સહસ્રદલ- બ્રહ્મરંધ્ર-માં પ્રવેશે છે, ત્યાં જીવ-શિવનું મિલન થતાં તે સ્થિત થાય છે. આપણા કરોડરજ્જુમાં મૂલાધાર ચક્ર, સ્વાધિષ્ઠાન ચક્ર, મણિપુર ચક્ર, અનાહત ચક્ર, વિશુદ્ધ ચક્ર અને આજ્ઞા ચક્ર એમ છ ચક્રો છે. (દેહમંદિરમાં દેવ બિરાજે એ ભજનમાં વિગતે ચર્ચા છે.) આજ્ઞાચક્ર છેલ્લું ચક્ર છે. મૂલાધાર ચક્ર ગુદા અને લિંગ વચ્ચે છે. ત્યાંથી કુંડલિની ચક્રો ભેદતી ભેદતી બે ભ્રવાંની વચ્ચે આવેલા આજ્ઞાચક્રને ભેદી આપણા મસ્તિષ્કમાં આવેલા સહસ્રદલમાં જાય છે આને પૂ.શ્રી નેવનાં પાણી મોભે ચઢ્યાં એમ કહે છે. આ સહસ્રદલને જ દશમ દ્વાર, શૂન્ય શિખર કે સહસ્રારના નામથી પણ ઓળખવામાં આવે છે. યોગી પુરુષ અહીંથી પ્રાણનું ઉત્ક્રમણ કરે છે.

**વિના સરોવર કંજ ખીલ્યું તે તો મહેકે અજબ સુવાસ**

કંજ એટલે કમળ, પાણીમાં (કં) જન્મે (જ) તે. અહીં બાપજી કહે છે કે કમળ ખીલ્યું છે પણ સરોવર વગર કમળ ખીલ્યું છે. આવું તો કેવી રીતે બને ?

શૂન્ય શિખર કે બ્રહ્મરંધ્રને જ સહસ્રદલ કમળ કહે છે. જીવ છ ચક્રને ભેદીને ત્યાં પહોંચે છે. પછી એ જીવ શિવરૂપ બની જતાં એને અવર્ણનીય આનંદ આવે છે. આ આનંદનો અક્ષય ઝરો છે. એ અવર્ણનીય આનંદ જ અજબ મહેકતી સુવાસ તરીકે વર્ણવાયો છે.

**કૃણપ કાને સૂંઘે રે, ચાંદે આખો રાહુ ગળ્યો :**

કૃણપ એટલે મડદું, શબ. મરેલા માણસનું શરીર મડદું કહેવાય. એ સૂંઘવાનું કાર્ય કેવી રીતે કરી શકે ? વળી, સૂંઘવાનું કામ તો નાક કરે અને અહીં પૂ.શ્રી કહે છે કે 'કાને સૂંઘે રે...' કાન કેવી રીતે સૂંઘે ?' અને ગ્રહણમાં રાહુ ચંદ્રને ગળી જતો હોય છે. જ્યારે પૂ. બાપજી તો ચંદ્રએ-ચાંદે-રાહુ ગળ્યો એવું લખે છે. આનો અર્થ શો ?

જેણે સાધના દ્વારા દેહાધ્યાસ દૂર કર્યો છે, અહં અને મમ દૂર કર્યા છે એવા સ્થિતપ્રજ્ઞને મડદાની ઉપમા આપી છે. મડદાને પોતાની કોઈ ઈચ્છા, તૃષ્ણા, વાસના હોતી નથી. અહંકાર વિનાનું જીવન, સ્વાત્મામાં પ્રતિષ્ઠિત યોગી માન-અપમાન, રાગ-દ્વેષ, સુખ-દુઃખથી પર છે એ અર્થમાં મડદા સમાન છે. પૂ.શ્રી એક ભજનમાં લખે છે :-

**કરી દેહતણું આ જો મડદું, પ્રેતાસન પર મનડું જકડું,**
**સાધી સ્વર સોડહંને પકડું... અનસૂયા મા !**

જ્ઞાની પુરુષની સ્થિતિનું-યોગી પુરુષની સ્થિતિનું વર્ણન છે. એ યોગસાધનામાં નિર્વિકલ્પ સમાધિમાં કલાકોના કલાકો રહે ત્યારે મડદા જેવું જ શરીર હોય છે. વળી, આ જ્ઞાન શ્રુતિ દ્વારા પ્રાપ્ત થયું છે. શ્રુતિનાં વાક્યો સાંભળીને, સમજીને આવેલા જ્ઞાનના સંદર્ભમાં 'કાને સૂંઘે રે' એમ કહ્યું છે.

**ફૂટ્યાં નેણ તે જુએ તમાશો, સૂએ ન દિન કે રાત :**

ફૂટેલી આંખો કેવી રીતે જુએ ? પરમાત્માનાં દર્શનની પ્રાપ્તિ માટે જે સાધના કરવાની છે, એમાં સાધકે અંતર્મુખ થવાનું છે. આપણી ઈન્દ્રિયોને બહારના વિષયોમાંથી વાળીને અંતરાભિમુખ કરવાની છે. અંતર્મુખ થયેલી વ્યક્તિની ઈન્દ્રિયો બહારનું જોતી નથી, સાંભળતી નથી એટલે તે આંધળો છે, બહેરો છે એમ કહેવાય છે. આવી અંતર્મુખ થયેલી વ્યક્તિ જ પછી પરમાત્માનાં દર્શન કરી શકે છે. આ અર્થમાં બહારનું જોવાનું ટાળી અંદરનું જોવાની સાધના અને પરિણામે આત્મદર્શન તે ફૂટયાં નેણ તે જુએ તમાશો.

આપણા બાપજી ઘણીવાર સેવામાં રહેનારને કહેતા કે, રસ્તામાં ખાડા કે એવું આવે તો મને કહેવાનું. મને કાંઈ ભાન હોતું નથી. 'તનકી સુધી ન જીસસે, જનકી કહાંસે પ્યારે' એ ભજનમાં અને 'જો આપકો દેખે, ન ઉસકો દૂસરા દિખતા કહી' એ ભજનમાં આ જ વાત કરી છે.

### ચાંદે રાહુ ગળ્યો :

સમાધિ અવસ્થામાં બ્રહ્મદર્શન કરતો યોગી પુરુષ જ્ઞાની છે. આ જ્ઞાન એ ચંદ્રનું પ્રતીક છે અને માયાને રાહુ તરીકે વર્ણવી છે. આપણા બાપજી ૩૬ થી ૪૮ કલાક સમાધિ અવસ્થામાં રહેતા. એ અવસ્થામાં-જ્ઞાનની અવસ્થામાં - માયાના વિકારો લય પામે છે. વાસનાનો ક્ષય થાય છે એ રાહુ ગળ્યાનું વર્ણન છે.

### દેખનહારો પડે ખાડમાં, કુલટા મારે લાત :

જે જીવ માયામાં ફસાઈને સંસારના ભોગોમાં રચ્યો પચ્યો રહે છે એ આખરે જન્મમરણના ચક્કરમાં - ખાડામાં - પડે છે અને માયા જે એની ઈન્દ્રિયોને ભ્રમિત કરીને વિષયસુખ આપતી હતી તે જ એના દુઃખનું કારણ બને છે. માયાએ મારેલી લાત જ એને ખાડામાં પાડે છે.

### જોતાં મનડું લાજે રે, રંગ પોતે સભર ભર્યો !!

જેની બ્રહ્મમય દૃષ્ટિ થઈ છે એને તો 'સર્વં ખલ્વિદં બ્રહ્મ' બધું જ બ્રહ્મય જણાય છે. બધાંમાં પોતાને અને પોતાનામાં બધાંને જુએ છે. જડચેતનામાં એક જ પરમાત્મા વિલસી રહેલો જણાય છે. રંગ-આત્મા - બધે સભર ભર્યો છે. માયાવી જીવને સંસારના ખાડામાં પડેલો જોઈને જ્ઞાની પુરુષને કરુણા-દયા જન્મે છે અને એવાને જોતાં એનું મન શરમાય છે.

આ ભજનમાં પૂ.શ્રીએ ઈન્દ્રિયોને વિષયોપભોગમાં બહેકાવવાને બદલે આત્મદર્શન દ્વારા મહેકાવવાની વાત કરી છે. અવળવાણીનું આ ભજન સમજાવવામાં મુ. જગન્નાથકાકાના આશીર્વાદ અને એમની પુસ્તિકાનું માર્ગદર્શન બંનેને માથે ચઢાવું છું.

□ □ □

## ૫૧. વડલા હેઠે બાવો રે

(મનજી મુસાફર રે - એ રાગ)
(રાગઃધાની; તાલઃકહેરવા)

**વડલા હેઠે બાવો રે, ટાઢી ટાઢી ધૂણી તપે;**
**મૂગો મૂગો બોલે રે, શ્વાસા સાથે સોહં જપે. ...ટેક.**

**[૧]વનિતા તેની છેક જ ઘેલી, જાય ન પતિની પાસ;**
**ઈચ્છામાત્રે ઓધાન રહ્યું ને, પ્રસવે બે ને પચાસ!**
**બાવાની બલિહારી રે, દેખી બાવી બાળ [૨]છપે! ...વડલા૦ ૧.**

કોઇ આશ્ચર્ય માની [3]વિલોકે, કોઇ સૂણે સાશ્ચર્ય;
વિરલો જાણી રાચે મનમાં, કરે ન વાણીવ્યય!
લોકો કહે મૂરખ રે, બાવો આ તે શું રે [4]લપે? ...વડલા૦ ૨.

બાવો કહે ન પરણ્યો કદિએ, મુને ન ઘર કે બાર;
નાર ન દીઠી નજરે તોએ, સહુ એ મુજ પરિવાર!
ભૂખ્યો શું સંહારે રે, અંતે સહુ મુજમાં ખપે!! ...વડલા૦ ૩.

પાપ ન લાગે મુજને એનું, પુણ્ય ન આવે પાસ;
હર્ષશોક ન સ્પર્શે મુજને, હું તો સદા [5]ઉદાસ!
દેવ દેવી [6]તિર્યક્ રે, નર પશુ મુજને જપે!! ...વડલા૦ ૪.

જામ્યો **રંગ** અલૌકિક વનમાં, જોવા જન ઊભરાય;
ગયું તે પાછું ન આવે, આગમહીં ઝડપાય;
લીલું સૂકું બાળે રે, કોને વંદે કોને [7]શાપે? ...વડલા૦ ૫.

---

૧. સ્ત્રી. ૨. છુપાઇ જાય, અદશ્ય થાય. ૩. જુએ. ૪. બકે. ૫. દ્વંદ્વાતીત. ૬. હલકાં પ્રાણી. ૭. શાપ આપે, નિંદે.

□ □ □

# વિવરણ

આ ભજન અવળવાણીનું ભજન છે એટલે એનો શબ્દાર્થ ન જોતાં એના ગૂઢાર્થ શોધવાનો પ્રયત્ન કરશું.

**વડલા હેઠે બાવો રે, ટાઢી ટાઢી ધૂણી તપે :**

અહીં વડલો કોણ ? બાવો કોણ ? ધૂણી તો સળગતી હોય પણ અહીં તો ટાઢી ટાઢી ધૂણી છે અને છતાં બાવો તપે છે, ધૂણી તપે છે.

સંસાર એ વડલો છે અને આત્મજ્ઞાની વ્યક્તિ એ બાવો છે. આવા આત્મજ્ઞાની બાવાની વાત આ ભજનમાં પૂ.શ્રી કરે છે. ભગવદ્ ગીતા સંસારરૂપી વૃક્ષની વાત કરતી વખતે એને અશ્વત્થ-પીપળાના વૃક્ષ સાથે સરખાવે છે. જ્યારે પૂ.શ્રી સંસારને વડ સાથે સરખાવે છે. વૃક્ષોમાં વડલો એ વિશાળ વૃક્ષ છે. વડલાના વર્ણનમાં ‘‘ઘેઘૂર વડલો’’ એવો શબ્દપ્રયોગ જોવા મળે છે. નર્મદા કિનારે આવેલા કબીરવડની અનેક વડવાઈઓ એવી રીતે વિસ્તરી છે કે એનું મૂળ ક્યાં છે તે શોધવું પણ મુશ્કેલ બને છે. બસ ! આ સંસારનું પણ એવું જ છે.

આ સંસારવૃક્ષનું પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં વર્ણન કરતાં કહે છે કે :-

**માયામય સંસાર આ, વૃક્ષ પ્રચંડ સુરમ્ય,**
**મૂળ અનંત વાસના, બીજ શુભાશુભ કમ્ય.**

**પંચ વિષય ફણગા ફૂટ્યા, ત્રિગુણ થડ વિચિત્ર,**
**ભૂત પંચક ડાળીઓ, ઈન્દ્રિય અંકુર ચિત્ર.**

(અ.૧૯.દો.૯૪-૯૫.)

હવે માયામાં લપટાયેલો જીવ અજ્ઞાનને કારણે આધિ-વ્યાધિ અને ઉપાધિના ત્રિતાપમાં શેકાય છે, હેરાન-પરેશાન થાય છે, પરંતુ જેણે આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું છે તેને આ ત્રિતાપ હેરાન કરતાં નથી, પરેશાન કરતાં નથી. પૂ.શ્રી આવા આત્મજ્ઞાનીની જીવનદૃષ્ટિ સમજાવતાં એક ભજનમાં લખે છે કે :-

**ન શોધે મોર ચીતારો, કદી પિક રંગ તંબૂરો,**
**કૃતાકૃતથી પરે બેસી, નિહાળે ખલ્કની રો-રો.**

આ દુનિયા (ખલ્ક)ની રો-રો, દુઃખ, સંતાપની સ્થિતિને તટસ્થ ભાવે જોયા કરે છે. એ પોતે કર્તૃત્વભાવ સેવતો નથી. આ હું કરું છું (કૃત) એ ભાવ પણ નહિ અને હું નથી કરતો (અકૃત) એ ભાવ પણ નહિ. આ બંને ભાવથી પર થઈને સંસારની રો-રો, ઊથલપાથલ શાંતિથી, દ્રષ્ટા બનીને, સાક્ષીભાવે જોયા કરે છે. આમ, ત્રિતાપની ધૂણી જે સંસારી માટે તાપ આપનારી છે-જે તપે છે તે જ્ઞાની પુરુષ માટે ટાઢી છે.

**મૂગો મૂગો બોલે રે, શ્વાસા સાથે સોઽહં જપે :**

જ્ઞાની પુરુષ-ગુરુ-માટે કહેવાય છે કે : "ગુરોસ્તુ મૌનં વ્યાખ્યાનં શિષ્યસ્તે છિન્ન સંશયા" ગુરુનું મૌન એ એવું વ્યાખ્યાન છે કે જે શિષ્યના સંશયો દૂર કરે છે, છિન્નભિન્ન કરે છે. વાણીના ચાર પ્રકાર છે : પરા, પશ્યંતિ, મધ્યમા અને વૈખરી. આપણે જે કાંઈ બોલીએ છીએ તેના બોલ વીખરાઈ જાય છે. તેથી તેને વૈખરી વાણી કહી છે.

રજોગુણ પ્રવૃત્તિમાં પ્રેરે છે. બોલવું-ન બોલવું એ રજોગુણી વ્યક્તિનો સ્વભાવ છે. આત્મજ્ઞાની સત્ત્વગુણી હોવાથી "મૌનમાં મુનિજનો મોજ માણે"ના સૂત્રાનુસાર તે મૂગો જ બેસી રહે છે. આ જ્ઞાનીની ભાષા-વાણી - વૈખરી નથી, પણ પરા-પશ્યંતિ છે. આ સ્થિતિમાં શબ્દો સંભળાતા નથી, પણ દેખાય છે. આત્મજ્ઞાની પુરુષો કશું કરતાં નથી, કશું બોલતા નથી એવું બાહ્ય દૃષ્ટિથી જણાય પણ ખરેખર એવું નથી.

પૂ.શ્રી કહે છે કે :-

**પથ્થર સમ બેસી રહે જીવન્મુક્તો એહ,**
**માને તે મૂરખ નકી, જાણે સત્ય ન તેહ.**

(અ.૨૦.દો.૧૦૬.)

જ્ઞાનીની નાભિમાંથી પરાવાણીનું સ્ફુરણ થઈ તે મધ્યમાં સત્ય શબ્દ પકડે છે. એના સંકલ્પો, વિચારો, વાતાવરણમાં ફેલાય છે અને તેની અસર બીજા ઉપર થાય છે. આપણે જે બોલીને કરીએ છીએ તેના કરતાં જ્ઞાની પુરુષો સંકલ્પો દ્વારા અનેકગણા કામ કરતા હોય છે. આમ, વૈખરી-વાણીથી જોતાં જ્ઞાની મૂગો છે છે, પણ પરા-પશ્યંતિ વાણી દ્વારા તે બોલતો હોય છે.

આ જ્ઞાની સોઽનો અજપાજપ જપે છે. શ્વાસ લઈએ ત્યારે 'સો' અને શ્વાસ મૂકીએ, ઉચ્છ્વાસ વખતે 'હં' એવો અવાજ થાય છે. આ સોઽની ઉપાસના દ્વારા આત્મજ્ઞાન થાય છે.

**વનિતા તેની છેક જ ઘેલી, જાય ન પતિની પાસ,**
**ઈચ્છા માત્રે ઓધાન રહ્યું ને પ્રસવે બે ને પચાસ,**
**બાવાની બલિહારી રે, દેખી બાવી બાળ છપે ?!**

વડના રાઈ જેવા બીજમાં આખો વડલો છુપાયેલો હોય છે. અનુકૂળ જમીન, ખાતર અને પાણી મળતાં એ બીજમાંથી ઘેઘૂર વડલો પ્રગટે છે. એ જ રીતે પરબ્રહ્મમાંથી આ વિશાળ જગત પ્રગટ્યું છે. વનિતા-સ્ત્રી - પત્ની કોણ ? માયાને પત્ની તરીકે-વનિતા તરીકે વર્ણવી છે. આ સ્ત્રી ઘેલી છે છતાં પતિની પાસે જતી નથી. આવી સ્ત્રી ઘેલી કેવી રીતે કહેવાય ? પતિ પાસે ન જવા છતાં ઈચ્છા માત્રે ગર્ભવતી થઈ અને 'બાવન' બાળકોને જન્મ આપ્યો છે.

**અહં સ્ફુરણ બ્રહ્મે થયું ના થઈને જેહ,**
**તે જ પ્રકૃતિ જાણ તું, અભિન્ન નિ:સંદેહ.**

**(અ.૧૬દો.૬૪)**

બ્રહ્મ માયાનો આશ્રય કરીને સૃષ્ટિની રચના કરે છે. બ્રહ્મ એ સત્તા છે. આ સત્તા માયારૂપે પ્રગટ થાય છે, કાર્ય કરે છે. માયા એ બ્રહ્મની શક્તિ છે. આ શક્તિ અને શક્ત બે અભિન્ન છે. એટલે માયાએ બ્રહ્મની પાસે જવાની જરૂર નથી. આ માયામાંથી જ બાવન વર્ણવાળી બે + પચાસ અક્ષરવાળી વાણીસ્વરૂપ મહાસરસ્વતીનું પ્રાગટ્ય થયું. એને ભજનમાં બાળકો તરીકે વર્ણવ્યા છે. બ્રહ્મ એ આ જગતનું ઉપાદાન કારણ પણ છે અને નિમિત્ત કારણ પણ છે. આ બ્રહ્મની-બાવાની- બલિહારીનું વર્ણન વાણી કરી શકતી નથી, તેથી

શરમાઈ જાય છે. વેદો પણ નેતિ નેતિ' કહી પોતાની અશક્તિ જાહેર કરે છે. માયા કે વાણી એ બ્રહ્મનું વર્ણન કરી શકતાં નથી તેથી શરમાઈને સંતાઈ જાય છે-છપે છે-છુપાઈ જાય છે.

**કોઈ આશ્ચર્ય માની વિલોકે, કોઈ સૂણે સાશ્ચર્ય,**
**વિરલો જાણી રાચે મનમાં, કરે ન વાણી વ્યય.**
**લોકો કહે મૂરખ રે, બાવો આ તે શું રે લપે ?**

કોઈ પણ વાત કે બનાવ આશ્ચર્યવત્ ત્યારે જ કહેવાય કે, જ્યારે તેનો અનુભવ મહાપ્રયત્ને થાય અથવા અનુભવ લગભગ અશક્ય જેવો હોય. અસામાન્ય વ્યક્તિ જ કરી શકે એવી વાતને સામાન્ય વ્યક્તિ દંગ થઈને જોયા કરે છે. આ જગત એ બ્રહ્મ ઉપરનો નામ-રૂપનો પસારો માત્ર છે. બ્રહ્મ ઉપર જગત એક આરોપ માત્ર છે અને બ્રહ્મ સત્યં જગન્મિથ્યા છે એ વાતને સંસારી આશ્ચર્યવત્ સાંભળ્યા જ કરે છે અને એ વાતનું એને આશ્ચર્ય થાય છે. જે જગતને તે જુએ છે, જેનો અનુભવ કરે છે એ જગત છે જ નહિ એ વાત એના ગળે ક્યાંથી ઊતરે ? જગત દેખાય છે તો તે છે નહિ અને જે બ્રહ્મ દેખાતું નથી તે જ સત્ય છે એ વાતને સંસારી આશ્ચર્યપૂર્વક સાંભળે છે, જુએ છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતાના બીજા અધ્યાયના શ્લોક ૨૯માં કહ્યું છે કે, કોઈ આત્માને આશ્ચર્ય જેવો જુએ છે. વળી, કેટલાક એને આશ્ચર્યવત્ સાંભળે છે જ્યારે કેટલાક આ સાંભળીને પણ એ આત્માને જાણતા નથી.

આ આત્મતત્ત્વ સામાન્ય સંસારી માટે આશ્ચર્યરૂપ છે અને જેઓ સાધના દ્વારા આત્મસાક્ષાત્કાર કરે છે એમને પણ એ આશ્ચર્યરૂપ જણાય છે. જેણે આત્માને તત્ત્વતઃ જાણ્યો છે એ યોગી પુરુષ પણ મૂગો જ રહે છે. આ અનુભવથી સમજાય એવી વાત છે. એનું વર્ણન શક્ય નથી. જીવ, જગત અને જગદીશ આ ત્રણ વિષયોમાં ઘણી ચર્ચાઓ થઈ અને હજી પણ થાય છે. આત્મસાક્ષાત્કારી સમર્થ સંત જગતનું જે મિથ્યાપણું અનુભવે અને બ્રહ્મનું સત્યપણું અનુભવે એની વાત લોકોને કરે ત્યારે સંસારીને તો એ ગાંડપણ જ લાગે. બાવો શું બકે છે એમ લાગે.

**બાવો કહે ન પરણ્યો કદિએ, મુને ન ઘર કે બાર,**
**નાર ન દીઠી નજરે તો એ, સહુ એ મુજ પરિવાર,**
**ભૂખ્યો શું સંહારે રે, અંતે સહુ મુજમાં ખપે.**

સામાન્ય રીતે પરણવું-લગ્ન કરવું એમાં બે વ્યક્તિ એકબીજા સાથે સંબંધ બાંધી જોડાતી હોય છે. આ બ્રહ્મ એક, અદ્વિતીય અને નિર્વિકારી છે. એના સંકલ્પમાત્રે - હું એક છું, અનેક થાઉં' એને કારણે આ જગતની રચના થઈ. જગતનું સર્જન કરીને એ બ્રહ્મે એમાં

પ્રવેશ કર્યો એવું ઉપનિષદ કહે છે. એટલે બ્રહ્મ કરોળિયાની જેમ પોતાનામાંથી જ આ બધું સર્જન કરે છે. એને સર્જન માટે બીજાની જરૂર નથી. વળી, બ્રહ્મમાંથી ઉત્પન્ન થતું જગત બ્રહ્મમાં જ લય પામે છે, એમાં જ એનું વિસર્જન થાય છે. પૂ.શ્રી ''પ્રાતઃસ્મરણમ્'' સ્તોત્રમાં લખે છે.

**યસ્મિન્નિદં જગદશેષમનુપ્રવિષ્ટં**
**વસ્ત્રે ગુણા ઈવ ગુણાતીગમપ્રમેયં ।**
**વેદશ્વભિઃ પ્રતિદિનં બહુ શોભમાનં**
**ભૂતૈઃ સ્મશાન કુહરે તમ તકર્યલીલમ્ ॥**

વસ્ત્રની અંદરના તાંતણાની જેમ આ જગતમાં એ બ્રહ્મ પ્રવેશેલું છે. દત્તપ્રણતિમાં પૂ.શ્રી લખે છે કે :-

**યસ્મિન્નોતં પ્રોતમશેષં જગદેતત્**
**યજ્જં, યત્સ્થં ચાન્તે યસ્મિંલ્લયમેતિ ।**
**વાચાગમ્યં વેદનરૂપં ત્રિગુણેશં**
**દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥**

જેનામાં આ જગત નિઃશેષ રીતે ઓતપ્રોત થયેલું છે, જેનામાંથી (જગત) જન્મે છે, જેમાં સ્થિર રહે છે અને અંતે જેમાં લય પામે છે, જે વાણીથી અગમ્ય છે, જે જ્ઞાનસ્વરૂપ છે અને ત્રણે ગુણોનો ઈશ છે એવા મારા હૃદયમાં વસનારા દત્તાત્રેય ભગવાનને હું પ્રણામ કરું છું.

આમ, આત્માને બ્રહ્મ સર્જન કરવા માટે બીજાની-પરણવાની જરૂર નથી અને સમગ્ર સર્જનમાં એ જ છે. એટલે બધું સર્જન એનો જ પરિવાર છે. અંતે બધું એમનામાં જ લય પામે છે. આ દેખાતું જગત એ બ્રહ્મનું કાર્ય છે. કાર્ય હંમેશાં વિકારી હોય છે. એ ત્રણે કાળમાં હોતું નથી. કાર્ય થયું એ પહેલાં એનું અસ્તિત્વ ન હતું. નાશ થયા પછી પણ એ નહિ હોય. વચ્ચે માત્ર આભાસરૂપ જ એ હોય છે. આમ, જગત એ આદિમાં ન હતું, અંતમાં નહિ હોય. વચ્ચે એ જે જણાય છે તે આભાસ છે, સત્ય નથી. બ્રહ્મ ત્રણે કાળમાં હોય છે. એ ત્રિકાલાબાધિત સત્ય છે. દત્તદશકમાં પૂ.શ્રી લખે છેઃ-

**જન્મ્યું નો'તું આ કશુ ંહતો ત્યાહરે તું જ,**
**રે'શે ના આ તોય તું, હોઈશ સચ્ચિત્પુંજ.**
**પાપ ન લાગે મુજને એનું, પુણ્ય ન આવે પાસ,**
**હર્ષશોક ન સ્પર્શે મુજને, હું તો સદા ઉદાસ;**
**દેવ, દેવી,તિર્યક્ રે, નર-પશુ મુજને જપે.**

બ્રહ્મ નિષ્ક્રિય છે. એ કશું કરતું નથી, પરંતુ એ માયાનો આશ્રય કરે છે ત્યારે એની સત્તાથી માયા આ બધું કરે છે. બ્રહ્મ માયાપતિ છે. આ માયા સત્ત્વ, રજસ અને તમસ એવા ત્રણ ગુણવાળી છે માટે એમાંથી ઉત્પન્ન થયેલું સમગ્ર જગત ત્રણ ગુણવાળું છે. બ્રહ્મ નિષ્ક્રિય હોવાથી તે કશું કરતું જ નથી. જે કશું કરે જ નહિ તો તેને પાપ, પુણ્ય, હર્ષ કે શોક થાય જ નહિ. બ્રહ્મ તો તટસ્થ (ઉદાસ) છે, નિર્દ્વંદ્વ છે. હર્ષ-શોક, પાપ-પુણ્ય, સુખ-દુઃખ જેવાં દ્વંદ્વોથી પર છે. જ્ઞાની પુરુષમાં કર્તૃત્વનો અભાવ હોય છે. ‘‘હું કરું છું’’ એ કર્તૃત્વભાવ અને ‘‘હું ભોગવું છું’’ એ ભોક્તૃત્વભાવ’’ જે આ બેથી પર હોય તેને પાપ-પુણ્ય કે હર્ષ-શોક નહિ હોય.

**જામ્યો રંગ અલૌકિક વનમાં જોવા જન ઊભરાય,**
**ગયું તે પાછું ન આવે, આગ મહીં ઝડપાય;**
**લીલું સૂકું બાળે રે, કોને વંદે કોને શપે ?**

વન એ માયાવી સંસારનું પ્રતીક છે. જંગલ એટલે વૃક્ષો અને વનસ્પતિથી ઘેરાયેલી જગા. એક વડમાંથી અનેક વડ થઈ એ જગા જંગલ બની જાય. વડ એ બ્રહ્મનું પ્રતીક છે અને વન એ સંસારનું પ્રતીક છે.

બ્રહ્મ સચ્ચિદાનંદ સ્વરૂપ છે ત્યા આનંદ-શાંતિ સિવાય બીજું કશું જ નથી. જ્યારે સંસાર ત્રિવિધ તાપના અગ્નિથી ભરેલો છે. શોક-મોહ, સુખ-દુઃખ, અહંતા-મમતા, રાગ-દ્વેષના ઝૂંડો છે. એક ભજનમાં પૂ.શ્રી લખે છે કે :-

રાગ-દ્વેષના જૂથ ઘણેરાં, (ત્યાં) શાંતિતણો નહિ પાર.

જીવ એ બ્રહ્મ જ છે, બ્રહ્મથી જુદો નથી, તોપણ અવિદ્યાને કારણે અજ્ઞાનવશ જીવ માયાના ચક્રમાં ફસાય છે. જીવ ‘હું અને મારું’માં જ જીવન પૂરું કરે છે. એ સ્વસ્વરૂપમાં સ્થિર થતો નથી. આ સંસારની આગમાં સુખી-દુઃખી બધા જ કાળને વશ થાય છે, પરંતુ જે બ્રહ્મજ્ઞાની છે, તે તો તટસ્થભાવે શાંતિથી બધું જોયા કરે છે.

બ્રહ્મ માયાનો આશ્રય કરે છે ત્યારે બ્રહ્મની સત્તાથી માયા આ જગતનું સર્જન કરે છે. જ્ઞાની પુરુષ માયાને મિથ્યા માની પરબ્રહ્મને-સ્વસ્વરૂપને પામે છે. એ તટસ્થ ભાવે જીવી રાગ-દ્વેષાતીત થઈ સચ્ચિદાનંદમગ્નમાં રહે છે.

□ □ □

# પર. બેઠો બેઠો ભાળે રે

(મનજી મુસાફર રે - એ રાગ)
(રાગઃધાની; તાલઃકહેરવા)

બેઠો બેઠો ભાળે રે, જોગી બીજું કાંઈ ના કરે;
અષ્ટંપષ્ટં બોલે રે, વાતો એની ચિત્ત હરે. ...ટેક.

શિયાળે થરથર તનુ કંપે, ટાઢ અતિશે વાય;
કાચબાનાં રૂંવાડાંકેરી, ગોદડીએ શીત જાય;
ઓઢી તે હરખાયો રે; બીજાં પ્રાણી ટાઢે મરે! ...બેઠો૦ ૧.

ભૂખ્યો ખાએ માંસ પોતાનું, પ્યાસો કરે મધુપાન;
જાગતો બોલાવ્યો ન બોલે, ઊંઘમાં કરે બુમરાણ;
ઉજાગરે મારે રે, અન્ય પાપી પોતે મરે! ...બેઠો૦ ૨.

[૧]મીન તરફડે મહાસાગરમાં, રણમાં પામે સુખ;
ખાધે પેટ ન કો દિ ભરાયે, ઉપવાસે ટળે ભૂખ;
ભણેલો ત્યાં ભૂલે રે, અભણ તો મોજ કરે! ...બેઠો૦ ૩.

પશુપાળ તો પડે નરકમાં, ખાટકી વૈકુંઠ જાય,
લખપતિ તો ભૂખે મરે, માલ ભિખારી ખાય;
અણસારે સમજાવ્યું રે, અનુભવી અર્થ કરે! ...બેઠો૦ ૪.

ડગલે ડગલે બાવળ [૨]કેરાં, ચંદન વિરલું કોય,
કલ્પદ્રુમ તો કોક કરોડે; પુણ્યે દર્શન હોય,
જનમોજનમનાં રે દળદર **રંગ** હરે!! ...બેઠો૦ ૫.

---

૧. માછલું. ૨. કેરડાં; કરીર.

□ □ □

# વિવરણ

યોગ સિદ્ધ કરે તે યોગી-જોગી. યોગની સાધના દ્વારા જીવ-શિવનો ભેદ ભગાડે તે જોગી.સહસ્રારમાં-બ્રહ્મરંધ્રમાં રહેલ આત્મતત્ત્વને પામી જનાર જોગી શું કરે ? બેઠો બેઠો જોયા કરે. એનામાં કર્તૃત્વ-ભોક્તૃત્વ ભાવ હોતો નથી. કર્તાપણાનો ભાવ ન હોવાથી એ

આવી પડેલું ફરજરૂપ કર્મ પણ નિષ્કામભાવે કરતો હોય છે એટલે કરવા છતાં પણ કરતો નથી એવું કહેવાય. પૂ.શ્રી લખે છે :-

**રાખી ચિત્ત સ્વરૂપમાં કરવું સ્વકર્મ તેમ,**
**બાહ્યાચારે ના કદી, થાએ બંધન એમ;**

**મમત્વ સ્વપ્ને ના લહે, અંતર્નિષ્ઠ સદાય,**
**આત્મતૃપ્ત આત્મજ્ઞ એ, કરી કરે ન કાંય.**

(અ.૨૦.દો.૨૩-૩૪.)

બેઠે બેઠો ભાળે રે એટલે તટસ્થ ભાવે, નિર્લેપ બનીને જીવે. આપણે લાગણીને કારણે મોહવશ બીજાના દુઃખને પણ આપણી છાતીએ વળગાડીને દુઃખી થઈએ છીએ. તો પછી આપણા દુઃખે તો કેવા દુઃખી દુઃખી થઈ જઈએ? જ્ઞાની પુરુષ આવો મોહ રાખતો નથી એટલે દરેકને તેના કર્મના ફળરૂપી આવી પડતા સુખ-દુઃખ ભોગવતાં જોવા છતાં તટસ્થ રહે છે. આ યોગી સ્થિતપ્રજ્ઞ છે એટલે જગતને નાટકનો મંચ અને સંસારને નાટક માની બધા નાટકના પાત્રો છે એમ સમજી જીવન જીવે છે.

### અષ્ટંપષ્ટં બોલે રે, વાતો એની ચિત્ત હરે :

નિઃસંગી રહેનાર સંતને સંસારીઓ નિઃસંગી રહેવા દેતા નથી. પોતાના સ્વાર્થ માટે, દુખડાં દૂર કરવા માટે તેઓ સંતને સેવતા હોય છે. કો'ક વળી જિજ્ઞાસુ પણ હોય છે. આવા મોક્ષમાર્ગી જિજ્ઞાસુ સાથે યોગી સાંકેતિક ભાષામાં-સૂત્રાત્મક ભાષામાં અષ્ટંપષ્ટં લાગે તેવું બોલતો હોય છે, પરંતુ સામેનો સાધક એ વાત સમજી જતો હોય છે. પૂ. બાપજી જ્યારે ધૂણીવાલા દાદાને મળ્યા ત્યારે સાધનાના સ્થળની બાબતના માર્ગદર્શન અંગે 'જંગલમાં મંગલ, જંગલમાં મંગલ' કહી સંકેત આપ્યો હતો, જે પૂ.બાપજી સમજી ગયા હતા.

યોગીની આવી સૂત્રાત્મક ભાષા સાધકની મૂંઝવણ દૂર કરે છે. આમ તો આત્મજ્ઞાની ગુરુનું મૌન જો શિષ્યના સંશયો દૂર કરતું હોય તો તેની અગડં-બગડં બોલી-સૂત્રાત્મક ભાષા - ચિત્ત હરે તો એમાં શું નવાઈ ?

**શિયાળે થર થર તનુ કંપે, ટાઢ અતીશે વાય,**
**કાચબાનાં રૂંવાડાકેરી, ગોદડીએ શીત જાય;**
**ઓઢી તે હરખાયા રે, બીજા પ્રાણી ટાઢે મરે...**

શિયાળામાં શરીર ધ્રૂજે અને અતિશય ટાઢ વાય એ આપણો અનુભવ છે. એ દૃષ્ટિથી સીધી વાણી જણાય છે, પરંતુ આ શિયાળો અજ્ઞાનનું પ્રતીક છે અને આ અજ્ઞાનને કારણે સ્વાત્મસુખ સ્વાધીન હોવા છતાં અજ્ઞાની જીવ ઈન્દ્રિયોના વિષયોપભોગ દ્વારા સુખ

મેળવવાના હવાતિયાં મારે છે, ફાંફાં મારે છે એ વાતને 'થર થર તનુ કંપે' તરીકે વર્ણવી છે. ઈન્દ્રિયસુખ એ સાચું સુખ નથી, પણ સુખનો આભાસ માત્ર છે. સાચું સુખ કાયમી હોય, જ્યારે ઈન્દ્રિય સુખ ક્ષણિક છે. એકવાર ઈચ્છા તૃપ્ત કરી પછી પાછી બે-ત્રણ દિવસે ઈચ્છા જાગવાની. સાચું સુખ સ્વતંત્ર હોય છે. એને મેળવવા બીજી કોઈ વસ્તુ પર આધાર રાખવો પડતો નથી, જ્યારે ઈન્દ્રિય સુખની પ્રાપ્તિ માટે બીજી વસ્તુ પર આધાર રાખવો પડે છે. કાચબો એ સંયમનું, ઈન્દ્રિયોને અંતર્મુખી કરવાનું પ્રતીક છે.

ગીતામાં કહ્યું છે કે :-

**યદા સંહરતે ચાયં કૂર્મોઽઙ્ગાનીવ સર્વશઃ ।**
**ઈન્દ્રિયાણીન્દ્રિયાર્થેભ્યસ્તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ॥**

(અ.૨.શ્લોકઃ૧૮.)

કાચબો બધી બાજુથી પોતાના અંગોને જેમ સંકોરી લે છે તે રીતે જ્યારે આ પુરુષ ઈન્દ્રિયોના વિષયોથી ઈન્દ્રિયોને સર્વ પ્રકારે ખેંચી લે છે ત્યારે તેની બુદ્ધિ સ્થિર છે એમ સમજવું.

જે જ્ઞાની પુરુષ છે, સ્થિતપ્રજ્ઞ છે તેની ઈન્દ્રિયો કેવળ વિષયોમાંથી પાછી નથી ફરતી, પરંતુ એના પ્રત્યેની આસક્તિ પણ નિવૃત્ત થઈ જાય છે. ઈન્દ્રિયોનું દમન કોઈ વાર વિષયોના ઉપભોગની ઈચ્છા કરે, પરંતુ આસક્તિ રહિત થયો હોય તે વ્યક્તિને ઈન્દ્રિય સુખની ઈચ્છા જ થતી નથી.

આવી વૃત્તિને કાચબાની રૂંવાડાની ગોદડી કહી છે. જે આ ગોદડી ઓઢે છે તેની ટાઢ દૂર થાય છે, પરંતુ જે બહિર્મુખ છે, ઈન્દ્રિયોને અંતર્મુખી કરી નથી તે તો વિષયોપભોગ પાછળ મરવાનો છે. જ્યારે માનવી ભોગ ભોગવે છે ત્યારે એને ખબર નથી કે ભોગો જ એને ભોગવે છે. ભર્તૃહરિ મહારાજ કહે છે :-

**ભોગો ન ભુક્તા વયમેવ ભુક્તાઃ**
**તપો ન તપ્તં વયમેવ તપ્તાઃ ।**

**કાલો ન યાતો વયમેવ યાતાઃ**
**તૃષ્ણા ન જીર્ણા વયમેવ જીર્ણાઃ ॥**

**ભૂખ્યો ખાએ માંસ પોતાનું, પ્યાસો કરે મધુપાન,**
**જાગ્યો બોલાવ્યો ન બોલે, ઊંઘમાં કરે બુમરાણ;**
**ઉજાગરે મારે રે, અન્ય પાપી પોતે મરે...**

જેને આત્મજ્ઞાનની ભૂખ જાગી છે તે પોતાના દેહનું દમન કરે છે. ઈન્દ્રિયોને મનગમતા વિષયો સંતોષવા દેતો નથી. લોહીનું પાણી કર્યા વિના આત્મજ્ઞાન મળતું નથી. શરીરને ટકાવી રાખવા પૂરતું, દવાની જેમ અન્ન આપવાની વૃત્તિ હોય છે. આ અર્થમાં એ પોતાનું માંસ ખાય છે એમ કહે છે. સાધક દેહનું લાલન પાલન કરતો નથી. એનું શરીર કૃશ થાય છે.

જેણે યોગ દ્વારા સમાધિસુખ મેળવવું છે, જિહ્‌વા છેદન કરાવી જીભને તાળવા સાથે જોડી અંદરથી ઝરતાં અમૃતનું પાન કરવું છે તે સાધક પ્યાસો છે અને અમૃત પાનને મધુપાન કહ્યું છે. આમ, સાધનામાં કઠણ તપશ્ચર્યા અને યોગસમાધિ દ્વારા યોગી થવાય છે. આ લોહના-લોખંડના ચણા ચાવવાનું કામ છે. કાચજ પોચાનું કામ નથી.

જ્ઞાની પુરુષ સંયમ દ્વારા પોતાની ઈન્દ્રિયોને વિષયોમાંથી પાછી વાળી લે છે. એ માયાથી પર રહી તેમાં ફસાય નહિ તે માટે સદા જાગ્રત રહે છે. આવો જ્ઞાની પુરુષ સત્ત્વગુણી હોવાથી ‘મૌનમાં મુનિજનો મોજ માણે’’ એ ન્યાયે બહુધા મૌન જ રાખે છે. આ અર્થ ‘જાગ્યો બોલાવ્યો ન બોલે’ એનો છે. જે લોકો અજ્ઞાની છે, જેણે જ્ઞાનપ્રાપ્તિ કરી નથી તેવી જ્ઞાનમાર્ગમાં ઉંઘતી વ્યક્તિ પોતાની વાણીનો વિલાસ કરે છે. જેમ કાગડો બધે ઊડીને કા-કા કરી આવે તેમ એ પોતાનામાં રહેલાં અધકચરાં જ્ઞાનની બુમરાણ બચાવી આવે છે. પૂર્ણ જ્ઞાની મૌન રાખે છે. ખાવાની વસ્તુથી મોઢું એકદમ ભરાયેલું હોય તો તે ખૂલતું જ નથી. આમ, અજ્ઞાની વ્યક્તિ બ્રહ્મની વાતો કરવા ચૉરે ને ચૌટે જઈ બુમરાણ મચાવે છે, જેઓ ઈન્દ્રિયોના સંયમ માટે સતત જાગ્રત છે, તે ઉજાગરો કરે છે એમ કહ્યું છે. પરંતુ એવો ઉજાગરો કરીને તે સંયમ દ્વારા આશા-તૃષ્ણાની વાસનાને મારે છે. જે લોકો ઈન્દ્રિયોનું લાલન પાલન કરી, સંસારના વિષયોપભોગમાં મસ્ત રહે છે, તેને પાપી કહ્યા છે અને તેઓ પોતે જ પોતાના પગ પર કુહાડો મારીને મરે છે.

**મીન તડફડે મહાસાગરમાં, રણમાં પામે સુખ,**
**ખાધે પેટ ન કો’દી ભરાયે, ઉપવાસે ટળે ભૂખ;**
**ભણેલો ત્યાં ભૂલે રે, અભણ તો મોજ કરે.**

આ અવળવાણી છે. મહાસાગરમાં પાણી હોવાથી માછલી તડફડે નહિ અને રણમાં પાણી નહિ હોવાથી દુઃખી થઈને મરે. ઉપવાસે ભૂખ લાગે અને ખાવાથી પેટ ભરાય એવો આપણો બધાનો અનુભવ છે. આ પંક્તિમાં અનુભવથી તદ્દન વિરુદ્ધનું વર્ણન છે. આ પંક્તિનો ગૂઢાર્થ શોધીએ. અહીં મનને માછલીની ઉપમા આપી છે. વિષયરૂપી વિષયોનો ઉપભોગ એ મહાસાગર છે-ખારું પાણી છે. મન નિર્વિષયી બને તે સ્થિતિને રણની ઉપમા આપી છે.

વિષયો સંતોષવાથી એની ઈચ્છા વધુ ને વધુ થાય છે એટલે ''ખાધે પેટ ન કો'દિ ભરાયે'' એમ કહ્યું છે. વિષયો અંગેનો ઈન્દ્રિયોનો સંયમ તે ઉપવાસ છે અને એવા સંયમથી જ ભોગ-લાલસાની ભૂખ શાંત થાય છે.

આત્મજ્ઞાન માટે પુસ્તકીયા જ્ઞાન કામ આવતું નથી. આવું જ્ઞાન ધરાવનાર ભૂલ કરે છે, પણ આવું જ્ઞાન ન ધરાવનાર પરંતુ સંયમપૂર્વક જીવન જીવી અનુભવજ્ઞાન મેળવનાર જ મોજ કરતો હોય છે.

**મન બાંધે મન છોડવે મને રચ્યું આ સર્વ**
**નાના નેહ કથે શ્રુતિ એક અનેકે શર્વ.**

પૂ.શ્રીની દત્તદશકની પંક્તિનો અનુભવ થાય ત્યારે સાધક આનંદ લૂંટે, મોજ માણે. મન એ ઈન્દ્રિયોરૂપી ઘોડાના મોંમાં આવેલી લગામ છે. મનનું જેટલું કહ્યું કરીએ તેટલું મન વ્યક્તિને વધુ હેરાન કરે. એને વિષયોમાંથી સુખ મેળવવાની ઈચ્છા થાય અને જો ઈન્દ્રિયોને એ રીતે વર્તવા દઈએ તો અંતે એ મન દુ:ખી થવાનું. વિષયસુખના ખારા પાણીના મહાસાગરમાં મનરૂપી માછલી તડફડે છે.

વિષયવાસનાને જેમ જેમ સંતોષો તેમ તેમ એ વધતી જાય. વૈરાગ્યથી જ એને મારવી પડે. પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે કે :-

**જેમ જેમ વિષયે રમે, વધે વાસના જાણ,**
**જ્ઞાનીને પણ નરકમાં, પાડે આખર માન.**

**અગ્નિમાં ઘી હોમતાં થાએ ભડકો જેમ,**
**વિષયભોગથી વાસના વધે, ના ઘટે તેમ.**

**ભોગે તૃપ્તિ ના કદી, માટે નિશ્ચય જાણ,**
**વિષયદોષ વિચારીને થાવું વિરક્ત માન.**
(અ.૫૧.દો.૩૩,૩૬,૩૭.)

**પશુપાળ તો પડે નરકમાં ખાટકી વૈકુંઠ જાય,**
**લખપતિ તો ભૂખે મરે, માલ ભિખારી ખાય.**
**અણસારે સમજાવ્યું કે, અનુભવી અર્થ કરે.**

આ પણ અવળવાણીની પંક્તિ છે. પશુને પાળનાર સ્વર્ગે જવો જોઈએ અને ખાટકી હોય તે નરકમાં જવો જોઈએ. લખપતિ માલ-મલીદા ખાતો હોય છે અને ભિખારી હોય તે ભૂખે મરતો હોય છે. અહીં તો તદ્દન ઊંધું વર્ણન છે એટલે શબ્દાર્થ નહિ, ગૂઢાર્થ જોવો પડે. પશુપાળ એટલે ઈન્દ્રિયોરૂપી પશુઓનું લાલન પાલન કરનાર. સંસારના સુખમાં રચ્યા

પચ્યા રહેનાર માણસને ભગવાને બુદ્ધિ આપી છે. આ બુદ્ધિને વિવેકયુક્ત કરીને ઈન્દ્રિયોરૂપી ઘોડાના મોંમાં મનરૂપી લગામ લગાવી સારથિ તરીકે શરીરરૂપી રથને સદ્પંથે લઈ જવાનો છે. ઈન્દ્રિયોનું દમન કરવું, અંતર્મુખ કરવી, વિષયોમાંથી પાછી વાળવી એ સમજુ વ્યક્તિનું કામ છે. આવું કરનાર ઈન્દ્રિયોરૂપી પશુને મારે છે માટે તેને ખાટકી કહ્યો છે. આમ, પશુ પાળનાર-ઈન્દ્રિયસુખ ભોગવનાર - નરકમાં જાય છે, જ્યારે ઈન્દ્રિયનું દમન કરનાર ખાટકી વૈકુંઠમાં જાય છે એમ કહ્યું છે.

**લખપતિ તો ભૂખે મરે, માલ ભિખારી ખાય :**

જેની આશા-તૃષ્ણાનો અંત નથી એવો શ્રીમંત જન પણ ભોગ-લાલસાની તૃપ્તિના સંદર્ભમાં સદા ભૂખ્યો જ છે. આટલું મળ્યું (લખપતિ થયા) પણ આટલું હજી મેળવવાનું બાકી (ભૂખ્યા) છે એવી વૃત્તિ કાયમ રહે છે. એને કોઈ દિવસ સંતોષ થતો જ નથી. આશાનો દાસ એ આખા જગતનો દાસ છે એમ પૂ.શ્રી અક્ષરગીતામાં કહે છે અને જેણે આશા-તૃષ્ણાનું વિસર્જન કર્યું છે એવો ભિખારી જેવો વિરક્ત સાધક જ મોક્ષરૂપી માલ ખાય છે. લખપતિના નસીબમાં આ માલ ખાવાનું છે જ નહિ.

પૂ.શ્રી એક ભજનમાં કહે છે કે :-

**સર્વ જગતનાં સ્ત્રી ધન, પશુઓ મળે એકને જાણ,**
**તો એ તૃપ્તિ ન પામે કદીએ, સ્વપ્ન સુખે એ માન.**

**તૃષ્ણા ત્યાગે શૂન્યે રે, અઢળક લક્ષ્મી જુએ.**
**ડગલે ડગલે બાવળ કેરાં ચંદન વિરલું કોય,**

**કલ્પદ્રુમ તો કોક કરોડે પુણ્ય દર્શન હોય,**
**જનમોજનમનાં રે, દળદર રંગ હરે...**

યોગી થઈને, જીવભાવ ત્યજી શિવભાવમાં સ્થિર થવા, જન્મમરણના ચક્કરમાંથી છૂટવા વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ અને મુમુક્ષુપણું એ ચાર સાધનો સાધી સાધકે ગુરુના માર્ગદર્શન હેઠળ સાધના કરવી પડે. સાચો સદ્ગુરુ સાધકની નાવને ભવસાગર પાર કરાવી દે છે. સદ્ગુરુનું માર્ગદર્શન અને સદ્ગુરુની કૃપાથી સાધક જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ એવો સદ્ગુરુ અનુભવી હોવાથી શિષ્યનો હાથ પકડી સાચે રસ્તે ચઢાવે છે. પૂ.શ્રી એક ભજનમાં લખે છે કે :

**કથે જ્ઞાન અરુ ક્રિયા શીખાવે, પકડ દસ્ત સલૂના,**
**ઘાટ અગમપે આપ ચઢાવે, જહાં સાંઈકા થાના... સદા ભજો.**

પરંતુ સાચા ગુરુ મળે ક્યાં ? મળે કોને ? મળે ક્યારે ? માનવીના પૂર્વજન્મના પુણ્ય ફળે ત્યારે સાચા ગુરુ મળે. પૂ.શ્રી લખે છે કે :-

ડગલે ડગલે લીમડા, ચંદન વિરલું હોય !
કલ્પદ્રૂમ તો ક્રોડમાં, કોક વિરલો જોય

વેષધારી વાટમાં, દુર્લભ સંત સુજાણ,
સદ્‌ગુરુ પુણ્યે સાંપડે, કરે જ્ઞાનનું દાન.
(અ.૧.દો.૧૨૧,૧૨૨)

શિષ્યનું વિત્ત હરે એવા નહિ, ચિત્ત હરે, ચિંતા હરે એવા ગુરુ તો કલ્પવૃક્ષ સમાન છે જે કોક પુણ્યશાળીને જ મળે. આપણે એવા પુણ્યશાળી છીએ કે આપણને સમર્થ સદ્‌ગુરુ સાંપડ્યા છે. હવે આપણે કલ્યાણ માર્ગના પ્રવાસે ડગ માંડવાના છે.

□ □ □

## ૫૩. અવળુંસવળું બોલું રે

(મનજી મુસાફર રે - એ રાગ)
(રાગઃધાની; તાલઃકહેરવા)

અવળુંસવળું બોલું રે, સંતો મારા ક્ષમા કરે,
ઓસડિયું અજાણ્યું રે, આપ્યું વૈદે રોગ હરે. ...ટેક.

મૂળ મૂકીને ડાળાંઓ કાપ્યે, વૃક્ષ વધે ચોપાસ;
ઘર છોડીને જંગલમાં દોડ્યે, મરે ન મેલી આશ;
ભૂખે પાપ સૂઝે રે, રોટલો તે કેમ મળે? ...અવળું૦૧.

જન્મમરણની રો રો જે ટાળે, રોટલો તે જ પ્રમાણ;
આપે સદ્‌ગુરુભઠિયારો, ઠરે મન ને પ્રાણ;
સંયમની આગે રે, શેકી એને મિષ્ટ કરે! ...અવળું૦૨.

પ્હાણાઓ તરે પલકમાં, ને ડૂબે તુંબાં ખાસ;
એવું ભવજળ ચોગમ ભરિયું, દીસે દૂર ઉજાસ;
હાંકણહારો ઉલ્લુ રે, ડૂબું ડૂબું હોડું કરે! ...અવળું૦૩.

**દક્ષિણનો વા નીસર્યો, ને આવી સુગંધની લ્હેર;**
**હર હર ઓમ્ કરતું ચાલ્યું, હોડું પવનની પેર;**
**[1]હરિને ધામ પહોંચ્યું રે, રંગ કોથી કેમ ડરે? ...અવળું૦ ૪.**

---

**૧. નર્મદાપરિક્રમામાં દક્ષિણતટથી સાગરસંગમ ઓળંગીને ઉત્તરતટ પર પરિક્રમાવાસીઓ જે જગ્યાએ ઊતરે છે તે સ્થાનને પણ હરિનું ધામ કહે છે; આમાં અણઘડ પરિક્રમાવાસીઓને તો ગર્ભિત સંબોધન નહિ હોય?**

▯ ▯ ▯

# વિવરણ

પૂ. રંગઅવધૂત મહારાજની આકાશીવૃત્તિ ગજબની હતી. આકાશીવૃત્તિ એટલે ભગવાનના ભરોસે જીવવું. ભગવાન માગ્યા વગર બધી વ્યવસ્થા કરે છે. એ જે સંજોગો ઊભા કરે તે સંજોગોને સહજતાથી અને સહર્ષ સ્વીકારી લેવાના.

દત્તપુરાણનાં ૧૦૮ પારાયણ કરવા નારેશ્વરમાં આસન મૂક્યું. પારાયણ પૂરાં થયાં. આવા અનુષ્ઠાનની પૂર્ણાહુતિમાં શાસ્ત્રીય ઉદ્યાપનની વિધિ થતી હોય છે, પરંતુ પૂ.શ્રીના અનન્ય ભક્તો પૈકી કોઈના મનમાં ઉદ્યાપનનો વિચાર ન આવ્યો અને એમણે કાંઈ પૂછ્યું નહિ. આ બાજુ પૂ.બાપજીએ પણ સામે ચાલીને કશું કહ્યું નહિ. પારાયણની ઉદ્યાપન વિધિના વિકલ્પમાં નર્મદા પરિક્રમા ૧૦૮ દિવસમાં કરવાનું નક્કી કર્યું.

પરિક્રમાનું વિચાર્યું ત્યાં દેવની આજ્ઞા થઈ કે 'ગાંડા તુજી વાટ પાહિતો.' ગાંડા મહારાજને મળવા મહારાષ્ટ્રના વાંકડી ગામે ગયા. એમને મળી, ગુરુમૂર્તિ ચરિત્ર વિશેના લખાણનું શુદ્ધિકરણ કરી મોરટક્કા આવ્યા અને ત્યાંથી પરિક્રમા શરૂ કરી. દિવાળી ઉપર નારેશ્વરની સામેના કિનારે આવેલા વેળુ ગામમાં આવી પહોંચ્યાં. ત્યાંથી આગળ આવતા વિમલેશ્વર હાંસોટથી વીસેક કિલોમીટર (૧૩માઈલ) દૂર સંગમ પાસે આવી પહોંચ્યા. આ કિનારેથી સામે કિનારે જવા -સાગર પાર કરવા-હોડીમાં બેઠા. બીજા બધા પરિક્રમાવાસી પણ હતા. સંગમના નીર હિલોળે ચઢ્યાં અને નાવ ડૂબું ડૂબું થવા માંડ્યું. સૌ પરિક્રમાવાસીના જીવ પડીકે બંધાયા અને રેવા માતાને આર્તભાવે પુકારવા લાગ્યા. આ પ્રસંગને અનુલક્ષીને પૂ.શ્રીએ આ ભજન રચ્યું છે.

પૂ.શ્રી કહે છે કે : **અવળું સવળું બોલું રે, સંતો મારા ક્ષમા કરે,**
**ઓસડીયું અજાણ્યું રે, આપ્યું વૈદે રોગ હરે.**

જ્યારે બધાના જીવ પડીકે બંધાયા હતા ત્યારે પૂ.શ્રી તો સ્વસ્થતાથી બેઠા હતા અને પોતાના ગુરુમહારાજના ધ્યાનમાં મગ્ન હતા. કેટલાક પરિક્રમાવાસીઓએ પૂ. બાપજીને પૂછ્યું

કે, તમે આમ કેમ સ્થિર બેઠા છો ? એકવાર તો રેવા માનો પોકાર કરો. પૂ.બાપજીએ કહ્યું કે, રેવા મા ! એના ખોળામાં લઈ લે તો આપણે શું ગુમાવવાનું છે ? અને સામે પાર લઈ જશે તો ત્યાં શું કમાવવાનું છે ? પરિક્રમામાં નીકળ્યા છો તો માજી એનામાં સમાવી લે તો એ તમને પસંદ નથી કે શું ? મોત માથા ઉપર મંડરાતું હોય ત્યારે આવી વાતો કરનાર પાગલ જ લાગેને ! આવું અવળું સવળું બોલવાનું છોડીને ખરેખર તો મા રેવાની પ્રાર્થના કરવી જોઈએને? પણ પૂ.શ્રી એવું વિચારતા હશે કે મા રેવાએ જે કરવું હોય તે ભલે કરે અને એ જે કરશે તે સારું જ કરશે. આવું વિચારવું એ પણ પ્રાર્થના નથી શું ? પ્રાર્થના તો અંદરથી થાય અને અંતરથી થાય. ગુરુમહારાજે આપેલા નામમંત્રની ઔષધિ બધા જ રોગો હરી લેનાર છે.

પરમાત્માને પામી ચૂકેલા સંત આવા આપત્તિકાળમાં પણ સ્વસ્થતા ગુમાવતા નથી. ‘‘ધીરજ, ધર્મ, મિત્ર અરુ નારી । આપદ્‌કાલ પરખીયે ચારી ।।’’ એમ તુલસીદાસ કહે છે. એક સંત બીજા પ્રવાસીઓ જોડે હોડીમાં પ્રવાસ કરી રહ્યા હતા. હોડી મધ્યમાં આવી ત્યાં નાવિકે કહ્યું : તોફાન છે અને તેથી જોખમ છે. બધા ગભરાયા. બહારનું પાણી ઊછળીને નાવમાં આવવા માંડ્યું. સંતને શું થયું તે પોતાના કમંડળથી નદીનું પાણી હોડીમાં રેડવા લાગ્યા. બીજા પ્રવાસીઓ બરાડી ઊઠ્યા કે, મહારાજ ! કાંઈ અક્કલ છે કે નહીં ? મરવું છે ? થોડી વારે નાવિકે કહ્યું કે,હવે ગભરાવાની જરૂર નથી. હવે જોખમ નથી. આ સાંભળીને સંતે કમંડળથી હોડીનું પાણી નદીમાં નાંખવા માંડ્યું. બધાને થયું કે, આ કેવું ગાંડપણ કરે છે ? પરંતુ એક પ્રવાસીને થયું કે, આ સંત પરમાત્માને પામી ચૂકેલા સંત જણાય છે. એણે નમ્રતાથી પગે લાગીને પૂછ્યું કે, મહારાજ ! હોડીને ડૂબવાનો ભય હતો ત્યારે તમે પાણી અંદર રેડતા હતા અને હવે જ્યારે ડૂબવાનો ભય નથી ત્યારે પાણી બહાર ફેંકો છો એનું કારણ શું ? સંતે કહ્યું કે, જ્યારે નાવિકે કહ્યું કે હોડી ડુબવાનો ભય છે ત્યારે મને થયું કે ભગવાને જો હોડી ડુબાવડી જ હોય તો મારે એને હોડી ડુબાડવામાં મદદ કરવી જોઈએ. તેથી હું હોડીમાં પાણી રેડતો હતો. જ્યારે નાવિકે કહ્યું કે, હોડી ડુબવાનો ભય નથી ત્યારે મને થયું કે એણે હોડી ડુબાડવી જ નથી, તો મારે એમાં મદદરૂપ થવું જોઈએ. એટલે મેં હોડીનું પાણી નદીમાં ફેંકવા માંડ્યું.

આવા પામી ચૂકેલા પુરુષોની વાણીને, કાર્યને, સામાન્ય વ્યક્તિ શું સમજી શકે ? આવા મહાપુરુષો તો પોતે પાછા માફી માગે. પરિક્રમા માટે નીકળ્યા, જંગલમાં જઈને બેઠા, ઘર છોડ્યું તેથી કાર્ય પૂરું થતું નથી. આશા-તૃષ્ણા છૂટ્યા કે ? ભગવાન ઉપર અતૂટ ભરોસો આવ્યો કે ? ગુરુનું શરણ લીધું કે ? મનોવૃત્તિ સુધરે નહિ ત્યાં સુધી બાહ્યાચાર કશું ફળ આપતો નથી. મનની વૃત્તિ સુધરવી જોઈએ. મનમાંથી આશા-તૃષ્ણા રૂપી મૂળનો નાશ કરવો જોઈએ. મૂળ કાપવાથી પછી ઝાડ નાશ પામે છે. બાહ્યાચારરૂપી ડાળાઓ કાપવાથી

કંઈ પરિણામ આવતું નથી. ઊલટું એનાથી દંભ અને દેખાડો વધતો હોય છે. જન્મમરણના ચક્કરમાંથી છૂટવાની ભૂખ હોય તો એને માટેના યોગ્ય પ્રયત્નો થવા જોઈએ.

જન્મમરણની ભૂખ ટાળવા માટે 'રોટલો' ખાવો પડે. આ રોટલો કોણ આપે ? પૂ.શ્રી કહે છે કે, સદ્‌ગુરુરૂપી ભઠિયારો રોટલો આપે. એ સદ્‌ગુરુ રોટલાને સંયમની આગે શેકે છે તેથી એમાં મીઠાશ આવે છે. આ જ રીતે સદ્‌ગુરુ આપણને શીલ, સંયમના પાઠ શીખવી મન અને પ્રાણ ઠરે એવું સાધન કરવાનું કહે છે.

**સિદ્ધ કરી સાધન સુખે જવું સદ્‌ગુરુ શરણ,**
**સેવા કરી સદ્‌ભાવથી કરવું વાક્ય વિવરણ.**
**સદાચારરત જે સદા, પૂરો જ્ઞાને તેમ,**
**નિજાનંદમાં મસ્ત જે, બ્રહ્મનિષ્ઠ ગુરુ એમ.**

(અ.૧૭.દો.૧૩,૧૪)

સાચો ગુરુ સદાચારી જીવન જીવે, જ્ઞાન પ્રાપ્ત કરી નિજાનંદમાં મસ્ત રહે અને એ જ રીતે જીવવાનું શિષ્યને શીખવે. 'આચાર એ જ ઉપદેશ' એ સાચા ગુરુનો સિદ્ધાંત.

જેઓ સાધના કરી પોતાના શરીર તરફ દયાભાવ દર્શાવતા નથી, પણ ઈન્દ્રિયોનું દમન કરે છે એવા પથ્થર જેવા લાગણીશૂન્ય વ્યક્તિ જ સંસારસાગર તરી જાય છે અને શરીરનું જ જતન કર્યા કરનારા શરીરરાખા કષ્ટભરી સાધના કરતા નથી. તેથી તેઓને તુંબા સાથે સરખાવી પૂ.શ્રી કહે છે કે એવા બધા ભવજલમાં ડૂબી જાય છે.

વિમલેશ્વર હાંસોટથી સંગમેશ્વર જઈ સામે કિનારે જ્યાં ઊતરવાનું ધામ છે, તેનું નામ હરિધામ છે અને ભવસાગરમાં સાધના કરનારો પણ યોગ સાધીને,, જીવ શિવનો ભેદ મીટાવીને હરિને ધામ જ પહોંચે છે.

પ્રસંગને અનુલક્ષીને લખાયેલા ભજનમાં પણ ચિંતન તો રહેલું જ છે. હવેના જમાનામાં તો ''થયા શિષ્ય લોભી ગુરુ સ્વાર્થ સાધુ''ની સ્થિતિ છે. એટલે સાચવીને ગુરુ કરવા જેવા છે. ગુરુ મેળવવા સાધકે પ્રયત્નો કરવાના નથી, સાધના કરવાની છે. સ્વામી રામકૃષ્ણ પરમહંસ કહે છે કે, ગુરુ શોધવાની જરૂર નથી, સાચા શિષ્ય બનવાની જરૂર છે. સાચા ગુરુ આવા સાચા શિષ્યની શોધમાં ફરતા જ ફરે છે.

❑ ❑ ❑

## ૫૪. પ્રભુ પરખ્યા હ્રદે જેણે

(રાગઃમિશ્ર કાફી ગઝલ; તાલઃદીપચંદી)
(ગઝલની રાહમાં ગવાશે)

પ્રભુ પરખ્યા હ્રદે જેણે, ફરે ભમતો જગે શાને?
પીધું [1]આકંઠ અમૃત તે કરે કાંજી વૃથા શાને? ...ટેક.

મળી વટવૃક્ષની છાયા, [2]નિદાઘે તાડ કાં ઢૂંઢે?
ભર્યા કોઠાર રત્નોના ગૃહે, કાં પથ્થરો ફોડે? ...પ્રભુ૦ ૧.

ગૃહે સુરધેનુ[3] કાં દોડે ગૃહોગૃહ [4]તક્રને માટે?
વહે ગંગા નિજાંગણમાં, ભમે કૂવે એ શા માટે? ...પ્રભુ૦ ૨.

શરદપૂનમતણી રાતે, અકર્મી આગીઓ ખોળે;
થવા ઉજાસ આંગણમાં, બપોરે દીપ પ્રજવાળે! ...પ્રભુ૦ ૩.

ન શોધે મોર ચિતારો, કદિ [5]પિક **રંગ** તંબૂરો;
કૃતાકૃતથી પરે બેસી નિહાળે ખલ્કની રો રો! ...પ્રભુ૦ ૪.

ખુશામત માળીની કદિ ના કરે વસંત વનમાળી!
નિજાનંદે ફરે અવધૂત દઈને મોતને તાળી!! ...પ્રભુ૦ ૫.

▯ ▯ ▯

## વિવરણ

શ્રુતિ જેને 'પ્રાપ્તસ્ય પ્રાપ્તિ' કહે છે એની સમજ આ ભજન દ્વારા આપવામાં આવી છે. ગળામાં હાંસડી અને હાંસડી ખોવાઈ ગઈ એવી ભ્રમણામાં બધે શોધે તો ક્યાંથી મળે ? 'કેડમાં છોકરું અને ગામમાં શોધ્યું' એવી આપણી સ્થિતિ છે. આપણી ઈન્દ્રિયો બહિર્મુખ હોવાથી અંતરમાં રહેલા પરમાત્માને આપણે ઓળખી શકતા નથી.

પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં કહે છે :-

**આત્મા સુખસ્વરૂપ આ, લેશ ન એમાં દુ-ખ,**
**અભ્યાસે એ જાણતાં, જડે ન શોધ્યું દુઃખ !**

**સ્વાત્મસુખ સ્વાધીન જે, છોડી દોડે જેહ-**
**વિષયો પાછળ ગાભરો, રડે દુઃખથી તેહ.**

**બહિર્વૃત્તિ છોડીને થાવું અંતર્નિષ્ઠ,**
**શાંતિ અક્ષય તો મળે, મરે સમૂળાં ક્લિષ્ટ.**
(અ.૯.દો.૨૨,૩૨,૬૩)

૬૫મી રંગજયંતીના પ્રવચન **'દ્વારિકાનાં ડિમ ડિમ'**માં પૂ.શ્રી કહે છે કે :-

**"દુઃસ્થાનિ બહિર્મુખાનિ વિષયનિરતાનિ**
**ઈન્દ્રિયાણિ યસ્મિન્ તત્ દુઃખમ્ ।**

જેમાં ઈન્દ્રિયો બહિર્મુખ થઈ શબ્દ, સ્પર્શાદિ વિષયોની પાછળ આંધળી ભીંત થઈ દોડતી હોય એ જ દુઃખનો દરિયો."

આ જ પ્રવચનમાં સુખ શબ્દને સમજાવતાં પૂ.શ્રી કહે છે કે, "જેમાં મન સહિત ઈન્દ્રિયો વિષયોમાંથી પરાડમુખ થઈ આત્માભિમુખ થાય-ઈશ્વર તરફ વળે-તે સુખ. ઈન્દ્રિયોનો પ્રવાહ સામાન્ય રીતે બહિર્મુખ જ હોય છે અને તેથી જ તે સર્વ સુખ નિધાન આત્માને જોઈ શકતી નથી.

ઈન્દ્રિયોને આત્માભિમુખ કરવા માટે જ સાધના છે. રજોગુણની પ્રધાનતાને કારણે વ્યક્તિ બાહ્ય પ્રવૃત્તિમાં રત રહે છે અને પરિણામે એની વૃત્તિ પણ બહિર્મુખ જ રહે છે. બહાર જ રખડ્યા કરતી ચકલીને માળામાં પાછા ફરવું ગમતું નથી અને એકદમ માળામાં જાય તો કાંઈ દેખાતું નથી એટલે પાછી બીકની મારી માળાની બહાર જતી રહે છે. પરંતુ કાળરૂપી બાજપક્ષી પાછળ પડે ત્યારે માળામાં જતી રહે છે અને મોતની બીકે માળામાં આંખ મીંચીને અંધારામાં બેસી રહે છે. થોડી વાર પછી એને માળામાં દેખાવા માંડે છે.

આ ભજનમાં પૂ.શ્રી આપણને અંતર્મુખ થવાનું કહી આપણી અંદર ભગવાને મૂકેલો આત્માનો- અક્ષય સુખનો ખજાનો જાણવાનો અને માણવાનો પ્રયાસ કરવાનું કહે છે.

એક દૃષ્ટાંત આ સમગ્ર ભજનના હાર્દને સ્પષ્ટ કરી દેશે.

એક ગામમાં એક ગઠિયો રહેતો હતો. એને ખબર પડે કે અમુક વ્યક્તિ કીમતી વસ્તુ સાથે બહારગામ જઈ રહ્યો છે તો એ ગઠિયો એની સાથે મિત્રતા બાંધી થોડા સમયમાં વિશ્વાસ કેળવી એ કીમતી વસ્તુની ઉઠાંતરી કરી ચાલતી પકડે. ઉઠાંતરી કરવામાં એ ખૂબ હોશિયાર થઈ ગયેલો.

એકવાર એને ખબર પડી કે, જોડેના ગામનો એક શેઠીઓ મોટી રકમ લઈને શહેર જઈ રહ્યો છે. શેઠ જે ટ્રેનમાં જવાના હતા તે જ ટ્રેનમાં એ પણ નીકળ્યો. હોશિયાર એટલો

કે શેઠની સામેની બેઠક મેળવી લીધી. રાત્રે શેઠ સૂઈ જાય ત્યારે પૈસાની ઉઠાંતરી કરવાનું નક્કી કર્યું. રાત પડે એ પહેલાં શેઠનો વિશ્વાસ સંપાદન કરવા માટે સારી સારી વાત કરી. શેઠને જરૂર હોય તો પાણી લાવી આપે, ચા લાવી આપે. રાત પડી. શેઠ સૂઈ ગયા. શેઠ ભર નિદ્રામાં હતા ત્યારે શેઠનો બધો સામાન તપાસ્યો, પણ કાંઈ મળ્યુ નહિ. ધીમે રહીને શેઠની પથારીની નીચે જોયું, શેઠના ખિસ્સા જોયાં પણ કાંઈ મળ્યું નહિ.

બીજે દિવસે સવારે શેઠ સંડાસ ગયા એટલે પથારી ઊંચી-નીચી કરી પણ કાંઈ કહેતા કાંઈ મળ્યુ નહિ. છેવટે એણે શેઠને કહ્યું કે, 'હું એક ગઠિયો છું. તમો ઘણી મોટી રકમ લઈને નીકળ્યા છો એવું જાણ્યું એટલે તમારી સાથે થઈ ગયો હતો. મેં ઘણું ફંફોળ્યું પણ કાંઈ મળ્યું નહિ. મારે એટલું જ જાણવું છે કે આ રકમ તમે ક્યાં સંતાડી છે ?

શેઠે કહ્યું કે, હું તમને ઓળખું છું. મને ખાતરી જ હતી કે તમે મારી પથારી, મારા ગજવાં, મારો બધો સામાન ફંફોળશો જ, પણ તમે તમારી પથારી નહિ તપાસો. એટલે મેં મારી રકમ તમારી પથારીની નીચે જ સંતાડી હતી. એમ કહીને શેઠે એની પથારી નીચેથી બધી રકમ કાઢીને પોતાની બેગમાં મૂકી દીધી.

આપણે બધા પણ આ ગઠિયાની જેમ આપણી હૃદયરૂપી પથારીને નથી તપાસતાં. બહાર સુખ માટે ફાંફાં મારીએ છીએ પણ સુખ તો આપણા હૃદયમાં જ રહેલું છે. ઘરમાં વીંટી પડી ગઈ છે અને શોધીએ છીએ ઘરની બહાર તો પછી ક્યાંથી મળે? આ ભજનમાં પૂ. બાપજી આપણને અંતર્મુખ થઈ આત્મધન-આત્મસુખ મેળવવાનું કહે છે.

આપણી સ્થિતિ કેવી કરુણાજનક છે ? ઉનાળામાં આપણને ઘેઘૂર વડલાની છાયા મળી છે, છતાં આપણે મૂર્ખામી કરીને તાડનું ઝાડ શોધવા નીકળ્યા છીએ. ઘરમાં રત્નોના ભંડાર ભરેલા હોવા છતાં પથ્થરો ફોડવાનું કામ કરીએ છીએ. ભગવાને ઘરના આંગણામાં કામધેનુ ગાય બાંધી છે. તમે જે ઇચ્છો તે આપે એવી આ ગાય હોવા છતાં આપણે છાસ માટે ઘરે ઘરે ભટકીએ છીએ. ઘરઆંગણે ગંગાનદી વહે છે અને પાણી માટે કૂવો શોધીએ છીએ. શ્રીમંતનો છોકરો છે અને ઉકરડા પર પડેલી એંઠી પતરાળીમાંથી વસ્તુ લઈને ખાય છે. શરદ પૂનમની અજવાળી ચાંદનીની રાતે પ્રકાશ માટે આગિયો ખોળે છે. આગિયો એક જંતુ છે. જેના શરીરમાંથી પ્રકાશના ઝબકારા બહાર આવતા હોય છે. ભર બપોરે આંગણામાં (ઘરની બહાર ખુલ્લો ભાગ) અજવાળું થાય એ માટે દીવો પ્રગટાવે છે. આ બધાં એવાં ઉદાહરણો છે કે જેમાં આવું કરનારની દયા આવે છે, એની મૂર્ખામી ઉપર હસવું આવે. પૂ.શ્રી એવું કહે છે કે, સંસારીઓનું જીવન આવું છે.

**અંતઃસુખ છોડી જનો, મારે ફાંફાં બહાર,**
**આત્મા માની દેહને, દુઃખી થાય ગમાર.**

(અ.૯.દો.૨૬.)

માણસ સત્ય, અહિંસા, દયા, તિતિક્ષા, પ્રેમ જેવા સદ્ગુણો કેળવે અને સરળતાથી જીવે તો તેના જીવનમાં આનંદનો મહાસાગર રેલાય. હરિનામનું સતત સ્મરણ શોક-મોહને દૂર કરી આનંદ સાગર રેલાવે છે. આપણે પોતે આનંદસ્વરૂપ છીએ, પરંતુ અજ્ઞાનતાને કારણે રાજા હોવા છતાં રસ્તા પર ભિખારી થઈને ભીખ માગીએ છીએ. આપણે બહારના વિષયોમાંથી સુખ મેળવવાનો પ્રયત્ન કરીએ છીએ એ આપણી અજ્ઞાનતા છે. સાચું સુખ કાયમી હોય, સ્વતંત્ર હોય. જ્યારે વિષયોમાંથી મળતું સુખ એ સાચું સુખ નથી, સુખનો આભાસ માત્ર છે, કારણ કે વસ્તુમાંથી મળતો આ આનંદ, સંતોષ કાયમી નથી. થોડા સમય પછી પાછી એ વસ્તુની ઈચ્છા થાય છે. વળી, એ આનંદ પરતંત્ર છે. વસ્તુ વિના આપણને આનંદ મળતો નથી.

આપણાં શાસ્ત્રો આપણી આ ભૂલને સમજાવતું એક દૃષ્ટાંત આપે છે. એક કૂતરું સૂકું હાડકું મોંમાં મૂકીને ઝાડની નીચે બેસી એને ચાવે છે. આ હાડકું તદ્દન સૂકું છે. એમાં માંસ નથી કે લોહી નથી. કૂતરું હાડકું ચાવે છે ત્યારે એના દાંતનાં પેઢાંમાંથી લોહી નીકળે છે અને લોહી ચાટ્યાનો આનંદ માણે છે. કૂતરાની જેમ અજ્ઞાની પણ વિષયરૂપી હાડકું ચાવે છે અને પોતાના આત્માના આનંદરૂપી લોહી પામીને એ આનંદ વિષયોનો આનંદ છે એવું માનીને રાજી થાય છે.

હવે જે સ્વસ્વરૂપમાં સ્થિત છે, નિજાનંદમાં મસ્ત છે, આત્મતૃપ્ત છે તેની વાત પૂ.શ્રી કરે છે. આવી સાક્ષાત્કારી વ્યક્તિ સચ્ચિદાનંદમગ્ન હોય છે. એ બધે પોતાને અને બધાને પોતાનામાં જુએ છે. આ વાત સમજાવવા પૂ.શ્રી કહે છે કે, મોર પોતે જ એટલો રૂપાળો છે કે એણે રૂપાળા દેખાવવા માટે ચિત્રકારની મદદ લેવી પડતી નથી. કોયલનો કંઠ એટલો બધો મધુર છે કે એને વાજિંત્રોની જરૂર પડતી નથી, એણે તંબૂરાના તાર સાથે સૂર મેળવવા પડતા નથી. જેણે આત્માને ઓળખ્યો છે, જેણે અંતરમાં સદ્ગુણો વિકસાવ્યા છે એવી વ્યક્તિ આંતરિક શક્તિને કારણે હંમેશાં આનંદમાં રહે છે. એ પોતે કર્તૃત્વભાવ રાખતો નથી. હું કશું કરું છું એવો ભાવ ન હોવાથી આ મેં કર્યું (કૃત) અથવા આ મેં ન કર્યું (અકૃત) એવા ભાવથી પર થઈ જગત (ખલ્ક)માં જે કાંઈ બને છે તેને તટસ્થ ભાવે, નિર્લેપ ભાવે, ઉદાસીનતાથી જોયા કરે છે. પૂ.વિનોબાજી કહે છે કે કપાયેલા પતંગને લૂંટવા માટે દોડનાર પૈકી જેના હાથમાં પતંગ આવે તેને આનંદ થાય છે, જેના હાથમાં પતંગ નથી આવતો

તે દુઃખી થાય છે, પણ આ પતંગ લૂંટનારને જોનાર વ્યક્તિને નથી આનંદ થતો કે નથી દુઃખ થતું.

ફૂલોને ખીલવવા માટે આપણે માળીની સેવા લેવી પડે છે, પરંતુ વસંત ઋતુમાં એવી તાકાત છે કે, એ બધે ફૂલ-ફળ, ઝાડ-પાનને નવપલ્લવિત કરી દે છે. એને કોઈની મદદની જરૂર નથી. આ જ રીતે નિજાનંદમાં ફરનાર અવધૂત કક્ષાની વ્યક્તિ મોતથી પણ ડરતી નથી. મોત પણ એની આજ્ઞા પ્રમાણે જ વર્તે છે. પૂ.શ્રી એક ભજનમાં લખે છે કે : -

**ના વસ્ત્ર દિગંબર હું ભટકું, માગું કોરાન્ન કરી ખટકું,**
**થાએ સ્હામો તેને પટકું, યમરાજ કરે આવી પ્રણતિ... ભિક્ષા.**

આ ભજન દ્વારા પૂ.શ્રી આપણને જીવનમાં અંતર્મુખ બની, દૈવી ગુણો કેળવી, અંતરમાં રહેલા પરમાત્માને ઓળખવાનું કહે છે. આવી વાતો કરતાં બીજાં ઘણાં ભજનો છે.

- અંદર ગોતા લગાવ પ્યારે.
- મન મરજીવા ! છે મોતી અમૂલખ એક અંતર સાગરે.
- ઘરની ઘરની ઘરની રે, મૂળ શોધ કરો અસલી ઘરની.
- જે આંખ મીંચીની દેખે છે, તે ઝગમગ જ્યોત વિલોકે છે... સૂણ ચતુર.
- ડૂબી રે'વું અંતરે, આત્મસમુંદરમાંહ્ય,
  ઉપર તરંગ છો રમે, રંગ ન જલ ભેદાય... ના હું ત્યાં.

▯ ▯ ▯

# ૫૫. મરી તો ગયું રે મૃત્યુ

**(રાગઃમાંડ; તાલઃકહેરવા)**
**(જૂનું તો થયું રે દેવળ - એ રાહ)**

**મરી તો ગયું રે મૃત્યુ, મરી તો ગયું!**
**હાય હાય જમડા! મૃત્યુ મરી તો ગયું!! ...ટેક.**

**પાંચે સહિયારું કીધું, વેચ્યું, લીધું, વળી દીધું;**
**જુદારું અંતે કીધું, તેમાં મારું શું ગયું? ...હાય૦ ૧.**

મોજાં દેખી લલચાયો, ખોબો ભરી લેવા ધાયો;
મોજું મૂકી પાણી પાયો, તેમાં વ્યર્થ કાં રડું? ...હાય૦ ૨.

કારીગર કોડે આવ્યો, મીઠલડે [1]મીન બનાવ્યો;
[2]સિંધુ જઈ અંત સમાયો, તેમાં કોનું શું ગયું? ...હાય૦ ૩.

વાયુ થઈ [3]થિર ભરાયો, વેગે ચંચળ થઈ ધાયો;
આંસુનું [4]નભદગ્ તેથી, ટીપું શું ખર્યું? ...હાય૦ ૪.

સૂરજ ધનુરંગ દિખાયો, ક્ષણક્ષણ જનમન નચવાયો;
રંગે જઈ **રંગ** સમાયો, તેમાં ખોટું શું થયું? ...હાય૦ ૫.

---

૧. ઠેઠ કંઠ સુધી. ૨. ઉનાળે. ૩. કામદુધા, ગાય. ૪. છાસ. ૫. કોયલ.

□ □ □

# વિવરણ

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહ્યું છે કે :-

**દેહિનોઽસ્મિન્ યથા દેહે કૌમારં યૌવનં જરા ।**
**તથા દેહાન્તરપ્રાપ્તિ ધીરસ્તત્ર ન મુહ્યતિ ॥**

(અ.૨.શ્લોક:૧૩.)

અર્થાત્ જેમ જીવાત્માને આ શરીરમાં બાળપણ, યુવાની અને વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થાય છે, તે જ પ્રમાણે બીજા શરીરની પ્રાપ્તિ થાય છે. એ બાબતમાં ધીરપુરુષ મોહિત થતો નથી.

આપણે શરીરને જ સર્વસ્વ માનીએ છીએ. આત્માનો વિચાર ઓછો કરીએ છીએ, વધારે વિચાર દેહનો જ કરીએ છીએ. દાગીના કરતાં દાગીનાનાં ખોખાનો વધારે વિચાર કરીએ છીએ. પરિણામે મૃત્યુ ડર ઉપજાવે છે અને દુઃખ આપે છે. દરેકનું મૃત્યુ થવાનું જ છે એમ જાણતા હોવા છતાં એને માટે આપણે તૈયારી કરતાં નથી.

આ ભજનમાં પૂ.શ્રી મૃત્યુની સાચી સમજ આપે છે. મૃત્યુ કરતાં પણ મૃત્યુની બીક વધુ ડરામણી હોય છે. એક દૃષ્ટાંત છે. એક દિવસ એક ભાઈએ આકાશમાં એક સ્ત્રીને જતી જોઈ. એણે પૂછ્યું કે તમે કોણ છો ? પેલી સ્ત્રીએ કહ્યું કે, હું પ્લેગ રોગની દેવી છું અને અમુક દેશમાં પાંચસો માણસો મારવા જઈ રહી છું. થોડા સમય પછી એ જ સ્ત્રીને પાછી આવતા જોઈ. એ ભાઈએ પ્લેગની દેવીને કહ્યું કે, તમે તો પાંચસો માણસોને મારવાનુ

કહેતા હતા અને ત્યાં તો બારસો માણસો મર્યા છે. ત્યારે પ્લેગની દેવીએ કહ્યું કે, પ્લેગમાં તો પાંચસો જ મર્યા છે, પણ બાકીના સાતસો તો પ્લેગની બીકમાં મૃત્યુ પામ્યા છે.

મૃત્યુ અંગે કાકા કાલેલકરની નાની પુસ્તિકા 'પરમ સખા મૃત્યુ' વાંચવા જેવી છે. આવું વાંચન મૃત્યુ તરફની સાચી દૃષ્ટિ આપે છે અને એ મૃત્યુની સાચી સમજ મૃત્યુનો ભય ઓછો કરે છે અથવા દૂર કરે છે. જેમ માનવી જૂનાં ફાટેલાં વસ્ત્રો ફેંકીને નવાં વસ્ત્રો ધારણ કરે છે. તે જ રીતે આત્મા જૂનો દેહ છોડી નવો દેહ ધારણ કરે છે. જેમ ખૂબ થાકેલો માણસ તાજગી મેળવવા, સ્વસ્થ થવા, ઊંઘી જાય છે તેમ મૃત્યુ એ પણ ચિરનિદ્રા જ છે, જેનાથી જીવ થાક દૂર કરી, સ્વસ્થતાપૂર્વક નવા શરીરમાં પ્રવેશે છે.

આપણે બધા દેહને જ આત્મા માનીને જીવનારા, શરીરને સાચવનારા 'શરીરરાખા' હોવાથી દેહના મૃત્યુને જ આપણું મૃત્યુ ગણીએ છીએ. પૂ.શ્રી એક ભજનમાં 'મોહ મૃત્યુ એ સૂત્ર સનાતન' કહીને આત્માનું વિસ્મરણ એ જ મૃત્યુ છે એમ કહે છે. શ્રુતિ કહે છે કે પ્રમાદ એ જ મૃત્યુ છે. મહાભારતના સનત્સુજાત પ્રકરણમાં કહેલું છે કે :-

**પ્રમાદો મૃત્યુરેવાહ ભગવાન્ બાદરાયણઃ ।**
**તસ્માત્ તદ્ધ્વંસને દક્ષો યઃ સ મૃત્યુંજયો ભવેત્ ॥**

ભગવાન બાદરાયણ (વેદવ્યાસજી) પ્રમાદને મૃત્યુ કહેતા હતા. તેટલા માટે તે પ્રમાદનો નાશ કરવામાં જે ચતુર થાય છે તે મૃત્યુને જીતનાર થાય છે.

જે પ્રમાદને જીતીને પોતાને મોહમાં પડવા દેતો નથી અને પ્રભુપ્રાપ્તિ માટેની સાધના કરે છે તેને દેહની આસક્તિ નથી, મૃત્યુનો ડર નથી કે મૃત્યુની ચિંતા નથી. આવાનું મૃત્યુ જ મરી જતું હોય છે.

આ ભજનમાં પૂ.શ્રી આપણને મૃત્યુ વિશેની સાચી દૃષ્ટિ આપે છે. દેહ વિના આત્મા કામ કરી શકતો નથી. પરંતુ આત્મા વગરનો દેહ શબ બની જાય છે અને તેનો જલદી નિકાલ કરવો પડે છે, નહિ તો એમાં જીવડા પડે, એ ગંધાઈ ઊઠે. પાંચે સહિયારું કીધું એટલે આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી એ પાંચ મહાભૂતોનો જ આ દેહ બન્યો છે. મૃત્યુ થતાં તેને બાળી દેતાં કે દાટી દેતાં કે જળમાં સમાધિ આપતાં આ પંચમહાભૂત પાછા છૂટી પડી જાય છે. એમનું જુદા થવું એ મૃત્યુ છે. આ પંચભૌતિક દેહ એ હું-આત્મા-નથી એવી સમજ હોય તે એમ સમજે છે કે આ પાંચ ભૂતો છૂટા પડ્યા એમાં મારું શું ગયું ?

દરિયાનાં મોજાં એ પાણીનું જ સ્વરૂપ છે. મોજાં જોઈને, મોજાં લેવા જનારનાં હાથમાં મોજું ન આવે, પાણી જ આવે. દેહની ઉત્પત્તિ વિશે શ્રીગુરુલીલામૃતમાં અનેકવાર પૂ.શ્રીએ વર્ણન કર્યું છે. આ દેહમાં આવેલું ચૈતન્ય મૃત્યુ સમયે અનંત પરમાત્મામાં ભળી જાય છે એટલે આત્મા પરમાત્મામાં ભળી જતાં એ સિંધુમાં બિંદુ મળી જાય છે.

વરસાદ આવે અને જ્યારે આકાશમાં સપ્તરંગી મેઘધનુષ્ય રચાય ત્યારે લોકોના અને ખાસ કરીને બાળકોના મન પ્રફુલ્લિત થઈ જાય છે, પરંતુ એ મેઘધનુષ્ય એ સૂરજના પ્રકાશનું પરાવર્તન જ છે. એ દેખાતું મેઘધનુષ્ય પાછું એના મૂળ સ્વરૂપે સૂરજના કિરણરૂપે સમાઇ જાય તેનાથી દુઃખી થવા જેવું કાંઈ નથી. મૃત્યુ તરફ પણ આવી જ દૃષ્ટિ રાખવી જોઈએ.

મૃત્યુથી ડરવાને બદલે મૃત્યુની તૈયારી કરી એ લેવા આવે ત્યારે જવા માટેની સજ્જતા કેળવવી જોઈએ. 'મૃત્યુનું સ્વાગત' નામની પુસ્તિકામાં ઉષાબહેન લખે છે કે, ''મૃત્યુ પ્રસંગે રડવું-કકળવું, તેનો શોક મનાવવો, તેને અમંગળ માનવું-આ બધાના મૂળમાં છે આપણું અજ્ઞાન. જીવનનું એ અંતિમ પર્વ છે. પૂરી ખેલદિલીથી તેનો સ્વીકાર કરીએ, તેનું સ્વાગત કરીએ.

જો ગીતા સમજે સંસારી, મૃત્યુ બનતું મંગલકારી,
ના ડરવાનું, ના રડવાનું, જન્મ સફલ થઈ જાયે, જો ગીતા તું વાંચે...

□ □ □

## ૫૬. વસમી છે વાટ

**(રાગઃમાંડ; તાલઃકહેરવા)**

**વસમી છે વાટ, એ તો, વસમી છે વાટ;**
**ચઢવાનો નહિ ઘાટ, એ તો વસમી છે વાટ. ...ટેક.**

**કોઇ કહે શ્વાસા રોકો, કોઇ કહે સામું તાકો;**
**કોઇ કહે થોડું ભાખો, રાખો, નાટકી હાટ! ...વસમી૦ ૧.**

**સજાયાની ધારે ચઢવું, સતીનું છે એ તો મરવું;**
**સામે નીરે તરવું, એ તો, કંટકખાટ! ...વસમી૦ ૨.**

**વાંચી વાંચી પંડિત મૂવા, ખોદી ખોદી મૂવા [૧]ચૂવા;**
**બાપ, એ તો પડવાના કૂવા, ચઢયો બુદ્ધિએ કાટ. ...વસમી૦ ૩.**

ગયો જે કો સદ્‌ગુરુશરણે, દેખ્યો પહાડ ઢાંક્યો [2]પર્ણે;
જીવ્યો એ તો મૂક્યો મરણે, થયો અમર સમ્રાટ્. ...વસમી૦ ૪.

આંખ મીંચી પાછું ભાળો, ત્યાગો ધોળો પીળો કાળો;
મળી રહેશે અંતે તાળો, મૂકો **રંગ** ઘોંઘાટ! ...વસમી૦ ૫.

---

૧. માછલી. ૨. સમુદ્ર. ૩. સ્થિર. ૪. આકાશનાં નેત્ર. ૧. ઉંદર. ૨. પાંદડે.

▯ ▯ ▯

# વિવરણ

પૂ.શ્રી આ ભજનમાં સદ્‌ગુરુની કૃપા અને માર્ગદર્શન હેઠળ યોગાભ્યાસ કરી, યોગ સિદ્ધિ મેળવી સમાધિસુખ પામવાનો માર્ગ અતિ વસમો છે એવું કહે છે. અજ્ઞાનતાથી પોતે બ્રહ્મ હોવા છતાં પોતાને જીવ માનીને દુઃખી થનાર માનવીને સ્વસ્વરૂપ ઓળખવા માટેના રસ્તાની વાત કરે છે. પૂ.શ્રી લખે છે કે :-

**કરે દ્વૈતવિધ્વંસ એ, યોગકેસરી જાણ,**
**માટે છોડી અન્ય તું, સાધ યોગ સુજાણ.**

**જીવાત્માને બ્રહ્મથી જોડે નિશ્ચય એહ,**
**થાય વિયોગ કદાપિ ના, જેથી નિઃસંદેહ.**

(અ.૩૬.દો.૭૪-૭૫.)

યોગસાધનાની વાટ એ વસમી વાટ છે. પહેલું અંગ યમ-નિયમ છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, આર્જવ, ક્ષમા, તિતિક્ષા, ધૃતિ, મિતાહાર, શૌચ આ દસ યમ પાળવાં. દશ નિયમમાં તપ, સંતોષ, આસ્તિક્ય, શ્રવણ, દાન, પૂજન, શ્રદ્ધા, હ્રીં, વ્રતઅને જપનો સમાવેશ થાય છે. યોગાભ્યાસના આ પ્રથમ અંગને જીવનમાં ઉતારવાનું કામ સહેલું નથી. અહિંસા એટલે કોઈને મન,વાણી અને વર્તનથી દુઃખ પહોંચાડવું નહિ.

આ યોગસાધનાનું ફળ સમાધિ અને તેનું સુખ જન્મમરણના ફેરો ટાળે છે, પણ એ સાધના લોહીનું પાણી કરવાને જ ફળે છે. ઉત્તમ પરિણામ મેળવવા માટેના પ્રયત્નો પણ કષ્ટપૂર્ણ જ હોય ને ! આ તો લોખંડના ચણા ચાવવાની વાત છે, પરંતુ એ ચણા ચાવનાર જ મૃત્યુ સાથે ગેલ કરી શકે ને !

**ચણા ચાવવા લોહના, ના બચ્ચાનો ખેલ,**
**રંગ ગુરુકૃપા હોય તો, કરે મોતથી ગેલ.**
(અ.૪૦.દો.૧૦૨.)

આવી વસમી વાટની વાત કરતાં કહે છે કે કોઈ શ્વાસ રોકવાની, કોઈ ત્રાટક કરવાની, કોઈ મૌનમાં રહેવાની વાતો કરે છે. બાહ્યાચારને મહત્ત્વ આપવામાં યોગ સિદ્ધિ થતી નથી. આ રસ્તો જ કાંટાથી ભરેલો છે. સાવચેતીપૂર્વક ચાલવા જેવો છે. કાંટાની પથારી ઉપર સૂવાનો ખેલ છે. કંટક ખાટ છે. તલવારની (અસ્ત્રાની) ધારે ચાલવા જેવું કપરું કામ છે. નદીના પ્રવાહથી વિરુદ્ધ દિશામાં તરવું સહેલું નથી. પૂ.શ્રીએ કરેલી સાધના અંગેનું વર્ણન કરતું સાહિત્ય વાંચીએ તો આ ભજન તરત સમજાય જાય.

ઈન્દ્રિયોનું દમન કરી, મનોનાશ કરીને સાધના કરવાનું બધા માટે શક્ય નથી. પૂ.શ્રીનું એક ભજન છે : લાખોમેં કોઈ બિરલો હિ ઐસો હૈ. એ વાંચવાથી આ વસમી વાટ સમજાશે. મૌતથી કુસ્તી કરવાનો માર્ગ છે. આ માર્ગમાં શાસ્ત્રો વાંચવા, પ્રવચનો કરવાં કે પુસ્તકો લખવાં એ બધું કામ આવતાં નથી. ઘણી વાર તો એનાથી અભિમાન આવે છે અને વ્યક્તિ ‘અહં અહંની કરે ગર્જના’ અને ‘કરે કૂદાકૂદ’ની સ્થિતિમાં જીવે છે. આ બધા પતનના એટલે કે યોગસિદ્ધિ ન પામી શકાય એવા રસ્તા છે.

આને માટે બહુ શાસ્ત્રો વાંચવાની જરૂર નથી, પરંતુ સદ્‌ગુરુનું અનન્યભાવે શરણું લઈ, એમની સેવા કરી, એમને પ્રસન્ન કરી એમની કૃપા પ્રાપ્ત કરવાની છે. સદ્‌ગુરુની કૃપા અને માર્ગદર્શન હેઠળ પ્રયત્ન કરતો સાધક સફળતા મેળવે છે. એમ કહેવાયું છે કે આત્મકૃપા, ગુરુકૃપા અને હરિકૃપા ત્રણ ભેગા થાય ત્યારે સિદ્ધિ પ્રાપ્ત થાય. આત્મકૃપા એટલે વ્યક્તિના પોતાના સંનિષ્ઠ પ્રયત્નો. આત્મકૃપા હોય તો જ આ પંથે જવાય. ૫૦% આત્મકૃપારૂપ પ્રયત્નો એ પહેલું પગથિયું. પછી મળે ગુરુકૃપા. ૨૫% ગુરુકૃપા એ બીજું પગથિયું અને ૨૫% હરિકૃપા એ ત્રીજું પગથિયું.

ગુરુકૃપા અને હરિકૃપા અને આત્મકૃપા થાય પછી જ મળે છે. સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણે ગુણોથી પર થવાનું છે. સત્ત્વગુણનો રંગ ધોળો, જસ્ ગુણનો રંગ પીળો અને તમસ્ ગુણનો રંગ કાળો જણાવાયો છે. સત્ત્વગુણથી પણ પર થવાનું છે. અંતર્મુખ થવાનું અને પછી મૌન રાખી સાધના કરવાની. પોતાના પ્રયત્નો હોય, સદ્‌ગુરુની સેવા દ્વારા કૃપા પ્રાપ્ત થઈ હોય તો પછી હરિકૃપા તો સામેથી દોડતી આવે. સદ્‌ગુરુની સેવા વિશે પૂ.શ્રી લખે છે કે :-

**ગુરુસેવા પદ્ધતિ લહે તે જાણે સહુ વેદ,**
**મંત્ર તંત્ર કિંકર સહુ ન રહે કાંઈ ખેદ.**
(અ.૭૦.દો.૩૯)

આપણે આપણું જીવન તપાસીએ. આપણા પ્રયત્નો, નિષ્ઠા, શ્રદ્ધાં કેવાં છે એના પર પૂ.શ્રીની કૃપાનો આધાર છે. પૂ.શ્રી તો એવા અને એટલા દયાળુ છે કે આપણે નિષ્ઠાપૂર્વક પ્રયત્નો કરીશું એવી શ્રદ્ધા રાખીને આપણા પર કૃપા કરી દે છે. આપણે એમની કૃપાને પાત્ર બનીએ.

□ □ □

## ૫૭. સાનમાં સમજાવ્યું

**(રાગઃમાંડ; તાલઃકહેરવા)**

**સાનમાં સમજાવ્યું, શાણે, સાનમાં સમજાવ્યું;**
**ભણેલું ભૂલાવ્યું શાણે, સાનમાં સમજાવ્યું. ...ટેક.**
**અવળો સવળો સોહં ચાલે, વચમાં પ્યારો અળગો ન્યાળે;**
**બ્રહ્મા વિષ્ણુ તરણે તોલે એવું, અચરજ બતાવ્યું! .સાન૦ ૧**
**રણકો એક અંદર ઊઠ્યો સ્વપ્ન જાગર રૂઠ્યો;**
**નિદ્રાનો તાર તૂટ્યો ત્યારે, અખંડ જગાયું! .સાન૦ ૨**
**ગૈયા નીચી દોણી ઊંચી, છલાછલ દુધડે સીંચી;**
**દોહ્યું આંખો મીંચી, દોણું ફૂટયું તોએ દૂધ ના ઢળ્યું! .સાન૦ ૩**
**રંગરંગી સાડી પહેરી, તોએ હું ઉઘાડી ભોળી;**
**થાક્યા સહુ ખોળી ખોળી તોએ, કાંઈ ના જડ્યું!! .સાન૦ ૪**

□ □ □

## વિવરણ

આપણા અંતરમાં રહેલો સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા બહાર સદ્‌ગુરુરૂપે પ્રગટ થાય છે, એ વાત પૂ.શ્રીએ ઘણીવાર કહી છે.

“અંતર્યામી સચ્ચિત્સુખ બહાર સદ્‌ગુરુ દ્વિભુજ સુમુખ.” એવું દત્તબાવનીમાં કહ્યું છે. શ્રીગુરુલીલામૃતમાં કહ્યું છે કે :

**હૃદયનિયામક અંતરે બાહિર સદ્‌ગુરુરૂપ,**
**પુનઃ પુનઃ પ્રણમું તુને, બાધે આ ભવકૂપ.**

(અ.૧.દો.૫૨.)

સાધકને સદ્‌ગુરુ સાનમાં સમજાવે છે અને અંદરથી અંતરાત્મા પણ માર્ગદર્શન આપે છે.આ અનુભવી અને સમર્થ સદ્‌ગુરુ સાનમાં સમજાવી દે છે. મનનસારમાં પૂ.શ્રી લખે છે કેઃ-

**તપસી ! ભણતર પડતું મેલ, ગુરુગમ અગમતણો એ ખેલ.**
**નીચો નમીને ચરણ તળાંસ, પ્રીતે કરજે પાસે વાસ.**

**કોક દિન મટકું એક મળે, કલેશ કારમા આઘા પળે.**
**આનંદનો ઉદધિ રેલાય, કર્મપાશ સહુ ઢીલા થાય.**

આ 'મટકું' એ જ સદ્ગુરુની સાન છે. ''ગુરુગમ અગમતણો એ ખેલ'' જે સાધક સાધનાથી સજ્જ થયો હોય તેનાથી એ સાન સમજાય છે.

શ્રીગુરુકૃપાથી સોડહંની ઉપાસના કરવાથી જીવ શિવનો ભેદ મટે છે. સોડહંનું ઊંધું હંસો છે. જીવને હંસ પણ કહેવામાં આવે છે. પૂ.શ્રી કહે છે કે :-

**પ્રાણીમાત્રના દેહમાં ગર્જે હંસ અવાક્,**
**સોડહં હંસારૂઢ તું, માત ચતુર્ધા વાક્.**

**હંસોપાસન એ કરી યોગી થાય વિમુક્ત,**
**નિર્ગુણ તુજરૂપે રહે, ભેદાભેદ વિમુક્ત.**

(અ.૧.દો.૧૯-૨૦.)

આપણે જ્યારે શ્વાસ કાઢીએ છીએ ત્યારે 'હં' એવો અવાજ થાય છે અને શ્વાસ લઈએ ત્યારે 'સો' એવો અવાજ થાય છે. આ હંસો-હંસો-હંસોનો જાપ સોડહંમાં પરિણમે છે. કબીરજી કહે છે કે :-

**તીન નામ હૈ બ્રહ્મકે 'ૐ' સોડહમ્ 'રામ' ।**
**ઈષ્ટભેદસે જપત હૈ ન્યારે ન્યારે નામ ॥**
**જ્ઞાની સોડહં કહત હૈ યોગીહૂ ૐકાર ।**
**ભક્ત રામ રામ રટત હૈ કહૈ કબીર વિચાર ॥**

પૂ. પાગલ મહારાજ એમના ભજન-કીર્તન નામના પુસ્તકમાં સોડહં જપવાની રીત વિશે લખે છે કે :-

**હકારેણ બહિર્યાતિ સકારેણ વિશેત્ પુનઃ ।**
**હંસ હંસોત્યમું મન્ત્રં જીવો જપતિ સર્વદા ॥**

(ગોરક્ષ પદ્ધતિ શ.૧ શ્લોક : ૫૨.)

અર્થાત્ 'હ'કારથી બહાર જાય છે અને 'સ' કારથી પાછું પેસે છે. એ રીતે જીવ હંસ-હંસ એ મંત્રને સર્વદા જપે છે.

'દેહ મંદિરમાં દેવ બિરાજે' એ ભજનમાં જણાવ્યું છે કે, વ્યક્તિ શ્વાસે શ્વાસે 'સોડહં'

મંત્રના રોજના કુલ ૨૧,૬૦૦ જાપ રોજના કરે છે. કયા દેવને કેટલા જાપ અર્પણ કરવા તેનું વર્ણન આ ભજનમાં છે.

એ હંસઃ ઊલટ થઈને સોઽહમ્ થાય છે. બ્રહ્માનંદ સ્વામી એ સોઽહંના જપ વિશે એક ભજનમાં કહે છે કે :-

**સ્વાસકી કર સુમરણી, કર અજપાકો જાપ ।**
**પરમતત્ત્વ કો ધ્યાન ધર, સોઽહં આપોઆપ ॥**

**હંસા-સોહં સોહં હંસા, બાર બાર ઉલટાત ।**
**સદ્‌ગુરુ પૂરા ભેદ બતાવે, નિશ્ચલ મન ઠહરાત ॥**

**જો જોગીજન ધ્યાન લગાવે, બૈઠ સદા પરભાત ।**
**બ્રહ્માનંદ મોક્ષપદ પાવે, ફેર જન્મ નહીં આત ॥**

સોઽહંનો જપ આપોઆપ-સ્વતઃ થાય છે. એમાં સુરતા રાકવાની છે. આન્તર અજપાજપની રીત એ છે કે શરીરની અંદર વચ્ચોવચ્ચ જે મેરુદંડ (Spinal cord) - કરોડરજ્જુ છે, તે જાણે એક થાંભલો છે. તેની વચ્ચે રહેલ સુષુમ્ણા નાડીના ધોરી માર્ગે પ્રાણવાયુ સંચરે છે. નાભિસ્થાનમાંથી એ રીતે ચઢ-ઊતર કરે છે. ચઢે ત્યારે પ્રાણ અને ઊતરે ત્યારે અપાન થાય છે. અંદર ને અંદર સીધા ચાલતા એ પ્રાણવાયુની ઊતર-ચઢમાં સુરતા જમાવી સોઽહંનો જપ જપાય છે. બાહ્ય જપમાં નાસિકા વાટે નીકળતા અને પ્રવેશતા શ્વાસોશ્વાસમાં અને અન્તર અજપાજપમાં શરીરની અંદર સીધા ચઢતા-ઉતરતા પ્રાણ-અપાનની ગતિમાં સુરતા રાખવાની છે.

સમર્થ સદ્‌ગુરુની કૃપાથી, એમના માર્ગદર્શનથી, સાનમાં સાધક સમજી જઈને એ સોઽહંનો જાપ જપે છે. સાધના કરતાં કરતાં સાધકને દશવિધ નાદ સંભળાય છે. જાગૃતિ, સ્વપ્ન કે સુષુપ્તિથી પર થઈ સાધક સમાધિસુખનો અનુભવ કરે છે ત્યારે એને પરમાત્માનાં દર્શનનો પરમાનંદ પ્રાપ્ત થાય છે.

મૂલાધાર ચક્રને ભેદી પ્રાણ સુષુમ્ણામાં ઉપર ચઢે છે. છ ચક્રને ભેદ્યા પછી પ્રાણ સહસ્રારમાં જાય છે. આ મૂલાધાર ચક્રને ગૈયા-ગાય કહી છે અને સહસ્રદલને - સહસ્રારને દોણી કહી છે. મૂલાધાર ચક્ર નીચે છે, જ્યારે સહસ્રાર ઉપર છે. ત્યાં કુંડલિની સહિત પ્રાણ પ્રવેશતાં પરમાનંદનો સાગર ઊમટે છે, તેને દોણું ફૂટ્યું તો એ દૂધ ના ઢળ્યું કહ્યું છે.,

જીવ-શિવનો ભેદ મટ્યા પછી, અવિદ્યાને કારણે આવેલું અજ્ઞાન નાશ પામતાં વાસનાનો નાશ થાય છે અને પરબ્રહ્મનાં દર્શન કર્યા પછી પાછું અજ્ઞાન નડતું નથી.

સોહં અંગે પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે કે :

**અહં શબ્દથી 'હું' નકી અપરોક્ષ જે એમ,**
**સઃ શબ્દે શિવ, જીવ આ અહં શબ્દથી તેમ.**
(અ.૧૨૨.દો.૫૦)

અજ્ઞાનથી-અવિદ્યાથી-વીંટળાયેલું ચૈતન્ય-બ્રહ્મ તે જીવ અને માયાથી વીંટળાયેલું ચૈતન્ય તે શિવ. આમ જીવમાં રહેલું ચૈતન્ય અને શિવમાં રહેલું ચૈતન્ય એક જ છે. અવિદ્યા અને માયાનું આવરણ દૂર થતાં જીવ અને શિવ બંને બ્રહ્મમય-ચૈતન્યમય - એક સ્વરૂપ થઈ જાય છે.

# ૫૮. જુવાની દિવાની, પ્રાણી

**જુવાની દિવાની, પ્રાણી, જુવાની દિવાની;**
**અંતે જવાની જવાની, પ્રાણી, જુવાની દિવાની! ...ટેક.**
**કાયા આ થરથર કંપે, તોએ ના મનડું જંપે;**
**આખર જમ આવી ઝડપે ત્યારે, વલે શી થવાની? .જુવાની૦ ૧.**
**કાગળની નાવ બનાવી, ભરદરિયે છૂટી મેલી;**
**ઉપર [1]બારિશની હેલી, એ તો કેથે જવાની? .જુવાની૦ ૨.**
**સદ્‌ગુણ ના સ્વપ્ને પોષ્યા, હરિજન કદી ના સંતોષ્યા;**
**નિશદિન રમાડી [2]ચોષા, એ તો નાતરે જવાની! .જુવાની૦ ૩.**
**નાણાંની નૌતમ થેલી, આખર ના થાશે બેલી;**
**જયાંની ત્યાં [3]અર્શહવેલી રંગા રાખ થવાની! .જુવાની૦ ૪.**
**સગપણ એક હરિનું સાચું, બીજું સઘળુંએ કાચું,**
**વાંકું થઇ જાશે ડાચું, અંતે ફજેતી થવાની! .જુવાની૦ ૫.**

---

**૧. વરસાદની. ૨. સ્ત્રી. ૩. આરસની, ઊંચી ને ફરસબંધી હવેલી.**

# વિવરણ

આ ભજનમાં પૂ. બાપજી જુવાનીને દીવાની કહી એ જુવાની, જવાની છે એવું કહી પ્રભુનું ભજન કરવાની શિખામણ આપે છે. એક ભજનમાં પૂ.શ્રી કહે છે કે :-

**જીવન દો દિન કા દો દિનકા, નહીં ભરોસા જમકા.**

જો જીવન જ દો દિનકા-બે દિવસનું - હોય તો જવાની તો કેટલો સમય રહેશે ? સવારમાં રાંધેલું અન્ન સાંજે બગડી જતું હોય તો એવા અન્નથી પોષાયલું શરીર કેટલો વખત સારું રહે ?

આ માનવદેહ શું કામ મળ્યો છે? અનેક જન્મોના પુણ્યબળે મળેલા આ માનવજન્મનું લક્ષ્ય શું ? આપણે શું કરવું જોઈએ ? સામાન્ય રીતે આપણે સંસારી દેહને ખૂબ સાચવીએ છીએ અને તેને સુખ-સગવડ મળે, સંસારના ભોગો ભોગવવા મળે એટલા માટે પૈસા પાછળ પડીએ છીએ. આ દોડીદોડીમાં મૃત્યુનો વિચાર કરતાં નથી. જે જગત નશ્વર છે, તેને માટે જગન્નાથને પડતા મૂકીએ છીએ. પૂ.શ્રી એક પ્રભાતિયામાં લખે છે કેઃ

**વિષયની વાતમાં વિષ્ણુ ભૂલી ગયા, રાખની આશમાં લાખ ખોયા**
**દેહની ચિંતમાં દેવ કોરે રહ્યા, મોહિની જાળમાં સર્વ મોહ્યા.**

નારાયણ સ્વામી કહે છે કે :-

**ધનજોબન યોં જાયગો જા બિધિ ઉડત કપૂર ।**
**નારાયણ ગોપાલ ભજ, ક્યોં ચાટે જગ ધૂર ॥**
**ચાર દિનનકી ચાંદની, યહ સમ્પત્તિસંસાર ।**
**નારાયણ હરિભજન કર, જાસોં હોય ઉબાર ॥**

માણસ ઘરડો થઈ જાય છે, પણ એનું મન તો જુવાન જ રહે છે અને ભાતભાતની યોજનાઓ ઘડ્યે જ જાય છે. એ મન મનમોહનનો તો વિચાર કરતું જ નથી. એને મોતનો વિચાર પણ આવતો નથી. જેને કલ્યાણની ગુરુકૃપા ઈચ્છા હોય તેણે ભગવાનને અને મૃત્યુને યાદ કર્યા કરવા જોઈએ.

**દો બાતન કો ભૂલ મત જો ચાહત કલ્યાણ ।**
**નારાયણ ઈક મોતકો, દૂજે શ્રીભગવાન ॥**

કાગળના નાવ જેવી ક્ષણભંગુર કાયા. સંસાર સાગરના આધિ-વ્યાધિ-ઉપાધિના તુફાનમાં છૂટી મેલી. ઉપરથી દુઃખ, રોગ વગેરેની વર્ષા. હવે આ કાયાનું શું થવાનું ?

**પાની કેરા બુદ્‌બુદા, અસ માનુષકી જાત ।**
**દેખત હિ છીપ જાયગા, જો તારા પરભાત ॥**

**ઐશ્વર્યં સ્વપ્નસંકાશં, યૌવનં કુસુમોપમમ્ ।**
**ક્ષણં ચંચળમાયુષ્યં, તસ્માત્ જાગૃહિ જાગૃહિ ।**

**ઐશ્વર્ય સ્વપ્ન જેવું છે, પુષ્પ જેવું જ યૌવન**
**અલ્પ-ચંચળ આયુષ્ય માટે તું જાગ જાગ રે...**

આત્મકલ્યાણની પ્રવૃત્તિ ન કરી. સદ્‌ગુણો પોષ્યા નહિ, હરિજનને સંતોષ્યા નહિ. બસ ! પત્ની અને પુત્રના પરિવારના પરિઘમાં જ ઘેરાયેલો રહ્યો.

**પૈસો મારો પરમેશ્વર ને પત્ની મારી ગુરુ,**
**છૈયાં છોકરાં શાલિગ્રામ હવે સેવા કોની કરું ?**

આ પત્ની, ઘરબાર કે ધનભંડાર કશું સાથે આવતું નથી. પૂ.શ્રી લખે છે કે :

**રહે ભૂમિમાં વિત્ત અશ્વાદિ ગોષ્ઠે**
**ફરે મિત્ર માર્ગે સ્મશાને સગાં તે ।**
**તનુ દેવતામાં દ્વારે કલત્ર**
**જતાં શ્વાસ કોઈ ન આવે પરત્ર ॥**

(દત્તનામસ્મરણ શ્લોક : ૧૧.)

અંત ઘડી કપરી હોય છે અને ત્યારે હરિ સિવાય કોઈ મદદે ચઢતું નથી. સગાં-સંબંધી તો વ્યાવહારિક ગોઠવણી કરવા માંડશે. આખું જીવન જેની પાછળ વેડફી નાખ્યું, તેમાંથી કોઈ અંતવેળા કામ ન આવ્યું.

કબીરજી કહે છે કે :-

**યહ તન કાચા કુંભ હૈ, લિયા ફીરે થે સાથ ।**
**ટપકા લગા ફૂટી ગયા, કછુ ન આયા હાથ ॥**

નામસ્મરણ દ્વારા જીવનનું આચરણ નીતિમય કરી, ભક્તિમય જીવન જીવી, જીવનને સફળ કરીએ તો ગુરુમહારાજ જરૂર પ્રસન્ન થાય.

□ □ □

## ૫૯ ગુરુએ બતાવ્યું અચરજ આજ

(રાગઃકાલિંગડા; તાલઃકહેરવા )

ગુરુએ બતાવ્યું અચરજ આજ,
ગુરુએ બતાવ્યું અચરજ આજ. ...ટેક.

ઈંદ્ર તણો ઐરાવત મોટો [૧]સર્ષપખૂણે ભરાએ;
સસાસિંગથી થર થર કંપે, રુદન કરે સુરવરનો રાજ! .ગુરુએ૦ ૧.

વંધ્યાસુત ત્યાં આવી પહોંચ્યો, શૂન્ય-સિપાઇ સાથે;
ગાંધર્વનગરે રણે ચઢ્યા બે [૨]ખપુષ્પ ડોલે શિરનો તાજ! .ગુરુએ૦ ૨.

બિન વાદળ ત્યાં વીજળી ચમકે, અમૃતવરખા થાયે;
અમરવેલે પલ્લવ ફૂટે, પુષ્પતણો કો વર્ણે સાજ? .ગુરુએ૦ ૩.

તુડડડ તુડડડ પડઘમ બાજે, ભેરી મૃદંગ અપાર;
દિવ્ય સુંદરી થેઇ થેઇ નાચે, બંસી વગાડે નટવર રાજ! .ગુરુએ૦ ૪.

[૩]દિવા કોટિ રવિ શશી પ્રકાશ્યા, અંતર થાય ઉજાસ;
ઘુવડ કાળાં ખૂણે ભરાયાં, સરિયાં જન મતણાં સહુ કાજ! .ગુરુએ૦ ૫.

પાણી વિના હા! તરસ છિપાઇ, અન્ન વિના [૪]ક્ષુધ શાંત;
જાગ નિંદ જ્યાં બેઉ ગંવાઇ, સુખદુઃખ ટળિયાં બંને આજ! .ગુરુએ૦ ૬.

ભેખ ભીખ જ્યાં બંને શમીયાં, સુખ શેં વર્ણ્યું જાય?
ગુરુશિષ્યનું નામ રહ્યું ના, એક અગોચર **રંગ** [૫]સુસાજ!! .ગુરુએ૦ ૭.

---

૧. રાઈ. ૨. આકાશપુષ્પ. ૩. દિવસે. ૪. ભૂખ. ૫. સુંદર શણગારવાળો.

□ □ □

## વિવરણ

આપણને કોઈ વાતનું કે વસ્તુનું અચરજ ક્યારે થાય ? જ્યારે આપણે નહિ વિચારેલું જોઈએ કે નહિ માનેલું માનવું પડે ત્યારે આપણને અચરજ થાય. આપણે જે ના કરી શકીએ એવું કોઈ કરી બતાવે ત્યારે પણ આપણને અચરજ થાય. આ ભજનમાં પૂજ્યશ્રી એવા એક અચરજની વાત કરે છે.

આવું અચરજ બતાવનાર કોણ છે ? ગુરુએ અચરજ બતાવ્યું એમ પૂજ્ય બાપજી કહે છે. 'ગુરુ' શબ્દનો અર્થ થાય અંધારામાં પ્રકાશ પાથરનાર. 'ગુ'કારશ્ચાન્ધકારો 'રુ'કારો તેજરુચ્યતે। 'ગુ' એટલે અંધકાર અને 'રુ' એટલે પ્રકાશ. ગુરુ એ જ્ઞાનનું પ્રતીક છે. અજ્ઞાનરૂપી અંધકાર દૂર કરનાર જ્ઞાનરૂપી પ્રકાશ એટલે ગુરુ.

પૂજ્યશ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે કે :

**કર્મ, ભક્તિ ને જ્ઞાનનું યોગરહસ્ય અનુપ,**
**દેખાડી સચ્છિષ્યને શોષે ગુરુ ભવકૂપ.**
**ભલે સુલભ શાસ્ત્રો રહ્યાં, દુર્ગમ તત્ત્વજ્ઞાન,**
**પાર ન પામે ગુરુ વિના, વૃથા બુદ્ધિ અભિમાન.**

(અ.૩.દો.૧૫,૧૯)

ગુરુનું કાર્ય શિષ્યનું અજ્ઞાન, શિષ્યના મનની ભ્રાંતિ દૂર કરવાનું છે. આપણે જેને સાચું માનીને વર્ષોથી જીવતા હોઈએ તે વસ્તુ આપણો ભ્રમ છે, એ વસ્તુ દેખાય છે પણ છે નહિ એવું કોઈ જ્યારે કહે ત્યારે આપણને જરૂર અચરજ થાય.

આદિ જગદ્‌ગુરુ શંકરાચાર્ય વિરચિત 'પ્રશ્નોત્તર રત્નમાલિકા'ના શ્લોક ૫૭ અને ૫૮માં પૂછેલા પ્રશ્નો અને એના જવાબો જાણવા જેવા છે. એમાં પૂછ્યું છે કે :

પ્રશ્ન : માયાપતિ કોણ ?
ઉત્તર : ઈશ્વર.
પ્રશ્ન : બાજીગરના ખેલ જેવું મિથ્યા શું ?
ઉત્તર : આ સંસાર.
પ્રશ્ન : સ્વપ્નના જેવું શું ?
ઉત્તર : જાગ્રદ્ વ્યવહાર.
પ્રશ્ન : ત્યારે સત્ય શું ?
ઉત્તર : બ્રહ્મ.
પ્રશ્ન : મિથ્યા એટલે શું ?
ઉત્તર : જેનો જ્ઞાનથી નાશ થાય તે.
પ્રશ્ન : તુચ્છ (એકદમ અસત્) એટલે ?
ઉત્તર : સસલાનું શીંગડું. વગેરે (આકાશ પુષ્પ,વંધ્યાપુત્ર).
પ્રશ્ન : અનિર્વચનીય શું ?
ઉત્તર : માયા.

પ્રશ્ન : કલ્પિત (કલ્પનાથી પેદા કરેલું) મિથ્યા ?

ઉત્તર : દ્વૈત (હું-તુંના ભેદભાવ.)

જ્ઞાનથી નાશ થાય તે મિથ્યા. ગુરુ જ્ઞાન આપીને જે મિથ્યા છે તેનો નાશ કરે છે. મિથ્યા શું છે ? જગત. સાચું શું છે ? બ્રહ્મ. જગદ્‌ગુરુ શંકરાચાર્ય કહે છે કે "બ્રહ્મ સત્યં જગન્મિથ્યા જીવો બ્રહ્મૈવ નાપરઃ ।"

આ ભજનના પહેલા બે ચરણ આવા મિથ્યા જગતની વાત કરે છે. જેમ સસલાને શિંગડું હોતું નથી, વંધ્યાને પુત્ર હોતો નથી, આકાશમાં પુષ્પો ઉગતાં નથી એટલે સસલાના શિંગડાથી કોઈને ડરાવ્યો કે વંધ્યાનો સુત શૂન્ય સિપાઈ સાથે આવ્યો એ બધી અસત્-વાતો છે. જગત જેવું કશું છે જ નહિ. એ દેખાય છે છતાં એ સત્ય નથી, આભાસ છે, માયાની આપણી સાથેની છેતરપિંડી છે. બ્રહ્મ જે દેખાતું નથી તે જ સત્ય છે. આ વાત માનવા આપણું મન તૈયાર નથી થતું, પરંતુ જ્યારે ગુરુ સમજાવે અને આપણને એની વાત સાચી લાગે, આપણે એ વાત સ્વીકારીએ ત્યારે આપણને આશ્ચર્ય થાય, અચરજ થાય.

ગુરુ આપણને સમજાવે કે દેખાય એટલું સત્ય નથી. આપણને ભ્રમ થાય ત્યારે સાચું ન હોય એવું આપણને સાચું દેખાય છે. ટ્રેઈનમાં મુસાફરી કરનારને ઝાડ દોડતા દેખાય છે અને ટ્રેઈન સ્થિર દેખાય છે, પરંતુ આ સત્ય નથી. મૃગજળ દેખાય છે પણ તે હોતું નથી. ન દેખાય તે નથી એમ પણ કહી શકાય નહિ. હવા દેખાતી નથી પણ છે. સુગંધ દેખાતી નથી, ગળપણ દેખાતું નથી પણ અનુભવાય છે.

આમ, ગુરુએ જ્ઞાનનો પ્રકાશ પાથરીને આપણી ભ્રાંતિ દૂર કરી. આપણે દેહને આત્મા માનતા હતા તે ભ્રાંતિ દૂર કરી. આત્મા દેખાતો નથી, પણ તે છે એ સત્ય છે. આ સમજણ આવી એટલે આપણને પણ નવાઈ લાગી.

ગુરુ આપણને સમજાવે છે કે જેમ સ્વપ્નમાં આપણને જે કાંઈ દેખાય તે બધું સ્વપ્નું ચાલુ હોય ત્યારે સત્ય જણાય, પણ આંખ ખૂલતાં જ એ મિથ્ય જણાય તેમ આ જગત અને જગતના વ્યવહારો અજ્ઞાન હોય ત્યારે સાચા જણાય, પરંતુ ગુરુકૃપાથી જ્ઞાન થતાં મિથ્યા જણાય. ગુરુ આ જ્ઞાનપ્રાપ્તિની સાધના કરવાનું શીખવાડે છે.

**"કથે જ્ઞાન અરુ ક્રિયા શિખાવે, પકડ દસ્ત સલૂના,**
**ઘાટ અગમપે આપ ચઢાવે જહાં સાંઈકા થાના" સદા ભજો.**

યોગમાં સાધક સુષુમ્ણા નાડીમાં પ્રાણ સહિત કુંડલિનીનો પ્રવેશ કરાવી, ષટ્‌ચક્ર ભેદન કરી આજ્ઞાચક્રથી ઉપર પ્રાણને લઈ જાય છે અને સહસ્ત્રારમાં રહેલા શિવ સાથે જીવનું મિલન કરાવે છે. સહસ્ત્રારમાં-શૂન્ય શિખર પર-વીજળીનો ચમકાર-પ્રકાશમય પરિસ્થિતિ જોવા મળે છે. કરોડો સૂર્ય પ્રકાશતા હોય તેવા તેજનો અનુભવ થાય છે. તાળવામાંથી ટપકતા અમૃતનું

યોગી પાન કરતો હોય છે. તાળવામાંથી થતી આ અમૃતવર્ષા યોગીના શરીરને અમર બનાવછે.

સહસ્રારમાં આત્મદર્શન પહેલાં યોગી શરીરમાં થતાં દશ પ્રકારના અનાહત નાદ સાંભળે છે. ચિંચિં, ચિંચણી, વેણુનાદ, વીણાનાદ, મૃદંગનાદ જેવા વિવિધ નાદોમાં છેલ્લો મહત્ત્વનો નાદ મેઘનાદ છે. યોગીઓ આ જ નાદનું શ્રવણ કરી એમાં ચિત્તને વિલિન કરે છે. બધી વૃત્તિઓ સાત્ત્વિક-દિવ્ય - થઈને આત્મારૂપી કાનુડા સમક્ષ નાચે છે. કાનુડો વૃત્તિઓ સાથે રાસ રમે છે. પૂજ્યશ્રી લખે છે :

**સ્વાન્ત વૃંદાવને વૃત્તિગોપી મળી,**
**આત્મ કાનુડો નટરાજ ખેલે.**

સહસ્રારમાં જીવ-શિવનું મિલન થતાં જીવ-શિવનો ભેદ દૂર થાય છે. ગુરુ-શિષ્યનો ભેદ દૂર થાય છે. બધું બ્રહ્મમય જણાય છે. અદ્વૈતનો અનુભવ થતાં જ એક અને અગોચર એવા આત્માનું દર્શન થાય છે. પૂજ્યશ્રી એક ભજનમાં લખે છે કે :

**કરી મડદું ને પછી જીવાડે,**
**જીવ-શિવના તે ભૂત એ કાઢે રે... ગાઓ.**
**અવળી વાણીથી હંસ ઉચ્ચારે,**
**ગુરુ શિષ્યનો ભેદ એ બાળે રે... ગાઓ.**

પહેલાં જગત, જીવ અને જગદીશ ત્રણે જુદાં જણાતા હતાં. ગુરુએ જ્ઞાન આપ્યું એટલે જગતનો લોપ થયો કારણ કે એ મિથ્યા છે અને જીવ તથા જગદીશનો ભેદ દૂર થયો એટલે એ બંને એક જ છે - અહં બ્રહ્માસ્મિનું ભાન થયું. આ મોટું અચરજ છે, જે ગુરુજીએ બતાવ્યું.

□ □ □

## ૬૦. દુર્લભ મોંઘું બ્રહ્મજ્ઞાન

(રાગઃકાલિંગડા; તાલઃકહેરવા )

**દુર્લભ મોંઘું બ્રહ્મજ્ઞાન, દુર્લભ મોંઘું બ્રહ્મજ્ઞાન. ...ટેક.**
**ભણતરની ના ચાલે બડાઇ, તર્કવડાઇ થાકે;**
**પોથાંથોથાં કામ ન આવે,**
**ગુરુગમ મારગ ચતુરસુજાણ. .દુર્લભ૦ ૧.**

**પાસ ખડું નજરે નવ આવે, નાટક એનું અપાર;**
**ક્લીબ સુંદરી માયા નચાવે,**
**જગત [1]શિશુ પ્રસવે શું જાણ. .દુર્લભ૦ ૨.**

**જોગીજતિ જંગલમાં ખોળે, ભોગી [2]ભામિની માંહ્ય**
**પંડિત શાસ્ત્રો ચૂંથી મરે છે,**
**મૂઢ ભમે કહી એ અજ્ઞાન. .દુર્લભ૦ ૩.**

**કાન કટાવે મુંડ મુંડાવે, ધૂણી ધીખાવે કોઈ;**
**ઊર્દ્વપાદ આસન લગાવે,**
**નિશદિન હરિહરિ મુખથી ગાન. .દુર્લભ૦ ૪.**

**મનબુદ્ધિની દોડ ન ચાલે,વાણી તણું નહિ કામ;**
**અજ અક્ષય અવિનાશી પરાત્પર,**
**જાણી થાવું સ્વયં નિર્વાણ. .દુર્લભ૦ ૫.**

**શૂળી પરની પૂરી એ તો, વિરલો જોગી ખાયે;**
**માન અહંતા મૂકી સઘળી,**
**સદ્‌ગુરુચરણે રંગ પ્રમાણ. .દુર્લભ૦ ૬.**

---
૧. બાળક. ૨. સ્ત્રી.

▯ ▯ ▯

# વિવરણ

આ ભજનમાં પૂ.શ્રી બ્રહ્મજ્ઞાન માટે બે વિશેષણ વાપરે છે : એક-દુર્લભ અને બીજું-મોઘું. અવધૂતી આનંદમાં એવાં ભજનો છે કે જેમાં પરમાત્માની પ્રાપ્તિ માટે-બ્રહ્મજ્ઞાન માટે કરવી પડતી સાધનાનું વર્ણન છે. શ્રુતિ કહે છે કે, **નાયમાત્મા બલહીનેન લભ્યઃ ।** શરીર અને મન સ્વસ્થ હોય ત્યારે જ પરમાત્મા પ્રાપ્તિની-બ્રહ્મજ્ઞાનની સાધના થઈ શકે. આવી કઠણ અને કારમી સાધના દ્વારા પ્રાપ્ત થતું બ્રહ્મજ્ઞાન મોઘું છે.

જગદ્‌ગુરુ શંકરાચાર્ય કહે છે કે, ''મનુષ્યત્વં, મુમુક્ષુત્વં અને મહાપુરુષસંશ્રયઃ એ મળવા દુર્લભ છે.'' આ મનુષ્ય દેહ તો માત્ર ભગવત્પ્રાપ્તિ માટે જ નિર્માણ થયેલો છે. આ પરમાત્માની પ્રાપ્તિનું લક્ષ્ય સિદ્ધ કરવા માટે આકરી સાધના જરૂરી છે.

આવી આકરી સાધના કરવાની બધાને ઈચ્છા થતી નથી એટલે બ્રહ્મજ્ઞાન દુર્લભ છે અને મોઘું છે.

બ્રહ્મસૂત્રનું પહેલું સૂત્ર છે : "અથાતો બ્રહ્મજિજ્ઞાસા" હવે બ્રહ્મને જાણવાની ઈચ્છા કરવી જોઈએ. જગદ્ગુરુ શંકરાચાર્ય 'અથ' શબ્દને સમજાવતાં લખે છે કે અહીં 'અથ' એ મંગલવાચક શબ્દ નથી. અહીં 'અથ'નો અર્થ થાય છે : અમુક સાધન પ્રાપ્ત કર્યા પછી. એટલે કે સાધન ચતુષ્ટ્ય સિદ્ધ કર્યા પછી.

વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ અને મુમુક્ષુપણું એ ચાર સાધનોને સિદ્ધ કર્યા પછી સાધકે બ્રહ્મને જાણવાની ઈચ્છા કરવી જોઈએ. આ બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ થતાં સાધકની દૃષ્ટિ બ્રહ્મમય બની જતાં તેને આ જગત 'ઈશાવાસ્ય' ઈશ્વરથી વ્યાપ્ત થયેલું જણાય છે. આ જગત એ 'સત્' તત્ત્વ ઉપરનો આભાસ માત્ર છે. 'સત્'માંથી જ આ બધું ઊપજ્યું છે અને બધું એમાં જ લય પામે છે. જે જગતમાં માનવી જીવે છે, જેનો અનુભવ કરે છે, તે જગતને કોઈ મિથ્યા કહે તેથી તે કેવી રીતે મિથ્યા માની લે ?

પૂ.શ્રી સમજાવે છે કે :-

**અદ્વિતીય સત્ એક એ, થયું સ્વયં અનેક,**
**નિત્ય સિદ્ધ સંકલ્પથી, થયું વિણ થયે છેક.**
**માટે જ્ઞાને એકના થાય સર્વનું જ્ઞાન,**
**થાતાં વિવેક ચિત્તમાં, અર્જુન નિશ્ચય માન.**

(અ.૧૬.દો.૨૩-૨૪.)

આ એકનું-સત્ તત્ત્વનું જ્ઞાન એ જ બ્રહ્મજ્ઞાન છે. આનો અનુભવ કરવા માટે સાધનાછે.

**થતાં જ્ઞાન વિજ્ઞાન ત્યાં, થાય કામના પૂર્ણ,**
**બ્રહ્મજ્ઞાન ફળ એ નકી, મળે નિર્વાણ તૂર્ણ.**

(અ.૧૭.દો.૮૦)

બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ માટે સાધકે સાધના કરવી પડે. શાસ્ત્રોનું વાંચન કે પ્રવચન કામ આવતા નથી. સાધના પૂરતું શાસ્ત્રનું-ઉપનિષદનું વાંચન જરૂરી છે. એથી વધારે એની જરૂર નથી. આ 'ગુરુગમ મારગ છે' પૂ.શ્રી એક ભજનમાં લખે છે કે :

**ગુરુગમ મારગ, પોથાં થોથાં કોઉ કામ ન આયો,**
**રંગ કૃપા મુરશિદદીવાના, સ્વાદ અનુપમ પાયો... કહે દીવાના.**

પરબ્રહ્મ પરમાત્મા આપણા અંતરમાં જ વસે છે. 'આત્મા સો પરમાત્મા' એવું કહેવાય

છે. પૂ.શ્રી કહે છે કે : 'પ્રભુ પરખ્યા હૃદે જેણે, ફરે ભમતો જગે શાને ?' પરંતુ માણસને પાસેનું દેખાતું નથી એ ભગવાનની માયા છે, એનું નાટક છે. ઈશાવાસ્ય ઉપનિષદમાં કહ્યું છે કે :-

**તદેજતિ તન્નૈજતિ તદ્દૂરે તદન્તિકે ।**
**તદન્તરસ્ય સર્વસ્ય તદુ સર્વસ્યાસ્ય બાહ્યતઃ ॥**

(શ્લોક : ૫)

અર્થાત્ એ પરબ્રહ્મ પરમાત્મા ચાલે પણ છે (એજતિ) અને નથી પણ ચાલતો. એ દૂરથી પણ દૂર છે અને અત્યંત સમીપ પણ છે. એ આ સમગ્ર જગતમાં પરિપૂર્ણપણે સમાયો છે. એ પરમાત્મા આ સમગ્ર જગતની બહાર પણ છે.

પૂ. બાપજી તેથી જ ગાય છે કે :-

**સદા પાસે છતાં આઘે, અભાગીને અરે દીસતો,**
**સહુ રંગે અરંગી તું, લહે તુજ રંગ કો અવધૂત... ભર્યું જ્યાં.**

સંત તુલસીદાસજી કહે છે કે :-

**સિયારામમય સબ જગ જાની ।**
**કરહૂં પ્રનામ જોરી જુગ પાની ॥**

આ સત્યને અનુભવમાં લાવવા માટે કઠોર સાધના કરવી પડે-લોહીનું પાણી કરવું પડે. આવા જાનના જોખમે કરેલી સાધના પછી મળતું બ્રહ્મજ્ઞાન મોઘું જ કહેવાયને !

બ્રહ્મ પોતે કશું કરતું નથી, નિષ્ક્રિય છે એટલે એને નપુંસક (કલીબ) કહ્યો છે. એનામાં સ્ફુરણ ન થવા છતાં થયું અને તે જ ત્રિગુણાત્મિકા માયા. એનો આશ્રય કરીને સૃષ્ટિનું સર્જન કરે છે. પૂ.બાપજી લખે છે કે :-

**મૂળે ૐ બ્રહ્મ નિર્ગુણ । ન થઈ તિહાં અહં સ્ફુરણ ।**
**એ જ માયા પ્રકૃતિ ત્રિગુણ । તદધ્યક્ષ શ્રી દત્ત ॥**

આ બ્રહ્મની સત્તાથી જ માયા બધું કાર્ય કરે છે. એટલે માયા સુંદરીને એ નચાવે છે. પૂ.શ્રી દત્તને માયાના અધ્યક્ષ તરીકે-માયાપતિ તરીકે વર્ણવે છે.

"માયાપતિં પતિવિહીન નિરસ્ત માયા" એવું પ્રાતઃસ્મરણમાં કહે છે. આ માયા જ જગતનું સર્જન કરે છે. એટલે બ્રહ્મ માયાનો આશ્રય કરી જગતરૂપી બાળકનું સર્જન કરે છે. "વડલા હેઠે બાવો રે" એ ભજનમાં પણ પૂ.શ્રી કહે છે કે :-

**વનિતા તેની છેક જ ઘેલી, જાય ન પતિની પાસ,**
**ઈચ્છા માત્રે ઓધાન રહ્યું ને પ્રસવે બે ને પચાસ.**
**બાવાની બલિહારી રે, દેખી બાવી બાળ છપે...**

આમાં આત્મજ્ઞાની-આત્મા એ બાવો અને માયા એની પત્ની અને જગત એનું બાળક.

આ બ્રહ્મને સમજવું, બ્રહ્મનું જ્ઞાન થવું, તેનો અનુભવ થવો એ દુર્લભ છે. બધા પોતપોતાની રીતે પરમાત્માને જગતમાં શોધે છે. આત્મા અંતરમાં છે અને શોધે છે બહાર, પછી ક્યાંથી મળે ? કોઈ જંગલમાં, કોઈ સંસારના ભોગમાં તો કોઈ શાસ્ત્રો ચૂંથવામાં પરમાત્માને શોધે છે. બાહ્ય ક્રિયાથી કશું પ્રાપ્ત થતું નથી. હઠયોગ કરો, ધૂણી ધખાવો કે આસનો કરો એ મદદરૂપ બને, પરંતુ એ સીધું બ્રહ્મજ્ઞાનનો અનુભવ કરાવી શકતું નથી.

'હું પોતે જ બ્રહ્મ છું.' 'અહં બ્રહ્માસ્મિ'નો અનુભવ કરવાનો છે અને એને માટે જ સદ્‌ગુરુને શરણે જઈ, એના માર્ગદર્શન પ્રમાણે શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરી બ્રહ્મજ્ઞાનાનુભવ કરવાનો છે. આ પરબ્રહ્મ મન, વાણીથી પર છે.

શ્રુતિ કહે છે :

ન તત્ર ચક્ષુર્ગચ્છતિ ન વાગ્ગચ્છતિ નો મનો ન વિદ્મો ન વિજાનીમો યથૈતદનુશિષ્યાદન્યદેવ તદ્વિદિતાદથો અવિદિતાદધિ । ઈતિ શુશ્રુમ પૂર્વેષાં યે નસ્તદ્વયાચર્યાક્ષિરે ॥

(કેન ઉપનિષદ્-પ્રથમખંડ-શ્લોક : ૩.)

અર્થાત્ ત્યાં આંખ (બધી જ્ઞાનેન્દ્રિય) પહોંચી શકતી નથી, ત્યાં વાણી (બધી કર્મેન્દ્રિય) પહોંચી શકતી નથી. ત્યાં મન (અંતઃકરણ) પહોંચી શકતું નથી. આ બ્રહ્મ આવું છે એમ કહી શકે એમાં તો બુદ્ધિ પણ સમર્થ નથી, પરંતુ જેણે બ્રહ્મનો અનુભવ કર્યો છે, જે બ્રહ્મને જાણે છે તેના મુખ દ્વારા જે કાંઈ કહેવાયું છે તેને આધારે બ્રહ્માનુભવ માટે પ્રયત્ન કરી રહ્યા છીએ.

આ બ્રહ્મજ્ઞાન અનુભવવાની વાત છે, ચર્ચાની વાત નથી. જેણે અનુભવ કર્યો છે તે પણ બ્રહ્મનું વર્ણન કરી શકતો નથી. પૂ.શ્રી કહે છે કે, 'બ્રહ્મજ્ઞાન મૂગોકી બાતા'. આની ચર્ચા ન હોય. ચર્ચા કરવાથી પેટ ન ભરાય, ભૂખ ન મટે. એને માટે તો જાતે ખાવું પડે.

પરંતુ બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ માટેની સાધના કઠોર છે. કઠોર પરિશ્રમ માગી લે, દેહદમન માગી લે, મનોનાશ માગી લે, અહંકાર-મમતાનો ત્યાગ માગી લે એવી સાધના છે. મોંઘી વસ્તુ માટેની સાધના પણ મોઘી જ હોયને ! 'શૂળી પરની પૂરી એ તો' એ દ્વારા શિર સાટે મેળવવાની વસ્તુ છે એમ સૂચવે છે. રમતાં રમતાં, સંસારના ભોગો ભોગવતાં ભોગવતાં મળે એવી વસ્તુ નથી.

સમર્થ સદ્‌ગુરુની પ્રાપ્તિ, સદ્‌ગુરુની સેવા દ્વારા સદ્‌ગુરુ કૃપા અને સદ્‌ગુરુના માર્ગદર્શન હેઠળની સાધના દ્વારા અભિમાન-અહંકારનો નાશ થતાં બ્રહ્મજ્ઞાન થાય છે. આપણા બાપજીની એ વિશિષ્ટતા છે કે, એમણે એમનો સાક્ષાત્કાર દિન કોઈને કહ્યો નથી અને એ દિનની ઉજવણી કરી નથી.

□ □ □

## ૬૧. સદા ભજો ગુરુદેવ

**(રાગઃમાડ; તાલઃકહેરવા)**

**સદા ભજો ગુરુદેવ, ગુરુ બિન નાહિ કોઈ અપના. ...ધ્રુ.**

**નાતે ગોતે સબ સ્વારથકે, નિઃસ્વારથ ગુરુરાના;**
**આપ સમાન કરે શિષ્યનકો, દેવે પદ [૧]નિરબાના. .ગુરુ૦ ૧.**

**કરે લોહકા પારસ સોના, નહિ પારસ કર જાના;**
**નહિ ઉપમા ગુરુકી ત્રિભુવનમેં, સાક્ષાત્ દેવ પિછાના. .ગુરુ૦ ૨.**

**પૂછો પંડિત પોથી દિખાવે, કાઝી કિતાબ કહેના;**
**બોલે અંધા 'દૌડો પીછે', સબ મતલબમેં સ્યાના! .ગુરુ૦ ૩.**

**કથે જ્ઞાન અરુ ક્રિયા સિખાવે, પકડ [૨]દસ્ત સલુના;**
**ઘાટ અગમપે આપ ચઢાવે, જહાં સાંઈકા થાના. .ગુરુ૦ ૪.**

**બિના તેલ જલે જહાં જ્યોતિ, ઝગમગ દિવસાં [૩]રૈનાં;**
**આઠોં [૪]જામ બજે સુરબાજા, રંગ અરંગી જાના! .ગુરુ૦ ૫.**

---

**૧. નિર્વાણ. ૨. હાથ. ૩. રાત. ૪. આઠે પ્રહર.**

□ □ □

## વિવરણ

પ્રશ્નોત્તરમાલામાં પૂ.શ્રીનો પ્રશ્ન છે : કો ગુરુઃ ? ગુરુ કોણ ? એઓ જવાબ આપે છે : આગમવેત્તા બ્રહ્માનંદે નિમગ્ન ઉપદેષ્ટા । જે વેદ (આગમન) (અને શાસ્ત્ર)નો જાણકાર, બ્રહ્માનંદમાં નિમગ્ન અને ઉપદેશક છે. (શ્લોક : ૧૧નો પૂર્વાર્ધ) આની સાથે મુ. ભવાનીશંકર

શાસ્ત્રીજીના શ્લોકનું પ્રથમ ચરણ સરખાવો.

**શાન્તં યોગીન્દ્રવર્યં દ્વિજકુલતિલકં શ્રોત્રિયં બ્રહ્મનિષ્ઠં ।**

પૂ.શ્રી ‘સચ્ચિદાનંદમગ્નં હતા.’ આવી વ્યક્તિ ગુરુ થવાને-ગુરુ કરવાને યોગ્ય છે.

પૂ.શ્રી પ્રશ્નોત્તરમાલાના ૧૦મા શ્લોકમાં કહે છે કે મનુષ્ય જન્મ, પુરુષદેહ અને મોક્ષની ઈચ્છા દુર્લભ છે. આ ત્રણેય હોય તોપણ સદ્‌ગુરુની પ્રાપ્તિ અત્યંત દુર્લભ છે.

આ ભજનમાં સદ્‌ગુરુનું મહત્ત્વ ગાવામાં આવ્યું છે. હંમેશાં ગુરુદેવને ભજો-ગુરુદેવને સેવો - કારણ કે એમના વિના આપણું કહેવાય એવું કોઈ નથી. એવું કહેવાયું છે કે :-

**હરિકૃપા તબ જાનીયો જબ દે મનુજ અવતાર ।**
**ગુરુકૃપા તબ જાનીયો જબ છોડાવે સંસાર ॥**

આપણું પરમ કલ્યાણ-શ્રેય ઈચ્છનાર કેવળ સદ્‌ગુરુ જ છે. સદ્‌ગુરુ આપણને જન્મમરણના ચક્કરમાંથી છોડાવવા માટે બધું જ કરી છૂટે છે. સદ્‌ગુરુ એકવાર હાથ પકડે પછી એ ઉદ્ધાર કર્યા વગર હાથ છોડતા નથી.સગાં-સંબંધીના સંબંધો-સ્વાર્થ પ્રેરિત હોય છે. જ્યારે સદ્‌ગુરુ નિઃર્વ્યાજ, સ્વાર્થ રહિત પ્રેમ કરે છે. યાજ્ઞવલ્કય પોતાની પત્ની મૈત્રેયીને કહે છે કે, ‘હે મૈત્રેયી ! પતિ પત્નીને ચાહતો જ નથી. એ તો પત્નીમાંથી મળતા સુખને જ ચાહે છે.’ આવું પત્ની માટે પણ એટલું જ સાચું છે. સ્વાર્થના સંબંધનો ખ્યાલ તો વ્યક્તિ મૃત્યુ પામે પછી નજીકના સંબંધીનું વિચિત્ર વર્તન જોતાં જ આવે છે.

સ્વાર્થના સંબંધો અંગેનું એક દૃષ્ટાંત ખૂબ જાણીતું છે. એક યુવાન એક સંત પાસે સત્સંગ માટે જતો હતો. એક દિવસ એણે સંતને કહ્યું કે, હું સમયસર ઘરે નહિ પહોચું તો મારાં માતા-પિતા વગેરે આકુળ-વ્યાકુળ થઈ જાય અને તેમનો પ્રેમ એવો છે કે તેઓ મારા વિના જીવી જ ન શકે. એનો આ ભ્રમ દૂર કરવા સંતે કહ્યું કે, કોઈ કોઈને માટે મરે એવું નથી હોતું. પછી એને ખાતરી થાય એ હેતુથી એક યોજના ઘડી અને એને એ પ્રમાણે વર્તવાનું કહ્યું.

બીજે દિવસે સવારે દસ વાગ્યે ‘મને કશું થાય છે, કશું થાય છે’ એમ કહીને છોકરો બેભાન થઈને પડ્યો. એણે પોતે ખરેખર બેભાન છે એવો ઢોંગ કર્યો. ઘરનાં બધાં ભેગાં થઈને રડવા લાગ્યા. આ બધાનું કલ્પાંત ચાલુ હતું ત્યાં જ પેલા સંત આવી પહોંચ્યા. બધાએ સંતને કૃપા કરવા કહ્યું. સંતે પ્યાલામાં પાણી મંગાવ્યું અને છોકરા ઉપરથી ઓવારીને પછી કહ્યું કે, જો કોઈ આ પાણી પી જશે તો આ છોકરો બેઠો થઈ જશે, પરંતુ પાણી પીનારો મરી જશે. છોકરો આ બધું સાંભળતો હતો. સંતે ભાઈને, બહેનને, પિતાને અને માતાને

બધાંને વારાફરતી પાણી પીવા કહ્યું, પણ બધાએ કંઈ ને કંઈ બહાનું બતાવી પાણી પીવાની ના કહી. સંતે કહ્યું કે, 'તો હું પી જાઉં ?' બધા એકદમ રાજી થઈ ગયા અને કહેવા લાગ્યા કે, મહારાજ ! આટલી કૃપા કરો. અમે તમારી સમાધિ બનાવરાવીશું અને દર વર્ષે પાટોત્સવ મનાવીશું. સંતે જળ પીધું એટલે પેલો છોકરો ઊભો થયો. સંતને કશું થયું નહિ. છોકરાને ભાન આવ્યું કે, સગાં-સંબંધીના સંબંધો સ્વાર્થના છે. એ છોકરો ઘર છોડીને સંત સાથે ચાલી નીકળ્યો. સદ્‌ગુરુ શિષ્યનો જીવભાવ દૂર કરી શિવભાવમાં સ્થિર કરે છે. એને પોતાના જેવો કરે છે. એક ભજનમાં પૂ.શ્રી લખે છે કે :-

**કરી મડદું ને પછી જીવાડે,**
**જીવ શિવના તે ભૂત એ કાઢે રે !... ગાઓ.**

**અવળી વાણીથી હંસ ઉચ્ચારે,**
**ગુરુ શિષ્યનો ભેદ એ બાળે રે... ગાઓ ગાઓ રે.**

ગુરુનું સ્મરણ શિષ્યનો જીવભાવ દૂર કરે છે. ગુરુ એને આપ સમાન-પોતાના જેવો કરે છે.

**કૃષ્ણ કૃષ્ણ કરતાં થઈ ગોપી કૃષ્ણ સ્વરૂપ,**
**ગુરુ ગુરુ કરતાં શિષ્યનું રહે ન પૂર્વસ્વરૂપ.**

(અ.૧૦૬.દો.૨.)

સદ્‌ગુરુ પારસથી પણ ચઢિયાતા છે. પારસમણિ લોખંડનું સોનું બનાવે છે, પણ લોખંડને પારસમણિ - પોતાના જેવો - બનાવી શકતો નથી. વળી, લોખંડમાંથી થયેલું સોનું બીજા લોખંડને અડે તો એનું સોનું થતું નથી. જ્યારે ગુરુ તો શિષ્યને પોતાના જેવો બનાવી દે છે. એટલે એ શિષ્ય હવે ગુરુ બનીને ગુરુકાર્ય કરી શકે છે.

સંત તુલસીદાસ સંત માટે કહે છે કે, એ તો માખણથી પણ વધુ કોમળ છે. માખણ તો પોતાને ગરમી લાગે ત્યારે પીગળે છે, જ્યારે સંત તો બીજાને ગરમી લાગે-બીજો દુઃખી થાય ત્યારે પીગળે છે. આવા સંત જ્યારે સદ્‌ગુરુ બને ત્યારે તે શિષ્ય માટે કરુણાસભર બની રહે છે. એક ભજનમાં પૂ. બાપજી લખે છે કે :-

ગુરુને ચાર મુખ નથી, તોપણ બ્રહ્મા છે, ચાર હાથ નથી તોપણ વિષ્ણુ છે અને ત્રણ આંખ નથી તોપણ શંકર છે. પૂ.શ્રી સંસ્કૃત ભજનમાં કહે છે કે :-

**એક મુખોડપિ સહિ વિધિર્નો ચતુષ્કરોડપિ હરિઃ ।**
**વિના ત્રિનેત્રમત્ર હરો રંગ નર્તકોપ્યલમ્ ॥ ગુરુકૃપાહિ.**

સદ્‌ગુરુ બ્રહ્મા-હરિ-હર તો છે જ, પરંતુ 'ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ' એ અનુસાર સાક્ષાત્ પરબ્રહ્મ પણ છે. પૂ.શ્રી ગાય છે કે :

**સદ્ગુરું ચ બ્રહ્મ પરં વ્યકતમત્ર નૃતનુધરમ્ ।**
**યઃ સ્મરેદ્ધિ તસ્ય વરં કિન્તુ સ્યાત્ સુદુષ્કરમ્ ॥... ગુરુ.**

નૃતનુ એટલે માણસનું શરીર. શરીર મનુષ્યનું છે પણ એ સાક્ષાત્ પરબ્રહ્મ જ છે. ગુરુ સાથે સરખાવી શકાય એવો કોઈ બીજો દેવ જ નથી.

પોથી પંડિત અને કાજી બધા પોતપોતાના સ્વાર્થમાં ગળાબૂડ હોય છે. પુસ્તકો વાંચવાથી જ્ઞાન આવતું નથી. પ્રભાવશાળી પ્રવચન કરનાર એ કાંઈ જ્ઞાની નથી હોતો, એ કાંઈ સાક્ષાત્કારી પુરુષ નથી. એ તો બધા આંધળા સરદાર જેવા છે. જે ટોળાંનો સરદાર આંધળો હોય તે સરદારની પાછળ દોડનારા પણ આંધળા સાથે ખાડામાં જ પડેને!

એક ભજનમાં "આવો સરદાર-ગુરુ-કામ નહિ આવે એમ પૂ.શ્રી કહે છે."

**આપ ભૂલા જગ સબ ભુલાવે,**
**ઐસો કામ ન આવે, ઔષધિ કોન.**

સાચો સદ્ગુરુ સૈદ્ધાંતિક જ્ઞાન અને વ્યવહારુ જ્ઞાન બંને ધરાવતો હોય છે. એટલું જ નહિ પણ એ શિષ્યને સાધનાની ક્રિયા કેવી રીતે કરવી તે પણ શિખવાડે છે. એ શિષ્યને અગમગઢ-યોગમાં આજ્ઞાચક્ર પછી સહસ્રારમાં પ્રાણને કુંડલિની સહિત લઈ જવાની રીત-ચઢવાનું શિખવાડે છે અને હાથ પકડીને શિખવાડે છે એટલે કે પોતાના અનુભવને આધારે શિષ્યને બ્ર્હ્મરંધ્ર કે જ્યાં પરમાત્માનો વાસ છે ત્યાં પહોંચવાની ક્રિયા કરાવી જીવ-શિવનું મિલન કરાવે છે.

જેણે અનુભવ કર્યો છે, જે સચ્ચિદાનંદમગ્ન છે અને જેનું બ્રહ્મજ્ઞાન પણ દૃઢ છે તે જ આ રીતે શિષ્યને યોગસિદ્ધિ અપાવી શકે.

આ સહસ્રાર-શૂન્ય શિખર-નું વર્ણન કરતાં પૂ. બાપજી કહે છે કે, આત્મા જ્યોતિઃસ્વરૂપ છે, પ્રકાશ સ્વરૂપ છે. તેલ વગરની ઝળહળતી જ્યોતિ છે. આત્માનો પ્રકાશ કરોડો સૂર્યના પ્રકાશ જેટલો હોય છે. મેઘનાદ એ દશમો નાદ છે. એ નાદ સાંભળ્યા પછી યોગી આજ્ઞાચક્ર ભેદી સહસ્રારમાં પ્રાણને લઈ જાય છે. જ્યાં મન અને પ્રાણ ઠરે છે.

આત્મા જ્યોતિસ્વરૂપ છે. એ આત્મા (રંગ) કોઈ પણ રંગ વગરનો-અરંગી છે. અવધૂતી આનંદ અને શ્રીગુરુલીલામૃત બંને ગ્રંથો શ્રીગુરુનો મહિમા ગાતાં ગ્રંથો છે. શ્રીગુરુલીલામૃતના બે-ત્રણ દોહરા ગાઈને ભજનની સમાપ્તિ કરીએ.

- **જ્ઞાન, ધર્મ, યશ, સંપદા, સર્વે ગુરુપદમાંહ્ય,**
  **એવા નિશ્ચયથી ભજે, એ ગુરુચરણ સદાય.**
- **સર્વ જ્ઞાનનું મૂળ છે, સદ્ગુરુ એક અભિન્ન,**
  **તદધિન દેવો સહુ, બ્રહ્મા-હરિ-હર ભિન્ન.**

● સદ્‌ગુરુ સ્મરણ કરે સદા, પૂજ્ય થાય નર તેહ,
ગુરુનામામૃતપાનથી જાય મરણ સંદેહ.

(અ.૩.૧૧૧,૧૨૬,૧૪૩)

□ □ □

## ૬૨. બન જા અબ હુશિયાર

**બન જા અબ હુશિયાર, કાલકા નહિ ઠિકાનાજી.**
**ખડી મૌત શિર [1]ઘેર, આલસુ ક્યોં બન તૂ સોતા?**
**નિકલ જાયગા શ્વાસ, રહેગા અંત હાથ ઘિસતા! ...કાલ૦ ૧.**

**ગયે રાજ મહારાજ હકીમો, પંડિત અરુ કાઝી;**
**ગયે પીર પૈગંબર, ગાફિલ પડા તું ક્યોં પાજી! ...કાલ૦ ૨.**

**લે સાહેબકા નામ, દિલસે બન જા પક્કા;**
**જા હજકો અબિનાસ, દેહ કર કાસી મક્કા! ...કાલ૦ ૩.**

**લે આતમ પહિચાન, ખુદા શિવ શંકર ભોલા;**
**મારેગી ઝખ મૌત, રંગ છૂટે ભવ-ઝૂલા!! ...કાલ૦ ૪.**

□ □ □

## વિવરણ

કબીર સાહેબ કહે છે :-

કબીર જો દિન આજ હૈ, સો નાહિ ફિર કાલ ।
ચેત સકે તો ચેત લે, સિર પર ગાજે કાલ ॥

માનવીનો જન્મ પ્રભુપ્રાપ્તિ માટે છે. ભગવાને કેવળ માનવીને વિવેકબુદ્ધિ આપી છે. અનેક જન્મોનાં પુણ્યફળે ત્યારે માનવદેહ મળે છે. આ દેહની સાર્થકતા માટે સંતો અને શાસ્ત્રો હરિભજન કરવાનું પોકારી પોકારીને કહે છે.

આ ભજનમાં પૂ. બાપજી આત્માને ઓળખી લઈને સંસાર ચક્રમાંથી છૂટવાની શિખામણ આપે છે. દરેક માનવીનું મૃત્યુ નિશ્ચિત છે, પરંતુ એ ક્યારે આવશે એની માનવીને ખબર નથી. સંતો કહે છે કે શ્વાસ બહાર કાઢતી વખતે ખાતરી નથી કે પાછો શ્વાસ લઈ શકીશું કે નહિ. મૃત્યુએ-કાળે - આપણા માથાના વાળ એના હાથથી ઝાલેલા જ છે. એ છેલ્લો

પ્રહાર ક્યારે કરશે અને ક્યાં કરશે તેની ખબર નથી.

**નાનક** કહે છે :

**વૃદ્ધ ભયો સૂઝે નહીં, કાલ પહૂંચ્યો આન ।**
**કહ નાનક નર બાવરે, ક્યોં ન ભજે ભગવાન ॥**

**સહજો ભગત કહે છે કે :-**

**સહજો ભજો ભગવાન કો તજો જગતસોં નેહ ।**
**અપના તો કો હૈ નહીં, અપની સગી ન દેહ ॥**

પાણીના પરપોટા જેવી અને વીજળીના ચમકારા જેવી ક્ષણિક જિંદગીમાં કાળનો ભરોસો નથી અને છતાં માનવી જીવનના ઘણાં વર્ષો વીતી ગયા હોવા છતાં ચેતતો નથી, ભગવાનને ભજતો નથી એ કેવી કરુણા ? કાળરૂપી સાપે માનવીરૂપી દેડકાને પકડ્યો છે અને ગળતો જાય છે. આમ છતાં મૂરખ માનવી વિષયોપભોગરૂપી માખી શોધે છે.

પૂ.શ્રી આપણને સાવધ થઈ જવાનું, હોશિયાર થઈ જવાનું કહે છે અને કહે છે કે, કાળનો કોઈ ભરોસો નથી, એનું કાંઈ ઠેકાણું નથી. તને ઘેરીને તારે માથે મોત ઊભું છે, તારે માથે મોત ભમે છે. તોપણ તું આળસુ બનીને હજી કેમ સૂતો છે. પૂ.શ્રી દત્તનામસ્મરણમાં કહે છે :-

**ગયા કેટલા કેટલા અર્ધ વાટે,**
**વળી કેટલા દેખ જો જાય હાટે ।**
**પડ્યો ઊંઘમાં શે સુખે મૂઢ હન્ત**
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥

(શ્લોક:૨૦.)

શ્વાસની આવન-જાવન ક્યારે બંધ પડી જાય એનું કાંઈ નક્કી નથી. નીકળેલો શ્વાસ પાછો આવશે કે કેમ એની પણ ખાતરી નથી. આટલી બધી અનિશ્ચિતતામાં પણ મૂઢ માનવી લાંબા પગ કરીને શાંતિથી સૂતો છે.

પછી પૂ. બાપજી કહે છે કે : -

ભલભલા રાજા-મહારાજા, હકીમો, પંડિતો, પીર, પેગંબરો પણ જતા રહ્યા તો પછી હે પાજી ! હે મૂર્ખ ! તારો શો હિસાબ? તું હજી કેમ ગફલતમાં પડ્યો છે ? સાચો રસ્તો બતાવવા પૂ. બાપજી કહે છે કે તું ભગવાનનું-સાહેબનું- નામ લે અને દિલથી એનો ભક્ત બની જા. દેહને કાશી-મક્કા સમાન પવિત્ર બનાવી ભગવાનને મળવા-હજ કરવા - જા.

**નાનક કહે છે :-**

**જનમ જનમ ભરમત ફિરયો, મિટ્યો ન યમકો ત્રાસ ।**
**કહ નાનક હરિ ભજ મના, નિર્ભય પાવહિ વાસ ।**

ભગવાનનું ભજન-રામનું નામ - બધાં દુઃખો દૂર કરી, બધાં સુખો આપનારું છે. રામરક્ષા સ્તોત્રમાં કહ્યું છે કે :

**ભર્જનં ભવબીજાનાં અર્જનં ભવસંપદામ્ ।**
**તર્જનં યમદૂતાનાં રામરામેતિ ગર્જનમ્ ॥**

(શ્લોકઃ૩૬.)

'રામ-રામ' એવી રામનામની ગર્જના ભવ-બીજને ભૂંજી નાંખનાર-બાળી નાંખનાર છે. સંસારની સંપત્તિને આપનાર છે અને યમદૂતોને હાંકી કાઢનાર છે. રામનામથી કેટલા તરી ગયા તો તું પણ તરી જા.

હરિનામનો મહિમા ગાતી સંતવાણી છે :

**નામ લિયા જિન્હ સબ લિયા સકલ શાસ્ત્ર કો ભેદ ।**
**બિના નામ નરકે ગયા પઢ-પઢ ચારોં વેદ ।**

**પઢને કી હદ સમજ હૈ, સમજનકી હદ જ્ઞાન ।**
**જ્ઞાનકી હદ હરિનામ હૈ, યહ સિદ્ધાંત ઉર આન ॥**

માનવજીવનનું લક્ષ્ય શું ? આખરી ધ્યેય શું ? જન્મમરણના ઝૂલામાંથી છૂટવા શું કરવાનું ? આ પ્રશ્નોના જવાબ આપતાં પૂ. બાપજી કહે છે કે, આત્માને ઓળખી લે. સ્વસ્વરૂપમાં સ્થિર થા. આત્મદર્શન કરી લે. એ જ ખુદા છે, શિવશંકર છે. એને ઓળખી લેશે પછી મૃત્યુ પણ મરી જશે. દેહાધ્યાસ છૂટતાં મૃત્યુનો ડર જતો રહેશે. દેહનું મૃત્યુ એ દુઃખ કરવા જેવી વસ્તુ નથી. મોહરૂપી મૃત્યુનો નાશ થતાં આ સંસારનો ઝૂલો-હીંચકો છૂટી જશે અને પરિણામે હીંકાની-ઝૂલાની આવન જાવન પણ બંધ થઈ જશે.

હરિનામ-આત્મદર્શન બધા કરી શકે છે. એને માટે પ્રયત્નો કરવા પડે, નીતિમય જીવન જીવવું પડે, આકરી સાધના કરવી પડે. કહેવાયું છે કે :-

**દડી પડી મેદાનમેં સહુ કોઈ ખેલન જાય ।**
**નહીં કિસીકા બાપકી, જીતે સો લે જાય ॥**

❑ ❑ ❑

## ૬૩. છોડું ન મૈં દિલસે અબ સાંઇ!

(રાગઃ બ્રિંદાવની સારંગ; તાલઃધુમાળી)

છોડું ન મૈં દિલસે અબ [2]સાંઇ!
ભટકત ભટકત સહજ મિલા હે, છટકત છટકત થિર રહા હૈ;
જાને ન દૂં અબ પ્રાણ હિ જાઇ! ...છોડું૦ ૧.

ભાવ ભજનસે મોલ મૈં લીના, તનતપસ્યા તોલ હૈ કીના;
મનમંદર અબ બિઠા લૂં ભાઈ! ...છોડું૦ ૨.

ધન દોલતસે કભુ ન પાવે, માન મગરૂબી પાસ ન જાવે;
દીનપનોંસે બશ હો જાઈ! ...છોડું૦ ૩.

વો માલિક મૈં ઉસકા બંદા, મૈં હૂં ચકોરા વો હૈ ચંદા;
પ્રેમ પિયાલા ભર ભર પાઈ! ...છોડું૦ ૪.

આપ ન દેખું, પર ન દેખું, જહાં તહાં એક હિ **રંગ** વિલોકું;
દેખત દ્દષ્ટિ દ્દશ્ય હો જાઈ!! ...છોડું૦ ૫.

---

૧. ઘેરીને. ૨. સ્વામી, જગતનો નાથ, પરમાત્મા

## વિવરણ

દરેક વ્યક્તિને કોઈ ને કોઈ વસ્તુની લગન હોય છે, તલપ હોય છે. કોઈ સંપત્તિ પાછળ ઘેલો છે, કોઈ સ્ત્રી પાછળ ઘેલો છે, કોઈ કીર્તિ પાછળ ઘેલો છે, તો કોઈ ભગવાન પાછળ ઘેલો છે. કોઈ ને કોઈ વસ્તુ પાછળ વ્યક્તિ દીવાનો છે-પાગલ છે-ગાંડો છે. એક ભજનમાં પૂ. બાપજી લખે છે કે :

**નામદીવાના, દામદીવાના, ચામદીવાના કોઉ,**
**ધન ધન જો સો રામ દિવાના, મૈં દિવાના સોઉ... કહે દીવાના.**

કીર્તિ (નામ) પાછળ દીવાના થવું, કંચન (દામ) પાછળ દિવાના થવું, કામિની (ચામ) પાછળ દીવાના થવું એના કરતાં તો બહેતર છે કે રામ પાછળ દિવાના થવું.

દીવાના થવું છે તો રામનામમાં દીવાના થવું કારણ કે એમાં જીવનું કલ્યાણ છે. કીર્તિ, કંચન,કામિની પાછળ દોડનારના હાથમાં અંતે કશું આવતું નથી.

રામ પાછળ દીવાનો થનાર રામમાં સમાઈ જાય છે, રામરૂપ થઈ જાય છે. જગતની વસ્તુ પાછળ દોડનારના હાથમાં જગત આવતું નથી, પરંતુ રામની પાછળ દોડનારના હાથમાં રામ આવે છે એને રામરૂપ બનાવે છે. પૂ.શ્રી લખે છે :

**ખલ્ક દીવાના ખલ્ક ન પાયો, જુગ જુગ ભટકાયો,**
**રામ દીવાના રામ સમાયો, રામરંગ રૂલાયો... કહે દિવાના.**

આ ભજનમાં સાધનાના પરિણામરૂપ પરમેશ્વરની પ્રાપ્તિના પરમાનંદનું વર્ણન કરતાં પૂ. બાપજી કહે છે કે હવે હું સાંઈ-પરમાત્માને દિલમાંથી જવા નહિ દઉં-છટકવા નહિ દઉં.પરમાત્મા રૂપી લાલ રતન મેળવ્યું છે, મોઘો મણિ મળ્યો છે, તો હવે દુનિયાના સુખરૂપી કાચના ટુકડાના બદલામાં હું એ જતો નહિ કરું.

આ પરમાત્માને ભાવ-ભજન દ્વારા મેળવ્યો છે. ભાવ-ભજનની કિંમત ચૂકવી છે અને તન-તપસ્યારૂપી ત્રાજવામાં તોલ કર્યો છે. એને હવે મનરૂપી મંદિરમાં બેસાડી દઈશ. જેને જેની સાથે હૃદયની પ્રીતિ થઈ જાય તેને તેના વિના બીજું કાંઈ ગમતું જ નથી. ચંદ્ર સાથે ચકોરની પ્રીતિ, વર્ષા સાથે ચાતકની પ્રીતિ, ભગવાન સાથે ભક્તની પ્રીતિ. આને કોણ સમજી શકે ? સાધુને ઓળખવા સ્વયં સાધુ થવું પડે.

ચૌદ ભુવનના નાથને મેળવવા માટે શું કરવું પડે ? ભગવાન પ્રેમથી-ભક્તિથી વશ થઈ જાય છે. ભગવાન નારદજીને કહે છે કે હે નારદ ! હું વૈકુંઠમાં કે યોગીઓના હૃદયમાં વસતો નથી. હું તો મારા ભક્તો જ્યાં કીર્તન કરે છે ત્યાં ઊભો રહું છું (એટલે કે બેસતો પણ નથી.)

**નાહં વસામિ વૈકુંઠે યોગિનામ્ હૃદયે ન ચ ।**
**મદ્ ભક્તા યત્ર ગાયન્તિ તત્ર તિષ્ઠામિ નારદ ॥**

**'સબસે ઊંચી પ્રેમસગાઈ' ભજનની એક કડી છે :-**
**દૂયોધનકો મેવા ત્યાગો, શાગ વિદૂર ઘર ખાઈ ।**

ભગવાન ધન-દોલતથી મળતો નથી. માન-અભિમાન-અહંકાર હોય ત્યાં તેની પાસે જતો નથી. એ તો ભક્તની દીનતાને વશ થઈ જાય છે. ભક્તની આ દીનતા એ લાચારી કે મજબૂરીની દીનતા નથી, પણ અનન્ય શરણાગતિની દીનતા છે. શરણાગતિમાં :

(૧) હું હરિનો (૨) હરિ છે મમ રક્ષક (૩) હરિ કરશે તે મમ હિતનું આ ભાવ હોય છે અને ભક્ત પોતાનું વ્યક્તિત્વ-અહં - ઓગાળી દે છે. એ નિમિત્ત બનીને ભગવાનની ઈચ્છા મુજબ જીવે છે. ભગવાન સ્વામી છે અને ભક્ત સેવક છે, પરંતુ અનન્ય શરણાગતિને કારણે પછી ભગવાન સેવક બનીને ભક્ત-સ્વામીની પાછળ પાછળ ફરે છે. ભગવાન ભક્તને

વશ અને ભક્તને આધીન હોય છે. રામચંદ્ર ભલે ઝાડ નીચે બેઠા હોય પણ વાનરો તો ઝાડ ઉપર બેસીને કૂદાકૂદ કરતા હોય છે. એમને એવું બંધન નડતું નથી કે ભગવાન કરતાં ઊંચા સ્થાને ના બેસાય.

પૂ. બાપજી સ્વામી-સેવકનો ભાવ સ્વીકારતાં કહે છે કે, ભગવાન માલિક છે અને હું એનો સેવક છું, ભક્ત છું. હું ચકોર છું અને એ ચંદ્રમા છે. ચંદ્ર-ચકોરની પ્રીતિને-એની ઘેલછાને વર્ણવતા પૂ. પાગલ મહારાજ કહે છે કે, સાચો પ્રેમી-અનન્ય શરણભાવ રાખનારો ભક્ત - ભગવાને-પ્રેમીએ શું કરવું જોઈએ એનો વિચાર કરતો જ નથી. "અરે ! સાચા પ્રેમી ક્વચિદપિ અપેક્ષા નવ કરે." ચકોરની ચંદ્ર પ્રત્યેના પ્રેમની ઘેલછા કેવી છે તે વર્ણવતી નીચેની પંક્તિઓ જુઓ અને માણો.

**ચકોરી ચાહે છે શશિ-વદન નેત્રે નીરખવા,**
**કરે ચાંચો ઊંચી, શશધર-સુધા પાન કરવા,**

**અહો ! પંખી તોયે અમર-વરને પ્રીતમ વરે,**
**અરે ! સાચા પ્રેમી કવચિદપિ અપેક્ષા નવ કરે.**

**હતી એ તો જ્વાળા અનલતણી ભારે વન વિશે,**
**ચકોરીએ જાણ્યું, પ્રિયવરતણી કાન્તિ જ હશે,**

**કરી કુર્બાની હા ! તન-ધનતણી આજ ત્યજી રે,**
**અરે ! સાચા પ્રેમી કવચિદપિ અપેક્ષા નવ કરે.**

આપણે પણ પૂ. બાપજી પ્રત્યે આવો જ પ્રેમ, આવી જ ભક્તિ દર્શાવીને ધન્ય થઈ જઈએ. એમના કાર્યમાં પાગલ બનીએ, કુરબાની આપીએ.

**જગે જે જન્મીને પિયુ વિરહમાં પાગલ બને,**
**ગમે તેવા કલ્પો જગતજન હો ! એ રસિકને,**
**ખરા જીવ્યા એ તો, મરણ પરમાનન્દ જ વરે,**
**અરે ! સાચા પ્રેમી ક્વચિદપિ અપેક્ષા નવ કરે.**

છેલ્લે પૂ. બાપજી કહે છે કે હવે મને અત્ર-તત્ર-સર્વત્ર બધે બસ! એ જ દેખાય છે. પરમાત્માના સઘળામાં અને સઘળે સ્થળે દર્શન થાય એ જ પરમ પ્રાપ્તિ છે. હવે હું મારી જાતને કે બીજાને દેહસ્વરૂપ-મનુષ્યરૂપે-જોતો જ નથી. 'સિયારામમય સબ જગ જાની'ની જેમ બધે પોતાના ઈષ્ટદેવ જ દેખાય છે.

આવી દૃષ્ટિ એ જ બ્રહ્મદૃષ્ટિ છે. પૂ.શ્રી કહે છે કે :-

**બ્રહ્મસ્થિતિ થાતાં અહીં ફરે દૃષ્ટિ સાક્ષાત્,**
**જે જે દેખે તે બધું દિસે બ્રહ્મમય કાન્ત.**

(અ.૧૨૨.દો.૯.)

'સર્વં વાસુદેવમયમિતિ' દૃષ્ટિ થતાં જન્મમરણનો ફેરો ટળી જાય છે. ઉપાસના કાંડની પ્રસ્તાવનારૂપ લખેલી આશીર્વાદાત્મક ઓંવીમાં પૂ.શ્રી લખે છે :-

સર્વ વાસુદેવ ઈતિ ॥ થઈ સર્વત્ર જેની મતિ ॥ જન્મમરણ સંસૃતિ ॥ નહિ તેને કલ્પે યે ॥ પછી તો દ્રષ્ટા, દશ્ય અને દૃષ્ટિ એક જ થઈ જાય છે. "દેખત દૃષ્ટિ દશ્ય હો જાઈ."

ઈશાવસ્ય ઉપનિષદ કહે છે કે, આ બધું પરમાત્માથી-ઈશથી વ્યાપ્ત છે, વ્યાપેલું છે. એક ભજનમાં પૂ. બાપજી કહે છે કે :-

**તારલિયા અંતરમાં વિલસે, ચાંદો અનિમેષ તિમિર ગ્રસે,**
**બસ ! એક જ રંગ સુદિવ્ય દિસે, ભાસે સઘળે કૈલાસપતિ...**
**હરિનો મારગ છે શૂરાનો નહિ કાયરનું કામ જોને,**
**પરથમ પહેલાં મસ્તક મૂકી વળતી લેવું નામ જોને.**

શિરસાટે ભગવાનને રાખી લેવા પડે. ભગવાન દિલમાંથી છટકી જવા ના જોઈએ. નરમાંથી નારાયણ થયેલી વિભૂતિઓની કારમી સાધના અંગે જાણીએ ત્યારે આપણા રૂંવાટા ખડા થઈ જાય છે. આપણને આપણા સદ્ભાગ્યે બાપજી મળ્યા તો હવે આપણે એનું કાર્ય આગળ વધારીએ-એમના નિયમાનુસાર.

□ □ □

## ૬૪. દેખ લિયો મોહન મૈં માઇ !

**(રાગઃતિલક કામોદ; તાલઃકહેરવા)**

**દેખ લિયો મોહન મૈં માઇ!**
**વો કાલા તો બહુ મતવાલા, દશ્ય દર્શનસે હૈ વો નિરાલા;**
**દેખત દેખત ઝટ છીપ જાઇ. ...દેખ૦ ૧.**
**કોઉ કહે રૂપી કોઉ અરૂપી, મૈં જાનું વો હૈ બહુરૂપી;**
**રૂપરૂપમેં વોહિ દિખાઇ. ...દેખ૦ ૨.**
**તન બૃદાંબન હિરદા કુંજા, ઠાડો દેખો વહાં વો [1]ખંજા;**
**ઠાડો ઠાડો બંસી બજાઇ. ...દેખ૦ ૩.**

**દેખત દેખત [2]મુંદી નૈનાં, મોહ મિટા નિકસે ના [3]બૈનાં;**
**ના હમ ના તુમ જગ્ત ન તાંઈ. ...દેખ૦ ૪.**
**પીલા પીતાંબર જરિયન જામા, મોરપિચ્છ અરુ ઝગમગ ધામા;**
**રંગ રૂપ બિનુ એક ગુંસાઈ! ...દેખ૦ ૫.**

▯ ▯ ▯

# વિવરણ

પૂ. બાપજી દત્તના ઉપાસક હોવા છતાં અવધૂતી આનંદનાં ભજનોમાં ભગવાન કૃષ્ણનું સ્મરણ અને વર્ણન અનેક વાર આવે છે. એમાં પણ આત્મદર્શનના પ્રસંગે તો એકમાત્ર ભગવાન કૃષ્ણનું જ સ્મરણ કરે છે.

**કૃષ્ણસ્તુ ભગવાન્ સ્વયં !** પૂર્ણ પુરુષોત્તમ ભગવાન કૃષ્ણનું આકર્ષણ પૂ. બાપજીને પહેલેથી જ હતું. ડાકોરના રણછોડરાયનાં દર્શને નિયમિત જતાં. અરે ! પૂ.શ્રી પોતે પણ પંઢરીનાથ જ હતાને !

એક પ્રભાતિયામાં પૂ.શ્રી કહે છે કે :-

**વેણુ વાગે અલિ ! હૃદયકુંજે હરિ-**
**રાસ રમતા કરી વિવિધ લીલા**

**બોંતેર સહસ્ર સાહેલી ટોળે કરી**
**પ્રેમરસ પાઈને પીતા ઘેલા.**

હૃદયમાં વિરાજતા ભગવાન કૃષ્ણના રાસની વાત છે. બોંતેર હજાર વૃત્તિઓ એ ગોપી છે.

અંતમાં કહે છે :-

**સ્વાન્ત વૃંદાવને વૃત્તિ ગોપી મળી,**
**કાનુડો આત્મ-નટરાજ ખેલે;**

**પલકમાં ખલક અનંત પેદા કરે,**
**મત્ત આનંદમાં રંગ રેલે.**

અંતઃકરણ એ વૃંદાવન છે, વૃત્તિ એ ગોપી છે અને આત્મા એ કાનુડો છે. પૂ.શ્રી સાચા અર્થમાં શિક્ષિત હતા, તેથી આવા સૂક્ષ્મ અર્થ જ કરતાં.

આ ભજનમાં પણ 'મોહન'ને જોયો, મોહનનાં દર્શન કર્યા એનો આનંદ માતા આગળ છતો કરે છે. પૂ.શ્રી 'સોઽહં'ને વેણુનાદ કહે છે એટલે બંસી બજાઈ એનો આ અર્થ પણ કરી શકાય.

આત્માને કાનુડો કહ્યો છે, તો આત્મદર્શન એ જ 'દેખ લિયો મોહન'નો અર્થ થયો.

ડાકોરમાં ઊજવાયેલી ૬૧મી રંગજયંતી પ્રસંગે પૂ.શ્રીએ લખેલું અભંગ જોઈએ :-

**દેહ તે ડાકોર, આત્મા શ્રી રણછોડ,**
**ધર્મે મતિ સ્થિર ગોમતી એ...**

આપણે આપણા અંતરમાં રહેલા પરમાત્માને જ ઓળખવાના છે, પામવાના છે. પૂ.શ્રી એક ભજનમાં લખે છે :-

**દેહ અવધપુર આતમ રામા, એ હિ દ્વારિકા સ્યાના,**
**નવ દ્વાર પર દશમ બિરાજે, જહાં કિસનકા થાના. પ્યારે ભજ.**

'મોહન' શબ્દનો પ્રયોગ પણ સહેતુક છે. વ્યક્તિના જીવનમાંથી મોહ નીકળી જાય એટલે મોહનનો પ્રવેશ થાય. કહેવાય છે કે, ન-મન થઈને (મન વગરના થઈને) નમન કરો. મોહ-ન રહે ત્યારે મોહનનાં દર્શન કરો.

પૂ.શ્રી દર્શનનું વર્ણન કરતાં કહે છે કે, પરમાત્મા-આત્મા તો મસ્તીમાં મસ્ત છે. જોતજોતામાં સંતાઈ જાય છે. શ્રવણ, મનન અને નિદિધ્યાસન દ્વારા આત્મસાક્ષાત્કાર કરનારે પણ આત્મજ્ઞાનને દૃઢ કરવાનું હોય છે. સચ્ચિદાનંદમગ્નમ્‌ની સ્થિતિમાં ચોવીસે કલાક રહેવાનો અભ્યાસ કરવો પડે છે. પછી મોહન સંતાઈ નહિ જાય.

આત્મદર્શન થયું હોય તે સિદ્ધ પુરૂષને પછી બધાંમાં અને બધે પરમાત્માનાં જ દર્શન થતા હોય છે. 'પ્રભુકો જગમેં, જગકો પ્રભુમેં ઈકતાર નિહાર ફિરો મનવા' એવું પૂ.શ્રીએ ભજનમાં લખ્યું છે.

પૂ.શ્રી કહે છે કે, આ તન-શરીર -એ વૃંદાવન છે, હૃદય એ કુંજ છે અને ત્યાં ઊભો રહીને એ ત્રિભંગી કૃષ્ણ બંસી વગાડી રહ્યો છે. આત્મા એ મોહન છે, તો સોઽહંની વેણું વાંસળી વગાડી રહ્યો છે. પૂ.શ્રી ગાય છે :

**રંગ દીવાના ફિર ફિર ગાઈ, સોઽહં સોઽહં બેણુ બજાઈ,**
**વૃત્તિ ગોપિકા વ્રજ નચવાઈ... તપસી.**

દ્વૈતભાવ દૂર થાય, મોહનો નાશ થાય ત્યારે વાણી બંધ થઈ જાય અને પછી 'હું', 'તું' કે 'જગત' બધું જ અદૃશ્ય થઈ જાય અને કેવળ સચ્ચિદાનંદસ્વરૂપ આત્માનાં દર્શન

થાય. આંખ બે છે એટલે એ દ્વૈતભાવનું પ્રતીક છે. દ્વૈતપણારૂપી આંખ મીંચાઈ જતાં અદ્વૈતનું દર્શન થાય છે.

ભગવાન કૃષ્ણના સ્વરૂપનું વર્ણન કરતાં પૂ. બાપજી કહે છે કે પીળું પીતાંબર પહેર્યું છે, જરીનો પાયજામો છે, માથે મોરપીછ છે અને ધામ ઝગમગ ઝગમગ પ્રકાશી રહ્યું છે. પછી તરત જ 'રંગ-રૂપ વિનાનો એક પરમાત્મા-ગુંસાઈ, એવું કહી ફરી પાછું આત્મદર્શન થયું તેની વાત કરે છે.

પૂ. પ્રકાશાનંદજી મહારાજ કહે છે કે, "બ્રહ્મોપાસના કરવી સહેલી નથી કારણ કે જ્યાં સુધી ગૃહ, ધન, પશુ, કુટુંબ, સ્ત્રી, પુત્રાદિમાં પરમ આસક્તિ હોય ત્યાં સુધી સગુણ બ્રહ્મની ઉપાસના પણ શક્ય નથી. આલોક તથા પરલોકના ભોગને કાકવિષ્ટા સમાન જાણે છે તેવા તીવ્ર વૈરાગ્યવાળા માટે જ નિર્ગુણ બ્રહ્મોપાસના કહી છે.

નડિયાદમાં મુ.શાંતિભાઈ ઠાકરને ત્યાં પૂ. પ્રકાશાનંદજીનો મુકામ હતો. ત્યાં પૂ. બાપજી ગયા ત્યારે પ્રકાશાનંદજીએ પૂછ્યું : છાસ લેશો ? પૂ.શ્રીએ છાસ લીધી. એમના ગયા પછી પૂ. પ્રકાશાનંદજી બોલ્યા કે, આમનો આવો વૈરાગ્ય (તીવ્ર વૈરાગ હતો) કાયમ ટકે તો એમની માતાને ધન્ય છે.

□ □ □

## ૬૫. બોલ રહી કોકિલ કાનનમેં !

**(રાગઃતિલક કામોદ; તાલઃકહેરવા)**

**બોલ રહી કોકિલ કાનનમેં!**
**ક્યા જાને વો ક્યોં અસ બોલે! સૂનત બિરહી તનરા જાલે!**
**નીંદ નહિ કભુકી નૈનનમેં! ...બોલ૦ ૧.**
**તૂ..હું..તૂ..હું શબ્દ સુનાવે, આપ પરાયો ભેદ મિટાવે;**
**ઝૂલ રહી આતમ-ઝૂલનમેં! ...બોલ૦ ૨.**
**ચારોં પર પંચમ સૂર છેરા, બુઝે કોઈ બિરલા ચેરા;**
**ભૂલત ક્યોં કાગન બાતનમેં? ...બોલ૦ ૩.**
**બીતા બસંતા બરખા આઇ, ઠૌર ઠૌર [૪]મેંડક દિખ પાઇ;**
**રંગ મૌજ માને મૌનનમેં! ...બોલ૦ ૪.**

---

૧. ભગવાન, પરમાત્મા, વામન, ઠીંગણો. ૨. મીંચાઇ. ૩. વેણ, વાણી. ૪. દેડકાં.

□ □ □

# વિવરણ

પૂ.શ્રીના ભજનમાં કોયલ, કોકિલ, કોયલડીનો શબ્દપ્રયોગ થયો છે, પરંતુ એની પાછળ વાત તો યોગની જ ચાલતી હોય. 'તુંહું તુંહું કોયલડી પોકાર' ભજનમાં પૂ.શ્રી છેલ્લે સ્પષ્ટતા કરતા કહે છે કે, ''શ્વાસા કોયલનો ગેબી તે ટહુકો, સૂણતાં ન રંગ ઝલાય.'' આમ, શ્વોસોશ્વાસને કોયલનું રૂપક આપ્યું છે.

આ ભજનમાં પૂ.શ્રી કોને કોયલ કહે છે ? ચાલો ભજન જોઈએ.

પૂ. બાપજી કહે છે કે, જંગલમાં-કાનનમાં -કોયલ-કોકિલ બોલે છે. ટહુકો એ કોયલના પ્રફુલ્લ ચિત્તની નિશાની છે. આપણે પણ ખૂબ ખુશમાં હોઈએ ત્યારે હાથમાંની ચાવીની રીંગ ફેરવતાં ફેરવતાં અને સિસોટી વગાડતાં વગાડતાં દાદર ચઢતા હોઈએ છીએન ? કોયલનો આ ટહુકો ભક્ત સાંભળે, કવિ સાંભળે અને વિરહી પ્રેમી સાંભળે. બધાનો ભાવાનુભવ જુદો હોય છે. સાંભળનારનું મન કેવું છે એના પર ટહુકો કેવો લાગશે એનો આધાર છે.

કોયલ આમ ટહુકો કેમ કરે છે એની એને શું ખબર ? ખરેખર તો કોયલ ટહુકો કરતી નથી, એનાથી ટહુકો થઈ જાય છે. એક કવિ કહે છે કે :-

ખળ ખળ વહેતાં ઝરણાને જઈ પૂછ્યું : ઝરણા ! કેમ વહે રે, હસતું ગાતું ચાલ્યું ઝરણું, 'મને ખબર ના' એમ કહે.

ટહુકો કરવો કોયલનો સહજ ધર્મ છે. આને માટે કોઈ પ્રયત્ન કરવો પડતો નથી, પરંતુ કોયલનો આ ટહુકો વિરહી માટે મુશ્કેલી ઊભી કરે છે. કોયલનો ટહુકો વિરહીને પ્રિયતમની યાદ તીવ્ર કરાવે છે. 'દાઝ્યા ઉપર ડામ'ની જેમ વિરહમાં ઝૂરતી પ્રિયતમાને આ ટહુકો વધારે દુઃખી કરે છે. એક તો પ્રિયતમનો વિરહ, વિરહની યાદ અને તેમાં રાત્રે ઊંઘ ન આવે. પ્રભુની પ્રિયતમારૂપ ભક્ત હોય કે સંસારના પ્રિયતમની પ્રિયતમા હોય, પણ એ બંનેની સ્થિતિ ખૂબ કપરી હોય છે. પૂ.શ્રી લખે છે કે :-

**રડી રડી આંખડી સૂજી થતી રાતડી,**
**રાતડી જુગ સમી લાગે કારી,**

**નિંદ આવે નહિ, જાગ ભાવે નહિ,**
**ઊઠ બેસે તૂટી ટંગ મારી.**

પૂ.પાગલ મહારાજ વાઙમયી પૂજામાં લખે છે કે :

**સંતપ્ત આ હૃદય-ભૂમિ વિયોગ-તાપે,**
**સંયોગ-વારિ-વરષાતણી ચાહ રાખે ।**

**હે મેઘ-માધવ ! અજી ! દિલ-તાપ કાપો,**
**વર્ષી હવે હૃદયને સુખ શાંતિ આપો.**

ચકોરના નયનને ચંદ્રનાં દર્શનની અને ચાતકના પ્રાણને મેઘના સ્વાતિ બિંદુની પ્યાસ હોય છે, તેમ ભક્તના નેત્ર ચકોરને ભગવાનના રૂપ-ચંદ્ર દર્શનની અને પ્રાણ ચાતકને કરુણા-પય-પાનની પ્યાસ હોય છે.

વિરહીની વેદના વિરહી જ સમજી શકે, પરંતુ સાચા પ્રેમી પ્રિયતમ માટે પ્રાણ આપી દેતાં પણ ખચકાતાં નથી.

વિરહમાં થતા ઉજાગરા પણ ઘણીવાર મીઠા લાગે છે. પ્રિયતમનું સ્મરણ થાય છે. પ્રિયતમની છબી આંખ સમક્ષ છતી થાય છે.

તું-હું તું-હું એ શિવ અને જીવને ઉદ્દેશીને વપરાયેલો શબ્દ છે. આ શબ્દો સાંભળીને ચિંતન કરીને હું તું જ છું અને આપણે બંને એક જ છીએ એવી સમજ કેળવવાની છે. 'તુંહું તુંહું કોયલડી પોકાર' ભજનમાં પણ સૂણતાં ન રંગ ઝલાય એ સ્થિતિએ પહોંચવાનું છે.

પૂ.શ્રી રેવાગીતમ્‌માં લખે છે કે : ''ત્વમહમહંત્વં ત્વમહમહંત્વં ત્વમહમહંત્વં ત્વમહમિતિ'' આ હું અને તું નો ભેદ દૂર કરી અભિન્નપણું પ્રગટ કરવાનું છે. 'જલશીકરવદભિન્નમિતિ' એવું પૂ.શ્રી છેલ્લે કહે છે.

મુ. જમિયતકાકા અવધૂતી મસ્તી ભાગ-૧માં કહે છે કે, જેમ કોયલ કાળી છે, તેમ આ માયા પણ કાળી છે. અંધકાર અને અજ્ઞાનનો રંગ કાળો છે. શિવ અને જીવ બંને એક જ હોવા છતાં અવિદ્યાને વશ જીવ પોતાને પામર, અલ્પજ્ઞ, અલ્પશક્તિમાન સમજે છે, પરંતુ હકીકતમાં તો જીવ પણ બ્રહ્મ જ છે. પૂ. ડોંગરે મહારાજ જીવને ફોતરાંવાળો ચોખો કહે છે. બ્રહ્મ એ છોતરાં વિનાનો ચોખો છે, જ્યારે જીવ એ ફોતરાંથી ઢંકાયેલો ચોખો છે, જેને આપણે ડાંગર કહીએ છીએ.

કોયલ આંબાની ડાળને આધારે ઝૂલે છે, તેમ માયા પણ આત્માને આધારે-બ્રહ્મના આધારે જ ઝૂલે છે.

## ચારો પર પંચમ સૂર છેરા, બૂઝે કોઈ બિરલા ચેરા

શબ્દ એ આકાશનો ગુણ છે. હવાનાં આંદોલનમાં જ અવાજના આંદોલનો રહેલાં હોય છે. આકાશનો આ ગુણ - આ શબ્દ કોઈ વિરલો યોગીપુરુષ જ સાંભળી શકે છે. પરા, પશ્યંતિ, મધ્યમા અને વૈખરી એ વાણીના ચાર પ્રકાર છે એનાથી પણ પર જે પાંચમો સૂર છે-જે આકાશનો શબ્દ ગુણ છે તેને સાંભળવાનું કામ કોઈ સિદ્ધયોગી જ કરી શકે. આપણે તો વૈખરી વાણીથી જ ટેવાયા છીએ. એક ભજનમાં પૂ.શ્રી કહે છે કે, ''ચારથી

પાર નિહાળો મૂગે, મોહન એ રઢિયાળો.'' આ પંચમ સૂર કાનથી સંભળાય એવો નથી. પરાવાણીને પણ પેલે પાર એ નાદબ્રહ્મનો નિવાસ છે. સદ્‌ગુરુનો લાડકો ચેલો આ પંચમ સૂર સાંભળી શકે.

## ભૂલત ક્યોં કાગન બાતનમેં

આ પંચમ સૂર સાંભળવા માટે યોગ સિદ્ધ કરવો પડે અને આત્મદર્શન કરવું પડે. પુસ્તકિયું જ્ઞાન અહીં કામ આવતું નથી. ઉપલકિયું ભણતર તો 'ગર્વ વધારે, વિનય સંહારે' છે. પોથી પંડિતો વાતનાં વડાં કરે એટલું જ પણ એમને કોઈ અનુભવજ્ઞાન હોતું નથી..

**બાંચત નિશદિન પંડિત પોથી, દિલ ધોતીમેં બિગરો હૈ ।**
**માનલોભ છૂટા ના મનસે,કરત બોધ પરભારો હૈ ॥... કરની બિન.**

આવા પોથી પંડિતની વાતોને પૂ.શ્રી કાગન બાતનમેં કહે છે. કા-કા કરીને કાગડો વાતાવરણ ગજવી દે એટલું જ બાકી એના અવાજમાં મીઠાશ નહિ અને એની વૃત્તિ પણ સારી નહિ. એમ કહેવાય છે કે, ગીધ અને કાગડામાં ગીધ સારું કારણ કે એ મરેલા પ્રાણીને જ ખાય છે. જ્યારે કાગડો તો જીવતા પ્રાણીનું માંસ પણ ખાય. ગધેડાને પીઠે ચાદું થયું હોય તો કાગડો એના પર બેસીને ચાંચ મારતો હોય છે.

અનુભવ વિનાના વિદ્વાનો આંજી નાંખે એવાં પ્રવચનો કરતા હોય છે, પણ એનાથી કાંઈ જીવનું કલ્યાણ થતું નથી. કાગડાના કા-કા અવાજ જેવો આ નકામો શોર છે. આત્મદર્શનની ઈચ્છાવાળાએ તો યુવાનીમાં જ સાધના કરવી જોઈએ, કારણ કે સંપત્તિ સુખ, સંતતિ સુખ અને દંપતી સુખ યુવાનીમાં જ પ્રાપ્ત થઈ શકે એવું શાસ્ત્રો કહે છે તો પછી આત્મદર્શન માટે યુવાની સિવાય બીજી અવસ્થા ચાલે જ કેવી રીતે ? શ્રી ભર્તૃહરિ કહે છે કે :-

**યાવત્ સ્વસ્થમિદં શરીરમરુજં યાવચ્ચ દૂરે જરા**
**યાવચ્ચેન્દ્રિયશકિતરપ્રતિહતા, યાવત્ ક્ષયો નાયુષઃ ।**
**આત્મશ્રેયસિ તાવદેવ વિદુષા કાર્યઃ પ્રયત્નો મહાન્**
**પ્રોદીપ્તે ભવને ચ કૂપખનનં પ્રત્યુદ્યમઃ કીદશઃ ॥**

(વૈરાગ્ય શતકશ્લોકઃ૧૦૦)

જ્યાં સુધી આ શરીર સ્વસ્થ છે અને નીરોગી છે અને જ્યાં સુધી જરા (વૃદ્ધાવસ્થા) દૂર છે તથા જ્યાં સુધી ઈન્દ્રિયોની શક્તિ મરી નથી ગઈ તેમ જ જ્યાં સુધી આયુષ્યનો ક્ષય થયો નથી ત્યાં સુધીમાં જ વિવેકી બુદ્ધિમાન પુરુષે આત્માના કલ્યાણ વિષે મહાન પ્રયત્ન-પુરુષાર્થ કરી લેવો જોઈએ કેમ કે ઘર બરાબર ભડકે બળતું હોય ત્યારે કૂવો ખોદવાનો ઉદ્યમ કેવો ?

બીતા બસંતા એટલે જુવાની જતી રહી અને બરખા-વર્ષાઋતુ-આઈ એટલે ઘડપણ આવ્યું. વર્ષાઋતુમાં જઠરાગ્નિ મંદ પડે. ખાધેલું પચે નહિ. તાવ અને બીજા રોગો હેરાન કરે. વર્ષાઋતુમાં ઠેર ઠેર દેડકાનો ડ્રાઉં ડ્રાઉં અવાજ હેરાન કરે.

દેડકાને કારણે સાપનો ભય પણ વધે.આમ, વર્ષાઋતુ અનેક પ્રશ્નો ઊભા કરે. 'ઘડપણમાં ગોવિંદ ભજશું' એ જાતને અને જનતાને છેતરવા માટેની વાત છે. ડાહ્યા માણસે યુવાનીમાં જ ભગવાન પ્રાપ્તિ માટેની સાધના કરી લેવી જઈએ.

**અનિત્યાનિ શરીરાણિ વિભવો નૈવ શાશ્વતઃ ।**
**નિત્યં સન્નિહતો મૃત્યુ કર્તવ્યો ધર્મસંગ્રહઃ ॥**

**(સ્મૃતિ)**

શરીર અનિત્ય છે, વૈભવ કાયમનો નથી અને મૃત્યુ હંમેશા નજીક જ ઊભું હોય છે. માટે જેમ બને તેમ જલદી ધર્મનું આચરણ કરી લેવું જોઈએ. કહ્યું છે કે :

**પલક પાવકી ખબર નહિ કરે કાલકી બાત ।**
**જીવ ઉપર જમડા ફિરે, જયું તેતર પર બાજ ॥**

**બહુત ગઈ થોડી રહી, પ્રાણિયા અબ ચેત ।**
**કાલ-ચીરિયાં ચુગ રહી, નિશદિન આયુ ખેત ॥**

**ઈક દિન ઐસો હોયગો, કોઈ કિસીકા નાહિ ।**
**ઘરકી નારી કૌન કહે, તનકી નાડી નાહિ ॥**

પોથી પંડિતોના કા-કાના શોરને અને વિષયોપભોગમાં રચ્યાપચ્યા રહેતા મૂર્ખ સંસારીરૂપી દેડકાના ડ્રાઉ ડ્રાઉંના અવાજને છોડી પંચમ સૂરને સાંભળવો જોઈએ. મુનિજનો મૌનમાં મોજ માણે છે.

આ ભજનમાં પૂ.શ્રી યૌવન કાળમાં પરમાત્માનો અનુભવ કરી લેવાની શીખ આપે છે. પૂ.શ્રી સત્તાવીશ વર્ષે નારેશ્વરમાં બેઠા હતા. સાધના તો એ પહેલાં શરૂ કરી દીધી હતી. આપણે આપણું વિચારીએ અને થાય તેટલું કરીએ.

□ □ □

## ૬૬. હમસે મત મીલો!

(રાગઃતિલક કામોદ; તાલઃકહેરવા)

હમસે મત મીલો, મત મીલો!
 રાહ હમારા ન્યારા, બચ્ચે! ખાના કચ્ચા પરા!! .ટેક.
ગગનમંડલ પર હમારી મઢિયા, નહીં પાયા નહીં છપરા;
 ધૂની ખુદીકી જલે અખંડા, નહીં લકરી નહીં ચૂલા. .હમ૦ ૧.
સોલા સહસ્ર રાનિયાં નંગી, બીચ નટ નંગડ કાલા,
 હરદમ હોત તડીંગ ધીંધીંધીન્, નહીં બીસ્તર નહીં કપરા. .હમ૦ ૨.
નહીં નીંદર નહીં સુપના જાગર, જાગ જાગ અખંડા;
 સ્ત્રીપૂત ખાના ખાકે સોલે, મત કલકા બન બંદા. .હમ૦ ૩.
[૧]જુગલરકી જો બાલી ભોલી, તાસે સુરત લગાના;
 અધરામૃત પીકે મૃત હોકર, **રંગ** અજર હો જાના. .હમ૦ ૪.

□ □ □

## વિવરણ

પૂ.શ્રીએ તા.૧૯મી મે,૧૯૨૮ના રોજ અંબાલાલ ભાઈને લખેલા પત્રમાં જણાવ્યું હતું કે, પણ મારી તો

**લોકલાજ સબ છોડ પરાઈ,**
**તારમંજીરા ખૂબ બજાઈ,**
**નંગી હોકર જગ ફિર આઈ !**

એવી સ્થિતિ છે. હું તો નિર્લજ્જ, નફ્ફટ થઈ બેઠો છું. જીવતો છતાં મરેલો છે. મેં તો ક્યારનું એ ગાઈ નાંખ્યું છે અને જાહેર પ્રજા કો'ક દિવસ તે વાંચશે પણ કે, હું તો બટકું રોટલા માટે ભગવાનને બારણે કૂતરો થઈ બેઠો છું ને એમ ભગવાનનું નામ ભસવામાં જ આ શરીરનો અંત થાય એથી બીજું કંઈ જ માગતો નથી.

તા. ૧૬-૬-૨૮ના રોજ અંબાલાલબાઈને લખેલા પત્રમાં જણાવ્યું હતું કે :-

હવે અહીંથી જરાયે ખસવાની ઈચ્છા નથી. નથી વિદ્વતાની ભૂખ, નથી ધનની ઈચ્છા કે નથી કીર્તિની લાલચ. એ બધાં માટીનાં રમકડાં જોડે રમી રમીને એટલો બધો કંટાળો

આવ્યો છે કે એવાં સોનાનાં મળે તોપણ હવે રમવાની ઇચ્છા નથી. જગતના લોકોને માત્ર હવે એક જ પ્રાર્થના કે :

**હમનસે મત મિલો લોગો, હમન ખફતી દીવાને હૈ,**
**ખુશીકા રાહ ત્યાગા હૈ, કઠિનમેં જા સમાને હૈ.**

પૂ.શ્રીની નારેશ્વરની યોગસાધના દરમિયાન એમની જે અવસ્થા હતી તે ઉન્મત્ત અવસ્થા હતી. પૂ.શ્રી ૪૮ કલાક સુધી સમાધિ અવસ્થામાં રહેતા. મીંઢોળના પ્રભાશંકરભાઈ જેવા સેવક પૂ.શ્રીની પૂરી સેવા કરતા હતા. પૂ.શ્રી સાથે રહેવાનું કપરું હતું.

પૂ.શ્રીએ પસંદ કરેલો માર્ગ ખૂબ કપરો, કઠણ અને મુશ્કેલીથી ભરેલો હતો. એક ભજનમાં પૂ.બાપજી લખે છે કે :-

**તોડી દીવાલો મહેલની બેઠા જઈ મેદાનમાં,**
**ઉપર કડાડે આભ તૂટું, તેથી તમારું શું ગયું ?**

આવી પરિસ્થિતિનું વર્ણન પૂ.શ્રી આ ભજનમાં કરે છે. પોતે પસંદ કરેલો માર્ગ-રસ્તો-રાહ ખૂબ કપરો છે, લોહના ચણા ચાવવા જેવો છે એમ સૂચવવા કહે છે કે ''ખાના કચ્ચા પારા.''કાચો પારો નહિ પચે તો આખા શરીરે ફૂટી નીકળે છે.

આ ભજનમાં નિર્દોષ આત્માનુભૂતિનું વર્ણન છે. એનો ઉલ્લેખ છેલ્લી બે પંક્તિમાં કર્યો છે. નિર્વિકલ્પ સમાધિથી બ્રહ્મતત્ત્વનો અપરોક્ષ અનુભવ થાય છે. આ અંગે પૂ. પ્રકાશાનંદજી મહારાજ ધર્માલાપ નામના પુસ્તકમાં લખે છે કે :-

**નિર્વિકારતયા વૃત્ત્યા બ્રહ્માકારતયા પુનઃ ।**
**વૃત્તિવિસ્મરણં સમ્યક્ સમાધિર્જ્ઞાનસંજ્ઞકઃ ॥**

નિર્વિકાર અને બ્રહ્માકાર વૃત્તિ વડે અનાત્મવૃત્તિનું વિસ્મરણ થવું તેને જ્ઞાન નામની ઉત્તમ સમાધિ કહી છે. વિષયના અનુસંધાન વિનાની વૃત્તિ થવાથી એ સત્ત્વપ્રધાનવૃત્તિ બ્રહ્માકાર થાય છે. આ બ્રહ્માકાર વૃત્તિ શુદ્ધ, સાત્ત્વિક હોવાથી આવરણ ભંગ કરવાને સમર્થ બને છે. જેમ તલવાર પહેલાં ધાર વિનાની બનાવવામાં આવે છે અને પછી તેને ઘસીને તિક્ષ્ણ ધારવાળી કરવામાં આવે છે તેમ અંતઃકરણની વૃત્તિ ઉપાસના દ્વારા શુદ્ધ તથા સાત્ત્વિક થઈને આવરણ ભંગ કરે છે.

નિર્વિકલ્પ સમાધિ પણ બે પ્રકારની છે : અદ્વૈત ભાવનારૂપ નિર્વિકલ્પ સમાધિમાં ધ્યાતા, ધ્યાન અને ધ્યેય ત્રિપુટીનો અભાવ છે, પણ વૃત્તિ બ્રહ્માકાર છે અને અદ્વૈત અવસ્થાનરૂપ નિર્વિકલ્પ સમાધિમાં ભાવનારૂપ વૃત્તિ સ્વરૂપમાં લય પામે છે. આ સમાધિમાં પરમાનંદ છે. મન આત્મામાં લીન થઈ જતું હોવાથી દેહમાત્રથી બાકી રહેલો સાધક મડદા જેવો-જાણે મરણ પામ્યો હોય તેમ જણાય છે.

મુમુક્ષુએ અંતઃકરણને વૃત્તિશૂન્ય કરવા કટિબદ્ધ થવું જોઈએ. જ્યાં સુધી અંતઃકરણની વૃત્તિઓનો અભાવ થતો નથી ત્યાં સુધી મૃત્યુનો ભય રહે છે. સમાધિના અભ્યાસ સિવાય જ્ઞાન થતું નથી. 'હું કૂટસ્થ છું', 'હું સાક્ષી છું' એવો નિશ્ચય કરવા માત્રથી જ્ઞાન થતું નથી. સમાધિ દ્વારા અંતઃકરણમાંથી મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારરૂપી ચાર રાજસ્ અને તામસ્ વૃત્તિ દૂર કરવાથી તેને તેના ઉપાદાનકારણમાં લીન કરવાથી મૃત્યુનો-જન્મમરણનો ભય ટળી જાય છે.

આવી નિર્વિકલ્પ સમાધિનો પરમાનંદ માણવાની સ્થિતિ પ્રાપ્ત કરનાર પૂ.શ્રી એનું વર્ણન કરે છે. 'હમસે મત મિલો' કહેવાનું કારણ યોગીના યોગ માર્ગ સામે જગતનો ભોગ માર્ગ છે. મિયાં મહાદેવનો મેળ ખાય એમ નથી. યોગીનો માર્ગ તદ્દન નિરાળો છે. એક ઈન્દ્રિયનું દમન કરે છે, સંસારી ઈન્દ્રિયની ભોગ ઈચ્છા સંતોષે છે. એક શ્રેયપંથી છે, બીજો પ્રેય પંથી છે તેથી મળવાની ના કહે છે.

ગગનમંડલ પર હમારી મઢિયા દ્વારા સહસ્રારમાં કુંડલિની સહિત પ્રાણનું રહેવું એનું વર્ણન છે. આ મઢિયા આગળ અહંકારની ધૂણી જલાવી પહોંચવાનું હોય છે. આ અહંકાર-ખૂદી જલાવવાની વાત પૂ.શ્રીએ અનેક ભજનોમાં કરી છે.

- **ખુદી પતિકા પ્રેત જલાકર, દુઈ સતી ભઈ નાર.હમારા અસ્થાન.**
- **અહં-ખાખ તન રાખ લગાવી, હાથ લીધો પંચતંત્ર હું ભિખારી.**
- **બાળી અહં ભભૂતી એ ચોળી તને જગમાં ભમે... ગુરુદેવ દત્ત.**
- **અહંકાર આડે ઊભો જ્યાં આખર પડશે માર... સૂતો શું.**
- **અહં-બ્રહ્મ મુખસે હી ફૂટે, અહંકાર ના છૂટા... મનકો બિન.**

પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે કે :

**મોક્ષ ન સ્વર્ગે ના કદી પાતાળે એ જાણ,**
**ભૂમંડલ આકાશમાં ના એ નિશ્ચય માન.**
**અહંકાર મારી રહે તચ્ચિત્તો એજાણ,**
**અહંકાર-ક્ષય મોક્ષ એ, ના બીજો તું માન.**

(અ.૧૫.દો.૧૬૫-૧૬૬)

પરંતુ ભેદભાવવૃત્તિ દૂર કરવી, અહંકાર દૂર કરવો એ બહુ અઘરું કામ છે. પૂ.શ્રી દત્તદશકમાં લખે છે કે :-

**મહા તપસ્વી યોગીઓ ભેદે ગોથાં ખાય,**
**નાનાત્મૈકયજ્ઞાનથી રંગ પાર થઈ જાય.**

આત્મારૂપી કૃષ્ણ સોળ હજાર શરીરની નસોથી ઢંકાયેલો છે, ઘેરાયલો છે. પૂ.શ્રી એક પ્રભાતિયામાં લખે છે :

**બોતેર સહસ્ર સાહેલી ટોળે કરી,**
**પ્રેમરસ પાઈને પીતા ઘેલા... વેણુ વાગે.**

'વૃત્તિ ગોપિકા વ્રજ નચવાઈ' એવું તપસી ! છોડ દિયા સંસાર ભજનમાં લખે છે. આ વૃત્તિઓ સાત્ત્વિક થઈ બ્રહ્માકાર થાય ત્યારે નિર્દોષ આત્માનુભૂતિ થાય.

જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ રહિતની આ અખંડ જાગની અવસ્થા સાધવા માટે દમ, શમ, તિતિક્ષા વગેરે કેળવવું પડે. ઈન્દ્રિય વિષયોપભોગના આનંદને તિલાંજલિ આપવી પડે છે સ્ત્રી-પુત્ર રૂપી આસક્તિ, મમતા વગેરેનો નાશ કરીને સાધના કરવાની છે.

નિર્વિકલ્પ સમાધિમાં આત્મદર્શનનો-પરમાનંદનો - અનુભવ વર્ણવતા પૂ.શ્રી કહે છે કે, આ નિર્દોષઆત્માનુભૂતિરૂપી ભોળી બાળા સાથે સુરતા લગાવવી. એ લક્ષ્યમાં ધ્યાનને પરોવી રાખવું. દેહનું મડદું થાય ત્યારે સહસ્રારમાં અમૃતનું પાન મળે. આ સ્થિતિએ પહોંચીને અજર-અમર થઈ જવાનું પૂ.શ્રી કહે છે.

આવી અનુભૂતિ કો'ક વિરલો જ કરી શકે.જીભને વશ કરવી પડે. વિષયરસમાંથી વૃત્તિને દૂર કરવી પડે. વર્ણન કરવું સહેલું છે, વર્તન કરવું અઘરું છે. આ સંદર્ભમાં એક દોહરો યાદ રાખીએ :-

**જીત્યો રસ તેણે નકી જીત્યું સઘળું એમ,**
**હોય સુજ્ઞ કે અજ્ઞ પણ, સ્વયં ઈશ એ તેમ.**
(અ.૫૨.દો.૯૪.)

□ □ □

## ૬૭. હમ કૃષ્ણ કૃષ્ણ કહ ગાયેંગે

**(રાગઃતિલક કામોદ; તાલઃકહેરવા)**

**હમ કૃષ્ણ કૃષ્ણ કહ ગાયેંગે, ખેલ અખેલા ખેલેંગે. .ટેક.**

**એક અનેક બના આપહિસે, ખેલત નંદદુલારા;**
**જૂઠે જગમેં જૂઠા ખેલા, જૈસા [૨]મકરીજાલા. .હમ૦ ૧.**

**આપ હિ કૃષ્ણા આપ હિ રાધા, આપ હિ રાસપસારા;**
**આપ હિ કૌરવ આપ હિ પાંડવ, આપ હિ જુધ બીસ્તારા. .હમ૦ ૨.**

**આપ હિ કાલયવનસે હારા, દ્વારામતી બસાયા;**
**આપ હિ જાદવકુલ સંહારા, બ્યાધ હાથ મરાયા. .હમ૦ ૩.**
**સબમેં સબસે આપ હિ ન્યારા, ખેલ ખેલારી અસંગા;**
**રંગ રંગ કે ભેરુ બનાકે, ખેલત આપ અભંગા. .હમ૦ ૪.**

---

૧. નિર્દોષ આત્માનુભૂતિ. ૨. કરોળિયાનું જાળું.

□ □ □

## વિવરણ

આદ્ય જગદ્ગુરુ શંકરાચાર્યના અદ્વૈતવાદના સિદ્ધાંતની સમજ આપતું આ ભજન છે. બ્રહ્મ સત્ય છે, જગત મિથ્યા છે. આ બ્રહ્મે એકમાંથી અનેક બનવાનો સંકલ્પ કર્યો, પરંતુ બ્રહ્મમાં આ સ્ફુરણ ન થવા છતાં થયું હતું. એમાંથી માયા-પ્રકૃતિ જન્મી. આ પ્રકૃતિનો આશ્રય કરીને બ્રહ્મની સત્તાથી જગત સર્જાયું. પૂ.શ્રી લખે છે કે :-

**અહં સ્ફુરણ બ્રહ્મે થયું, ના થઈને જેહ,**
**તે જ પ્રકૃતિ જાણ તું, અભિન્ન નિઃસંદેહ.**

શક્તિ અને શક્તિમાન એ ગોળ અને ગળપણના જેમ અભિન્ન છે. બ્રહ્મથી માયા અભિન્ન છે. બ્રહ્મમાં 'એકોડહં બહુ સ્યામ્' એવી સ્ફુરણા થઈ. છાંદોગ્ય ઉપનિષદમાં કહ્યું છે : સેયં દેવતૈક્ષત । એકમેવાદ્વિતીયમ્ । પૂર્વોક્ત દેવતાએ ઈક્ષણ કર્યું. એ એક અને અદ્વિતીય હતું. તૈત્તરિય ઉપનિષદમાં કહ્યું છે કે, તત્સૃષ્ટ્વા તદેવાનુપ્રાવિશત્ । એનું સર્જન કરી એમાં એણે પ્રવેશ કર્યો.

"એક અનેક બના આપ હિ સે" ને સમજાવવા પૂ.શ્રી કરોળિયાના જાળાનું દૃષ્ટાંત આપે છે. કરોળિયો જાળું બનાવે છે એમાં ઉપાદાન કારણ અને નિમિત્ત કારણ બંને કરોળિયો જ છે. જેમ કરોળિયો પોતાની નાભિમાંથી લાળ કાઢીને જાળું રચે છે એ જ રીતે પરબ્રહ્મે પોતામાંથી જ જગતનું સર્જન કરી એમાં પ્રવેશ કર્યો. જગત એ આભાસ માત્ર છે, મિથ્યા છે. જગત ખોટું છે, તો જગતમાં ચાલતા ખેલો-વ્યવહારો પણ ખોટા છે. કૃષ્ણ-નંદદુલારા-બ્રહ્મ એ જ એકમાત્ર સત્ય છે.

એક અનેક બના આપ હિ સે "નો ખ્યાલ પૂ.શ્રી દત્ત પ્રણતિમાં આ રીતે જણાવે છે :

**એકોડહં સ્યામ્ બહ્વિતિ ભૂતોડનેકો યો**
**ભક્તાધિનો ભાવનરૂપો ગુરુરાદ્યઃ ।**

આ જગતમાં જણાતી બધી જડ-ચેતન વસ્તુમાં બ્રહ્મ જ છે, એ બ્રહ્મથી જ વ્યાપ્ત છે. ઈશાવાસ્ય ઉપનિષદ પણ એ જ કહે છે. શ્રુતિ કહે છે કે,

ત્વમેકોડસિ બહૂનનુપ્રવિષ્ટાઃ । તું એક છે અને અનેકમાં પ્રવેશેલો છે. આ બધું વાસુદેવમય જ છે એવું ગીતા પણ કહે છે. (અ.૭ શ્લોકઃ૧૯)

આ સંદર્ભમાં કૃષ્ણ પણ આપ જ છો, રાધા પણ આપ જ છો, આપે જ આપની સાથે રાસ પસાર્યો છે. આપ જ કૌરવ છો, આપ જ પાંડવ છો અને આપ જ યુદ્ધનો વિસ્તાર કરનાર છો. આપે જ કાલયવનથી હારીને દ્વારિકાની રચના કરી. આપે જ જાદવકુળનો નાશ કર્યો અને આપ જ શિકારીના હાથે મૃત્યુ પામ્યા. કાલયવન પણ આપ જ, જાદવકુળમાં જન્મેલા બધા પણ આપનું જ સ્વરૂપ છે. ટૂંકમાં આપે જ આપની સાથે જ આ નહિ રમેલી-નહિ ખેલેલો આ ખેલ ખેલ્યો છે.

આપ જગતના હરેક સર્જનમાં હોવા છતાં આપ એ બધાથી જુદા છો. તમે ખેલાડી છો અને તમે જ ખેલ છો. તમે અસંગ ભાવે આ જગતનો ખેલ ખેલી રહ્યા છો. જાતજાતના મિત્રો બનાવી આપ અભંગ રહીને ખેલ ઓ છો. બધામાં હોવા છતાં આપ કોઈમાં નથી. આપ અસંગ રહીને, અભંગ રહીને ખેલ ખેલો છો એ આપની વિશેષતા છે.

**છાંદોગ્ય ઉપનિષદમાં કહ્યું છે કે :-**

**સદેવ સોમ્યેદમગ્ર આસીદેકમેવાદ્વિતીયમ્ ।**

હે સૌમ્ય ! સૃષ્ટિની ઉત્પત્તિ પહેલાં આ દશ્યજાત જગતનો અધિષ્ઠાન એક અને અદ્વિતીય એવું સત્ જ હતું.

આ વાતને પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં વર્ણવતા લખે છે કે :-

**અદ્વિતીય સત્ એક એ, થયું સ્વયં અનેક,**
**નિત્ય સિદ્ધ સંકલ્પથી, થયું વિણ થયે છેક.**

(અ.૧૬.દો.૨૩.)

સંત તુલસીદાસ કહે છે : સીયારામમય સબ જગ જાની । કરહૂં પ્રનામ જોરી જુગ પાની ॥

આ બધું બ્રહ્મમય જ છે - સર્વં ખલ્વિદં બ્રહ્મ । એ ન્યાયે કૃષ્ણ, રાધા, ગોપી, પાંડવ, કૌરવ, કાલયવન બધું જ બ્રહ્મ છે. ‘બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ સાથે’ જેવું છે.

## ૬૮. હમારા ભેખ ભિખારીકા

(રાગઃતિલક કામોદ; તાલઃકહેરવા)

હમારા ભેખ ભિખારીકા, અલખઘર ટૂકડે માગનકા. .ટેક.

તરુતલ બાસા નિત ઉપવાસા, ખાના આપ અપનકા;
ન્હાના તરવેણી સંગમમેં, પીના જલ અદ્ધરકા. .હમારા૦ ૧.

ગાના ૧ચક સાહબ ગુનગાનકા, ચઢના ઘાટ અગમકા;
ત્યજના ત્યાગ-ભોગ-સુમિરનકા, સોના સુન મરઘટકા. .હમારા૦ ૨.

આટા બીન ચક્કીકા પીસા, ફકના સૂકા સલૂના;
ગુરુશબદકા પાન ચબાના, અંતરરંગ રંગાના. .હમારા૦ ૩.

ફટી ગુદડિયાં કાલી કમલિયાં, ભેખ અસલ જુગજૂના;
જય જગદીશ અરસપરસમેં, દેખ **રંગ** ભૂલ જાના. .હમારા૦ ૪.

□ □ □

## વિવરણ

ગુરુના ઘરે કે અલખના ઘરે સાધકને માગવામાં ઓર મઝા આવે છે અને ત્યાંથી એને જે મળે છે તેનાથી એને લક્ષ્ય સિદ્ધિ પ્રાપ્ત થાય છે. પૂ.શ્રીના આ અંગેના ભજનની થોડી કડી જોઈએ :-

- **હું તો માગણ ગુરુ ઘર દાસી રે,**
  **એક સેવાતણી ઉપવાસી રે.**
  **એંઠો ટુકડો તે ગુરુ તમ આપો રે,**
  **મારી જન્મોજનમની ભૂખ કાપો રે...**
- **હું ભિખારી ભિખારી, ગુરુઘરની દાસી,**
  **ચોરાસી ઘર ભિક્ષા માગી, તોયે રહી ઉપવાસી.**
  **જ્ઞાનોચ્છિષ્ટે ભરી પેટડી, શૂન્ય સુધા જલપાન,**
  **ભઈ મત્ત મૈં રંગ દીવાની, ક્યા પરવા જગ આન.**

આ ભજનમાં અલખના ઘરે-પરમાત્માના દરવાજે - ટુકડો માગવા ભિખારીનો ભેખ ધર્યો છે. જેને જગતનું ઐશ્વર્ય, શ્રીમંતાઈ કે ભોગ-વૈભવ આકર્ષી શક્યા નથી અને જેણે એ બધાને લાત મારી જંગલનો રસ્તો પકડ્યો છે, તે વૈરાગ્યનો બેતાજ બાદશાહ અલખના

ઘરે શાની ભીખ માગતો હશે ? શાનો ટુકડો માગતો હશે ? પૂ.શ્રીના એક ભજનમાં એમણે મા પાર્વતી પાસે પણ ભિક્ષા માગી છે.

ભિક્ષા ૐ દે મા પારવતી । જેથી આત્મામાં થાય રતિ.

એ ભજનમાં છેલ્લે પૂ. બાપજી લખે છે કે, તારલિયા અંતરમાં વિલસે, ચાંદો અનિમેષ તિમિર ગ્રસે, બસ એક જ રંગ સુદિવ્ય દીસે ભાસે સઘળે કૈલાસપતિ.

બધે જડચેતનમાં-પરમાત્માના દર્શન થાય એવી ભાવનાથી ૐની ભિક્ષા માગી છે.

આ ભજનમાં છેલ્લે પૂ.બાપજી એવો જ ભાવ વ્યક્ત કરે છે અને કહે છે કે, અરસપરસમાં જય જગદીશનાં દર્શન કરીને રાગ-દ્વેષથી મુક્ત થઈએ.

આ સ્થિતિએ પહોંચવા માટે સાધના કરવી પડે. મૂલાધાર ચક્રથી આજ્ઞાચક્રમાં થઈને સહસ્રારમાં પ્રાણ લઈ જઈ ત્યાં ઝરતું અમૃત-અધ્ધર જલ-પીવાનું હોય છે. ઈડા, પિંગલા અને સુષુમ્ણા નાડીનો ત્રિકૂટીમાં સંગમ એ એ ત્રિવેણી સંગમ છે. ખાના આપ અપનકા દ્વારા ઈન્દ્રિયોની વિષયોમાં ઉપરામવૃત્તિ કરાવી દેવી-ઈન્દ્રિયોનું દમન કરવું - એવો ભાવ છે.

પરમાત્માના દર્શનની ભીખ માગનારે કઠોર સાધના કરવી પડે. ભગવાનનું કેવળ નામસ્મરણ કરતાં કરતાં આજ્ઞાચક્રની ઉપરનો ગુરુગમ માર્ગ-અગમનો ઘાટ ચઢવાનો હોય છે. પૂ. બાપજી એક ભજનમાં લખે છે :-

**સૂરત નૂરતકી ગોલી ચલાઈ,**
**બંકનાલ ગઢ અગમ જીતાઈ,**
**અલખ નિરંજન તંબુ તનાઈ ! તપસી.**

**એક ગરબીમાં પૂ.શ્રી લખે છે કે :-**

**સખી સોમે તે મહાસૂન જઈએ રે,કેડ બાંધી અગમગઢ ચઢીએ રે,**
**નાથ દત્ત દિગંબરને વરીએ રે... દુખિયારી નાર.**

નાથ દત દિગંબને વરવા માટે-પરમાત્માના દર્શન માટે-આજ્ઞાચક્રથી ઉપરનો માર્ગ-વિહંગમ વાટ-અગમગઢ ચઢવો પડે. આને અવઘટ ઘાટ પણ પૂ.શ્રી કહે છે. ચિત્તનો-મનનો વિલય થઈ જાય ત્યારે દર્શન થાય છે. નિર્વિકલ્પ સમાધિમાં પછી બધી વૃત્તિઓનું વિસ્મરણ થઈ જાય છે. આવું વૃત્તિઓનું વિસ્મરણ જ આવરણભંગ કરવા સમર્થ બને.

આપણે કોઈને બંધનમાં રાખવો હોય, તો થાંભલા પાસે ઊભો રાખી ઘડિયાળના કાંટા ફરે એમ દોરડું વીંટાળીએ છીએ. હવે એને બંધનમુકત કરવો હોય તો બંધન માટે દોરડું જે રીતે વીંટાળેલું એનાથી વિરૂદ્ધ દિશામાં દોરડું ઉકેલવાનું હોય છે. આ ક્રિયા ઘંટી ફેરવવા

જેવી છે. સાધકે જન્મ મરણના બંધનમાંથી છૂટવા જે-કઠોર સાધના કરવી પડે તે જ ‘‘આટા બિન ચક્કી કા પીસા ફકના સૂકા સલૂના’’ છે. ગુરુએ આપેલા મંત્રનું સતત સ્મરણ એ જ ગુરુ શબદકા પાન ચબાના છે. અને એવા નામસ્મરણથી અંતરને પરમાત્માના રંગે રંગી દેવાનું છે.

અનેક જન્મોથી શરીર ધારણ કરી કરીને આવતા જીવની ગોદડી ફાટેલી છે. કબીર આ શરીરમાં રહેલા જીવને ચદરિયાં કહે છે. પૂ. દત્તબાવનીમાં એને જ ‘બહુકૃતવેષ’ કહે છે.

થાકે વર્ણવતાં જ્યાં શેષ, કોણ રાંક હું ભેખ એસલ જુગ જૂના દ્વારા યુગ-યુગાંતરથી અનેક જન્મો ધરીને આવતાં જીવનું જ સૂચન છે.

હવે આ જન્મ છેલ્લો જન્મ બની રહે, મોક્ષ પામી જન્મ મરણની પરંપરા તૂટી જાય, તેનો અંત આવે એવી ભાવના પૂ. શ્રી વ્યકત કરે છે.

□ □ □

## ૬૯. છોડ દિયા માઈ સંસારા !

**(રાગઃતિલક કામોદ; તાલઃકહેરવા)**

**છોડ દિયા માઈ સંસારા! ...ટેક.**

**કાહે શોક કરે તૂ ખાલી? દેખ ભરા સબ જગ બનમાલી!**
**ઉસ કાલેકા સબ હિ પસારા! ...છોડ૦ ૧.**
**જહાં દેખો વહાં એક હિ સાંઇ, ઘટઘટ બોલે વો હિ ગુસાંઇ,**
**સબમેં સબસે હૈ વો નિરાલા! ...છોડ૦ ૨.**
**દધિ બેચન આઈ મહિયારી, ફૂટી ગગરિયા ફટ ગઈ સારી;**
**ભૂલી આપ તબ મિલા ગોવારા! ...છોડ૦ ૩.**
**હાથમેં લકરી કાંધે કમરિયા, બજે અનાહત પાંવ ઘુઘરિયાં;**
**સૂનત મનરા યહ મતવાલા! ...છોડ૦ ૪.**
**આપ ન જાને ઔર ન જાને, સુખદુઃખ દોનું કૌન પિછાને;**
**રંગ દૂઈકા ખેલ બિસારા!! ...છોડ૦ ૫.**

---

**૧. એક; કેવળ.**

□ □ □

# વિવરણ

પૂ.શ્રીનું આ ભજન ઊંડું ચિંતન માગી લે છે. પૂ.શ્રી લાગણીશીલ હતા, પણ એમનામાં લાગણીવેડા ન હતા એનો પુરાવો આપતું ભજન છે. પોતાની માતાની પરિસ્થિતિનો પૂરો ખ્યાલ અને છતાં પોતાના લક્ષ્ય પ્રત્યેની પૂરી સભાનતાની વચ્ચે સમતુલા જાળવવાની પૂ.શ્રીની માનસિક શક્તિનો પરિચય આપતું ભજન છે.

તા. ૨૪ એપ્રિલ,૧૯૨૨ના રોજ મુ.અંબાલાલભાઈને લખેલા પત્રમાં પૂ.શ્રી લખે છે :-

"મને હાલમાં ચેન પડતું નથી. હૃદયમાં કેટલીક વાર ઘણી વ્યાકુળતા થાય છે. બહારની દુનિયા સાથે મેં લગભગ વ્યવહાર બંધ જ કરી દીધો છે. આવી સ્થિતિમાં રજાઓમાં ગોધરે આવીને શું કરું ? ત્યાં મને આવો આનંદ નહિ મળે. મારી સ્થિતિ દયાજનક થઈ છે. દુનિયામાં મને રસ નથી પડતો."

આજ પત્રમાં પૂ.શ્રી લખે છે કે :

"મેં આ જન્મ અવિવાહિત રહેવાનું નક્કી કરી દીધું છે માટે શંકા નથી. ઈશ્વરની જ બીજી ઇચ્છા હોય તો જુદી વાત. બાકી મેં ચૈત્ર સુદ પાંચમે એ વિચાર નક્કી જ કરી દીધો છે. ઘરથી લગ્ન માટે કાગળ આવલો ત્યાં પણ લખી દીધું છે, એની અસર વૃદ્ધ માતા ઉપર શી થશે ? એનો વિચાર ઈશ્વરને જ સોંપ્યો છે."

આ પત્ર પૂ.શ્રીના મનપ્રદેશને ખુલ્લો કરે છે. પરમેશ્વર પ્રાપ્તિનું ધ્યેય સૌથી આગળ પૂ.માજીનો વિચાર અને પૂ.માજીની ચિંતા એ પણ મહત્ત્વની ફરજનો ભાગ. સુભાષિતકાર કહે છે કે :-

**ત્યજેદેકં કુલસ્યાર્થે ગ્રામસ્યાર્થે કુલં ત્યજેત્ ।**
**ગ્રામં જનપદસ્યાર્થે આત્માર્થે સમષ્ટિં ત્યજેત્ ॥**

બુદ્ધના ગ્રહત્યાગ વખતે યશોધરા અને નાના બાળકને છોડવાં પડ્યાં. પૂ.શ્રીએ ગોધરા છોડતી વખતે 'વૃદ્ધ' માતા અને નાના ભાઈને છોડવા પડ્યા. ઘરની આર્થિક પરિસ્થિતિ એવી સદ્ધર નહિ કે જેથી નચિંત બની શકાય, પરંતુ "નિશાનચૂક માફ, નહિ માફ નીચું નિશાન" એ ન્યાયે ઊંચા નિશાનને સિદ્ધ કરવા ઘર છોડ્યું.

આ ભજનમાં પૂ.શ્રી પરિસ્થિતિ અંગેની પોતાની મનઃસ્થિતિ ખુલ્લી કરે છે. હે મા ! મેં આ સંસાર છોડી દીધો છે. આમ તો આ સીધું સાદું કથન છે, પરંતુ પૂ.શ્રીનો આ નિર્ણય - પૂ. માજીના સ્વપ્નાને ઘમરોળી નાંખે છે. પૂ.શ્રી પાંચ વર્ષના હતા ત્યારે પૂ.માજીએ સૌભાગ્યપણું ગુમાવ્યું. પૂ.શ્રીએ ઘર છોડ્યું ત્યારે તેમની ઉંમર ૨૬-૨૭ વર્ષની

ગણીએ તો ૨૨ વર્ષ સુધી પૂ.માજી એકલે હાથે યુદ્ધ લડ્યા બાદ પૂ.માજીના મનમાં સોનાનો સૂરજ ઊગવાના સ્વપ્નનું વાવેતર થયું હશે, તે બધું પાયમાલ થઈ ગયું. પૂ.શ્રીને આ બધી ખબર છે જ. એનું એમને દુઃખ પણ હશે, પરંતુ ઊંચા ધ્યેય માટે ભોગ આપવો જ પડે.

પૂ.શ્રી તરત જ પૂ.માજીને કહે છે કે, મેં સંસાર છોડ્યો તેનો તું નકામો શોક કરે છે. ઊંચા ધ્યેય માટે મેં જે કર્યું તેનું તને ગૌરવ હોવું જઈએ, પરંતુ સંસારની માયામાં જીવતા માજી માટે આ સ્વીકારવું અઘરું છે. એટલે જ્ઞાનદૃષ્ટિ-સાચી સમજ આપતાં કહે છે : "આ સમગ્ર જગત વનમાળીથી વ્યાપ્ત છે, ભરેલું છે. એ કૃષ્ણ કનૈયાનો જ આ બધો પથારો છે-પસારો છે." હવે આપણને ખ્યાલ આવે છે કે પૂ.શ્રી એ ભગવાન કૃષ્ણનું જ વિતરાગ સ્વરૂપ હતું એટલે પોતે બધે જ છે એવી સમજ આપી હશે.

પરંતુ પૂ. માજી માટે આ વજ્રાઘાત હતો. એ ઘા એ સહન કરી શકે માટે આ ભજન દ્વારા સાચી દૃષ્ટિ આપવાનો પ્રયત્ન છે. અત્ર, તત્ર, સર્વત્ર બધે એ જ પરમાત્મા છે. બધાંમાં એ છે, છતાં એ બધાંથી અલિપ્ત છે, નિરાળો છે.

પછી પૂ.શ્રી  કહે છે કે જ્યાં સુધી વ્યક્તિ 'હું'પણું ભૂલતો નથી ત્યાં સુધી ભગવાન મળતો નથી. 'હું અને મારું' ભૂલ્યા વિના મોક્ષનો પંથ પકડાતો નથી. બધાંનો વિચાર કરવા બેસો, લાગણીવેડામાં ભરાવ તો પછી પરમેશ્વરની પ્રાપ્તિ શક્ય જ નથી. પાપીગણુનું-મારા પિતાશ્રીનું એક ભજન છે એમાં ગાય છે :-

**હોય ભલે કો પરમ સનેહી હોય સગાં મા-બાપ રે,**
**સુત-દારા-ભગિની કે ભાઈ, ભજને દે સંતાપ... તેને તજવા રે.**

**પ્રથમ પિતા પ્રહ્લાદે તજિયો, વિભિષણે તજિયો ભાઈ રે,**
**ભરતજીએ નિજ જનેતા ત્યાગી, એવું છે રામાયણમાંહી**
'હરિભજનની આડે જાય, તેને તજવાં રે' એ ધ્રુવ પંક્તિ છે.

મંદિરના કળશને પૂજનારાને ખબર નથી કે પાયામાં કેટલા પથ્થરોએ પોતે દટાઈ જવાનું સ્વીકાર્યું ત્યારે મંદિર ઉપર આ કળશ મૂકી શકાયો છે.

ગોપીઓ દહીં વેચવા ગઈ ત્યારે દહીંની ગગરી ફૂટી, સાડી ફાટી, પોતાનું વિસ્મરણ થયું ત્યારે ગોવાળિયો-ભગવાન કૃષ્ણ મળ્યા. મોઘી વસ્તુ શિરસાટે મેળવવાની હોય છે.

પૂ.શ્રી ભગવાન કૃષ્ણનું વર્ણન કરતાં કહે છે કે : હે મા ! હાથમાં લાકડી, કાંધે કામળી, પગમાં ઘૂઘરી પહેરીને એ ચાલે છે ત્યારે મારું આ મન ઘેલું ઘેલું થઈ જાય છે.

દ્વૈતભાવને-દૂઈને -દૂર  કર્યા પછી, ભેદભાવભરી દૃષ્ટિ દૂર થતાં પોતાને ભૂલી

જાય - બીજાને ભૂલી જાય - આપ અને પરાયાનો ભેદ જ નીકળી જાય. ભેદદષ્ટિમાં જ ખેદ છે. ભેદદષ્ટિનો નાશ થતાં સુખ દુઃખ પણ રહેતાં નથી. એક પ્રભાતિયામાં પૂ.શ્રી લખે છે : ''ભેદમાં ખેદ, અભેદ નિર્વાણ છે.''

આ ભજન દ્વારા એ સાચા અને સારા કામ માટે ભોગ આપવો જ પડે એ વાત પૂ.શ્રીએ કહી છે. પૂ.બાપજીના મિશન માટે આપણે કાંઈ કરવાનું વિચારીએ ત્યારે આ વાત યાદ રાખીએ.

□ □ □

## ૭૦. ભચી મતવાલી, પિયા કે દીદાર પાયે !

(રાગઃપિલુ; તાલઃકહેરવા)

**ભચી મતવાલી, પિયા કે દીદાર પાયે! ...ટેક.**

**અંગ ભભૂતિ કટિ લંગોટી, બને બડે અબધૂતા;**
**શિરપે સોહે જટાલટૂરી;**
**જ્ઞાનકે નશેમેં ભોલે બન અલમસ્ત ધાયે! ...ભઈ૦ ૧.**

**જંગલ છોડા બસ્તી છોડા, કિયા મસાણ નિવાસા;**
**ગૈયા કૂત્તે ખેલેં ચંગે;**
**માંગ લાન ટુકડે બાબા શૌકસે ખિલાયે! ...ભઈ૦ ૨.**

**ઝગમગ જ્યોતિ બહે નૈનસે, ફીકા સૂરજ ચંદા;**
**ઝોલી ઝંડા કછુ નહિ ફંદા,**
**નિરંજન નિર્ભે સાધો અલખ કહાયે! ...ભઈ૦ ૩.**

**ધરતીકા તો બના સિંહાસન, છત બાદલ તરુ ફૈલા;**
**મારુત મંદા ચમર ડુલાવે,**
**બૈઠે બાદશાહા રંગ અજબ દિખાવે! ...ભઈ૦ ૪.**

□ □ □

## વિવરણ

આ ભજનમાં પૂ.શ્રી પ્રિયતમ પરમાત્માનાં દર્શન કર્યાની અનુભવેલી મસ્તીનું વર્ણન કરે છે. જીવનનું અંતિમ ધ્યેય પ્રાપ્ત થાય એનો આનંદ અનુપમ હોય. વ્યક્તિ ગાંડી-ઘેલી-મતવાલી બની જાય. પૂ.શ્રીને થયેલું દર્શન કેવું છે ?

અંગે ભભૂતી-વિભૂતિ ચોળી છે, કેડ પર લંગોટી છે અને માથે લટૂરી જટા શોભે છે એવા અવધૂતનાં દર્શન છે - એવું સ્વરૂપ નિહાળ્યું છે. આવું જ વર્ણન પૂ.શ્રી એક ભજનમાં કરે છે અને કહે છે :-

માથે જટાનો તાજ વિરાજે, જોઈ સ્વયં લક્ષ્મી લાજે ! હો રાજ.

અંગે વિભૂતિ દેહ નશ્વરતા, દેહે વિદેહી ભાતા... હો રાજ. ભક્તનકે.

બીજા એક ભજનમાં લખે છે :-

**જટા સિર કાંધ પે ઝોલી, વિભૂતિ અંગ પે ચોળી,**
**પિછાડી સંતજન ટોળી, દિગંબર હો તો ઐસા હો...**

આવા ઈષ્ટદેવ જ્ઞાનના નશામાં ભોળા અને અલમસ્ત બનીને દોડી આવ્યા છે. દત્તપ્રભુ જ્ઞાનાવતાર છે. અજ્ઞાન હશે ત્યાં સુધી જ્ઞાનનો પ્રકાશ રેલાવવાનું એમનું કાર્ય ચાલુ જ રહેશે. એટલે જ દત્તપ્રભુની તિરોધાન લીલા-સ્વધામગમન લીલા - નથી.

દત્તપ્રભુનું નિવાસસ્થાન સ્મશાન છે. ગાય અને કૂતરાં સાથે રમે છે. ભિક્ષામાં માગી લાવેલા ટુકડાઓ શોખથી-આનંદથી-મસ્તીથી ખાય છે અને ખવરાવે છે. પરંતુ પૂ.શ્રી આ સ્થૂળ વર્ણનને આધ્યાત્મિકતાની ઊંચાઈની સૂક્ષ્મતાથી રજૂ કરતાં કહે છે :-

**લીલા તહારી કો લહે જ્યાં વેદ પણ મૂગા રહ્યા,**
**થઈ શ્વાન નિત પાસે ખડા આભા બની જોઈ રહ્યા.**

**યોગભૂમિ સ્મશાન એ ભક્તોતણું નિજ ચિત્ત હા,**
**કામ ક્રોધ મડાં બળે, બેઠો દિગંબર તું તિહાં.**

**અન્નપૂર્ણા ઝોળી એ શોભે ખભે વિશ્વંભરી,**
**પદ્મા કરે પદ્મે વસે, ગાયત્રી ગૌ પડખે ખડી.**

વેદો કૂતરા થઈ ઊભા છે. ગાયત્રી માતા ગૌમાતા સ્વરૂપે ખડી છે અને ભક્તોનું યોગવાળું ચિત્ત એ જ સ્મશાનભૂમિ છે. પૂ.શ્રીની એ વિશેષતા છે કે, એ સ્થૂળ સ્વરૂપનાં દર્શન પાછળ સૂક્ષ્મસ્વરૂપનું ચિંતન રજૂ કરે છે.

એમની આંખમાંથી નીકળતી જ્યોતિના પ્રકાશમાં સૂરજ-ચાંદો પણ ફિક્કા પડી જાય છે. ઝોલી-ઝંડા જેવા બાહ્યાચારનાં પ્રતીકો-ફંદા નહિ. નિર્ભય અને માયાના અંજન વિનાના-નિરંજન એવો સાધુ પુરુષ અલક્ષ-અલખ તરીકે ઓળખાય છે.

અવધૂતની આંખ એકદમ તેજસ્વી છે. મનરૂપી રાજાનો આંખ દીવાન છે. આંખનું

મહત્ત્વ ખૂબ છે. Love at first sight - પ્રથમ દર્શને પ્રેમમાં પણ કારણ તો આંખ જ બને છે, શરીરનું બીજું કોઈ અંગ નહિ.

અભિમાન, ગર્વ કે કોઈ પણ પ્રકારનો નશો આંખમાંથી જ નીતરતો હોય છે. અવધૂતનું વર્ણન કરતાં પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે કે :-

**આંખો ચમકે તેજથી, નિર્મલ, નિશ્ચલ, સ્થિર,**
**દેખી એ અવધૂતને, વંદે ભક્ત સુધીર.**
(અ.૯.દો.૧૦.)

પૂ.શ્રી આંખ માટે ત્રણ વિશેષણ વાપરે છે : નિર્મલ, નિશ્ચલ અને સ્થિર.

ચક્ષુમાં સૂર્યનો વાસ છે. વિરાટ પુરુષની આંખમાંથી જ સૂર્ય પ્રગટ્યા. ચક્ષોઃ સૂર્જો અજાયત ।

ત્યાગ-વૈરાગ્યના બેતાજ બાદશાહ સમા દત્તપ્રભુ અને એની ઉપાસના કરનાર વૈરાગી રંગપ્રભુ બંને અકિંચન છે.ધરતીના સિંહાસનપર વિરાજે છે. ઝાડ અને વાદળની છત છે. પવનરૂપી સેવક પંખો નાંખે છે. આવી બાદશાહી રંગ દર્શાવે છે.

જેને કશી તૃષ્ણા નથી એ જ સાચો ધનવાન છે. જે આશા રહિત છે તે જ પૃથ્વીપતિ છે. ત્યાગ અને વૈરાગ્યના શણગારથી સજ્જ ભક્ત અને ભગવાન બંને બાદશાહ બની બાદશાહીના રંગ દર્શાવે છે.

અક્ષરગીતામાં પૂ.શ્રી લખે છે કે :-

**આશાદાસો જગદ્દાસો નિરાશીઃ અવનિપતિઃ ।**
**તસ્માદ્ધયાશાં સમુચ્છિદ્ય સ્વાનંદે રમતે બુધઃ ॥**
**(શ્લોકઃ૨)**

અર્થાત્ જે આશાનો દાસ છે તે જગતનો દાસ છે. જે આશા રહિત (નિરાશીઃ = નિઃ+આશી) છે તે જગત(અવનિ)નો બાદશાહ (પતિ) છે અને તેથી જ એ આશાનો સમૂળ નાશ કરીને જ્ઞાની પુરુષ નિજાનંદમાં મસ્ત રહે છે.

**આશા મોટું દુઃખ છે, સુખ નિરાશામાંહ્ય,**
**આશા તજી પિંગલા ગઈ, જુઓ પ્રભુધામમાંહ્ય.**

□ □ □

# ૭૧. ચલો મોરી આલી ગુરુકી મઢૈયા !

(રાગઃખમાજ; તાલઃકહેરવા)

ચલો મોરી આલી ગુરુકી મઢૈયા!
તૃષ્ણાનીર બહે બીચ ગહરા, પલ્લે તીર પ્રકાશા;
ધગધગ ધૂની જલે અખંડા,
નિરંજન નાગા બૈઠે [1]પરો આલી પૈયા! ...ચલો૦ ૧.

શ્વાસાકી તો કર લે [2]સાંગડ, કાન કચ્છ સમ્હાલા,
નેત્ર ફેરકે તર લે તિરખૂટ,
નિશદિન બાજે નૌબત સૂન લે બધૈયા! ...ચલો૦ ૨.

યે મઢિયાકા આપ હિ કડિયા, આપ હિ ઈંટાં ચૂના,
આપ હિ દેવલ આપ હિ મૂરત;
પૂજે આપ આપે દેવા ગુરુ શિષ કહૈયા! ...ચલો૦ ૩.

મૈં મઢિયા ગુરુ રહનેવાલા, આપ હિ આપ નિહારા;
ખિલકત સારી મેરી કરામત,
ભેદ ખેદ ભૂલી ભઈ **રંગ** રમૈયા! ...ચલો૦ ૪.

---

૧. હે સખી પગે લાગો. ૨. તૂંબડાનો તરાપો.

▯ ▯ ▯

# વિવરણ

દ્વૈતના પરિણામરૂપ ભેદદૃષ્ટિ દૂર કરી, ભેદને કારણે જન્મતા ખેદને દૂર કરી, અદ્વૈત આતમ પામવા માટે સાધના કરવાની છે. અંતઃકરણમાં રહેલો આત્મા-સચ્ચિદાનંદ સ્વરૂપ પરમાત્મા-બહાર સદ્‌ગુરુરૂપે પ્રગટે છે. આ વાત પૂ.શ્રીએ ઘણીવાર કરી છે. જીવ બુદ્ધિરૂપી સખીને, આલીને ગુરુરૂપ આત્મતત્ત્વ પામવા સમજાવે છે.

**અંતર્યામી સચ્ચિત્સુખ, બહાર સદ્‌ગુરુ દ્વિભુજ સુમુખ (દત્તબાવની)**

હૃદય નિયામક અંતરે બાહિર સદ્‌ગુરુરૂપ,
પુનઃ પુનઃ પ્રણમું તુને બાધે આ ભવકૂપ...
(અ.૧.દો.૫૨.)

અન્તર્યામી યો બહિરાસ્તે ગુરુરૂપો... દત્તપ્રણતિ.

ગુરુ-શિષ્યના સંદર્ભમાં પૂ.શ્રી લખે છે કે :

**અવળી વાણીથી હંસ ઉચ્ચારે,**
**ગુરુ શિષ્યનો ભેદ એ બાળે રે... ગાઓ ગાઓ.**

આ ભજનનો ભાવ સમજવા 'ચલો સખીરી પિયા મિલનકો' ભજન મદદરૂપ બને એવું છે. જીવ સ્વરૂપ શિષ્ય આત્માસ્વરૂપ ગુરુને પામવાનો પ્રયત્ન કરે-સાધના કરે - તે સ્વાભાવિક છે. આને માટે જીવે તૃષ્ણાનું નીર તરવાનું છે, તૃષ્ણા રહિત થવાનું છે. તૃષ્ણાનું નીર તરીને, તૃષ્ણા રહિત થઈને, પેલે પાર બેઠેલા માયાના અંજન રહિત પરમ તત્ત્વને પામવાનું છે, પરમ તત્ત્વને જાણવાનું છે. 'અહં'ને દૂર કરવાનો છે, અહંકારની અખંડ ધૂણી જલાવવાની છે.

શ્વાસાનો તરાપો બનાવી એની મદદથી તરી જવાનું છે. શ્વાસોશ્વાસ દ્વારા થતો 'સોઽહં'નો અજપાજપ જાપ જપવો એ જ તરાપો છે.

આત્મવિચારમાં પૂ.શ્રી લખે છે કે :-

- **નિજસ્વરૂપ એ સોહંકાર, આનંદ અર્ણવ ડૂબકી માર.**
- **સોહં ઉપાસન કરવું પ્રેમ, જેથી પામે સઘળું ક્ષેમ.**

મનનસારમાં પૂ.શ્રી લખે છે :-

**કોહં કોહં કરતો જેહ, સોઽહં સોઽહં બોલે તેહ,**
**જીવ શિવ બે એક જ થાય, જન્મમરણની ભીતિ જાય.**

તૃષ્ણાનીર તરવામાં સોઽહંના અજપાજપરૂપી તરાપો લઈ કામનાનો કાછેટો વાળવો-કામનાનો નાશ કરવો. આજ્ઞાચક્રનો ઉપરનો માર્ગ તિરખૂટ-ત્રિકૂટ પાર કરવાનો છે. અંતર્મુખી થઈને-નેત્ર ફેરકે એટલે બહિર્મુખી વૃતિને અંતર્મુખી કરીને-અનાહદ નાદનું શ્રવણ કરી લેવું જોઈએ.

ગુરુ અને શિષ્ય - બ્રહ્મ અને જીવ એ બે એક જ છે. અવિદ્યાને કારણે જન્મેલું અજ્ઞાન દૂર થતાં જીવ પોતાના મૂળ સ્વરૂપનું જ્ઞાન મેળવે છે. **'જીવો બ્રહ્મૈવ નાપરઃ' 'જીવ બ્રહ્મ જ છે, એ જુદો નથી'** એ વિધાન પ્રમાણે જીવે પોતાનું મૂળ સ્વરૂપ પહેચાનવાનું છે. આ બ્રહ્મમાંથી જ બધું સર્જન થયું છે. ઉપાદાન કારણ અને નિમિત્ત કારણ એમ બંને કારણ બ્રહ્મ જ છે. બ્રહ્મમાંથી બ્રહ્મ દ્વારા જ આ સર્જન થાય છે.

સમાધિ દ્વારા જીવ પરબ્રહ્મનાં દર્શન કરે, એમાં ભળી જાય ત્યારે પોતે જ પોતાનું દર્શન કરે છે. આ બ્રહ્મ જ - ગુરુ જ- આ સમગ્ર જગતનું સર્જન કરે છે. શિષ્ય સ્વરૂપી જીવ પણ મૂળે તો બ્રહ્મ જ છેને ! આ દુનિયા એની જ કરામત છે. અદ્વૈતભાવ જાગતાં ને

દઢ થતાં ભેદ-ખેદ ભૂલીને એક પરમાત્માનું બધે દર્શન કરવાનું છે, બધે એના અસ્તિત્વનો અનુભવ કરવાનો છે.

શ્રવણ, મનન અને નિદિધ્યાસન દ્વારા એ અનુભવ કરવાનો છે. પૂ.શ્રી આ સંદર્ભમાં લખે છે કે :-

શ્રવણે ભવભય સહુ ટળે, મનને ભ્રાંતિ જાય,
નિદિધ્યાસને જીવ તે સ્વયં ઈશ થઈ જાય.

(અ.૧૦૬.દો.૧૧૮)

□ □ □

## ૭૨ આન પડા નાથ !

**(રાગઃતિલક; તાલઃકહેરવા)**

**આન પડા નાથ! દરપે શરણમેં લીજિયેજી!! .ટેક.**

**નામ પતિતપાવન સુન તુમરો, આયા દરસ-ભિકારી!**
**અબ તો નાથ! દેર ન કીજે;**
**બીત ગઈ [૧]ઉમરી સારી, દયા અબ કીજિયેજી!! .આન૦ ૧.**

**બાલપનોમેં કૂદા ખેલા, બીતી જવાની સારી;**
**મન [૨]માતંગા કરે તૂફાના;**
**[૩]જરા મૌત-દૂતી આયી, કાલસે બચાયિયેજી!! .આન૦ ૨.**

**જ્ઞાન ન સીખા ધ્યાન ન સીખા બના પેટપૂજારી!**
**તેરી મેરી કર કર ફૂલા;**
**કરની ન દેખો સાંઇ, દાસ અપનાયિયેજી!! .આન૦ ૩.**

**દેખા દેસા દેખા [૪]ભેસા, પાયા કલેશા ખાલી!**
**અબ તો આર્ત પુકારું નામા;**
**દોડ ખોલ ખિડકી સ્વામી, પ્રેમકો નિભાયિયેજી!! .આન૦ ૪.**

**કૌન કરે બિસ્વાસ ન જો તુમ સૂનો [૫]ટેર હમારી!**
**તુમરી તુમ જાનો ગોવિંદા;**
**તુમ બિન કોઉ નાહીં, લાજ રંગ રાખિયેજી!! .આન૦ ૫.**

---

૧. ઉંમર. ૨. હાથી. ૩. ઘડપણ. ૪. વેષ, ભેખ. ૫. ટહેલ.

□ □ □

# વિવરણ

આ ભજન અનન્ય શરણાગતિનું ભજન છે. સાધકના હૃદયમાં શરણભાવ જાગે પછી એનો કર્તૃત્વભાવ-એ તો હું કરું છું એ ભાવ-નાશ પામે છે. પરંતુ પોતાના ઈષ્ટદેવની અનન્ય ભાવે શરણાગતિ લેવાનું સરળ નથી. શરણાગતિનો મહિમા ભારે છે.

પૂ.પાગલ મહારાજ વાઙમયી પૂજા નામના પુસ્તકમાં ભગવચ્છરણાગતિ નામના પ્રકરણમાં લખે છે કે :

''ઈહલોક અને પરલોકનાં દુઃખોની નિવૃત્તિ તથા નિત્ય-અખંડ પરમાનંદની પ્રાપ્તિ અર્થે મુખ્ય ઉપાય છે ભગવાનનું શરણ. જેણે એકવાર સર્વભાવથી પોતાને પરમાત્માનાં ચરણમાં સમર્પિત કરી દીધો છે, ખરેખર તે સદાને માટે-નિર્ભય-નિશ્ચિન્ત અને પરમ સુખી થઈ ચૂક્યો છે.''

બ્રહ્મપુરાણમાં કહ્યું છે કે :-

**કર્મણા મનસા વાચા યેઽચ્યુતં શરણં ગતાઃ**
**ન સમર્થો યમસ્તેષાં, તે મુક્તિફલ ભાગિનઃ ॥**
(૨૧૬/૮૪)

અર્થાત્ જેઓ મન, વાણી અને કર્મથી (સર્વભાવે) અચ્યુત ભગવાનને શરણે ગયા છે (એટલે કે જેણે ભગવાનનું શરણું ગ્રહ્યું છે) તેઓને માટે યમરાજ સમર્થ હોતા નથી અને તેઓ મુક્તિફળના ભાગી હોય છે.

શરણાગતિમાં (૧) હું હરિનો (૨) હરિ છે મમ રક્ષક (૩) એહ ભરોસો જાય નહિ (૪) જે હરિ કરશે તે મમ હિતનું (૫) એ નિશ્ચય બદલાય નહિ.

શરણાગતિમાં ભક્ત કર્મ તો પહેલાંની જેમ જ કરે છે, પણ હવે તે કર્તૃત્વભાવ છોડી, નિમિત્ત ભાવથી કર્મ કરે છે અને કર્મનું જે કાંઈ પરિણામ આવે છે, તે પ્રભુનો પ્રસાદ માની હસતે મોઢે સ્વીકારી લે છે. માથે બોજો લઈને ફરતો નથી.

આ ભજનમાં ભગવાનના દ્વાર પર (દરપે) જઈને પડેલો ભક્ત ભગવાનને શરણમાં રાખવાની પ્રાર્થના કરે છે. શરણ લેનાર પોતાનો કેસ રજૂ કરતાં દયા કરવા માટે બે-ત્રણ કારણો રજૂ કરે છે. શરણાગતિમાં તો આમ પણ ભગવાનને ગળે જ પડવાનું હોય છે ને! પરંતુ એમાં પ્રભુ પ્રત્યેનો નિર્મળ અને દૃઢ ભાવ પ્રગટ થવો જોઈએ.

પૂ. બાપજી શરણમાં આવવા માટેનાં કારણો રજૂ કરતાં કહે છે કે : (૧) તું પતિત પાવન છે એવું સાંભળ્યું છે એટલે શરણે આવ્યો છું (૨) મારી આખી જિંદગી જતી રહી છે-વહી ગઈ છે. (૩) તારાં દર્શનનો હું ભિખારી છું. માટે હવે વાર કર્યા વગર, મોડું

કર્યા વગર, દયા કરીને મને શરણમાં લઈ લે.

પોતાની ભૂલની માફી માગતા અને મોતની બીકથી ડરતા પૂ.શ્રી કહે છે કે, પ્રભુ ! બાળપણ ખેલકૂદમાં વિતાવ્યું. યુવાનીમાં તો મન-માતંગ બરાબરનો તોફાને ચઢ્યો હતો. વિષયઉપભોગમાં આંખ મીંચીને પડ્યો હતો. હવે મોતની દૂતી એવી જરા-ઘડપણ-વૃદ્ધાવસ્થા આવી પહોંચી છે. હે પ્રભુ ! મને કાળના મોંમાંથી બચાવ.

'અહં અને મમનું મન-બુદ્ધિ-ઈન્દ્રિય-શરીર તથા સમસ્ત પ્રપંચ સહિત સર્વતો ભાવે સમર્પણ કરવું એ જ સાચી શરણાગતિનું સ્વરૂપ છે. સાચો શરણભાવ છે.

પોતાના દોષોનો સ્વીકાર કરી, પોતાની અધમતાને દર્શાવી એને અવગણવાની વિનંતી કરે છે અને મારી કરણી ન જોતાં મારા પર દયાભાવ લાવીમાને દાસ તરીકે અપનાવી લો એવી પ્રાર્થના કરે છે.

પૂ. બાપજી ભજનમાં કહે છે કે, હું જ્ઞાન કે ધ્યાન શીખ્યો નથી. બસ પેટ ભરવા માટે બધું કર્યું છે. આ પેટની પૂજા કરીને હું પેટ-પૂજારી બન્યો છું. તારી-મારી કરી કરીને, એકબીજાની પંચાત કરીને ફુલાતો ફર્યો છું. મારા વખાણ અને બીજાની વખોડ કરી 'હું એટલે કોણ ?', મી મંજે કાઈ'ના ગર્વમાં ફુલાતો ફર્યો છું, પણ મારી કરણી ન જોતાં, દયા લાવી મને દાસ બનાવી લેજો-અપનાવી લેજો.

હવે આર્તભાવે પ્રાર્થના કરતાં કહે છે કે, આખી જિંદગી ભટકવામાં ગાળી અને એમાં ખાલી કલેશ જ મળ્યો. આ બધું કરવામાં તારું નામસ્મરણ તો કર્યું જ નહિ. હવે હું હૃદયથી, આર્તભાવથી આપને પોકારું છું. હે ભગવાન ! હવે બારી ખોલ અને મારે માટે દોડ અને મને પ્રેમથી નિભાવી લે. મારા દોષો સામે જોશો નહિ.

એવું કહેવાય છે કે, 'આનેકી દેર નહિ હૈ, પુકારને કી દેર હૈ'. અનન્ય ભાવે, આર્તભાવે પોકારી તો જુઓ. ભગવાન દ્રૌપદી માટે દોડ્યા હતા, પણ જ્યાં સુધી દ્રૌપદીએ સાડીનો છેડો દાંતમાં દબાવી પોતાનું રક્ષણ કરવાનો પ્રયત્ન કર્યો હતો ત્યાં સુધી નો'તા દોડ્યા.

શરણાગતિના છ પ્રકાર-છ તબક્કા છે. એમાં શું હોય છે ? (૧) જેનું શરણું લીધું હોય તેને અનુકૂળ વર્તન કરવાનો દઢ સંકલ્પ (એને ગમે તે કરવાનું) (૨) જેનું શરણું લીધું હોય તેને પ્રતિકૂળ વર્તન નહિ કરવાનો નિર્ણય. (ન ગમે તે ન કરવાનું) (૩) મારું રક્ષણ કરશે એવો દઢ વિશ્વાસ. (૪) ભક્ત ભગવાનને રક્ષકના-ગોપ્તાના-રૂપમાં પસંદ કરે છે. આપ જ મારા રક્ષક છો એવી સ્વીકૃતિ. (૫) આત્મનિક્ષેપ (આત્મસમર્પણ) (૬) કાર્પણ્ય-દીનતા.

**શરણાગતિમાં પહેલું પગથિયું : અહં તસ્યૈવ । હું તેનો જ છું.**
**બીજું પગથિયું : અસૌ મમૈવ । એ મારા જ છે.**
**ત્રીજું પગથિયું : અહં સ એવ । હું તે જ છું.**

શરણાગતિમાં શરણું લેનાર આર્તભાવમાં કોઈ વાર વિનય ક્રોધ પણ કરી બેસે છે. ભગવાનને ખખડાવે છે, પરંતુ એમાં દીનતાપૂર્વકનો પ્રેમભાવ હોય છે. જો તમે મારી ટહેલ નહિ સાંભળો, મારી વહારે નહિ ચઢો તો પછી તમારો વિશ્વાસ કોણ કરશે ? તમને પતિત પાવન કોણ કહેશે ? તમારું નામ ન બગડે એટલા માટે પણ મારી મદદે ચઢો. પછી કહે છે કે મદદ કરવી હોય તો કરો-જેવી તમારી મરજી. મેં તો અરજી કરી છે. હવે બધો આધાર તમારી મરજી પર છે. હે ભગવાન ! તારા વિના મારું કોઈ નથી. બસ ! આ દીનપણાનો ભાવ ખૂબ મહત્ત્વનો છે. રંગની લાજ હવે તારા હાથમાં છે.

**અન્યથા શરણં નાસ્તિ ત્વમેકં શરણં મમ ।**
**તસ્માત્ કારુણ્યભાવેન રક્ષસ્વ પરમેશ્વર.॥**

આવો દીનભાવ છલોછલ પ્રેમભાવમાં ભેળવી ભગવાનનું શરણું લઈએ તો બાકીનું તો એ સંભાળી લેશે. કહેવાયું છે કે : -

**જો જાકી શરણ લીયે, તાકી રાખે લાજ,**
**ઉલટ જલે મછલી ચલે, બહત જાત ગજરાજ.**

▯ ▯ ▯

## ૭૩. રે મન ! મસ્ત સદા દિલ રહના

**(રાગઃકેદાર; તાલઃત્રિતાલ)**

**રે મન! મસ્ત સદા દિલ રહના.**
**આન પડે સો સહના. .ટેક.**

**કોઇ દિન કંબલ કોઇ દિન અંબર, કભુ દિગંબર સોના;**
**આત્મનશેમેં દેહ ભૂલાકે, સાક્ષી હોકર રહના. .રે મન૦ ૧.**

**કોઇ દિન ઘીગુડ મૌજ ઉડાના, કોઇ દિન [1]ભૂક સહાના;**
**કોઇ દિન વાડી કોઇ દિન ગાડી, કભુ મસાણ જગાના. .રે મન૦ ૨.**

**કોઇ દિન ખાટ પલંગ સજાના, કોઇ દિન ધૂલ બિછૌના;**
**કોઇ દિન શાહ બને શાહોં કે, કભુ ફકીરા દીના. .રે મન૦ ૩.**

**કડુઆ મીઠા સબકા સુનના, મુખ અમૃત બરસાના;**
**સમજ દુઃખસુખ નભબાદલ સમ, રંગ સંગ છુડાના. .રે મન૦ ૪.**

# વિવરણ

આ ભજનનો કેન્દ્રવર્તી સૂર 'તિતિક્ષા' છે. વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ અને મુમુક્ષત્વં એ ચાર સાધનોને સાધન ચતુષ્ટય કહેવામાં આવે છે અને આ ચાર સાધનો સિદ્ધ કર્યા પછી જ બ્રહ્મને જાણવાની ઇચ્છા કરવી જોઈએ એવો 'અથાતો બ્રહ્મજિજ્ઞાસા' બ્રહ્મસૂત્રનો અર્થ છે.

તિતિક્ષા એ ષટ્સંપત્તિ પૈકીની એક છે. ષટ્ (છ) સંપત્તિમાં શમ, દમ, તિતિક્ષા, ઉપરતિ, શ્રદ્ધા અને સમાધાન એ છ દૈવી સંપત્તિનો સમાવેશ થાય છે.

તિતિક્ષા એટલે શારીરિક અને માનસિક સુખ દુઃખનો સહજ અને સહર્ષ સ્વીકાર. તિતિક્ષામાં દુઃખને આનંદપૂર્વક-મસ્ત બનીને - સહન કરવાનું છે, લાચારીથી નહિ. દુઃખ તો સ્વીકાર્યે જ છૂટકો. પ્રશ્ન એટલો જ છે કે, આ દુઃખને દુઃખી થઈને, મજબૂરીથી કે લાચારીથી સ્વીકારો છો કે પ્રભુનો પ્રસાદ માની આનંદથી સહી લો છો.

સર્વસિદ્ધાંતસારસંગ્રહમાં શંકરાચાર્ય કહે છે : -

**સાધનેષ્વપિ સર્વેષુ તિતિક્ષોત્તમસાધનમ્ ।**
**યત્ર વિઘ્નાઃ પલાયન્તે દૈવિકા અપિ ભૌતિકા ॥**

(શ્લોક : ૧૪૨.)

અર્થાત્ સર્વ સાધનોમાં તિતિક્ષા ઉત્તમ સાધન છે, જે સાધન પ્રાપ્ત કરવાથી દૈવી અને આધિભૌતિક વિઘ્નો દૂર થાય છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતા તિતિક્ષાના સંદર્ભમાં કહે છે :

**માત્રાસ્પર્શાસ્તુ કૌન્તેય શીતોષ્ણ સુખદુઃખ દાઃ ।**
**આગમાપાયિનોઽનિત્યાસ્તાંસ્તિતિક્ષસ્વ ભારત ॥**

(અ.૨.શ્લોકઃ૧૪.)

અર્થાત્ હે કુંતીપુત્ર ! ઠંડી-ગરમી અને સુખ-દુઃખ દેનારા ઈન્દ્રિયો સાથેના વિષયોના સંયોગો તો ઉત્પત્તિ-વિનાશશીલ છે, અનિત્ય છે, માટે હે ભારત ! તું તે સહન કર.

આ ભજનમાં પૂ.શ્રી મનને સદા મસ્ત રહેવાનો બોધ આપે છે. સુખ અને દુઃખ એ મનની નીપજ છે. પૂ. બાપજી એક ભજનમાં લખે છે કે :-

**સુખદુઃખ મનનાં સોણલાં, જન્મમરણ તનગંધ,**
**બની રમકડું ઈશનું ખેલ રંગ નિર્દ્વંદ્વ.**

મસ્ત રહેવાનો ઉપાય શું ? 'આન પડે સો સહના'. જેમ દુઃખ માગ્યા વગર આવે

છે તેમ એ એની મેળે જતું પણ રહે છે. દુઃખનું ઓસડ દહાડાનો અર્થ જ એ છે કે શરૂઆતમાં દુઃખ આવે છે ત્યારે અસહ્ય જણાય છે, પણ પછી ધીમે ધીમે એની તીવ્રતા ઓછી જણાતી જાય છે. મીરાંબાઈ કહે છે કે, "રામ રાખે તેમ રહીએ." અને નરસિંહ મહેતા કહે છે કે :

**સુખ-દુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયા.**

ટાળ્યાં તે કોઈનાં નવ ટળે, રઘુનાથના જડિયા...

આમ, સુખ-દુઃખ માગ્યા વગર આવે છે અને કહ્યા વગર જતા પણ રહે છે.

પૂ.શ્રી કહે છે કે,કોઈ દિવસ કંબલ હોય તો તે ઓઢીને સુવાનું અને કોઈ દિવસ ના હોય તો તેના વિના આકાશને ઓઢીને-ખુલ્લામાં સૂવાનું, પરંતુ આ બધા તો દેહના ધર્મ છે. દેહાધ્યાસ છોડીને આત્માના વિચારમાં-આત્મ નશેમેં-રહેવાથી એનું દુઃખ રહેતું નથી. 'હું દેહ નથી' એવો વિચાર કરી, હું એક છું, નિત્ય છું, નિશ્ચલ છું, આત્મા છું એવા વિચારથી આત્માની નશાની મસ્તીમાં રહેવાથી, દેહના દુઃખ મનને અસર કરતા નથી.

દેહ અનિત્ય છે, દુઃખદાયી છે, અપવિત્ર છે એવો વિચાર કરીને હું નિત્ય છું, સુખસ્વરૂપ છું, પવિત્ર છું, આત્મા છું એવો વિચાર કરવાથી ધીરે ધીરે દેહાધ્યાસ છૂટી જાય છે અને વ્યક્તિ આત્મનશામાં રહે છે. આને માટે જ સાધનાની જરૂર છે.

ખાવામાં મિષ્ટાન્ન મળે કે ખાવાનું ન મળવાથી ભૂખ્યા રહેવું પડે એ બંને સ્થિતિમાં મન મસ્ત રહેવું જોઈએ. તિતિક્ષાનું ઉદાહરણ આપતાં પૂ. પ્રકાશાનંદજી મહારાજ લખે છે કે : "એકવાર ભર્તૃહરિ મહારાજને છ દિવસ સુધી ખાવાનું મળ્યું નહિ. છઠ્ઠે દિવસે સ્મશાનમાં ગયા તો મડદું બળતું હતું. એ મડદાની પાસે ત્રણ પિંડ હતા. ચિતાના અંગારામાં ત્રણ પિંડ મૂકી બાટી તૈયાર કરી. બાટી શેકતા હતા ત્યારે આકાશમાર્ગે ભગવાન શંકર અને પાર્વતી જતાં હતાં. શંકર ભગવાને ભર્તૃહરિને પ્રણામ કર્યા. પાર્વતીજીએ ભર્તૃહરિની પરીક્ષા કરવા કહ્યું. બાટી શેકાઈને તૈયાર થઈ. અંગારામાંથી જેવી બહાર કાઢી કે પાછળ ઊભેલા ભગવાન શંકરે કહ્યું : "ભિક્ષાં દેહિ." ભર્તૃહરિએ પાછળ જોયા વગર એ ત્રણે બાટી આપી દીધી. પાર્વતીજીએ કહ્યું કે, ભર્તૃહરિ ! પાછળ જુઓ. કોણ ઊભું છે ? ભર્તૃહરિ એટલું જ બોલ્યા કે ભિક્ષા મળી ગઈ છે એટલે હવે આપ અહીંથી પધારો.આવી હતી ભર્તૃહરિની તિતિક્ષા.

કોઈ દિવસ રહેવા માટે વાડી ને ફરવા માટે ગાડી મળે તો કોઈ દિવસ સ્મશાનમાં સૂવું પડે તોપણ મન ઉદાસ ન થવું જોઈએ. સદા મસ્ત જ રહેવું જોઈએ. આવાં અનેક ઉદાહરણો આપે છે. સુખ-સગવડવાળી સ્થિતિમાં મસ્ત રહેવું સહેલું છે, પણ એવું જ મસ્ત દુઃખમાં પણ રહેવું. ખાટ-પલંગ ઉપર સૂવામાં જે આનંદ આવે એ જ આનંદ ધૂળની પથારીમાં પણ આવવો જોઈએ.

પછી પૂ.શ્રી એક મહત્ત્વની શિખામણ આપે છે. તિતિક્ષામાં બધાનું કડવું-મીઠું હસતાં હસતાં સાંભળી લેવું, પરંતુ આપણે તો મીઠું જ બોલવું. મુખમાંથી અમૃતરૂપ વાણી જ કાઢવી. જે માણસ આનંદપૂર્વક સહન કરે છે તે માણસની વાણીમાં મીઠાશ જ આવે છે.

છેલ્લે પૂ.શ્રી દુઃખનું મૂળ સંગ છે માટે સંગ રહિત થવાનું કહે છે અને કહે છે કે દુઃખ કાયમ ટકતું નથી. જેમ આકાશને વાદળ ઢાંકી દે છે, પરંતુ આ વાદળ ફરતાં ફરે છે તેથી પાછું ચોખ્ખું આકાશ-નિરભ્ર આકાશ જોવા મળે છે. વાદળ અત્યારે છે પણ થોડા સમય પછી નથી રહેવાનાં આવું જ દુઃખનું છે. દુઃખ કાયમ રહેતું નથી.

કવિ કહે છે :

**સુખ સમયમાં છકી નવ જવું, દુઃખમાં ન હિંમત હારવી,**
**સુખ-દુઃખ સદા ટકતાં નથી, એ નીતિ ઉર ઉતારવી.**

ઊંચા સ્થાને બેઠેલા મહાનુભાવોએ પૂ.શ્રીની આ શિખામણ આચરણમાં મૂકવી રહી. બધા સાથે મીઠાશભરી વાણી રાખવી. કહ્યું છે કે : -

**'આંખમાં અમી તો દુનિયા ગમી,**
**જીભમાં અમી તો દુનિયા નમી.**

□ □ □

# ૭૪. પ્યારે! ભજ લે રામ દિન રૈનાં

**(રાગઃકેદાર; તાલઃત્રિતાલ)**

**પ્યારે! ભજ લે રામ દિન રૈનાં;**
**કાહે ફિરત અચૈના!**

**તનકા તંબૂર મનકી માલા, શ્વાસા બીન સુહાના;**
**સાંજ સબેર સુમર લે સાંઇ, રહે ન જીના મરના. .પ્યારે૦ ૧.**

**યહિ સુમિરનસે તરે બાલ્મીકિ, શંકર નારદ [2]દાના;**
**મીરાં [3]નામા ભયે અમર સબ, સાધન સુમિરન માના. .પ્યારે૦ ૨.**

**નામી એક અરુ નામ અનંતા, સચ્ચિત્સુખમય જાના;**
**રામ કૃષ્ણ ગોવિંદ મુરારે! એ હિ ધૂન ગજાના. .પ્યારે૦ ૩.**

**દેહ [1]અવધપુર આતમ રામા, એ હિ દ્વારિકા શ્યાના;**
**નવ દ્વાર પર દશમ બિરાજે, વહાં કિસનકા થાના!! .પ્યારે૦ ૪.**

**ઔર નિકમ્મા ઝઘડા સારા, ખાલી વખ્ત ગંવાના;**
**દ્વૈતાદ્વૈત પરે હો પ્યારે, રંગ સંગ ભૂલ જાના!! .પ્યારે૦ ૫.**

---

૧. ભૂખ. ૨. ઉદાર; વિશાલહૃદયી. ૩. નામદેવ.

□ □ □

# વિવરણ

આ ભજનમાં પૂ.શ્રી નામસ્મરણનો મહિમા ગાય છે. નામસ્મરણ એટલે પોતાના ઈષ્ટદેવના નામનું સ્મરણ. આપણી પાંચ મુખ્ય વૃત્તિઓમાં એક સ્મૃતિ વૃત્તિ છે. નામસ્મરણ જ મરણના દુઃખનું વિસ્મરણ કરાવી શકે. સતત નામસ્મરણ કરવાથી એના સંસ્કારો ચિત્ત ઉપર-sub conscious mind-અર્ધ જાગૃત મન ઉપર દૃઢ થાય છે. આને પરિણામે મૂર્છા અવસ્થામાં પણ અર્ધ જાગૃત મન સ્મરણ કરી શકે છે.

પૂ.શ્રીએ 'શ્વાસેઽશ્વાસે દત્તનામ સ્મરાત્મન્' એવું સૂત્ર આપ્યું હતું. જેનું પૂ.શ્રીએ પોતે જ ભાવાંતર કર્યુ : **"સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત."** પરંતુ પૂ.શ્રીએ મહારાષ્ટ્રના વિદ્વાન સંત મુ.શ્રી રામચંદ્ર કામતજીને લખેલા પત્રમાં આ સૂત્ર સમજાવતાં શ્વાસેઽશ્વાસેનો બીજો અર્થ શ્વાસે એટલે કે દરેક શ્વાસે અને અશ્વાસે એટલે વ્યક્તિ મૃત્યુ પામે ત્યારે તેનું શબ સ્મરણ કરે અને અગ્નિ સંસ્કાર પછી રહેલા અસ્થિ અને મૃત્યુ પામે ત્યારે પણ તેનું શબ સ્મરણ કરે અને અગ્નિસંસ્કાર પછી રહેલ અસ્થિ અને રાખ પણ સ્મરણ કરે એવું લખ્યું છે અને પછી લખ્યું કે ચોખામેળાનાં હાડકાંની માફક.

સંસારી જીવ ઉપર કરુણા લાવીને પૂ.શ્રી કહે છે કે, હે ભાઈ ! તું રાત-દિવસ રામને ભજી લે. તું શું કામ બેચેન થઈને ફરે છે. મનની અશાંતિ દૂર કરવા માટે રામનું નામ ભજી લે. પૂ.શ્રીએ અહીં 'રામ'નું નામ ભજવાનું જ કેમ કહ્યું ? દશરથના કહેવાથી વસિષ્ઠ મુનિએ પુત્રોનાં નામ પાડતાં કહ્યું કે :-

**જો આનંદ સિંધુ સુખરાસી સીકર તેં ત્રૈલોક સુપાસી ।**
**સો સુખધામ રામ અસ નામા અખિલ લોક દાયક બિશ્રામા ॥**

(બાલકાંડ દોહા નં. ૨૨૨ પછીની ચોપાઈ નં.૫-૬.)

અર્થાત્ આ જે આનંદના સાગર તથા સુખના ભંડાર છે, જે (આનંદ સમુદ્ર)ના એક કણથી ત્રણે લોક સુખી થાય છે, તે (સૌથી મોટા પુત્ર)નું નામ 'રામ' છે. તે સુખના ધામ અને સર્વ લોકોને વિશ્રાંતિ આપનાર છે.

આ રામ શબ્દ ઉપરથી જ આરામ, વિરામ, વિશ્રામ, ઉપરામ શબ્દો આવ્યા. મનની બેચેની દૂર કરવાનો ઉપાય 'રામનામ'. અથવા રામનામનું સતત સ્મરણ ના કરે તેને જ બેચેન બનીને ફરવું પડે છે. સંત કબીરજીની એક વાત આપણે યાદ રાખવા જેવી છે. કેટલાક માણસો નનામી ઊંચકીને 'રામ' 'રામ' બોલતાં બોલતાં જતા હતા. એ જોઈને કબીરે એક જણને પૂછ્યું કે આ બધા રામ-રામ બોલે છે, પણ ઉપર જે સૂતો છે તે તો બોલતો જ નથી. પેલી વ્યક્તિએ કહ્યું કે, એ તો મરેલો છે પછી કેવી રીતે રામ રામ બોલે ? કબીરે નિર્ણય કર્યો કે જે રામ-રામ ન બોલે તેને મરેલો જાણવો.

પૂ.શ્રી કહે છે કે, તનનો તંબૂર બનાવી, શ્વાસની વીણા બનાવી સાંજ-સવારે પરમાત્માનું સ્મરણ કરી લે જેથી જન્મ-મરણનો ફેરો ટળી જાય. નામસ્મરણ ઉપર પૂ.શ્રીનાં અનેક ભજનો છે. એક ભજનમાં પૂ.શ્રી નામને સુધારસ કહે છે. નામરૂપી અમૃત ચાખનારની પાસે કાળ આવતો નથી. મૃત્યુનો ડર ભાગી જાય છે. જો ચાખનારની આ સ્થિતિ હોય તો નામામૃત પીનારની શું સ્થિતિ હશે ? પૂ.શ્રી લખે છે :-

**જે પીવે તે ફરી નવ આવે, બીજું કંઈ નવ ભાવે રે,**
દુનિયામાં દુનિયાથી ન્યારો, કો તોલે નવ આવે રે... નામ સુધા.

દત્ત નામસ્મરણમાં પૂ.શ્રી કહે છે કે નામસ્મરણમાં કોઈ ખર્ચ નથી, કોઈ કષ્ટ નથી, સાધનાના બધાં સાધનોમાં શ્રેષ્ઠ છે. માટે હે ચિત્ત ! તું શ્વાસે શ્વાસે નામસ્મરણ કરી લે. પૂ.શ્રી લખે છે :

**નડે ના અહીં કષ્ટ ના વિત્તહાનિ**
**ન ખોવાપણું ના લગે કાવ્યવાણી ।**
**સહુ શ્રેષ્ઠ આ સાધનોમાં વરિષ્ઠ**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥**

ભગવાનનું નામસ્મરણ કરવા માટે આપણને આટલી બધી સમજ કેમ આપવી પડતી હશે ? પૂ.શ્રીએ ૧૦૮ શ્લોકો કેમ લખવા પડ્યા ? પૂ. પાગલ મહારાજ કહે છે કે જેનો જઠરાગ્નિ મંદ પડી ગયો હોય એને ભૂખ લાગતી નથી. વૈદ્યની દવાથી એનો જઠરાગ્નિ પ્રદીપ્ત થાય તો પછી એની ભૂખ ઊઘડે છે અને ખાવાની રુચિ થાય. સંસારી માટે **ગુરુ એ વૈદ્ય છે.** પૂ.શ્રી બોધમાલિકામાં કહે છે :

**ઔષધં ભગવન્નામો વૈદ્યો કારુણિકો ગુરુઃ ।**
**સંસાર રોગનાશાય, પથ્યઃ સાધુ સમાગમઃ ॥**

**ભવની ભાવટ ભાંગવા ઓસડ હરિનું નામ ।**
**વૈદ્ય દયાળુ સદ્ગુરુ, ચરી સુસંગ અકામ ॥**
**(શ્લોક :૪.)**

ભગવાનનું નામ એ ભવરોગીનું-સંસારીનું ઓસડ છે, દુખિયાનું વિશ્રાંતિ સ્થાન છે અને સંત-મહંતનું તો જીવન જ છે. એવું પૂ.શ્રી નામસુધારસ ભજનમાં કહે છે.

નામસ્મરણનો મહિમા સમજાવતાં પૂ. બાપજી કહે છે કે નામસ્મરણથી વાલ્મીકિ ઋષિ, શંકર ભગવાન, નારદ ઋષિ, મીરાંબાઈ, નામદેવ બધાં અમર થઈ ગયાં. 'મરા મરા' જપતાં જપતાં વાલ્મીકિ તરી ગયાં. શંકર ભગવાન પણ કૈલાસ ઉપર રામનામનો જ જપ કરે છે.

ગીતામાં ભગવાન કહે છે કે બધા યજ્ઞોમાં જપયજ્ઞ હું છું. ભગવાન કહે છે કે :-

**મહર્ષીણાં ભૃગુરહં ગિરામસ્મ્યેકમક્ષરમ્ ।**
**યજ્ઞાનાં જપયજ્ઞોઽસ્મિ સ્થાવરાણાં હિમાલયઃ ॥**
(અ.૧૦.શ્લોક :૨૫.)

અર્થાત્ મહર્ષિઓમાં હું ભૃગુ છું, અર્થબોધક શબ્દોમાં એકાક્ષર એટલે ૐકાર છું, સર્વ પ્રકારના યજ્ઞોમાં જપયજ્ઞ છું અને સ્થાવરોમાં હિમાલય છું.

એક જ પરમાત્માનાં અનેક નામો છે. "એકં સત્ વિપ્રા બહુધા વદન્તિ ।" એ સચ્ચિદાનંદ પરમાત્માને કોઈ રામ કહે, કોઈ કૃષ્ણ કહે, કોઈ દિનમણિ કહે તેનાથી એ પરમાત્મામાં કોઈ ફરક પડતો નથી. કોઈ પણ દેવના નામની ધૂન ગજાવીને મનને આનંદસાગરમાં ડુબાડી દેવું.

પૂ.શ્રીની એ વિશિષ્ટતા છે કે એ સ્થૂળમાંથી સૂક્ષ્મમાં જતા રહે. આધ્યાત્મિક અર્થઘટન કરવામાં પૂ.શ્રી અદ્વિતીય છે.પૂ.શ્રી કહે છે કે, આ દેહ એ જ અયોધ્યા છે અને આત્મા એ જ રામ છે. આ દેહ એ જ દ્વારિકા છે અને આત્મા એ જ ભગવાન કૃષ્ણ છે. દેહના નવ દ્વાર (બે આંખ, બે કાન, બે નસકોરાં, મોં, ગુદા અને જનનેન્દ્રિય) છે, પરંતુ બ્રહ્મરંધ્ર સહસ્રાર એ દશમું દ્વાર છે. જ્યાં પરમાત્મા બિરાજે છે, જ્યાં ભગવાન કૃષ્ણનું થાણું છે. યોગીઓ આ દશમા દ્વારમાંથી પ્રાણનું ઉત્ક્રમણ કરીને બ્રહ્મમાં લીન થઈ જાય છે.

છેલ્લાં ચરણમાં આપણને ત્રણ વાતની શીખામણ આપે છે.

આ શીખામણ જીવનમાં ઉતારીને આપણે બાપજીને રાજી પણ રાખી શકીશું અને આપણી કાયાનું કલ્યાણ કરી પણ શકીશું. એ ત્રણ વાત નીચે પ્રમાણે છે :

(૧) વાદ-વિવાદ, ઝઘડા, કામ વગરના, અર્થહીન છે.

સમયનીપાયમાલીના ધંધા છે.

(૨) સંગ છોડી નિ:સંગી થવું.

(૩) દ્વૈત અને અદ્વૈતથી પર થઈ જવું.

વાદ-વિવાદ, ચર્ચા-વિતંડાવાદ એ પાણીને વલોવવા જેવું છે. એમાંથી માખણ મળતું નથી અને મહેનત માથે પડે છે, કલ્યાણ થતું નથી. પૂ.શ્રી દત્તનામ સ્મરણમાં કહે છેઃ

**વધે વાદ વાદે જ એ વેરઝાળ,**
**બળે ઝાળમાં પ્રેમનો તંતુ ભાળ.**

બધાં દુ:ખનું મૂળ સંગ છે. અવધૂતી આનંદના ભજનમાં 'નિ:સંગી' થવા અંગેનાં ઘણાં ભજનો છે. પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં પણ :-

"સંગ દુ:ખનું મૂળ છે," 'સંગ શોક જ સર્વથા', 'લાગે સંગ ન કોઈનો, રહું નિ:સંગ જાણ' વારે વારે કહે છે. સંસારીનો અને સંસારના વિષયોનો સંગ ભૂલવા માટે દ્વૈત અને અદ્વૈત બંનેથી પર થઈ જવાનું છે.

પૂ. પાગલ મહારાજ ભજન-કીર્તનના હરિનામ પ્રકરણમાં જણાવે છે કે, કોઈ (પંડિત) કહે છે કે નામ (હરિનામ)થી પાપનો ક્ષય થાય છે, કોઈ કહે છે કે જીવનો મોક્ષ થાય છે પણ હરિદાસજી કહે છે કે, આ બંને નામસ્મરણનાં ફળ નથી. નામસ્મરણનું ફળ તો ઈષ્ટદેવમાં પ્રેમ ઉત્પન્ન થાય એ છે. પાપનાશ અને મુક્તિ એ તો નામસ્મરણનું આનુષંગિક-ગૌણ ફળ છે. નામસ્મરણ વિશે સંત ગોંદવલેકરજીનું 'અમૃતવાણી' પુસ્તક વાંચવા જેવું છે. નામસ્મરણ માટે લાંબી ચર્ચા કરવા કરતાં નામસ્મરણ શરૂ કરી દઈએ એ જ યોગ્ય ગણાશે. થોડીક સંતવાણી ટાંકી દઉં તો તે યોગ્ય ગણાશે.

**કાશી કાંઠે ઘર કરે, પીવે નિર્મલ નીર ।**
**મુક્તિ નહીં હરિનામ બિનુ, યોં કથિ કહેં કબીર ॥**

**દો બાતનકો ભૂલ મત જો ચાહત કલ્યાન ।**
**નારાયણ ઈક મૌતકો દૂજે શ્રીભગવાન ॥**

**નામ રામકો કલ્પતરુ, કરિ કલ્યાણ નિવાસ ।**
**જો સુમિરત ભયો ભાઁગતો તુલસી તુલસીદાસ ॥**

**કલિયુગ કેવલ નામ અધારા ॥**
**સુમિરિ સુમિરિ ભવ ઉતરહિં પારા ॥**

□ □ □

## ७५. આતમ જાન લિયો મૂલ હિ સે

(રાગઃકેદાર; તાલઃત્રિતાલ)

**આતમ જાન લિયો મૂલ હિ સે;**
**આયા અંધેરા કહીંસે! .ટેક.**

**દશ્ય ન થા તબ કહાંકા દ્રષ્ટા, સબ કરતૂત મન હિ સે!**
**કોરા કાગજ ચિત્ર બિચિત્રા, સબ [2]લીટા સ્યાહી સે. .આતમ૦ ૧.**

**મનમેં મંદિર મનમેં મૂરત, મન પૂજા એક હિ સે;**
**મનમેં કાબા મનમેં કાશી, ભેદ [3]દૂહી મન હિ સે!! .આતમ૦ ૨.**

**ઊંચ નીચ સબ મનકી કરની, આતમ દૂર યહીંસે;**
**સંગવિહીના સદા નિઃસંગા, દિખે ભાસ ભાવ હિ સે! .આતમ૦ ૩.**

**મનવૃત્તિકા બાદલ છાયા, અંધે નૈન વહીંસે;**
**દેવ છિપાયા દાનવ આયા, કાંપે આપ નહીંસે!! .આતમ૦ ૪.**

**આંખ બંધ કર કરે તમાસા, ભૂલા આપ આપહી સે;**
**ખૂલા નૈન હુઆ સત્સંગા, રંગ ન અહીં-તહીં સે! .આતમ૦ ૫.**

---

૧. અયોધ્યા. ૨. લીટી; લકીર. ૩. દ્વૈત.

▯ ▯ ▯

## વિવરણ

આ ભજનમાં પૂ. બાપજી આતમ-આત્માને મૂળથી જાણી લીધો એવું કહીને એના સ્વરૂપ વિશે વાત કરવા માગે છે. ''આતમ જાન લિયો મૂલ હિ સે'માં મૂલ હિ સે એટલે તત્ત્વતઃ જાણી લીધો, એને મૂળ સ્વરૂપે જાણી લીધો એમ કહે છે. આત્માનું મૂળ સ્વરૂપ-તત્ત્વતઃ આત્માનું સ્વરૂપ કેવું છે ?

આત્મા જ્યોતિસ્વરૂપ છે, પ્રકાશ સ્વરૂપ છે. પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે કે :-

**સ્વયં જ્યોતિઃસ્વરૂપ જે, જાણે કોણ જ કેમ ?**
**મન બુદ્ધિ પહોંચે ન ત્યાં, દ્રષ્ટા દૃશ્ય ન એમ.**

**દીવો જોવા દીપનું પડે કામ ના જેમ,**

**આત્મા સ્વયં પ્રકાશ જે, તેને અન્ય ન એમ.**

**(અ.૧૯.દો.૪૧,૫૨.)**

**આત્મા સ્વયં પ્રકાશ જે, કેવલ સાક્ષી એમ,**
**અજ અક્ષય અવિકાર એ, રૂપ માહરું તેમ.**

(અ.૩૧.દો.૬૫.)

આ આત્મા જ્યોતિઃદ્સ્વરૂપ છે એટલે પૂ.શ્રી તરત લખે છે કે આયા અંધેરા કહીંસે! આ અંધારું એ કેવળ ભ્રમણા છે. અજ્ઞાનના અંધારાને કારણે જ્યોતિઃસ્વરૂપ આત્માનું જ્ઞાન થતું નથી. જ્ઞાન પ્રકાશમયછે.

યાજ્ઞવલ્કય કહે છે : યોઽયં વિજ્ઞાનમયઃ પ્રાણેષુ હૃદ્યન્તર્જ્યોતિઃ । આત્મા ખરી રીતે ઈન્દ્રિયવૃત્તિઓને પ્રેરણા આપનાર હૃદયમાં રહેલું અંતઃજ્યોતિ વિજ્ઞાનમય સ્વરૂપ છે. સૂર્ય-ચંદ્રની જ્યોતિ પણ પોતાની સ્વાભાવિક જ્યોતિ નથી, પરંતુ સ્વયં જ્યોતિઃસ્વરૂપ આત્મા પાસેથી તેઓ જ્યોતિ મેળવે છે.

પરંતુ આ બધા કરતૂતો કરનારું મન છે. મનના સંકલ્પો પ્રમાણેનું આપણે આપણું જગત રચીએ છીએ. ખરેખર તો જગત જેવું કશું છે જ નહિ. આપણું મન આપણી વૃત્તિ પ્રમાણે વસ્તુનું જ્ઞાન આપે છે. પૂ. બાપજી દત્તદશકમાં કહે છે :-

**મન બાંધે મન છોડવે, મને રચ્યું આ સર્વ,**
**નાના નેહ કથે શ્રુતિ એક અનકે શર્વ.**

શ્રુતિ-ઉપનિષદ તો કહે છે કે, આ બધી વિવિધતા જે દેખાય છે તે સત્ય નથી. અનેકમાં એ એક જ પરમાત્મા રહેલો છે. મન એ જ ભેદનો સર્જક છે. એક, અદ્વિતીય અને અખંડ એવા સત્ ઉપર જગત એક આભાસમાત્ર છે,જગતનો અધ્યાસ છે. અજ્ઞાનને કારણે મન દ્વૈત-ભેદભાવની વૃત્તિ કરે ત્યારે મેં જોયું-હું દ્રષ્ટા છું એવું કહેવાય. અદ્વૈતવૃત્તિ થતાં દૃશ્ય અને દ્રષ્ટાનો પ્રશ્ન જ રહેતો નથી. દૃશ્ય જ નથી તો એ દૃશ્યને જોનાર-દ્રષ્ટા પણ ક્યાંથી હોય ? આત્મા વિશે કહેવાયું છે કે, નિષ્કલં નિષ્ક્રિયં શાન્તં નિરવેદ્યં નિરંજનમ્ ॥ આત્મા અવયવો-કલા-રહિત છે, ક્રિયા રહિત છે, શાંત (છ ઊર્મિ રહિત) છે, શુદ્ધ અને નિરંજન-માયા રહિત છે. આવો આત્મા કોરા કાગળ જેવો છે.

## કોરા કાગજ ચિત્ર બિચિત્રા, સબ લીટા સ્યાહીસે.

કોરા કાગળ જેવો શુદ્ધ આત્મા માયાના આવરણથી ઢંકાઈ જાય છે. માયાને કારણે આત્મા એના મૂળસ્વરૂપમાં જણાતો નથી. કાગળ ઉપર સ્યાહીથી કરેલા ચિત્ર-વિચિત્ર લીટાથી કાગળ ભરાઈ જાય છે. જોનારને લીટા દેખાય છે, કોરો કાગળ તો દેખાતો જ નથી. માયા અને મન આ કોરા કાગળ રૂપી આત્માનું દર્શન થવા દેતાં નથી.

માયાથી ઢંકાયેલા આત્મા વિશે પૂ.શ્રી લખે છે કે :-

**શેવાળે છાયું દીસે, પાણી નિર્મળ જેમ,**
**સ્વાત્મા માયા છન્ન એ, શુદ્ધ સુખમય તેમ.**
**ખસેડતાં સદ્‌યુક્તથી દૂર એહ શેવાળ,**
**નીચે અમૃતમય દીસે, પાણી ત્યાં તત્કાળ.**
**જ્ઞાનાભ્યાસે તેમ એ ખસેડતાં અજ્ઞાન,**
**માયાપડળ ખરી પડે, થાય સ્વાત્મનું ભાન.**
(અ.૯.દો.૨૮થી૩૦.)

આ બધું કરનાર મન છે. એવું કહેવાયું છે કે :

**મનકી હારે હાર હૈ, મનકી જીતે જીત ।**
**મન મીલાવે રામકો, મનહી કરે ફજીત ॥**

સારા-નરસા કર્મો મન દ્વારા થતાં હોય છે. ઈન્દ્રિયો મનની ઈચ્છાથી જ કર્મમાં પ્રવૃત્ત છે. પૂ. બાપજી મનને મુકાદમ અને ઈન્દ્રિયોને મજૂર કહે છે. જે કાંઈ સારું નરસું થાય છે તે કરનારું મન છે. પૂ. બાપજી એક ભજનમાં કહે છે :-

**ન થી જહાં અસ્માં કહાં થે તારે,**
**ન થા કુતુબ વહાં કહાં મિનારે ?**

**સબહી તેરે મનકે ફુઆરે,**
**તુ આદમ સબસે રહા હૈ ન્યારા... સુનો પુકારે.**

મન હતાશ થઈ જાય ત્યારે મરવાના કે મારવાના વિચારો કરે અને ઉત્સાહમાં આવે ત્યારે ઉત્સવ કરવાના વિચારો કરે. પરંતુ મનના આ વ્યાપારો સાથે આત્માને કોઈ સંબંધ નથી. સુખદુઃખ એ પણ મનનો વ્યાપાર જ છે. આત્મા તો નિઃસંગી છે અને વ્યક્તિને ભાવ હોય તો એનું દર્શન થાય છે.

આત્મા ઉપર મનની વૃત્તિનું વાદળ છવાયું-આવરણ આવ્યું એટલે ત્યારથી આત્માનું

દર્શન બંધ થયું. અજ્ઞાનને કારણે પછી જીવ પામર બનીને જીવવા માંડે છે. રાજા હોવા છતાં ભીખ માગે છે.

જીવ પોતાનું સ્વરૂપ ભૂલી ગયો હોવાથી અજ્ઞાનવશ આ બધી સ્થિતિમાં રહે છે. જ્ઞાનદૃષ્ટિ આવે, આંખ ખૂલી જાય અને સત્સંગ થાય તો અજ્ઞાનને કારણે થતાં તમાસા બંધ થઈ જાય અને જીવ પોતાનું મૂળ સ્વરૂપ જે ભૂલી ગયો છે તે સ્વસ્વરૂપને જાણી લે. સ્વસ્વરૂપનુ જ્ઞાન થતાં જ આત્માનું મૂળ સ્વરૂપ જણાઈ આવે.

આ ભજનમાં અજ્ઞાનવશ મનની બધી કરામત વિશેનું વર્ણન છે. મનને વૈરાગ્યથી અને અભ્યાસથી વશ કરી શકાય. ''ચચલં હિ મનઃ કૃષ્ણ'' કહીને અર્જુન જ્યારે પોતાની મૂંઝવણ રજૂ કરે છે ત્યારે ભગવાન એને કહે છે કે, મૂળ તો મન 'ચલ' છે, વ્યક્તિ એને ચંચલ કરે છે, પરંતુ અભ્યાસ અને વૈરાગ્યથી એને વશ કરી શકાય છે.

મન એકદમ વશ ન થાય તોપણ ધીરે ધીરે કાબૂમાં રહે અને 'ભજનકેફ'થી એને વશ કરીએ એવી પ્રાર્થના.

□ □ □

## ૭૬. તનકી સુધી ન જિસકો

**(રાગઃમિશ્ર દેશ; તાલઃદાદરા)**

**તનકી [1]સુધી ન જિસકો, જનકી કહાંસે પ્યારે! ...ટેક.**

**મિલા જો રાજ તો ક્યા? ખોયા મકાન તો ક્યા?**
**હુઆ હૈરાન તો ક્યા? માલૂમ કિસકો પ્યારે? ...તનકી૦ ૧.**

**કોઈ ફૂલોં ઉછાલે, વા જૂતિયોંસે મારે;**
**નિંદાસ્તુતિ સહા લે, બૈઠે હૈં મસ્ત પ્યારે! ...તનકી૦ ૨.**

**જબ [2]લૌ ખુદાસે લાગી, અંતરદૃષ્ટિ જાગી;**
**દૂહી સમૂલ ભાગી, ખૂદ મેં ખુદા નિહારે! ...તનકી૦ ૩.**

**દુનિયાકી મ્હોબત જૂઠી, [3]સહબત સબ ટૂટી;**
**નિઃસંગ [4]ભંગ ઘૂંટી, પીકે પડે હૈં પ્યારે! ...તનકી૦ ૪.**

**ના મંદિરોમેં જાતે, ના મસ્જિદોં મનાતે;**
**સુરતી મેં [5]મૂર્તિ ધ્યાતે, ઝઘડે મિટાકે સારે! ...તનકી૦ ૫.**

**સબ પાપ પૂન છોરા, નિજ રંગ સબ નિહારા;**
**[6]કર્તેપના બિસારા, અબ મોહ શોક ક્યા રે!! ...તનકી૦ ૬.**

---

૧. ભાન. ૨. લગની. ૩. સોબત, સંગ. ૪. ભાંગ. ૫. સ્વરૂપ, હુસ્ન. ૬. કર્તૃત્વ.

□ □ □

# વિવરણ

મુ.ભવાનીશંકર શાસ્ત્રીએ પૂ. બાપજી માટે 'શાન્તં યોગીન્દ્રવર્યં'નો જે શ્લોક રચ્યો છે, તેમાં કુલ ૧૬ વિશેષણ છે, જે પૈકી બ્રહ્મનિષ્ઠ, સચ્ચિદાનંદમગ્નમ્ અને નિત્યમત્ત એ ધ્યાન ખેંચે છે અને પૂ.શ્રીની બ્રહ્મભાવમાં સ્થિર રહેવાની સ્થિતિનું સૂચન કરે છે. આ ત્રણ વિશેષણ પૂ.શ્રી દેહભાન રહિત-દેહાધ્યાસ વિનાની સ્થિતિમાં રહેતા હતા એમ બતાવે છે. આ ભજનમાં એ સ્થિતિની ઝલક દર્શાવતું વર્ણન છે.

જેને પોતાના દેહનું-તનનું ભાન નથી તેને લોકોનું-બીજાનું ભાન ક્યાંથી હોય ? પોતાની આત્માનંદની મસ્તીમાં ગુલતાન પૂ.શ્રી દેહથી પર છે, જગતથી પણ પર છે. એ તો સ્વસ્વરૂપમાં મગ્ન છે. વૈરાગ્યનો અર્થ જ એ છે કે એને આ લોકથી માંડીને પરલોક સુધીની દરેક વસ્તુ પ્રત્યે જિહાસાવૃત્તિ હોય છે.

આ સંસારનાં સુખ-વૈભવનાં સાધનો પ્રત્યે પૂરી સૂગ છે, જિહાસાવૃત્તિ છે. એક ભજનમાં પૂ.શ્રી લખે છે :-

**તપસી, છોડ દિયા સંસાર ।**
**જૈસી સૂકર વિષ્ટા ભાઈ, તૈસો ભવસુખ મુજ મન આઈ,**
**દત્ત દિગંબર મન લુભાઈ... તપસી.**

પૂ.શ્રીનો તીવ્ર વૈરાગ્ય જેણે જોયો હોય તેને જ આ ભજન સમજાય. દેહથી પર હોય તેને દુન્યવી સુખ-દુઃખ સ્પર્શતા જ નથી. બ્રહ્મભાવમાં સ્થિર રહેનારને રાજ મળે તો સુખનો અનુભવ થતો નથી, મકાન ગુમાવ્યું તો તેનું દુઃખ થતું નથી, હેરાન કરે એવી સ્થિતિ સર્જાય તોપણ એનો અનુભવ થતો નથી. એ માલૂમ પડે તોને ? કારણ કે સુખ-દુઃખનો અનુભવ કરનાર મન તો મરી ગયું છે. ઉન્મની અવસ્થામાં-મનથી પર અવસ્થામાં-સુખ-દુઃખ કોણ અનુભવે ?

ગીતામાં સ્થિતપ્રજ્ઞના લક્ષણો જણાવતાં ભગવાન કહે છે : -

**દુઃખેષ્વનુદ્વિગ્નમનાઃ સુખેષુ વિગતસ્પૃહઃ ।**
**વીતરાગભયક્રોધઃ સ્થિતિધીર્મુનિરુચ્યતે ॥**

(અ.૨.શ્લોક.૫૬)

અર્થાત્ દુઃખોની પ્રાપ્તિ થતાં જેના મનમાં ઉદ્વેગ થતો નથી, સુખો મળતાં જે સંપૂર્ણપણે નિઃસ્પૃહ હોય છે તથા જેના રાગ, ભય અને ક્રોધ નાશ પામ્યા છે એવો મુનિ સ્થિર બુદ્ધિવાળો કહેવાય છે.

આવા પુરુષને પરમાત્માનો સાક્ષાત્કાર થવાને કારણે સંસાર પ્રત્યે લેશમાત્ર આસક્તિ હોતી નથી. સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો વાંચીને અને સમજીને પછી આ ભજન ગાઈએ તો તરત સમજાઈ જશે. માન-અપમાન, સ્તુતિ-નિંદા બધાંમાં આ પુરુષ તટસ્થ રહે છે. ભગવાનને જે ભક્ત પ્રિય છે તેનામાં આ લક્ષણો જોવા મળે છે. બ્રહ્મનિષ્ઠ પુરુષ તો ભગવાનનો પ્રિય ભક્ત છે જ એટલું જ નહિ, એ પોતે સ્વયં ભગવાન-બ્રહ્મ-છે.

ગીતામાં ભગવાન કહે છે કે :

**સમઃ શત્રૌ ચ મિત્રે ચ તથા માનાપમાનયોઃ ।**
**શીતોષ્ણ સુખદુઃખેષુ સમઃ સંગવિવર્જિતઃ ॥**
**તુલ્યનિન્દા સ્તુતિર્મૌની સંતુષ્ટો યેનકેનચિત્ ।**
**અનિકેતઃ સ્થિરમતિર્ભક્તિમાન્મે પ્રિયો નરઃ ॥**

(અ.૧૨.શ્લોક.૧૮-૧૯)

અર્થાત્ જે શત્રુ અને મિત્રમાં, માન અને અપમાનમાં સમ છે તથા જે ઠંડી, ગરમી અને સુખદુઃખ આદિ દ્વંદ્વોમાં સમ છે અને આસક્તિ વિનાનો છે. જે નિંદા-સ્તુતિને સમાન સમજનાર, મનનશીલ અને ગમે તે પ્રકારે પણ શરીરનો નિર્વાહ થતાં સદા સંતુષ્ટ છે તથા રહેવાના સ્થાનમાં મમતા અને અસક્તિ વિનાનો છે એ સ્થિર બુદ્ધિનો ભક્તિમાન મનુષ્ય-ભક્ત-મને પ્રિય છે.

પૂ.શ્રી તો ભગવાનને પ્રિય જ હતાને ! એટલે પૂ.શ્રી લખે છે કે કોઈ ફૂલોથી સ્વાગત કરે, ફૂલોથી વધાવે કે ચંપલ-જૂતાથી મારે તો એનાથી મને કોઈ ફેર પડતો નથી. નિંદા-સ્તુતિ સહર્ષ સહી લઉં છું. હું તો મારી મસ્તીમાં બેઠો છું. આ મસ્તીનો નશો એવો છે કે, ભગવાન સિવાય, બ્રહ્મ સિવાય બીજે મન જતું જ નથી.

આ સ્થિતિ કેવી રીતે પ્રાપ્ત થાય છે તે સમજાવતાં પૂ.બાપજી કહે છે કે, જ્યારે ભગવાન સાથે લગની લાગે, એવી લગની લાગે કે એના વિના બીજું કાંઈ દેખાય જ નહિ, અંતરદૃષ્ટિ જાગી જાય, દ્વૈતભાવ સમૂળગો નાશ પામે ત્યારે પોતાનામાં જ પરમાત્માને જુએ છે. 'અહં

બ્ર્હ્માસ્મિ'નો અનુભવ કરનાર યોગી, સાક્ષાત્કારી પુરુષ સ્વયં ભગવાન જ છે.

આવા આત્મસાક્ષાત્કારી પુરુષ વિશે પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે કે :-

**બ્રહ્માકાર થઈ સ્વયં મનોવૃત્તિ એ એમ,**
**હરી અજ્ઞાનધ્વાંતને, રહે બ્રહ્મમય તેમ.**
**કાર્ય સહ અજ્ઞાનનો થતાં એથી વિનાશ,**
**બ્ર્હ્મ નિરંજન એક ત્યાં રહે અદ્વૈત ખાસ.**

(અ.૧૯.દો.૩૫-૩૬)

દ્વૈત-ભેદભાવ-નું જન્મસ્થાન અજ્ઞાન છે. અજ્ઞાનનો નાશ થતાં દ્વૈતભાવ પણ નાશ પામે છે. નિઃસંગી બનીને બ્રહ્માનંદની મસ્તીમાં મસ્ત બનીને જીવતો યોગી, દુનિયાની જૂઠી મહોબત છોડીને, બધાંનો સંગ છોડીને એકલો જ રહે છે.

આવા પુરુષમાં કર્તૃત્વ-ભોક્તૃત્વનો ભાવ હોતો નથી. આ હું કરું છું એવા ભાવને કર્તૃત્વભાવ કહેવાય. આવો ભાવ નહિ હોવાથી સામેથી આવી પડેલા કર્તવ્યરૂપ કર્મને એ નિષ્કામ ભાવે-નિમિત્ત બનીને કરે છે. એટલે બધું કરતો હોવા છતાં કશું કરતો નથી. એને કર્મનું બંધન લાગતું નથી.

**મમત્વ સ્વપ્ને ના લહે, અંતર્નિષ્ઠ સદાય,**
**આત્મતૃપ્ત આત્મજ્ઞ એ કરી કરે ન કાંય.**
**કર્મે આગ્રહ ના ધરે, ના અકર્મે તેમ,**
**કર્માકર્માતીત એ, રહે નૈષ્કર્મ્યે એમ.**

(અ.૨૦.દો.૩૪-૩૫:

આવા આત્મજ્ઞ, આત્મતૃપ્ત, આત્મકીડ પુરુષને કર્તાપણાનો ભાવ જ નથી પછી શોક-મોહ ક્યાંથી આવે ? આવા પુરુષોને જગતની પડી નથી. જગત એની સાથે સારી રીતે વર્તે તોપણ ઠીક અને ખરાબ રીતે વર્તે તોપણ ઠીક.

આવી સ્થિતિનું પૂ.શ્રીએ કરેલ વર્ણન આમ જોઈએ તો એમની પોતાની સ્થિતિનું જ વર્ણન છે. આ તો અનુભવવાની વસ્તુ છે, ચર્ચા કરવાની નહિ.

□ □ □

## ૭૭. સૂનો પુકારે મજહબ સારે

(રાગ : મિશ્ર કલ્યાણ, ગઝલ; તાલ:કહેરવા)

સૂનો પુકારે મજહબ સારે, ખુદા ખુદહીસે જુદા ન પ્યારા! ...ટેક.

ન થી જહાં અસ્માઁ કહાં થે તારે,
 ન થા કુતુબ વહાં કહાં મિનારે?
સબહિ તેરે મનકે ફૂઆરે,
 તૂ આદમ સબસે રહા હૈ ન્યારા! ...સૂનો૦ ૧.

નહીં થા મંદર ન મૂરત પૂજા!
 કહાં થા કાબા વો કબ્ર [1]સજદા?
ભૂલા કે ખુદકો લડને બૈઠા,
 તૂ આતમ સબમેં રહા નિરાલા! ...સૂનો૦ ૨.

તૂ હિ તો [2]સૂન્ના તૂ હિ તો [3]ગહના,
 ઘાટ બના ફિર નામ સુહાના;
ભૂલા જ્યોં સૂરત આ ગઈ મૂરત,
 જાત ભૂલાકે જગ્ત નિકાલા! ...સૂનો૦ ૩.

માના જ્યોં દેહા હુઆ સંદેહા,
 ભૂત ભજી ભૂલ ગયા ભગવાના;
જાગ ગઈ વહાં આ ગયા સપના,
 રાજ કહે મૈં જનમભિકારા! ...સૂનો૦ ૪.

નહીં થા કુછ તબ તૂ હિ થા બાલા,
 તૂ હિ હૈ અબ સબ ખુદહીકા જાલા;
ન હોગા કુછ તો ભી તૂ આલા,
 **રંગ** અરંગા હોગા અકેલા! ...સૂનો૦ ૫.

---

૧. પૂજા. ૨. સોનું. ૩. ઘરેણું.

❑ ❑ ❑

# વિવરણ

ધર્મ શબ્દનો અર્થ સમજાવતાં પૂ. બાપજી ધર્મજમાં ઊજવાયેલી ૬૪મી રંગજયંતીના આશીર્વાદાત્મક પ્રવચનમાં કહે છે કે, ''ધર્મ એટલે શું ? ધારયતીતિ ધર્મઃ । જે વ્યક્તિને, સમાજને ધારણ કરી રાખે, છિન્નભિન્ન થતો અટકાવે, અધઃપતનમાંથી બચાવે, ઊર્ધ્વગામી કરે તે ધર્મ.'' આમ, ધર્મ સમાજને ધારણ કરીને સુખી બનાવે છે.''

'Relegion is the manifestation of Divinity already in man' એટલે કે ધર્મ એટલે મનુષ્યની અંદર રહેલા દૈવી અંશનું પ્રગટીકરણ. મનુષ્ય પોતે જ ઈશ્વર છે, એનામાં રહેલાં ઈશ્વરીય તત્ત્વને આચારાન્વિત કરવાનો છે.'

આ ભજનમાં પૂ. બાપજી કહે છે કે, બધા જ ધર્મો પોકારી પોકારીને કહે છે કે, હે ભાઈ ! ભગવાન-ખુદા તારાથી જુદો નથી. તું ખુદાને તારાથી જુદો ગણી, તારી બહાર શોધવાનો પ્રયત્ન કરે એ તારી ભૂલ છે. તારા જ હૃદયમાં રહેલા ભગવાનને ઓળખ.

'અહં બ્રહ્માસિ', 'તત્ત્વમસિ', 'સોડહં' જેવાં મહાવાક્યો પણ જીવ અને બ્રહ્મની એકતા જ સૂચવે છે. નરમાંથી નારાયણ બનવાની ઉપાસનામાં 'સોડહં' તે હું છું પણ મદદરૂપ બને છે. એક જ પરમ શક્તિ-પરમ તત્ત્વ - બધે અને બધાંમાં વિસ્તરેલું છે. આ સત્યનો અનુભવ કરવા માટે માનવદેહ છે. ''હું એક છું અને અનેક થાઉં'' એવા સંકલ્પથી પરબ્રહ્મે સૃષ્ટિનું સર્જન કરી તેમાં પ્રવેશ કર્યો. સંસ્કૃતમાં ''વિશ્''નો અર્થ દાખલ થવું એવો છે. એટલે ભગવાનનું એક નામ 'વિષ્ણુ' પડ્યું.

પરંતુ આ જુદાઈ, ભેદ, દ્વૈતબુદ્ધિ, ક્યાંથી આવી ? આ બધી ગેરસમજ કોણ કરે છે ? પૂ.શ્રી કહે છે કે, આ બધા તારા મનના ફૂવારા છે-મનના તર્ક-વિતર્ક છે. અવિદ્યાને કારણે જન્મતાં અજ્ઞાનને લીધે મન દ્વૈતભાવ કેળવે છે અને ભેદભાવ સર્જે છે.

જ્યારે આકાશ ન હતું, તારા ન હતા ત્યારે પણ એ સત્ તત્ત્વ તો હતું જ. માનવદેહ બધાથી અલગ છે. પ્રભુ-પ્રાપ્તિનું એકમાત્ર સાધન છે, એકમાત્ર દ્વાર છે. માનવદેહ નશ્વર છે, ગંદો છે, અપવિત્ર છે, દુઃખરૂપ છે અને છતાં પણ મોક્ષનું સાધન છે.

પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે કે :-

**ભર્યો મેલથી દેહ આ, તોએ મોક્ષદ્વાર**
**માટે તદ્રક્ષણ વિશે, રહે દક્ષ નિર્ધાર**
**ક્ષણભંગુર તોએ નકી, દે શાશ્વત પદ એહ,**
**યોગાદિક પ્રાપ્તિતણું દ્વાર એક નરદેહ.**

**(અ.૩૫.દો.૪૩-૪૪)**

આત્મા જ્યોતિ સ્વરૂપ છે. આ આત્મા બધાંમાં સાક્ષીભાવે રહીને, માયાશક્તિ દ્વારા કાર્ય કરાવે છે. જ્યારે મંદિર, મૂર્તિ અને પૂજા ન હતી, કાબા, કબર અને એની પૂજા ન હતી ત્યારે તું આત્મા તો હતો જ, પણ માનવી પોતાના મૂળસ્વરૂપને, સાચા સ્વરૂપને ભૂલી ગયો અને બધા સાથે ઝઘડા કરવાનું શરૂ કર્યું. કવિ કહે છે : "મજહબ નહિ સિખાતા, આપસમેં બૈર રખના."

આ બધું જ પરબ્રહ્મમય છે અને જીવ પણ બ્રહ્મથી જુદો નથી, બ્રહ્મ જ છે. સોનું, સોનાનાં ઘરેણાં એ બધાંમાં આકાર, રૂપ, નામ જુદાં છે પણ ઘરેણાંને ઓગાળી નાખો એટલે પાછું સોનું. પોતાના મૂળ સ્વરૂપને ભૂલી જવાથી જગત સાચું દેખાય છે.

માણસ જ્યારે દેહને જ આત્મા માનવા લાગે છે, ઘરેણાંની પેટીને જ ઘરેણાં માનવા લાગે છે ત્યારે તે દેહનું જતન કરવા માંડે છે, શરીરને સર્વસ્વ માનવા લાગે છે. આત્મારૂપી ભગવાનને ભૂલીને દેહરૂપી ભૂતને પૂજવા લાગ્યો છે. "દેહની ચિંતમાં દેવ કોરે રહ્યા" એવું પૂ.શ્રીએ પ્રભાતિયામાં ગાયું જ છે. 'વિષયની વાતમાં વિષ્ણુ ભૂલી ગયા' એ વાત પણ પૂ.શ્રીએ કરી જ છે.

અજ્ઞાનને કારણે જાગતી ભ્રાંતિ જ દેહને આત્મા માનવા પ્રેરે છે. આ ભ્રાંતિ દૂર થતાં આત્માનું સ્વરૂપ ઓળખાય છે. સ્વપ્નુમાં રાજા પોતે પોતાને ભિખારી માનીને ભીખ માગે છે. સ્વપ્નું ઊડી જાય, અજ્ઞાન જતું રહે એટલે રાજા પોતાના અસલ સ્વરૂપને પિછાને છે અને ભિખારીપણું તો ભ્રાંતિ હતી તેનું જ્ઞાન થાય છે. જ્ઞાન તો આપણામાં છે જ, કારણ કે આત્મા જ્ઞાનસ્વરૂપ-પ્રકાશ સ્વરૂપ છે. "સત્યમ્ જ્ઞાનમનંતં બ્રહ્મ" એવું શ્રુતિ કહે છે. આ જ્ઞાનરૂપી જાગૃતિ જાય અને અજ્ઞાનરૂપી સ્વપ્નાવસ્થા આવે એટલે ભ્રાંતિ જન્મે, જીવ દુઃખી થાય.

છેલ્લે પૂ.શ્રી એ ત્રિકાલાબાધિત સત્ તું જ છે એવું સમજાવતા કહે છે કે જ્યારે કશું જ ન હતું ત્યારે તું હતો, અત્યારે વર્તમાનમાં પણ તું જ તેં રચેલા તારા સર્જનના જાળામાં છે. જ્યારે કશું જ નહિ હોય ત્યારે પણ તું હશે જ અને એ એક અને અદ્વિતીય પરમ તત્ત્વ તું જ છે. આ જ વાત દત્તદશકમાં રજૂ કરતાં પૂ.શ્રી લખે છે :-

**જન્મ્યું નો'તું આ કશું હતો ત્યાહરે તુંજ,**
રે'શે ના આ તોય તું હોઈશ સચ્ચિતપુંજ.

આપણે અજ્ઞાનતાને કારણે ભ્રાંતિમાં ના પડીએ, રાજા થઈને ભીખ માગવા ન નીકળીએ, સિંહ હોવા છતાં બકરીના બચ્ચાની જેમ બેં બેં ના કરીએ અને એવી રીતે જીવીએ કે જે જોઈને પૂ. બાપજીને પણ ગર્વ અને ગૌરવ થાય. 'સમર્થ ઘરનું શ્વાન' જો ખુમારીથી જીવતો હોય તો આપણે તો પોતે જ સમર્થ છીએ.

"લાંઘણ હજો પણો માગણ ના હજો", "માગવા કરતાં મરવું સારું" જેવાં સૂત્રોને જેણે જીવી બતાવ્યું એ ગુરુમહારાજ આપણને આપણું સ્વરૂપ સમજાવી એ સ્વરૂપમાં સ્થિર થવાની પ્રેરણા આપે છે.

□ □ □

## ૭૮. જહાંપે દેખું વહાંપે સાહેબ

**(રાગઃમિશ્ર કલ્યાણ, ગઝલ; તાલઃકહેરવા)**

**જહાંપે દેખું વહાંપે સાહેબ વો નંગાચંગા છિપા રહા હૈ! ...ટેક.**

**કિસીને ઉસકો ખંભેમેં માના, કિસીને મંદિર મસ્જિદમેં જાના;**
**હૈ ઈશ્ક ઈસકા અચૂક ઠિકાના,જહાં જિસને માના મના રહા હૈ!**
**...જહાંપે૦ ૧.**

**ન કિસને ઉસકો નજરસે દેખા, ન કિસને ઉસકા કિયા હૈ લેખા;**
**હૃદેકા પરદા ઊઠા જો નેકા, મૈદાનમેં વો ખડા રહા હૈ!**
**...જહાંપે૦ ૨.**

**કિસીકો લેલૂં કિસીકો છોડું, કહાંપે ઢૂંઢૂં કિધરકો મૂંડું?**
**જહાંપે દૌડું વહાં વો ચારુ, અનાદિ હાજરહજુર રહા હૈ!**
**...જહાંપે૦ ૩.**

**વો પાસ દૂરા વો અંદર [1]બ્હારા, ગગનમંડલમેં વો ખેલનહારા;**
**અચેતન ચેતન વો નૂર આલા, સદા સભીમેં ચમક રહા હૈ!**
**...જહાંપે૦ ૪.**

**ન નામ ઉસકા ન રૂપ ઉસકા, સભી ઉસીકે ન વો કિસીકા;**
**અનંતરૂપી વો રૂપ એકા, બેરૂપ રંગા સમા રહા હૈ!**
**...જહાંપે૦ ૫.**

---

૧. બહાર.

□ □ □

## વિવરણ

વ્યાપક વિભુના સર્વવ્યાપકત્વનું આ ભજનમાં પૂ.શ્રીએ વર્ણન કર્યું છે. વિષ્ણુસહસ્ર નામમાં 'વિશ્વ' અને 'વિષ્ણુ' શબ્દનું ભાષ્ય કરતાં આદિ જગદ્‌ગુરુ શંકરાચાર્ય લખે છે કે : જગતનું કારણ હોવાથી બ્રહ્મને વિશ્વ કહેવામાં આવે છે અથવા આ વિશ્વ હકીકતમાં

પરમ પુરુષ પરમાત્માથી ભિન્ન નથી (અભિન્ન છે) એટલા માટે બ્રહ્મને વિશ્વ કહેવામાં આવ્યું છે. શ્રુતિ કહે છે કે, એણે (જગતનું) સર્જન કરીને એમાં પ્રવેશ કર્યો એ માટે બ્રહ્મને વિશ્વ કહ્યું છે.

જે વ્યાપ્ત હોય તેનું નામ વિષ્ણુ છે. **વેવેષ્ટિ વ્યાપ્નોતીતિ વિષ્ણુઃ ।**

બૃહન્નારાયણોપનિષદ કહે છે કે, આ જે કાંઈ સંસાર દેખાય છે કે સંભળાય છે તે બધાંમાં નારાયણ અંદર બહાર વ્યાપીને રહે છે.

આમ, જગતની અંદર બહાર, જ્યાં જુઓ ત્યાં એ પરમ તત્ત્વ જ છે. જહાં પે દેખું વહાં પે સાહેબ-'ઈશથી વીંટળાયેલું છે, વ્યાપ્ત છે આ જગત' એવું ઈશોપનિષદ કહે છે.

**વો નંગા ચંગા છીપા રહા હૈ :** નંગા એટલે આવરણ રહિત અને ચંગા એટલે પવિત્ર. આત્મા વાસનાના આવરણ વિનાનો છે અને તે પવિત્ર છે, શુદ્ધ છે. મદાલસા પોતાનાં સંતાનોને શું કહેતી ? શુદ્ધોઽસિ, બુદ્ધોઽસિ, નિત્યોઽસિ, નિરંજનોઽસિ''. નિરંજન એટલે માયાના આવરણ-અંજન-વિનાનો.

આવું પરમ તત્ત્વ સંતાયેલું રહે છે, છૂપું રહે છે. પ્રગટપણે દેખાતું નથી. એને જોવા માટે સાધના કરવી પડે. દૂધમાં ઘી રહેલું છે, પણ દેખાતું નથી. આ દૂધનું દહીં કરી, એનું મંથન કરી, એમાંથી માખણ મેળવી એ માખણને ગરમ કરવાથી ઘી મળે છે. જગતમાં બધે પરમાત્મા રહેલો છે, પરંતુ તેને સામાન્ય વ્યક્તિ જોઈ શકતી નથી, પરંતુ સાધનાની ઊંચી કક્ષાને સર કરેલી વિદ્વાન વ્યક્તિ (સૂરયઃ) જોઈ શકે છે. પૂ. બાપજી સાયં સ્મરણમાં લખે છે કે :-

**અધ્યસ્તમેતદખિલં જગદેવ યસ્મિં**
**શ્ચિત્રં પટે જલનિધાવિવ વીચયશ્ચ ।**

**સર્પીર્યથા પયસિ દારુણી વહ્નિરેવ**
**ગૂઢશ્ચરાચરચયે નિપુણૈ સુલક્ષ્ય ॥**

અર્થાત્ જેવી રીતે કપડાં ઉપર ચિત્ર, સમુદ્રમાં મોજાં, દૂધમાં ઘી અને લાકડાંમાં અગ્નિ રહેલો છે તેવી જ રીતે આ આખું જગત એની અંદર રહેલું છે. પરંતુ બાહ્યદૃષ્ટિએ ગૂઢ હોવા છતાં સૂક્ષ્મદૃષ્ટિવાળાઓ (વિદ્વાન-સિદ્ધ-પુરુષો) તેને સારી રીતે જોઈ શકે છે.

જગતનું સર્જન કરીને, એ સર્જનહાર જગતમાં સંતાઈ ગયો છે, છૂપાઈ ગયો છે. એક કવિ કહે છે :-

**મંદિર તારું વિશ્વ રૂપાળું, સુંદર સર્જનહારા રે,**
**મંદિરમાં તું ક્યાં છુપાયો, શોધે બાળક તારાં રે...**

ગીતામાં શ્રીભગવાન કહે છે :-

**યો માં પશ્યતિ સર્વત્ર સર્વં ચ મયિ પશ્યતિ ।**
**તસ્યાહં ન પ્રણશ્યામિ સ ચ મે ન પ્રણશ્યતિ ॥**
**(અ.૬.શ્લોક.૩૦)**

જે માણસ સઘળા ભૂતોમાં, સહુના આત્મારૂપ મુજ વાસુદેવને જ વ્યાપેલો જુએ છે અને સઘળાં ભૂતોને મુજ વાસુદેવની અંદર જુએ છે, એને માટે હું અદશ્ય નથી હોતો અને એ મારે માટે અદશ્ય હોતો નથી. બ્રહ્મમય દષ્ટિ થતાંની સાથે 'જહાં પે દેખું વહાં પે સાહેબ'નું દર્શન થવા માંડે છે.

સંત તુલસીદાસ લખે છે : સીયારામમય સબ જગ જાની । કરહૂં પ્રનામ જોરી જુગ પાની ॥

વિશ્વના કણ કણમાં પરમાત્મા વ્યાપેલો હોવા છતાં એનું દર્શન કરવાને અસમર્થ લોકોએ એમની માન્યતા મુજબ ઈશ્વરની કલ્પના કરી અને એવી સમજ આપી. કોઈએ થાંભલામાં ભગવાન છે એવી માન્યતા ફેલાવી, કોઈએ મંદિરમાં છે એમ કહ્યું તો કોઈએ એને મસ્જિદમાં છે એવું કહ્યું. ખરેખર તો નિર્મળ પ્રેમ એ જ પરમાત્માને પ્રાપ્ત કરવાનું અચૂક સ્થાન છે. પ્રેમ એ જ ઈશ્વર છે - Love is God.

પરંતુ પરમાત્માનું નિશ્ચિત સ્થાન જે નિર્મળ પ્રેમ છે, તેને ભૂલીને પોતે જે માન્યું તે જ સાચું છે એમ માનીને બીજાને પણ એ જ સાચું છે એવું મનાવી રહ્યા છે. સંપ્રદાયો અને ધર્મોના ઝઘડાનું મૂળ અહીં છે. પોતે જે માને છે તે જ સાચું અને બધાંએ એ સ્વીકારવું જોઈએ એવો હઠાગ્રહ ઝઘડાનું મૂળ છે. પૂ.શ્રી કહે છે : Dispute is long, when both the parties are wrong." આંધળાઓએ હાથીના જુદા જુદા ભાગનો સ્પર્શ કરી પછી વર્ણન કર્યું તો જેણે કાનનો સ્પર્શ કર્યો તેણે કહ્યું કે, હાથી સૂપડા જેવો છે અને જેના હાથમાં પૂછડી આવી તેણે કહ્યું કે, હાથી દોરડા સમાન છે. આવું વર્ણન કરે ત્યાં સુધી ઝઘડો નથી, પણ દરેક આંધળો જો પોતાનો મત જ સાચો છે એવું કહી બધાંને એ મંતવ્ય જ સ્વીકારવાનું કહે તો ઝઘડો ચોક્કસ શરૂ થાય જ.

આ પરબ્રહ્મ પરમાત્મા નિરાકાર છે, એ નિરવયવી છે, રૂપ-રંગ વિનાનો છે એટલે એને આપણે આંખથી જોઈ શકતા નથી. કોઈએ એને જોયો નથી, અનુભવ્યો છે. અનુભવ કરનારો એ અનુભવને જાણી શકે, માણી શકે પરંતુ એનું યથાર્થ વર્ણન ન કરી શકે. કોઈ વ્યક્તિને ઈલેક્ટ્રિક શોક લાગે પછી એને એનું વર્ણન પૂછીએ તો શું કહે ? બહુ બહુ તો એમ કહે કે, 'બહુ જોરદાર ઝટકો હતો." પણ એ અનુભવ વર્ણનને પાત્ર નથી. એટલે પૂ.શ્રી કહે છે કે, કોઈએ એને ચર્મચક્ષુથી જોયો નથી, કોઈએ એનું વર્ણન કર્યું નથી -

ન કિસને કિયા હૈ લેખા-પરંતુ અજ્ઞાનને કારણે આવેલું આવરણ જો હટાવી દેવાય તો એ પરમાત્મા આપણી સામે જ છે. અરે! અહં બ્રહ્મસ્મિ કે સોઽહં દ્વારા તો પોતાને જ પરમાત્માનું સ્વરૂપ જાણી લે. અજ્ઞાનથી જ્ઞાન ઢંકાયેલું છે એવું તો ગીતામાં પણ કહ્યું છે.

**નાદત્તે કસ્યચિત્પાપં ન ચૈવ સુકૃતં વિભુઃ ।**
**અજ્ઞાનેનાવૃત્તં જ્ઞાનં તેન મુહ્યન્તિ જન્તવઃ ॥**

(અ.૫.શ્લોક.૧૫.)

અજ્ઞાન વડે જ્ઞાન ઢંકાયેલું હોવાથી માણસો મોહ પામે છે. અજ્ઞાન દૂર કરવામાં આવે કે તરત જ પરમાત્મા સામે દેખાય. અરે સામે શું ? અહીં-તહીં બધે અને બધાંમાં" જગકો પ્રભુમેં - પ્રભુ કો જગમેં ઈકતાર નિહાર ફિરો મનવા" આવી સ્થિતિમાં તો પછી જ્યાં પણ જઉં, જ્યાં પણ દોડું ત્યાં એ જ હાજરાહજૂર છે. વળી, એ તો અનાદિ છે. સાધકને શરૂઆતમાં સાધના-ઉપાસના અંગે દ્વિધા થતી હશે, પરંતુ જ્ઞાનદષ્ટિ થતાં જ બધી દ્વિધા દૂર થઈ જાય છે.

આ અદ્વૈતદષ્ટિ આવી જતાં પાસે પણ એ, દૂર પણ એ જ. શરીરની અંદર પણ એ જ અને બહાર પણ એ જ. આકાશમંડલમાં રમનારો પણ એ જ અને યોગીઓ જે બ્રહ્મરંધ્રને ગગનમંડળ કહે છે તેમાં પણ રમનારો એ જ. એક જ પરમાત્મા બધે અને બધાંમાં વિલસી રહ્યો છે એનો સતત અનુભવ થાય છે. જડ (અચેતન) અને ચેતન બધાંમાં જ એ પ્રકાશરૂપ પરમાત્માનો પ્રકાશ ચમકી રહ્યો છે.

આ પરમાત્માને નામ નથી, રૂપ નથી અને છતાં બધાં નામ અને રૂપ એનાં જ છે. પૂ.શ્રી લખે છે :-

**નામ હજારો નામી એક, રૂપ કરોડો રૂપી એક,**
**સઘળે એહ જ રંગ નિહાળ, બીજો ઝઘડો વ્યર્થ અસાર.**
**અંધાને રવિનો શો ખ્યાલ ?... જપી લે.**

એ કોઈનો નથી પણ બધાં એના છે. મોજું સમુદ્રનું છે, પરંતુ સમુદ્ર મોજાંનો નથી. એ અરૂપી જ બહુરૂપી બનીને બધાંમાં સમાઈ રહ્યો છે.

□ □ □

# ૭૯. ચલો સખીરી પિયા મિલનકો

(રાગઃમિશ્ર કલ્યાણ, ગઝલ; તાલઃકહેરવા)

ચલો સખીરી પિયા મિલનકો,
વો નાથ હમકો બુલા રહા હૈ! ...ટેક.

યે તટ ગંગા વો તટ જમુના,
બીચમેં ગોકુલ લુભા રહા હૈ;
શ્વાસાકી બંસી બજાબજાકે,
વો નાથ તાના લગા રહા હૈ! ...ચલો૦ ૧.

અગલી છોડો પિછલી છોડો,
બિચલી ગલીસે ચલો રી આલી;
નહિ અંધેરા નહિ ઉજેરા,
સુનેરી સંધ્યા સુહા રહી હૈ! ...ચલો૦ ૨.

દેહકી નૈયા મન હલૈયા,
સૂરત સઢિયા શ્રદ્ધા ભરૈયા;
જલ ગહરિયા તૃષ્ણા તરૈયા,
વો રામભૈયા રમા રહા હૈ! ...ચલો૦ ૩.

કાહેકો બાતે કાહેકો નાતે,
કહાં લે જાતે, કૈસે હો જાતે?
દુઈકા પરદા હટાકે સારા,
**રંગ** અકેલા જમા રહા હૈ! ...ચલો૦ ૪.

નીંદ ગઁવાઈ જાગ હરાઈ,
અખંડ આંખે મિલા રહા હૈ;
નૈનોંકા તારા શ્યામ છબીલા,
મૈંતૂ-પને કો ભૂલા રહા હૈ!! ...ચલો૦ ૫.

❑ ❑ ❑

# વિવરણ

નિર્વિકલ્પ સમાધિની સ્થિતિનું વર્ણન કરતું આ ભજન છે. સહસ્રારમાં પ્રાણ-કુંડલિની સહિત છ ચક્રોને ભેદીને પ્રવેશ કરે ત્યારે જીવ-શિવ એક થઈ જાય. એ વચ્ચેનો પડદો હટી જતાં - દ્વૈતવાદ મટી જતાં-બધે એક જ પરમતત્ત્વનાં દર્શન થાય છે. આ સમગ્ર પ્રક્રિયાનું વર્ણન આ ભજનમાં છે. પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે કે :-

**ઠરે ચિત્ત અભ્યાસથી, ભૂલે ધ્યાતાં ધ્યાન,**
**ધ્યેયાકારે મન રહે, નિવાતદીપ પ્રમાણ.**
**એ જ સમાધિ જાણવી, યોગપ્રાસાદ શિખર,**
**ધ્યેય માત્ર બાકી રહે, થાએ ચિત્ત વિલય.**
**આત્મા જોઈ આત્મને, થાએ આત્મ વિલીન,**
**આત્યંતિક સુખ દેખી એ, થાય વાસના ક્ષીણ.**
**નિર્વિકલ્પ સમાધિ એ, વરસે ધર્મામૃત,**
**ધર્મમેઘ યોગી કહે, થાય મુમુક્ષુ તૃપ્ત.**
**આત્યંતિક વિયોગ જે કરે દુઃખનો એમ**
**જીવ-બ્રહ્મ યોગે કરી, યોગ શ્રેષ્ઠ એ તેમ.**

(અ.૧૮.દો.૧૧૦,૧૧૧,૧૧૩,૧૧૪)

જીવ પોતે બ્રહ્મ હોવા છતાં, અવિદ્યાને કારણે જન્મતાં અજ્ઞાનને લીધે તે પોતાને અલ્પજ્ઞ, અલ્પશક્તિમાન અને પામર માને છે. આ ભેદભાવ, દ્વૈતભાવને સમાધિ દ્વારા દૂર કરી જીવ અને બ્રહ્મનો યોગ કરાવવાનો છે. આ જ યોગીની સાધનાનું લક્ષ્ય છે.

સહસ્રારમાં રહેલા પરમાત્માને મળવા પ્રાણ, કુંડલિની સહિત સુષુમ્ણા નાડીમાં ઉપર ચઢે એ વાતને સમજાવતાં પૂ. બાપજી કહે છે કે, આ કિનારે ગંગા છે, પેલે કિનારે જમુના છે એ ગંગા-જમના ઈડા-પિંગલા નાડીનું સૂચન છે. ગો એટલે ઈન્દ્રિયો. એ જ્યાંથી ઉદ્ભવે-જ્યાં એનું કુળ છે તે ગોકુળ છે. કનૈયો વૃંદાવનમાં વાંસળી વગાડે છે. આ શ્વોસોશ્વાસની બંસી એટલે શ્વોસોશ્વાસ દ્વારા થતો સોહંનો અજપાજપ જાપ. 'સોઽહં સોઽહં વેણુ બજાઈ, વૃત્તિ ગોપિકા વ્રજ નચવાઈ'' એવું પૂ.શ્રી એક ભજન-તપસી છોડ દિયા સંસાર'-માં કહે જ છે.

'સોઽહં બંસી મધુર બજાવત, કાલીય-કામ હરાયો' એવું પૂ.શ્રી 'ઘનઘોર વ્યોમ અજ છાયો' ભજનમાં કહે છે. શ્વાસ લઈએ ત્યારે 'સો' અને શ્વાસ મૂકીએ ત્યારે 'હં' એવો અવાજ નીકળે છે. આ શ્વાસોશ્વાસ દ્વારા થતા સોઽહંનો જપ પ્રયત્ન વિના થાય છે તેથી તેને અજપાજપ જાપ કહે છે. એને પૂ.શ્રી વેણુ કહે છે :-

આ બધી અનુભવે સમજાય તેવી વાત છે. જે યોગની સાધના કરતો હોય તે આ ભજન સારી રીતે સમજી શકે, એનો આનંદ માણી શકે. આ સુષુમ્ણા નાડીના આજ્ઞાચક્રમાં અંધારું નથી, પરંતુ સોનેરી સાંજના જેવું અજવાળું છે. સંધ્યાકાળે નહિ અંધારું અને નહિ સૂર્યનો અતિ પ્રકાશ.

જીવને તૃષ્ણા સતાવે છે. આટલું છે અને હજી આટલું મેળવવું છે. તૃષ્ણાવાનને શાસ્ત્ર દરિદ્રી કહે છે. પૂ.શ્રી તૃષ્ણાને એકાંતરિયા તાવમાં લાગતી તીવ્ર પ્યાસ કહે છે.

''વિષય વિષમ જ્વર અતિ ધબડાવે, તૃષ્ણા પ્યાસ બઢાવે'' એવું ઔષધિ કૌન પીલાવે ભજનમાં પૂ.શ્રી કહે છે. આ તૃષ્ણાનાં ઊંડાં જળને પાર કરી, તૃષ્ણા રહિત થઈ, શ્રદ્ધાપૂર્વક સાધના કરવાની છે.

તૃષ્ણાનું ઘણું ઊંડું જળ તરવા માટે પૂ.શ્રી કહે છે કે, આ દેહને નાવ બનાવી (સાધનાનું સાધન બનાવી) મનને હલેસા બનાવી, સુરતને શઢ બનાવી એ શઢમાં શ્રદ્ધાનો પવન ભરવાનો છે અને એ રીતે તૃષ્ણાના ગહરા-ઊંડાં જળને પાર કરવાનું છે.

**'ચલો મોરી આલી ગુરુકી મઢૈયા'માં પણ પૂ.શ્રી કહે છે**
**''તૃષ્ણાનીર બહે બીચ ગહરા''**

**આ તૃષ્ણા જ આપણને** પામર બનાવે છે. અજ્ઞાનને કારણે જન્મતા દ્વૈતભાવને કારણે સંબંધોના તાણાવાણા ગૂંથાય છે. આ દ્વૈતનો પડદો હટી જતાં જ નાત-જાત-સંબંધો બધું દૂર થઈ જાય. એક જ પરમાત્મા બધે વિલસી રહ્યો હોય તો પછી કોનો સંબંધ અને કોની સાથે સંબંધ. સંબંધ માટે તો બે વ્યક્તિ જરૂરી છેને !

સહસ્રારમાં નિર્વિકલ્પ સમાધિનું સખ મળતાં પછી હું અને તુંને ભૂલીને, જાગૃતિ, સ્વપ્ન, સુષુપ્ત રહિત તુર્યા અવસ્થામાં અખંડ આંખ મિલાવી રહે છે અને આત્મારૂપી શ્યામ-કાનુડાનું દર્શન થાય છે.

□ □ □

# ૮૦. જો આપકો દેખે ન ઉસકો

(રાગઃદરબારી; તાલઃદાદરા)

**જો આપકો દેખે ન ઉસકો દૂસરા દિખતા કહીં;**
**જો દૂસરા નજરોં ભરા, ના આતમા દિખતા વહીં!! .ટેકે.**
**હૈ બ્હાર ભીતર આપ હિ, ના દેખ કર ડરતા રહા;**
**અંધિયારમેં રસ્સી પડી, ડર સાઁપ કહ ભગતા રહા! .જો૦૧.**
**હૈ રૂપમેં બેરૂપ વો, અખિયાં અનુભવ કી ચીહ્નેં;**
**ઉમરી બિતાવે બાતમેં, ક્યા જાતકા અનુભવ ઉહ્નેં! .જો૦૨.**
**અંધા બિલોકે જ્યોતકો, બહિરા સૂને ઝનકારકો;**
**સોવે ન દિનરૈનાં કભુ, જાને ન સ્વપ્ન સુષુપ્તકો! .જો૦૩.**
**કપરા દુઈકા ફેંક કર, ફીરે દીવાના બાવરા;**
**રોતા કભુ હઁસતા કભુ, અલમસ્ત ખુદ મસ્તીભરા! .જો૦૪.**
**આઝાદ આત્મારામ હૈ, આનંદસાગર અટપટા;**
**નુગરા પિછાને ક્યા ઉસે? રંગ દેખ વહીં ડટા! .જો૦૫.**

□ □ □

## વિવરણ

જેને આત્મદર્શન થયું હોય તેવા જ્ઞાનીપુરુષની સ્થિતિનું પૂ.શ્રીએ આ ભજનમાં વર્ણન કર્યું છે. જેણે આત્માને-પોતાને જોયો છે તેને પછી બધું આત્મસ્વરૂપ જ જણાય છે. પોતાનાથી ભિન્ન-જુદું કશું જણાતું નથી. "સર્વં ખલ્વિદં બ્રહ્મ" - બધું બ્રહ્મય જણાય ત્યારે પોતાનાથી જુદો બીજો કોણ હોય ? બ્રહ્મની પ્રાપ્તિના સંદર્ભમાં જગદ્‌ગુરુ શંકરાચાર્ય કહે છે કે :-

**યત્ લાભાત્ ન અપરો લાભો યત્સુખાત્ ન અપરં સુખમ્ ।**

આત્મદર્શી પુરુષને પોતાના સિવાય કોઈ બીજો, પારકો દેખાતો જ નથી. જેની નજરમાં બીજો ભરાયો છે, બીજો દેખાય છે, દ્વૈતદષ્ટિ છે તેને આત્માનાં દર્શન થયાં જ નથી.

પૂ.શ્રી લખે છે :-

**બ્રહ્મસ્થિતિ થાતાં અહીં ફરે દષ્ટિ સાક્ષાત્,**
**જે જે દેખે તે બધું દીસે બ્રહ્મમય કાન્ત.**

(અ.૧૨૨.દો.૯.)

અંદર બહાર પોતે જ - આત્મા જ - વ્યાપેલો હોવા છતાં અજ્ઞાનને કારણે ભ્રાંતિમાં જીવ પોતાને અલ્પજ્ઞ, અલ્પશક્તિમાન માને છે. જેમ મંદ અંધકારમાં દોરીમાં સાપની ભ્રાંતિ થાય છે અને 'સાપ'ના ડરથી વ્યક્તિ ભાગતો ફરે તેમ જીવ પણ સ્વસ્વરૂપને ન ઓળખતો હોવાથી સુખ-દુઃખની લાગણી અનુભવે છે. આવી ભ્રાંતિ થવાનું કારણ સમજાવતાં પૂ. બાપજી લખે છે કે :-

**અનિર્વચનીય ઈશની માયાશક્તિ જેહ,**
**તેથી થાય સ્વરૂપમાં ભ્રાંતિ સ્વસંદેહ.**

(અ.૧૬.દો.૧૩૨.)

જેણે બ્રહ્મનો અનુભવ કર્યો છે તે બધાં રૂપમાં એ બેરૂપ-રૂપ વગરના બ્રહ્મનું દર્શન કરે છે, પરંતુ જે સંસારમાં જ રચ્યા પચ્યા રહે છે તેને આ આત્મદર્શનનો શું અનુભવ હોય ? આવા માણસોએ તો વાતોમાં ને વાતોમાં જ જીવન વિતાવ્યું હોય છે. "જનમ તેરો બાતોમેં બીત ગયો" એવું કબીરજીનું એક ભજન પણ છે.

જે યોગની સાધના કરે છે, જે અંતર્મુખ બને છે તેને જ્યોતિસ્વરૂપ આત્માનાં દર્શન થાય છે. જગતને જોવામાં જે આંધળા જેવો છે, તે યોગી પુરુષ આ જ્યોતિનાં દર્શન કરે છે અને બહારના અવાજો સાંભળવાની વૃત્તિ દૂર કરનારને દશવિધ અનાહત નાદનું શ્રાવણ થાય છે. યોગની ભૂમિકાને વરેલી વ્યક્તિનું વર્ણન કરતાં પૂ. બાપજી લખે છે કે :-

**બેઠે ઊઠે ચાલતાં, ચાર હાથથી દૂર,**
**ખસે ન દૃષ્ટિ જેહની, જાણ અંધ એ શૂર.**

**મીઠું કડવું વેણ જે, શુભ અશુભ વા તેમ,**
**યોગી સૂણી ન સાંભળે, જાણ બધિર તે એમ.**

(અ.૧૯.દો.૭૩,૭૪.)

અખંડ જાગૃતિની અવસ્થામાં રહેતા એ યોગીને સ્વપ્ન કે સુષુપ્તિની અવસ્થા હોતી નથી. બ્રહ્મજ્ઞાનની દૃષ્ટિમાં સર્વત્ર બ્રહ્મનાં જ દર્શન થાય છે. એની અદ્વૈત દૃષ્ટિમાં પછી હું-તું નો ભેદભાવ હોતો નથી. બધે પોતે જ વિલસી રહ્યો હોય છે. દ્વૈતનું આવરણ (કપરા દૂઈ) હટતાં જ અવધૂતી મસ્તીમાં એ દીવાનો અને બાવરો બની ફરતો ફરે છે.

આ આત્મદર્શનના આનંદનો સાગર અટપટો છે. એ તો જે એનો અનુભવ કરે તેને જ ખબર પડે. સદ્ગુરુની કૃપા અને માર્ગદર્શન વગર આ પંથે જવાતું નથી. નુગરા એટલે નગુરા-ગુરુ વગરના આ સ્થિતિને શું સમજે ? એનો એને શું અનુભવ હોય ? પરમાત્મા

તો સામે જ સ્થિર દટાયેલો હોય છે - સામે જ નહિ, જ્યાં જુઓ ત્યાં બધે એ જ રહેલો હોય છે.

છાંદોગ્ય ઉપનિષદમાં કહ્યું છે કે :-

**ન પશ્યો મૃત્યું પશ્યતિ ન રોગ નીત દુઃખતામ્ ।**
**સર્વે હ પશ્યઃ પશ્યતિ સર્વમાપ્નોતિ સર્વશઃ ॥**

અર્થાત્ જ્ઞાની પુરુષ મરણને જોતો નથી. વ્યાધિને દેખતો નથી, દુઃખને પણ અનુભવતો નથી. જ્ઞાની સર્વને આત્મરૂપ જ જુએ છે. તેથી સર્વ રીતથી સર્વને પ્રાપ્ત કરે છે.

પૂ.શ્રીએ રચેલાં ભજનો એમની અવધૂતી દશાની- અનુભવની અમૃતવાણી છે. આ વાણીને માણવા માટે આપણે પણ સાધના કરી એવી સ્થિતિમાં પ્રવેશવું પડે. આપણે પ્રયત્ન કરીએ અને પૂ.શ્રી કૃપા કરે એવી પરમાત્માને પ્રાર્થના.

•

# સંતવાણી

નારાયણ જો હરિકૃપા સન્ત પધારૈ ધામ,
આગેસે ઊઠી પ્રીતિ કીજૈ દંડ પ્રણામ.

સૂર્ય-સન્ત તમકૂં હરે, તાતેં ભયે સમાન,
મુક્ત બાહ્ય તમ રવિ હરે, સન્ત હરત અજ્ઞાન.

મન માયામેં ફંસી રહ્યો, બિસરયો ગોવિંદનામ,
કહ નાનક હરિ ભક્તિ બિન જીવન કૌને કામ.

મુક્ત મનુષતન પાયકે જો ન ભજત જદુનાથ,
સો પીછે પછતાયગા બહુત ઘિસેગા હાથ.

સુન્દર સબહી સંત મિલિ સાર લિયો હરિનામ,
તક્ર તજી ઘૃત કાઢિકે ઔર કિયા કિસ કામ.

કેશવ પ્રભુના ધ્યાનથી સફળ કરી લે કાય ।
સમજ સખા ! સમજણ વિના કાળ વૃથા વહિ જાય।।

કબીર સબ જગ નિર્ધના ધનવન્તા નહિ કોય,
ધનવન્તા સો જાનિયે, (જાકે) રામનામ ધન હોય.

ભજન કર્યે સુખ ઉપજે, ભજન કર્યે દુઃખ જાય,
ભજન કર્યે ભાવટ ટળે, ભૂધરને ભેટાય.

(પાગલ પરમાનંદ)

# ભજન વિષે અમૃતવાણી

- અવધૂતી આનંદ તારી પાસે જ છે. એ એક જ તરી જવા માટે બસ નથી શું ?
- ભજન કરો અને નીતિથી વ્યવહાર કરો. ભજન જ સર્વ દુઃખોનો અચૂક ઈલાજ છે. માટે બને તેટલું ભજન કરો.
- ભજનમાં ચિત્ત પરોવશો. અવધૂતી આનંદ તમને દુઃખ ભૂલવામાં કંઈક મદદગાર તો જરૂર થશે.
- અખંડ એક ચિત્તથી સ્વસ્વરૂપનું ચિંતન કરવું એને જ (જ્ઞાનીઓએ) ભજન કહ્યું છે. અને એ જ એક જન્મ, મૃત્યુ ને જરાનો નાશ કરનાર છે.
- સર્વથા ભજનમાં પ્રમાદ કરવો નહિ. એ વિના બધું લુખું છે. બીજું બધું એની પાછળ ઘસડાઈને આવશે. એના જેટલી શાંતિ આપનાર બીજી એકે વસ્તુ નથી.
- સર્વ સામર્થ્યનું મૂળ ભજન છે. એના વિના બીજું બધું અવધૂતને મન ઝાંઝવાના નીરથીયે ફીકું છે.
- ભજન ખૂબ કરો. એ મારી સેવા જ છે.
- કોઈપણ ભજન ગાતી વખતે તેમાં વર્ણવેલા દૃશ્યનો ચિતાર નજર સામે ખડો કરો એટલે સગુણ સાક્ષાત્કારના દિવ્ય અનુભવો મળવાનો સમય જલદી આવશે.
- ભજન સર્વ દુઃખોનો અચૂક ઈલાજ છે. માટે બને તેટલું ભગવાનનું ભજન કરશો તો તમારું કલ્યાણ થશે.
- ભલે રહે સંસારમાં, ચૂકે ભજન ન જેહ,<br>ના પસ્તાયે એ કદિ, એમાં ના સંદેહ.
- જેવું જેનું આચરણ તેવું થાય સ્મરણ,<br>માટે ચેતી પ્રથમથી કરવું સદા ભજન.

• રંગ અવધૂત